સ્વર્ગસ્થ શ્રી સક્સેનાએ ભારતીય સનદી સેવામાં રાજસ્થાન તેમજ ભારત સરકારના વિવિધ મંત્રાલયોમાં વિવિધ ઉચ્ચ હોદ્દાઓ ઉપર ફરજ બજાવેલ હતી. સન ૧૯૮૧થી ૧૯૮૪ના સમયગાળા દરમ્યાન તેઓશ્રીએ શ્રીલંકામાં કોલંબો ખાતે કોમનવેલ્થ સેક્રેટરીએટમાં એક્સ્પોર્ટ ઇન્ડસ્ટ્રીયલાઇઝેશન એન્ડ પોલીસીના સલાહકાર તરીકે પણ અમૂલ્ય સેવાઓ બજાવેલ હતી. આ ઉપરાંત સન ૧૯૮૬માં તેઓશ્રીએ જમ્મુ અને કાશ્મીરમાં રાજ્યપાલશ્રીના સલાહકાર તથા ઓગસ્ટ ૧૯૯૨માં વડાપ્રધાનના સિનિયર સલાહકાર તરીકે બહુમુલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી સક્સેનાએ દેશ માટે આપેલી સેવા બદલ ભારત સરકાર દ્વારા સન ૨૦૦૭માં તેમને પદ્મવિભૂષણ એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી સક્સેના સંનિષ્ઠ અને કુશળ સંગઠક હતા તેમન કર્તવ્યપરાયણતાને વરેલા હતા. તેઓશ્રીએ તારીખ ૦૧-૦૭-૧૯૯૫થી તારીખ ૨૯-૦૨-૧૯૯૬ સુધી ગુજરાત રાજ્યના તેરમા રાજ્યપાલ તરીકે રહી વર્તમાન વિકાસયાત્રાનો નકશો કંડારવામાં ઉમદા માર્ગદર્શન આપ્યું હતું.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી ગુજરાત રાજ્યએ એક સાચા મિત્ર અને રાષ્ટ્રએ એક કુશળ પ્રશાસક અને અનુભવી રાજનીતિજ્ઞ ગુમાવ્યા છે.

શ્રાવણ ૧૭, ૧૯૩૯ શાકે

શોકદર્શક ઉલ્લેખ

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા અત્યંત દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બદીઆભાઇ મૂળજીભાઇ ગોંદીઆનું તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૭ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ગોંદીઆનો જન્મ તા. ૧૦મી મે, ૧૯૨૭ના રોજ તે સમયના પંચમહાલ જીલ્લાના લીમખેડા તાલુકાના કાળીઆરાઇ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ગોંદીઆએ વર્નાક્યુલર ફાઇનલ સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતી તેમજ સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ગોંદીઆએ બીજી, પાંચમી, છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામં અનુક્રમે લીમખેડા, તેમજ રંધીકપુર મતવિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા અત્યંત દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય ડો. શાન્તાબેન ખીમજીભાઇ ચાવડાનું તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ ૬૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ ડો. શાન્તાબેનનો જન્મ ૩૦મી ઓક્ટોબર, ૧૯૫૦માં રાજકોટ જીલ્લાના માલીયાસણ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થ ડો. શાન્તાબેને એમ.એ., બી.એડ., પીએચ.ડી. તેમજ એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને શિક્ષણ તથા સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થ ડો. શાન્તાબેન છઠ્ઠી તેમજ નવમી ગુજરાત વિધાનસભામાં અનુક્રમે દસાડા અને રાજકોટ-૩ (ગ્રામ્ય) મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવ્યા હતા અને લોકહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સંનિષ્ઠ અને સેવાભાવી સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાતમાં ભારે વરસાદના કારણે સાબરકાંઠા, બનાસકાંઠા જેવા વિસ્તારોમાં ભારે વરસાદ થવાના કારણે અનેક નાના - મોટા ખેડૂતોને ભારે મોટું નુકસાન થયું છે. ગુજરાતના ૨૨૪-૨૨૫ જેટલા આત્માઓ પણ મોતને ભેટ્યાં છે. એમના માલ-મિલકત, ઘરવખરી, ઢોરઢાંખર, બધું તણાઇ ગયું છે એવા આત્માઓને શાંતિ અર્પે અને જે લોકોને ભારે નુકસાન થયું છે તેવા લોકોને એમની ઘર-વખરી, માલ-મિલકત, ખેતર, એમની જમીન, એમનો પાક એ બધું ધોવાઇ ગયું છે તેને સરકાર કોઇ મદદ કરે એવી આ તકે પ્રાર્થના કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય વિરોધ પક્ષના નેતાએ પણ જેને સમર્થન આપ્યું છે તે પ્રસ્તાવને સમર્થન આપવા હું ઉભો થયો છું. સ્વ. શ્રી નરેશચંદ્ર સકસેના માનનીય અધ્યક્ષશ્રી,હું જે તે વખતે પણ વિધાનસભાનો ૧૯૯૫માં સભ્ય હતો એટલે એમની સાથે પ્રસંગોપાત મળવાનું થયું. ખૂબ વિદ્વાન એવા આપણને રાજ્યપાલ મળેલા. મૂળજીભાઇ વિશે પણ ખૂબ સાંભળેલું. એ સારા કાર્યકર્તા, સમાજ સેવક હતા. શાંતાબેન પણ ૧૯૯૦ થી ૧૯૯૫ સુધી આ જ ગૃહમાં બેઠાં અને એક સારા સમાજ સેવિકા તરીકેની એમણે આખા સમાજમાં અને રાજ્યમાં છાપ ઉભી કરેલી. આની સાથે માનનીય અધ્યક્ષશ્રી, પૂરમાં અવસાન પામેલા જે કોઇ ભાઇઓ-બહેનો એમના આત્માને પણ ચિર શાંતિ મળે એ પ્રકારે પ્રસ્તાવમાં ઉલ્લેખ થયેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, વિજયભાઇની સરકારને એક વર્ષ ગઇ કાલે જ પૂરું થયું છે. એમણે ચાર વાતો કરેલી કે વ્યક્તિ પણ પ્રસંગે પરખાય અને સરકાર પણ પ્રસંગે જ પરખાય. આવું મોટું પૂર, કુદરતી હોનારત, અનપ્રેસિડેન્ટેડ રેઇન એવા સમયની અંદર એક પણ સેકન્ડ, મિનિટની રાહ જોયા સિવાય આગાહી મળી કે તરત જ આખું તંત્ર, ભારતીય જનતા પાર્ટીના સૌ આગેવાનો, કાર્યકર્તાઓ વ્યક્તિ વ્યક્તિ સુધી પહોંચ્યાં અને બધાને સલામત સ્થળે ખસેડવા માટે રૂબરૂ મળીને મિડિયા દ્વારા, ફોન દ્વારા આની ખબર તો અમે પાછળથી ગયા ત્યારે ખબર પડી કે જો આવું ના કર્યું હોત તો શું થાત? તો કદાચ આજનો આંકડો છે એ કદાચ અનેક ગણો થયો હોત. એટલે માનનીય વિજયભાઇ એમ કહે છે કે ત્વરિત નિર્ણય તો અહીંયા ગુજરાતને, બનાસકાંઠાને, પાટણને અનુભવ થયો. કે ત્વરિત નિર્ણયથી પ્રજાને કેટલો લાભ થાય છે. આખી કામગીરી અઠવાડિયાની અંદર પૂર્ણ કરી દીધી એ પણ કોઇ નાની વાત નથી. સુરતમાં જયારે પૂર આવ્યું ત્યારે માનનીય નરેન્દ્રભાઇ ત્યાં ત્રણ દિવસ રોકાયા હતા. એવી જ રીતે સંવેદનશીલ સરકાર કોને કહેવાય એનો પૂરાવો વિજયભાઇ પોતે જ ત્યાં પાંચ દિવસ સુધી રોકાયા. અમારા ૧૪ મંત્રીશ્રીઓ પણ ત્યાં રોકાયા અને બધા જ કામમાં બધા લોકોએ હાથો હાથ સહકાર આપીને બનાસકાંઠાના પૂર માટે જે કામગીરી કરી છે એ આજે પણ બનાસકાંઠા અને પાટણ જિલ્લો યાદ કરે છે. આ બધું જ ત્વરિત નિર્ણયને કારણે થયું છે. જે જે પશુઓ અને માનવોએ જાન ગુમાવ્યા છે વૃદ્ધ હોય, યુવાન હોય, બાળક હોય, સ્ત્રી હોય એ બધાના આત્માને પ્રભુ શાંતિ આપે. એની સાથેસાથે આપે શરૂઆતમાં એવું કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે. બીજી રીતે પણ ઐતિહાસિક દિવસ છે. આપણે વિધાનસભાગૃહની બહાર મળી રહ્યા છીએ એવો જ બીજો ઐતિહાસિક દિવસ છે આઝાદીની ચળવળ ૧૯૪૨માં શરૂ થઇ અને એમાં આજનો અને આવતી કાલનો બે દિવસ ખૂબ મહત્વના છે. ૮મી ઓગષ્ટ અને ૯મી ઓગષ્ટ. જેને આજે ૭૫ વર્ષ પૂરા થયા છે અને ગુજરાતના

શોકદર્શક ઉલ્લેખ

નવલોહીયા યુવાનો અશરફઅલીખાન, વિનોદ કિનારીવાલા, હસમુખ કડીયા આ બધા લોકોએ ગુજરાત કોલેજ જેનો હું પણ વિદ્યાર્થી છું જેનું મને ગૌરવ છે એ ત્યાં અંગ્રેજોની ગોળીઓનું નિશાન બન્યા એને ૭૫ વર્ષ પૂરા થાય છે એટલે એમને પણ આ તબક્કે યાદ કરવા જેવું મને લાગે છે. એ પણ એક ઐતિહાસિક ઘટનાને એની સાથે સાંકળું છું. હું પ્રસ્તાવને સમર્થન આપું છું.

ડો. અનિલ જોષીયારા(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને અમારા વિરોધ પક્ષના નેતાએ અનુમોદન આપ્યું છે. હું પણ અનુમોદન આપું છું. એમાં ગુજરાતના પૂર્વ રાજયપાલશ્રી નરેન્દ્રભાઇ સકસેના, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બદીઆભાઇ ગોંદીયાસાહેબ, સ્વ. શાંતાબેન ચાવડા અને પૂરમાં જે લોકોએ જાન ગુમાવ્યા છે એમના શોકસંદેશને હું મારુ અનુમોદન આપું છું. ખાસ કરીને મારે બદીઆભાઇ ગોંદીયા વિશે વાત કરવી છે. બદીઆભાઇ ગોંદીયાનું લગભગ ૯૦ વર્ષે અવસાન થયું. બીજી, પાંચમી, છઠ્ઠી અને સાતમી વિધાનસભામાં એ સતત ચૂંટાતા આવ્યા છે. તેઓ ખૂબ ગરીબ પરિવારમાં જન્મેલા પરંતુ સમાજ સેવા કરવી એ એમનું એક ધ્યેય હતું અને એના લીધે આદિવાસી સમાજમાં શિક્ષણ કેમ વધે એવા પ્રયત્નો કર્યા અને એના લીધે લીમખેડા, રણધીકપુર અને સમગ્ર દાહોદ અને પંચમહાલ જિલ્લો એ વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓ આગળ આવે અને એનો વિકાસ થાય અને એના લીધે ટ્રાયબલ વસ્તી છે એમાં શિક્ષણનો વ્યાપ વધે એવા પ્રયત્નો કરેલા. બદીઆભાઇ સમાજ સેવા સાથે જોડાયેલા હતા અને શૈક્ષણિક સંસ્થા સાથેનું એમનું ખૂબ યોગદાન રહ્યું છે. એવા બદીઆભાઇ ગોંદીયા આજે આપણી વચ્ચે નથી અને અવસાન પામ્યા છે તો હું એમને અનુમોદન આપું છું. શાંતાબેન ચાવડા રાજકોટ મત વિસ્તારમાંથી ચૂંટાયેલા હતા અને સારું શિક્ષણ મેળવ્યું હતું એમણે. તેઓ વિધાનસભામાં હતા એ વખતે અમે ધારાસભ્ય નહોતા પરંતુ અમે એમની વાતો સાંભળેલી કે ખૂબ જ હિંમતવાન બહેન હતા અને દરેક ક્ષેત્રમાં અને ખાસ કરીને શિક્ષણમાં એમનું યોગદાન ખૂબ મોટું રહ્યું છે. ત્યારે આવા જે મૃતાત્માઓ છે અને સાથેસાથે બનાસકાંઠા, પાટણ અને અમારા અરવલ્લી જિલ્લામાં અને ખાસ અમારા રાજકોટનો જે વિસ્તાર છે એ વિસ્તારમાં ભારે વરસાદ આવ્યો અને પૂર આવ્યું એના લીધે ઘણું નુકસાન થયું છે, ઘણા લોકોએ જાન ગુમાવવા પડયા છે, એમનું જે હતું એ તમામ લુંટાઇ ગયું છે એમ કહેવાય. ખાસ કરીને ધાનેરા તાલુકામાં એક જ ઘરના ૧૭-૧૭ લોકો જયારે તણાઇ જાય ત્યારે આ ઘટના દુઃખદ છે. જે કઇ બન્યુ તે દુઃખદ છે. અમે સરકારને વિનંતી કરીએ છીએ કે વહેલામાં વહેલી તકે જે કઇ એમના કુટુંબના સભ્યો એમને આગળ આવવા માટે, એમને હિંમત મળે એના માટે જે કઇ મદદરૂપ થવાય એ માટે એમને મદદરૂપ થઇએ તેવી વિનંતી કરું છું. જેઓ આપણી વચ્ચે રહ્યા નથી તેવા તમામ મૃતાત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે તેમાં વિરોધ પક્ષના નેતાશ્રીએ સૂર પુરાવ્યો છે. એમાં મારી સાથેના મિત્રોએ સૂર પુરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું. ગુજરાતના સ્વ.રાજ્યપાલ શ્રી નરેશચંદ્ર સકસેના, વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બદીઆભાઇ મૂળજીભાઇ ગોંદીઆ, સ્વ. શ્રી શાંતાબેન ચાવડા આ ૩ જે સ્વર્ગસ્થશ્રીના ઠરાવ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. જે આપના મારફતે એમના કુટુંબીજનોને આપણે શોકદર્શક પાઠવીએ. પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફતને સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના.

સાથે સાથે હમણા જ્યારે અતિવૃષ્ટિના કારણે સાબરકાંઠા, બનાસકાંઠામાં જે મોટી કુદરતી આફતો આવેલ છે, એમાં પણ અગાઉ નુકસાન થયેલ છે એમાં જાનહાનિ થઇ છે અને ઘણા કુટુંબના સભ્યોને પણ જાનહાનિ થઇ છે, ત્યારે મારે ખેડૂત તરીકે કહેવું છે કે ખેડૂતો ઉપર ઘણી મોટી મુશ્કેલી આવી છે. ખેતીનો પાક સદંતર નિષ્ફળ ગયેલ છે. ત્યારે આવા ખેડૂતોને સરકાર તરફથી બધી રાહત આપી છે, ત્યારે ખેડૂતો પ્રત્યે હમદર્દી રાખીને આ વર્ષ માટે એમનો પાક જે સદંતર નિષ્ફળ ગયો છે એમને પેકેજ સરકાર તરફથી આપવાના છે, પણ છતા ય જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છીએ, ત્યારે આવા ખેડૂતોને જે મુશ્કેલી પડી છે. ૧૦ વર્ષ સુધી આવા ખેડૂતો બેઠા થવાના નથી. જેના લીધે ખેડૂતોને પુરતું પેકેજ આપી અને સાથે નાના મોટા ઉદ્યોગવાળાઓને પણ અને નાના રોજમદારોને પણ નુકસાન થયેલ છે. આ તમામને રોજગાર માટે જેટલી બને તેટલી સરકાર સહાય કરશે એવી આશા રાખું છું અને કરશે. આ માટે વધુ પ્રમાણમાં ઉંડાણમાં જઇને સરવે કરશે. જેટલું નુકસાન થયું છે એ આપશે એવી આશા રાખું છું. જે કઇ ખૂટતી કડી હશે એમાં મુખ્યમંત્રીશ્રી અને ડેપ્યુટી સી.એમ. સાહેબે બહુ રસ લીધો છે. હજુ ઉંડાણમાં ઉતરશે. ખેડૂતો ઉપર મુશ્કેલી હલ કરવા માટે અને એમના કુટુંબો ઉપર જે આફત આવેલ છે એમાં વહેલામાં વહેલી તકે સહાય મળશે એમાં મારો સૂર પુરાવું છું. આ બાબતે જે ૪-૪ સંદેશાઓ લઇને આવ્યા છીએ એ દુઃખદ વાત થઇ છે, ત્યારે આજના ગાંધીના ગુજરાતમાં મહાત્મા મંદિર ખાતે પ્રથમ વાર આપણું સત્ર બોલાવ્યું છે, ત્યારે ગાંધીના અંદરથી સાચી ભાવના થઇ અને સમગ્ર ગુજરાતમાં જે મુશ્કેલી આવી છે તેને પ્રભુ હલ કરવાની શક્તિ આપે તે માટે સુર પુરાવું છું.

અધ્યક્ષશ્રી : ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આ ગૃહના નેતા આદરણીય વિજયભાઇ રૂપાણી જે શોક-પ્રસ્તાવ લઇને આવ્યા છે અને આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીએ જેમને સમર્થન આપ્યું છે અને બાકીના મંત્રીશ્રીએ સમર્થન આપ્યું છે, એમાં હું પણ મારો સૂર પુરાવું છું. વિશેષ કરીને પૂર્વ રાજ્યપાલશ્રી નરેશચંદ્ર સકસેનાજી અને ધારાસભ્ય બહેનશ્રી શાંતાબેન ચાવડા સાથે કામ કરવાનો મને મોકો મળ્યો છે. શ્રી બદીઆભાઇ ગોંદીઆ એમના સુપુત્ર અમારા સાબરકાંઠા જિલ્લાના એસ.પી. હતા એ નાતે મારે એમની સાથેનો સંબંધ રહ્યો છે. આ સૌ સ્વ.આત્માઓએ પોતે પોતાના જીવનની અંદર જે કંઇ પણ કર્યું છે તેની અંદરથી આપણે પણ કંઇ શીખીએ અને તેમના ચીલે ચાલવાનો આપણે પ્રયાસ કરીએ. સાથે સાથે તાજેતરમાં

શોકદર્શક ઉલ્લેખ

થયેલી અતિવૃષ્ટિની અંદર ઘણા બધા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ અગાઉ હું બનાસકાંઠા જિલ્લાનો પ્રભારી મંત્રી અને પાટણ જિલ્લાનો પ્રભારી મંત્રી રહી ચૂકેલો છું. તાજેતરની પૂરની સ્થિતિની અંદર બનાસકાંઠા અને પાટણ તે બંને વધારે અસરગ્રસ્ત હતા. શોકદર્શક ઠરાવ છે પરંતુ રોકી શકાય તેવી વાત નથી. કારણ કે આ બંને જિલ્લાઓના પ્રભારી મંત્રી તરીકે તે લોકો સાથે  સીધો નાતો રહ્યો છે. ખબર પડે કે તરત જ માનનીય મુખ્યમંત્રીશ્રી અને ડેપ્યુટી મુખ્યમંત્રીશ્રી ત્યાં પહોંચી જાય અને તેના કારણે તે જિલ્લાના લોકોને એક સહાનુભૂતિ થાય એટલું પૂરતું નથી. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ વાત સાંભળીને તરત જ ગુજરાત પહોંચી જાય એ પણ એક મોટી ઘટના છે. ૫૦૦ કરોડનું પેકેજ તેમણે જાહેર કર્યુ અને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ૧૫૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યુ. આ બંને જિલ્લાના મારા બે-ત્રણ દિવસના પ્રવાસની અંદર, માનનીય મુખ્યમંત્રીશ્રી તો પાંચેક દિવસ સળંગ રોકાયા હતા પણ બંને જિલ્લાના પ્રવાસ દરમ્યાન કયાંક ને કયાંક માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરવાનો મોકો મળ્યો. એમણે  એમની ટીમ અને મારે આ તબકકે યાદ કરવું જોઇએ કે જે અધિકારી મિત્રોએ કામ કર્યુ છે, કદાચ ધાનેરાની જે  સ્થિતિ છે તે આટલી ઝડપથી સુધરી ન શકી હોય એટલું ખૂબ સારું કામ કર્યુ છે અને ઘડિયાળના કાંટા જોયા સિવાય રાત દિવસ સરકારના નેતૃત્વમાં કામ કર્યુ છે તે સૌ લોકો પણ અભિનંદનને પાત્ર છે. સરકારે જે કામ કર્યુ છે તે માટે સરકાર પણ અભિનંદનને પાત્ર છે. જે લોકો પૂરગ્રસ્ત થયા છે અને જાનમાલનું નુકસાન થયું છે તે લોકોને આપણે પાછા લાવી શકવાના નથી પરંતુ ફરીથી તે ઉભા થાય અને પોતાનું જીવન પૂર્વવત ચાલુ થાય તેના માટે સરકારે જે કામગીરી કરી છે, ખૂટતી જે વસ્તુ હશે તે પૂરી કરવાનો પ્રયાસ કરશે તેવા શબ્દો સાથે અહીં જે પણ સભ્યશ્રીઓએ પોતાનો સૂર પુરાવ્યો છે તેમાં હું મારો સૂર પુરાવીને શોકાંજલિ આપું છું અને આપ સર્વેને નમ્ર વિનંતી કરું છું કે પોતાના સ્થાન ઉપર ઉભા રહી મૌન પાળીએ.

( બે મિનિટ મૌન બાદ)

માનનીય સભ્યશ્રીઓ સૌ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતોના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો   પ્રસ્તાવ

સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આપણે બનાસકાંઠા અને પાટણમાં અતિવૃષ્ટિ અને પૂરથી પ્રકોપ માટે જે શોક પ્રસ્તાવ પાસ કર્યો. તેમાં મૃત્યુ પામેલા સૌ પ્રત્યે સહાનુભૂતિ અને સંવેદના પ્રગટ કરવા માટે આજની કાર્યવાહી બંધ રાખવામાં આવે એવો મારો પ્રસ્તાવ છે.

ડો. અનિલ  જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને અનુમોદન આપું છું.

અધ્યક્ષશ્રી : સદગતોના માનમાં સભાગૃહનું કામકાજ આજના દિવસ માટે મુલતવી રાખવામાં આવે છે. સભાગૃહની બેઠક આવતીકાલે સવારે ૮.૩૦ કલાકે ફરીથી મળશે.

સભાગૃહનું કામકાજ બપોરના ૧૨.૩૫  વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૯-૮- ૨૦૧૭ ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

ગુજરાત વિધાનસભા

અગિયારમું સત્ર

બુધવાર તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

શ્રાવણ ૧૮, ૧૯૩૯ શાકે

સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું

માનનીય અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

અતારાંકિત પ્રશ્નોત્તરી

પહેલી અતારાંકિત યાદી

રાજ્યમાં પશુ દવાખાના/પશુ સારવાર કેન્દ્રોમાં મહેકમ

અતારાંકિતઃ ૧૦૭૩૧ (૦૨/૧૨/૨૦૧૬) ડો.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

પશુપાલન મંત્રીશ્રી : (૧૭/૦૬/૨૦૧૭)

તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના પશુદવાખાનામાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગતો

| અ.નં | જીલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ | ડ્રેસર વર્ગ–૪ | પટાવાળા વર્ગ–૪ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૩ | ૭ | ૧૪ |
| ૨ | અમદાવાદ | ૨૬ | ૬ | ૨૭ |
| ૩ | મહેસાણા | ૩૧ | ૧૦ | ૧૪ |
| ૪ | સાબરકાંઠા | ૨૨ | ૧૨ | ૨૨ |
| ૫ | અરવલ્લી | ૨૦ | ૧૩ | ૨૧ |
| ૬ | આણંદ | ૧૬ | ૧ | ૧૬ |
| ૭ | અમરેલી | ૩૧ | ૧૪ | ૧૭ |
| ૮ | ખેડા | ૧૬ | ૬ | ૧૫ |
| ૯ | બનાસકાંઠા | ૫૬ | ૧૭ | ૫૦ |
| ૧૦ | પાટણ | ૨૯ | ૬ | ૨૯ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૧૩ | ૫ | ૧૩ |
| ૧૨ | જામનગર | ૨૦ | ૮ | ૯ |
| ૧૩ | ભાવનગર | ૨૪ | ૬ | ૧૦ |
| ૧૪ | રાજકોટ | ૨૭ | ૧૧ | ૧૬ |
| ૧૫ | બોટાદ | ૮ | ૪ | ૮ |
| ૧૬ | જૂનાગઢ | ૨૭ | ૧૦ | ૩૩ |
| ૧૭ | કચ્છ | ૩૨ | ૧૪ | ૪૦ |
| ૧૮ | મહીસાગર | ૧૧ | ૪ | ૧૫ |
| ૧૯ | દાહોદ | ૧૩ | ૯ | ૧૩ |
| ૨૦ | પંચમહાલ | ૧૯ | ૧૦ | ૧૫ |
| ૨૧ | છોટાઉદેપુર | ૧૦ | ૪ | ૨૪ |
| એચબી– | વડોદરા | ૧૪ | ૭ | ૧૭ |
| ૨૩ | સુરત | ૧૫ | ૮ | ૨૧ |
| ૨૪ | નવસારી | ૧૩ | ૧૨ | ૧૭ |
| ૨૫ | ડાંગ | ૫ | ૦ | ૪ |
| ૨૬ | ગીર સોમનાથ | ૧૯ | ૩ | ૧૯ |
| ૨૭ | પોરબંદર | ૧૧ | ૩ | ૧૧ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૨૨ | ૧૪ | ૨૫ |
| ૨૯ | તાપી | ૮ | ૫ | ૧૦ |

| અ.નં | જીલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ડ્રેસર વર્ગ-૪ | પટાવાળા વર્ગ-૪ |
|---|---|---|---|---|
| ૩૦ | વલસાડ | ૬ | ૪ | ૮ |
| ૩૧ | નર્મદા | ૧૩ | ૩ | ૧૭ |
| ૩૨ | ભરૂચ | ૧૯ | ૫ | ૧૭ |
| ૩૩ | મોરબી | ૧૨ | ૬ | ૧૨ |
| કુલ:- | | ૬૩૧ | ૨૪૭ | ૫૯૯ |

તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગતો

| અ.નં | જીલ્લાનું નામ | પશુધન નિરીક્ષક વર્ગ-૩ | પટાવાળા વર્ગ-૪ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૪ | ૧૪ |
| ૨ | અમદાવાદ | ૧૭ | ૧૭ |
| ૩ | મહેસાણા | ૨૦ | ૨૦ |
| ૪ | સાબરકાંઠા | ૧૮ | ૧૬ |
| ૫ | અરવલ્લી | ૧૬ | ૧૭ |
| ૬ | આણંદ | ૨૨ | ૨૦ |
| ૭ | અમરેલી | ૨૪ | ૨૪ |
| ૮ | ખેડા | ૧૯ | ૧૬ |
| ૯ | બનાસકાંઠા | ૨૫ | ૨૨ |
| ૧૦ | પાટણ | ૧૫ | ૧૫ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૫ | ૬ |
| ૧૨ | જામનગર | ૧૭ | ૧૦ |
| ૧૩ | ભાવનગર | ૧૯ | ૧૯ |
| ૧૪ | રાજકોટ | ૧૮ | ૧૮ |
| ૧૫ | બોટાદ | ૬ | ૬ |
| ૧૬ | જૂનાગઢ | ૮ | ૭ |
| ૧૭ | કચ્છ | ૨૯ | ૨૭ |
| ૧૮ | મહીસાગર | ૨૦ | ૧૬ |
| ૧૯ | દાહોદ | ૨૧ | ૧૮ |
| ૨૦ | પંચમહાલ | ૧૯ | ૧૫ |
| ૨૧ | છોટાઉદેપુર | ૧૪ | ૦ |
| ૨૨ | વડોદરા | ૧૮ | ૧૭ |
| ૨૩ | સુરત | ૨૪ | ૨૨ |
| ૨૪ | નવસારી | ૧૪ | ૧૪ |
| ૨૫ | ડાંગ | ૧૩ | ૧૩ |
| ૨૬ | ગીર સોમનાથ | ૪ | ૪ |
| ૨૭ | પોરબંદર | ૭ | ૭ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૧૫ | ૧૪ |
| ૨૯ | તાપી | ૨૨ | ૧૬ |
| ૩૦ | વલસાડ | ૧૭ | ૧૩ |
| ૩૧ | નર્મદા | ૧૪ | ૧૧ |
| ૩૨ | ભરૂચ | ૨૨ | ૧૬ |
| ૩૩ | મોરબી | ૧૧ | ૮ |
| કુલ:- | | ૫૪૭ | ૪૭૮ |

--------

રાજ્યમાં પશુ દવાખાનાઓમાં મહેકમ

અતારાંકિતઃ ૧૦૮૮૬ (૦૩/૦૧/૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુ સારવાર માટે પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે જીલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

પશુપાલન મંત્રીશ્રી : (૧૭/૦૬/૨૦૧૭)

(૧) તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગતો નીચે મુજબ છે.

| અ.નં | જીલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ડ્રેસર વર્ગ-૪ | પટાવાળા વર્ગ-૪ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૩ | ૭ | ૧૪ |
| ૨ | અમદાવાદ | ૨૬ | ૬ | ૨૭ |
| ૩ | મહેસાણા | ૩૧ | ૧૦ | ૧૪ |
| ૪ | સાબરકાંઠા | ૨૨ | ૧૨ | ૨૨ |
| ૫ | અરવલ્લી | ૨૦ | ૧૩ | ૨૧ |
| ૬ | આણંદ | ૧૬ | ૧ | ૧૬ |
| ૭ | અમરેલી | ૩૧ | ૧૪ | ૧૭ |
| ૮ | ખેડા | ૧૬ | ૬ | ૧૭ |
| ૯ | બનાસકાંઠા | ૫૬ | ૧૭ | ૫૦ |
| ૧૦ | પાટણ | ૨૯ | ૬ | ૨૯ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૧૩ | ૫ | ૧૩ |
| ૧૨ | જામનગર | ૨૦ | ૮ | ૯ |
| ૧૩ | ભાવનગર | ૨૪ | ૬ | ૧૦ |
| ૧૪ | રાજકોટ | ૨૭ | ૧૧ | ૧૬ |
| ૧૫ | બોટાદ | ૮ | ૪ | ૮ |
| ૧૬ | જૂનાગઢ | ૨૭ | ૧૦ | ૩૩ |
| ૧૭ | કચ્છ | ૩૨ | ૧૪ | ૪૦ |
| ૧૮ | મહીસાગર | ૧૧ | ૪ | ૧૫ |
| ૧૯ | દાહોદ | ૧૩ | ૯ | ૧૩ |
| ૨૦ | પંચમહાલ | ૧૯ | ૧૦ | ૧૫ |
| ૨૧ | છોટાઉદેપુર | ૧૦ | ૪ | ૨૪ |
| ૨૨ | વડોદરા | ૧૪ | ૭ | ૧૭ |
| ૨૩ | સુરત | ૧૫ | ૮ | ૨૧ |
| ૨૪ | નવસારી | ૧૩ | ૧૨ | ૧૭ |
| ૨૫ | ડાંગ | ૫ | ૦ | ૪ |
| ૨૬ | ગીર સોમનાથ | ૧૯ | ૩ | ૧૯ |
| ૨૭ | પોરબંદર | ૧૧ | ૩ | ૧૧ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૨૨ | ૧૪ | ૨૫ |
| ૨૯ | તાપી | ૮ | ૫ | ૧૦ |
| ૩૦ | વલસાડ | ૬ | ૪ | ૮ |
| ૩૧ | નર્મદા | ૧૩ | ૩ | ૧૭ |
| ૩૨ | ભરૂચ | ૧૯ | ૫ | ૧૭ |
| ૩૩ | મોરબી | ૧૨ | ૬ | ૧૨ |
| કુલ:- | | ૬૩૧ | ૨૪૭ | ૫૯૯ |

(૨)તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર ભરાયેલ/ખાલી મહેકમની વિગતો નીચે મુજબ છે.

| ભરાયેલ મહેકમ | | | | | ખાલી મહેકમ | | |
|---|---|---|---|---|---|---|---|
| અ.નં | જીલ્લાનું નામ | પશુચિકિત્સા | ડ્રેસર | પટાવાળા | પશુચિકિત્સા | ડ્રેસર | પટાવાળા |

| | | અધિકારી વર્ગ–૨ | વર્ગ–૪ | વર્ગ–૪ | અધિકારી વર્ગ–૨ | વર્ગ–૪ | વર્ગ–૪ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૯ | ૧ | ૪ | ૪ | ૬ | ૧૦ |
| ૨ | અમદાવાદ | ૧૬ | ૧ | ૨૩ | ૧૦ | ૫ | ૪ |
| ૩ | મહેસાણા | ૨૮ | ૩ | ૭ | ૩ | ૭ | ૭ |
| ૪ | સાબરકાંઠા | ૯ | ૮ | ૮ | ૧૩ | ૪ | ૧૪ |
| ૫ | અરવલ્લી | ૯ | ૪ | ૯ | ૧૧ | ૯ | ૧૨ |
| ૬ | આણંદ | ૧૩ | ૧ | ૧૫ | ૩ | ૦ | ૧ |
| ૭ | અમરેલી | ૧૨ | ૯ | ૫ | ૧૯ | ૫ | ૧૨ |
| ૮ | ખેડા | ૬ | ૨ | ૪ | ૧૦ | ૪ | ૧૧ |
| ૯ | બનાસકાંઠા | ૪૪ | ૭ | ૪૩ | ૧૨ | ૧૦ | ૭ |
| ૧૦ | પાટણ | ૧૪ | ૪ | ૬ | ૧૫ | ૨ | ૨૩ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૪ | ૩ | ૨ | ૯ | ૨ | ૧૧ |
| ૧૨ | જામનગર | ૯ | ૬ | ૫ | ૧૧ | ૨ | ૪ |
| ૧૩ | ભાવનગર | ૯ | ૦ | ૭ | ૧૫ | ૬ | ૩ |
| ૧૪ | રાજકોટ | ૧૬ | ૩ | ૧૧ | ૧૧ | ૮ | ૫ |
| ૧૫ | બોટાદ | ૩ | ૦ | ૧ | ૫ | ૪ | ૭ |
| ૧૬ | જૂનાગઢ | ૨૧ | ૦ | ૯ | ૬ | ૧૦ | ૨૪ |
| ૧૭ | કચ્છ | ૧૨ | ૧૦ | ૧૬ | ૨૦ | ૪ | ૨૪ |
| ૧૮ | મહીસાગર | ૮ | ૧ | ૪ | ૩ | ૩ | ૧૧ |
| ૧૯ | દાહોદ | ૬ | ૩ | ૬ | ૭ | ૬ | ૭ |
| ૨૦ | પંચમહાલ | ૧૧ | ૮ | ૮ | ૮ | ૨ | ૭ |
| ૨૧ | છોટાઉદેપુર | ૭ | ૦ | ૫ | ૩ | ૪ | ૧૯ |
| ૨૨ | વડોદરા | ૧૨ | ૫ | ૪ | ૨ | ૨ | ૧૩ |
| ૨૩ | સુરત | ૭ | ૬ | ૧૦ | ૮ | ૨ | ૧૧ |
| ૨૪ | નવસારી | ૭ | ૩ | ૪ | ૬ | ૯ | ૧૩ |
| ૨૫ | ડાંગ | ૩ | ૦ | ૦ | ૨ | ૦ | ૪ |
| ૨૬ | ગીર સોમનાથ | ૭ | ૦ | ૪ | ૧૨ | ૪ | ૧૫ |
| ૨૭ | પોરબંદર | ૪ | ૩ | ૧૧ | ૭ | ૦ | ૦ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૬ | ૧ | ૪ | ૧૬ | ૧૩ | ૨૧ |
| ૨૯ | તાપી | ૫ | ૪ | ૧ | ૩ | ૧ | ૯ |
| ૩૦ | વલસાડ | ૫ | ૩ | ૪ | ૧ | ૧ | ૪ |
| ૩૧ | નર્મદા | ૫ | ૩ | ૧૫ | ૮ | ૦ | ૨ |
| ૩૨ | ભરૂચ | ૧૧ | ૪ | ૬ | ૮ | ૧ | ૧૧ |
| ૩૩ | મોરબી | ૯ | ૪ | ૫ | ૩ | ૨ | ૭ |
| કુલ:– | | ૩૫૭ | ૧૧૦ | ૨૬૬ | ૨૭૪ | ૧૩૮ | ૩૩૩ |

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીઓની જગ્યાઓ ભરી શકાશે.

અટેંડન્ટ/પટાવાળા/ડ્રેસર વર્ગ–૪ની સેવાઓ જિલ્લા પંચાયત મારફતે આઉટ સોર્સિંગથી લેવામાં આવે છે.

--------

અમરેલી જિલ્લામાં મગફળી અને કપાસના પાકો માટે વાવેતર

અતારાંકિતઃ ૧૧૭૨૪ (૨૭–૨–૨૦૧૭) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ખરીફ–૨૦૧૨ની સીઝનમાં મગફળી અને કપાસના પાકો માટે તાલુકાવાર કેટલા ખેડૂતોને કુલ કેટલા ક્ષેત્રફળમાં વાવેતર કરવામાં આવેલ,

(૨) ઉપરોક્ત સીઝનમાં મગફળી અને કપાસના પાકોના વાવેતરના ક્ષેત્રફળ બાબતમાં વિસંગતતા અંગેની બાબત ક્યારે સરકારના ધ્યાને આવેલ છે,

(૩) આ અંગે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે,અને

(૪) ઉપરોક્ત સ્થિતિએ આ અંગે કેટલા સમયમાં આખરી નિર્ણય કરવામાં આવશે

કૃષિ મંત્રીશ્રી : (૧૬–૫–૨૦૧૭)

(૧) અમરેલી જિલ્લામાં ખરીફ–૨૦૧૨ની સીઝનમાં મગફળી અને કપાસના પાકો માટે તાલુકાવાર વાવેતર વિસ્તાર અને ખેડૂતોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકો | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) | ખેડૂતોની સંખ્યા | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) | ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|---|
| | મગફળી | | કપાસ | |
| અમરેલી | ૧૦૧૮ | ૮૨૯ | ૪૪૬૮૧ | ૩૬૫૦૩ |
| બાબરા | ૭૯૮૮ | ૭૩૦૦ | ૪૭૫૭૦ | ૫૧૯૭૬ |
| બગસરા | ૧૨૧૮૯ | ૭૭૧૧ | ૧૧૯૯૬ | ૭૫૮૯ |
| ધારી | ૧૩૩૫ | ૩૪૩૬૧ | ૫૮૯૦ | ૨૫૯૧૦ |
| જાફરાબાદ | ૫૬૯૫ | ૬૪૫૦ | ૧૩૬૯૬ | ૧૫૫૦૦ |
| ખાંભા | ૯૩૨૬ | ૮૬૭૮ | ૯૭૮૫ | ૯૮૪૦ |
| કુંકાવાવ–વડિયા | ૨૧૪૮૦ | ૩૩૫૩૨ | ૨૪૪૦૦ | ૩૪૧૪૨ |
| લાઠી | ૧૩૬૦ | ૧૦૬૫ | ૪૩૮૨૦ | ૩૪૩૧૫ |
| લીલીયા | ૬૦૦ | ૧૫૨૯ | ૨૦૫૦૦ | ૩૯૫૬૨ |
| રાજુલા | ૩૩૦૦ | ૧૧૦૭૧ | ૧૭૫૦૦ | ૨૦૬૨૫ |
| સા.કુંડલા | ૨૦૧૦૫ | ૨૬૩૦૦ | ૪૯૪૦૬ | ૨૯૦૮૪ |
| કુલ | ૮૪૩૯૬ | ૧૩૮૮૨૬ | ૨૮૯૨૪૪ | ૩૦૫૦૪૬ |

(૨) ક્ષેત્રફળ બાબતમાં આવી કોઈ વિસંગતતા ધ્યાને આવેલ નથી.

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

રાજ્યમાં કપાસ અને મગફળીના પોષણક્ષમ ભાવોની ફરિયાદો

અતારાંકિતઃ ૧૧૭૩૪ (૧૩–૦૩–૨૦૧૭) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કપાસ અને મગફળી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો ન મળવાની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં મળી છે,

(૨) ઉક્ત ફરીયાદોના નિવારણ માટે રાજ્ય સરકારે શા પગલા લીધા છે,અને

(૩) ઉક્ત સ્થિતિએ પોષણક્ષમ ભાવ મળે તે માટે શી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૭–૦૫–૨૦૧૭)

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કપાસ અને મગફળી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો ન મળવાની અંદાજીત ૩૦૪ ફરીયાદો મળેલ છે.

(૨) ઉક્ત ફરીયાદો બાબતે અરજદારને ટેકાના ભાવની યોજનાની વિગતો આપવામાં આવેલ છે.અને ટેકાના ભાવે ખરીદી ચાલુ હોય તો ટેકાના ભાવે ખરીદ કરનાર કેન્દ્ર /રાજ્ય નોડલ એજન્સીને ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે અને જરૂર જણાય ત્યાં ખરીદ કેન્દ્ર શરૂ કરવાની રજુઆત બાબતે ખરીદ કેન્દ્ર ખોલવા/શરૂ કરવા જણાવેલ છે.

(૩)

- ટેકાના ભાવની યોજના ભારત સરકાર દ્વારા રાજ્યમાં લાગુ કરવામાં આવેલ છે.
- જ્યારે ટેકાના ભાવોથી યોજનામાં સમાવિષ્ટ ખેત પેદાશોના પ્રવર્તમાન ભાવો નીચા જાય ત્યારે કેન્દ્ર /રાજ્ય સરકારની નિયુક્ત નોડલ એજન્સી દ્વારા આવી નિયત ગુણવત્તા ધરાવતી ખેત પેદાશોની ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ખરીદ કરી ખેડૂતોને આર્થિક રક્ષણ આપે છે.
- ૨૦૧૫–૧૬ ખરીફ સીઝન માટે કપાસના ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકારશ્રીએ પ્રતિ ક્વિન્ટલે રૂ.૫૫૦ નું બોનસ જાહેર કરવામાં આવેલ હતું અને કપાસની જણસો મુજબ જાહેર થયેલા ટેકાના ભાવ ઉપરાંત આ બોનસ આપવામાં આવેલ અને કુલ ૨.૩૨ લાખ ક્વિન્ટલ કપાસની ખરીદી કરવામાં આવેલ. જેના રૂ.

૧૨.૭૪ કરોડ બોનસ સબસીડી પેટે રાજ્ય સરકારશ્રીએ ભોગવેલ છે.સીઝનમાં કુલ ૨.૫૮ લાખ ક્વિન્ટલ કપાસની ખરીદી ટેકાના ભાવે કે ટેકાના ભાવ ઉપરાંત બોનસ સહીત કુલ ખરીદી કરવામાં આવેલ છે.

- સીસીઆઇ અમદાવાદ દ્બારા કુલ ૧૭ સંભવીત કેન્દ્રો અને રાજકોટ વિભાગ દ્બારા કુલ ૧૮ કેન્દ્રો નિયત કરેલ છે આમ રાજ્યમાં કુલ ૩૫ કેન્દ્રો ઉપર જરૂરિયાત જણાયે કેન્દ્ર શરૂ કરી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવે છે.
- ચાલુ સાલ (ખરીફ-૨૦૧૬)માં ટેકાના ભાવે મગફળીની તા.૫-૧૧-૨૦૧૬ થી તા.૨૩-૩-૨૦૧૭ સુધીમાં કુલ ૮૬ ખરીદ કેન્દ્રો ઉપર કુલ ૨.૧૦૭ લાખ ટન મગફળીની ટેકાના ભાવે ખરીદી થયેલ છે.જેનું મુલ્ય રૂ.૮૮૯.૨૩ કરોડ છે.
- અરજદારો તરફથી વિવિધ સેન્ટરો ઉપર મગફળી ખરીદી શરૂ કરવાની રજુઆતો બાબતે હકારાત્મક પ્રત્યુત્તર પાઠવી જરૂર જણાયે નવા કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખરીફ-૨૦૧૬ માં શરૂઆતમાં કુલ ૧૦૬ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ પરંતુ ૮૬ કેન્દ્રો ઉપર ખરીદી થયેલ.

---

રાજ્યમાં કપાસ અને મગફળીના પોષણક્ષમ ભાવોની ફરિયાદો

અતારાંકિતઃ ૧૧૭૩૫ (૧૩-૩-૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કપાસ અને મગફળી પકવતા ખેડુતોને પોષણક્ષમ ભાવો ન મળવાની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં મળી છે,

(૨) ઉક્ત ફરીયાદના નિવારણ માટે રાજ્ય સરકારે શા પગલા લીધા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ પોષણક્ષમ ભાવ મળે તે માટે શી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૭-૦૫-૨૦૧૭)

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કપાસ અને મગફળી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો ન મળવાની અદાજીત ૩૦૪ ફરિયાદો મળેલ છે.

(૨) ઉક્ત ફરિયાદો બાબતે અરજદારને ટેકાના ભાવની યોજનાની વિગતો આપવામાં આવેલ છે અને ટેકાના ભાવે ખરીદી ચાલુ હોય તો ટેકાના ભાવે ખરીદ કરનાર કેન્દ્ર/રાજ્ય નોડલ એજંસીને ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે અને જરૂર જણાય ત્યાં ખરીદ કેન્દ્ર શરૂ કરવાની રજુઆત બાબતે ખરીદ કેન્દ્ર ખોલવા/શરૂ કરવા જણાવેલ છે.

(૩) ટેકાના ભાવની યોજના ભારત સરકાર દ્બારા રાજ્યમાં લાગુ કરવામાં આવેલ છે.

- જ્યારે ટેકાના ભાવોથી યોજનામાં સમાવિષ્ટ ખેત પેદાશોના પ્રવર્તમાન ભાવો નીચા જાય ત્યારે કેન્દ્ર /રાજ્ય સરકારની નિયુક્ત નોડલ એજન્સી દ્બારા આવી નિયત ગુણવત્તા ધરાવતી ખેત પેદાશોની ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ખરીદ કરી ખેડૂતોને આર્થિક રક્ષણ આપે છે.
- ૨૦૧૫-૧૬ ખરીફ સીઝન માટે કપાસના ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકારકશ્રીએ પ્રતિ ક્વિન્ટલે રૂ. ૫૫૦નું બોનસ જાહેર કરવામાં આવેલ હતું અને કપાસની જણસો મુજબ જાહેર થયેલા ટેકાના ભાવ ઉપરાંત આ બોનસ આપવામાં આવેલ અને કુલ ૨.૩૨ લાખ ક્વિન્ટલ કપાસની ખરીદી કરવામાં આવેલ. જેના રૂ. ૧૨.૭૪ કરોડ બોનસ સબસીડી પેટે રાજ્ય સરકારશ્રીએ ભોગવેલ છે. સીઝનમાં કુલ ૨.૫૮ લાખ ક્વિન્ટલ કપાસની ખરીદી ટેકાના ભાવે કે ટેકાના ભાવ ઉપરાંત બોનસ સહીત કુલ ખરીદી કરવામાં આવેલ છે.
- સીસીઆઇ અમદાવાદ દ્બારા કુલ ૧૭ સંભવીત કેન્દ્રો અને રાજકોટ વિભાગ દ્બારા કુલ ૧૮ કેન્દ્રો નિયત કરેલ છે આમ રાજ્યમાં કુલ ૩૫ કેન્દ્રો ઉપર જરૂરિયાત જણાયે કેન્દ્ર શરૂ કરી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવે છે.
- ચાલુ સાલ (ખરીફ-૨૦૧૬)માં ટેકાના ભાવે મગફળીની તા.૫-૧૧-૨૦૧૬ થી તા.૨૩-૩-૨૦૧૭ સુધીમાં કુલ ૮૬ ખરીદ કેન્દ્રો ઉપર કુલ ૨.૧૦૭ લાખ ટન મગફળીની ટેકાના ભાવે ખરીદી થયેલ છે. જેનું મુલ્ય રૂ.૮૮૯.૨૩ કરોડ છે.
- અરજદારો તરફથી વિવિધ સેન્ટરો ઉપર મગફળી ખરીદી શરૂ કરવાની રજુઆતો બાબતે હકારાત્મક પ્રત્યુત્તર પાઠવી જરૂર જણાયે નવા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખરીફ-૨૦૧૬ માં શરૂઆતમાં કુલ ૧૦૬ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ પરંતુ ૮૬ કેન્દ્રો ઉપર ખરીદી થયેલ.

---

રાજ્યમાં કપાસ અને મગફળીના પોષણક્ષમ ભાવોની ફરિયાદો

અતારાંકિતઃ ૧૧૭૩૬ (૧૩-૩-૨૦૧૭) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કપાસ અને મગફળી પકવતા ખેડુતોને પોષણક્ષમ ભાવો ન મળવાની કેટલી ફરીયાદો રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં મળી છે,

(૨) ઉક્ત ફરીયાદોના નિવારણ માટે રાજ્ય સરકારે શા પગલા લીધા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ પોષણક્ષમ ભાવ મળે તે માટે શી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૭-૦૫-૨૦૧૭)

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કપાસ અને મગફળી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો ન મળવાની અંદાજીત ૩૦૪ ફરિયાદો મળેલ છે.

(૨) ઉક્ત ફરિયાદો બાબતે અરજદારને ટેકાના ભાવની યોજનાની વિગતો આપવામાં આવેલ છે અને ટેકાના ભાવે ખરીદી ચાલુ હોય તો ટેકાના ભાવે ખરીદ કરનાર કેન્દ્ર/રાજ્ય નોડલ એજન્સીને ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે અને જરૂર જણાય ત્યાં ખરીદ કેન્દ્ર શરૂ કરવાની રજુઆત બાબતે ખરીદ કેન્દ્ર ખોલવા/શરૂ કરવા જણાવેલ છે.

(૩) ટેકાના ભાવની યોજના ભારત સરકાર દ્વારા રાજ્યમાં લાગુ કરવામાં આવેલ છે.

- જ્યારે ટેકાના ભાવોથી યોજનામાં સમાવિષ્ટ ખેત પેદાશોના પ્રવર્તમાન ભાવો નીચા જાય ત્યારે કેન્દ્ર /રાજ્ય સરકારની નિયુક્ત નોડલ એજન્સી દ્વારા આવી નિયત ગુણવત્તા ધરાવતી ખેત પેદાશોની ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ખરીદ કરી ખેડૂતોને આર્થિક રક્ષણ આપે છે.
- ૨૦૧૫-૧૬ ખરીફ સીઝન માટે કપાસના ટેકાના ભાવ ઉપરાંત રાજ્ય સરકારશ્રીએ પ્રતિ ક્વિન્ટલે રૂ. ૫૫૦નું બોનસ જાહેર કરવામાં આવેલ હતું અને કપાસની જણસો મુજબ જાહેર થયેલા ટેકાના ભાવ ઉપરાંત આ બોનસ આપવામાં આવેલ અને કુલ ૨.૩૨ લાખ ક્વિન્ટલ કપાસની ખરીદી કરવામાં આવેલ. જેના રૂ. ૧૨.૭૪ કરોડ બોનસ સબસીડી પેટે રાજ્ય સરકારશ્રીએ ભોગવેલ છે. સીઝનમાં કુલ ૨.૫૮ લાખ ક્વિન્ટલ કપાસની ખરીદી ટેકાના ભાવે કે ટેકાના ભાવ ઉપરાંત બોનસ સહીત કુલ ખરીદી કરવામાં આવેલ છે.
- સીસીઆઇ અમદાવાદ દ્વારા કુલ ૧૭ સંભવીત કેન્દ્રો અને રાજકોટ વિભાગ દ્વારા કુલ ૧૮ કેન્દ્રો નિયત કરેલ છે આમ રાજ્યમાં કુલ ૩૫ કેન્દ્રો ઉપર જરૂરિયાત જણાયે કેન્દ્ર શરૂ કરી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવે છે.
- ચાલુ સાલ (ખરીફ-૨૦૧૬)માં ટેકાના ભાવે મગફળીની તા.૫-૧૧-૨૦૧૬ થી તા.૨૩-૩-૨૦૧૭ સુધીમાં કુલ ૮૬ ખરીદ કેન્દ્રો ઉપર કુલ ૨.૧૦૭ લાખ ટન મગફળીની ટેકાના ભાવે ખરીદી થયેલ છે. જેનું મુલ્ય રૂ.૮૮૯.૨૩ કરોડ છે.
- અરજદારો તરફથી વિવિધ સેન્ટરો ઉપર મગફળી ખરીદી શરૂ કરવાની રજુઆતો બાબતે હકારાત્મક પ્રત્યુત્તર પાઠવી જરૂર જણાયે નવા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખરીફ-૨૦૧૬ માં શરૂઆતમાં કુલ ૧૦૬ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ પરંતુ ૮૬ કેન્દ્રો ઉપર ખરીદી થયેલ.

------------

રાજ્યમાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને ખાનગી સંસ્થાને સોંપવા બાબત

અતારાંકિતઃ ૫૧૦૪ (૨૯-૦૭-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક શાળાઓને ખાનગી સંસ્થાને સોંપવામાં આવી,

(૨) આ સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક શાળાઓને ખાનગી સંસ્થાને કયા દરે અને કેટલો સમય માટે સોંપવામાં આવી, અને

(૩) તે અન્વયે આ શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે વૈકલ્પિક શી વ્યવસ્થા કરવામાં આવી ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૫-૦૬-૨૦૧૭)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ખાનગી સંસ્થાને સોંપવામાં આવેલ સરકારી માધ્યમિક શાળાઓની સંખ્યા નીચે મુજબ છે, આ સિવાય કોઈપણ જિલ્લામાં સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક શાળાઓને ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવેલ નથી.

| ક્રમ | જિલ્લો | તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ પાંચ વર્ષમાં માધ્યમિક શાળાઓને ખાનગી ટ્રસ્ટને સોંપેલ હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | ડાંગ | ૦૨ (બે) |
| ૨. | ગાંધીનગર | ૦૬ (છ) |

(૨) રાજ્યમાં સરકારી માધ્યમિક શાળાઓ નીચે મુજબના દરે અને સમય માટે સોંપવામાં આવી છે.

| ક્રમ | જિલ્લો | સરકારી શાળાઓને કેટલા સમય માટે અને કેટલા દરે સોંપેલ છે |
|---|---|---|

અતારાંકિત પ્રશ્નોત્તરી

| | | તેની વિગત |
|---|---|---|
| ૧. | ડાંગ | ૫ વર્ષ માટે ૧૦૦ ટકા ગ્રાન્ટની નીતિ મુજબ |
| ૨. | ગાંધીનગર | રૂ. ૧/– (એક)ના ટોકન દરે ત્રણ વર્ષ સુધી |

(૩) રાજ્યમાં ખાનગી ટ્રસ્ટને સોંપવામાં આવેલ સરકારી માધ્યમિક કર્મચારીઓની શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓની વૈકલ્પિક વ્યવસ્થા નીચે મુજબ કરવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | રાજ્યમાં ખાનગી ટ્રસ્ટને સોંપેલ માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓની કરેલ વૈકલ્પિક વ્યવસ્થા |
|---|---|---|
| ૧. | ડાંગ | અન્ય સરકારી માધ્યમિક શાળામાં સમાવેશ કરેલ છે. |
| ૨. | ગાંધીનગર | માધ્ય./ઉ.માધ્ય શાળાના કર્મચારીઓ પાસે વિકલ્પ ફોર્મ ભરાવેલ છે. |

--------

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કોમ્પયુટરની ચોરી બાબત

અતારાંકિતઃ ૫૧૨૯ (૩૧–૦૭–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓમાં સરકારે ફાળવેલ કોમ્પ્યુટરો પૈકી તા. ૩૧–૦૩–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કોઇ કોમ્પ્યુટરની ચોરી થઇ છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કોમ્પ્યુટરની ચોરી થઇ, અને

(૩) ઉક્ત સ્થિતિએ હવે પછી કોમ્પ્યુટરની ચોરી ન થાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩–૦૬–૨૦૧૭)

(૧) હા,જી

(૨) તા.૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર ચોરી થયેલ કોમ્પ્યુટરોની દર્શાવતુ પત્રક

પત્રક

| અ.નં. | જિલ્લો | પ્રાથમિક શાળામાં ચોરી થયેલ કોમ્પ્યુટરની સંખ્યા | માધ્યમિક શાળામાં ચોરી થયેલ કોમ્પ્યુટરની સંખ્યા | અ.નં. | જિલ્લો | પ્રાથમિક શાળામાં ચોરી થયેલ કોમ્પ્યુટરની સંખ્યા | માધ્યમિક શાળામાં ચોરી થયેલ કોમ્પ્યુટરની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૩ | ૪૦ | ૨૦ | વલસાડ | ૧૩ | ૨૫ |
| ૨ | વડોદરા | ૦૮ | ૩૧ | ૨૧ | નવસારી | ૧૯ | ૧૫ |
| ૩ | રાજકોટ | ૧૪ | ૧૦ | ૨૨ | બનાસકાંઠા | ૩૨ | ૧૪ |
| ૪ | સુરત | ૪૩ | ૪૭ | ૨૩ | સુરેન્દ્રનગર | ૧૧૯ | ૩૭ |
| ૫ | ખેડા | ૧૫ | ૧૮ | ૨૪ | ગાંધીનગર | ૨૫ | ૩૭ |
| ૬ | આણંદ | ૪૭ | ૪૯ | ૨૫ | ડાંગ | ૦૦ | ૦૫ |
| ૭ | પંચમહાલ | ૧૭૭ | ૬૩ | ૨૬ | તાપી | ૬૯ | ૦૨ |
| ૮ | દાહોદ | ૧૫૩ | ૯૨ | ૨૭ | મોરબી | ૫૩ | ૦૦ |
| ૯ | સાબરકાંઠા | ૨૬ | ૩૯ | ૨૮ | દેવભૂમિ–દ્વારકા | ૦૫ | ૦૦ |
| ૧૦ | જૂનાગઢ | ૦૪ | ૧૩ | ૨૯ | બોટાદ | ૧૯ | ૦૦ |
| ૧૧ | પોરબંદર | ૦૦ | ૦૩ | ૩૦ | ગીર–સોમનાથ | ૧૨ | ૦૦ |
| ૧૨ | મહેસાણા | ૦૮ | ૦૯ | ૩૧ | છોટાઉદેપુર | ૦૯ | ૦૦ |
| ૧૩ | પાટણ | ૦૦ | ૧૦ | ૩૨ | અરવલ્લી | ૨૫ | ૦૦ |
| ૧૪ | ભાવનગર | ૪૧ | ૦૮ | ૩૩ | મહીસાગર | ૨૩ | ૦૦ |
| ૧૫ | જામનગર | ૦૨ | ૧૮ | ૩૪ | અમદાવાદ મ્યુનિ. કોર્પો. | ૦૦ | ૪૦ |
| ૧૬ | અમરેલી | ૧૦ | ૦૧ | ૩૫ | વડોદરા મ્યુનિ. કોર્પો. | ૦૦ | ૦૦ |
| ૧૭ | કચ્છ | ૧૪ | ૨૨ | ૩૬ | રાજકોટ મ્યુનિ. કોર્પો. | ૦૦ | ૦૦ |
| ૧૮ | ભરૂચ | ૨૯ | ૪૯ | ૩૭ | સુરત મ્યુનિ. કોર્પો. | ૦૦ | ૦૭ |
| ૧૯ | નર્મદા | ૦૦ | ૨૦ | | | | |

(૩) ૧. ઉક્ત સ્થિતિએ હવે પછી કોમ્પ્યુટરની ચોરી ન થાય તે માટે શાળાકક્ષાએ આચાર્યશ્રી અને શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા કોમ્પ્યુટરની સલામતી માટે કોમ્પ્યુટર રૂમની બારી–દરવાજા, ઓલડ્રોપ, સ્ટોપર, તાળા અને દરેક બારીમાં ગ્રીલ સારી સ્થિતિમાં રાખવા યોગ્ય પગલાં લીધેલ છે.

૨. વધુમાં તે માટે ખાસ વેકેશનના સમયમાં કોમ્પ્યુટર રૂમની ઉક્ત સલામતી વ્યવસ્થા ચકાસી દુરસ્ત કરાવવા માટે શાળા કક્ષાએ પરિપત્ર દ્વારા સજાગ રહેવા જણાવવામાં આવેલ છે. તેમજ જિલ્લા અધિક્ષકશ્રીઓ મારફત સ્થાનિક પોલીસ મથકોને

શાળાઓમાં ચોરી થતી અટકાવવા બાબતે તકેદારી રાખવા જણાવવામાં આવેલ છે.

૩. વર્ષઃ ૨૦૧૧માં ૧૪૮૫૬ પ્રાથમિક શાળાઓમાં વિકસાવવામાં આવેલ કોમ્પ્યુટર લેબની ચોરી સામે વીમાની સુરક્ષા પણ પુરી પાડવામાં આવેલ છે.

--------

રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ

અતારાંકિતઃ ૫૪૧૮ (૩૧–૦૭–૨૦૧૫) શ્રી તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ ક્યા વર્ષમાં યોજવામાં આવેલ, અને

(૨) તે અન્વયે વર્ષવાર જિલ્લાવાર કેટલી નબળી અને અંત્યંત નબળી (સી–ગ્રેડ અને ડી–ગ્રેડ) જણાઇ આવેલ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩–૦૬–૨૦૧૭)

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અત્યાર સુધીમાં પાંચ ગુણોત્સવ યોજવામાં આવેલ છે.

| વર્ષ | ગુણોત્સવ |
|---|---|
| ૨૦૦૯–૧૦ | ગુણોત્સવ–૧ |
| ૨૦૧૦–૧૧ | ગુણોત્સવ–૨ |
| ૨૦૧૨–૧૩ | ગુણોત્સવ–૩ |
| ૨૦૧૩–૧૪ | ગુણોત્સવ–૪ |
| ૨૦૧૪–૧૫ | ગુણોત્સવ–૫ |

(૨) તે અન્વયે વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબ શાળાઓ નબળી અને અત્યંત નબળી (સી–ગ્રેડ અને ડી–ગ્રેડ) જણાઇ આવેલ છે.

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૦૯–૧૦ | | વર્ષ ૨૦૧૦–૧૧ | | વર્ષ ૨૦૧૨–૧૩ | | વર્ષ ૨૦૧૩–૧૪ | | વર્ષ ૨૦૧૪–૧૫ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સી ગ્રેડ | ડી ગ્રેડ | સી ગ્રેડ | ડી ગ્રેડ | સી ગ્રેડ | ડી ગ્રેડ | સી ગ્રેડ | ડી ગ્રેડ | સી ગ્રેડ | ડી ગ્રેડ |
| ૧ | મહીસાગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩૦ | ૩૦ |
| ૨ | મોરબી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૯૭ | ૧૫ |
| ૩ | ગીર–સોમનાથ | ૩૧ | ૩૩૮ | ૮૭ | ૪૩૬ | ૭૦ | ૭૭ | ૧૪૫ | ૦૨ | ૧૪૬ | ૧૩ |
| ૪ | અમદાવાદ | ૧૦૫ | ૨૮૪ | ૩૬૩ | ૨૬૮ | ૧૩૬ | ૩૪ | ૯૪ | ૬૩ | ૩૧૫ | ૭૬૭ |
| ૫ | ડાંગ | ૪૮ | ૨૧૬ | ૮૮ | ૨૩૨ | ૧૦૩ | ૨૯ | ૨૯ | ૦૮ | ૬૨ | ૩૦ |
| ૬ | અમરેલી | ૪૧૬ | ૩૦ | ૫૯ | ૧૮ | ૦૧ | ૦૦ | ૧૦૦ | ૧૨ | ૧૦૭ | ૨૩ |
| ૭ | આણંદ | ૧૧૯ | ૭૫૩ | ૬૦૯ | ૫૯૮ | ૧૭ | ૦૨ | ૪૦ | ૩૫ | ૮૧ | ૩૬ |
| ૮ | ભરૂચ | ૫૭ | ૬૬૫ | ૨૮૦ | ૬૩૬ | ૧૦૬ | ૧૬ | ૨૮૯ | ૫૭ | ૨૮૫ | ૭૦ |
| ૯ | ભાવનગર | ૨૪૨ | ૮૮૦ | ૪૫૦ | ૭૩૭ | ૨૦૧ | ૧૦૧ | ૨૫૨ | ૨૧ | ૧૫૪ | ૨૯ |
| ૧૦ | કચ્છ | ૯૩ | ૮૪૧ | ૫૩૦ | ૧૦૫૭ | ૧૭૧ | ૩૦ | ૫૭૩ | ૯૧ | ૨૬૪ | ૫૬ |
| ૧૧ | બોટાદ | ૨૪ | ૧૮૮ | ૭૧ | ૧૮૩ | ૨૩ | ૩૮ | ૫૬ | ૦૨ | ૬૬ | ૧૩ |
| ૧૨ | દાહોદ | ૮૬ | ૯૪૪ | ૭૦૩ | ૮૯૩ | ૮૩ | ૦૩ | ૨૮૧ | ૬૦ | ૧૬૨ | ૬૦ |
| ૧૩ | ગાંધીનગર | ૧૧૮ | ૪૭૭ | ૪૨૯ | ૩૮૬ | ૩૧ | ૦૪ | ૭૯ | ૨૧ | ૧૩૭ | ૪૨ |
| ૧૪ | પંચમહાલ | ૩૧૭ | ૧૪૬૩ | ૮૬૯ | ૧૨૯૮ | ૧૫૩ | ૨૫ | ૪૮૧ | ૪૬ | ૨૧૧ | ૪૯ |

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૦૯–૧૦ | | વર્ષ ૨૦૧૦–૧૧ | | વર્ષ ૨૦૧૨–૧૩ | | વર્ષ ૨૦૧૩–૧૪ | | વર્ષ ૨૦૧૪–૧૫ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સી ગ્રેડ | ડી ગ્રેડ | સી ગ્રેડ | ડી ગ્રેડ | સી ગ્રેડ | ડી ગ્રેડ | સી ગ્રેડ | ડી ગ્રેડ | સી ગ્રેડ | ડી ગ્રેડ |
| ૧૫ | સાબરકાંઠા | ૧૪૮૭ | ૩૬૨ | ૧૨૦૧ | ૧૬૦ | ૧૬ | ૦૦ | ૭૭ | ૦૦ | ૨૮ | ૦૦ |
| ૧૬ | જામનગર | ૨૯૮ | ૬૦ | ૧૦૨ | ૨૭ | ૧૪૩ | ૩૦ | ૧૬૫ | ૪૫ | ૩૫૧ | ૧૨૨ |
| ૧૭ | જુનાગઢ | ૦૦ | ૦૦ | ૬૨ | ૦૯ | ૧૩૧ | ૧૧ | ૧૫૫ | ૨૮ | ૬૬ | ૧૪ |
| ૧૮ | મહેસાણા | ૩૪૨ | ૬૧૮ | ૬૩૫ | ૨૯૭ | ૧૧ | ૦૦ | ૪૪ | ૯૫ | ૪૯ | ૨૦ |
| ૧૯ | ખેડા | ૩૦ | ૦૫ | ૨૫ | ૦૩ | ૧૨ | ૦૧ | ૨૫૯ | ૧૮૦ | ૭૬ | ૫૩ |
| ૨૦ | નર્મદા | ૪૮૫ | ૭૫ | ૩૩ | ૦૧ | ૧૨૬ | ૧૭ | ૧૦૬ | ૩૪ | ૩૪ | ૧૭ |
| ૨૧ | નવસારી | ૨૯૪ | ૩૯૯ | ૫૬૧ | ૨૯૪ | ૧૨૭ | ૧૯ | ૨૬ | ૦૦ | ૮૧ | ૨૦ |
| ૨૨ | બનાસકાંઠા | ૩૪૧ | ૧૪૬૭ | ૮૭૬ | ૧૨૯૧ | ૮૮ | ૧૫ | ૨૪૭ | ૩૪ | ૨૨૮ | ૧૪૩ |
| ૨૩ | પાટણ | ૨૪૦ | ૫૫૩ | ૪૯૨ | ૩૬૯ | ૦૮ | ૦૦ | ૫૪ | ૧૮ | ૮૯ | ૨૦ |
| ૨૪ | પોરબંદર | ૧૦ | ૧૯૩ | ૬૫ | ૩૨૦ | ૩૭ | ૩૫ | ૨૩૯ | ૬૫ | ૫૭ | ૧૭ |
| ૨૫ | રાજકોટ | ૨૩૮ | ૯૧૮ | ૩૭૧ | ૯૬૩ | ૧૧૫ | ૧૯ | ૨૦૮ | ૪૪ | ૨૭૧ | ૩૭ |
| ૨૬ | સુરત | ૪૦૬ | ૫૫૦ | ૧૨૯ | ૧૫૯ | ૪૯ | ૦૭ | ૧૮૩ | ૭૧ | ૨૦૦ | ૧૨૧ |
| ૨૭ | સુરેન્દ્રનગર | ૧૫૯ | ૬૩૯ | ૧૯૨ | ૭૪૪ | ૫૩ | ૦૨ | ૧૫૪ | ૩૧ | ૧૭૩ | ૩૬ |
| ૨૮ | વડોદરા | ૮૦ | ૭૬૯ | ૩૯૪ | ૯૦૩ | ૮૬ | ૧૧ | ૧૪૦ | ૭૦૪ | ૧૮૬ | ૭૯ |
| ૨૯ | વલસાડ | ૧૮૩ | ૧૫૭ | ૩૬૭ | ૨૨૮ | ૦૦ | ૦૦ | ૫૦ | ૦૦ | ૧૩૯ | ૦૦ |
| ૩૦ | છોટાઉદેપુર | ૪૨ | ૫૩૭ | ૧૧૩ | ૧૦૨૩ | ૧૫૩ | ૪૫ | ૪૨૩ | ૨૨૪ | ૩૦૪ | ૧૨૫ |
| ૩૧ | દેવભૂમિદ્વારકા | ૦૦ | ૦૦ | ૧૩૧ | ૪૪૯ | ૭૨ | ૦૭ | ૧૦૨ | ૨૧ | ૧૭૪ | ૫૩ |
| ૩૨ | અરવલ્લી | ૨૧૩ | ૮૦૬ | ૫૫૮ | ૬૩૯ | ૬૨ | ૦૫ | ૭૭ | ૧૫ | ૮૯ | ૩૦ |
| ૩૩ | તાપી–વ્યારા | ૧૩૯ | ૧૮ | ૭૫ | ૩૧ | ૨૯ | ૦૭ | ૫૧ | ૧૬૩ | ૯૫ | ૨૮ |
| | કુલ | ૬૬૪૩ | ૧૫૨૦૫ | ૧૦૯૨૨ | ૧૪૬૫૨ | ૨૪૧૩ | ૫૯૦ | ૫૧૭૯ | ૨૧૯૦ | ૪૯૦૭ | ૨૧૬૮ |

--------

જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં પ્રાથમિક શિક્ષણથી વંચિત બાળકો

અતારાંકિતઃ ૮૯૨૯ (૧૧–૦૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર (ગ્રામ્ય)): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ–૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકોને તેની નજીકની શાળામાં મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧ મે–૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલા બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે, અને

(૩) ઉક્ત વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઇ છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૫–૦૬–૨૦૧૭)

(૧) હા,

(૨) જામનગર જિલ્લામાં વંચિત બાળકોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધ્રોલ | ૦૦ |
| ૨ | જામજોધપુર | ૦૦ |
| ૩ | જામનગર | ૯૪૫ |
| ૪ | કાલાવાડ | ૦૦ |
| ૫ | જોડીયા | ૦૦ |
| ૬ | લાલપુર | ૦૦ |
| | કુલ | ૯૪૫ |

વલસાડ જિલ્લામાં વંચિત બાળકોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધરમપુર | ૪૪ |
| ૨ | કપરાડા | ૨૪૪ |
| ૩ | પારડી | ૨૨ |
| ૪ | ઉમંરગામ | ૨૨૪ |
| ૫ | વલસાડ | ૬૫ |
| ૬ | વાપી | ૧૩૩ |
| | કુલ | ૭૩૨ |

નવસારી જિલ્લામાં વંચિત બાળકોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચિખલી | ૩૮ |
| ૨ | ગણદેવી | ૮૮ |
| ૩ | જલાલપુર | ૮૨ |
| ૪ | નવસારી | ૧૨૬ |
| ૫ | વાંસદા | ૯૮ |
| ૬ | ખેરગામ | ૧૯ |
| | કુલ | ૪૫૧ |

(૩) જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત તમામ બાળકોને સ્પેશિયલ ટ્રેનીંગના વર્ગોમાં સામેલ કરવામાં આવેલ છે.

--------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણથી વંચિત બાળકો

અતારાંકિતઃ ૯૦૪૭ (૧૧-૦૮-૨૦૧૬) શ્રી પૂંજાભાઇ વંશ (ઉના): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકોને તેની નજીકની શાળામાં મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલા બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાવ્યા છે, અને

(૩) ઉક્ત વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઇ છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૫-૦૬-૨૦૧૭)

(૧) હા, જી

(૨) ગીર સોમનાથ જિલ્લામાં નીચે મુજબ વંચિત બાળકો જણાયાં છે.

| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગીરગઢડા | ૨૭ |
| ૨ | કોડીનાર | ૧૭૧ |
| ૩ | સુત્રાપાડા | ૧૬૪ |
| ૪ | તલાલા | ૧૦૭ |
| ૫ | ઉના | ૧૨ |
| ૬ | વેરાવળ | ૨૬૦ |
| | કુલ | ૭૪૧ |

અમરેલી જિલ્લામાં નીચે મુજબ વંચિત બાળકો જણાયાં છે.

| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૧૦૩ |
| ૨ | બાબરા | ૨૪૬ |
| ૩ | બગસરા | ૦૫ |
| ૪ | ધારી | ૦૮ |

| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૫ | જાફરાબાદ | ૯૮ |
| ૬ | ખાંભા | ૦૨ |
| ૭ | કુંકાવાવ | ૦૬ |
| ૮ | લાઠી | ૧૦ |
| ૯ | લિલિયા | ૦૦ |
| ૧૦ | રાજુલા | ૦૧ |
| ૧૧ | સાવરકુંડલા | ૦૬ |
| | કુલ | ૪૮૫ |

બોટાદ જિલ્લામાં નીચે મુજબ વંચિત બાળકો જણાયાં છે.

| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બરવાળા | ૪૯ |
| ૨ | બોટાદ | ૪૩ |
| ૩ | ગઢડા | ૫૮ |
| ૪ | રાનપુર | ૨૪ |
| | કુલ | ૧૭૪ |

(૩) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત તમામ બાળકોને સ્પેશિયલ ટ્રેનીંગના વર્ગોમાં સામેલ કરવામાં આવેલ છે.

--------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા

અતારાંકિતઃ ૯૦૪૯ (૧૧–૦૮–૨૦૧૬) શ્રી પૂંજાભાઇ વંશ (ઉના): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.– (૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં ૨૦૧૪–૨૦૧૫ અને ૨૦૧૫–૨૦૧૬ના શૈક્ષણિક વર્ષમાં કઇ સરકારી પ્રાથમિક શાળાઓની શૈક્ષણિક ગુણવત્તા નબળી અને અતિશય નબળી જણાઇ છે, અને

(૨) ઉક્ત શાળાઓ સામે શા પગલાં લેવાયા છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૫–૦૬–૨૦૧૭)

(૧) વર્ષ ૨૦૧૪–૨૦૧૫ અને ૨૦૧૫–૨૦૧૬ના શૈક્ષણિક ગુણવત્તા નબળી અને અતિશય નબળી જણાઇ હોય તેવી શાળાઓની વિગત નીચે મુજબ છેઃ–

| જિલ્લો | વર્ષ | નબળી શૈક્ષણિક ગુણવત્તા | અતિશય નબળી શૈક્ષણિક ગુણવત્તા |
|---|---|---|---|
| ગીર–સોમનાથ | ૨૦૧૪–૧૫ | ૯૫ સરકારી પ્રા. શાળા નબળી જણાઇ હતી. અલગ * પત્રક સામેલ છે. | – |
| | ૨૦૧૫–૧૬ | ૩૦ સરકારી પ્રા. શાળા નબળી જણાઇ હતી. અલગ * પત્રક સામેલ છે. | – |
| અમરેલી | ૨૦૧૪–૧૫ | ૧૦૩ સરકારી પ્રા. શાળા નબળી જણાઇ હતી. અલગ * પત્રક સામેલ છે. | ૧૪ સરકારી પ્રા. શાળા નબળી જણાઇ હતી. અલગ પત્રક સામેલ છે. |
| | ૨૦૧૫–૧૬ | ૨૪ સરકારી પ્રા. શાળા નબળી જણાઇ હતી. અલગ * પત્રક સામેલ છે. | ૨૩ સરકારી પ્રા. શાળા નબળી જણાઇ હતી. અલગ પત્રક સામેલ છે. |
| બોટાદ | ૨૦૧૪–૧૫ | ૦૮ સરકારી પ્રા. શાળા નબળી જણાઇ હતી. અલગ * પત્રક સામેલ છે. | – |
| | ૨૦૧૫–૧૬ | ૦૮ સરકારી પ્રા. શાળા નબળી જણાઇ હતી. અલગ * પત્રક સામેલ છે. | – |

(૨)

| જિલ્લો | શૈક્ષણિક ગુણવત્તા અને અતિશય નબળી ધરાવતી શાળાઓ સંબંધે લીધેલ ઉપચારાત્મક પગલાંઓઃ– |
|---|---|
| ગીર–સોમનાથ | ઉપરોક્ત જે શાળાઓની શૈક્ષણિક ગુણવત્તા નબળી હતી તે શાળાઓમાં નબળા બાળકોની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે ઉપચારાત્મક કાર્યક્રમ યોજવામાં આવેલ અને શાળા મુલાકાત અને વર્ગ મુલાકાત |

| જિલ્લો | શૈક્ષણિક ગુણવત્તા અને અતિશય નબળી ધરાવતી શાળાઓ સંબંધે લીધેલ ઉપચારાત્મક પગલાંઓઃ– |
|---|---|
| | દરમ્યાન આ જિલ્લાનાં કેળવણી નિરિક્ષકો અને સી.આર.સી., બી.આર.સી., દ્વારા અંગત રીતે માર્ગદર્શન આચાર્યશ્રીઓને આપવામાં આવેલ છે. અને મૌખિક સુચના અને પ્રોત્સાહન આપવામાં આવે છે. અને જિલ્લાની નબળી ગુણવત્તાવાળી પ્રા. શાળાઓમાં શાળા સમય ઉપરાંત ૧ કલાક વાંચન, લેખન, ગણન કરાવવામાં આવે છે. |
| અમરેલી | ગુણવત્તા નબળી હતી તે શાળાઓમાં નબળા બાળકોની શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે ઉપચારાત્મક કાર્યક્રમ યોજવામાં આવેલ. શાળાઓને એક કલાક વધુ સમય શૈક્ષણિક કાર્ય કરવા જણાવેલ છે. |
| બોટાદ | સી.આર.સી., બી.આર.સી., કેળવણી નિરીક્ષક અને ટી.પી.ઈ.ઓ દ્વારા સઘન મોનીટરીંગ અને ઉપચારાત્મક કાર્ય કર્યું કે.વ. શાળામાં આવેલ ઉંચા ગ્રેડવાળી શાળાઓને આવી શાળાઓ દત્તક આપી. એસ.એમ.સી. અને ગામના આગેવાનોને સાથે રાખી શાળા કક્ષાએ પરિણામ સુધારવા માટે આયોજન |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

--------

રાજ્યમાં જિલ્લાવાર એજ્યુકેશન ઈન્સ્પેક્ટરની જગ્યાઓ

અતારાંકિતઃ ૯૪૦૦ (૦૧–૦૯–૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર એજ્યુકેશન ઈન્સ્પેક્ટરોની કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે, અને

(૨) ઉક્ત મંજુર થયેલ જગ્યાઓ પૈકી ઉક્ત સ્થિતિએ જીલ્લાવાર કેટલા એજ્યુકેશન ઈન્સ્પેક્ટરોની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩–૦૬–૨૦૧૭)

(૧) પત્રક–૧ મુજબ

(૨) પત્રક–૨ મુજબ

પત્રકઃ૧

| ક્રમ | જીલ્લો | કુલ કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૭ |
| ૨ | અમરેલી | ૧૫ |
| ૩ | આણંદ | ૨૧ |
| ૪ | અરવલ્લી | ૨૧ |
| ૫ | બનાસકાંઠા | ૩૩ |
| ૬ | ભરૂચ | ૨૩ |
| ૭ | ભાવનગર | ૧૯ |
| ૮ | બોટાદ | ૦૫ |
| ૯ | છોટા ઉદેપુર | ૧૪ |
| ૧૦ | દાહોદ | ૨૨ |
| ૧૧ | ડાંગ | ૦૮ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦૯ |
| ૧૩ | ગાંધીનગર | ૧૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૧૦ |
| ૧૫ | જામનગર | ૧૩ |
| ૧૬ | જુનાગઢ | ૨૧ |
| ૧૭ | ખેડા | ૨૮ |
| ૧૮ | મહીસાગર | ૧૭ |
| ૧૯ | મહેસાણા | ૧૮ |
| ૨૦ | મોરબી | ૧૪ |
| ૨૧ | નર્મદા | ૧૨ |
| ૨૨ | નવસારી | ૧૬ |
| ૨૩ | પંચમહાલ | ૧૯ |

| ક્રમ | જીલ્લો | કુલ કેસોની સંખ્યા |
|---|---|---|
| ૨૪ | પાટણ | ૧૨ |
| ૨૫ | પોરબંદર | ૦૬ |
| ૨૬ | રાજકોટ | ૧૬ |
| ૨૭ | સાબરકાંઠા | ૨૦ |
| ૨૮ | સુરત | ૬૫ |
| ૨૯ | સુરેન્દ્રનગર | ૧૩ |
| ૩૦ | તાપી | ૧૪ |
| ૩૧ | વડોદરા | ૧૬ |
| ૩૨ | વલસાડ | ૨૩ |
| ૩૩ | કચ્છ–ભૂજ | ૩૮ |
| કુલ | | ૫૭૮ |

પત્રકઃ૨

| ક્રમ | જીલ્લો | કેળવણી નિરીક્ષકોની ખાલી જગ્યાઓની સંખ્યા | જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૨ | છેલ્લા ૧ થી ૩ વર્ષથી |
| ૨ | અમરેલી | ૦૫ | છેલ્લા બે વર્ષથી |
| ૩ | આણંદ | ૦૬ | છેલ્લા બે વર્ષથી |
| ૪ | અરવલ્લી | ૧૩ | છેલ્લા ત્રણ વર્ષથી |
| ૫ | બનાસકાંઠા | ૦૪ | છેલ્લા એક વર્ષથી |
| ૬ | ભરૂચ | ૧૧ | છેલ્લા એક વર્ષથી |
| ૭ | ભાવનગર | ૦૨ | વર્ષ–૨૦૧૨થી |
| ૮ | બોટાદ | ૦૫ | છેલ્લા એક વર્ષથી |
| ૯ | છોટા ઉદેપુર | ૧૦ | વર્ષ–૨૦૧૫થી ખાલી છે. |
| ૧૦ | દાહોદ | ૧૫ | છેલ્લા એક વર્ષથી |
| ૧૧ | ડાંગ | ૦૬ | વર્ષ–૨૦૧૩થી ખાલી છે. |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦૯ | છેલ્લા બે વર્ષથી |
| ૧૩ | ગાંધીનગર | ૦૩ | છેલ્લા ચાર વર્ષથી |
| ૧૪ | ગીર સોમનાથ | ૦૮ | છેલ્લા બે વર્ષથી |
| ૧૫ | જામનગર | ૦૭ | છેલ્લા બે વર્ષથી |
| ૧૬ | જુનાગઢ | ૧૦ | ૮ જૂન–૧૬ થી |
| ૧૭ | ખેડા | ૦૭ | છેલ્લા ૬ માસથી એક વર્ષ સુધી |
| ૧૮ | મહીસાગર | ૧૦ | ૨૦૧૪ થી ખાલી છે |
| ૧૯ | મહેસાણા | ૦૨ | એક થી ત્રણ વર્ષથી |
| ૨૦ | મોરબી | ૦૮ | ૨૦૧૪ થી ૮ |
| ૨૧ | નર્મદા | ૦૯ | છેલ્લા એક વર્ષથી |
| ૨૨ | નવસારી | ૧૧ | ૧ થી ૫ વર્ષથી |
| ૨૩ | પંચમહાલ | ૧૨ | છેલ્લા પાંચ વર્ષથી |
| ૨૪ | પાટણ | ૦૧ | છેલ્લા પાંચ વર્ષથી |
| ૨૫ | પોરબંદર | ૦૬ | વર્ષ–૨૦૧૨ થી |
| ૨૬ | રાજકોટ | ૦૭ | છેલ્લા બે વર્ષથી |
| ૨૭ | સાબરકાંઠા | ૧૦ | છેલ્લા બે વર્ષથી |
| ૨૮ | સુરત | ૨૨ | વર્ષ–૨૦૧૨થી |
| ૨૯ | સુરેન્દ્રનગર | ૦૫ | છેલ્લા ૫ વર્ષથી |
| ૩૦ | તાપી | ૦૯ | ૧ થી ૮ વર્ષથી |
| ૩૧ | વડોદરા | ૧૦ | છેલ્લા ચાર વર્ષથી |

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

| ક્રમ | જીલ્લો | કેળવણી નિરીક્ષકોની ખાલી જગ્યાઓની સંખ્યા | જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|---|
| ૩૨ | વલસાડ | ૧૭ | વર્ષ–૨૦૧૨થી |
| ૩૩ | કચ્છ–ભૂજ | ૨૬ | વર્ષ–૨૦૦૮થી |
| કુલ | | ૨૯૮ | |

રાજ્યમાં જિલ્લાવાર નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરવાની દરખાસ્ત

અતારાંકિતઃ ૯૪૦૨ (૦૧–૦૯–૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર કુલ કેટલી નવી પ્રાથમિક શાળા શરૂ કરવાની દરખાસ્ત મળી, અને

(૨) તે પૈકી જીલ્લાવાર કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩–૦૬–૨૦૧૭)

(૧) અને (૨) તા.૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર મળેલ અને મંજૂર કે નામંજૂર કરાયેલ નવી પ્રાથમિક શાળા શરૂ કરવાની દરખાસ્તની વિગતો પત્રક મુજબ છે.

| ક્રમ | જિલ્લો | ૨૦૧૧–૨૦૧૨ | | | ૨૦૧૨–૧૩ | | | ૨૦૧૩–૧૪ | | | ૨૦૧૪–૧૫ | | | ૨૦૧૫–૧૬ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | મંજૂર | નામંજૂર | કુલ | મંજૂર | નામંજૂર | કુલ | મંજૂર | નામંજૂર | કુલ | મંજૂર | નામંજૂર | કુલ | મંજૂર | નામંજૂર |
| ૧ | અમદાવાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૪ | ૦૦ |
| ૨ | અમરેલી | ૨૫ | ૧૬ | ૦૯ | ૪૪ | ૧૯ | ૨૫ | ૩૬ | ૨૮ | ૦૮ | ૩૭ | ૧૧ | ૨૬ | ૨૬ | ૧૬ | ૧૦ |
| ૩ | અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૯ | ૧૮ | ૦૧ |
| ૪ | આણંદ | ૧૫ | ૦૯ | ૦૬ | ૨૦ | ૧૩ | ૦૭ | ૨૮ | ૨૬ | ૦૨ | ૨૩ | ૨૨ | ૦૧ | ૨૯ | ૨૯ | ૦૦ |
| ૫ | કચ્છ | ૫૧ | ૪૦ | ૧૧ | ૪૧ | ૩૪ | ૦૭ | ૪૧ | ૩૫ | ૦૬ | ૪૮ | ૩૫ | ૧૩ | ૪૬ | ૩૨ | ૧૪ |
| ૬ | ખેડા | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૩ | ૦૦ |
| ૭ | ગાંધીનગર | ૧૯ | ૧૬ | ૦૩ | ૩૩ | ૨૩ | ૧૦ | ૫૦ | ૪૧ | ૦૯ | ૩૪ | ૩૪ | ૦૨ | ૨૭ | ૨૦ | ૦૭ |
| ૮ | ગીર સંમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૭ | ૧૫ | ૦૦ | ૧૮ | ૧૫ | ૦૩ |
| ૯ | છોટા ઉદેપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | જામનગર | ૧૧ | ૦૬ | ૦૫ | ૧૯ | ૧૧ | ૦૮ | ૨૩ | ૧૬ | ૦૭ | ૧૫ | ૧૨ | ૦૩ | ૧૫ | ૧૧ | ૦૪ |
| ૧૧ | જૂનાગઢ | ૪૨ | ૩૯ | ૦૩ | ૮૦ | ૩૧ | ૪૯ | ૪૪ | ૨૪ | ૨૦ | ૪૧ | ૨૨ | ૧૯ | ૫૮ | ૪૧ | ૧૭ |
| ૧૨ | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૩ | ૦૦ |
| ૧૩ | તાપી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૪ | દાહોદ | ૪૦ | ૩૦ | ૧૦ | ૨૧ | ૧૮ | ૦૩ | ૨૦ | ૧૮ | ૦૨ | ૩૩ | ૨૪ | ૦૯ | ૩૧ | ૨૯ | ૦૨ |
| ૧૫ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨ | ૧૨ | ૦૦ |
| ૧૬ | નર્મદા | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૮ | ૦૮ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૭ | ૦૭ | ૦૦ | ૧૨ | ૧૨ | ૦૦ |
| ૧૭ | નવસારી | ૦૮ | ૦૭ | ૦૧ | ૦૪ | ૦૪ | ૦૦ | ૧૦ | ૧૦ | ૦૦ | ૦૮ | ૦૮ | ૦૦ | ૩૨ | ૨૫ | ૦૭ |
| ૧૮ | પંચમહાલ | ૨૯ | ૨૯ | ૦૦ | ૨૦ | ૨૦ | ૦૦ | ૦૯ | ૦૯ | ૦૦ | ૨૧ | ૨૧ | ૦૦ | ૦૭ | ૦૭ | ૦૦ |
| ૧૯ | પાટણ | ૦૯ | ૦૯ | ૦૦ | ૧૬ | ૧૫ | ૦૧ | ૧૨ | ૧૨ | ૦૦ | ૧૨ | ૧૧ | ૦૧ | ૧૬ | ૧૬ | ૦૦ |
| ૨૦ | પોરબંદર | ૨૪ | ૧૫ | ૦૯ | ૧૧ | ૦૫ | ૦૬ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૫ | ૦૫ | ૦૦ | ૦૮ | ૦૮ | ૦૦ |
| ૨૧ | બનાસકાંઠા | ૩૬ | ૧૭ | ૧૯ | ૩૮ | ૩૫ | ૦૩ | ૫૦ | ૩૧ | ૧૯ | ૫૦ | ૪૭ | ૦૩ | ૬૩ | ૬૧ | ૦૨ |
| ૨૨ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૩ | ભરૂચ | ૧૪ | ૧૪ | ૦૦ | ૨૪ | ૨૩ | ૦૧ | ૧૧ | ૧૦ | ૦૧ | ૨૪ | ૨૩ | ૦૧ | ૨૭ | ૨૩ | ૦૪ |
| ૨૪ | ભાવનગર | ૩૬ | ૩૫ | ૦૧ | ૪૫ | ૪૨ | ૦૩ | ૪૧ | ૪૧ | ૦૦ | ૯૨ | ૯૦ | ૦૨ | ૪૭ | ૪૩ | ૦૪ |
| ૨૫ | મહીસાગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૬ | મહેસાણા | ૨૬ | ૧૮ | ૦૮ | ૩૦ | ૨૨ | ૦૮ | ૩૫ | ૨૮ | ૦૭ | ૨૮ | ૨૫ | ૦૩ | ૨૮ | ૨૩ | ૦૫ |
| ૨૭ | મોરબી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૮ | રાજકોટ | ૮૫ | ૩૫ | ૫૦ | ૧૧૯ | ૭૨ | ૪૭ | ૧૧૪ | ૪૯ | ૬૫ | ૧૨૫ | ૭૯ | ૪૬ | ૧૨૯ | ૧૦૦ | ૨૯ |
| ૨૯ | વડોદરા | ૩૯ | ૨૮ | ૧૧ | ૨૭ | ૨૨ | ૦૫ | ૩૪ | ૨૮ | ૦૬ | ૨૩ | ૧૮ | ૦૫ | ૪૩ | ૩૦ | ૧૩ |
| ૩૦ | વલસાડ | ૧૪ | ૧૦ | ૦૪ | ૧૬ | ૧૧ | ૦૫ | ૨૦ | ૧૪ | ૦૬ | ૩૭ | ૩૩ | ૦૪ | ૨૬ | ૨૩ | ૦૩ |
| ૩૧ | સાબરકાંઠા | ૧૧ | ૧૦ | ૦૧ | ૫૨ | ૩૪ | ૧૮ | ૩૧ | ૩૦ | ૦૧ | ૧૪ | ૧૪ | ૦૦ | ૧૭ | ૧૬ | ૦૧ |
| ૩૨ | સુરત | ૧૨૭ | ૨૦ | ૧૦૭ | ૧૦૯ | ૫૩ | ૫૬ | ૭૬ | ૪૭ | ૨૯ | ૯૫ | ૬૧ | ૩૪ | ૧૯૫ | ૧૩૪ | ૬૧ |
| ૩૩ | સુરેન્દ્રનગર | ૭૦ | ૪૦ | ૩૦ | ૫૧ | ૩૯ | ૧૨ | ૫૨ | ૩૦ | ૨૨ | ૩૨ | ૨૬ | ૦૬ | ૩૧ | ૨૮ | ૦૩ |

––––––––

રાજ્યમાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને ખાનગી સંસ્થાને સોંપવા બાબત

અતારાંકિતઃ ૯૪૦૯ (૨૦–૦૮–૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક શાળાઓને ખાનગી સંસ્થાને સોંપવામાં આવી,

(૨) ઉક્ત સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક શાળાઓને ખાનગી સંસ્થાને કઈ શરતોએ અને કેટલા સમય માટે સોંપવામાં આવી, અને

(૩) ઉક્ત શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને ફરજ સોંપવા માટે વૈકલ્પિક શી વ્યવસ્થા કરવામાં આવી ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૦–૦૬–૨૦૧૭)

(૧) તા.૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ખાનગી સંસ્થાને સોંપવામાં આવેલ સરકારી માધ્યમિક શાળાઓની સંખ્યા નીચે મુજબ છે, આ સિવાય કોઈપણ જિલ્લામાં સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવેલ નથી.

| ક્રમ | જિલ્લો | વર્ષ | તા.૩૦–૦૬–૧૬ની સ્થિતિએ પાંચ વર્ષમાં માધ્યમિક શાળાઓને ખાનગી ટ્રસ્ટને સોંપેલ હોય તેવી શાળાઓની સંખ્યા. |
|---|---|---|---|
| ૧. | ડાંગ | ૨૦૧૧ | ૦૨(બે) |
| ૨. | ભરૂચ | ૨૦૧૫ | ૦૧(એક) |
| ૩. | ગાંધીનગર | ૨૦૧૫ | ૦૬(છ) |

(૨) રાજ્યમાં સરકારી માધ્યમિક શાળાઓ નીચે મુજબની શરતો અને સમય માટે સોંપવામાં આવી છે, સરકારી પ્રાથમિક શાળાઓ સોંપેલ ન હોઈ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| ક્રમ | જિલ્લો | સરકારી માધ્યમિક શાળાઓને કઈ શરતોએ અને કેટલા સમય માટે સોંપેલ છે તેની વિગત. |
|---|---|---|
| ૧. | ડાંગ | ડાંગ જિલ્લાની રંભાસ સરકારી માધ્યમિક શાળાને શિક્ષણ વિભાગના તા.૧૮–૦૭–૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃસમશ–૧૦૧૧–૧૩૬–ગ.૧ની શરતોને આધીન ૫(પાંચ) વર્ષ માટે તથા સરકારી માધ્યમિક શાળા, સાપુતારાને શિક્ષણ વિભાગના તા.૧૪–૦૯–૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃસમશ–૧૦૧૦–૧૭૯૫–ગ.૧ ની શરતોને આધીન ૦૫ વર્ષ માટે. |
| ૨. | ભરૂચ | તા.૦૧–૦૬–૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સમશ–૧૨૧૫–૬૧–ગ–૧ ની શરતોને આધીન ૩૦(ત્રીસ) વર્ષ માટે. |
| ૩. | ગાંધીનગર | તા.૨૬–૧૨–૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃસમશ–૧૨૧૪–સીએમ–૧૫–ગ–૧ની શરતોને આધીન ૩૦(ત્રીસ) વર્ષ માટે. |

(૩) રાજ્યમાં ખાનગી ટ્રસ્ટને સોંપવામાં આવેલ સરકારી માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીને ફરજ સોંપવા માટે સબંધિત કર્મચારીઓએ આપેલ વિકલ્પ મુજબ જે તે શાળામાં અથવા અન્ય સરકારી શાળામાં ફરજ સોંપવામાં આવેલ છે.

--------

### રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે ઓરડાની ઘટ

અતારાંકિતઃ ૯૪૧૧ (૨૦–૦૮–૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડાઓ અને બાળકોને જમાડવા માટે ખાસ સુવિધા (ઓરડા) નથી, અને

(૨) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૦૭–૦૬–૨૦૧૭)

(૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડા કે બાળકોને જમવા માટે ખાસ સુવિધા (ઓરડા) બનાવવાની નીતિ નથી, પરંતુ કીચન કમ સ્ટોર રૂમ બનાવવાની નીતિ છે. તા.૩૦–૦૬–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે પત્રક% મુજબ કીચન કમ સ્ટોર રૂમની ઘટ છે. બાળકોને જમાડવા માટે પ્રાથમિક શાળાની ઓસરી–લોબીનો ઉપયોગ કરવામાં આવતો હોવાથી તે માટે ખાસ સુવિધા ન હોવાનો પ્રશ્ન રહેતો નથી.

(૨) ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી તબક્કાવાર.

પત્રક

| ક્રમ | જિલ્લો | કીચન કમ સ્ટોર રૂમની ઘટવાળી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| 1 | અમદાવાદ | ૩૧ |

| | | |
|---|---|---|
| 2 | અમરેલી | ૬૧ |
| 3 | આણંદ | ૫૪ |
| 4 | અરવલ્લી | ૧૧ |
| 5 | બનાસકાંઠા | ૮૦ |
| 6 | ભાવનગર | ૧૨૩ |
| 7 | બોટાદ | ૧૧ |
| 8 | છોટાઉદેપુર | ૧૬ |
| 9 | દાહોદ | ૪૯ |
| 10 | દેવભૂમિ દ્વારકા | ૫૩ |
| 11 | ગાંધીનગર | ૧ |
| 12 | ગીર સોમનાથ | ૨૫ |
| 13 | જામનગર | ૫૫ |
| 14 | જુનાગઢ | ૨૨ |
| 15 | ખેડા | ૨૨ |
| 16 | કચ્છ | ૧૩૦ |
| 17 | મહેસાણા | ૨ |
| 18 | મહીસાગર | ૩૫ |
| 19 | મોરબી | ૧૦ |
| 20 | નર્મદા | ૧૦ |
| 21 | નવસારી | ૦ |
| 22 | પંચમહાલ | ૩૧ |
| 23 | પાટણ | ૬ |
| 24 | પોરબંદર | ૨૨ |
| 25 | રાજકોટ | ૫૨ |
| 26 | સાબરકાંઠા | ૨ |
| 27 | સુરત | ૧૨ |
| 28 | સુરેન્દ્રનગર | ૨૭ |
| 29 | તાપી | ૨ |
| 30 | વડોદરા | ૫ |
| 31 | વલસાડ | ૨ |

--------

આણંદ, ખેડા, વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણથી વંચિત બાળકો

અતારાંકિતઃ ૯૫૮૦ (૦૧-૦૯-૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકોને તેની નજીકની શાળામાં મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલા બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત નોંધાયા છે, અને

(૩) ઉક્ત વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી પાકી વ્યવસ્થા થઈ છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૫-૬-૨૦૧૭)

(૧) હા,

(૨) આણંદ જીલ્લામાં નીચે મુજબ વંચિત બાળકો જણાયા છે.

| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
|---|---|---|
| 1 | આણંદ | ૧૬૬ |
| 2 | આંકલાવ | ૫૫ |

| | | |
|---|---|---|
| 3 | બોરસદ | ૮૫ |
| 4 | ખંભાત | ૨૨ |
| 5 | પેટલાદ | ૧૬૩ |
| 6 | સોજીંત્રા | ૪૯ |
| 7 | તારાપુર | ૦૦ |
| 8 | ઉમરેઠ | ૪૦ |
| | કુલ | ૫૮૦ |

ખેડા જીલ્લામાં નીચે મુજબ વંચિત બાળકો જણાયા છે.

| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
|---|---|---|
| 1 | ગલતેશ્વર | ૦૭ |
| 2 | કપડવંજ | ૨૦ |
| 3 | કઠલાલ | ૦૩ |
| 4 | ખેડા | ૦૯ |
| 5 | મહેમદાવાદ | ૧૧ |
| 6 | મહુવા | ૧૬ |
| 7 | માતર | ૧૩ |
| 8 | નડીયાદ | ૨૫૭ |
| ૯ | ઠાસરા | ૧૧ |
| ૧૦ | વસો | ૧૫ |
| | કુલ | ૩૬૨ |

વડોદરા જીલ્લામાં નીચે મુજબ વંચિત બાળકો જણાયા છે.

| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
|---|---|---|
| 1 | ડભોઈ | ૩૧ |
| 2 | દેસર | ૧૦ |
| 3 | સાવલી | ૨૭ |
| 4 | વાઘોડીયા | ૪૫ |
| 5 | કરજણ | ૫૬ |
| 6 | શિહોર | ૬૩ |
| 7 | વડોદરા | ૧૦૮ |
| 8 | પાદરા | ૪૫ |
| | કુલ | ૩૮૫ |

છોટા ઉદેપુર જીલ્લામાં નીચે મુજબ વંચિત બાળકો જણાયા છે.

| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
|---|---|---|
| 1 | બોડેલી | ૧૦૭ |
| 2 | છોટાઉદેપુર | ૪૦૭ |
| 3 | જેતપુર પાવી | ૧૯૫ |
| 4 | ક્વાંટ | ૫૫૧ |
| 5 | નસવાડી | ૨૧૯ |
| 6 | સંખેડા | ૭૧ |
| | કુલ | ૧૫૫૦ |

(૩) આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જીલ્લામાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત તમામ બાળકોને સ્પેશિયલ ટ્રેનીંગના વર્ગોમાં સામેલ કરવામાં આવેલ છે.

--------

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

નર્મદા અને ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણથી વંચિત બાળકો

અતારાંકિતઃ ૯૭૨૨ (૦૧-૦૯-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકોને તેની નજીકની શાળામાં મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલાં બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત નોંધાય છે, અને

(૩) ઉક્ત વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઈ છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩-૬-૨૦૧૭)

(૧) હા

(૨) નર્મદા અને ભરૂચ જીલ્લામાં તા.૩૧-૦૫-૨૦૧૬ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના પ્રાથમિક શિક્ષણથી વંચિત બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| નર્મદા જિલ્લો | | | ભરૂચ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા | ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
| ૧ | ડેડિયાપાડા | ૨૦૩ | ૧ | આમોદ | ૭૨ |
| ૨ | ગરુડેશ્વર | ૭૨ | ૨ | અંકલેશ્વર | ૩૪૮ |
| ૩ | નાંદોદ | ૭૩ | ૩ | ભરૂચ | ૩૪૧ |
| ૪ | સાગબારા | ૫૩ | ૪ | હાંસોટ | ૧૨૦ |
| ૫ | તિલકવાડા | ૨૭ | ૫ | જંબુસર | ૧૫૪ |
| | કુલ | ૪૨૮ | ૬ | નેત્રાંગ | ૬૯ |
| | | | ૭ | વાગરા | ૩૬૦ |
| | | | ૮ | વાલીયા | ૧૧૨ |
| | | | ૯ | ઝગડીયા | ૧૬૨ |
| | | | | કુલ | ૧૭૩૮ |

(૩) નર્મદા અને ભરૂચ જીલ્લામાં મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત તમામ બાળકોને સ્પેશિયલ ટ્રેનિંગના વર્ગોમાં સામેલ કરવામાં આવેલ છે.

--------

જામનગર જિલ્લામાં સન ૨૦૧૫નો કાર્યક્રમ ગુણોત્સવ

અતારાંકિતઃ ૧૦૬૮૭ (૦૨-૧૨-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

જામનગર જિલ્લામાં સન-૨૦૧૫ના વર્ષમાં યોજાયેલ ગુણોત્સવના શા પરિણામો મળ્યા?

શિક્ષણમંત્રીશ્રી : (૧૩-૦૬-૨૦૧૭)

જામનગર જિલ્લામાં યોજાયેલ સન-૨૦૧૫ના વર્ષમાં યોજાયેલ ગુણોત્સવના પરિણામો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રેડવાળી શાળાઓ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | એ+ ગ્રેડ | એ ગ્રેડ | બી ગ્રેડ | સી ગ્રેડ | ડી ગ્રેડ | કુલ |
| ૧ | જામનગર | ૦૧ | ૩૮ | ૧૦૦ | ૫૨ | ૨૨ | ૨૧૩ |
| ૨ | ધ્રોળ | ૦૦ | ૧૪ | ૩૮ | ૧૨ | ૦૮ | ૭૨ |
| ૩ | જોડીયા | ૦૦ | ૨૭ | ૪૨ | ૦૫ | ૦૨ | ૭૬ |
| ૪ | કાલાવાડ | ૦૧ | ૩૫ | ૫૭ | ૧૭ | ૦૬ | ૧૧૯ |
| ૫ | લાલપુર | ૦૧ | ૫૫ | ૬૦ | ૧૭ | ૦૬ | ૧૩૯ |
| ૬ | જામજોધપુર | ૦૦ | ૧૯ | ૫૨ | ૩૯ | ૧૦ | ૧૨૦ |
| કુલ | | ૦૩ | ૧૮૮ | ૩૪૯ | ૧૪૨ | ૫૭ | ૭૩૯ |

--------

# અતારાંકિત પ્રશ્નોત્તરી

## રાજ્યમાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ફાળવેલ કોમ્પ્યુટરોની ચોરી બાબત

અતારાંકિતઃ ૧૦૯૨૭ (૨૩–૧૨–૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓમાં સરકારે ફાળવેલ કોમ્પ્યુટરો પૈકી તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં જીલ્લાવાર કેટલા કોમ્પ્યુટરોની ચોરી થયેલ નોંધાઇ, અને

(૨) તે અન્વયે સરકારે ફાળવેલ કોમ્પ્યુટરોની ચોરી ન થાય તે માટે સરકારે મુખ્યત્વે શું આયોજન કરેલ છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩–૦૬–૨૦૧૭)

(૧) પત્રક મુજબ %

(૨) ઉક્ત સ્થિતિએ હવે પછી કોમ્પ્યુટરની ચોરી ન થાય તે માટે શાળા કક્ષાએ આચાર્યશ્રી અને શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા કોમ્પ્યુટરની સલામતી માટે કોમ્પ્યુટર રૂમની બારી–દરવાજા, ઓલડ્રોપ, સ્ટોપર, તાળા અને દરેક બારીમાં ગ્રીલ સારી સ્થિતિમાં રાખવા યોગ્ય પગલાં લીધેલ છે. વધુમાં તે માટે ખાસ વેકેશનના સમયમાં કોમ્પ્યુટર રૂમની ઉક્ત સલામતી વ્યવસ્થા ચકાસી દુરસ્ત કરાવવા માટે શાળા કક્ષાએ પરિપત્ર દ્વારા સજાગ રહેવા જણાવવામાં આવેલ છે. તેમજ જિલ્લા અધિકારીશ્રીઓ મારફત સ્થાનિક પોલીસ મથકોને પ્રાથમિક શાળાઓમાં ચોરી થતી અટકાવવા બાબતે તકેદારી રાખવા જણાવવામાં આવેલ છે તથા શાળાઓમાં લોખંડની જાળી બેસાડવામાં આવેલ છે તથા હેવી લોકનો ઉપયોગ કરવામાં આવેલ છે. સરકારી શાળાઓમાં સી.સી.ટી.વી. કેમેરા બેસાડવામાં આવેલ છે. શાળાએ ધ્વારા દિવસ–રાતના ચોકીદાર મુકવામાં આવેલ છે અને સેન્સીટીવ વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ કરવા વિનંતી કરવામાં આવેલ છે.

| ક્રમ | જીલ્લો કોર્પોરેશન | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ–ગ્રામ્ય | ૪૧ | ૩૬ |
| ૨ | અમદાવાદ–કોર્પોરેશન | ૦૨ | ૨૮ |
| ૩ | અમરેલી | ૧૫ | ૦૧ |
| ૪ | આણંદ | ૪૭ | ૩૬ |
| ૫ | અરવલ્લી | ૨૫ | ૦૦ |
| ૬ | બનાસકાંઠા | ૪૮ | ૧૪ |
| ૭ | ભરૂચ | ૨૨ | ૩૭ |
| ૮ | ભાવનગર | ૩૮ | ૦૮ |
| ૯ | બોટાદ | ૧૯ | ૦૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૦૯ | ૦૦ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૦૨ | ૦૦ |
| ૧૨ | દાહોદ | ૧૨૦ | ૯૦ |
| ૧૩ | ગાંધીનગર | ૨૫ | ૩૭ |
| ૧૪ | ગીર સોમનાથ | ૧૨ | ૦૦ |
| ૧૫ | જામનગર | ૦૨ | ૧૮ |
| ૧૬ | જુનાગઢ | ૧૭ | ૧૩ |
| ૧૭ | કચ્છ | ૧૫ | ૨૨ |
| ૧૮ | ખેડા | ૨૨ | ૦૬ |
| ૧૯ | મહેસાણા | ૦૮ | ૦૯ |
| ૨૦ | મહિસાગર | ૦૨ | ૦૦ |
| ૨૧ | મોરબી | ૪૮ | ૦૦ |
| ૨૨ | નર્મદા | ૦૦ | ૦૫ |
| ૨૩ | નવસારી | ૦૦ | ૦૯ |
| ૨૪ | પંચમહાલ | ૬૮ | ૫૦ |
| ૨૫ | પાટણ | ૦૩ | ૧૦ |
| ૨૬ | પોરબંદર | ૦૦ | ૦૩ |
| ૨૭ | રાજકોટ | ૧૨૦ | ૧૦ |

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

| ક્રમ | જીલ્લો કોર્પોરેશન | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ |
|---|---|---|---|
| ૨૮ | રાજકોટ કોર્પો. | ૦૦ | ૦૦ |
| ૨૯ | સાબરકાંઠા | ૩૯ | ૩૯ |
| ૩૦ | સુરત | ૩૪ | ૨૦ |
| ૩૧ | સુરત કોર્પો. | ૦૦ | ૦૦ |
| ૩૨ | સુરેન્દ્રનગર | ૧૫૫ | ૩૨ |
| ૩૩ | તાપી | ૦૮ | ૦૨ |
| ૩૪ | ડાંગ | ૦૦ | ૦૩ |
| ૩૫ | વડોદરા | ૧૦ | ૨૧ |
| ૩૬ | વડોદરા કોર્પો. | ૦૦ | ૦૦ |
| ૩૭ | વલસાડ | ૧૦ | ૨૩ |
| કુલ | | ૯૮૬ | ૫૮૨ |

--------

રાજ્યમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મહેકમ

અતારાંકિતઃ ૧૦૯૩૨ (૨૩–૧૨–૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લાવાર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી જીલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૨–૦૬–૨૦૧૭)

(૧) * પત્રક–૧ મુજબ

(૨) * પત્રક–૨ અને * પત્રક–૩ મુજબ

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ

અતારાંકિતઃ ૧૧૧૨૫ (૦૭–૦૧–૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ કયા વર્ષમાં યોજવામાં આવેલ છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩–૦૬–૨૦૧૭)

તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ અત્યાર સુધીમાં છ ગુણોત્સવ યોજવામાં આવેલ છે.

| વર્ષ | યોજવામાં આવેલ ગુણોત્સવ |
|---|---|
| ૨૦૦૯–૧૦ | ગુણોત્સવ–૧ |
| ૨૦૧૦–૧૧ | ગુણોત્સવ–૨ |
| ૨૦૧૨–૧૩ | ગુણોત્સવ–૩ |
| ૨૦૧૩–૧૪ | ગુણોત્સવ–૪ |
| ૨૦૧૪–૧૫ | ગુણોત્સવ–૫ |
| ૨૦૧૫–૧૬ | ગુણોત્સવ–૬ |

--------

સરકારી પ્રાથમિક શાળાઓ ખાનગી સંસ્થાને સોંપવા બાબત

અતારાંકિતઃ ૧૧૫૫૩ (૧૮–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લાવાર છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી કે ખાનગી સંસ્થાને સોંપવામાં આવી, અને

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૨) ઉક્ત પ્રાથમિક શાળાઓ બંધ કરવાના કે ખાનગી સંસ્થાને સોંપવાના મુખ્યત્વે કારણો છે?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩-૦૬-૨૦૧૭)

(૧) પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | વડોદરા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | રાજકોટ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | સુરત | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૫ | ખેડા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૫ |
| ૬ | આણંદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | પંચમહાલ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૮ | દાહોદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૪ | ૦૬ |
| ૯ | સાબરકાંઠા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | જુનાગઢ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨ |
| ૧૧ | પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૨ | મહેસાણા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૩ | પાટણ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૪ | ભાવનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૫ | જામનગર | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૧૬ | અમરેલી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૭ | કચ્છ-ભૂજ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૩ |
| ૧૮ | ભરૂચ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૧૯ | નર્મદા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦ | વલસાડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૧ | નવસારી | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૪ |
| ૨૨ | બનાસકાંઠા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૨૪ | ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૫ | ડાંગ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૨૬ | તાપી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૭ | અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૮ | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૯ | દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૫ |
| ૩૦ | મહીસાગર | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૬ |
| ૩૧ | મોરબી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૨ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૩ | છોટા ઉદેપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩૪ | ગાંધીનગર શહેર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ સરવાળો | | ૦૦ | ૦૯ | ૦૭ | ૧૧ | ૧૭ | ૪૪ |

(૨) સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા ઘટવાના કારણે બંધ કરવામાં આવેલ છે. ખાનગી સંસ્થાને કોઇ શાળા સોંપેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

અતારાંકિતઃ ૧૧૫૫૪ (૧૮-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદા મુજબ માર્ચ-૨૦૧૩ સુધીમાં પ્રાથમિક શાળાના બાળકોને પાયાની તમામ ભૌતિક સુવિધા પૂર્ણ કરવાની થાય છે જે અંતર્ગત સર્વ શિક્ષા અભિયાન માટે ગુજરાતે રૂ.૩૨૫૫ કરોડની દરખાસ્ત મોકલેલ તે તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ કેન્દ્ર સરકારમાં પડતર છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે મંજૂર થાય તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે શા પ્રયાસો કર્યા અને તે અન્વયે રાજ્ય સરકારને ક્યારે કેટલી રકમ મળી?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૦-૦૫-૨૦૧૭)

(૧) દરખાસ્ત પડતર નથી.

(૨) ઉક્ત બાબતે છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબની રકમ મંજુર કરી રાજ્ય સરકારને ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૪૩૬૪૨.૮૧ |
| ૨૦૧૫-૧૬ | ૫૪૯૦૧.૯૬ |
| ૨૦૧૬-૧૭ | ૪૨૩૪૩.૬૫ |

--------

રાજ્યમાં રમત-ગમતના મેદાન વગરની સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ

અતારાંકિતઃ૧૧૫૬૪ (૧૮-૧૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં રમત-ગમતના મેદાન નથી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત-ગમતના મેદાનો બનાવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત-ગમતના મેદાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩-૦૬-૨૦૧૭)

(૧) પત્રક -૧

પત્રકઃ-૧

| ક્રમ | જિલ્લાનું નામ | રમત-ગમતના મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ | |
|---|---|---|---|
| | | સરકારી | ખાનગી |
| ૧ | અમદાવાદ | ૬૮ | ૬૭૮ |
| ૨ | વડોદરા | ૨૮૨ | ૦૮ |
| ૩ | રાજકોટ | ૧૧૨ | ૩૭૮ |
| ૪ | સુરત | ૮૯ | ૬૦ |
| ૫ | ખેડા | ૨૩૭ | ૧૪ |
| ૬ | આણંદ | ૧૮૩ | ૧૯ |
| ૭ | પંચમહાલ | ૨૨૫ | ૨૧ |
| ૮ | દાહોદ | ૬૯૩ | ૦૩ |
| ૯ | સાબરકાંઠા | ૧૦૦ | ૧૧ |
| ૧૦ | જુનાગઢ | ૦૫ | ૩૪ |
| ૧૧ | પોરબંદર | ૮૩ | ૧૪ |
| ૧૨ | મહેસાણા | ૧૧૬ | ૧૮ |
| ૧૩ | પાટણ | ૧૦૨ | ૩૨ |
| ૧૪ | ભાવનગર | ૨૮૦ | ૦૨ |
| ૧૫ | જામનગર | ૧૦૩ | ૭૨ |
| ૧૬ | અમરેલી | ૨૬ | ૦૦ |
| ૧૭ | કચ્છ-ભૂજ | ૨૮૬ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | ભરૂચ | ૧૪ | ૨૬ |
| ૧૯ | નર્મદા | ૪૧૧ | ૨૨ |
| ૨૦ | વલસાડ | ૪૦૩ | ૦૦ |
| ૨૧ | નવસારી | ૩૨૫ | ૨૮ |
| ૨૨ | બનાસકાંઠા | ૬૯૮ | ૨૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૬૪ | ૨૧ |
| ૨૪ | ગાંધીનગર | ૧૪૩ | ૬૦ |
| ૨૫ | ડાંગ | ૨૧૦ | ૦૭ |
| ૨૬ | તાપી | ૩૫ | ૧૪ |
| ૨૭ | બોટાદ | ૩૨ | ૦૯ |
| ૨૮ | ગીર સોમનાથ | ૧૪૦ | ૧૫ |
| ૨૯ | દેવભૂમી દ્વારકા | ૮૯ | ૧૫ |
| ૩૦ | મોરબી | ૪૭ | ૧૨ |
| ૩૧ | અરવલ્લી | ૧૮૨ | ૨૪ |
| ૩૨ | મહિસાગર | ૧૦૯૭ | ૨૧ |
| ૩૩ | છોટા ઉદેપુર | ૫૧૫ | ૦૧ |

(૨) પત્રકઃ–૨

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૧–૧૨ | | ૨૦૧૨–૧૩ | | ૨૦૧૩–૧૪ | | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ |
| ૨ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સુરત | ૯૩ | ૦ | ૯૩ | ૦ | ૯૩ | ૦ | ૯૩ | ૦ | ૮૯ | ૦ |
| ૫ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | પંચમહાલ | ૦ | ૦ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૧૮૩ | ૦ | ૭૪ | ૦ |
| ૮ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૨ | ૦ | ૪ | ૦ | ૮ | ૦ | ૭ | ૦ | ૭ | ૦ |
| ૧૦ | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ–ભૂજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ભરૂચ | ૪ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | બનાસકાંઠા | ૩૫ | ૫ | ૨૮ | ૩૨ | ૬૦ | ૧૪ | ૨૬ | ૧૧ | ૨૧ | ૨૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૮ | ૨ | ૯ | ૪ | ૧૧ | ૩ | ૧૨ | ૨ | ૯ | ૭ |
| ૨૪ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ |
| ૨૫ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | દેવભૂમી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧ | ૧૮ | ૮ | ૦ | ૮૯ | ૧૪ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૬ | ૮૦ |
| ૩૩ | છોટા ઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) મહેસુલી રાહે જમીન ઉપલબ્ધ થયેથી.

--------

રાજ્યમાં વાર્ષિક કેરોસીનનો જથ્થો ફાળવવા બાબત

અતારાંકિતઃ ૯૩૯૬ (૨૨-૦૮-૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૬-૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેરોસીનની વાર્ષિક કેટલી જરૂરિયાત હતી, અને

(૨) તે સામે કેન્દ્ર સરકાર તરફથી ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલો કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૨૫-૦૫-૨૦૧૭)

(૧) તા.૩૦-૬-૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેરોસીનની વાર્ષિક જરૂરિયાત નીચે મુજબ છે.

(૧) જુલાઇ-૧૧ થી જુન -૧૨ ૭,૦૬,૯૫૮ કીલો લીટર
(૨) જુલાઇ-૧૨ થી જુન -૧૩ ૭,૮૧,૪૧૬ કીલો લીટર
(૩) જુલાઇ-૧૩ થી જુન -૧૪ ૭,૨૩,૮૪૨ કીલો લીટર
(૪) જુલાઇ-૧૪ થી જુન -૧૫ ૭,૨૧,૧૭૦ કીલો લીટર

(૨) તે સામે કેન્દ્ર સરકાર તરફથી ઉક્ત વર્ષવાર નીચે મુજબ કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો.

(૧) જુલાઇ-૧૧ થી જુન -૧૨ ૬,૩૬,૫૪૦ કીલો લીટર
(૨) જુલાઇ-૧૨ થી જુન -૧૩ ૬,૭૩,૫૪૮ કીલો લીટર
(૩) જુલાઇ-૧૩ થી જુન -૧૪ ૬,૭૩,૪૧૬ કીલો લીટર
(૪) જુલાઇ-૧૪ થી જુન -૧૫ ૬,૬૬,૭૩૨ કીલો લીટર

--------

રાજ્યમાં કેન્સર, હાર્ટ કિડની વિગતે રોગના નોંધાયેલ કેસો

અતારાંકિતઃ ૫૩૧૦ (૨૭-૦૧-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ટી.બી., રક્તપિત/હિમોફેલીયા, કેન્સર, હાર્ટ, કીડની, સ્વાઈન ફ્લુ, ડેન્ગ્યુ, કમળો અને મલેરીયાના કેટલા કેસો નોંધાયા ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૬-૦૫-૨૦૧૭)

| રોગોનું નામ | નોંધાયેલ કેસો | | | | |
|---|---|---|---|---|---|
| | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
| ટી. બી. | ૭૪૮૬૭ | ૭૨૫૫૪ | ૭૪૦૮૬ | ૭૮૧૫૩ | ૨૦૧૨૯ |
| રક્તપિત | ૭૩૦૯ | ૭૪૯૬ | ૯૦૧૯ | ૯૭૨૧ | ૯૦૨૪ |
| હિમોફેલીયા | ૭૪ | ૧૧૯ | ૨૮૪ | ૬૫૬ | ૧૨૫૬ |
| કેન્સર | ૧૪૦૯૩ | ૧૪૨૯૪ | ૧૪૮૪૭ | ૧૫૬૭૧ | ૧૯૧૮૮ |
| હાર્ટ | ૧૧૯૯૯ | ૧૫૦૯૫ | ૧૮૭૧૦ | ૨૦૭૪૫ | ૨૨૯૮૫ |
| કીડની | ૧૪૩૬૭ | ૧૪૭૧૦ | ૧૬૦૩૨ | ૧૬૬૯૪ | ૧૬૯૫૯ |
| સ્વાઈન ફ્લુ | ૬ | ૯૭ | ૯૮૯ | ૧૫૭ | ૬૫૨૪ |
| ડેન્ગ્યુ | ૨૫૧૭ | ૧૬૬૭ | ૩૨૦૪ | ૬૦૮૪ | ૨૩૮૬ |
| કમળો | ૫૪૫૫૧ | ૪૫૬૯૨ | ૩૯૩૬૦ | ૩૬૧૩૮ | ૯૪૭૫ |
| મલેરીયા | ૬૮૭૪૪ | ૮૯૧૭૯ | ૭૫૧૫૫ | ૫૭૯૨૨ | ૪૦૪૪૦ |

હાર્ટ અને કિડની રોગોની વિગતો સંસ્થા દ્વારા જિલ્લાવાર નિભાવવામાં આવતું નથી તેથી કુલ વિગતો પુરી પાડેલ છે જ્યારે અન્ય તમામ રોગોની જિલ્લાવાર કેસોની વિગત દર્શાવતા * પત્રકો આ સાથે સામેલ રાખેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### જુનાગઢ અને પોરબંદર જીલ્લાની જનરલ હોસ્પિટલોમાં ડોક્ટરોની ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૧૦૦૧૭ (૨૬–૧૦–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ અને પોરબંદર જીલ્લાની જનરલ હોસ્પિટલમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા અને કયા ડોક્ટરોની જગ્યા કેટલા સમયથી ખાલી છે,

(૨) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત તમામ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૦૬–૨૦૧૭)

(૧) સામેલ પત્રક–અ મુજબ

(૨) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે.

(૩) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

પત્રક–અ

| | |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ અને પોરબંદર જીલ્લાની જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે.<br>(૧) જુનાગઢ જિલ્લો– | |
| ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે. |
| ૨ | અનુક્રમે–<br>તા. ૧૮–૯–૨૦૧૦<br>તા. ૩૧–૧૨–૨૦૧૩ |
| (૨) પોરબંદર જિલ્લો– | |
| ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે. |
| ૭ | અનુક્રમે–<br>તા. ૨૪–૩–૨૦૧૩<br>તા. ૨૬–૩–૨૦૧૩<br>તા. ૩૦–૮–૨૦૧૩ (બે જગ્યા)<br>તા. ૩૦–૧૧–૨૦૧૪<br>તા. ૧૯–૧૨–૨૦૧૫<br>તા. ૧–૫–૨૦૧૬ |

--------

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરેલ દર્દીઓ

અતારાંકિતઃ ૧૦૪૩૩ (૨૪–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી સન ૨૦૧૫ કેટલા દર્દીઓને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા, અને

(૨) તેના મુખ્યત્વે શા કારણો હતા ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩–૬–૨૦૧૭)

(૧) ગાંધીનગર જીએમઈઆરએસ હોસ્પિટલમાંથી સન ૨૦૧૫માં કુલ–૩૭૨૮ દર્દીઓને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ છે.

(૨) આ દર્દીઓને જે તે રોગની સઘન સારવારના હેતુથી દર્દીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવેલ છે.

--------

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પ્રસુતા સ્ત્રીઓ પાસેથી નિયમિત/ફરજીયાત રૂપિયા ઉઘરાવતા આરોગ્ય કર્મીઓ

અતારાંકિતઃ ૧૦૬૨૪ (૨૪–૧૧–૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં પ્રસુતા સ્ત્રીઓ પાસેથી સંબંધિત નર્સો સહિતના આરોગ્ય કર્મીઓ નિયમિત/ફરજીયાત રૂપિયા ઉઘરાવતા હોવાની કોઈ ઘટના ઓગસ્ટ–૨૦૧૬માં બનેલ હતી તે ફરિયાદ સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત ગેરકાયદે પ્રવૃત્તિ કરનાર કેટલા આરોગ્ય કર્મીઓ સામે શા પગલા લેવાયા ?

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩–૦૬–૨૦૧૭)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલોના કમ્પાઉન્ડમાં પરવાનગી વિના બનાવેલ હોજ

અતારાંકિતઃ ૧૦૬૩૦ (૨૪–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં આશરે ૨૦ ફૂટ ઊંડો ગેરકાયદે હોજ બનાવવામાં આવ્યોછે અને સપ્ટેમ્બર–૨૦૧૬માં એક શ્રમિકનું તેમાં ડૂબી જવાથી મોત થયુ હોવા છતાં પણ હોસ્પિટલ સત્તાવાળા તરફથી કોઈ જ પોલીસ ફરિયાદ થઇ નથી તે બાબતથી હકીકત સાચી છે કે કેમ ?

(૨) જો હા તો, ઉક્ત ગેરકાયદે હોજ કોની પરવાનગીથી બનાવાયો છે, અને

(૩) ઉક્ત ગેરકાયદે હોજ ક્યાં સુધીમાં પુરી દેવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૬–૨૦૧૭)

(૧) અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આશરે ૨૦ ફૂટ ઉંડો હોજ O.P.D.ના બાંધકામના ક્યોરીંગ માટે P.I .U. ની મૌખિક મંજૂરી અન્વયે મેસર્સ માલાણી કન્સ્ટ્રકશન દ્વારા બનાવવામાં આવેલ. તેમાં ડૂબી જવાથી શ્રમિકનું મોત થયેલ છે તે બાબત સાચી છે. શ્રમિકને સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ. સોલા સિવિલ હોસ્પિટલના ફરજ પરના તબીબી અધિકારીએ શ્રમિકને મૃતક જાહેર કરીને સોલા પોલીસ સ્ટેશન, અમદાવાદને વર્ધી લખાવીને જાણ કરેલ છે.

(૨) ઉપર મુજબ

(૩) ઉક્ત હોજ તા. ૩૦–૯–૨૦૧૬ના રોજ પુરી દેવામાં આવેલ છે.

---------

ગુજરાત રાજ્ય સેવા તબીબી સારવાર નિયમો, ૨૦૧૫ની અમલવારી બાબત

અતારાંકિતઃ ૧૧૭૪૭ (૨૯–૦૪–૨૦૧૭) શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગુજરાત રાજ્ય સેવા (તબીબી) નિયમો–૨૦૧૫ અમલી બન્યા તે તારીખ ૨૪–૮–૨૦૧૫ થી તા. ૨૯–૮–૨૦૧૬ સુધીના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓએ ખાનગી હોસ્પિટલ ખાતે લીધેલ તબીબી સારવારનો ખર્ચ મજર મેળવવા માટેની કેટલી દરખાસ્તો તા. ૩૧–૩–૧૭ની સ્થિતિએ આરોગ્ય વિભાગને મળેલ છે,

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન ખાનગી હોસ્પિટલ ખાતે લીધેલ તબીબી સારવારનો ખર્ચ મજરે મેળવવા અરજી કરનાર રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓ એવા લાભાર્થીઓને આરોગ્ય વિભાગના તા. ૩૦–૮–૨૦૧૬ના ઠરાવથી જોગવાઈના લાભથી વંચિત રાખવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત સમયગાળા દરમિયાન આરોગ્ય વિભાગને મળેલ દરખાસ્તો પૈકી તા. ૩૧–૩–૨૦૧૭ની સ્થિતિએ પડતર રહેલ દરખાસ્તોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૬–૨૦૧૭)

(૧) ગુજરાત રાજ્ય સેવા (તબીબી) નિયમો–૨૦૧૫ અમલી બન્યા તે તારીખ ૨૪–૮–૨૦૧૫ થી તા. ૨૯–૮–૨૦૧૬ સુધીના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓએ ખાનગી હોસ્પિટલ ખાતે લીધેલ તબીબી સારવારનો ખર્ચ મજરે મેળવવાની જુદા જુદા વિભાગોમાંથી અંદાજીત ૩૧૭ દરખાસ્ત મળેલ છે.

(૨) સરકારશ્રીના કોઈપણ ઠરાવો, ઠરાવ બહાર પડ્યા તારીખથી જ અમલમાં આવે છે, તેથી, કોઈને વંચીત રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આવી કોઈ દરખાસ્તો વિભાગ કક્ષાએ પડતર નથી.

---------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર વિરૂદ્ધ ફરીયાદ

અતારાંકિતઃ ૯૦૦૯ (૭–૯–૨૦૧૬) શ્રી પૂંજાભાઈ વંશ (ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરીયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫–૦૬–૨૦૧૭)

(૧) ઉક્ત જિલ્લા પૈકી અમરેલીમાં ૦૧ અને બોટાદ જિલ્લામાં ૦૨ ફરિયાદ મળેલ છે.

(૨) એક પણ નહિ.

---------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર વિરૂધ્ધ ફરીયાદ

અતારાંકિતઃ ૯૪૯૯ (૦૭-૦૯-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫-૦૬-૨૦૧૭)

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ૦૬ ફરિયાદ મળેલ છે.

(૨) એક પણ નહિ.

---------

આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર વિરૂધ્ધ ફરીયાદ

અતારાંકિતઃ ૯૬૩૨ (૦૭-૦૯-૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૫-૬-૨૦૧૭)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લા પોલીસતંત્ર વિરૂધ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૯૭૭૧ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫-૦૬-૨૦૧૭)

(૧) કચ્છ જિલ્લાની ૦૭ ફરિયાદો મળેલ છે.

(૨) એક પણ નહિં

---------

જૂનાગઢ અને પોરબંદર જિલ્લા પોલીસતંત્ર વિરૂધ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૯૯૪૬ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫-૦૬-૨૦૧૭)

(૧) જૂનાગઢ જિલ્લામાં ૦૪ અને પોરબંદર જિલ્લામાં ૦૩ ફરિયાદ મળેલ છે.

(૨) એક પણ નહિ

---------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લા પોલીસતંત્ર વિરૂધ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૧૦૦૫૬ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી સી.કે.રાઉલજી (ગોધરા): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫-૦૬-૨૦૧૭)

(૧) પંચમહાલ – ૦૪
દાહોદ – ૦૫
મહીસાગર – નીલ

(૨) એક પણ નહીં.

---------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર વિરૂધ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૧૦૪૨૧ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫-૦૬-૨૦૧૭)

(૧) બનાસકાંઠા જિલ્લામાં કોઈ ફરિયાદ મળેલ નથી જ્યારે સાબરકાંઠા જિલ્લામાં ૦૧ અને અરવલ્લી જિલ્લામાં ૦૭ ફરિયાદ મળેલ છે.

(૨) એક પણ નહીં.

---------

કલોલ તાલુકામાં આગના બનાવ

અતારાંકિતઃ ૧૧૭૪૫ (૨૪-૦૩-૨૦૧૭) શ્રી બળદેવજી ઠાકોર (કલોલ): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આગ લાગવાના કેટલા બનાવો બન્યા, અને

(૨) આ બનાવોમાં કેટલી જાનહાનિ થઈ?

મુખ્યમંત્રીશ્રી(ગૃહ) : (૫-૬-૨૦૧૭)

(૧) ૪૩

(૨) આ બનાવોમાં બે વ્યક્તિઓની જાનહાનિ થયેલ છે.

---------

ખાણ-ખનિજ પ્રભાગ અને તેના તાબાની કચેરીનું મહેકમ

અતારાંકિતઃ ૧૧૦૭૨ (૦૩-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ખાણ-ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) : (૧૪-૦૬-૨૦૧૭)

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ખાણ-ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે જણાવ્યા પ્રમાણે છે.

| ખાણ-ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં મંજુર જગ્યાઓ | | | |
|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| ૫૪ | ૭૦ | ૬૭૫ | ૯૩ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| ખાણ-ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં ભરાયેલ જગ્યાઓ | | | |
|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| ૨૨ | ૨૭ | ૨૯૩ | ૪૬ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે તેની વિગત નીચે મુજબ છે.

| ખાણ–ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં ખાલી જગ્યાઓ | | | |
|---|---|---|---|
| વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૩૨ | ૪૩ | ૩૮૨ | ૪૭ |

ભરતીની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા હોઈ, વર્ગ–૧ અને વર્ગ–૨ સંવર્ગની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ અને વર્ગ–૩ની ખાલી જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવાની કાર્યવાહી ચાલુ છે. જ્યારે વર્ગ–૪ સંવર્ગની ખાલી જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧–૦૪–૨૦૧૦ના ઠરાવની જોગવાઈ મુજબ આઉટસોર્સીંગથી ભરવામાં આવે છે.

--------

છોટા ઉદેપુર જિલ્લાના ગામોને મળેલ નર્મદા યોજનાની સિંચાઈનો લાભ

અતારાંકિતઃ ૧૧૭૨૯ (૦૩–૦૩–૨૦૧૭) શ્રી ધીરુભાઈ ભીલ (સંખેડા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકાના ક્યા ગામોની કેટલા હેક્ટર જમીનને નર્મદા યોજનાની કેનાલોથી સિંચાઈનો લાભ આપવાનું આયોજન કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાઓમાં ગામવાર કેટલા હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કમાંડ વિસ્તારના ગામો પૈકી સિંચાઈથી વંચિત ગામ કયા છે, અને તે વંચિત રહેવાના કારણો શું છે અને ઉક્ત વંચિત ગામોને ઉક્ત સિંચાઈનો સત્વરે લાભ આપવા માટે સરકારનું શું આયોજન છે ?

નાયબ મુખ્ય મંત્રી(નર્મદા) : (૧૦–૦૫–૨૦૧૭)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ મુજબ.

(૩) *પત્રક–૩ મુજબ.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

બનાસકાંઠામાં નર્મદા યોજનાની પેટા નહેરો, ઢાળિયા તુટવાના કારણો

અતારાંકિતઃ ૧૧૭૩૯ (૧૮–૦૩–૨૦૧૭) શ્રી ગોવાભાઈ રબારી (ડીસા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં વર્ષવાર નર્મદા યોજનાની પેટા નહેરો કે ઢાળિયા વગેરે તુટી જવાના કેટલા બનાવો

(૨) ઉક્ત નહેરો કે ઢાળિયા વારંવાર તુટી જવાના કારણે ઉક્ત સ્થિતિએ જવાબદાર કોન્ટ્રાક્ટર સામે શા પગલા લીધા, અને

(૩) બનાસકાંઠા જિલ્લાની ઉક્ત તમામ નહેરોની ચકાસણી કરી મજબુતાઈ વધારવા ઉક્ત સ્થિતિએ સરકારે ક્યારે શી કાર્યવાહી કરી ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) : (૨૪–૫–૨૦૧૭)

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં વર્ષવાર નર્મદા યોજનાની પેટા નહેરો, ઢાળિયા વગેરે તુટી જવાના બનેલ બનાવો નીચે મુજબ છે.

| વર્ષ | વર્ષ દરમ્યાન બનેલ બનાવો |
|---|---|
| ૨૦૧૫ | ૦૭ |
| ૨૦૧૬ | ૭૦ |
| કુલ | ૭૭ |

(૨) નીચે મુજબના કારણોસર નહેરો તૂટવાના બનાવો બનવા પામેલ છે.

- નહેરોના પાળા ઉપર અનઅધિકૃત રીતે મશીનો મૂકી નહેરમાંથી પાણી ખેંચી સિંચાઈ કરવામાં આવે છે. આ મશીનો ગમે ત્યારે એક સાથે બંધ થતાં નહેરમાં પાણીનો પ્રવાહ વધી જવાથી ઓવરફ્લો થઈ નહેરમાં ભંગાણ પડે છે.
- અનઅધિકૃત લોકો દ્વારા અનિયંત્રિત રીતે ગેટ બંધ કરવાથી કે ખોલવાથી
- નહેરમાં આડશ મુકવાથી

- કેનાલ સાયફનમાં કચરો/મૃત પ્રાણી ફસાઈ જવાથી પણ કેનાલ તુટવાના બનાવ બનેલ છે.

ઉપરોક્ત કારણોસર નહેર તૂટે છે, જેથી સંબંધિત કોન્ટ્રાક્ટરો સામે કોઈ પગલાં લેવાના થતાં નથી.

(૩) ઉક્ત નહેરોનું બાંધકામ નિયત થયેલ ડિઝાઈન તેમજ ધારા ધોરણ મુજબ થયેલ છે અને બાંધકામ દરમ્યાન તેનું સતત ધોરણે ગુણવત્તા નિયમનની કચેરી દ્વારા લેબોરેટરી પરીક્ષણ કરાવીને ગુણવત્તા બાબતની ચકાસણી કરી પ્રમાણિત કરાયેલ છે. આમ છતાં કેનાલ નેટવર્ક અસરકારક રીતે વધારાના પાણીનું વ્યવસ્થાપન કરી શકે તે માટે નીચે મુજબના આનુષાંગિક પગલા લેવામાં આવી રહેલ છે.

- આલેખન વર્તુળ હેઠળના તાંત્રિક અધિકારીઓ દ્વારા દરેક નહેરની વોક થ્રુ સર્વે કરી તેમના રીપોર્ટ મુજબની આનુષાંગિક કામગીરી કરવામાં આવે છે.
- નહેરોમાં નિવૃત્ત મુખ્ય ઈજનેરશ્રી કક્ષાના નિષ્ણાત કન્સલટન્ટો મારફતે નિગમે કરાવેલ અભ્યાસના ભાગરૂપે મળેલ સુચનો મુજબ જરૂરી કામગીરી કરાવવાનું આયોજન કરેલ છે.
- વિશાખા નહેરો તથા પ્રશાખા નહેરોમાં નિયંત્રણ માટેના દરવાજા (C.R./H.R.) મૂકવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જેથી નહેરોના વ્યવસ્થાપનમાં અસરકારકતા વધશે.
- નહેરોની સલામતી માટે વધારાના પાણીના નિકાલ માટેના Escape Structure બનાવવા માટેનું આયોજન કરેલ છે.
- કેનાલ સાયફનની અપસ્ટ્રીમ સાઈડે નહેરની બન્ને બાજુ સિમેન્ટ કોન્ક્રીટ વોલ બનાવવાનું આયોજન છે.
- સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ સિંચાઈના પાણીનો ખેડૂતો વારાબંધી મુજબ ઉપયોગ કરે તે માટે તથા પિયત સહકારી મંડળીઓના મંત્રીઓ તથા પ્રમુખો સાથે ખેડૂતોની જે તે ગામોમાં બેઠકો યોજવામાં આવે છે. સદર બેઠકોમાં ખેડૂતોને જરૂરી વારાબંધીના ફાયદા, સિંચાઈનો ફાયદો વગેરે સમજ આપી જાગૃતિ આણવાનો પ્રયત્ન કરવામાં આવે છે આના પરિણામે ખેડૂતો નહેરના પાણીનો ઉપાડ વ્યવસ્થિત રીતે કરતાં થશે તેવી અપેક્ષા છે આના પરિણામે ભંગાણ પડવાની શક્યતા ઘટાડી શકાશે.

--------

ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણી માટેની માંગણી

અતારાંકિતઃ ૧૧૭૪૬ (૨૪-૩-૨૦૧૭) શ્રી બળદેવજી ઠાકોર (કલોલ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પીવાનું પાણી પૂરૂ પાડવા માટે કેટલી માંગણીઓ આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓવરહેડ ટાંકી બનાવવા માટે કયા કયા ગામો માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી અને તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો તથા તે રકમ પૈકી કેટલી રકમ ખર્ચ કરવાની બાકી છે ?

પાણી પુરવઠા મંત્રીશ્રી : (૧૧-૫-૨૦૧૭)

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જીલ્લામાં તાલુકાવાર પીવાનું પાણી પુરૂ પાડવા માટે નીચેની વિગતે ૯૦ માંગણીઓ આવેલ છે. માંગણીવાળા તમામ ગામો નર્મદા આધારીત જુથ પાણી પુરવઠા યોજનામાં જોડાયેલ છે.

| તાલુકો | માંગણીની સંખ્યા (૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬) | માંગણીની સંખ્યા (૧-૨-૧૬ થી ૩૧-૧-૧૭) | કુલ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૧૫ | ૧૩ | ૨૮ |
| કલોલ | ૭ | ૪ | ૧૧ |
| માણસા | ૧૧ | ૮ | ૧૯ |
| દહેગામ | ૧૦ | ૨૨ | ૩૨ |
| કુલ | ૪૩ | ૪૭ | ૯૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પરિશિષ્ટ મુજબ ૧૬ ઓવરહેડ ટાંકીઓ બનાવવા માટે રૂ. ૧૯૪.૫૨ લાખ મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી રૂ. ૧૨૧.૬૩ લાખનો ખર્ચ થયેલ છે અને રૂ. ૭૨.૭૯ લાખનો ખર્ચ કરવાનો બાકી છે.

પરિશિષ્ટ

| ક્રમ | ગામ | મંજૂર કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | થયેલ ખર્ચ (લાખમાં) | ખર્ચ કરવાની બાકી રહેતી રકમ (લાખમાં) | નોંધ |
|---|---|---|---|---|---|
| વર્ષ-૨૦૧૫ | | | | | |

| ક્રમ | ગામ | મંજૂર કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | થયેલ ખર્ચ (લાખમાં) | ખર્ચ કરવાની બાકી રહેતી રકમ (લાખમાં) | નોંધ |
|---|---|---|---|---|---|
| | | | તા. ગાંધીનગર | | |
| ૧ | રાંધેજા | ૧૮.૦૦ | ૧૮.૦૦ | ૦.૦૦ | |
| ૨ | આલમપુર | ૧૬.૪૭ | ૧૨.૧૦ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| ૩ | પ્રભુપુરા (વલાદ) | ૬.૫૮ | ૬.૧૪ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| ૪. | સોનારડા | ૧૬.૪૭ | ૧૧.૯૮ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| | | | તા. કલોલ | | |
| ૫ | પિયજ | ૪.૯૦ | ૪.૯૦ | ૦.૦૦ | |
| ૬ | પિયજ | ૧૬.૪૬ | ૧૨.૧૪ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| ૭ | મુબારકપુરા | ૧૧.૨૨ | ૯.૫૦ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| | | | તા. માણસા | | |
| ૮ | અજરપુરા | ૧૧.૨૨ | ૯.૯૦ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| | | | તા. દહેગામ | | |
| ૯ | નાંદોલ | ૨૦.૪૪ | ૧૪.૪૦ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| ૧૦ | મોટા પશુણીયા | ૬.૫૮ | ૬.૨૭ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| | | | વર્ષ – ૨૦૧૬ | | |
| | | | તા. ગાંધીનગર | | |
| ૧૧ | વલાદ | ૧૭.૫૯ | ૨.૩૭ | ૧૨.૦૦ | પ્રગતિમાં |
| | | | તા. કલોલ | | |
| ૧૨ | અઢાણા સબ હે.વ. | ૧૭.૬૩ | ૦.૦૦ | ૧૭.૬૩ | ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ છે. |
| ૧૩ | રાજનગર (સાંતેજ) | ૬.૫૮ | ૫.૪૭ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| | | | તા. માણસા | | |
| ૧૪ | બળીયાનગર (માણેકપુર) | ૧૧.૨૨ | ૮.૪૬ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| | | | તા. દહેગામ | | |
| ૧૫ | જીવાજીની મુવાડી | ૬.૫૮ | ૦.૦૦ | ૬.૫૮ | ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ છે. |
| ૧૬ | દાનભાઈના પરા (હરસોલી) | ૬.૫૮ | ૦.૦૦ | ૬.૫૮ | ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ છે. |
| | કુલ | ૧૯૪.૫૨ | ૧૨૧.૬૩ | ૪૨.૭૯ | |

--------

નાણા પંચની ભલામણ અનુસાર પંચાયતની રાજ સંસ્થાઓને સંગીન બનાવવા માટે રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૬૦ (૧૮–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## અતારાંક્તિ પ્રશ્નોત્તરી

(૧) નાણાપંચની ભલામણ અનુસાર પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બનાવવા માટે ભારત સરકાર તરફથી તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૧-૦૬-૨૦૧૭)

(૧) હા

(૨) વર્ષવાર રાજ્ય સરકારને પાંચ વર્ષમાં નીચે મુજબની રકમ મળેલ છે.

| વર્ષ | મળેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૩૪૪૮૦.૮૯ |
| ૨૦૧૩-૧૪ | ૩૯૫૯૬.૨૪ |
| ૨૦૧૪-૧૫ | ૫૨૫૨૫.૭૨ |
| ૨૦૧૫-૧૬ | ૯૩૨૨૫.૦૦ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૦-૧૧-૧૬ સુધી) | ૬૪૫૪૩.૦૦ |

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર ખર્ચ નીચે મુજબ કરવામાં આવેલ છે.

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૩૨૪૦૯.૫૭ |
| ૨૦૧૩-૧૪ | ૩૮૧૧૯.૭૭ |
| ૨૦૧૪-૧૫ | ૪૮૯૮૭.૩૩ |
| ૨૦૧૫-૧૬ | ૪૯૦૪૫.૫૮ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૦-૧૧-૧૬ સુધી) | ૨૪૯૬૬.૧૬ |

--------

### આંગણવાડી વર્કરોની મુખ્ય સેવિકાની જગ્યા પર નિયુક્તિ

અતારાંકિતઃ ૧૧૬૧૪ (૧૮-૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૧૬ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી વર્કરોને મુખ્યસેવિકાઓની જગ્યાઓ ઉપર નિયુક્ત કરવામાં આવે છે. જેમાં ૪૫ વર્ષ સુધીની વયમર્યાદા નક્કી કરેલ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત વયમર્યાદામાં વધારો કરી શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી મહિલાઓને મુખ્યસેવિકાઓ તરીકે નિમણુંક આપવા ઉક્ત સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં વિભાગ કક્ષાએ કેટલી રજૂઆતો મળી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩૦-૧૧-૨૦૧૬)

(૧) હા

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગમાં ૩૦ અરજીઓ મળેલ છે.

--------

### ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં સરકારી પડતર જમીન ખેતી વિષયક હેતુ માટે આપવા બાબત

અતારાંકિતઃ ૧૧૭૨૫ (૧૧-૩-૨૦૧૭) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૦૧-૧૧-૨૦૦૩ના મહેસૂલ વિભાગના ઠરાવ મુજબ સરકારી પડતર જમીન પૈકી ખેતી વિષયક હેતુ માટે
તા. ૩૦-૧-૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં કેટલી જમીન આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી દલિત સમાજના કેટલા લાભાર્થીઓને આપવામાં આવી ?

મહેસૂલ મંત્રીશ્રી : (૧૦-૫-૨૦૧૭)

(૧) ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં તા. ૩૦-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

--------

### રાજ્યમાં કાર્યરત સોલાર પાવર પ્લાન્ટ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિતઃ ૧૧૭૨૩ (૯–૨–૨૦૧૭) શ્રી પુંજાભાઈ વંશ  (ઉના): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કયા કયા સ્થળે, કેટલી ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ (પ્રોજેક્ટ) કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાવર પ્લાન્ટવાર કેટલી કેટલી સોલાર ઉર્જા ઉત્પન્ન થયેલ છે, અને

(૩) ઉક્ત ઉત્પન્ન થયેલ સોલાર ઉર્જા અન્વયે કોની પાસેથી કયા ભાવે કેટલી વીજળી સરકારે ખરીદી કરી ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૬–૫–૨૦૧૭)

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં સુરેન્દ્રનગર, સાબરકાંઠા, કચ્છ, રાજકોટ, પાટણ, ભરૂચ, સુરત, પોરબંદર, અમદાવાદ, ગાંધીનગર, જામનગર, ઉના, અમરેલી, વડોદરા, આણંદ, પંચમહાલ જેવા વિવિધ સ્થળોએ ૧૧૧૫.૩૭ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ કાર્યરત છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આવેલ સોલાર પાવર પ્લાન્ટોની ક્ષમતા અને તે દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને પ્લાન્ટવાર ઉત્પન્ન થયેલ વીજળીની વિગતો *પત્રક–૧માં સામેલ છે.

(૩) ઉત્પન્ન થતી વીજળી પાવર પરચેઝ એગ્રીમેન્ટ અનુસાર વીજ કંપનીઓ ખરીદે છે. રાજ્ય સરકાર વીજળી ખરીદતી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

### બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટો પર એ.સી.બી.ની રેડ

અતારાંકિતઃ ૧૦૬૫૧ (૨૨–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ  (જામનગર ગ્રામ્ય): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા જિલ્લાની થરાદ, અમીરગઢ, ગુંદરી, કચ્છના સામખીયાળી અને શામળાજી ચેકપોસ્ટ ઉપર એન્ટી કરપ્શન બ્યુરોએ તા. ૨૧–૧૦–૨૦૧૬ના રોજ સર્ચ ઓપરેશન હાથ ધરી આશરે આઠ જેટલા એજન્ટો પકડી પાડ્યા હતા તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત બનાવ અન્વયે સંબંધિત કેટલા આર.ટી.ઓ. અધિકારીઓ તથા એજન્ટો સામે શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૫–૬–૨૦૧૭)

(૧) બનાસકાંઠા જિલ્લાની થરાદ, અમીરગઢ, ગુંદરી, કચ્છના સામખીયાળી અને શામળાજી ચેકપોસ્ટ ઉપર એસીબી ધ્વારા તા. ૨૧–૧૦–૨૦૧૬ના રોજ સર્ચ ઓપરેશન હાથ ધરેલ તે હકીકત સાચી છે પરંતુ આ કાર્યવાહીમાં આઠ જેટલા એજન્ટ પકડી પાડ્યા હતા તે હકીકત સાચી નથી.

(૨) ઉપરોક્ત ચેકપોસ્ટ પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવેલ જે પૈકી સામખીયાળી ચેકપોસ્ટ પર કરેલ સરપ્રાઈઝ ચેકીંગ અંગે કચ્છ (પૂર્વ) એ.સી.બી. પોલીસ સ્ટેશને જાણવાજોગ એન્ટ્રી નં. ૧/૨૦૧૬ તા. ૨૧–૧૦–૨૦૧૬થી સ્ટેશન ડાયરી નોંધ કરી તપાસ હાથ ધરેલ છે જે હાલમાં ચાલુ છે.

તેમજ શામળાજી ચેકપોસ્ટ ખાતે એ.સી.બી. દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવેલ અને પ્રસ્તુત બાબતે અરવલ્લી એ.સી.બી. પોલીસ સ્ટેશને જાણવાજોગ એન્ટ્રી નં. ૧/૨૦૧૬, તા. ૨૧–૧૦–૨૦૧૬થી નોંધ કરી તપાસ હાથ ધરેલ છે જે હાલમાં ચાલુ છે.

--------

### આર.ટી.ઓ. દ્વારા ડ્રાયવરોને પેસેન્જર બેઝ નંબર

અતારાંકિતઃ ૧૧૭૩૩ (૧૪–૦૩–૨૦૧૭) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી દ્વારા ડ્રાયવરોને પેસેન્જર બેઝ નંબર આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ડ્રાયવરો દ્વારા બેઝ નંબર ફરજિયાત લગાવવામાં આવતા નથી તો તે સામે સરકારે છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧–૬–૨૦૧૭)

(૧) ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી દ્વારા ડ્રાયવરોને પેસેન્જર બેઝ નંબર આપવામાં આવે છે તે હકીકત સાચી છે.

(૨) આવા કોઈ કેસ મળેલ ન હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૦૭૩૧, ૧૦૮૮૬, ૧૧૭૨૪, ૧૧૭૩૪, ૧૧૭૩૫, ૧૧૭૩૬ | ૦૬ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૫૧૦૪, ૫૧૨૯, ૫૪૧૮, ૮૯૨૯, ૯૦૪૭, ૯૦૪૯, ૯૪૦૦, ૯૪૦૨, ૯૪૦૯, ૯૪૧૧, ૯૫૮૦, ૯૭૨૨, ૧૦૬૮૭, ૧૦૯૨૭, ૧૦૯૩૨, ૧૧૧૨૫, ૧૧૫૫૩, ૧૧૫૫૪, ૧૧૫૬૪ | ૧૯ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૯૩૯૬ | ૦૧ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૩૧૦, ૧૦૦૧૭, ૧૦૪૩૩, ૧૦૬૨૪, ૧૦૬૩૦, ૧૧૭૪૭ | ૦૬ |
| ૫ | ગૃહ વિભાગ | ૯૦૦૯, ૯૪૯૯, ૯૬૩૨, ૯૭૭૧, ૯૯૪૬, ૧૦૦૫૬, ૧૦૪૨૧, ૧૧૭૪૫ | ૦૮ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૧૦૭૨ | ૦૧ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૧૭૨૯, ૧૧૭૩૯, ૧૧૭૪૬ | ૦૩ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૧૨૬૦, ૧૧૬૧૪ | ૦૨ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૧૧૭૨૫ | ૦૧ |
| ૧૦ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૧૭૨૩ | ૦૧ |
| ૧૧ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૧૦૬૫૧, ૧૧૭૩૩ | ૦૨ |
| | | કુલ | ૫૦ |

--------

### તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ નુકસાન બાબત

શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમનું નિવેદન કરવા વિનંતી કરું છું.

'' ચાલુ ચોમાસાની સીઝનમાં થયેલા ભારે વરસાદને કારણે આવેલ પૂરથી બનાસકાંઠા અને પાટણ જિલ્લાના વિસ્તારોમાં મકાનો ધરાશયી થયા છે, નાગરિકો બેઘર થયા છે, પાંજરાપોળમાં તેમજ અન્ય જગ્યાએ પશુઓના મોત થયા છે, જમીનનું ધોવાણ થયું છે તથા પાકને પણ નુકસાન થયું છે. આ બંન્ને જિલ્લાઓમાં થયેલા નુકસાનીના શક્ય એટલા ઝડપી અંદાજો મેળવીને અતિવૃષ્ટિનો ભોગ બનેલા નાગરિકો, ખેડૂતો, પશુપાલકો તેમજ પશુઓ માટેની જરૂરિયાત મુજબની સહાય પહોંચાડી જનજીવનને ફરી ધબકતું કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ચાલુ વર્ષે ચોમાસાની શરૂઆત નિયમીત રીતે થઇ હતી પરંતુ રાજ્યના બનાસકાંઠામાં અને પાટણ જિલ્લામાં તા. ૨૩-૨૪ જુલાઈ ૨૦૧૭ના રોજ થયેલ અતિ ભારે વરસાદ તેમજ રાજસ્થાનના સરહદી જિલ્લાઓમાં થયેલા અતિભારે વરસાદના પરિણામે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પૂરનું સંકટ ઊભુ થયેલ હતું. જનજીવન તેમજ પશુધન અતિ વિકટ પરિસ્થિતિમાં મુકાયેલ હતાં તેમજ આંતરમાળખાકીય સુવિધાઓને પણ મોટું નુકસાન થવા પામેલ હતું. બનાસકાંઠા જિલ્લામાં તા. ૨૪-૨૫-૨૬ અને ૨૭ જુલાઈ ૨૦૧૭ના વરસાદના આંકડા ધ્યાને લેતા બનાસકાંઠા જિલ્લામાં વાર્ષિક સરેરાશ વરસાદના ૧૬૩.૦૨ % જેટલો વરસાદ નોંધાયેલો હતો તેમજ પાટણ જિલ્લામાં વાર્ષિક સરેરાશ વરસાદમાં ૧૩૮.૨૮ % વરસાદ નોંધાયેલ હતો. અતિભારે વરસાદને કારણે આપત્તિજનક પરિસ્થિતિ નિવારી શકાય તે માટે ગુજરાત સરકાર દ્વારા ભારતના હવામાન વિભાગ સાથે સઘન સંકલન કરી હવામાન પરિસ્થિતિ પર સતત નજર રાખી ગંભીર બનતી જતી પરિસ્થિતિ અટકાવવા માટે પૂર્વ આયોજન હાથ ધરવામાં આવેલ. માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા આ સંજોગોમાં SEOC, ગાંધીનગર ખાતે તા:૨૩/૭/૨૦૧૭ ના રોજ તમામ વિભાગોના સબંધિત સચિવશ્રીઓ સાથે તાકીદની મિટિંગ હાથ ધરી બચાવ અને રાહત કામગીરીની સમીક્ષા કરી આગળની કામગીરી માટે માર્ગદર્શન પૂરૂ પાડેલ. તથા ત્યારબાદ પ્રેસ કોંન્ફરન્સ યોજીને સરકારશ્રીની કામગીરીથી પ્રજાજનોને વાકેફ કર્યા હતા.

SEOC મારફતે તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને સજાગ થવા આગોતરી ચેતવણી આપવામાં આવેલ. કલેક્ટરશ્રીઓ મારફતે જોખમી વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાની પ્રક્રિયા તાકીદે શરૂ કરવામાં આવી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન મુજબ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામ્ય કક્ષાએ સરપંચશ્રી, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ મારફતે તેમજ પ્રસાર

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

માધ્યમો અને એસ.એમ.એસ. વગેરે ઈલેક્ટ્રોનિક સંદેશાઓ દ્વારા સઘન પ્રયત્નો થકી આપત્તિ અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા. ગુજરાત રાજ્યમાં સૌથી વધારે અસરગ્રસ્ત બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ૬૮,૫૭૨ લોકોનું સલામત સ્થળે આગોતરુ સ્થળાંતર કરાયેલ. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા હંગામી રીતે સ્થળાંતરીત લોકો માટે ભોજનની વ્યવસ્થા તેમજ પ્રાથમિક આરોગ્યની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહેસુલ વિભાગ દ્વારા એન.ડી.આર.એફ., એસ.ડી.આર.એફ., આર્મી, બી.એસ.એફ., એરફોર્સ અને નેવીની ટીમની ફાળવણી કરવામાં આવેલ. પરંતુ કુદરતી પરિસ્થિતિ સામે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ખૂબ જ વ્યાપક પ્રમાણમાં નુકસાન થયેલ હતું.

આ દિવસો દરમ્યાન માન. મુખ્યમંત્રીશ્રી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, માન. મહેસૂલ મંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી, અગ્ર સચિવશ્રી (મહેસૂલ) તથા સબંધિત અધિકારીશ્રીઓએ SEOC ખાતે ઉપસ્થિત રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી હતી અને વહીવટીતંત્રને જરૂરી કામગીરી પરત્વે માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું. સાથેસાથે પ્રજાને હવામાન ખાતાની આગાહી, વરસાદની પરિસ્થિતિ તેમજ બચાવ રાહતની કામગીરી બાબતે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડિયા તેમજ સોશિયલ મિડિયા થકી સતત માહિતગાર કર્યા હતા. માન.મુખ્યમંત્રીશ્રીએ તા: ૨૪/૦૭/૨૦૧૭ ના રોજ બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરી જાત માહિતી મેળવેલ હતી.

બચાવ અને રાહત કામગીરીના ભાગરૂપે એન.ડી.આર.એફ.ની ૬ ટીમો દ્વારા બનાસકાંઠામાં ૩૨૨૧ અને પાટણમાં ૧૭૦૯ વ્યક્તિઓનું રેસ્ક્યુ હાથ ધરવામાં આવેલ તેમજ ફૂડ પેકેટ તથા રાહત સામગ્રી વિતરણ કરવામાં મદદ કરાયેલ. સેનાની ટુકડી દ્વારા બનાસકાંઠામાં ૩૫૧૨ અને પાટણ જિલ્લામાં ૨૮૮૫ રેસ્ક્યુ કરાયેલ તેમજ ફૂડ પેકેટ તથા રાહત સામગ્રી વિતરણ કરવામાં પણ મદદ કરાયેલ. હવાઈદળના કુલ ૧૦ હેલિકોપ્ટર દ્વારા બનાસકાંઠામાં ૭૫૮ અને પાટણમાં કુલ ૭૧ વ્યક્તિઓને બચાવવામાં આવેલ છે. અને બનાસકાંઠામાં ૨,૫૯,૦૦૦ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવેલ હતું. બી.એસ.એફ.ની ટીમ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ૧૬૭૦ વ્યક્તિ અને પાટણ જિલ્લામાં ૫૬૩ વ્યક્તિઓને બચાવવામાં આવેલ. ફૂડ પેકેટ અને રાહત સામગ્રીનું વિતરણ કરવામાં મદદ કરાયેલ. એસ.ડી.આર.એફ.ની ટીમ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ૩૧૨ વ્યક્તિ અને પાટણ જિલ્લામાં ૪૪૪ વ્યક્તિઓને બચાવવામાં આવેલ તેમજ ફૂડ પેકેટ અને રાહત સામગ્રીનું વિતરણ કરવામાં મદદ કરાયેલ.

તા. ૨૫/૦૭/૨૦૧૭ ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેતા પહેલા પ્રથમ અમદાવાદ હવાઈ મથકે તાકીદની આપાતકાલિન બેઠકનું આયોજન અને સમીક્ષા કર્યા બાદ પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. પરિસ્થિતિની ગંભીરતા જોતા રાજ્યને ૫૦૦ કરોડ રૂપિયાનું રાહત પેકેજ મંજૂર કરાયેલ. માનનીય વડાપ્રધાનશ્રીના રાહત કોષમાંથી રૂપિયા ૨ લાખની વધારાની મૃત્યુ સહાય અને ઈજાગ્રસ્તો માટે રૂપિયા ૫૦ હજારની વધારાની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી. એન.ડી.આર.એફ., સેનાની ટુકડી, હવાઈદળ અને નેવીની વધુ ટુકડીઓ સહાય માટે મોકલવામાં આદેશ કરવામાં આવ્યા હતાં. વડાપ્રધાનશ્રીની મુલાકાત બાદ મોડી રાત્રે મુખ્ય સચિવશ્રી દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અધિકારીશ્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરવામાં આવેલ જેમાં અગ્ર સચિવશ્રી (મહેસુલ), સેના અને હવાઈદળના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

તા. ૨૯/૦૭/૨૦૧૭ ના રોજ કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી રાધામોહન સિંઘ તેમજ શ્રી પુરૂષોત્તમ રૂપાલા દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો તેમજ વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરી હતી.

બચાવ કામગીરી પછી તાકીદના રાહત કાર્ય અંગે રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ ઝડપે કામગીરી હાથ ધરી સંવેદનશીલ બાબતો અંગે નિર્ણયો પણ લેવામાં આવેલ. જેવા કે, મોટી સંખ્યામાં અસરગ્રસ્ત જનસમુદાય માટે હંગામી રાહત સ્થાનોની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા માનવ મૃત્યુ સહાય, ઈજા સહાય, કેશ ડોલ્સ તથા પશુઓને વિના મૂલ્યે ઘાસ આપવા બાબત ત્વરિત નિર્ણયો. રોકડ સ્વરૂપમાં સહાય વિતરણ માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા વિશેષ ટીમોની રચના કરી કામગીરી શરૂ કરવામાં આવેલ.

માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાંચ દિવસનો મુકામ કરી અસરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત કરી લોકોની તેમજ માલસામાનની નુકસાનીની વિગત મેળવવા સાથોસાથ ધાનેરા, થરાદ, પાટણ, રાધનપુર, સાંતલપુર અને અન્ય ગામોમાં જાતે ફરીને હજારો લોકોની રૂબરૂ મુલાકાત કરી જરૂરિયાતમંદોને સહાયના ચેકો અર્પણ કરવામાં આવ્યાં અને દિવસ તેમજ મોડી સાંજે રાહત કામગીરીની સમીક્ષા બેઠકો, અસરગ્રસ્ત જન સમુદાય અને વેપારીઓ સાથે વિવિધ સ્થળે બેઠકો તેમજ માનનીય મંત્રીશ્રીઓ અને મુખ્ય સચિવશ્રી તેમજ અધિકારીઓ સાથે પરામર્શ હાથ ધરવામાં આવ્યો હતો.

માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારો માટે નીચે મુજબ વિશેષ રાહત પેકેજ મંજુર કરવામાં આવ્યું હતું.

1. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ગંભીર રીતે અસરગ્રસ્ત બનાસકાંઠા અને પાટણ જિલ્લા માટે રૂ. ૧૫૦૦ કરોડનું વિશેષ રાહત પેકેજ મંજુર કરવામાં આવ્યું હતું. જેમાં કૃષિ અને જમીન સુધારણા માટે રૂ. ૧૩૧૧ કરોડ, અસરગ્રસ્ત ખેડૂતોને વીજ બિલોમાં ત્રણ માસ માટે રૂ. ૭૫ કરોડ ઉપરાંતની માફી, પશુ સહાય અને પશુ પાલન માટે રૂ. ૨૦ કરોડ, વેપાર અને વ્યવસાય અને ઉધોગો માટે રૂ. ૧૫ કરોડ, મહેસુલ વિભાગની યોજનાઓ માટે રૂ. ૭૯ કરોડનું પેકેજ નિયત કરવામાં આવ્યું.
2. બિન પિયત વિસ્તારના પાક નુકસાન માટે અગાઉની રૂપિયા ૬૮૦૦ની સહાય સામે રૂપિયા ૧૦,૦૦૦ની સહાય.

3. પિયત વિસ્તારના પાક નુકસાન માટે અગાઉની રૂપિયા ૧૩,૫૦૦ની સામે રૂપિયા ૨૦,૦૦૦ની સહાય.
4. બાગાયતી પાક નુકસાન માટે અગાઉની રૂપિયા ૧૮,૦૦૦ની સામે રૂપિયા ૩૦,૦૦૦ની સહાય કરવાનું નક્કી કરવામાં આવેલ.
5. જમીન ધોવાણ માટે અગાઉના રૂપિયા ૧૨,૮૦૦ની સામે રૂપિયા ૨૫,૦૦૦ની સહાય.
6. મોટા પાયે જમીન ધોવાણ માટે અગાઉની રૂપિયા ૬૦૦૦૦ ની સામે રૂપિયા ૮૦,૦૦૦ની સહાય.
7. ધાનેરા માટે આર્થિક સહાય અને પુન:વસન પેકેજ
    a. અસરગ્રસ્ત લારી રેંકડીવાળાઓને રૂ. ૫,૦૦૦ની રોકડ સહાય
    b. અસરગ્રસ્ત નાની સ્થાયી કેબીન ધારકોને રૂ. ૧૫,૦૦૦ની રોકડ સહાય
    c. અસરગ્રસ્ત મોટી સ્થાયી કેબીન ધારકોને રૂ. ૭૫,૦૦૦ની રોકડ સહાય
    d. માસીક રૂ. ૫ લાખથી વધુ ટર્ન ઓવર ધરાવતા મોટા દુકાનદારોને રૂ. ૧૦ લાખ સુધીની બેંક લોન ઉપર બે વર્ષ સુધી સંપૂર્ણ વ્યાજ સહાય
    e. APMC ધાનેરાના વેપારીઓ માટે રૂ. ૧૫ લાખ સુધીની બેંક લોન ઉપર બે વર્ષ સુધી સંપૂર્ણ વ્યાજ સહાય.

૮. બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અન્ય અસરગ્રસ્ત નાના કેબિન ધારકોને રૂ. ૧૫,૦૦૦ની રોકડ સહાય.

બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તમામ તાલુકામાં અસરકારક રીતે સહાય કરી શકાય તે ધ્યાને રાખી રાજ્ય સરકાર દ્વારા ૦૧/૦૮/૨૦૧૭થી ૧૫/૦૮/૨૦૧૭ના સમયગાળા દરમ્યાન આપત્તિગ્રસ્ત વિસ્તાર તરીકે નોટીફિકેશનથી જાહેર કરાયેલ છે.

રાજ્ય સરકાર દ્વારા દાહોદથી ૧૪,૮૬,૯૮૫ કિ.ગ્રા. ઘાસ બનાસકાંઠામાં અને રાજકોટથી ૧,૧૪,૫૩૫ કિ.ગ્રા. ઘાસ પાટણ જિલ્લામાં ફાળવણી કરી વિના મૂલ્યે ઘાસનું વિતરણ હાથ ધરવામાં આવ્યું. વધુ ઘાસ ફાળવણી અને તેના વિતરણ ની કામગીરી ચાલુ છે.

રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના તાકીદના પુન: સ્થાપનના કાર્યોમાં રોડ રસ્તાઓ વાહન વ્યવહાર માટે યોગ્ય બનાવવા, વીજ પુરવઠો, પાણી પુરવઠો તેમજ વાહન વ્યવહાર પુન:સ્થાપન માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

1. બંધ થયેલા ૯૫૨ રોડ રસ્તાઓ પૈકી ૮૩૬ માર્ગો વાહન વ્યવહાર માટે યોગ્ય બનાવવામાં આવેલ છે. નુકસાન થયેલ રસ્તાઓની લંબાઈ ૧૬,૦૪૮ કી.મી .છે.
2. બનાસકાંઠા જિલ્લામાં વીજ પુરવઠો ખોરવાયેલ તમામ ૬૦૯ ગામોમાં વીજ પુરવઠો પુન:સ્થાપિત કરવામાં આવેલ છે. પાટણ જિલ્લામાં વીજ પુરવઠો ખોરવાયેલ ૨૧૪ ગામો પૈકી ૨૦૭ ગામોમાં વીજ પુરવઠો પુન: સ્થાપિત કરવામાં આવેલ છે.
3. બનાસકાંઠા જિલ્લામાં અસરગ્રસ્ત ૭૧૨ ગામો પૈકી ૫૬૮ ગામોમાં પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. ૧૪૪ ગામોને ટેંકર દ્વારા પાણી પુરૂ પાડવામાં આવે છે. પાટણ જિલ્લામાં અસરગ્રસ્ત ૩૨૮ ગામો પૈકી ૨૦૫ ગામોમાં પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. ૧૦૮ ગામોને ટેંકર દ્વારા પાણી પુરુ પાડવામાં આવે છે. ૧૫ ગામોને પાણી પુરવઠો શરૂ કરવા પ્રયાસ હાથ ધરેલ છે.
4. બનાસકાંઠા જિલ્લામાં એસ.ટી. ના તમામ ૨૨૮૧ રૂટ શરૂ કરવામાં આવેલ છે. પાટણ જિલ્લામાં એસ.ટી.ના તમામ ૨૨૭૭ રૂટ શરૂ કરવામાં આવેલ છે.

રાહત કાર્યોમાં ભરાયેલ પાણીનો નિકાલ તથા કાદવ કિચડ દૂર કરવા, સંપૂર્ણ સફાઈ, મૃત પશુઓનો નિકાલ, રોગચાળાથી બચવા પ્રતિબંધાત્મક ઉપાયો જેવી કામગીરી આવરી લઈ નીચે મુજબ કામગીરી હાથ ધરવામાં આવેલ.

1. રાહત કામગીરીની દેખરેખ માટે વિશેષ રૂપે અસરગ્રસ્ત તાલુકાઓની ફાળવણી માનનીય મંત્રીશ્રી, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી તેમજ સંસદીય સચિવશ્રીઓને કરવામાં આવી હતી.
2. રાહત કામગીરી માટે સરકારશ્રી દ્વારા વધારાના અધિકારીશ્રીઓની નિમણૂક કરવામાં આવી હતી જેમાં ૫ IAS અધિકારી, ૧૭ અધિક કલેક્ટરો, ૧૦ નાયબ કલેક્ટરો, ૧૬ તાલુકા વિકાસ અધિકારી, ૪ ચીફ ઓફિસરો, ૨૨૫ તબીબી અધિકારીઓ અને ૨૦૧૨ આરોગ્ય કાર્યકરોનો સમાવેશ થાય છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીની સીધી સુચનાથી ધાનેરા તાલુકામાં નીચે મુજબની વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

1. સફાઈ સાથે આરોગ્ય, પાણી પુરવઠો, વીજળી વ્યવસ્થા જેવી સંકલિત કામગીરી
2. સુરત મનપા, વડોદરા મનપા તથા અન્ય નગરપાલિકાના સફાઈ કર્મચારીઓની ટીમો દ્વારા સઘન સફાઈ ઝુંબેશ.
3. ૪૬૬ સફાઈ કામદારો તથા ૩૬ મેનેજરીયલ સ્ટાફ મારફત કામગીરી.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

4. એ.પી.એમ.સી.માં ૧૨૩૨ ફેરા દ્વારા ૨૮૧૯ મેટ્રીક ટન ઘનકચરાનો તમામ ૬૪ શેડ તથા ૨૦૦ વખારોમાંથી નિકાલ જેમાં ૩૩ ટ્રેક્ટરો, ૭૦ જે.સી.બી., ૨ લોડર, ૩ ડીવોટરીંગ પંપ, ૩ હીટાચી મશીન, ૮ જેટીંગ મશીન, ૫ સુપર સકર મશીન, ૨ મડપંપ, ૨ ફાયર ટેન્ડર , ૭ ફોગીંગ મશીન, ૬૪ ડમ્પર મારફતે સફાઈની કામગીરી હાથ ધરી હતી.
5. ૧૭ મેટ્રીક ટન મેલેથીયોનનો જંતુનાશક તરીકે છંટકાવ
6. કુલ ૭૬૫૧ મેટ્રીક ટન ઘન કચરાનો નિકાલ.
7. ૧૬ લાખ લીટર સ્લરી (કદડો)નો ૫ સુપર સકર મશીન દ્વારા નિકાલ
8. ૯૦% રહેણાંક વિસ્તારોને ૭ આરોગ્ય અને સેનીટેશન ટીમ તથા ૧૪ ટ્રેક્ટર તથા ૭ જે.સી.બી. દ્વારા સ્વચ્છ કરવામાં આવેલ છે.
9. વીજળી, પાણી અને અન્ય માળખાકીય સુવિધાઓ પૂર્વવત.
10. આરોગ્ય ખાતા દ્વારા ૮ ફોગીંગ મશીનથી ૨,૪૩૮ મકાનોમાં ફોગીંગ અને સ્પ્રેઈંગની કામગીરી
11. ૧૪ મેડીકલ ઓફિસર અને ૪૨ હેલ્થ વર્કરની ટીમો બનાવી હાઉસ ટુ હાઉસ ૩૬૫૦ મકાનોનો સર્વે. ૯ મેડીકલ ટીમો દ્વારા ૧૨૯૯ ઓપીડી.

સ્વચ્છતા અંગે રાજ્ય સરકાર દ્વારા વિશેષ આયોજન કરી મહાનગરપાલિકા અને નગરપાલિકા દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોમાં અન્ય જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચયત દ્વારા વિશેષ સફાઈ અભિયાનો હાથ ધરવામાં આવ્યા. શહેરી વિકાસ વિભાગ તેમજ પંચાયત વિભાગ દ્વારા વધારાના અધિકારીઓ/ કર્મચારીઓ, સફાઈ કામદારો, સફાઈના સાધનો તેમજ વધારાની ગ્રાન્ટની પણ ફાળવણી કરવામાં આવી. રાહત કામોમાં સર્વે તેમજ મનરેગાના કામો ચાલુ કરાવવા ૪૨૨ તાંત્રિક કર્મચારીની પ્રતિનિયુક્તિ કરવામાં આવી. અતિવૃષ્ટિગ્રસ્ત ગામોમાં મનરેગા હેઠળ કાર્યો ચાલુ કરાયા જેમાં ઘન-પ્રવાહી કચરાનો નિકાલ, ડીસીલ્ટિંગના કામો (માટી/ગાર કાઢવી) વોટર લોગીંગ વિસ્તારમાં પાણી નિકાલના કામો, ગામના આંતરિક રસ્તાનું સમારકામ, જાહેર મિલકતોનું નવીનીકરણ, વરસાદી પાણીના નિકાલ માટેની કાંસ જમીન વિકાસના કામો સમાવિષ્ટ કરવામાં આવ્યાં.

રોગચાળા અટકાયતની કામગીરીના ભાગ રૂપે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

1. રાજ્યમાં પૂરગ્રસ્ત/ ભારે વરસાદની અસર થયેલ વિસ્તારોમાં કુલ ૯૬૧ આરોગ્ય ટીમ મારફત ૨૨,૮૮,૮૨૬ લોકોનો સર્વે કરવામાં આવેલ છે. ૩૦,૪૧૦ લોકોને સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે.
2. ૯૦ તબીબી અધિકારીઓ અને ૪૦ આરોગ્ય કાર્યકરો બહારથી મુકવામાં આવેલ છે. હાલ જિલ્લામાં ૨૨૫ તબીબી અધિકારીઓ અને ૨૦૧૨ આરોગ્ય કાર્યકરો મારફત આરોગ્યલક્ષી સર્વે તેમજ તપાસણી કરવામાં આવી રહેલ છે. આ વિસ્તારોમાં ૬,૩૧,૬૮૨ની વસતિ સર્વે હેઠળ આવરી લેવાય છે.
3. પુરતા પ્રમાણમાં દવાઓ, ક્લોરીન ટેબલેટ, ઓ.આર.એસ. અને બીજી જીવન જરૂરિયાતની દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવ્યો.

નુકસાનીના સર્વે, સહાય વિતરણ અને પુન:નિર્માણના કાર્યોમાં કૃષિ, પશુપાલન અને સિંચાઈ વિસ્તારને આવરી લઈ પાક નુકસાન માટે બનાસકાંઠા જિલ્લામાં ૪૯૦૭ હેક્ટર જમીન તેમજ પાટણ જિલ્લામાં ૭૪૬૪ હેક્ટર જમીનનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો. બનાસકાંઠા જિલ્લામાં ૧૩૦ ટીમો દ્વારા ૧૧૧૦૫ પશુ મૃતદેહોનો નિકાલ કરવામાં આવ્યો. જેમાં ૭૪૫૦ પશુઓની સામે ૨૧૭.૯૨ લાખ સહય ચુકવવામાં આવેલ છે.પાટણ જિલ્લામાં ૪૩ ટીમો દ્વારા ૨૦૨૧ પશુ મૃતદેહોનો નિકાલ કરવામાં આવ્યો. જેમાં ૧૫૩૬ પશુઓની સામે ૨૩૩.૯૭ લાખ સહાય ચુકવવામાં આવેલ છે.

અન્ય રાહત અને સહાય વિતરણની કામગીરીમાં નાગરિક પુરવઠા વ્યવસ્થા અંતર્ગત નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવી.

1. બનાસકાંઠામાં ૧૪૬ અને પાટણ જિલ્લામાં ૧ કોમ્યુનિટી કીચન શરૂ કરી બે ટંક ભોજનની વ્યવસ્થા
2. સફાઈ કામદારો તથા અન્ય સ્ટાફ માટે ધાનેરામાં રસોડુ કાર્યરત કર્યુ
3. બનાસકાંઠામાં ૨૫,૦૦૦ અને પાટણમાં ૧૦,૦૦૦ રાહત કીટનું વિતરણ
4. ૪૭૪ની કિંમતની રાહત કીટનું વિતરણ કર્યુ જેનો ખર્ચ રૂપિયા ૧૬૬ કરોડ છે.
5. ખાસ સંજોગોમાં બાયોમેટ્રીક વિતરણના સ્થાને મેન્યુઅલ વિતરણની પરવાનગી આપી
6. પેટ્રોલિયમ પદાર્થો તથા આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે તે અંગે સતત મોનીટરીંગ.

સ્વૈચ્છિક સંસ્થાઓની સહભાગીદારીથી બનાસકાંઠા જિલ્લામાં ૫૦,૦૦૦ રાશન કીટની જરૂરિયાત સામે ૫૩,૩૪૬ કીટ મળેલ છે. ૧૦,૦૦૦ ટારપોલિનની જરૂરિયાત સામે ૧૧,૩૦૦ મળેલ છે. ૬૮૦૦ બ્લેંકેટ અને ૫૯,૬૦૦ અન્ય સામગ્રી (કપડા, સાડી વગેરે..) મળેલ છે જે તમામનું વિતરણ કરેલ છે. સ્વૈચ્છિક સંસ્થાઓની સહભાગીદારીથી પાટણ જિલ્લામાં ૫૦,૦૦૦ રાશન કીટની જરૂરિયાત સામે ૪૬,૧૧૦ કીટ મળેલ છે. ૧૨૬૦ ટારપોલિનની જરૂરિયાત સામે ૪૩૩૨ મળેલ છે. ૫૦૦૦ બ્લેન્કેટ અને ૧૧૦૦ અન્ય સામગ્રી (કપડા, સાડી વગેરે..) મળેલ છે અને તેનું વિતરણ કરેલ છે. ઔદ્યોગિક સંસ્થાઓ

દ્વારા ૧૩,૦૦૦ બ્લેન્કેટ, ૬૭૫૪ તાડપત્રી, ૧૬,૮૦૦ ઘરવખરી કીટ અને ૨,૫૭,૪૦૭ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે.

વાહન વ્યવહારની કામગીરી અન્વયે ૧૯૦ જે.સી.બી., ૧૫૩ ટ્રક, ૧૨ બસ, ૧૯ ડમ્પર, તથા ૨૦ ટ્રેક્ટર રાહત કામગીરી અર્થે પુરા પાડવામાં આવેલ. સાથોસાથ ૪ ટેકનિકલ ટીમ સરકારી વાહન સાથે ડીપ્લોય થયેલ. અમદાવાદના ટ્રાન્સપોર્ટરોએ રૂ. ૧૬ લાખની રાહત સામગ્રી પૂરી પાડેલ. ૬ હજાર નંગ ફૂડ પેકેટ, ૧૪૦ નંગ ( ૫ લીટર) ઓઈલ કન્ટેનર તથા ૫૦૦ લીટર ફૂડ ઓઈલ રોગચાળો અટકાવવા માટે મોકલાવેલ છે.

શિક્ષણના કાર્યો અન્વયે બન્ને જિલ્લાની ૩૧૬૬ શાળામાંથી ૧૫૫૪ શાળાઓ અસરગ્રસ્ત થયેલ છે. બન્ને જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી મુજબ પાઠ્ય પુસ્તકો વિદ્યાર્થીઓ માટે પહોંચાડી દેવામાં આવેલ છે. પ્રજ્ઞા શૈક્ષણિક પધ્ધતિ અંતર્ગત બન્ને જિલ્લામાં ૧૨૯૨ વર્ગની સામગ્રીને સંપૂર્ણ નુકસાન થયેલ છે. તા. ૧૨/૦૮/૨૦૧૭ સુધીમાં શાળાઓમાં સામગ્રી પહોંચાડી દેવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટી તથા અન્ય યુનિવર્સિટીના ૨૦૦૦ સ્વયં સેવકો અને ૩૦ અધ્યાપકો તથા જીટીયુના ૩૦૦ સ્વયં સેવકો અને ૪ અધ્યાપકો રાહત કામગીરીમાં જોડાયેલ છે. આમ, તા. ૨૪ થી ૨૭ દરમ્યાન બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં થયેલ ભારે વરસાદમાં સરકારશ્રી દ્વારા કરાયેલ પૂર્વ આયોજનને કારણે જાનહાનિ રોકવામાં સફળતા મળેલ છે તેમજ વરસાદ પહેલા અને તે પછી બચાવ અને રાહતના તમામ પગલાઓ ઘાસ વિતરણ, રાહત સહાય, પુન:સ્થાપન કાર્યો, સ્વચ્છતા, નુકસાનીના સર્વે, પુન:નિર્માણના કાર્યો, પાક નુકસાન, પશુધન, પાણીના નિકાલ વાહન વ્યવહાર, શિક્ષણ જેવા તમામ મુદ્દાઓ આવરી લઈ ખૂબ જ સરાહનીય કામગીરી હાથ ધરાયેલ છે.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિથી મૃત્યુ પામનાર પરિવારજનોને મારા તરફથી અને આપના તરફથી દિલાસો પાઠવું છું. બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તમામ તાલુકાઓમાં ખેતીની જમીનનું જે ધોવાણ થયેલ છે તે જમીનને ફરીથી ફળદ્રુપ કરવા માટે ઓછામાં ઓછા ત્રણ વર્ષ જેટલો સમય લાગે છે. આથી જાહેર થયેલ પેકેજથી વધારે ખર્ચ થનાર છે. તો તેમને પૂરી સહાય કરવી જોઈએ. બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તમામ ખેડૂતોના વાવેતર કરેલા પાક ધોવાઇ ગયેલ છે. હાલમાં તાત્કાલિક સરવે કરવું શક્ય ન હોઇ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ વીમો ચૂકવી આપવો જોઇએ. પેકેજ અનુસાર ગાયના મૃત્યુ માટે મળનાર સહાય રૂ.૪૦,૦૦૦/– નક્કી કરેલ છે અને ભેંસના મૃત્યુ માટે મળનાર સહાય રૂ.૫૦,૦૦૦/– નક્કી કરેલ છે. પરંતુ ગાયની કિંમત રૂ.૫૦,૦૦૦/–થી વધુ છે અને ભેંસની કિંમત રૂ.૧,૦૦,૦૦૦/– થી વધુ છે. રૂ.૪૦,૦૦૦/–ની સહાય ઘણી જ ઓછી છે. પેકેજ મુજબ ખેડૂતો તેમજ પાંજરાપોળોને એક અઠવાડિયાનો ઘાસચારો મફત આપવાની જાહેરાત કરી છે. હાલમાં ઘાસચારાનું વાવેતર થાય તો પણ ત્રણ માસ સુધી ઘાસચારો મળી શકે તેમ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મહેશભાઇ, તમે ૧૧૬ની નોટીસ આપી છે એમાં તમારી વાત રજૂ કરી છે. પરંતુ તમારે પ્રશ્નો પૂછવા હોય તો પૂછો.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પહેલો પ્રશ્ન એ છે કે જમીન ફળદ્રુપ કરવા માટે જે સહાય જાહેર કરી છે એમાં કેટલો વધારો કરવા માગો છો? મારો બીજો પ્રશ્ન એ છે કે પશુ સહાય માટે પોસ્ટમોર્ટમ રિપોર્ટ માગેલ છે એ રદ કરવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે ખેડૂતો તથા પાંજરાપોળોને ઘાસચારો એક વર્ષ સુધી વિનામૂલ્યે આપવા માગો છો કે કેમ? મારો ચોથો પ્રશ્ન છે ખેડૂતોના વિજ બિલ એક વર્ષ માટે સરકાર માફ કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વિસ્તારના ખેડૂતો પ્રત્યેની આટલી લાગણીની વાત કરે છે પણ જયારે ખરેખર એમનો વિસ્તાર ભૂતકાળમાં કયારેય ન હોય એવા સંકટમાં હતો એવા વખતે આમાંથી કોઇ મારા સામેવાળા મિત્ર એમના વિસ્તારમાં નહોતા. (અંતરાય) અમે ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી, લોકોને બચાવવામાં હતા અને એ બધા મિત્રો એમના એક વ્યકિતને બચાવવામાં હતા અને ત્યાં પણ એવું કહેતા હતા કે, વી આર એન્જોઇંગ હીયર. અહીંયા લોકો ભયંકર તકલીફમાં હતા, પૂરમાં હતા, અસામાન્ય સંજોગોમાં મુશ્કેલીમાં હતા, એ વખતે ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રોએકટીવ થઇને ત્યાં સતત સતત કામગીરી કરી. (અંતરાય) આમાં નટવરસિંહ, તમે અઠવાડીયા સુધી બહાર હતા. અમે તો પહેલા દિવસથી સ્થળ પર હતા. થોડા શરમાવ તો સારું કે અમે સ્થળ ઉપર નહોતા. તમારો એક પણ કાર્યકર્તા આ સમય દરમિયાન ત્યાં નહોતો, તમે તો નહોતા પણ તમારો એક પણ કાર્યકર્તા નહોતો અને આમ સમાજમાં એવું કહેવાય છે કે વહુ અને વહીવટને યશ ન મળે, આ પહેલી વખત ભારતીય જનતા પાર્ટીની સરકારને આ કામગીરીને કારણે વહીવટી તંત્રને યશ મળ્યો છે. પ્રોએકટીવ સરકાર કોને કહવાય એ આ સરકારે સાબીત કરી બતાવી દીધું છે પ્રોએકટીવ કોને કહેવાય. ખબર પડી ત્યારથી અત્યાર સુધી તા. ૨૧, ૨૨, ૨૩, ૨૪ જુલાઇ ત્યારથી માંડીને ૨૪મી તારીખે ખરાબ હવામાન હતું પાયલોટે પણ ના પાડી કે સાહેબ આ ખરાબ હવામાન છે. પવન સુસવાટા મારે છે. વરસાદ ચાલુ છે. ના જવાય. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કોઇપણ પરિસ્થિતિ હશે મારે જવું છે અને એ દિવસે અમે, માનનીય મુખ્યમંત્રીશ્રી, હું અને સચિવશ્રી ગયા. એ વખતે નીચે ઉભેલા શંકરભાઇએ અમે જયારે ઉતર્યા ત્યારે કીધું કે સાહેબ, તમારે આવવાની જરૂર નહોતી. જેવી રીતે કોઇ દરીયામાં કોઇ વહાણ ઝોલા ખાય એવી રીતે આકાશમાં અમારુ હેલીકોપ્ટર હવામાં ઝોલા ખાતું હતું. જયારે પણ અમને ખબર પડીને તરત જ બધા જ માધ્યમો દ્વારા વહીવટી તંત્ર દ્વારા સરપંચથી માંડીને સરકારી કાર્યકર્તા, માધ્યમો, પાર્ટીના કાર્યકર્તાઓ આ બધાએ એક જ કામ કર્યુ કે તમે સલામત સ્થળોએ ખસી જાવ, અને એ અમારી કામગીરી માટે જયારે પાછળથી ગયા ત્યારે લોકોએ કીધું કે

સમયસર જો તમે ચેતવણી ન આપી હોત તો કદાચ આનાથી અનેકગણા મૃત્યુ થયા હોત. આ સમયે બીજા દિવસે માનનીય વડાપ્રધાનશ્રી આવ્યા. બીજે જ દિવસે આવ્યા, ભૂતકાળમાં કયારેય એવું બન્યું નથી. હું કેન્દ્ર સરકાર અને માનનીય વડાપ્રધાનશ્રીનો પણ આભાર માનું છું. એમને પણ આર્મીના હેલિકોપ્ટરે ના પાડી કે સાહેબ, જઇ શકાય એવું નથી. હવામાન ખરાબ છે અને અમે ના પાડીએ છીએ. જેવી રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, કોઇપણ સંજોગોમાં મારે જવું છે એવી રીતે કેન્દ્ર સરકારે પણ કહ્યું કે હું જઇશ. તમારે વ્યવસ્થા કરવી હોય એ કરો અને વડાપ્રધાન ગયા અને ત્યાં ઉતરીને અમારી માગણી પહેલાં જ એમણે કહ્યું કે, પ્રાથમિક તબક્કે હું તમને ૫૦૦ કરોડ રૂપિયાની સહાય જાહેર કરું છું. અમારું પહેલું કામ બચાવની કામગીરી હતી અને જે અમે સુપેરે અને સારી રીતે અમારા બધા જ માધ્યમો અને એજન્સીઓ દ્વારા પૂરી કરી છે. કેન્દ્ર સરકારનો હું ફરી એકવાર આભાર માનું છું કે રાષ્ટ્રીય સ્તરે કન્ટ્રોલ રૂમમાં બેઠા બેઠા કેન્દ્ર સરકારની પાસે જ્યારે જે માગ્યું તે આપ્યું છે. એન.ડી.આર.એફ. મોકલો તો મોકલી, એસ.ડી.આર.એફ. તો આપણી હતી જ. આર્મી, એરફોર્સ, સ્થાનિક પોલીસને કામે લગાડી અને ગુજરાતે એઝ એ ટીમ તરીકે કામ કરતું હોય એ રીતે બચાવ કામગીરી, અદભૂત કામગીરી કરી. આ કામગીરી પૂરી થઇ અને તરત જ રાહતની કામગીરી અને આ સંજોગોમાં ધાનેરા ખાતે હું અને માનનીય મુખ્યમંત્રીશ્રી ગયા ત્યારે ધાનેરામાં મોરબી હોનારત વખતના સાક્ષી હશે એમને ખબર છે કે જે પ્રકારની સ્થિતિ થઇ હતી એ જ પ્રકારની સ્થિતિ ધાનેરાની થઇ હતી. મેં અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યું કે, મોરબી હોનારત જેવી જ સ્થિતિ છે અને ત્યાં જ નિર્ણય કર્યો અને સુરત મ્યુનિસિપલ કમિશનરશ્રી થૈન્નારશમને કહ્યું કે આવતીકાલે આખી ટીમ લઇને તમે આવી જાઓ. આજે તમે જુઓ તો ખબર ન પડે કે આ ધાનેરામાં કીચડ, સ્લરી, અનાજના ગોડાઉનોમાં અનાજ સડી ગયેલા અને એવી દુર્ગંધ મારે કે રહી ન શકાય. એવી સ્થિતિમાં અમે બચાવ કામગીરી તો અદભૂત રીતે પુરી કરી અને સાથો સાથ રાહતની કામગીરી હાથ ધરી અને સ્વચ્છતાની કામગીરી હાથ ઉપર લીધી કે જેથી રોગચાળાનો ફેલાવો ન થાય. તે દિવસથી આજ દિન સુધી કોઇ ભયંકર રોગ કે રોગચાળાના સમાચાર નથી. એનું કારણ એ છે કે અમે સમયસર કામગીરી કરી એના કારણે આજે આ સારી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. અમે ૧ લાખ ૧૨ હજાર લોકોનું સ્થળાંતર કરાવ્યું. ૧૮,૦૮૮ લોકોને એન.ડી.આર.એફ.ની ટીમે મોતના મુખમાંથી બચાવ્યા, ધસમસતા પૂરમાંથી બચાવ્યા. સ્થાનિક પોલીસે હિંમત કરીને બચાવ્યા. આ બધી જ એજન્સીઓએ બચાવ્યા. કેન્દ્રીય મંત્રી તરત ગયા. આ બન્ને સરકારની સંવેદનશીલતા તો જુઓ કે માત્ર નિવેદનથી બેંગલોરમાંથી સહાનુભૂતિ નહીં પણ પ્રત્યક્ષ આવીને સહાય આપી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવજી, તમે ઘડીએ ઘડીએ ટોકો નહીં. હું આ ચલાવી લઇશ નહીં.(અંતરાય) તમે તમારી મર્યાદામાં રહો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જમીન સુધારણા માટે ૧૩૧૧ કરોડ રૂપિયા, અસરગ્રસ્ત ખેડૂતોને વીજ બિલમાં ૩ મહિના સુધી રાહત, પશુ સહાય માટે અને સારવાર માટે ૩૦ કરોડ રૂપિયા, વેપાર અને વ્યવસાય માટે ૧૨ કરોડ રૂપિયા, જોઇતાભાઇના વિસ્તારમાં પહેલી વખત વેપાર ધંધામાં જોગવાઇ નથી પણ બધાને અમે સામેથી બોલાવ્યા કે બોલો, તમારે બેઠા થવા શું કરવું છે? એમને બેન્કની સહાય માટે બે વર્ષ માટે ૫ લાખ, ૧૦ લાખ, ૧૫ લાખ, અરે ૫,૧૦ અને ૫૦ હજાર અમે તમને રોકડ આપીશું. જે તે ઉદ્યોગને ધ્યાનમાં રાખીને અને બાકીની લોન બેન્કમાંથી લેશો તો અમે બે વર્ષ સુધી એનું વ્યાજ સરકાર ભરશે. આવું ભૂતકાળમાં ક્યારેય બન્યું નથી. મોટાપાયે જમીન ધોવાણ સંબંધે અગાઉ ૬૦ હજારની જોગવાઇ હતી એ અમે ૮૦ હજારની સહાય આપી છે. ઘાસચારા માટે વાત કરી છે. કોઇની પણ માગણી સિવાય માનનીય મુખ્યમંત્રીશ્રીએ શરૂઆતમાં કહ્યું કે બન્ને જિલ્લામાં ગૌશાળાઓ, પાંજરાપોળો સહિત અમે અઠવાડિયા સુધી મફત ઘાસ આપ્યું છે અને હજી કહ્યું છે કે જરૂર પડશે તો વધારે સમય લંબાવવાની અમારી તૈયારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ પુરવઠો, મારે ખરેખર મારા સાથી મંત્રીને ધન્યવાદ આપવા છે. હું કંટ્રોલરૂમમાં બેઠો હતો મને ખબર છે કે પહેલા દિવસે ૬૮૫ ગામમાં લાઇટ બંધ, બીજા દિવસે? તો કહે કે ૪૮૫. ૨૦૦-૨૦૦ ઘટતાં જાય અને હજુ તો ૧૦ દિવસ થયા નથી અને આજે એક પણ ગામડું એવું નથી કે લાઇટો બંધ હોય આ નાની વાત નથી. એવી જ રીતે મારે નીતિનભાઇને પણ અભિનંદન આપવા જોઇએ કે અમને સહાયનો ધોધ વર્ષ્યો પણ ત્યાં જવા માટે રસ્તા જોઇએ કે નહિ? સ્ટેટ હાઇવે તૂટી ગયા, ગ્રામ્ય રસ્તા તૂટી ગયા, ક્યાંક ક્યાંક નેશનલ હાઇવેની પણ અમારે તકલીફ સહન કરવી પડી પણ યુદ્ધના ધોરણે હું આર.એન્ડ બી.ને પણ એટલા જ ધન્યવાદ આપું છું કે બધી સામગ્રી અમે ગામ સુધી પહોંચાડવા માટેની બધી જ વ્યવસ્થા અમે કરી શક્યા. કારણ કે લાઇટ ચાલુ અને રસ્તા પણ ચાલુ કરવામાં આવ્યા. મારે મારા વલ્લભભાઇને પણ અભિનંદન આપવા છે બસરૂટ જે બંધ થયા હતા ૨૮૧ એ બધા રૂટો આજે ચાલુ કરી દેવામાં આવ્યા છે. સફાઇ સાથે આરોગ્ય, પાણી પુરવઠો, વીજળી વ્યવસ્થા, સંકલન કામગીરી, સુરતની ટીમ, વડોદરાની ટીમ. માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૃહને પણ કહેવું છે કે એક નાના ગામની અંદર એક ૨૫-૩૦ હજારની વસ્તીવાળું આટલું ગામ અને એમાં ૩૩ ટ્રેક્ટરો આખો દિવસ કામ કરે. ૨૮૧૯ મે.ટન ઘન કચરો અમે બહાર કાઢ્યો. ૭૦ જેસીબી નાના એવા ધાનેરામાં ફરે, ૨ લોડર, ૩ ઇ-વોટરીંગ પંપ, ૩ હીટાચી, ૮ જેસીબી મશીન, ૫ સુપર ક્રશર મશીન અનેક પ્રકારની સુવિધા જે અદ્યતન પ્રકારની સુવિધા હોય એ બધી જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે બનાસકાંઠા અને પાટણની અંદર યુદ્ધના ધોરણે કામ કરો, તો અમે એ રીતે યુદ્ધના ધોરણે કામ કર્યુ છે. બનાસકાંઠાના લોકોએ કહ્યું કે અમને પહેલીવાર અનુભવ થયો કે કામગીરી યુદ્ધના ધોરણે કેવી થાય છે? એવી કામગીરી થઇ છે. રોગચાળો અટકાવવા માટે પણ અમે એટલા જ સજાગ છીએ. અત્યાર સુધીમાં અમે ૯૬૧ ટીમ મોકલી ૨૨ લાખ ૮૮

હજાર ૬૨૬ લોકોનો અમે સરવે કરાવ્યો અને ૩૦૪૧૦ લોકોને સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવી. હું મિલિટ્રીનો આ તકે આભાર માનું છું કારણ કે મિલિટ્રીએ પોતાની આરોગ્યની સેવા ત્યાં ચાલુ કરી.

આ ઉપરાંત પણ માણસને બચાવવાનું પહેલું સૂત્ર પહેલા દિવસથી અમારા વિજયભાઇએ કહ્યું કે અત્યારે આ ધસમસતાં પૂર અને ૩૧–૨૪ ઇંચ વરસાદ પડે, કુદરતના પ્રકોપની સામે આપણે જ સામે આવવું જોઇએ અને એની સામે આવવા માટે તંત્ર અને સરકારની સૂચના સરકારના બધા લોકો, વહીવટી તંત્રના બધા જ લોકો સ્થળ ઉપર હાજર રહ્યાં એના પરિણામે આ તકે હું સૌનો આભાર માનું છું. સેંકડો લોકોનો જીવ અમે બચાવી શક્યા છીએ. આ કામગીરી સિવાય પણ અને મોડા મોડા પણ મારા સાથીઓ સામે આવ્યાં છે ત્યારે એમના કોઇ સૂચનો હશે તો માનનીય મુખ્યમંત્રીશ્રી એ સૂચનો પણ ધ્યાનમાં લેશે. અમારા ઉદાર મુખ્યમંત્રીશ્રી એ પણ કામગીરી અને હા, મોરબીમાં બન્યું હતું બાબુભાઇ જશુભાઇ ત્યાં ૫ દિવસ રોકાયા હતા પછી નરેન્દ્રભાઇ સુરત ૩ દિવસ રોકાયા હતા, ત્યાર પછી પહેલીવાર ગુજરાતના ઇતિહાસમાં આવા સમયમાં, આવી કફોડી પરિસ્થિતિમાં, આવી આફતમાં કોઇ મુખ્યમંત્રી પોતાની ૧૪ મંત્રીમંડળની ટીમ એક સાથે ૫–૫ દિવસ સુધી એ વિસ્તારમાં ફરે. બધા ધારાસભ્યો, ભારતીય જનતા પાર્ટીની આખા રાજ્યની ટીમ, તાલુકા તાલુકાની ટીમ ૧૨૩૪ બનાસકાંઠાના ગામ મારી ભૂલ ના થતી હોય તો બનાસકાંઠાના મિત્રો ૧૨૩૪ ગામ છે. એ બધા જ ગામમાં ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા લોકોની મદદ પહોંચ્યો છે. અને હા, હા, મુખ્યમંત્રીએ ધાર્યું હોત ૨જી ઓગષ્ટે પોતાનો જન્મ દિવસ છે. કુટુંબ સાથે રાજકોટ કે અમદાવાદ ગયા હોત, અહીંયા કોઇ ધાર્મિક સ્થાનો પર ગયા હોત. એન્જોય ધ ડે. પણ લોકો ગમે ત્યાં ગયા હશે પણ પોતે મને યાદ છે અને હું એ દિવસનો સાક્ષી છું કે ૭ ગામોની મુલાકાત અને એ પણ બોટમાં પાણીમાં જઇને લોકો વચ્ચે પોતાનો જન્મ દિવસ ઉજવે અને માત્ર અમે સંવેદનશીલ છીએ, અમે પ્રમાણિક છીએ, અમે ત્વરિત નિર્ણય કરીએ છીએ એ છાપામાં આપવા માટે નહીં, ભાષણોના મુદ્દા નથી, આ અમલીકરણના મુદ્દા છે એ પણ આ આફતની અંદર રાજ્ય સરકારે સાબિત કરી બતાવ્યું છે. આ સિવાય પણ કેશડોલ્સનું કામ લગભગ પૂરું થઇ ગયું છે. ઘરવખરીનું કામ લગભગ ૯૦ ટકા પૂરું થઇ ગયું છે. મકાન સહાયની સરવેની કામગીરી પણ ચાલુ છે. જયાં સરવે થયો છે ત્યાં તરત આપી દેવામાં આવી છે. પશુ માટે કહેવામાં આવ્યું છે મહેશભાઇ દ્વારા તો હું શંકરભાઇને અભિનંદન આપું કે એમને ખબર નહોતી કે આ આફત આવવાની છે પણ અગાઉથી કોઇ કારણસર જેમ માણસની સેન્સસ થાય છે, વસ્તી ગણતરી થાય છે એવી રીતે શંકરભાઇએ એમની ડેરીમાં પશુઓની વસ્તી ગણતરી કરી. મહેશભાઇ, હું ખેડૂત છું. મેં મારા પાંચ પશુ ડેરીના ચોપડામાં નોંધાવેલા છે. હયાત ત્રણ છે, બે તણાઇ ગયેલા છે. એ રેકોર્ડ જોઇને સાબિત થશેને તો અમે બાકીનાને પણ આપીશું. પહેલા ૩૦૦૦૦ હતી, હવે અમે ૪૦૦૦૦ કરી. પહેલા ત્રણ પશુઓ માટે હતી, હવે પાંચ પશુઓ માટે કરી છે. ખેડૂતોને ખૂબ નુકસાન થયું છે. અમે બધા જ ત્યાં જયારે પહોંચ્યા ત્યારે અમે દ્રવિત થઇ ગયા હતા. ખૂબ ધોવાણ થયું છે. પાણીના વહેણ બદલાઇ ગયા છે. કોઇને પચાસ ફુટ, કોઇને સો ફુટ આ માનવીય કામની અંદર ત્યાં તાદ્રશ્ય જોઇને જયારે નિરીક્ષણ કર્યું ત્યારે એમ થયું કે વધારે મદદ કરવાની જરૂર છે. મેં પહેલા સહાયની જાહેરાત કરી છે. આ સિવાય પણ અનેક પ્રકારની કામગીરી થઇ. લોકોને આજે કોઇ ફરિયાદ નથી એ અમારી સફળતા છે. ગોવાભાઇ, તમે બોલજો. વાંધો નથી તમારો વિસ્તાર છે એટલે પણ પહેલીવાર આવું બન્યું છે કારણકે હું તો જાહેર જીવનમાં બહુ લાંબા સમયથી છું. આવા આફતના સમય પછી વિરોધ પક્ષ જાય ને તો ફરિયાદ ન કરે પણ જયારે સરકાર જાયને તો ચોકકસ એને ફરિયાદ, ફરિયાદ અને ફરિયાદ જ સાંભળવી પડે. હું ઇશ્વર સાક્ષીએ કહું છું. રાજકીય ભાષણ નથી કરતો. ઇશ્વર સાક્ષીએ આ પવિત્ર જગ્યા ઉપર ઉભો રહીને કહું છું કે અમને ૧૦ દિવસની અંદર એક પણ ફરિયાદ સાંભળવા મળી નથી અને એમાં હું માત્ર અમારી કામગીરીને બિરદાવતો નથી. હું બનાસકાંઠાની જનતાની ખાનદાની અને ખમીરીને પણ એટલા અભિનંદન આપું છું. એમણે પણ કહ્યું કે આમાં સાહેબ તમારો શું વાંક છે? આ તો ઇશ્વરી પ્રકોપ છે તમારો કંઇ વાંક નથી. અમે તમારો આભાર એટલા માટે માનીએ છીએ કે આવા સમયે તમે આવ્યા, અમારા ન આવ્યા એટલું એમનું કહેવું હતું.

અધ્યક્ષશ્રીઃ નેકસ્ટ. (અંતરાય) જોષીયારાજી, હું સમય આપું છું અત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડરનો સમય નથી. (અંતરાય) જોષીયારાજી, હું પોઇન્ટ ઓફ ઓર્ડરનો સમય આપું છું. અત્યારે સમય નથી. હું તમારી લાગણી સમજું છું અને એટલા માટે જ મેં હા પાડી તમને. એટલા માટે હું તમને આપું છું સમય. નેકસ્ટ. (અંતરાય)

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૭ ગુજરાત સહકારી મંડળી (સુધારા) વટહુકમ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન–૨૦૧૭નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૧૭નો ગુજરાત સહકારી મંડળી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

નિવેદન તથા વટહુકમ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

(અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો ભાઇઓ બેસો. અમે જઇને આવ્યા, હું જઇને આવ્યો છું. ખાલી ખાલી વાર્તાઓ કરવાવાળા શું ઉભા છો? બેસો શાંતિથી શરમ નથી આવતી? નેકસ્ટ.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૫-૧૬નો ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી આત્મારામ મ.પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી હું ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : ગોવાભાઇ હું અહીથી કઇ કહું એ પહેલા બેસો. તમે મર્યાદા ચૂકો છો. પ્લીઝ(અંતરાય)

સન ૨૦૧૫-૧૬ નો દહેજ સેઝ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રોહિતભાઇ પટેલ ( રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું દહેજ સેઝ લિમિટેડના સન ૨૦૧૫-૧૬ ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડીટ અહેવાલો, ભારતના કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

સન ૨૦૧૫-૧૬ નો ગુજરાત ઔધોગિક વિકાસ નિગમનો વાર્ષિક હિસાબ, તપાસણી અહેવાલ

શ્રી રોહિતભાઇ પટેલ ( રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔધોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૫-૧૬ ના વર્ષનો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો, અહેવાલ, નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

સન ૨૦૧૩-૧૪ નો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ તેમજ નિવેદન

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૩-૧૪નો ઓડિટ અહેવાલ, તેના પર લેવાયેલ પગલાનું નિવેદન તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા

સન ૨૦૧૬-૧૭ નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી ( રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : તમે મને સલાહ આપશો? તમે સલાહ આપશો. બેસો બહુ થયું. (અંતરાય) અધિકારોની અમને ખબર પડે છે. તમારા શું અધિકારો છે? મને સમજાવવાની જરૂર નથી. જરાય સમજાવવાની જરૂર નથી. બધા પોતાના સ્થાન ઉપર બેસો. (અંતરાય)

સન ૨૦૧૫-૧૬ નો ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( નાયબ મુખ્યમંત્રીશ્રી વતી મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટેની સ્પષ્ટીકરણયાદી સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા યાદી સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

સન ૧૯૭૬ના અને સન ૨૦૦૩ ના અધિનિયમો હેઠળ નાણા વિભાગે બહાર પાડેલી અધિસૂચનાઓ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નાયબ મુખ્યમંત્રીશ્રી વતી મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૬ના ગુજરાત રાજ્ય વ્યવસાય,વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ અન્વયેની નાણા વિભાગની તા. ૧૨-૦૫-૨૦૧૭ની,

અધિસૂચના ક્રમાંકઃ (જીએચએન-૧૬)પીએફટી-૨૦૧૭-(એસ-૨૭)-(૧૩)/ઠ(૨) સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની નાણા વિભાગની,

(૧) તા. ૧૧-૪-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૦૮) વીએઆર-૨૦૧૭(૪૧)/ઠ

(૨) તા. ૫-૫-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચએન-૧૩) વીએઆર- ૨૦૧૭(૪૨)/ઠ

(૩) તા.૧૨-૫-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૧૪)વીએઆર-૨૦૧૭(૪૩)/ઠ

(૪) તા. ૧૨-૫-૨૦૭ની અધિસૂચના ક્રમાંકઃ(જીએચએન-૧૫)વીએઆર-

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

૨૦૧૭(૪૪)/ઠ

(૫) તા. ૧૭-૫-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચએન-૧૮)વીએઆર- ૨૦૧૭(૪૫)/ઠ

(૬) તા. ૨૨-૫-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચએન-૨૦) વીએટી-૨૦૧૭-એસ.૫(૨)(૫૪)-ઠ વિધાનસભાના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.

અધ્યક્ષશ્રી : મિત્રો, મેં તમને કહ્યું છે તેમ..ભાષણની જરાય જરૂર નથી. મેં ફરીથી કહ્યું જોષીયારાને બોલવાનું કહ્યું. એનો સમય અને સંજોગો આવશે ત્યારે બધાને તક આપીશ. અત્યારે અકારણસર ઉભા થઇને ડિસ્ટર્બ કરશો તો ચલાવી લેવામાં નહિ આવે. ચાલો નેક્સ્ટ.

સન ૨૦૧૭ ના અધિનિયમ હેઠળ શિક્ષણ વિભાગની અધિસૂચનાઓ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૭ના ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ અન્વયેની શિક્ષણ વિભાગની,

(૧) તા.૨૦-૪-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૧૫/ બીએમએસ/ ૧૧૧૭/ ૮૩/છ

(૨) તા.૨૫-૪-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૧૬/બીએમએસ/૧૧૧૭/ ૮૩/છ

(૩) તા.૨૫-૪-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૧૭/બીએમએસ/૧૧૧૭/ ૮૩/છ

(૪) તા.૨૫-૪-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૧૮/બીએમએસ/૧૧૧૭/ ૮૩/છ

(૫) તા.૨૫-૪-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૧૯/બીએમએસ/૧૧૧૭/ ૮૩/છ

(૬) તા.૨૫-૪-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/ એસએચ/ ૨૦/ બીએમએસ/ ૧૧૧૭/ ૮૩/છ

(૭) તા.૧૭-૬-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૪૬/બીએમએસ/૧૧૧૭/ ૮૩/છ

સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.

( આ તબક્કે વિરોધપક્ષના હાજર સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા)

સન ૨૦૧૩ના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના જાહેરનામા

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) : માનનીય અધ્યક્ષશ્રી, હું ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના,

(૧) તા.૨૭-૦૧-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૧/પીડીએસ/ ૧૦-૨૦૧૬-૧૫૧-સી-૧

(૨) તા.૨૩-૦૨-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૧૨/પીડીએસ/ ૧૦-૨૦૧૬-૧૫૧-સી-૧

(૩) તા.૨૩-૦૨-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૧૩/પીડીએસ/ ૧૦-૨૦૧૬-૩૩૦-સી-૧

(૪) તા.૨૨-૦૩-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૧૦-૨૦૧૬ /૧૮ /પીડીએસ/ ૧૦-૨૦૧૬-૧૫૦-સી-૧

(૫) તા.૨-૦૪-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/ ૨૦૧૬/૨૦/એમકેએમ/ ૧૦/૨૦૧૫/૭૦૪૯૩૫/સી-૧

(૬) તા.૨૬-૧૦-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૩૬/ પીડીએસ/ ૧૦-૨૦૧૬/૨૦૮૫/ક-૧

(૭) તા.૨૫-૧૧-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૪૫/પીડીએસ / ૧૦- ૨૦૧૬/૧૫૧/સી-૧

(૮) તા.૧૬-૧૨-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૭/૨/ પીડીએસ/ ૧૦-૨૦૧૬/૨૬૮૯/સી-૧

(૯) તા. ૨૧-૩-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃજીટીએચ/૨૦૧૭/ ૧૧/પીડીએસ/ ૧૦-૨૦૧૬/૧૬૬૭/સી-૧

(૧૦) તા. ૧૩-૪-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૭/૧૨/ પીડીએસ/ ૧૦-૨૦૧૭/૯૨૨૮૨/સી-૧

(૧૧) તા. ૧૬-૪-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૭/૧૩/પીડીએસ/ ૧૦૨૦૧૭ /૯૨૨૮૨/સી-૧

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

તથા ઉકત ક્રમાંક (૧) થી (૭) પરનાં જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા

સન ૨૦૦૯ના અધિનિયમ અન્વયે ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ

શ્રી રોહિતભાઇ પટેલ ( આયોજન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેની ઉદ્યોગ અને ખાણ વિભાગની,

(૧) તા. ૧૪–૮–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ/૨૦૧૩/૧૬
એસઆઇઆર/૧૧૨૦૧૨/૧૨૭૬/આઇ

(૨) તા.૩૦–૯–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક– જીએચયુ/૨૦૧૬/૮૭
એસઆઇઆર/૧૧૨૦૧૨/૧૨૭૬/આઇ

તથા આ અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યું.

અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ પર મૂકવા બાબત

સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંકઃ ૭, ૨૫, ૨૬ અને ૨૭

સચિવશ્રી: માનનીય અધ્યક્ષશ્રી, તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંકઃ ૭ અને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક– ૨૫, ૨૬ અને ૨૭ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે. (અંતરાય) પોતપોતાના સ્થાન ઉપર જતા રહો. જેટલા પણ સભ્યો ઉભા છે તે પોતપોતાના સ્થાન ઉપર જાય. પ્લીઝ પોત પોતાના સ્થાન ઉપર જતા રહો. પ્લીઝ જેટલા જેટલા મિત્રો પોતાના સ્થાન ઉપર નથી તે પોતાની જગ્યા ઉપર જાય. સૌ પહેલાં પોતપોતાના સ્થાન ઉપર જાઓ પછી આગળની વાત સાંભળવામાં આવશે. પહેલાં પોતાની જગ્યા ઉપર જાઓ, પોતાના સ્થાન ઉપર જાઓ. પોતાના સ્થાન ઉપર જાઓ પછી તમારી વાત સાંભળીશ. તમે તમારા સ્થાન ઉપર જાઓ પછી તમારી વાત સાંભળવામાં આવશે. પ્લીઝ પોતપોતાના સ્થાન ઉપર જાઓ. પ્લીઝ પોતપોતાના સ્થાન ઉપર જાઓ. ડો.અનિલ જોષીયારાજી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૯મી ઓગષ્ટ એટલે આદિવાસી દિવસ છે ત્યારે ગુજરાતની એક કરોડની આદિવાસી જનતા અને આ દેશની દસ કરોડની આદિવાસી જનતા અને આખું વિશ્વ આદિવાસી દિવસ ઉજવી રહ્યું છે ત્યારે અમારા સૌની લાગણી છે અને સામે અમારા આદિવાસી મિત્રો પણ આજે દેખાતા નથી. તે પણ પોતાના વિસ્તારમાં આદિવાસી દિવસની ઉજવણી માટે ગયા હશે તેવું માનું છું. ત્યારે અમને અહીં બોલવાની તક મળતી નથી. હું આશા રાખું સરકાર તરફથી કે આજના દિવસે ગુજરાત સરકાર રજા જાહેર કરે. આજના દિવસે ઉત્સવ ઉજવવાનો હોય છે ત્યારે અમારા સમાજ માટે, અમારા દરેક લોકોને ભેગા કરવા માટેનો એક દિવસ છે ત્યારે સરકારશ્રી તરફથી અમે આશા રાખીએ છીએ, માનનીય મુખ્યમંત્રીશ્રી તરફથી આશા રાખીએ છીએ કે આજના આદિવાસી દિવસ તરીકે આપ રજા જાહેર કરો.

શ્રી વિજયકુમાર ર.રૂપાણી : (મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજે દુનિયા આખામાં આદિવાસી દિવસ તરીકે ૯ મી ઓગષ્ટ ઉજવાય છે. આપણા સમગ્ર સમાજ તરફથી આદિવાસી સમાજને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. આદિવાસી સમાજના હકક, અધિકાર, સુરક્ષા માટે આપણે સૌ કટિબદ્ધ બનીએ. આદિવાસી સમાજ સામાન્ય ધારામાં સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ધ્યાનમાં રાખીને પાછળ ન રહી જાય, બધાની સાથે રહે તે માટે પણ આપણે સૌએ સંકલ્પ કરવા પડે. માનનીય જોષીયારાજીએ વાત કરી પણ સરકાર જ આજે આદિવાસી સમાજ માટે આદિવાસી દિવસ તરીકેના કાર્યક્રમો ત્રણ જગ્યાએ ઉજવી રહી છે અને માનનીય ગણપતભાઇ, શબ્દશરણભાઇ એ બધા લોકો કાર્યક્રમમાં ભાગ લેવા ગયા છે એટલે હાજર નથી એટલા માટે સ્પષ્ટતા કરું છું અને આજના દિવસની શુભેચ્છા પાઠવું છું. રજાની વાત કરી પણ એના માટેનું નોટિફિકેશન બહાર પાડવું પડે આજને આજ એવી રીતે રજા ન થઇ શકે એ સ્પષ્ટતા કરું છું પણ તમારી લાગણી ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં આ અંગે ચોક્કસ આપણે બધા સાથે મળીને જોઇશું. અત્યારે આજના દિવસે આદિવાસી દિવસ અને ૯મી ઓગસ્ટ એટલે ''ભારત છોડો ચળવળ'' અને આજે ''કવીટ ઇન્ડિયા'' આપણા સ્વાતંત્ર્ય સેનાની આપણા ક્રાન્તિકારીઓને યાદ કરીને આપણે સૌ સાથે મળીને આ દેશમાં રાષ્ટ્રવાદ દેશભકિતના ભાવ જગાડીએ અને આ દેશ માટે જીવીએ અને દેશ માટે મરીએ એવી અપેક્ષા સાથે મારી વાત પૂરી કરું છું.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતની મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી પણ આજે જ ખબર પડી એવું તો છે નહીં ઘણાં સમયથી આ અમારી માગણી છે અને આજે તમે એમ કહો છો કે નોટિફિકેશન બહાર પાડવું પડે ત્યારે મારે કહેવું છે અને મારી સરકારશ્રીને વિનંતી છે કે આ ઘણાં સમયથી પડતર છે. અમારા સમાજને જાગૃત કરવા માટે કારણ કે અમારા સમાજનો જે વિકાસ છે, અમારા સમાજનું શિક્ષણ ઘણું કથળતું જાય છે ત્યારે સમાજને જાગૃત્ત કરવા માટે સમાજ એકત્રિત થાય અને એના માટે આજે તમે અમારી લાગણીઓને સમજીને આજે રજા જાહેર કરો એવી વિનંતી છે.

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

અધ્યક્ષશ્રી : માનનીય જોષીયારાજીએ વાત કરી એમાં આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પોતાની વાત કરી છે એ વાતમાં હું પણ મારો સૂર પૂરાવું છું. ડો. બાબાસાહેબ આંબેડકરે બંધારણમાં દલિત, પિડિત, શોષિત સમાજ માટેના જે કાયદાઓ કર્યા છે એના કારણે આ સમાજને આગળ વધવાની ઉત્તમ તક મળી છે. આ પ્રસંગે ફરીથી પણ એક વાત યાદ કરાવું વિપક્ષના નેતા તરીકે એક આપણા સૌથી સિનિયર મોસ્ટ આગેવાન આદિવાસી તરીકે જયારે અહીંયા નિમણૂક થઇ છે ત્યારે આપ સૌના વતીથી હું એમને પણ અભિનંદન પાઠવું છું, શુભેચ્છાઓ પાઠવું છું અને આ સરકાર અને અહીંયા બેઠેલા બધા જ લોકો પક્ષાપક્ષથી ઉપર ઉઠીને આ સમાજ માટે જે કાંઇ કરવું પડે એ કરી છૂટવાની તમન્ના સાથે આપણે સૌ ખભેખભા મીલાવીને કામ કરીએ એવી શુભેચ્છા સાથે આજના દિવસની સૌ આદિવાસી મિત્રોને ખૂબ ખૂબ શુભેચ્છા.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

કામકાજ સલાહકાર સમિતિનો સતરમો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શનિવાર, તા.૫મી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ સાંજે ૫–૦૦ વાગ્યે પાવાગઢ સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧. મંગળવાર, તા.૮.૮.૨૦૧૭ના રોજ ના દિવસના કામકાજની યાદીમાં નીચે દર્શાવેલ ક્રમ મુજબ સરકારી વિધેયકો હાથ ધરવા માટે દર્શાવવા તથા બુધવાર, તા. ૯.૮.૨૦૧૭ સુધીમાં તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૩૧–સન ૨૦૧૭નું ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયક.

(૩) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૭નું ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા (સુધારા) વિધેયક (સુધારતું) વિધેયક.

(૪) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) વિધેયક.

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના આઠમા અહેવાલની રજૂઆત

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ ( સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

જાહેર સાહસો માટેની સમિતિના ચૌદમા અહેવાલની રજૂઆત

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ ( સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ ( સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)( ક્રમશઃ)

અધ્યક્ષશ્રી : હું આગળની કાર્યવાહી શરૂ કરુ તે પહેલાં માનનીય સર્વ ધારાસભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકુ છું કે જે પ્રકારે નિયમ ૧૧૬ની નોટિસ દાખલ કરવામાં આવી આપણે બધા જાણીએ છીએ કે ૧૧૬ની નોટિસમાં કોને કોને બોલવાનું હોય છે ? તો પ્રસ્તાવમાં જેટલા સભ્યશ્રીઓના નામ હોય તેટલાને બોલવાનું હોય છે અને જેટલાના નામ છે તેમને પૂરતી તક આપવામાં આવી છે અને છતાં પણ પ્રસ્તાવ પૂરો થવાનો હોય એ વખતે કહે તો આપણે એકાદ બે લોકોને પ્રશ્ન પૂછવાની છૂટ આપતાં હોઇએ છીએ. અને એટલા માટે એ તક આપ ચૂકી ગયા છો એ વખતે આપ ગૃહમાં હાજર પણ નહોતાં પરંતુ જે થયુ તે પણ હું આપના વતી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે તમારા બન્ને મિત્રો એક એક પ્રશ્ન પૂછશો અને માનનીય મંત્રીશ્રી જવાબ આપશે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ (ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૩મી તારીખે રાત્રેના ૧૧–૦૦ વાગ્યે ધાનેરામાં જેતપુરા ડેમ જે રાજસ્થાનનો નાનો ડેમ હતો તે તૂટી ગયો છે અને પ્રલય જેવી પરિસ્થિતિ સર્જાવાની સંભાવના છે લોકો અને વહીવટી

તંત્રને પણ અમે જાણ કરી. ત્યાંના કાંઠાના સ્થાનિક વિસ્તારના લોકોને પણ અમે જાણ કરી અને વહેલી સવારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને ચુડાસમા સાહેબને અને શંકરભાઇને પણ મેં ફોન ઉપર વિનંતી કરેલ. સાહેબ એ નાનો જળ પ્રલય હતો ધાનેરા અને દાંતીવાડા વિસ્તારની અંદર એટલુ બધુ નુકસાન થયુ છે કે ખેડૂતોની ખેતીની જમીન નથી બચી, ઘર બચ્ચાં નથી, પશુઓ બચ્ચાં નથી. વેપારીઓ હાથે-પગે થઇ ગયા. ગંજ બજારના વેપારી હોય કે નાના લારી-ગલ્લાવાળા વેપારી હોય સમગ્ર વિસ્તારની અંદર જે જળ પ્રલયની ભયાનકતા છે એ ત્યાં જાય એને જ ખબર પડે એમ છે. જેને વાગ્યું હોય એને જ દુ:ખે છે. અહીંયા બેઠા-બેઠા આપણે ગમે તેવી કોમેન્ટ કરવી હોય એ વાત અલગ છે. સાહેબ, આપના મારફત મારી સરકારને વિનંતી છે કે, રાજનીતિ કર્યા વગર ગરીબોના આસું લૂછવાનો સમય આવ્યો છે. ૯૦ ટકા વસતી ખેતીવાડી ઉપર નભે છે. રસ્તાઓ પણ ધોવાઇ ગયા છે. દૂધની ડેરીના ટેન્કર મોકલવા હોય તો બધી જગ્યાએ જઇ શકતા નથી. સભાવડીની અંદર એક વ્યક્તિનું આખું ખેતર અને ઘર તારાજ થઇ ગયા અને એને એટેક આવીને એ મરી ગયો. તો એ માણસનું પોસ્ટમોર્ટમ કરાવવા આવવું હોય કે સારવાર કરાવવા આવવું હોય તો આવી શક્યા ન હતા. આવી ભયંકર પરિસ્થિતિ પ્રલયની હતી. મેં આર્મીની મદદ માંગી હતી અને માનનીય મુખ્યમંત્રીશ્રી સાહેબે મને કહ્યું હતું કે, અમે આર્મી મોકલીએ છીએ પણ ત્રણ દિવસ સુધી ધાનેરાનો સંપર્ક કરવો હોય તો આર્મી પણ નહોતી કરી શકાતી. પૂરની આવી ભયંકર પરિસ્થિતિ થયા પછી અત્યારે પણ લોકો ચોધાર આસુંએ રડે છે અને ઉપર આકાશ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિ બનાસકાંઠા જિલ્લામાં અને મોટાભાગે ધાનેરા અને દાંતીવાડા વિસ્તારમાં સર્જાઇ છે. કાંકરેજની અંદર પણ એવી જ પરિસ્થિતિ સર્જાઇ છે. ૨૦ માણસો તો ડૂબીને મરી ગયા છે અને બાકીના કેટલાય લોકોને ન ગણી શકાય એટલું નુકસાન થયું છે. તો સરકાર નવેસરથી જનજીવન ધબકતું થાય અને લોકોની સુખાકારી પાછી આવે એના માટે આપણે સૌ સાથે મળીને કોઇ પણ પ્રકારની રાજનીતિ કર્યા વગર ખેડૂતો, ખેત મજૂરો અને ગરીબોની મદદ કરીએ. આપ અત્યારે સર્વેની કામગીરીની જે વાત કરો છો.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં કહી દો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : કોઇ પણ પ્રકારની બાકીની વાત તો બાજુ પર રહી પણ કેશડોલની કામગીરી પણ હજી પૂર્ણ થઇ નથી. હજુ બાકી છે. આત્મારામ ભાઇ હું કહું છું બાકી છે. લોકોને કોઇ રાજકીય પક્ષ નથી હોતો અને જે લોકોનું ભલું કરે એને સરકાર કહેવાય અને લોકહિત હૈયે રાખીને વહેલામાં વહેલી તકે આખા વિસ્તારને ફરીથી બેઠો કરવા માટે સરકાર શું પગલાં લેવા માગે છે?

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં પ્રથમ જ કહ્યું કે તમે લોકો બેંગ્લોર જતા રહ્યા હતા. ૨૩ તારીખે રાત્રે flood આવ્યું હતું.

અધ્યક્ષશ્રી : આપણે મુદ્દા ઉપર રહીશું તો તમને જવાબ મળશે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : અમે ૨૩ થી ૨૯ તારીખ સુધી અમારા મત-વિસ્તારમાં જ હતા. માનનીય મુખ્યમંત્રી સાહેબ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ અને અમારા મંત્રીશ્રી શંકરભાઇ ડીસા આવ્યા ત્યારે પણ અમે ત્યાં હાજર હતા. અમારા એક-એક વિસ્તારમાં ગયા છીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમારે પ્રશ્ન પૂછવો છે કે, સ્પષ્ટતા કરવી છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : તમે કહ્યું કે બેંગ્લોર ગયા હતા એટલે મારે કહેવું પડ્યું.

અધ્યક્ષશ્રી : ગયા હતા તો ગયા હતા એમાં તમને શું વાંધો છે?

શ્રી ગોવાભાઇ હ. રબારી : મેં ના નથી પાડી. અમે ગયા હતા. અમારા રાષ્ટ્રીય નેતા હતા એમને પથ્થરો માર્યા તો પણ અમે એ વાત નથી કરતા. મારી વાત એ છે કે જે floodની અંદર જમીનો ધોવાઇ ગઇ છે. ઘણા તાલુકામાં ગામના ગામ ડૂબી ગયા છે અને ગામના નીચલા ભાગના વિસ્તારને શિફ્ટ કરવા પડશે અને બીજે વસાવવા પડશે. જમીનોના વહેણ થઇ ગયા છે. તો આવી જમીન નવસાધ્ય કરવા માટે લાખો રૂપિયાથી પણ એ થાય નહિ. તો એ સરકાર કરી આપે અથવા બીજી જગ્યાએ એમને જમીન આપે. જયાં સીપુ અને બનાસ બે નદી મારા વિસ્તારમાં અંદર ભેગી થાય છે. એના ત્રણ ચાર જે ગામો છે, જે ભણદ છે, જેરડા છે, મોરથન, ચંદાની, ગોરીયાઓ છે એ બધા જ એ કિનારા પર આવેલા છે એ તમામ અત્યારે એ જમીન નદીનો પટ થઇ ગયો છે. તો આ ગામો અને જમીન સરકાર બીજે વસાવવા માગે છે કે કેમ, કારણ કે બીજો કોઇ વિકલ્પ નથી અને આવું ફ્લડ અમે પહેલીવાર જોયું છે. ૨૦૧૫માં પણ આવું ફ્લડ ન હતું એટલું ફ્લડ આવ્યું છે એટલે કાયમી સોલ્યુશન માટે જે ગામોમાં બિલકુલ ધોવાણ થઇ ગયું છે એ ગામોને અને જમીન બીજે આપવી અને બીજો મારો પ્રશ્ન ખેડૂતોનો છે, ખેડૂત માટે કહ્યું છે કે, જે દસ હેકટર બિન પિયતમાં ૧૦ હજાર અને પિયતમાં ૪૦ હજાર એટલે માનનીય અધ્યક્ષશ્રી, જે ઓછું પાણી ફર્યું છે એને તો બરાબર છે, પણ જેને વહેણથી રેતી ફેલાઇ ગઇ છે તો એ ન કરી શકે એના બદલે તમે કરી આપો, એ ઘણી વખત આ ખોટું છે ખરું છે, ગયા વખતના ફ્લડમાં પણ પશુના ૧૩૭ કરોડ રૂપિયા નથી ચૂકવ્યા એની જાહેરાત કરેલી પણ નથી ચૂકવ્યા તો એ પણ ચૂકવવા માગો છો કે કેમ? એ ખોટા છે એમ કહે છે તો માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભા ભરી છે, સરકારના અધિકારીઓ અને કર્મચારીઓ હતા એટલે એ આપવા માગો છો કે કેમ? બીજું, ગામડાંની જમીન, જે ગામો કાયમ નીચેના વિસ્તારમાં હોય એને ઉંચામાં વસાવવું અને ખેતીની જમીન એને બીજે આપવી, નવસાધ્ય તો શક્ય જ નથી, નદી થઇ છે તો આ બધુ કરવા માગો છો કે કેમ? અને અમને જે ફોન ઉપર માહિતી મળે છે એમાં ઘરવખરી અંગે હજુ સર્વે કરે છે કે ત્યાં પાણી

આવ્યું હતું કે નહીં, તો માનનીય અધ્યક્ષશ્રી, વીસ દહાડા એ પાણી રહે ખરું? આમાં વહાલા દવલા છે તો એ પણ ચોખવટ કરીને એમને પૂરું વળતર આપવા માગો છો કે કેમ?

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા (કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, કાંકરેજમાં જે નુકસાન થયું છે, એની તો કોઇ હદ નથી, ત્યાં વરસાદનું પાણી નથી આવ્યું પણ નદીનું પાણી આવ્યું છે. દાંતીવાડા ડેમમાં અને સીપુ ડેમમાં એ બે ડેમોમાં જયારે એક જ ડેમનું પાણી વહન કરતા હોય તો માપનું રહે. પણ બંન્ને ડેમોનું પાણી વહન થયું અને પાણી છોડી મૂક્યું એટલે એમાં લોકો તણાઇ ગયા, ઘણા કુટુંબ તણાઇ ગયા છે, જયારે માણસને પહેરવાના કપડા સિવાય કંઇ બચ્યુ નથી, બધુ ડૂબી ગયું છે, તો એનો પૂરો સરવે કરી અને એ લોકોને સહાય મળે, એમને આશરો મળે તેવી વ્યવસ્થા સરકાર કરે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બનાસકાંઠાના જે મિત્રોએ વાત કરી એવી જ પરિસ્થિતિ પાટણની પણ હતી, ૨૦૧૫માં હું બનાસકાંઠાનો પ્રભારી મંત્રી હતો અને એ વખતે પણ બધાની સાથે મળી ખૂબ સારી કામગીરી થઇ હતી અને એટલા માટે હું એનો સાક્ષી છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : એ વખતે ફ્લડ હતું એના કરતાં પણ દસ ગણું ફ્લડ હતું.

અધ્યક્ષશ્રી : માનનીય જોઇતાઇભાઇ, મેં એવું કહ્યું કે, બધાયે ભેગા મળીને એ વખતે કામ કર્યું હતું પણ એ વખતે માનનીય ગોવાભાઇને તકલીફ વધારે હતી અને તમારે નહોતી, આ વખતે માનનીય ગોવાભાઇને ઓછી છે અને તમારે થોડીક વધારે છે અને હું પણ ત્યાં જાતે જઇ આવ્યો છું, તમે ભલે નહોતા, હું તમારો મિત્ર તો છું ને, એટલે હું પણ ત્રણ દિવસ જઇ આવ્યો, બધુ જોયું છે, જાણ્યું છે અને જવું પડે તો જવું પડે એમાં કંઇ ચિંતાની વાત નથી પણ મારે એટલી જ સ્પષ્ટતા કરવી છે માનનીય મંત્રીશ્રી કે, હું જે વખતે પ્રભારી મંત્રી હતો તે વખતે વિષય એવો ઉભો થયો કે, દરેક ગામમાં અત્યારે હાલ કેટલા પશુઓ છે તો એની ડેરીમાં પણ નોંધણી કરાતી હોય છે, પશુ આરોગ્ય મેળા વખતે પણ એની નોંધણી થતી હોય છે પણ કમનસીબે એવું થયું અમારે કે, બનાસકાંઠા જિલ્લામાં જેટલા પશુઓ હતાં પણ એના માગણીદારો એના કરતાં દોઢા આવી ગયા એટલે કશું જ કંઇ બચ્યુ જ ન હોય એ પ્રકારની સ્થિતિ થઇ, તમે બધા સાક્ષી છો, આ કોઇ અધ્ધરતાલ આપણે વાત નથી કરતા, એની ક્ષતિપૂર્તિના કારણે કયાંક એ થઇ હતી પણ એની વાત સાથે, માનનીય જોઇતાભાઇ, પ્લીઝ, તમે જે સંવેદના સાથે કોઇ રાજકીય અવલોકન સિવાય તમે સરકાર તરીકે બનાસકાંઠા હોય, પાટણ હોય અથવા અન્ય જિલ્લાઓમાં જે રીતે મદદ કરી છે, પૂરી વિગતો આપી છે પણ માનનીય મિત્રોને સંતોષ થાય એ માટે જે કામગીરી કરવાની બાકી હોય એની વાત આપ ટૂંકાણમાં કરો એવી વિનંતી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાના પ્રવચનમાં રાજકીય અવલોકન કરે અને આપ મને એમ કહો છો કે કોઇ રાજકીય અવલોકન ન કરશો? (અંતરાય) માનનીય જોઇતાભાઇ, તમે બોલતા હતા ત્યારે હું શાંતિથી સાંભળતો હતો. માનનીય સભ્યશ્રી કહેતા હતા કે આમાં કોઇ રાજકીય બાબત લાવ્યા સિવાય મદદ કરવામાં આવે પરંતુ મારે કહેવું છે કે અમે રાજકીય બાબત લાવ્યા સિવાય બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સહાય કરી છે. અહીંયા એમ કહો છો કે શરમ કરો શરમ કરો એ બાબતમાં હું જણાવીશ કે તમારા નેતાએ પોલીસે જે ગાડીની વ્યવસ્થા કરી હતી એમાં બેઠા નહિ. તેઓ વારંવાર આખા દેશમાં જયાં પણ જાય છે ફકત ગુજરાત જ નહિ પરંતુ દેશમાં ગમે ત્યાં જાય છે ત્યાં સરકારી સલામતીની ગાડીનો ઉપયોગ નથી કરતા. આવું પબ્લિસિટી માટે તેઓ કરે છે. જયારે પણ જવાનું હોય ત્યારે આવું કરે છે. વી.આઇ.પી. ત્યારે જે તે સરકારોને અગાઉથી કહેવું પડે, ગુજરાત આવતા હોય કે બીજા રાજયોમાં જતાં હોય ત્યારે જે તે સરકારોને પહેલા જાણ કરવી જોઇએ. અહીંયા રાજય સરકારે પૂરી વ્યવસ્થા કરી હતી. વિરોધપક્ષના આગેવાન છે એટલે એમના માટે પૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી તેમ છતાં તમારા નેતા એ ગાડીમાં ન બેઠા અને ઉતરી ગયા. (અંતરાય) અમે સહાય તો કરી જ છે.

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ જગ્યા ઉપરથી આગળ વધીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા)

અધ્યક્ષશ્રી : તમે બધા જાણો છો કે ઓવરલૂક કરીને, નિયમોને એકબાજુ મૂકીને સંવેદનાને લઇને પ્રશ્ન પૂછવા માટે મંજૂરી આપી છે તેવે વખતે જો આપ બધા અહીંયા આગળ આવીને સૂત્રોચ્ચાર કરો એ યોગ્ય નથી. (અંતરાય)

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ : ગઇકાલે ચૂકાદો મળી ગયો છે.

અધ્યક્ષશ્રી : શું ચૂકાદો મળી ગયો ૬૦ હતા એના ૪૪ તો થઇ ગયા?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ ઘટનાને ભારતીય જનતા પાર્ટી તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ વખોડી કાઢી છે. અમે એને સમર્થન નથી આપતા. માનનીય ઇન્દ્રનિલભાઇ, અમે એને સમર્થન નથી આપતા. અમે જે વાસ્તવિકતા છે એ કહીએ છીએ. ખરેખર સરકારે જે વ્યવસ્થા કરી હોય એને સાથ આપવો જોઇએ. વિરોધપક્ષના આગેવાન છે એમણે સરકારે જે વ્યવસ્થા કરી હોય એને સાથ આપવો જોઇએ.(અંતરાય)આ આખા પૂરના સમય દરમિયાન... (અંતરાય)

અધ્યક્ષશ્રી : સૌ સભ્યશ્રીઓ પોતપોતાની જગ્યા ઉપર જાય નહિતર બધાને મારે બહાર કાઢવા પડશે. આપના સ્થાન ઉપર નહીં જાવ તો બહાર કાઢવાની મને ફરજ પડશે. પ્લીઝ, પોતાના સ્થાન ઉપર જાવ. (અંતરાય) માનનીય મંત્રીશ્રી, પ્લીઝ. (અંતરાય) તમે તમારા સ્થાન ઉપર જવા માગો છો કે કેમ? (અંતરાય) કોને બેસાડું? નિયમોની ખબર પડે છે? તમારા કોઇ જવાબદાર માણસ છે કે કેમ? ફરીથી છેલ્લી વખત. આપ પોત-પોતાના સ્થાન ઉપર નહીં જાવ તો મને બહાર કાઢવાની ફરજ પડશે. મારી વિનંતી છે કે પોતાના સ્થાન ઉપર બેસો. (સુત્રોચ્ચાર) જે સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર નથી તેમને

સભાગૃહની બહાર લઇ જવામાં આવે. પ્લીઝ. સાર્જન્ટને આદેશ કરું છું કે જે પોતાના સ્થાન ઉપર નથી તેમને બહાર લઇ જવામાં આવે. (સતત સુત્રોચ્ચાર) સાર્જન્ટને વિનંતી, પોતાના સ્થાન ઉપર નથી તેવા તમામ સભ્યોને બહાર કાઢો. પોતાના સ્થાન ઉપર ઉભા નથી તેવા તમામ સભ્યોને. પોતાની જગ્યા ઉપર હોય તેમને બહાર કાઢવાની જરૂર નથી. (સતત સુત્રોચ્ચાર) (અંતરાય) શું વ્યાજબી, નહીં વ્યાજબી મને ખબર પડે છે ભાઇ. મને ખબર પડે છે. (અંતરાય) આ બધું થયા પછી તમે ક્યાં હતા? શરમ કોણે કરવાની જરૂર છે પુંજાભાઇ? શરમ છે કંઇ? ગુજરાતની પ્રજાને મૂકીને ગયા છો અને શરમ કરવાની વાત કરો છો. (અંતરાય) સાર્જન્ટ, જરા ઝડપથી બહાર કાઢે. (અંતરાય) ચાલો, ઝડપથી પોતાની જગ્યા ખાલી કરો. પોતાનું સ્થાન માનભેર ખાલી કરો. સાર્જન્ટે કંઇ કરવું પડે એ બરાબર નથી. (અંતરાય) બે શું, બાર દિવસ કરો ને? અહીં રહો ને, મને ખબર પડે છે. તમે મને ઉલ્લેખીને કહી રહ્યા છો. (અંતરાય) ચાવડાજી, જગ્યા ખાલી કરો, પ્લીઝ. (અંતરાય) નાના બાળકો ખરા ને બધા. તમે પુંજાભાઇ, તમારી જગ્યા ખાલી કરો છો કે સાર્જન્ટને હુકમ કરું? માનભેર પુંજાભાઇ વંશને લઇ જાવ. માનભેર લઇ જાવ.

(આ તબક્કે વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : (મહેસૂલ મંત્રીશ્રી ) :હું જવાબ આપતો હતો તે વખતે મુદ્દો ઉપસ્થિત થયો એ બાબતે સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે. જ્યારે રાહુલ ગાંધી આવ્યા અને જે ઘટના બની જેને માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને પાર્ટીના પદાધિકારીશ્રીઓએ આ ઘટનાને વખોડી કાઢી. ગઇકાલે રાતના લોકસભામાં માનનીય રાજનાથસિંઘ જવાબ આપતા હતા તે વખતે તેમના સભ્યોએ પ્રશ્ન ઉપસ્થિત કરેલ. રાહુલ ગાંધી વીઆઇપી છે. તેમણે તેમના પ્રવાસની બે દિવસ કે પાંચ દિવસ પહેલાં આગોતરી જાણ જે તે જગ્યાએ કરવી જોઇએ. જો તેમણે જાણ કરી હોત તો અમે તેમની વ્યવસ્થા કરી હોત. પરંતુ તેઓ ક્યારેય આવી આગોતરી જાણ વિદેશ પ્રવાસે જાય ત્યારે પણ કરતા નથી. જ્યારે ગુજરાતમાં આવ્યા તે વખતે પણ અમારી પોલીસ, એસ.પી.જી.એ એમને બૂલેટ પ્રૂફ કારની ઓફર કરી હતી. તેઓ એ ગાડીમાં બેઠા અને પછી ઉતરી ગયા, એ વિડિયો મોજુદ છે. તેમણે સલામતીનો અસ્વીકાર કર્યો. માનનીય ગોવાભાઇએ પણ પ્રશ્ન કર્યો તે બાકીના મિત્રો માટે પણ એ મુશ્કેલી રહે છે. તેઓ પરદેશ જાય છે ત્યારે તેમણે જાણ કરવી જોઇએ પણ તેઓ કરતા નથી. માનનીય ગોવાભાઇએ જ્યારે સવાલ પૂછ્યો એ બાકીના સભ્યોને પણ જણાવવા માગું છું. હું ત્રણ દિવસ બનાસકાંઠામાં કેમ્પમાં રહ્યો છું. ૨૦થી ૨૫ સભ્યશ્રીઓ અને માનનીય શંકરભાઇએ એ વિસ્તારની ચિંતા કરી છે. બીજું, અમે પાંચ દિવસમાં વિશેષ નીતિવિષયક નિર્ણયો કર્યા છે. પાંચ મહત્વપૂર્ણ નિર્ણયો માનનીય મુખ્યમંત્રીશ્રી, કલેક્ટરશ્રી અને અધિકારીશ્રીઓને પૂછીને કર્યા છે. ૨૦૧૫ અને ૨૦૧૭માં પૂર આવ્યું. એમાં અસર પામેલ ગામડાંઓ કાઢ્યા. જે તે ગામડાંઓમાં રહેલા લોકો અને પાસે રહેલા લોકોને પૂછીને અસર પામતા ગામડાંઓની યાદી તૈયાર કરીને અમે અને મુખ્યમંત્રીશ્રીએ બેસીને ૨૫ ગામડાંઓ કાઢ્યા છે. જેમાં ૨૦૧૫માં પૂર આવ્યું અને ૨૦૧૭માં પૂર આવ્યું અને ખાનાખરાબી થઇ. રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે એમને નજીકના સલામત સ્થળે કેવી રીતે એડજેસ્ટ કરી શકાય? એવો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આપણા મહત્વપૂર્ણ નિર્ણયો છે એ આપની જાણ માટે.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( રા.ક.ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામનો સામા પક્ષેથી વારંવાર ઉલ્લેખ થયો છે. એના માટે મારે થોડુંક ક્લેરીફિકેશન કરવું પડે એવું હતું એટલા માટે હું થોડીક સ્પષ્ટતા કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં બનાસકાંઠા અને પાટણ જિલ્લાની ચર્ચા કરવામાં આવી અને એમાં માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હતા અને માહિતી પૂરી પાડતા હતા. તે વખતે યોગ્ય માહિતી મેળવીને પૂર પિડિતોને મદદ કરવાના બદલે સમગ્ર વિષયને રાહુલ ગાંધીના વિષય ઉપર લઇ જઇને વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વિરોધ કર્યો એ દુર્ભાગ્યપૂર્ણ છે. મેં પહેલા દિવસથી અને સરકાર તથા મુખ્યમંત્રીશ્રીએ બધાએ કહ્યું છે કે કોઇપણ વ્યક્તિને કાયદો હાથમાં લેવાનો અધિકાર નથી. હું એ જિલ્લાનો પ્રતિનિધિ છું. કોણે પથ્થર માર્યો એ નક્કી થયું નથી. કોંગ્રેસ પાર્ટીના ત્યાંના સ્થાનિક લોકોએ કહ્યું છે કે ભારતીય જનતા પાર્ટીના માણસે પથ્થર માર્યો છે. ત્યાં કોઇને ઇજા થઇ નથી. માત્રને માત્ર પોલિટિકલ આક્ષેપો માટે કર્યું છે. સરકારે ફાળવેલ બૂલેટપ્રૂફ ગાડીમાં રાહુલ ગાંધી બેસતા નથી. રાહુલ ગાંધીની ગાડીમાં પાછળના ભાગે પથ્થર પડ્યો છે. પથ્થરમારો થયો નથી. એક પથ્થર પડ્યો છે. એનો વિડિયો ત્યાં આવ્યો છે અને એ કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાનો છે. એટલે પાસે બેસીને ત્યાં પત્થર મરાવ્યો છે અને એના ફૂટેજ ઉપરથી ધ્યાનમાં આવશે કે આ પત્થર કોણે માર્યો છે. પોલીસને ફરિયાદ નામજોગ, ભા.જ.પ.ના દરજી નામના કાર્યકર્તા છે, જે સામાન્ય કાર્યકર્તા છે, કયારેય કોઇ માખી પણ ન મારી શકે એવા માણસ ઉપર ફરિયાદ આપીને એના ઉપર આક્ષેપ કરીને તૈયાર કરેલું આખેઆખું ષડયંત્ર હોય એવું એ ઘટનામાં દેખાય છે. બીજું જે પત્થર ત્યાં આગળ બતાવી રહ્યાં છે એ પત્થર ત્યાંનો નથી. ધાનેરાની અંદર એ પ્રકારના પત્થરો નથી હોતા. એ રાજસ્થાનની અંદર જે પત્થરો હોય છે એ જ પત્થરો ત્યાંથી પ્લાનપૂર્વક રાજસ્થાનમાંથી આવ્યા ત્યારે લઇને આવ્યા હોય અને અહીં આવ્યા પછી આખેઆખી ગોઠવણ કરી, ત્યાં ઓછામાં ઓછા પાંચ-સાત હજાર અલગ અલગ લોકો હતા એમાંથી એક પણ લોકોએ કાંકરી પણ નથી મારી. ભા.જ.પ.ના કોઇ કાર્યકર્તાઓએ કે કોઇએ પત્થરમારો કર્યો નથી. ત્યાં રેકોર્ડ ઉપર જોશો તો માત્ર એક પત્થર પડે છે અને એક પત્થર પણ પાછળના ભાગે પડે છે અને એ પત્થર પણ બહારથી લાવીને ગોઠવણપૂર્વક રાજસ્થાનથી લાવેલા હોય એ છે. વીડીયો ફૂટેજ જો જોવામાં આવશે તો ખ્યાલ આવશે કે આખા દેશની અંદર ગુજરાતને બદનામ કરવા, ભારતીય જનતા પાર્ટીને બદનામ કરવા માટેની બાબત છે એ ખૂલી આવશે એટલે મારી તો આ ગૃહના માધ્યમથી વિનંતી હતી કે આ

કેસની ઉંડાણપૂર્વક તપાસ કરશે તો એક મોટું રાજકીય ષડયંત્ર હતું એ ધ્યાન ઉપર આવશે. બીજું તેઓ અહીંયા આવ્યા, આવ્યા પછી શું બોલ્યા, આવીને એમ કહે છે કે મને તમને મળીને આનંદ થયો. બીજું એમ બોલે છે, મેરા કામ પૂરા હો ગયા. કયા કામ પૂરા હો ગયા? પત્થરમારો કર્યા પછી ટી.વી.માં આવે છે મેરા કામ પૂરા હો ગયા. મતલબ તમે કોઇ નકકી કરેલા ઇરાદા સાથે તમે ત્યાં આવ્યા હતા અને એ તમારો ઇરાદો પૂરો થયો છે એટલા માટે મેરા કામ પૂરા હો ગયા થાય છે. એના કરતા મારે વાત એ કરવી છે કે આ બનાસકાંઠાના પૂર પીડિત માટેની ચર્ચા જયારે ચાલતી હતી ત્યારે એ સંવેદના સાથે એની વાત કરી હોત, એની ચર્ચા કરી હોત તો સારું હતું. પરંતુ પૂર પીડિતોની વાત માત્ર જૂજ કરીને માત્ર રાહુલ ગાંધી ઉપર કેમ પત્થરોની વાત કરી, બનાસકાંઠાની, પાટણ જિલ્લાની પ્રજાની એમને નથી પડી માત્ર એક ઘટના પૂરતી ચિંતા કરી છે એટલે મને દુઃખ લાગ્યું. રાજય સરકારે પહેલા દિવસે પૂર આવ્યું ત્યારે ધાનેરામાં પૂર આવે એ પહેલાં, રસ્તા તૂટી જાય એ પહેલાં આ રાજય સરકાર, વિજયભાઇ રૂપાણીની સરકાર, નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી સરકાર, આ અમારા મહેસૂલ મંત્રીશ્રીએ ધાનેરામાં એન.ડી.આર.એફ.ની ટીમ અને આર્મીને બાર કલાક પહેલા ત્યાં પહોંચાડી દીધી. રસ્તા તૂટે એ પહેલાં બાર કલાક પહેલા લોકોને જાગૃત કરી દીધા અને લોકોને હાઇટ ઉપર લઇ ગયા અને કહ્યું કે અહીંયા આગળ પાણી મોટા પ્રમાણમાં આવી રહ્યું છે. જો સમયસર આખી રાત જાગીને આ કામ ન થયું હોત તો દસ હજારથી વધુ લોકોનું ધાનેરાની અંદરની આ ઘટનામાં શું થયું હોત એ વિચારતા કમકમાટી આવે છે. સલામત સ્થળે ખસેડયા પછી વચ્ચેના પાલનપુરના બધા રસ્તા તૂટી ગયા, એટલે એન.ડી.આર.એફ.ની ટીમ અને આર્મી ત્યાં જ હતી એટલે સ્થળ ઉપર જ રસ્તા નહોતા તો પણ બે એન.ડી.આર.એફ.ની ટીમ અને આર્મીએ બચાવની કામગીરી કરી અને અનેક લોકો જે અંદર ફસાયા હતા એમને પણ બહાર કાઢયા. એકલા રેલનદીની અંદર જો સમયસર બાર કલાક પહેલા જાણ ન કરી હોત, બહાર લઇ ગયા ના હોત, એન.ડી.આર.એફ. અને આર્મીએ ત્યાં કામ ન કર્યું હોત તો કેટલી મોટી દુર્ઘટના બની હોત. ધારશીભાઇ એક સાથે બે ડેમોમાં પાણીની વાત કરતા હતા. અંદર બે ડેમ ભરાણા છે અને આવું કયારેય બનતું નથી. ત્યાં પણ સમયસર જાણ કરીને ૩૦હજાર લોકોને બહાર જો ના લાવ્યા હોત, આખી રાતોની રાતો જાગીને આ કામ ન કર્યું હોત તો શું થાત એ ખબર નથી. આવી ખરાબ સ્થિતિની અંદર પણ અમારું આખું મંત્રીમંડળ, અમારા અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ રાતદિવસ પ્રજાની પડખે સતત રહ્યા. આખી સરકાર રહી. માનનીય મુખ્યમંત્રીશ્રી પાંચ દિવસ રહ્યા. દુર્ભાગ્ય અમારું બનાસકાંઠા જિલ્લાનું એ રહ્યું કે બનાસકાંઠાએ જે ૬–૬ ધારાસભ્યોને ચૂંટીને મોકલ્યા જયારે બનાસકાંઠા જિલ્લાની પ્રજાને સાચા અર્થમાં એમને જરૂર હતી, એમના આંસુ લુછવાની જરૂર હતી, તે જ દિવસે એમના પ્રતિનિધિઓ ત્યાં હાજર નહોતા અને આજે અહીંયા આવીને ફરી એના માટેની વાત કરવાની જગ્યાએ અહીંયા પોલીટીકલ એજન્ડા સાથેની વાત કરે છે એ દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. મારો નામજોગ ઉલ્લેખ કર્યો હતો એટલે મારે સ્પષ્ટતા કરવી હતી અને રાજય સરકારનો બનાસકાંઠા અને પાટણની પ્રજાનો આભાર માનુ છું કે મુશ્કેલીના સમયમાં દેશના પ્રધાનમંત્રીશ્રીએ ચૌદ જેટલા હેલીકોપ્ટર મૂકી, જાતે આવી અને પ્રજાને બચાવવા માટેનું જે કામ કર્યુ છે એ બદલ બનાસકાંઠા અને પાટણની પ્રજા સદૈવ રાજય સરકાર અને કેન્દ્ર સરકારની રૂણી રહેશે. સ્વૈચ્છિક સંસ્થાઓનો પણ અમે આભાર માનીએ કે તમામ સખાવતો કરીને બનાસકાંઠાને બેઠો કરવા માટે આવ્યા છે એમનો પણ જિલ્લાની પ્રજાવતી ખુબ ખુબ આભાર માનુ છું.

સરકારી વિધેયકો

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૮

ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્ર*માં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારમાં સને ૨૦૧૧માં એક બંધારણનો ૧૭મો સુધારો કરવામાં આવ્યો અને એમાં બધી સહકારી મંડળીઓની ચૂંટણીઓ રાજ્ય સરકાર કરે એ પ્રકારનો સુધારો હતો. આપણે પણ આ સુધારો કર્યો અને નિર્દિષ્ટ મંડળીઓ સિવાયની મંડળીઓની સમિતિઓની ચૂંટણીઓ પણ રાજ્ય સરકારના જાહેર કરેલ અધિકારીઓ અને ઓથોરિટી દ્વારા યોજવાની રહેશે તેવી જોગવાઇ છે. આ જોગવાઇ અમલમાં આવ્યા બાદ કેટલીક વહેવારિક મુશ્કેલીઓ ધ્યાનમાં આવી અને એ રદ કરવા માટેનું આ વિધેયક લઇને હું આવ્યો છું. જે નિર્દિષ્ટ મંડળીઓ હતી એ સર્વોચ્ચ મંડળીઓ હતી, રાજ્ય કક્ષાની એપેક્ષ મંડળીઓ હતી. દા.ત. રાજ્ય સહકારી બેન્કો, ગુજકોમાસોલ, તમામ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો, તમામ જિલ્લા સહકારી ખરીદ–વેચાણ સંઘો, તમામ તાલુકા સહકારી ખરીદ–વેચાણ સંઘો, આ સિવાય

* વિધેયક તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રાજ્યમાં ૭૫ હજાર જેટલી મંડળીઓ અલગ અલગ રીતે કામ કરે છે. હવે જો રાજ્ય સરકાર આ માટે જુદી ચૂંટણીઓ કરે તો ખૂબ મુશ્કેલી પડે એમ છે. આ વિષયને લઇને ગુજરાત હાઇકોર્ટમાં એક પિટિશન થઇ અને એ પિટિશનમાં માનનીય હાઇકોર્ટ દ્વારા તા. ૨૨-૪-૨૦૧૩ના રોજ આ સુધારો અલ્ટ્રાવાયરસ કરવામાં આવ્યો. ત્યાર પછી સુપ્રીમ કોર્ટમાં કેસ પડતર છે. આમાં કોઇ મનાઇ-હુકમ નથી. આ બાબતને માનનીય ગુજરાત હાઇકોર્ટે ધ્યાનમાં લીધી કે ગુજરાત સહકારી મંડળીઓની તમામની ચૂંટણીઓ રાજ્ય સરકાર કેવી રીતે કરે છે? નાની નાની ચૂંટણીઓ હોય તો એના આર.ઓ.ની નિમણૂંક કરવાની થાય. કેટલો મેનપાવર જોઇએ? એનો ખર્ચ સરકાર કરે કે મંડળી કરે? મંડળીઓને પોષાય નહીં, અનુકૂળતા, પ્રતિકૂળતાઓ એ બધું જોયા પછી રાજ્ય સરકારને સંપૂર્ણ મેચ્યોર્ડ ડિસિઝનના ભાગરૂપે આવી જે ચૂંટણીઓ થાય છે એનો ખર્ચ ઘટાડવા માટે રાજ્ય સરકારને એક નવું તંત્ર ઉભું કરવું પડે અને એ તંત્ર આજના દિવસમાં જ્યારે રેગ્યુલર કોર્સમાં પણ મેનપાવર બરાબર હોય પણ આકસ્મિક પૂર જેવા સંજોગોમાં એ મેન પાવરનો ઉપયોગ કરવાનો થાય અને એ સમયમાં ચૂંટણીઓ હોય તો આ બધાનું વ્યવહારિક પરિણામ ન લાવી શકાય અને બીજું કે, કરકસરયુક્ત ચૂંટણીઓ પણ ન થઇ શકે. આ બધું ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આ સુધારા દ્વારા એવું નક્કી કર્યું છે કે દરેક મંડળી, ૭૫ હજાર જેટલી મંડળીઓની ચૂંટણી સરકાર કરે એના કરતાં પોતાની અનુકૂળતા પ્રમાણે એમાં સિલેકશન થઇ શકે. નાની મંડળી હોય અને ગામના લોકો ભેગા થાય અને પોતાની રીતે ચેરમેન નક્કી કરી શકે. બહારથી આવેલ માણસ ન કરી શકે. આ બધું ધ્યાનમાં રાખીને આ ચૂંટણીઓ સ્થાનિક લેવલે કરવા માટેનો આ વિધેયકનો સુધારો લઇને આવ્યો છું. આ સુધારાને સભાગૃહ માન્ય રાખે એવી મારી વિનંતી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિધેયક લઇને આવ્યા છે એની ચર્ચા કરવા માટે હું ઉભો થયો છું. માનનીય મંત્રીશ્રી દ્વારા ગુજરાત સહકારી મંડળીની અંદર નિયમ, અધિનિયમ ૧૯૬૧ની કલમ ૭૪ સીસીના સુધારા માટે આ બિલ આજરોજ વિધાનસભાની અંદર લાવ્યા છે એના ઉપર હું ચર્ચા કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો હું આ ગૃહને જણાવું છું કે, ૯૭ના બંધારણીય સુધારાને અનુલક્ષીને ૨૦૧૩ના વર્ષમાં કાયદાની કેટલીક કલમોમાં રાજ્ય સરકારશ્રીએ સુધારા કરેલા હતા ત્યારે કલમ ૭૪સીસીમાં સુધારો કરવામાં આવેલ હતો જેમાં નિર્દિષ્ટ મંડળીઓ કે તાલુકા અને જિલ્લા કક્ષાની મંડળીઓ હોય એ મંડળીઓમાં ચૂંટણી રાજ્ય સરકારના અધિકારીઓ દ્વારા કરવામાં આવતી હતી અને એની અંદર નિર્દિષ્ઠ મંડળીને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો એમાં કરવો પડતો હતો. ગુજરાતની અંદર આપણે જોઇએ તો ૭૫૦૦૦ જેટલી મંડળીઓ આવેલી છે અને એની અંદર લગભગ સવા સો કરોડથી વધુ લોકો આ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતા હોય છે. અને ખાસ કરીને એમાં ખેતી વિષયક મંડળી ૯૧૭૫, દૂધ મંડળીઓ ૧૭૦૦૦ અને હાઉસિંગ મંડળીઓ લગભગ ૧૬૦૦૦ જેટલી આવેલી છે. આની અંદર ખૂબ નાના નાના લોકો આની સાથે સંકળાયેલા હોય છે.

( માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતની વાત કરું તો વધુમાં વધુ મંડળીઓ આવેલી છે અને અમારી દક્ષિણ ગુજરાતની મંડળીઓનો આ હક છે કે ગામે ગામે નિર્દિષ્ટ મંડળીઓ આવેલી છે. જ્યારે અધિકારી દ્વારા ચૂંટણી કરવામાં આવતી હતી ત્યારે મંડળીઓને ખૂબ પૈસાનો આર્થિક બોજો પડતો હતો. પરંતુ આ નાની મંડળીઓ હોય એનો બોજો એ લઇ ના શકે. હકીકતમાં આ બિલ લાવવાથી મંડળીની ચૂંટણી જો તંત્ર દ્વારા કરવામાં આવે તો ખૂબ બધી વ્યક્તિઓ કે વ્યક્તિગત નુકસાન થાય અને ખર્ચ પણ મોટો ઉઠાવવાનો આવે. આ બિલ લાવવાથી એક તો આર્થિક બોજો પણ ઘટશે અને સાથે સાથે મંડળીની જે સધ્ધરતા છે એ સધ્ધરતામાં પણ ખૂબ વધારો થશે. માનનીય અધ્યક્ષશ્રી, આપને જણાવું કે હું આ નિર્દિષ્ટ મંડળીઓને આ બિલ લાવવાથી આજે સુધારા કરીને બિલ લાવ્યા છે ત્યારે ખૂબ બધા લોકોને એના દ્વારા ફાયદો થવાનો છે. તંત્ર દ્વારા પગલા ભરવાના થાય ત્યારે આવી બધી મંડળીઓમાં જ્યારે ઇલેકશન થતું હોય ત્યારે ખૂબ બધા લિટીગેશનના પ્રશ્નો ઉભા થતા હોય છે. સને ૨૦૧૩ના સુધારા પહેલા આવી મંડળીઓમાં એના પોતાના નીતિ-નિયમો લઇને જાતે વ્યવસ્થા કરીને ચૂંટણી યોજતી હતી. એ સમયે મંડળી પોતાના ટાઇમે આવી ચૂંટણી યોજી શકતી હતી. જેમ કે- કોઇ ગામમાં સામાજિક પ્રસંગ હોય, કોઇ ગામમાં ધાર્મિક પ્રસંગ હોય, તાલુકા પંચાયતનું ઇલેકશન હોય કે જિલ્લા પંચાયતનું ઇલેકશન હોય, વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી હોય ત્યારે પોતાની રીતે કાર્યક્રમ બનાવીને ચૂંટણી યોજતી હતી. જ્યારે આ હાલની જોગવાઇમાં તંત્ર દ્વારા ચૂંટણી યોજાતી હોય અને અને આ સમયનું ધ્યાન ના રાખવામાં આવે એ સ્વાભાવિક છે. જેથી આ જોગવાઇ રદ કરવાથી સંસ્થાના ઘણાં બધા પ્રશ્નો ઉકેલાય જશે અને ખાસ કરીને આર્થિક બોજો પણ ઘટી જશે. અને પોતાના ટાઇમે ચૂંટણી કરી શકતી હતી જેથી આ બિલને હું તરફેણ કરું છું અને સર્વાનુમતે પસાર થાય એ માટે હું ગૃહને વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભાઇ મુકેશભાઇએ ખૂબ સરસ રીતે વાત કરી છે અને બિલને સમર્થન આપ્યું છે અને એમનો આભાર માનું છું. આટલી નાની વાત સહકાર વિભાગે અમારા મહેસુલ વિભાગને કહ્યું હતું કે આ ચૂંટણી પંચ માટેની વ્યવસ્થા માટે તમે અમને સહકાર આપો. મહેસૂલ વિભાગે પણ આ ચૂંટણી યોજવા બાબતની વ્યવસ્થા કરવાની અસંમતિ અમારે દર્શાવવી પડેલી કારણકે જેમ મુકેશભાઇએ કહ્યું તેમ કે તમારી અનુકૂળતા હોય ત્યારે મારી અનુકૂળતા ન હોય, સરકારને અનુકૂળતા હોય ત્યારે ગામને અનુકૂળતા ન હોય કે સભ્યને અનુકળતા ન હોય કે સ્થાનિક પ્રસંગ હોય આ બધું જ જોયા પછી રાજ્ય સરકારે, સહકાર વિભાગે એક વ્યવહારિક નિર્ણય લીધો કે દરેક સહકારી મંડળી પોતાની રીતે, પોતાની અનુકૂળતાએ, પોતાના સમયની અનુકૂળતાએ પોતાની ચૂંટણી કરે. તો ફરીવાર સભાગૃહને મારી વિનંતી અને લાગણી છે કે સર્વાનુમતે આ બિલને પસાર કરે.

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયક, ૨૦૧૭

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૮ નું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ–૩, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૮ નું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

-------

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૩૧

ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયક, ૨૦૧૭

ઔદ્યોગિક વિકાસની વૃદ્ધિ માટે ઔદ્યોગિક અન્ડરટેકીંગ ઉભા કરવા માટે જરૂરી હોય તેવા જુદા જુદા લાઇસન્સ, પરવાનગી અને પ્રમાણપત્ર કાઢી આપવા માટેની ઝડપી પ્રક્રિયા માટે જોગવાઇ કરવા અને રાજયમાં મૂડીરોકાણકારોને સાનુકૂળ હોય તેવા વાતાવરણ માટેની પણ જોગવાઇ કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક – ૩૧, સન ૨૦૧૭ના ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક – ૩૧, સન ૨૦૧૭ના ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો

ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ દેશના વિકાસ માટે અને રોજગારી માટે બે ક્ષેત્ર ખૂબ જ મહત્વના છે એક છે ઉદ્યોગ અને બીજું છે એગ્રીકલ્ચર. આ બંને વિભાગમાં રાજ્ય સરકારે જયારે નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારથી ખૂબ મોટા નીતિ વિષયક નિર્ણયો લીધા. અને બધાને સાથે રાખીને બધાને લાભ કેમ થાય, સરળીકરણ કેમ આવે? એના બે મહત્વના નિર્ણયો દેશમાં કદાચ પહેલીવાર થયા હશે. ખેતીના વિકાસ માટે ખૂબ મોટા નિર્ણયો કૃષિ મહોત્સવ જેવા અને લેબ ટુ લેન્ડ લેબોરેટરીમાં થાય છે એ જમીન સુધી પહોંચે. એવી જ રીતે ઉદ્યોગના વિકાસ માટે ૨૦૦૩ થી માંડીને ૨૦૧૭ સુધી વાઇબ્રન્ટ ગુજરાત. એ પણ અનોખો પ્રયોગ દેશમાં સાબિત થયો. દેશના, વિદેશના લોકો અહીયા રોકાણ માટે આવે અને એમાં અનુભવના આધારે એના અમલીકરણમાં શું તકલીફ પડે છે અને તકલીફ માટેનું નિવારણ શું? શું કરીએ તો બહારથી આવનારાને તકલીફ ન પડે અને ઉદ્યોગ શરૂ કરી શકે. એક ઉદ્યોગ શરૂ કરવામાં નીચેથી શરૂઆતથી માંડીને શરૂ થાય ત્યાં સુધીમાં એને પરવાનગી મળે ત્યાં સુધી કોઇને ૬ મહિના, કોઇને ૧૨ મહિના જેટલો સમય લાગે. લોન લીધી હોય, બાકી વ્યવસ્થા કરી હોય અને એને જરૂરી ના વાંધા પ્રમાણપત્રો અનેક જગ્યાએથી લેવાના થાય. અને એમાં એકાદ ના વાંધા પ્રમાણપત્ર જો મેળવવામાં મોડું થાય તો બાકીના બધા જ મેળવેલ પત્રોનું પ્રમાણ ન રહે, એટલા માટે રાજય સરકારે હવે તો નરેન્દ્રભાઇ ૨૦૧૪ થી દેશનું સુકાન સંભાળે છે, ત્યારે દેશ લેવલે પણ એક જ જગ્યાએથી એટલે સીંગલ વિન્ડો ક્લિયરન્સ બધી જગ્યાએ ફરવાની જરૂર નહિ. કોઇ એક જ જગ્યાએથી એપ્લીકેશન કરો અને સરળતાથી તમને બધી જ પરવાનગીઓ મળે એને એક સરળ ભાષામાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ પણ કહેવામાં આવે છે. તમારે ઉદ્યોગ કરવો છે. ઇઝ ઓફ ડુઇંગ. સરળતાથી તમે કેવી રીતે કરી શકો. આ એક મહત્વની બાબત આખા દેશની અંદર ગુજરાતમાં સૌથી વધારે રોકાણો આવે છે. દર ૨ વર્ષે થતા વાઇબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો એમાં ૨૦૦૩ થી વધારે ૨૦૦૫ માં સારો થયો અને ૨૦૦૫ કરતા ૨૦૦૭ માં વધારે થયા. છેલ્લે ૨૦૧૭ માં અભૂતપૂર્વ થયો. એનું મહત્વનું કારણ હોય તો એ દર વખતે નાના મોટા સુધારા કરતા ગયા અને હવે આ વિશ્વમાં પણ હમણા અમારા સાથી ત્યાં ઉદ્યોગ કરે છે, બાંધકામનું કામ કરે છે. એને મળવાનું થયું. એમણે કહ્યું આ પદ્ધતિ કઇ છે, જેના પરિણામે કોઇપણ પ્રકારના વિઘ્ન સિવાય, કોઇપણ પ્રકારના ડીલે સિવાય સરળતાથી આ બધુ મેળવી શકીએ છીએ. એવા જ પ્રકારે ગુજરાતમાં પણ બિઝનેસ રિફોર્મ એકશન પ્લાન ૨૦૧૭. બી.આર.એ.પી. એ મૂલ્યાંકન માળખા મુજબ ઔદ્યોગિક નીતિ અને વિસ્તાર વિભાગ વાણિજ્ય ઉદ્યોગ મંત્રાલય ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારોને ૪૨૧ પ્રશ્નોની સૂચિ અમલીકરણ માટે પૂરી પાડવામાં આવી. ૧૨ રાજ્યો ઓનલાઇન પોર્ટલ થકી ઝડપી અને સમયસર પરવાનગીઓ પૂરી પાડવા માટે સીંગલ વિન્ડો ક્લિયરન્સ એકટ માટે તૈયાર થયા છે. એમાં આપણે પણ છીએ. ઔદ્યોગિક વિકાસના પ્રોત્સાહન માટે ઔદ્યોગિક સાહસો

• વિધેયક તા. ૩જી ઓગષ્ટ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સ્થાપવા માટે જરૂરી વિવિધ પરવાનગીઓ, પરવાના, સર્ટીફિકેટો માટે ઝડપી પ્રક્રિયા એના માટેની જોગવાઇઓ કરવી તેમજ રાજ્યમાં રોકાણકારોને પ્રોત્સાહન કેવી રીતે પૂરું પાડવું એને બાબતની બધી જોગવાઇઓ. એમાં જિલ્લા કક્ષાની સુગમ સમિતિ અને રાજય કક્ષાની સુગમ સમિતિ. આ સુગમ સમિતિની અંદર ઉદ્યોગ સાહસિકોને રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટેનું માર્ગદર્શન અને સહાયતા કેવી રીતે પૂરી પાડવી એનું પૂરેપૂરું માર્ગદર્શન આપે. રોકાણકારોને પ્રોત્સાહન માટેની પ્રવૃતિઓ આ સમિતિઓ હાથ ધરે. ઔદ્યોગિક પ્રગતિ અને નીતિ ઘડવાની પ્રક્રિયામાં પણ આ સમિતિ સહાયરૂપ થાય. તેનું બજેટ તૈયાર કરવું, સંશાધન એકઠું કરવું અને જિલ્લા કક્ષા સુધી વિસ્તારવા માળખું પૂરું પાડવું. આ બધી જ બાબતો આ સિંગલ વિન્ડો કલીયરન્સ એકટમાં સામેલ કરવામાં આવી છે. આમ કરવાથી અને આ બિલ પસાર થયા પછી જે જાણકારી મળશે, જે લોકોને એમ છે અને અનુભવના આધારે એમ કહે છે કે ડીલે થાય છે, મોડું થાય છે એટલા માટે અહીં આવતા ન હતા. એટલે આ બિલ પસાર થયા પછી જાણશે કે ગુજરાતે પણ આ સિંગલ વિન્ડો કલીયરન્સ બિલ પસાર કર્યુ છે તો એના આધારે હું માનું છું ત્યાં સુધી ગુજરાતમાં રોકાણની પ્રક્રિયા જે મંદ હતી તે પણ વધારે ઝડપથી આગળ વધશે અને ગુજરાતને ઔદ્યોગિક રોકાણ વધારે મળશે. તે ઔદ્યોગિક રોકાણના કારણે રોજગાળી મળશે અને હવે આ ઉદ્યોગ એ માત્ર ઉદ્યોગ નથી રહ્યો પણ અહીં તો ખેત આધારિત ઉદ્યોગ થયા છે. ખેત ઉત્પાદનનું વેલ્યુ એડીશન કઇ રીતે થાય તેના પણ ઉદ્યોગ હોય છે. આ બધી બાબતો આ એકટની અંદર છે અને આ બિલ ગુજરાતના વિકાસ માટે એક સીમાચિહ્નરૂપ થશે એવું હું માનું છું અને મારી સભાગૃહને વિનંતી છે કે આ બિલ સર્વાનુમતે પસાર કરે.

શ્રી જગદીશભાઇ ઈ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૭ના વિધેયક ક્રમાંકઃ ૩૧ સન ૨૦૧૭ નું ગુજરાત સિંગલ વિન્ડો કલીયરન્સ જે માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને એક ઉદ્યોગકાર તરીકે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, તે વખતના તત્કાલીન મુખ્યમંત્રી અને આ દેશના ગૌરવવંતા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીની જે દીર્ઘદ્રષ્ટિ કહેવાય અને એ વાકયને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યુ છે કે ઘેટ ઇઝ અ બિલ ઘેટ ઇઝ એ વે. ૨૦૦૦ થી વાઇબ્રન્ટની શરૂઆત થઇ અને ત્યારથી વિવિધ દેશોમાંથી જે ઉદ્યોગકારો ગુજરાતમાં પોતાના ઉદ્યોગો સ્થાપવા માટે આવતા હતા ત્યારની પરિસ્થિતિ જોઇ અને આજે તેઓ દેશનું નેતૃત્વ કરી રહ્યા છે ત્યારે માત્ર ગુજરાતનો વિકાસ નહીં પણ આખા દેશનો સર્વાંગી વિકાસ થાય તેના માટે એક ખૂબ સરસ પોલીસી ઘડી કાઢી છે. એઝ અ ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ હું પોતે ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલ છું એટલે મને ખબર છે કે એક નાના ઉદ્યોગકાર અને કારખાનાદારને નાની ઇન્ડસ્ટ્રીઝ શરૂ કરવાની હોય તે વખતે જે મુશ્કેલીઓ પડતી હોય તે દરેક મુશ્કેલીઓને માનનીય વડાપ્રધાનશ્રીએ આવરી લીધી છે અને દરેક પ્રશ્નોનું સિંગલ વિન્ડો સિસ્ટમમાં કલીયરન્સ થાય અને તેવું વિધેયક માનનીય ભુપેન્દ્રસિંહજી લાવ્યા છે ત્યારે તેને આવકારું છું. દેશમાં ઔદ્યોગિક ક્રાંતિ થાય અને દેશમાં વધુને વધુ ઉદ્યોગોની સ્થાપના થાય અને વિકાસ થાય, યુવાનોને રોજગારી મળી રહે તેવા શુભ આશયથી આ દેશનું ગૌરવ એવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્ર સરકાર દ્વારા બિઝનેસ રિફોર્મ એકશન પ્લાન ૨૦૧૭ જે બનાવવામાં આવ્યો છે તે ખૂબ આવકાર્ય બાબત છે. વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા એકશન મૂલ્યાંકન પ્લાન મુજબ જે ડીઆઇટીપી એકમો જે ડીપાર્ટમેન્ટ ઓફ પ્લાનીંગ પ્રમોશન દ્વારા અંદાજિત ૪૨૧ પ્રશ્નોની સૂચિ અમલીકરણ માટે પૂરી પાડવામાં આવી હતી અને તેને લઇને નાનામાં નાના દરેક પ્રશ્નોનું વર્ગીકરણ કરી અને જે પણ ઉદ્યોગકારો ભારતની ધરતી ઉપર આવતા હોય, રાજયમાં આવતા હોય તે બધા જ પ્રશ્નોને હલ કરી અને વધુને વધુ ઝડપી તેવા ઉદ્યોગોનો વિકાસ થઇ શકે તેના માટે અલગ અલગ સમિતિઓની રચના કરવામાં આવી છે. ઉપરોકત એકશન પ્લાન અંતર્ગત ગુજરાત સરકારે પણ આપણા રાજયમાં ઉદ્યોગનો ઝડપી વિકાસ થાય તેના માટે ખૂબ સરસ યોજના કરી છે. હમણા જ માનનીય ભૂપેન્દ્રસિંહજી બોલ્યા કે ease of doing business આ એના માટે પણ અમારી સરકાર કામ કરી રહી છે અને જે જિલ્લા કક્ષાની વિવિધ સમિતિઓ બનાવવામાં આવી છે એ જિલ્લા કક્ષાની એક સુગમ સમિતિ બનાવવામાં આવી છે એની અંતર્ગત પણ વિવિધ આ બધા જ મુદાઓ આવરી લેવામાં આવેલ છે, એવી જ રીતે સિંગલ વિન્ડો સમિતિ પણ બનાવવામાં આવી છે, એવી જ રીતે રાજય કક્ષાની સુગમતા સમિતિ સ્ટેટ લેવલની પણ બનાવવામાં આવી છે આવી જ રીતે નાની નાની દરેકે દરેક બાબતોનું ઉદ્યોગકારોને પોતાની ઇન્ડસ્ટ્રીઝનો વિકાસ થાય તે માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારે ખૂબ સરળતાથી આ નિયમો ઘડી કાઢ્યા છે એટલે એઝ એ ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ તરીકે આ નિયમને હું આવકારું છું અને આ વિધેયકને હું મારું અનુમોદન આપુ છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયક ક્રમાંક–૩૧ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજયના વિકાસ માટે કૃષિ, શિક્ષણ અને ઉદ્યોગ ઘણાં મહત્વના છે. ઉદ્યોગો રોજગારી આપે છે અને જે રીતે ગુજરાત સરકારે અને માનનીય તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ માટે કૃષિ મહોત્સવ એમાં ખેડૂતોને ફિલ્ડમાં જઇને દરેક કૃષિ નિષ્ણાતો સલાહ આપે કે બિયારણ કેવું વાપરવું, કેવી જમીનમાં કયો પાક થાય અને એ રીતે ગુજરાતની કૃષિનો વિકાસ દર સમગ્ર ભારતમાં આગળ રહ્યો તે જ રીતે શિક્ષણ માટે શાળા પ્રવેશોત્સવ શરૂ કરી અને ગુજરાતમાં અનેક મેડીકલ, એન્જિનિયરીંગ કોલેજો શરૂ કરી. એન્જિનિયરીંગ કોલેજો અને આઇ.ટી.આઇ. કોલેજો શરૂ કરી ગુજરાતના ઉદ્યોગોને અનેકગણો સ્કીલ્ડ મેન પાવર સપ્લાય કર્યો. ત્યાર બાદ આનંદીબેન

મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે જમીન મહેસુલમાં અનેકવિધ સુધારાઓ કરીને જમીનમાં ઘણું સરળીકરણ કર્યું અને જ્યારે આપણા હાલના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇએ શ્રમ અને મજુરના કાયદાઓમાં અનેકવિધ સુધારાઓ કરીને એટલા સરળ કર્યા કે ઉદ્યોગોને ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવામાં કોઇ મુશ્કેલી પડે નહીં અને હાલ જયારે સમગ્ર વિશ્વમાં આપણે કોમ્પીટ કરી રહ્યા છીએ ત્યારે સિંગલ વિન્ડો ક્લિયરન્સ એક એવું શસ્ત્ર છે કે જેના લીધા આપણું ગુજરાત આખા ભારતમાં સૌ પ્રથમ રહેશે. આમાં દરેક પરમીશનો માટે એક કોમન ફોર્મ બનાવવામાં આવશે અને એમાં જમીનના એલોટમેન્ટથી લઇને બાંધકામ પરમીશન, જી.પી.સી.બી. પરમીશન તેમજ જે કંઇ પણ રો-મટિરિયલ્સ સંગ્રહ કરવામાં આવે એનું પોઇઝન લાયસન્સ, પ્રોહીબીશન લાયસન્સ આ બધા લાયસન્સો એક જ સાથે મળી રહે એ માટે ત્રણ લેવલની સમિતિ બની છે જિલ્લા લેવલની, ચીફ સેક્રેટરી લેવલની અને છેલ્લે મુખ્યમંત્રીશ્રી લેવલની આ રીતે ગુજરાત રાજયના વિકાસ માટે આપણી સરકાર કેટલી કટિબદ્ધ છે એ પ્રતિત થાય છે અને ગુજરાતના વિકાસમાં સિંગલ વિન્ડો ક્લિયરન્સ સમગ્ર દેશ અને વિશ્વમાં ગુજરાતને અવ્વલ નંબર આપશે એવી મારી શુભેચ્છા સાથે આ વિધેયકને હું મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા બંને અનુભવી સાથીઓ માનનીય શ્રી જગદીશભાઇ અને માનનીય શ્રી કનુભાઇએ મારા બિલને સમર્થન આપ્યું છે એમને અભિનંદન આપુ છું અને આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આનાથી લાંબા ગાળાના ખૂબ મોટા ફેરફારો થવાના છે અને લાભ થવાના છે અને એના માટે અત્યાર સુધી જે નિરાશ થયા હશે, પાછા ગયા હશે આ પ્રક્રિયાથી લાંબી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને
એવો અનુભવ થયો છે કે બધા લોકોને થશે કે હવે ગુજરાતની અંદર આ આખી પ્રક્રિયા સીંગલ વિન્ડો ઇઝ ઓફ ડુઇંગ થયુ છે એટલા માટે હવે આપણે ગુજરાતમાં બાકી બધી સુવિધા માળખાકીય સુવિધાઓ ગુજરાતમાં છે એટલી દેશમાં કયાંય નથી રસ્તા, પાણી, આરોગ્ય, વીજળી આ બધી સુવિધાઓ ગુજરાત સિવાય બીજે મળનારી કયાંય નથી. આટલા રસ્તા હોય, ઇન્ફ્રાસ્ટ્રકચર હોય અને ઇન્ફ્રાસ્ટ્રકચરમાં નંબર.૧ રાજયમાં આ એક નાનકડી ખામી હતી જે આજે રાજય સરકાર દ્વારા દૂર કરવામાં આવી છે. હું ફરીવાર ગૃહને વિનંતી કરું છું કે આ બિલને સર્વાનુમતે પસાર કરે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ અને સિંગલ વિન્ડો ક્લિયરન્સની જયારે વાત કરે છે ત્યારે મારે એક નાનકડો પ્રશ્ન છે કે ગુજરાત આખા દેશની અંદર એક એવું રાજય છે કે જેમાં ઇઝ ઓફ ડુઇંગમાં એ બેસ્ટ ડેસ્ટીનેશન તરીકે પુરવાર થયુ છે ત્યારે આ પ્રશ્ન જયારે હું પૂછું છું ત્યારે એ રીલેવન્ટ છે કે નહીં તેના માટે મને માફ કરશો પણ જી.આઇ.ડી.સી.ની અંદર ઉદ્યોગકારની બાજુમાં નાનો અમસ્તો પ્લોટ હોય અને ઉદ્યોગકાર નાનો જ હોય છે ૨ હજાર સ્કવેર ફૂટની જ જગ્યા હોય છે. તો આપણે ત્યાં નિયમ એવો છે કે એક જ વખત તેને બાજુનો પ્લોટ લેવા માટે લાભ આપવો હવે એ જમીન કોઇ મોટો ઉદ્યોગકાર નથી લેતો તે નાનો ઉદ્યોગકાર જ લઇ શકે છે પણ એ લાભ એકવારની જગ્યાએ જો બીજી વખત તેને લાભ આપવામાં આવે તો હું માનુ છું આપણે જે આ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ અને આપણે જે આ જે સિંગલ વિન્ડો ક્લિયરન્સની વાત કરો છો તો એને પણ સમર્થન મળશે અને સાથે સાથે જયારે ઉદ્યોગકાર જમીન લે છે ત્યારે સિંગલ વિન્ડો ક્લિયરન્સ એવુ કામ કરવાનુ છે આજે આપ બિલ લાવ્યા છો કે આજે બે-બે વર્ષ સુધી પરવાનગી નથી મળતી અને તેનું Moratorium Period જે છે તે ખલાસ થઇ જાય છે. તો એને કારણે ઉદ્યોગકાર જે જમીન લે છે તેને દંડ પણ ખૂબ ભરવો પડતો હોય છે તો આ એક જ વિષય હતો કે જો સેકન્ડ ટાઇમ એ નાના ઉદ્યોગકારને બાજુનો પ્લોટ તેને અડીને આવેલો પ્લોટ હોય તો એને લેવા માટે સેકન્ડ ચાન્સ મળે તો એ ખૂબ આગળ આપણને કામ આવશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દુષ્યંતભાઇએ કહ્યું કે આને રિલેવન્ટ છે કે નહીં તો રિલેવન્ટ નથી છતાં છે. એટલે રાજય સરકાર એમાં હકારાત્મક રીતે વિચાર કરશે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૭નું ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૨૪, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૭નું ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૭નું ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

## ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયક, ૨૦૧૭

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩૦

ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયક, ૨૦૧૭

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્ય પત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ ૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૩૦ સન ૨૦૧૭ના ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૭નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એક શબ્દના સુધારા માટે આ બિલ હું લઇને આવ્યો છું. એક જ શબ્દનો સુધારો છે. ખેતીની જમીન જ્યારે સરકાર હસ્તક થાય અને સરકાર હસ્તકની જમીન કોઇ જાહેર હેતુ માટે, શહેરીકરણના ભાગરૂપે, ઔદ્યોગિક વિકાસ માટે, કોઇ દવાખાના કે શૈક્ષણિક હેતુ માટે જ્યારે આપવામાં આવે છે એ વખતે અત્યાર સુધી જોગવાઇ એવી હતી કે, એટલી જ જમીન સરકારને પરત આપવી. નામદાર રાષ્ટ્રપતિજીને ત્યાં ૨૦૧૫માં આપણે આ સુધારા બિલ મોકલ્યું હતું એ વખતે આ એક સુધારો કરવા માટે આપણે ત્યાં પરત આવ્યું છે. આજે હું સુધારો લઇને આવ્યો છું કે જે આપણને કહેવામાં આવ્યું છે અને માનનીય રાષ્ટ્રપતિ તરફથી આગ્રહ કર્યો છે કે પહેલાં એગ્રીકલ્ચર લેન્ડ એવું હતું પણ હવે ''ઓફ ધી સેમ ક્લાસ'' મતલબ કે એ પિયત હતી તો પિયત આપવાની અને બિન પિયત હોય તો બિન પિયત આપવાની એ પ્રકારની જે જમીન ગઇ હોય એટલી જ જમીન સરકારને પરત આપવાની. આટલો નાનકડો સુધારો લઇને હું આવ્યો છું. એ સુધારાને પણ ગૃહ મંજૂર કરે એવી મારી લાગણી છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ખેત જમીન ટોચ-મર્યાદા સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું અને એમને સમર્થન આપું છું. ૧૯૬૦થી જ્યારે આ ટોચ-મર્યાદા ધારો આવ્યો અને એમાં સમયે-સમયે પાંચ વખત અલગ-અલગ સુધારા કરવામાં આવ્યા. કલમ-૨૧ અને કલમ-૨૬ પ્રમાણે જે જમીન સંપાદન કરવામાં આવેલી આ જમીન મંડળીઓને અને ગ્રામ્ય ખેત-મજૂરો અને જે એકદમ ઓછી જમીન ધરાવતા હોય એવા ગ્રામ્ય લોકોને એ જમીન સંપાદન કરીને આપવામાં આવી. ત્યારપછી અમુક-અમુક જમીન હજુ અમુક વિસ્તારમાં પડી છે અને ત્યારે આ બિલ આ ગૃહમાં આ આગાઉ આવી ગયું હતું પણ એમાં એક સામાન્ય સુધારો છે કે, જે શહેરી વિસ્તારની આસપાસ કોઇ જમીન પડી હોય અને એમાં નગરપાલિકા કે કોર્પોરેશન દવાખાનું, સ્કૂલ કે કોઇ ગરીબ માણસો માટે જમીન સંપાદન કરે, એનું પ્લોટિંગ કરવું હોય પણ આ જમીન ટોચ-મર્યાદાની હોવાથી એ જમીન એને હસ્તગત થઇ શકતી ન હતી. ત્યારે માનનીય મંત્રીશ્રી સામાન્ય સુધારો લઇને આવ્યા છે કે, આ જમીન જે પ્રકારની જમીન હોય એ પ્રકારની એટલી જ જમીન અન્ય જગ્યાએ અને એમાં કોઇ વ્યક્તિ અથવા કોઇ બીજી સંસ્થાને આ જમીન ફાળવી શકાય. કોઇ વ્યક્તિ અથવા કોઇ બીજી સંસ્થાને આ જમીન ફાળવી શકાય અને એનો હેતુ એટલો જ છે કે, આ ગુજરાત રાજય દેશનું ગ્રોથ એન્જીન એટલે દેશના વિકાસ માટેનું એક મોડલ સ્ટેટ જે સમગ્ર દેશની અંદર એક ઉભરી રહ્યું છે અને પ્રસ્થાપિત થયું છે ત્યારે ફક્ત વિકાસના માટે કોઇ જગ્યાએ ક્યાંય ૨૦૦ વીઘા જમીન કોઇ કંપનીને સંપાદન કરવાની હોય અને ખાલી બે કે પાંચ વીઘા જમીન એની વચ્ચે આવતી હોય આવી જમીન આ કંપની સંપાદન ન કરી શકતી એટલે એવી ત્યાં જે ટોચ મર્યાદાની જમીન છે કલમ ૨૧ અને ૨૬ પ્રમાણે જે સરકારે હસ્તગત કરેલી છે આવી જમીન આ કંપની પણ ત્યાં એ હસ્તગત કરી શકે અને એ જમીન ટોચ મર્યદા ધારા પ્રમાણે લઇ શકે અને એટલી જ જમીન બીજી જગ્યાએ સરકારને આપી શકે અને ત્યારે એક વિકાસ માટે ઉદ્યોગને હમણાં જ આની પહેલાં જે બિલ પસાર થયું એ પ્રમાણે ઉદ્યોગને પણ પ્રોત્સાહિત કરવા માટે રાજયના બેકાર યુવાનો ન વધે.

શ્રી પંકજભાઇ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ચાર બિલો આપણે પૂરાં કરીએ અને ત્યાર બાદ એક કલાકની રિસેષ રાખીએ અને ત્યાર પછીથી ફરીથી ગૃહ મળે એવી દરખાસ્ત રજૂ કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈદ્યાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રીની દરખાસ્તને ટેકો આપું છું.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, તો આ વિધેયકમાં માનનીય મંત્રીશ્રી સામાન્ય સુધારો લઇને આવ્યા છે, કે કોઇ વ્યક્તિ જમીનની વહેંચણી કરવા માટે આવે તે પહેલાં આવી વ્યક્તિ ખેડૂત હોય અથવા ન હોય તેણે પોતાની ફાળવેલી જમીનને બદલે તેટલા જ પ્રમાણમાં ખેતીની જમીન આપવાના વિસ્તારોમાં ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી શરતોને આધિન રહીને રાજય સરકારને ઉપલબ્ધ કરવી જોઇએ એટલે તમામને બોજા મુકત રાજય સરકાર નિહિત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સામાન્ય સુધારો છે એમાં આ રાજયના હિત માટે ખૂબ જરૂરી એવું ખૂબ સારું જે બિલ અગાઉ રજૂ થયેલું અને એમાં સુધારામાં જે સરકાર લઇને આવી છે અને માનનીય બાપુએ આ બિલ રજૂ કર્યું છે એને હું સમર્થન આપું છું અને આ સન્માનનીય સભાગૃહ એને બહમતીથી પસાર કરે એવી વિનંતી છે.

---

* વિધેયક ૪થી ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયક, ૨૦૧૭

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા સુધારા વિધેયક, ૨૦૧૫ વધુ સુધારવા બાબતનું જે લઇને આવ્યા છે તેને હું આવકારું છું એને અનમોદન આપું છું અને તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખેતી જમીન ટોચ મર્યાદા ધારો ૧૯૬૦ વિધેયક ૧૯૬૧થી અમલમાં આવેલ છે. આ બિલમાં અત્યાર સુધીમાં જુદા જુદા સમયે પાંચેક વખત સુધારા કરવામાં આવેલ છે જયારે કલમ ૨૯માં જે ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારો, ૧૯૬૦ હેઠળ ફાજલ થયેલી વધારાની જમીન કોને ફાળવી શકાય એ નક્કી કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જેમ કહ્યું તેમ કે પહેલાં જે જમીન હતી એ જમીન સરકાર હસ્તક આવે અને એના પછી જે તે હેતુ માટે જે હોય એને આપવામાં આવતી હતી. પહેલાં નાના અને સીમાંત ખેડૂતો, કૃષિ વિષયક મંડળીઓ આ લોકોને જે જમીન ફાળવવામાં આવતી હતી પણ જયારે સરકાર હસ્તક જે કોઇ પ્રકારની જમીન આવે અને એ જમીન સરકારને ફરીથી જેને જે રીતે આપવી હોય એ રીતે આપવા માટેનો જયારે સુધારો છે, આમ તો ૨૦૧૫માં સુધારો કર્યો પણ ફરીથી જયારે મહામહિમ રાષ્ટ્રપતિએ મોકલ્યો અને એમણે પણ સૂચન કર્યું કે આમાં આટલો સુધારો કરવાનો છે તો એક નાનકડો સુધારો માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે કે ગુજરાત જમીન ખેત મર્યાદા ધારો ૧૯૬૦ની કલમ ૨૯માં પેટા કલમ – ૫ દાખલ કરીને ફાજલ થયેલ જમીન સરકારને સુપ્રત થયા બાદ આ જમીન રાજય સરકારને ખેડૂત અથવા ખેડૂત ન હોય તેવી વ્યક્તિ, એકમ કે સંસ્થાને ફાળવી શકાશે. આવી ફાળવણી સમયે તમામ ખેતીની જમીન ઉપલબ્ધ કરાવવાની રહેશે. એટલે કે સરકારે આપવાની રહેશે. એક સામાન્ય સુધારો છે એના લીધે અનેક પ્રકારના ફાયદાઓ થશે. જે તે પ્રકારે જે પ્રકારે મળે એ પ્રકારે આપવાનો હતો એમાં સરકાર ઇચ્છે એ રીતે જરૂરિયાત મુજબ સ્કૂલ કે શાળા હોય એને પણ આપી શકશે એના માટે માનનીય મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને આ બિલ સર્વાનુમતે પસાર થાય તેવી વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ઉપર માનનીય સભ્યશ્રી બાવકુભાઇ અને માનનીય સભ્યશ્રી પરબતભાઇએ પોતાના વિચારો વ્યકત કર્યા છે અને પોતાનુ સમર્થન આપ્યું એ બદલ એમનો આભાર વ્યકત કરું છું. આમાં ખૂબ નાનકડો જ સુધારો છે એટલે બીજી વધારે વાત કરતો નથી.

આ બિલમાં મહામહિમ રાષ્ટ્રપતિજી ખૂબ નાની વાત ધ્યાન ઉપર લાવ્યા છે એમાં સરકારે ફળદ્રુપ જમીન હોય તો ફળદ્રુપ આપવી, પિયત હોય તો પિયત આપવી અને બિન પિયત હોય તો બિન પિયત આપવાની એવો સુધારો સભાગૃહ સમક્ષ રજૂ કર્યો છે ત્યારે આ વિધેયક સર્વાનુમતે મંજૂર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૭નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૭નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૭નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૯

### ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૭

### ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) વિધેયક,૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં *અગાઉ પ્રસિદ્ધ થયેલ વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

---

* વિધેયક ૪થી ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

## શ્રાવણ ૧૭, ૧૯૩૯ શાકે

## ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) વિધેયક, ૨૦૧૭

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા)નું પહેલુ વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, આજે સંજોગ છે કે ટોચમર્યાદા, તો બે બિલ જમીન અંગેના એક ખેતી વિષયક ટોચમર્યાદા અને બીજું લઇને આવ્યો છું શહેરી જમીન ટોચમર્યાદા.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે તા. ૧૭-૨-૭૬થી શહેરી જમીન ટોચમર્યાદાનો કાયદો અમલમાં મૂક્યો. ૩૦મી માર્ચ-૧૯૯૯માં રદ પણ થયો. આ કાયદા અંતર્ગત રાજ્યના છ સહકારી સંકુલો તેમાં ૧,૪૯,૫૦,૮૪૧.૨૮ ચોરસમીટર જમીનનો કબજો વધારાની જમીનનો સરકાર હસ્તક સાંપડેલો. જે પૈકી સરકારે ૩૩,૮૮,૩૭૪ ચોરસ મીટર જમીન ઉપર રહેણાંકના મકાનો અને ઝૂંપડાઓ, બાંધકામ સાથેનો ૯૯થી કબજો લીધેલો. આ શહેરી જમીન ટોચમર્યાદાની જમીન ઉપર સમાજના મુખ્યત્વે માત્રને માત્ર ગરીબ, અતિ ગરીબ, મધ્યમ વર્ગના ઝૂંપડા, કાચા મકાનો, પાકા મકાનોના ભોગવટા કરનાર કુટુંબો રહેતા હતા. હવે જો તેને દૂર કરવામાં આવે તો આ લાખોની સંખ્યામાં કાચા, પાકા, મધ્યમ વર્ગના લોકો અને એ દૂર કરીએ તો ખૂબ મોટી પરેશાની થાય, મુશ્કેલી થાય અને આ બધા બેઘર બની જાય. એવા સંજોગોમાં ગયા સત્રમાં આપણે બિલ પસાર કરીને એમનો ભોગવટો કાયદેસર કરી આપવા માટેનું બિલ પસાર કરેલું. એ વખતે ખૂબ આવકાર પણ મળેલો છે. એમાં એક સુધારો અત્યારે કરવાની જરૂર એ પડી કે અમે જયારે તેને નોટિસ આપીએ છીએ પછી નોટિસ મળ્યાથી એક મહિનાની અંદર જ એવો અમે ઉલ્લેખ કર્યો છે કે નોટિસ મળ્યેથી એક મહિનાની મુદતની અંદર નોટિસમાં જણાવ્યા મુજબની ચૂકવણી કરી દેવી જોઇએ. માણસની આર્થિક પરિસ્થિતિ, સામાજીક પરિસ્થિતિ, કુટુંબના સંજોગો, સમય-સંજોગો આ બધું જોતાં એમ લાગ્યું કે ૩૦ દિવસની મર્યાદામાં કંઇક વધારો કરવો જોઇએ અથવા તો કંઇક છૂટ મૂકવી જોઇએ અને આ ૩૦ દિવસની અંદર ન થાય તો એને લાભ નથી મળતો. આવા ચારેય શહેરોમાં એવા અનુભવ થયા અને એટલા માટે આપણે એવો સુધારો લાવીએ છીએ કે રાજ્ય સરકાર જે સમયમર્યાદા નક્કી કરે તે. એક મહિનો નહીં અને મારા શહેરના સાથીઓ છે એમણે પણ આના અમલીકરણ માટે ખૂબ મહેનત કરી છે. એમના તરફથી જ આવેલા સૂચનોના આધારે રાજ્ય સરકારે વિચાર કર્યો છે. એમણે જ કહ્યું કે ૩૦ દિવસની અંદર તમે લખ્યું છે તો કોઇ પણ કારણસર ૩૦ દિવસ જતા રહે પછી એ લાભાર્થી મટી જાય અને પછી વળી પછા તેના કુટુંબ ઉપર માલિકીનો જે હક્ક છે એ ન રહે એના કરતા રાજય સરકાર આટલી ઉદાર થઇ છે તો એવા સંજોગોની અંદર ૩૦ દિવસની જગ્યાએ રાજય સરકાર નક્કી કરે એટલો સમય, આ એક પહેલો સુધારો છે. બીજો સુધારો છે કે લાભાર્થી તેનો જે તે જગ્યાનો કબજો ૧૫ વર્ષનો હોવો જોઇએ. એમાં પણ લગભગ જાન્યુઆરીથી અત્યાર સુધી સમય લંબાવતા ગયા, લંબાવતા ગયા. વચ્ચે બેંકની પણ સુવિધા આપી. એક હપતામાં ન ચૂકવી શકે તો બે હપતાની પણ આપણે સુવિધા આપી. બેંકવાળા અત્યારના અનુભવ પ્રમાણે ૧૫ વર્ષની મર્યાદા છે. ભોગવટાદારનો કબજો ૧૫ વર્ષનો હોવો જોઇએ. આટલી મર્યાદા હોવાને કારણે બેંક લોન નથી આપતી. બેંક લોન નથી આપતી એટલા માટે આખી યોજનાના અમલીકરણમાં ખૂબ મુશ્કેલી પડે છે. એટલે બીજો સુધારો હું એ લઇને આવ્યો છું કે આ મર્યાદા બેંકને લાગુ પડશે નહીં. એટલે માની લો કે કોઇને લોન લીધી અને ભરપાઇ કરવામાં મોડા પડ્યા. અત્યાર સુધી ૧૫ વર્ષનો સમય ગણતો હતો પરંતુ બેંકને વ્યવહારીક અમલીકરણમાં મુશ્કેલી પડતી હતી. હું લીધેલી રકમ ભરવામાં નિષ્ફળ જાઉં તો બેંકે આપેલી રકમ મારી મિલકત વેચીને પણ એ આપેલા નાણા છે એ વસૂલ કરી શકે છે. આ બે નાનકડા સુધારા લઇને હું આવ્યો છું જે ઐતિહાસિક કહી શકાય. રાજ્ય સરકારે શહેરી જમીન ટોચ મર્યાદામાં ઐતિહાસિક નિર્ણય કર્યો અને એના કારણે હજારો કુટુંબોને કે જેઓ હંમેશ માટે ટેન્શનમાં જીવવું પડતું હતું એમાંથી રાહત મળશે. કલેક્ટર બદલાય, અધિકારી બદલાય અને એમના ઘરે બેંકનો અધિકારી આવે અને નોટિસ બજાવે, માણસ થાક્યો-પાક્યો ઘરે આવે અને એણે વકીલના દ્વાર ખખડાવવા પડે . આ બધી મુશ્કેલીઓ દૂર કરવા માટે ગયા સત્રમાં આ બિલ પસાર કર્યું હતું. આ ચાર-પાંચ મહિનામાં મારા સાથી અધિકારીઓએ ખૂબ મહેનત કરીને જમીનના કાયદા ઉપર ખૂબ કામ કર્યું છે અને એમને એમ લાગ્યું છે કે આ બે મુશ્કેલીઓ પડે છે, ૩૦ દિવસના બદલે બે કે ત્રણ મહિના જે સરકાર નક્કી કરે એ મુદત રહેશે. બીજો મોટો પ્રશ્ન ૧૫ વર્ષનો ભોગવટો હોવો જોઇએ એમાં પણ મેં કહ્યું કે બેંકવાળા એવું કહે છે કે અમે લોન આપી છે અને લાભાર્થીએ પૈસા ન ભર્યા હોય તો એનો ભોગવટો ૧૫ વર્ષનો હોવો જોઇએ એ પહેલા કાર્યવાહી ન થઇ શકે. હવે એમાં બેંક માટે છૂટ મૂકીએ છીએ. આ બે નાનકડા સુધારા લઇને આવ્યો છું. મારી સભાગૃહને વિનંતી છે કે આ બન્ને સુધારા સર્વાનુમતે મંજૂર કરે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું. આ નિર્ણયના લીધે મારા વિસ્તારમાં રહેતા નાના અને નિમ્ન વર્ગના પરિવારોને ખૂબ લાભ થયો છે કારણે એ વર્ષોથી એ મકાનમાં રહેતા હોય અને વર્ષોથી જે પ્લોટ રેગ્યુલરાઇઝ ન થયા હોય એ કાયદેસર થશે અને એમના પરિવારના યુવાન દિકરા-દિકરીઓને રોજગાર માટે બેંકમાંથી લોન મળી શકશે. માનનીય મહેસૂલ મંત્રીશ્રીને આ સુધારા માટે અભિનંદન આપું છું. ૩૦ દિવસની સમય મર્યાદા હતી એ દૂર થશે અને બેંક પાસેથી જે નાણા લીધા હોય એ

ભરવામાં જે મુશ્કેલી પડતી હતી એ દૂર થશે. મારા ત્રણ સૂચન આપું છું. આપણે સનદ આપીએ છીએ એમાં સરકારી વેલ્યૂએશનનો કોઇ ઉલ્લેખ એમાં હોતો નથી અને એ પ્લોટનો કેટલો વિસ્તાર છે એનો પણ એમાં ઉલ્લેખ હોતો નથી. એ જ્યારે આ દસ્તાવેજ–સનદ લઇને બેંકમાં લોન લેવા જાય છે ત્યારે બેંકના અધિકારીઓ એવું કહે છે કે આ સનદ છે એમાં જે સરકારી વેલ્યૂએશન કેટલી છે એનો ઉલ્લેખ હોવો જોઇએ. જંત્રીનો ભાવ લખીએ કે એક સ્ટાન્ડર્ડ નક્કી કરીને એમાં ભાવ લખીએ. એનો પ્લોટ છે એ રેગ્યુલરાઇઝ થયો પણ એનું મકાન કાયદેસર થતું નથી. જે તે વખતે શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે ઇમ્પેક્ટ ફીનો કાયદો લાવ્યા હતા. ત્યારે અનેક પરિવારોને એનો લાભ થયો હતો. એ સમયે આ પરિવારોએ પણ એમાં ફોર્મ ભરીને અરજી કરેલ છે અને એમની અરજી અપીલમાં પડી છે. અપીલમાં એની અરજીઓ મંજૂર થાય તો એના મકાન પણ કાયદેસર થાય અને એને બેંક લોન વધારે મળે. ત્રીજું સૂચન એવું હતું કે ૧૫ વર્ષ સુધી એ મકાન વેચી ન શકે. આ જે કાયદો છે એમાં જે મર્યાદા છે એ મર્યાદા ઘટાડીએ બે ભાઇઓ જુદા થાય ત્યારે મિલકત વહેંચણીમાં જે મુશ્કેલી પડે છે એ ન પડે અને મર્યાદા ઘટાડીએ તો સરકારશ્રીને દસ્તાવેજની અને સ્ટેમ્પ ડ્યૂટીની આવક થશે. આટલા મારા નમ્ર સુચન છે. ધન્યવાદ.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી શહેરી જમીન ટોચમર્યાદા વધારાની જમીન ઉપર જે મકાનો થઇ ગયા છે એના અંગેના કેટલાક સુધારાઓ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને કેટલીક વાત કરવા માટે ઉપસ્થિત થયો છું. સૌપ્રથમ તો હું માનનીય મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપુ છું કે આવો એક સુંદર ઐતિહાસિક નિર્ણય કર્યો. ભૂતકાળમાં ઇમ્પેકટ ફીનો કાયદો આવ્યો અને મકાન સુરક્ષીત કરવાનો એક નિર્ણય સરકારે કર્યો પણ એનાથી કેટલાક લોકોએ ઇમ્પેકટ ફી ભરી, કેટલાકે ભરી નહોતી. ત્યારે શહેરી જમીન ટોચમર્યાદાનો કાયદો લાવવામાં આવ્યો એ વખતે એવું રૂપાળું નામ આપવામાં આવ્યું હતું કે શહેરની આજુબાજુ ૧૫ કિલોમીટરમાં વસતા ખેડૂતો સમૃદ્ધ છે. એ ખેડૂતો પાસેથી વધારાની જમીન લઇને ગરીબ લોકોને જમીન વહેંચવામાં આવશે. ગરીબોના નામે ખેડૂતો પાસેથી જમીન પડાવી એમ કહું તો કંઇ ખોટું નથી. ૧૯૭૬માં કાયદો આવ્યા પણ એની રીસ્ટ્રોસ્પેકટ ઇફેકટ ૧૯૭૫થી આપી, એક વર્ષ પહેલાથી આપવામાં આવી. ૧૯૭૫ થી ૧૯૯૫ સુધી ૨૦–૨૦ વર્ષ સુધી કેન્દ્રમાં અને રાજયમાં કોંગ્રેસની સરકારો હતી પણ આ સરકારી ખેડૂતો પાસેથી પડાવી લીધેલી જમીન, જેમના નામે પડાવી લીધી હતી, ગરીબોના નામે, ઝુંપડાવાળાના નામે એને કયાંય આવાસો આપ્યા હોય એવું મારા ધ્યાનમાં નથી. આ જે જમીન ખેડૂતો પાસેથી લઇ લીધી એ જમીન સરકારી થઇ ગઇ. સરકારી જમીન એટલે સબ ભૂમી ગોપાલ કી. આજે દરેક જગ્યાએ જે ઝૂંપડપટ્ટીઓ થાય છે સરકારી જમીનમાં થાય છે. ખેડૂતો પાસેથી લઇ લીધી આ જમીન એ સરકારી થઇ ગઇ. એની ઉપર કાચા અને પાકા મકાનો બન્યા. ગરીબ વર્ગના લોકોની એમાં વસાહત થઇ. ૨૦–૨૫ વર્ષથી આ લોકોને એમાં સબડતા હતા. માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ જે વાત કરી કે કોઇપણ કમિશ્નર નવો આવે, કોઇપણ મામલતદાર નવો આવે અને એની ઇચ્છા થાય તો બુલડોઝર લઇને જાય, નોટીસ આપે કે તમારું મકાન છે એ સરકારી જમીનમાં છે. શા માટે પાડી ન નાખવું? શા માટે જમીન ફરીથી સંપાદન લઇ ન લેવી? આવા ભયના ઓથાર નીચે હજારો કુટુંબ ગુજરાતની અંદર શહેરી જમીન ટોચમર્યાદાની જમીન ઉપર વસાહત પામેલ લોકો હતા. અદ્ધર શ્વાસે જીવતા લોકો હતા. આ લોકો માટે કોઇ આશ્રયસ્થાન નહોતું અને જયારે જયારે બુલડોઝર લઇને આવે ત્યારે પ્રતિનિધિઓ પાસે લોકો જાય કે અમને બચાવો. અમે માંડ–માંડ માંગી ભીખીને બનાવેલું મકાન છે આ લોકો પાડી નાખશે તો અમે જઇશું કયાં? આવા ગરીબો જે નોધારા થઇને રહેતા હતા એને એક આશરો આપવાનું જબરજસ્ત કામ આ સરકારે કર્યુ છે એના માટે એને ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યાવાદ આપુ છું. ખાસ મારા વિસ્તાર માટેની જો વાત કરું તો ૨,૧૦૦ ઇફેકટેડ લોકો આમાં અરજદાર થયા છે અને ૨,૧૦૦ લોકો આમાં કાયદેસરના મકાનને પાત્ર બનવાના છે. મારું એક સજેશન પણ છે. માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ બેંકની લોન અંગેની વાત કરી તો એમાં બેંકવાળા એવું કહે છે કે અમને મોર્ગેજ કરવાની પરમીશન નથી. એના કારણે બેંકમાંથી લોન આપતા નથી. મોર્ગેજ કરવાની જો પરમીશન મળે તો બેંકો લોન આપશે. આજે જે લોકોને લાખ–બે લાખ રૂપિયા એક સાથે ભરવાના થાય તો રકમ એટલી એમની પાસે નથી. ખૂબ સારો નિર્ણય છે કે ૩૦ દિવસ નહીં સરકાર નકકી કરે એ તારીખ હશે. એના કારણે થોડી રાહત થશે. હપ્તા પણ કરી શકાશે પણ જો એ મોર્ગેજની વધારાની છૂટ મળે તો આ ટાઇપના લોકો લોન લઇને પણ એ મકાન પોતાનું કાયદેસરનું કરી શકશે એ મારો આ સુધારો છે એ માન્ય રાખી માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે સુધારા દરખાસ્ત લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું અને ફરી વખત ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ આપુ છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાસાહેબ આજે શહેરી વિકાસ શહેરી જમીન ટોચમર્યાદા સુધારાઓ જે લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. અગાઉ જે પ્રમાણે વાત થઇ એ પ્રમાણે આ કાયદો કેન્દ્રની અંદર જયારે કોંગ્રેસની સરકાર હતી. ત્યારે શહેરી વિસ્તારમાં શહેરી જમીન ટોચ મર્યાદા કાયદો તા. ૧૭–૨–૧૯૭૬ના રોજ અમલમાં આવ્યો. આ કાયદાના આધારે એ વખતે શહેરોની અંદર આ જગ્યાઓને સરકાર હસ્તક લેવા માટે એકપણ ફોર્મ ભરવાનું આયોજન કરવામાં આવ્યું ન હતું. એ વખતે ઘણા બધા લોકો અને ખેડૂતો અજ્ઞાત હતા અને એ કાયદાના આધારે શહેરી વિસ્તારમાં આ જમીન ટોચ મર્યાદા કાયદામાં ઘણી બધી જગ્યાઓ સરકાર હસ્તક એક્વાયર કરવામાં આવી. જે પ્રમાણે એ વખતે જે ઉદ્દેશ હતો કે મધ્યમવર્ગ અને ગરીબવર્ગના સામાન્ય માનવીઓ માટે આની અંદર આવાસો બનાવી એમને આ આવાસો ઉપયોગ માટે આપવા. આ કાયદો બનાવ્યો હતો પણ ૧૯૭૬થી જ્યારે શહેરી વિસ્તારમાં આ કાયદાનો પૂરેપૂરો અમલ ન થયો અને સમયાંતરે કેન્દ્રમાં જ્યારે સત્તામાં પરિવર્તન આવ્યું અને એ વખતે

માનનીય અટલબિહારી બાજપાઇજીના અધ્યક્ષસ્થાને ૧૯૯૯માં આ કાયદામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. એ વખતે આ કાયદો ૧૯૯૯ની અંદર આ કાયદાને સમાપ્ત કરવામાં આવ્યો અને એ પછી આપણે જોયું હશે કે ગુજરાત રાજ્યની વાત કરીએ તો અમદાવાદ, સુરત, વડોદરા એવા મહાનગરોમાં જે તે વખતે જે તે વિસ્તારની અંદર આ કાયદામાં જે જમીનોનું સંપાદન થયું હતું એની અંદર મધ્યમવર્ગના ગરીબ પરિવારો અને જેને જે પ્રમાણે સગવડ થઇ એ પ્રમાણે આ જગ્યામાં નાના–મોટા મકાનો બનાવવામાં આવ્યા હતા. એ વખતે શહેરી વિસ્તારમાં આપણે ક્યાંકને ક્યાંક આ જગ્યાઓ ઉપર સરકારી કાયદાના અભાવે આપણે એમને સુખ–સગવડ અને સવલતો આપવાની હોય, પાણી, રોડ રસ્તા માટે એ વખતે પણ શહેરી જમીનો ટોચ મર્યાદામાં શ્રી સરકારના કાયદાનું ઉલ્લંઘન થાય એવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થતા હતા. એ પછી જે તે વખતે રાજ્ય સરકારની અંદર આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, સમયાંતરે એમાં ઘણા બધા સુધારાઓ કરવામાં આવ્યા. ૨૦૧૨ પહેલાં આ બાબતમાં હાઇકોર્ટમાં જાહેર હિત માટેની પિટિશનો અનેક જગ્યાએ કરવામાં આવી હતી. આ નાના–મોટા મકાનો જે ગરીબ પરિવારોએ બનાવ્યા હતા, જે પ્રમાણે અગાઉ વાત થઇ કે એ વિસ્તારમાં કોઇ નવા કલેકટર આવે, નવા મામલતદાર આવે, શહેરી વિસ્તારમાં કમિશનર આવે તો આ કાયદાનું અર્થઘટન કરીને એ મકાનો તોડવા માટે, એ જમીન ઉપરથી દબાણ દૂર કરવા માટેની અનેક પ્રકારની નોટિસો આપવામાં આવતી હતી. એ વખતે આ બાબત ધ્યાનમાં આવ્યા પછી આપણા જાગૃત ધારાસભ્યોએ શહેરી વિસ્તારમાં આપણી સરકારમાં રજૂઆત કરી હતી અને અમદાવાદની વાત કરું તો અમદાવાદના પ્રતિનિધિઓ એટલે કે સૌ ધારાસભ્યોએ એ વખતના આપણા મુખ્યમંત્રી બેનશ્રી આનંદીબેનને પણ અમે બધાએ રજૂઆત કરેલ. અમદાવાદની વાત કરીએ તો ૫ હજારથી વધુ નાની–મોટી સોસાયટીઓમાં એવા મકાનો આ જગ્યાઓ ઉપર બની ગયેલા હતા અને સરકારના કાયદા પ્રમાણે એનું દબાણ દૂર કરીએ તો અનેક મોટી મુશ્કેલીઓ ઉભી થાય એમ હતું. એ વખતે રાજ્ય સરકારે તા. ૧૫–૧૨–૨૦૧૬ના રોજ આ વટહુકમ કરીએ શહેરોમાં મધ્યમવર્ગ અને ગરીબ વર્ગના જે લોકોએ આ જમીનો ઉપર મકાનો બનાવ્યા હતા એમાં આ કાયદામાં સુધારો કર્યો અને એ પછી સમયાંતરે જેટલી પણ મુશ્કેલીઓ આવી એમાં સુધારા કરવા માટે આજે માનનીય મહેસૂલમંત્રીશ્રી આની અંદર સુધારા લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને એમાં જે કાંઇ નાના–મોટા સુધારા, બેન્ક માટેના, એને ધિરાણ માટેના અને ક્યાંક માલિકી માટેના સુધારા સૂચવ્યા છે એમાં સુધારો થાય એવી વિનંતી સાથે સમર્થન કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રોએક્ટિવ સરકાર સામાન્ય માણસના સૂચનને તો ધ્યાનમાં લઇએ જ છીએ પણ આ ગૃહમાં મારા સાથી તરીકે બેસનાર સાથીઓના સુધારા, જે સૂચનોને પણ અમે લક્ષમાં લઇએ છીએ. હું ત્રણેય મારા સાથીઓનો આભાર માનું છું જનકભાઇ, ગોવિંદભાઇ અને અરવિંદભાઇનો. જનકભાઇ અને ગોવિંદભાઇએ બે–ત્રણના સૂચનો કર્યા છે. આજના સુધારાના સૂચનો પણ આપે અને એના આધારે સુધારા બિલ લઇને આવ્યો છું. આજે આપે કરેલા સૂચનો છે એને હું બહુ ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઇશ અને અહીંયા જ ગૃહમાં મારા અધિકારી મિત્રો બેઠા છે. આવતા સમયમાં આ એકે એક સૂચનો ઉપર શું શું થઇ શકે છે અને હકારાત્મક રીતે તમે પબ્લિક માટે કહો છો, ઝડપી અમલીકરણ માટેના કહો છો, નાના માણસ માટે કહો છો, ગરીબ અને મધ્યમ વર્ગના માણસોની વાચા, એમની વેદના તમે અહીં રજૂ કરો છો. આવતા દિવસોમાં ગંભીરતાથી લઇ તમારા નાના–મોટા સૂચનો છે એને ચોક્કસ ધ્યાનમાં રાખીશ અને એનો અમલ કરીશ.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદય, મેં આમ તો માનનીય મંત્રી સાહેબને મારા વિસ્તારની લેખિત રજૂઆત કરેલી. એ પુર્ણા વિસ્તારની અંદર લગભગ ૮૦% સોસાયટીઓને દસ્તાવેજનો લાભ મળવાનો પણ ૫–૧૦ સોસાયટીઓ પ્રથાનો લાભ મળશે અને મધ્યમ અને નાના વર્ગના લોકોને એનો ફાયદો થશે. પરંતુ મારું નમ્ર સૂચન છે કે ૩ થી ૪ સાસાયટીઓ એવી છે કે માનો કે એક માતૃશક્તિ સોસાયટી મારા વિસ્તારની અંદર ૬૦૦૦ વોટરો છે એટલે ૧૫૦૦૦ની વસ્તી આ સોસાયટીમાં છે. એક નાનકડા એવા પ્રશ્નથી જે તે સમયે સોસાયટી પડેલી. ખેડૂત ૮ કિ.મી. દૂર રહે એ નિયમ હતો. એક ખેડૂતને ત્યારે સમસ્યા આવેલી અને જગ્યા માટે માગણી થયેલી તો ટેકનીકલ બાબતમાં આવા જે પ્રશ્નો છે. એ કાયદો તો હવે નીકળી ગયો છે. સામાન્ય આ કાયદાનું અર્થઘટન ત્યાં થઇ રહ્યું છે તો એમાં સોલ્યુશન થાય અને જો આ કાયદો જ નીકળી ગયો છે તો આ પ્રશ્ન સરકારનો રહેતો નથી તો એવા પ્રશ્નનું સોલ્યુશન થાય. યુ.એલ.સી.માંથી આવી સોસાયટીઓ નીકળી જાય જેને રનિંગ દસ્તાવેજની અંદર લાભ મળી શકે એમ છે. અત્યારે આવી જ સોસાયટી જે છે એ ના તો દસ્તાવેજ કરવામાં આપણી નીતિ બનાવવામાં આવતી નથી અને યુ.એલ.સી.માં પણ એમને દસ્તાવેજનો લાભ નથી મળવાનો ત્યારે માતૃશક્તિ સોસાયટી પૂર્ણામાં, સિમાડામાં બ્રમ્હનગર અને સ્વામી નારાયણનગર અને પૂર્ણાની અંદર અવધ ધામ સોસાયટીઓ છે એમણે મને લેખિત આપ્યું છે તો વિનંતી કરું છું કે આવા પ્રશ્ન જો સોલ્યુશન થાય તો ગુજરાતની અંદર ઘણી સોસાયટીઓના આવા પ્રશ્નનુ સોલ્યુશન થશે, અસ્તુ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રફુલ્લભાઇની વાતને હું બહુ ગંભીરતાથી લઉં છું. કલેક્ટર પાસેથી અહેવાલ મંગાવીને એમાં પણ હું ઘટતું કરીશ. હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સને ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી

વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ–૩, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક– ૨૯ નું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયકને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા ચારેય બિલમાં ભાગ લેવા માટે અને સર્વાનુમતે પસાર કરવા માટે હું આ ગૃહનો અત્યંત આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : હવે બિલોની કામગીરી પૂરી થયા પછી રિસેષ પડવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. રિસેષ પછી ગૃહ ફરીથી ૧૨–૦૦ કલાકે મળશે.

( વિરામ – બપોરના ૧૧–૦૨ થી ૧૨–૦૦)

( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

માનનીય મુખ્યમત્રીશ્રીનો શુભેચ્છા પ્રસ્તાવ

અધ્યક્ષશ્રી : ઓર્ડર...ઓર્ડર

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી છે કે આજે ગૃહના કામકાજની યાદી પ્રમાણે છેલ્લા દિવસનો પ્રસ્તાવ ચર્ચામાં લેવાનો છે, પરંતુ એ પહેલા અમારા સૌ સભ્યશ્રીઓની લાગણી છે કે આપણા ગૃહના સભ્ય અને ગઇકાલે જ રાજ્યસભામાં જેમનો વિજય થયો છે એવા શ્રી અમીતભાઇ શાહ જે અત્યારે આપણા ગૃહના સભ્ય છે. રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાવાને કારણે સ્વાભાવિક છે કે વિધાનસભાના સભ્ય તરીકે તેઓશ્રીએ રાજીનામું આપવાના છે, એટલે એમને આપણી સરકારમાં, વિધાનસભામાં અને જાહેર જીવનમાં ધારાસભ્ય તરીકે લગભગ ૨૦ વર્ષ સુધીની ખૂબ સુંદર પ્રજાકીય કામગીરી કરી છે.

(આ તબક્કે અમિતભાઇ શાહ સભાગૃહમાં હાજર થતા )

મારી આપને વિનંતી છે કે માનનીય અમિતભાઇ શાહ જેઓએ ખૂબ સુંદર કામગીરી આપણા ધારાસભ્ય તરીકેની ૨૦ વર્ષની કારકિર્દી દરમ્યાન કરી છે, એને બિરદાવવા માટે, એમને અભિનંદન આપવા માટે અને એમની સેવામાંથી અન્ય ધારાસભ્યોને પ્રેરણા મળે એ માટે અમિતભાઇ શાહનું વિધાનસભા ગૃહ અભિવાદન કરે એવી અમારી સૌની લાગણી છે. છેલ્લા દિવસનો પ્રસ્તાવ પહેલા આ બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી પ્રસ્તાવ રજૂ કરવા માગે છે તો એને મંજૂરી આપવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : પરમીશન ગ્રાન્ટેડ

શ્રી વિજયકુમાર ર.રૂપાણી (મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના ગૃહમાં ઐતિહાસિક અને વિશિષ્ટ પ્રસ્તાવ આજે હું આપની મંજૂરીથી મૂકવા માગું છું. વિધાનસભા એ લોકશાહીનું મંદિર છે. સાડા છ કરોડ ગુજરાતીઓનું આ વિધાનસભામાં એમની લાગણી, એમના સપનાઓ, આકાંક્ષાઓ એ અહીયા રજૂ થતા હોય છે. એ રજૂ કરવા માટે અલગ અલગ વિસ્તારના પ્રતિનિધિ જનતાના મતથી ચૂંટાઇને અહીયા જનતાની સેવા કરવા માટે આવતા હોય છે અને એના કારણે આ ગૃહ એ તક અને ત્યાગનું પ્રતીક બનતું હોય છે, કારણ કે લોકોના પ્રતિનિધિ તરીકે ગૃહમાં એ એમની સતત કરેલી કામગીરી, જન ઉપયોગી કામગીરી જનતા માટે સર્વસ્વ હોમીને એ પ્રતિનિધિઓ પોતાની તક મજબૂત કરતા હોય છે. તેના કારણે તેઓ ગૃહમાં સુશોભિત થતા હોય છે. ગૃહમાં મંત્રી તરીકે પણ એક જવાબદારીપૂર્વક તે લોકો કામ કરતા હોય છે. વિરોધપક્ષના લોકો વિરોધપક્ષની જવાબદારી તરીકે કામ કરતા હોય છે. ધારાસભ્યો તે પ્રતિનિધિ તરીકે કામ કરતા હોય છે અને ગૃહમાં થયેલી કામગીરી દ્વારા પોતાના વ્યક્તિત્વ, પોતાની કર્તવ્યબદ્ધતા રજૂ થતી હોય છે. ગુજરાતનું આ વિધાનસભાગૃહ અનેક લોકોના ત્યાગ, પરિશ્રમ, માર્ગદર્શન, વિચાર, કર્તૃત્વથી ભરેલું ગૃહ છે. જૂની પેઢીમાં ઘણાબધા લોકોએ આ ગૃહમાંથી ગુજરાતને માર્ગદર્શન આપ્યું છે અને સતત તે પ્રકારના નેતૃત્વ આ ગૃહમાંથી આગળ વધતા હોય છે. આપણા માટે ગૌરવની વાત એ છે કે તાજેતરમાં જ આપણા વડાપ્રધાન છેલ્લે આ ગૃહમાંથી રિટાયર્ડ થઇ દેશના વડાપ્રધાન તરીકે દેશનું નેતૃત્વ કરવા આપણી વચ્ચેથી ગયા છે. ત્યારે પણ આ પ્રકારનો અભિનંદન પ્રસ્તાવ લાવેલા, તે સમયે હું ગૃહમાં નહોતો પણ બાકીના બધા લોકોએ તેમને અભિનંદન અને શુભેચ્છાઓ આ ગૃહમાંથી આપી હતી. આજે એવો બીજો પ્રસંગ છે કે આપણામાંથી જેમણે વીસ વીસ વર્ષ સુધી સેવા કરી છે. ધારાસભ્ય તરીકે, મંત્રી તરીકે, પાર્ટીના પ્રમુખ તરીકે જેમણે નેતૃત્વ કર્યુ છે તેવા અમિતભાઇ શાહ હવે ગુજરાતનું પ્રતિનિધિત્વ દિલ્હીમાં કરવાના છે. તેઓ રાજયસભામાં જઇ રહ્યા છે ત્યારે આજે અમને બધાને આનંદ છે. અમિતભાઇમાં વિશેષતા ઘણી બધી રહેલી છે એને એટલા માટે અહીં ઉજાગર કરું છું કે નવી પેઢી અને ગુજરાતની જનતાને તે ધ્યાનમાં આવે. નાની વયે જ ધારાસભ્ય બનીને એક યુવા મોરચાના આગેવાનમાંથી આજે રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા છે આ એમની બહુ મોટી સિદ્ધિ છે. જનરલી રાષ્ટ્રીય અધ્યક્ષ તે ૭૦ વર્ષ પછીના આવતા હોય છે. તેને બદલે નાની વયે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે અને તે પણ દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે જવાબદારી સોંપી છે તે આપણા માટે ગૌરવની વાત

છે. ભારતીય જનતા પાર્ટીમાં આ જવાબદારી એક મોટી જવાબદારી છે. કુટુંબના એક વડીલ તરીકે કે જેમના નેતૃત્વમાં સરકારો કામ કરે છે અને દેશમાં રૂલીંગ પાર્ટી તરીકે ભારતીય જનતા પાર્ટી હોય અને અનેક રાજયોમાં ભારતીય જનતા પાર્ટીની સરકારો હોય ત્યારે તે પાર્ટીના વડા તરીકે પાર્ટીનું નેતૃત્વ તેમને જવાબદારી સોંપતું હોય તો તેમનામાં કેટલી બધી લાયકાત હશે, તેમનામાં કેટલું બધુ સામર્થ્ય હશે કે આ પાર્ટીએ એમને જવાબદારી સોંપી છે. આવા સમયે જવાબદારી સોંપી છે કે જયારે દેશ આખામાં અને કેન્દ્રમાં સરકાર આપણી હોય, રાજયોમાં સરકારો ભાજપની હોય. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તે બધા જયારે ભારતીય જનતા પાર્ટીના બનતા હોય અને તે વખતે મોભી તરીકે અમિતભાઇ બેઠા હોય તે બતાવે છે કે તેમના સબળ અને કુશળ નેતૃત્વ તેમાંથી નીકળે છે. તેવી જ રીતે અમિતભાઇની બીજી વિશેષતા કે સતત સંઘર્ષ. ઘણા લોકો જાહેર જીવનમાં વર્ષો સુધી હોય પણ સંઘર્ષ તેના નસીબમાં ન હોય. એ તો બધું સંજોગોવશાત સ્મુધલી ચાલતું હોય, આરામથી એનો કાળ વિતતો હોય અને સંઘર્ષમાંથી જે નેતૃત્વ ઉભું થાય છે એ જ નેતૃત્વ દૈદીત્યમાન છે કારણ કે મુકાબલા કરીને એ આગળ વધે છે. આપણે જોયું નરેન્દ્રભાઇના એક સબળ સાથી તરીકે તેઓ ગૃહમંત્રી હતા અને ત્યારે ગુજરાત દિલ્હીના આંખના કણાની જેમ ખૂંચતું હતું અને ત્યારે જૂઠા કેસો કરી, સી.બી.આઇ.ની ઇન્કવાયરી કરી અમિતભાઇને જેલમાં મોકલે અને ત્યારે પણ ડગે નહીં અને એ સંઘર્ષ કરતા કરતા કદી પીછેહઠ ન કરી અને એ બધા કેસો જૂઠા હતા ચૂકાદાઓમાં પણ બાઇજ્જત બરી થયા અને એમના આરોપોને કોર્ટે પણ કાઢી નાંખ્યા છે. પણ ત્યારે પણ તેઓ ડગ્યા ન હતા સી.બી.આઇ.ની ઇન્કવાયરી હોય કે બીજા ખોટા કેસો હોય પણ ક્યારેય મચક આપી નથી. ગૃહમંત્રી તરીકે પણ આ ગુજરાતની સુરક્ષા અને એ ગુજરાત જયારે આતંકવાદીઓ માટેનું પ્રવેશ દ્વાર હોય અને દેશભરમાં ગુજરાતમાં થઇને આતંકવાદીઓ જતા હોય ત્યારે એમને રોકવા, ગુજરાતને સુરક્ષિત કરવું, દેશને સુરક્ષિત કરવો એ પ્રકારની દીર્ઘદષ્ટિથી સતત કાર્યશીલ રહીને એમણે ગુજરાતનું રક્ષણ કર્યું છે. એક સફળ ગૃહમંત્રી તરીકે ઇતિહાસમાં એમનું નામ કાયમ ગુજરાતની જનતાને યાદ રહેશે એમાં કોઇ શક નથી. અમિતભાઇએ એક સફળ ગૃહમંત્રી તરીકે અહીંયા કામ કર્યું છે. સંસદીય મંત્રી તરીકે પણ એમણે કામ કર્યું છે કે જેમાં સંસદીય કાર્યપ્રણાલિ ગૃહનું મેનેજમેન્ટ અને પાર્ટીને માર્ગદર્શન એમાં પણ અમિતભાઇનું એક વિશિષ્ટ યોગદાન રહ્યું છે, વિઝન રહ્યું છે અને વર્ષો સુધી એ ભારતીય જનતા પાર્ટીને અને સંસદીય મંત્રી તરીકે ગુજરાતને પ્રણાલિકાઓનું આદર્શ જાળવવાનું, ઉચ્ચ મૂલ્યો જાળવવાનું પણ એમણે બહુ સફળતાપૂર્વક કામ કર્યું છે એ આપણે જોયું છે. મંત્રી બને કે ન બને એમાં પણ કોઇ ફેર નહીં. એ એમનો એક વિશિષ્ટ સ્વભાવ છે કારણ કે, એમના જીવનમાં સતત મંત્રીપદ નથી. ભાજપની સરકારો આવી, કયારેક મંત્રી હતા, કયારેક મંત્રી ન હતા છેલ્લે એ પોતે એમની કેપેસીટી છતાં પણ મંત્રીપદથી દૂર રહી અને સંગઠનનું કામ એમણે કર્યું છે આ પણ મોટી એમના વ્યક્તિત્વની છાપ રહી છે. મંત્રી થવા બધા ઇચ્છતા હોય અને એવે વખતે મંત્રી નહીં કેપેસીટી હોવા છતાં આ એમની પરિપક્વતા છે એ પણ આપણે બધાએ જોઇ છે. સ્વભાવિક છે કે રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા અને એને કારણે એ હવે આપણા ગૃહમાં નવી ચૂંટણી લડવાના નથી ધારાસભ્ય તરીકે એમનો આજે છેલ્લો દિવસ હશે કારણ કે હવે રાજયસભામાં જવાના છે ત્યારે અમિતભાઇને આ ગૃહના સુપરસ્ટાર તરીકે આ ગૃહ એમને કાયમ યાદ કરશે. ધારાસભ્ય તો દર વખતે પાંચ વર્ષે આવતા હોય છે જતા હોય છે એ ચાલતું હોય છે પરંતુ જે જવાબદારી જનતાએ સોંપી એને સફળતાપૂર્વક પૂરી પાડવી અને લીડરશીપ ઉભી કરવી એ મહત્વનું છે. અને હું એમ માનુ છું કે અમિતભાઇમાં એ લીડરશીપના ગુણ બાય બોર્ન છે. ઘણાં લોકો સંજોગોવસાત લીડર હોય છે પણ અમિતભાઇ બાય બોર્ન લીડર છે. તેમણે જે છાપ ઉભી કરી છે તે નેતૃત્વ કરવાની તેમની શકિત બતાવે છે. મને એમ લાગે છે કે રાજયસભામાં એ સમગ્ર દેશને લીડરશીપ આપવામાં વધુ ઉપયોગી નીવડશે. એ ગુજરાતના બદલે દેશના તમામ રાજયોને ત્યાંથી લીડરશીપ આપશે તેવી મને પૂર્ણ શ્રદ્ધા છે. બીજો આનંદ એ છે કે હવે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાના છે. નરેન્દ્રભાઇ વડાપ્રધાનશ્રી તો ત્યાં બેઠા છે અને હવે અમિતભાઇ ત્યાં બેસશે એટલે આપણાં માટે તો મોસાળે મા પીરસનાર છે ગુજરાતની બધી ચિંતા કરશે. અને આપણે કહે છે ને કે ઉપર કોઇક બેઠું છે તો ચિંતા ના રહે હું મુખ્યમંત્રી થયા પછી હું જાણુ કે આ પ્રશ્ન જાણી જોઇને પૂછે છે કે તમે નરેન્દ્રભાઇ અને અમિતભાઇનું માર્ગદર્શન લેશો ? એમના માર્ગદર્શનથી ચાલશો ? હું બેધડક કહું છું કે એમના માર્ગદર્શનથી જ ચાલીશું કારણ કે એમણે વર્ષો સુધી ગુજરાતમાં ૨૦-૨૦ વર્ષ, ૨૫-૨૫ વર્ષથી ધારાસભ્ય તરીકે રહ્યાં હોય નરેન્દ્રભાઇ તો ૧૩ વર્ષ મુખ્યમંત્રી તરીકે રહ્યાં તો તેમની પાસે તો અનુભવનો નીચોડ મોટો છે તો એમાંથી અમને માર્ગદર્શન મળે તો સોનું જ મળે અને આ તો અમારે લેવાનું જ હોય. એટલે એમના માર્ગદર્શનથી ગુજરાતને પણ લાભ થશે અમને પણ વ્યકિતગત લાભ થશે અને એમના અનુભવનો નીચોડ એ અમને બધાને કાયમ પ્રેરણા આપશે. ફરી વખત આપણાં બધા વતી આ અભિનંદન પ્રસ્તાવ, શુભેચ્છા પ્રસ્તાવમાં હું એમને શુભેચ્છા પાઠવું છું કે અને અમને શ્રદ્ધા પણ છે કે તમારા કર્તુત્વ, તમારી નિષ્ઠા, તમારી સંઘર્ષની કેપેસીટી આ બધી બાબતો આ દેશને એક સારું નેતૃત્વ પૂરું પાડશે એવી આપણાં બધા વતી તેઓ જયારે હવે રાજયસભામાં જાય છે ત્યારે અમારા પૈકીના એક ધારાસભ્ય હવે દિલ્હીમાં પોતાનું એક કર્તુત્વ દેખાડશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે હું આપણાં બધા વતી તેમને શુભેચ્છા પાઠવું છું કે ખૂબ આગળ વધો અને અમને ગૌરવ થશે, આ હાઉસને ગૌરવ થશે કે અમારા પૈકીના એક ધારાસભ્ય આજે દેશને માર્ગદર્શન કરી રહ્યાં છે, નેતૃત્વ પૂરું પાડી રહ્યાં છે ત્યારે આ મહાત્મા ગાંધી મંદિરમાં વિશિષ્ટ સંજોગોમાં મળેલી આ વિધાનસભા આ પણ એક સંજોગ છે કે મહાત્મા મંદિરમાં આ શુભેચ્છાનો કાર્યક્રમ મહાત્મા ગાંધી પણ ગુજરાતના સપુત હતા અને એમના હાઉસમાં ગાંધીજીએ આપેલ રસ્તો સત્ય, અહિંસા આ બધી બાબતમાં તે ગાંધીજીના આશીર્વાદ અને એમના ચીંધેલા માર્ગ ઉપર ફરી વખત ગુજરાતના એક નવા સિતારા, નવુ નેતૃત્વ એ દેશને મળશે એવી મને શ્રદ્ધા છે અને એટલે જ આપની મંજૂરીથી આજે અમને બધાને આનંદ છે અને એટલા માટે આ

વિશિષ્ટ પ્રસ્તાવને આજે હું પ્રસ્તુત કરું છું અને આશા રાખુ છું કે આપ સૌ આ શુભેચ્છા અને અભિનંદનમાં સાથે જોડાશો ધન્યવાદ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આપણને સૌને ગૌરવ અને આનંદ થાય એ પ્રકારનો પ્રસ્તાવ આ સન્માનીય ગૃહમાં રજૂ કરવામાં આવ્યો છે અને આ ગૃહના આપ સૌ સભ્યશ્રીઓ આ તેરમી વિધાનસભાના સૌ સભ્યોને ગુજરાત રાજયની સ્થાપના પછી જે અમુક પ્રકારની કામગીરીમાં સહયોગ કરવાનો જે લાભ પ્રાપ્ત થયો તે હું માનું છું કે, બીજી વિધાનસભામાં ઓછો પ્રાપ્ત થયો હશે. આ તેરમી વિધાનસભાની આપણા સભ્યશ્રીઓને ભારતના વડાપ્રધાન તરીકે દેશની જનતાએ મોટામાં મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટીને, એન.ડી.એ.ને કોઇના પણ સપોર્ટ સિવાય સિંગલ રાજ્ય પાર્ટી તરીકે સંપૂર્ણ બહુમતી સાથે કેન્દ્રનું શાસન સોપ્યું એ પછી આપણા તત્કાલિન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીએ સ્વાભાવિક છે કે વડાપ્રધાન પદ ગ્રહણ કરવાના હોવાથી અને તેઓશ્રી પણ ધારાસભ્ય તરીકે ચૂંટાયા હોવાથી રાજ્ય વિધાનસભામાંથી એમણે રાજીનામું આપ્યું અને એ વખતે પણ ગૃહમાં સરકાર પક્ષ અને વિપક્ષ બંને દ્વારા માનનીય મોદી સાહેબને અભિનંદન અને શુભેચ્છા પાઠવવા જે આપણે ખાસ બેઠક બોલાવી હતી એનો લાભ આ સૌ સભ્યશ્રીઓને મળ્યો છે અને સતત આ જ વિધાનસભામાં આ જ સભ્યશ્રીઓને, અમને બધાને એવો જ બીજો લાભ આજે પ્રાપ્ત થયો છે કે, અમારા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને છેલ્લા વીસ વર્ષથી આપણી ગુજરાત વિધાનસભાના અમદાવાદની નારણપુરા વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરી નાની ઉંમરથી, યુવાન ઉંમરથી સરકારમાં મંત્રી તરીકે અથવા અન્ય કામગીરીમાં રહી, સંગઠનમાં રહી જે નેતૃત્વ પૂરું પાડ્યું અને પછી રાષ્ટ્રીય અધ્યક્ષની મોટી જવાબદારી પ્રાપ્ત કરી એ બધું અમારી અને આપની સૌની નજર સામે ચિત્રપટની જેમ અત્યારે દેખાઇ રહ્યું છે. આપણે જાણીએ છીએ કે ખૂબ નાની યુવાન વયથી માનનીય અમીતભાઇએ એમની કારકિર્દીની શરૂઆત કરી. આમ તો હું જાણું છું એ પ્રમાણે એમનો રસનો સેવાનો વિષય સહકાર ક્ષેત્ર છે. અમદાવાદની ડિસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંક હોય, સ્ટેટ કો–ઓપરેટીવ બેંક હોય કે રાજ્યની અન્ય સહકારી સંસ્થા હોય એમાં એમના નેતૃત્વમાં એમના માર્ગદર્શનથી જે સંસ્થાઓ નફો નહોતી કરી શકતી, આર્થિક રીતે સદ્ધર નહોતી એવી સંસ્થાઓ પણ આજે ખૂબ સક્ષમ બની ચૂકી છે. એ સહકારી ક્ષેત્રની એમની કારકિર્દીનું એક મોટી સફળતાનું પાસું છે. આ બધા જ પગથિયાં ચડતા ચડતા સળંગ એમને લાલ જાજમ મળી છે એવું પણ નથી. એમની સામે પણ અનેક પડકારો આવ્યા. અનેક પ્રકારના કાવતરા એમની સફળતાની કારકિર્દીને રોકવા માટે ઘડાયા પણ ભગવાનના આશીર્વાદથી અને એમની કુશાગ્ર બુદ્ધિ અને આયોજન શક્તિને કારણે વિરોધીઓએ નિમ્નમાં નિમ્ન કક્ષાના અગાઉની કેન્દ્ર સરકાર વખતે પ્રયત્નો કર્યા છતાં પણ જેમ બધા કોઠા પાર કરી અને સફળતા મેળવી, એમણે સંપૂર્ણ સફળતા મેળવી આજે દેશની મોટામાં મોટી પાર્ટી તો ખરી જ પણ કેન્દ્રમાં સરકાર અને અનેક રાજ્યોમાં સરકાર એવા પક્ષના જ્યારે વડા છે ત્યારે આપણે ઘરના છીએ ત્યારે સ્વાભાવિક છે કે એનો આનંદ અને લાભ વધુ હોય. મારે તો અનેક મિટીંગમાં દિલ્હી જવાનું થાય છે ત્યારે બીજા રાજ્યના મંત્રી, અધિકારીઓ ગમ્મતમાં આપણને એમ કહે કે તમારે ગુજરાતમાં તો શું બાકી છે. બધું ગુજરાતનું જ ચાલે છે. વડાપ્રધાન ગુજરાતના છે, રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાતના છે. ભારત સરકારના નાણા મંત્રીશ્રી અરૂણ જેટલીજી એ પણ આપણા ગુજરાતના જ પ્રતિનિધિ તરીકે, રાજ્યસભાના સભ્ય તરીકે ભારત સરકારમાં જવાબદારી નિભાવી રહ્યા છે. એટલે આ બધો લાભ આપણને મળતો હતો પણ એમાં વધારો કરવા માટે માનનીય અમીતભાઇની પસંદગી ભારતીય જનતા પક્ષના પાર્લામેન્ટરી બોર્ડે રાજ્ય સભાના સભ્ય તરીકે ઉમેદવારી કરીને ગઇકાલે જે ચૂંટણી થઇ એમાં જ્વલંત વિજયથી તેઓશ્રી રાજયસભાના સંસદ સભ્યશ્રી બન્યા છે ત્યારે સ્વાભાવિક છે કે વૈધાનિક રીતે ધારાસભ્ય તરીકે રહેવાનું યોગ્ય હોઇ શકે નહીં, બે હોદ્દા ધરાવી ના શકાય એટલે ધારાસભ્યશ્રી તરીકે તેઓશ્રી જયારે રાજીનામુ આપવાના છે ત્યારે આટલી બધી લાંબી કારકિર્દી, આટલી બધી રાજયને મદદ, આટલું બધુ માર્ગદર્શન અને સેંકડો લોકોને તૈયાર કરવાની જે વિશિષ્ટ એમની બધાને સાથે રાખીને ચાલવાની જે કામગીરી છે, એનો આ ગૃહના બધા જ સભ્યશ્રીઓને અને ગુજરાત સરકારને, અને હું તો સાહેબ એમ કહીશ કે, આખા સમગ્ર વહીવટી તંત્રને ખૂબ મોટો લાભ થયો છે અને કેન્દ્રમાં, રાજયસભામાં આપણા ગુજરાત વતી એક વગદાર વ્યક્તિ ગુજરાતની વાત મૂકે એટલે એનો કેટલો મોટો ફાયદો થાય હું માનું છું કે એનું વર્ણન કરવાની કોઇ જરૂર નથી, એમનો સીંગલ વર્ડ્ઝ એક શબ્દ એ લાંબામાં લાંબા કાગળો કરતાં, લાંબામાં લાંબા ભાષણ કરતાં, એક બે મિનિટનો ફોન કોઇને કરે કે આટલી દરખાસ્ત ગુજરાતની છે તો જરા જોઇ લેજો, તો એમાં આપણને લાભ થાય, થાય અને થાય એ કક્ષાએ જયારે તેઓશ્રી પહોંચી ગયા છે ત્યારે એમણે આપણી વચ્ચે કામ કર્યું, હજુ ઘણુ કામ કરવાનું બાકી છે. અમારા કરતાં ઉંમરમાં યુવાન છે ઘણુ કામ કરવાનું બાકી છે પણ આ પડાવે જે પહોંચ્યા છે એ પડાવ માટે એમને આપણે ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ, નવી કારકીર્દી માટે શુભેચ્છા પાઠવીએ છીએ અને મને વિશ્વાસ છે કે, આપણા ગુજરાતના અનેક રીતે જે અત્યારે ભારત સરકાર તરફથી જે માનનીય વડાપ્રધાનશ્રી તરફથી લાભ મળી રહ્યો છે એમાં હવે વધારો થશે અને આપણે વધુ પ્રગતિ, વધુ સમૃધ્ધિ અને ગુજરાતને વધુ આગળ વધારવામાં જરૂર સફળ થઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે સાથે મારે બીજી પણ એક વાત કરવી છે કે, માનનીય પૂર્વ મુખ્ય મંત્રીશ્રી અને વિપક્ષના પૂર્વ નેતા શ્રી શંકરસિંહજી વાઘેલાએ પણ એમના પોતાની પાર્ટીના કારણોસર એમણે વિપક્ષમાંથી પહેલાં રાજીનામુ આપ્યું, વિપક્ષના નેતા તરીકે હતા અને એમણે જે જાહેર કર્યું એ આખુ ગુજરાત જાણે છે, આપણે બધાય જાણીએ છીએ કે,એમની જે અવગણના એમના પક્ષમાં થતી હતી, વિપક્ષના નેતા હોવા છતાં એમની સલાહ, માર્ગદર્શન કે સૂચન કોઇ

સાંભળતું ન હતું. એમનું એમના પક્ષનું કેન્દ્રિય મોવડી મંડળ એમની સતત અવગણના કરતું હતું એટલે પૂર્વ મુખ્ય મંત્રીશ્રી તરીકે રહી ચૂક્યા હોય, વરિષ્ઠ નેતા હોય અને વિપક્ષના નેતાશ્રી હોય ત્યારે જો એમની અવગણના થતી હોય તો સ્વમાની વ્યક્તિ એ સ્વીકારી શકે નહીં અને કમનસીબી તો સાહેબ, એ છે કે કોંગ્રેસના નેતાઓએ એમના જન્મદિવસે જ કોઇ એમના પક્ષના ધારાસભ્યો, કાર્યકરો, હોદ્દેદારો એમને જન્મ દિવસની શુભેચ્છા પાઠવવા પણ ન જાય એ પ્રમાણેનો જે પ્રતિબંધ મૂક્યો એનાથી ખૂબ દુ:ખી થઇ અને એમણે એ જ દિવસે સક્રિય રાજકારણ છોડવાનો એટલે કે કોંગ્રેસ મુક્ત થવાનો, અમારું અભિયાન તો ખૂબ મોટું ચાલે છે અમારા ભારતીય જનતા પક્ષનું કે આખા દેશને કોંગ્રેસ મુકત કરવી છે પણ માનનીય શંકરસિંહજીએ જે દિવસે કહ્યું કે, હું કોંગ્રેસને મારામાંથી મુક્ત કરું છું અને એમણે જે નિવેદનો આપ્યાં છે એ પ્રમાણે હવે વિધાનસભાના સભ્ય તરીકે પણ તેઓશ્રી ટૂંક સમયમાં જયારે રાજીનામુ આપવાના છે ત્યારે એમણે પણ એમના રાજકીય જીવનમાં અનેક ચડાવ ઉતાર વચ્ચે ગુજરાતની જે સેવા કરી છે એ સેવાની નોંધ પણ આપણે સૌ માનનીય સભ્યશ્રીઓ લઇએ છીએ અને એમને પણ એમનું વિધાનસભાના નેતા પદ છોડ્યા પછી પણ હવે ગુજરાતની વધુ સારી સેવા કરે, ગુજરાતની સામાજિક રીતે કામગીરી કરી અને એમણે એક નિવેદન સારું કર્યું હતું એ મને ગમ્યું કે હું જયાં સારુ કામ થતું હશે ત્યાં મદદ કરીશ. હું રાજકારણમાં પાર્ટી છોડું છું પણ હું સમાજની સેવા નથી છોડવાનો તો સાહેબ, મારું તો એ વખતે પણ નિવેદન હતું કે, કે અમારો ભારતીય જનતા પક્ષની કેન્દ્ર સરકાર માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વની હોય કે ગુજરાતની માનનીય વિજયભાઇના નેતૃત્વની અમારી ગુજરાત સરકાર હોય અમે તો પ્રજાપ્રિય અનેક કામો જયારે કરીએ છીએ. ત્યારે એમને પણ અમારી કામગીરીમાં સહયોગ આપવા માટે વિનંતી કરીએ છીએ, અમે પણ સારી કામગીરી કરીએ છીએ અને એમણે કહ્યું છે કે જયાં સારુ કામ થતું હશે ત્યાં હું મારો સહયોગ આપીશ. તો અમારી સારી કામગીરી ભાજપ સંસ્થાની હોય કે સરકારની હોય એમાં ચોક્કસ સહયોગ નિવૃત્તિકાળ દરમિયાન તેઓ આપશે એવી આશા રાખું છું અને આ તકે તેઓને પણ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું કારણ કે તેઓ પણ આ વિધાનસભા ગૃહમાં તથા સરકારમાં પણ અનેક પદો ઉપર રહીને સેવાઓ આપી છે એ બદલ સૌ સભ્યશ્રીઓ વતિ શુભેચ્છા પાઠવું છું.

માનનીય અમિતભાઇનો આ હાઉસમાં છેલ્લો પડાવ હશે પરંતુ હજી એમણે એનાથી અનેકગણી કારકિર્દી અને સિદ્ધિઓ હાંસલ કરવાની છે. એ હાસલ કરવા ભગવાન એમને વધુને વધુ શકિત સમર્થન અને જનતાના આશીર્વાદ મળે તેવી શુભેચ્છા સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને આ સન્માનનીય ગૃહના સભ્ય માટે અભિનંદન પ્રસ્તાવ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

મને કહેતા આનંદ થાય છે કે આજનો દિવસ ૯મી ઓગષ્ટ, એ ખૂબ ઐતિહાસિક છે કે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે માનનીય અમિતભાઇના આજે ત્રણ વર્ષ પૂરા થયા છે એટલે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ભાજપને દુનિયાની સૌથી મોટી પાર્ટી બનાવવાનું શ્રેય માનનીય અમિતભાઇ સાહેબના ફાળે જાય છે. બાલ્યવસ્થાથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાઇને દેશની સેવા કરી છે. વિદ્યાર્થી પરિષદમાં રહીને કારકિર્દીની શરૂઆત કરી હતી ત્યારબાદ ભારતીય જનતા યુવા મોરચો તથા ભારતીય જનતા પાર્ટીના મંત્રીથી માંડીને અનેક જવાબદારીઓ અદા કરતાં કરતાં રાષ્ટ્રીય કક્ષાએ સેવા કરવા પહોંચ્યા છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે આજે સેવાઓ આપી રહ્યા છે. એ સિવાય પણ માનનીય અમિતભાઇમાં અનેક વિશષતાઓ રહેલી છે. આ સન્માનનીય ગૃહમાં પણ ગૃહ તથા સંસદીય બાબતોના મંત્રી તરીકે આ ગૃહમાં શ્રેષ્ઠ સેવાઓ આપી છે. જાહેર સાહસો માટેની સમિતિના ચેરમેન તરીકે તથા સરકારમાં અલગ અલગ મંત્રી તરીકે એક સિંહ પુરૂષ તરીકે માનનીય અમિતભાઇએ કામ કર્યું છે જે ઇતિહાસમાં ઐતિહાસિક રીતે લખાશે. હું જોઇ રહ્યો છું કે આ તો માનનીય અમિતભાઇની સફર તો હજી શરૂ થઇ છે અને હજી ગઇ કાલે જ રાજયસભાના સભ્ય તરીકે ચૂંટાયેલા ડિકલેર થયા છે ત્યારે મને કહેતા જરાય સંકોચ નથી થતો કે તેમના લીધે આ રાજયના વિકાસની ક્ષિતિજો નવી ઉંચાઇએ પહોંચશે અને રાજયની સમૃદ્ધિમાં પણ આવનાર દિવસોમાં વધારો થશે. ત્યારે માનનીય અમિતભાઇની કારકિર્દી અનેક ઉંચાઇએ પહોંચશે અને એ દેશના ઇતિહાસમાં લખાશે. આ તબક્કે હું ચોક્કસ કહીશ કે એમનામાં અનેક વિશેષતાઓ રહેલી છે. તેઓ ગુજરાત ક્રિકેટ એસોસિએશનમાં એ સિવાય બીજા અનેક સ્પોર્ટસમાં તથા સહકારી ક્ષેત્રમાં હોય આજ દિન સુધી નાની થી માંડીને મોટી કુલ ૪૩ ચૂંટણી લડ્યા છે એમાંથી એક પણ ચૂંટણી હાર્યા નથી. સંઘર્ષનું બીજું નામ અમિતભાઇ શાહ. આવી અનેક સફળતાઓ એમને મળેલી છે એટલું પૂરતું નહિ ભારતીય જનતા પાર્ટી હોય કે સહકારી ક્ષેત્ર હોય કે સેવાનું ક્ષેત્ર હોય એ બધામાં સરકારને, જનતાને અને સંસ્થાને કેવી રીતે લાભ પ્રાપ્ત થાય માત્રને માત્ર આ ભાવ સાથે માનનીય અમિતભાઇ શાહે ગુજરાતની સેવા કરેલી છે. આજે દેશમાં ભારતીય જનતા પાર્ટી તથા એન.ડી.એનું ૧૭ રાજયોમાં શાસન છે. એ અમિતભાઇ અને નરેન્દ્રભાઇના નેતૃત્વમાં પ્રાપ્ત થયું છે. કોઇ પણ પ્રશ્ન હોય, કોઇ પણ બાબત હોય, કોઇ પણ વિષય હોય, અમિતભાઇ શાહનો તેમાં ઉંડાણમાં અભ્યાસ ન હોય એવું કયારેય ન બને. કોઇ એવી બાબત ન હોય કે જેની અમિતભાઇ શાહને ખબર ન હોય. હમણાં જ આપણે સૌએ જોયું, આવડી મોટી જવાબદારી નિભાવવા છતાં ઉમેદવાર તરીકે માત્ર ઉમેદવારનો ધર્મ બજાવવાનો. કયાંય પણ દંભ, આડંબર, અભિમાન રાખ્યા વગર એક ઉમેદવાર તરીકે, સાથી કાર્યકર્તા તરીકે રાજયસભાની ચૂંટણીમાં રહ્યા છે આ પણ ઇતિહાસ છે. બેસવાનું સામાન્ય કાર્યકર્તાની જેમ, પોતે કામ કરવાનું. અમારે બધાએ અમિતભાઇ શાહમાંથી અનેક વસ્તુ શીખવા

જેવી છે. તેમની સરળતાને, તેમની સંવેદનાને, તેમની સેવા ભાવનાને હું ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે એક કરોડ અને તેર લાખ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ છે તેમના વતી વંદન કરું છું. અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક પછી એક અનેક રાજયો આસામ હોય, યુ.પી. હોય, ઇસ્ટ અને વેસ્ટથી માંડી તમામ રાજયોમાં ઝળહળતી ફતેહ એ આદરણીય અમિતભાઇની કુશળતા, આવડત અને એમના માર્ગદર્શન નીચે ભારતીય જનતા પાર્ટી જીતતી આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અત્યારે એક ઉલ્લેખ એટલા માટે કરવો છે કે દિલ્હીમાં બેઠાં–બેઠાં પણ આપણાં રાજયનું સૌથી મોટું કામ, આદરણીય નરેન્દ્રભાઇએ અનેક કામો રાજયમાં કર્યા અને દેશમાં બેઠાં–બેઠાં પણ ગુજરાતને કેમ ફાયદો થાય. દેશને કેમ ફાયદો થાય તેની ચિંતા કરી. આપણો સરદાર સરોવર ડેમ. એ ડેમના દરવાજા મૂકવાનું અને બંધ કરવાનું, તેની ઉંચાઇ ત્યાં સુધી પહોંચે તેના માટે તેમણે ત્રણ રાજયોના મુખ્યમંત્રીઓ સાથે સંકલન કર્યું. મેં પ્રત્યક્ષ દિલ્હીમાં જોયું છે એટલા માટે વિશેષ અભિનંદન આપું છું. આજે ગુજરાત નવી ઉંચાઇઓ પર જવાનું છે. તેમનો સંકલ્પ આવવાનો છે. અમિતભાઇ શાહે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમનું માર્ગદર્શન, તેમની કુનેહ, તેમની કુશળતા એ રાજયની તમામ જનતાને અને ભારતીય જનતા પાર્ટીને ખૂબ ઉપયોગી સાબિત થઇ રહી છે ત્યારે એક વિધાનસભાના સાથી સભ્ય તરીકે મને ખૂબ આનંદ થાય છે. તેમની બાજુમાં બેસવાનો મોકો મળ્યો છે. તેમણે ગઇ કાલે મને કહ્યું, કે હવે હું રાજયસભાનો સભ્ય થયો છું. ત્યારે વિધાયક તરીકે આજે એ રાજીનામું આપવાના છે. તેમનો આ ગૃહમાં છેલ્લો દિવસ છે. આ ઐતિહાસિક દિવસ એમની કામગીરી, એમની આવડત, એમની વિશેષતાઓ. અમે સૌ સભ્યશ્રીઓ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો અમિતભાઇ શાહને વિશ્વાસ અપાવું છું. જે પ્રકારે એક પછી એક રાજયો સર કર્યા છે. કોંગ્રેસ મુક્ત ભારત બનાવવાના અભિયાન સાથે માત્ર સેવાના ભાવ સાથે ભારતીય જનતા પાર્ટીને આગળ વધારી રહ્યા છે ત્યારે આવનારા દિવસોમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ સંકલ્પ કર્યો છે. ૧૫૦ સીટો સાથે ભારતીય જનતા પાર્ટી ૨૦૧૭માં જીતશે. કાર્યકર્તાઓનો પરિશ્રમ, ગુજરાતની જનતાનું સમર્થન અને વિકાસ એ માર્ગ ઉપર, નરેન્દ્રભાઇએ જે માર્ગ બતાવ્યો છે, અમિતભાઇ શાહે માર્ગ બતાવ્યો છે. આ માર્ગ ઉપર ચાલીને સોમનાથ દાદાના પ્રાંગણમાં જે સંકલ્પ કર્યો છે આ સંકલ્પમાં બધા સભ્યો વતી ખાતરી આપું છું, પૂરેપૂરું બળ, પૂરેપૂરો પુરુષાર્થ અને પૂરેપૂરું સમાજનું સમર્થન લઇ, સેવા કરી અને ૧૫૦ સીટો અમિતભાઇ અને નરેન્દ્રભાઇના ચરણોમાં સમર્પિત કરીશું એવો પુરુષાર્થ અમે કરીશું. આદરણીય અમિતભાઇ શાહને ખૂબ ખૂબ શુભકામના આપું છું. અભિનંદન આપું છું આ પ્રસ્તાવને તમામ સભ્યો વતી મારું સમર્થન આપું છું. અમિતભાઇ ખૂબ ઉંચાઇઓ પ્રાપ્ત કરે. આપણને સતત એમનું માર્ગદર્શન મળતું રહે એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું. સિંહપુરુષ અમિતભાઇને અનેકાધિક શુભકામનાઓ. ભારત માતા કી જય.

અધ્યક્ષશ્રી : આ ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જે પ્રસ્તાવ મૂક્યો છે અને નાયબ મુખ્યમંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ અને આદરણીય જીતુભાઇએ તેને સમર્થન આપ્યું છે એમાં હું પણ મારું સમર્થન આપું છું . જ્યાં સુધી મહાત્મા મંદિરની વાત ચાલે છે ત્યાં સુધી આ ગૃહના તમામ સભ્યો પૈકી કદાચ સૌથી વધારે એમની સાથેનો નાતો મારો રહ્યો છે. ૧૯૮૧થી ૧૯૯૫ સુધી લગભગ અમે બપોરનું ટિફિન સાથે ખાધું છે. સંગઠનમાં અમે સાથે કામ કર્યું છે. સરકારમાં પણ સાથે કામ કર્યું છે. સરકારમાં જ્યારે સાથે કામ કરવાની વાતચીત કરતો હોઉં ત્યારે ૧૯૯૫માં પહેલી વખત ઇડર મતક્ષેત્રમાં ચૂંટણી લડવાનો હતો ત્યારે ઇડર વિધાનસભા ક્ષેત્રમાં મને લઇ જવાવાળા એ શ્રી અમિતભાઇ શાહ હતા અને એના કારણે આજે ઇડરની જનતાએ પાંચ વખત મને ધારાસભ્ય બનાવ્યો, પાર્ટીના આગેવાનોએ સતત પાંચ વખત મને મંત્રી બનાવ્યો અને આ કાર્યકાળ દરમિયાન શ્રી અમિતભાઇ એડીસી બેંકના ચેરમેન બન્યા એ વખતે હું સહકાર મંત્રી હતો. શ્રી અમિતભાઇ ગુજરાત ક્રિકેટ એસોસિએશનમાં હતા ત્યારે હું શિક્ષણમંત્રી હતો અને એના કારણે શ્રી અમિતભાઇ વિશે જેટલું કહીએ એટલું ઓછું છે. એક નાની સરખી વાત આ બધાના ધ્યાન ઉપર મૂકું છું. એક વખત અમારે દિલ્હીમાં મિટિંગ હતી. આખો હોલ ચિક્કાર ભરાયેલો હતો. મંચ ઉપર શ્રી અમિતભાઇના નેતૃત્વમાં હું પણ મંચ ઉપર હતો. સામાન્ય રીતે આપણે બધાના નામો બોલતા હોઇએ છીએ. એ રીતે શ્રી અમિતભાઇએ મારું નામ બોલ્યા અને મારા પરમ સ્નેહી મિત્ર રમણભાઇ કહ્યું ત્યાં સુધી મને વાંધો નહોતો. મને આનંદ થયો. મિટિંગ પૂરી થયા પછી આજ સુધી બાયોડેટા આવવાના શરૂ થયા એ આજે પણ મને બરાબર યાદ છે કારણ કે શ્રી અમિતભાઇ મારા મિત્ર છે. મેં હજુ બાયોડેટા કોઇને આપ્યા નથી. પરંતુ એક મિત્રના ભાવથી મને કામ કરવાનો મોકો મળ્યો છે અને આજે આ ગૃહ છોડીને જઇ રહ્યા છે ત્યારે આ મહાત્મા મંદિરમાં ૧૯૬૦થી શરૂ કરીને આ પહેલી વખત આ સ્થાન ઉપર મળી રહ્યું છે અને કદાચ આ ટર્મના છેલ્લા દિવસે માનનીય અમિતભાઇ શાહને એમના માટેનો પ્રસ્તાવ કરી રહ્યા છીએ ત્યારે એક વાત કહું છું. એક અત્તર વેચવાવાળો અત્તર વેચવા જતો હોય છે ત્યારે એ અત્તરનું મૂલ્ય કેટલું હશે એની એને ચિંતા હોય છે. પરંતુ અત્તર ખરીદવાવાળો છે એને એના મૂલ્યની ચિંતા નથી. એને એના મહેંકની કિંમત હોય છે. પરંતુ માનનીય અમિતભાઇ શાહ એવા વ્યક્તિ છે કે જેમને મહેંક અને મૂલ્ય બન્નેની ખબર છે. એટલા માટે એક સાથી કાર્યકર્તા તરીકે કામ કરીને અગાઉ કહ્યું તે પ્રમાણે વિશ્વની સૌથી મોટી પાર્ટી તેમના નેત્વૃત્વમાં બની હોય, એમણે જે સંકલ્પો કર્યા હોય એ સંકલ્પો પરમ કૃપાળુ પરમાત્માએ પાર પાડ્યા હોય અને તેમના પરિવારનો હું એક સભ્ય છું. એમના સારા નરસા બધા જ પ્રસંગોમાં હું એમની સાથે રહ્યો છું ત્યારે હું એમને પણ ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપું છું. તકલીફ અને દેહ તો રહેશે પણ કદાચ એમનું રાજીનામું લેવાનું મારે થશે એનું મને દુઃખ થશે અને એટલા માટે ફરીથી ભાઇશ્રી અમિતભાઇને આ ગૃહમાં રહેલા બધા જ સભ્યો તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવીએ. ભાઇશ્રી અમિતભાઇ આપ ખૂબ ખૂબ ઉત્તરોત્તર પ્રગતિ કરો. આપ ખૂબ ઉતરોત્તર પ્રગતિ કરો, સિદ્ધિના

સોપાન સર કરો, તમારા જીવનમાં સદાય વસંતના વાયરા વાય, ફાગણના ફુલ ખીલે, હસે , રમે અને આ જગતને કેસરી રંગથી ભરી દે. એવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ હું પાઠવું છું.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજના અંગે

શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : તેરમી વિધાનસભાનું આ છેલ્લા દિવસનું આ છેલ્લું સત્ર અને આ ઐતિહાસિક દિવસે જયારે મારે પ્રસ્તાવ રજૂ કરવાનો છે એની પહેલા મારે મારા મનની બે વાત કહેવી છે કે માત્ર રાજકીય નેતા નહીં પરંતુ જેમને ૨૦ વર્ષથી આ ગૃહના માધ્યમથી ગુજરાતના અનેક ક્ષેત્રમાં જે પ્રકારે સેવાકીય કાર્ય કર્યુ છે, એટલું જ નહીં પણ ગુજરાતની પ્રજા માટે, એમની સુરક્ષા માટે જે પ્રકારે તેમણે વ્યકિતગત જીવનમાં સંઘર્ષ કર્યો છે એ કદાચ ગુજરાતના રાજકીય ઇતિહાસમાં પહેલો દાખલો હશે એવા અમારા સૌના આદરણીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ આ ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે અમને સૌ સભ્યોને એમની સાથે આ સભાગૃહમાં બેસવાનો મોકો મળ્યો એ વાતનું અમને ગર્વ છે અને આ બદલ મારા સૌ સાથી વતી હું અમિતભાઇ શાહને નમન કરુ છું. એમના સેવા, સંઘર્ષ અને બલિદાનને નમન કરુ છું. એમને સાંભળવા માટે આજે સૌ ધારાસભ્ય આતુર છે તેથી મને સમય આપેલો છે એનાથી પણ ઓછા સમયમાં મારો પ્રસ્તાવ રજૂ કરવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજના રાજયની અતિ મહત્વની વિકાસલક્ષી આંતરરાજય યોજના છે. સન ૧૯૪૬માં સરદાર પટેલે નર્મદા યોજનાની રૂપરેખાનો વિચાર રજૂ કર્યો હતો. સન ૧૯૬૧માં તા. ૫ મી એપ્રિલના રોજ આ યોજનાનું ખાતમૂહુર્ત થયું હતું. પરંતુ જુદા જુદા કારણોસર અને રાજયો વચ્ચે નર્મદાના પાણીની વહેંચણી અને નર્મદા બંધની ઉંચાઇ નકકી કરવાનો નિર્ણય વર્ષો સુધી નહિ થઇ શકવાના કારણે નર્મદા યોજનાનું કામ શરૂ થઇ શકયું ન હતું. વધુમાં જુદી જુદી કોર્ટોમાં વર્ષો સુધી કેસ ચાલ્યા તેના કારણે નર્મદા યોજનાનું કામ આગળ વધારવામાં ઘણો વિલંબ થયો અને નર્મદા બંધની ઉંચાઇ વધારવાની ટુકડે ટુકડે મંજૂરી મળતી રહી. વર્ષ ૨૦૦૬માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની પ્રજાનો સાથ લેતા નર્મદા બંધની ઉંચાઇ વધારવાની કેન્દ્ર સરકારે મંજૂરી આપી અને ગુજરાતની પ્રજાની લાગણીનો વિજય થયો તેમજ નર્મદા બંધની ઉંચાઇનું કામ તુરત જ ચાલુ કરી દેવામાં આવ્યું. વર્તમાન કેન્દ્ર સરકારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ તુરત જ એટલે કે ફકત ૧૭ દિવસમાં જ તા. ૧૨મી જુન, ૨૦૧૪ના રોજ બંધની ઉંચાઇ વધારવાની તથા દરવાજા લગાડવાની મંજૂરી આપી હતી અને રાજય સરકારે આ કામગીરીને નિર્ધારિત સમયમર્યાદા કરતા પણ લગભગ ૯ માસ વહેલી પૂર્ણ કરી હતી. ત્યારબાદ નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીની નવી દિલ્હી ખાતે મળેલ મિટીંગમાં નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની મંજૂરી મળેલ અને તા. ૧૭ મી જુન, ૨૦૧૭ના રોજ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા કેવડીયા કોલોનીની રૂબરૂ મુલાકાત લઇને નર્મદા જળના વધામણા કરીને ડેમના દરવાજા બંધ કરવાની કામગીરીનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આનાથી સરદાર સરોવર બંધમાં પાણીનું લેવલ ૧૨૧.૯૨ મીટરથી વધીને હવે પૂર્ણ કક્ષાએ ૧૩૮.૬૮ મીટરે પહોંચતા સંગ્રહ ક્ષમતા ૪.૭૩ મિલિયન એકર ફૂટ થઇ એટલે કે જળસંગ્રહ ક્ષમતામાં ૩.૭૫ ગણો વધારો થયો. જળવિદ્યુત ઉત્પાદનમાં ૪૦ ટકાવૃદ્ધિ થશે. આમ લોહપુરુષ સરદાર પટેલે સન ૧૯૪૬માં સેવેલું સપનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સાકાર થવાથી ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ રાજ્યોને બહુહેતૂક નર્મદા યોજનાનો લાભ મળશે. ગુજરાતમાં નર્મદાના નીર કચ્છ સુધી વહેતા થયા છે. હવે ગુજરાત માટે જળસંકટ, દુષ્કાળ અને વરસાદ આધારિત ખેતી એ બધુ જ ભૂતકાળ બનશે. આ રીતે ગુજરાતની ૫૬ વર્ષની પ્રતિક્ષા અને સતત ત્રણ ત્રણ પેઢીની ધીરજ અને સહિષ્ણુતાનો અંત આવવાથી નર્મદા યોજના સુખરૂપ સંપન્ન થવાનો અવસર મળેલ છે, ત્યારે દ્રઢસંકલ્પ સાથે નર્મદાના નીરનો પૂરેપૂરો ઉપયોગ થાય, રાજ્યના સર્વાંગી વિકાસ અને પ્રગતિ માટે રાજ્યની ખેતી અને કિસાન સમૃદ્ધ બને, તે માટે નર્મદા યોજના અંગેની બાકી કામગીરી ઝડપભેર પૂર્ણ થાય અને આ રાજ્યની ધરતી નવપલ્લવિત બને તે માટે રાજય સરકાર દ્વારા અસરકારક આયોજન કરવા જરૂરી પગલાં લેવાં અંગે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

શ્રી અમિત શાહ(નારણપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ મહાન ગૃહમાં મારો છેલ્લો દિવસ છે. આજે આ ગૃહ પતે એટલે તરત જ હું ધારાસભ્ય પદેથી રાજીનામું આપવાનો છું. અધ્યક્ષશ્રીએ ઉલ્લેખ કર્યો કે રાજીનામું લેવાનો વારો આવશે. પરંતુ રાજીનામું એ સાચા અર્થમાં રાજીનામું છે. નારાજીનામું નથી. જીવનની અંદર કામ કરતાં કરતાં અનેક જગ્યાઓએ એક નાનકડા કાર્યકર્તાથી વિશ્વની સૌથી મોટી રાજનીતિક પાર્ટીના અધ્યક્ષ તરીકે કામ કરવાની ઇશ્વરે મને તકો આપી છે, મેળવવા માટે કયારેય લડ્યો નથી. પરંતુ લડતા લડતા જે મળ્યું તે ગૌરવ સાથે હંમેશા છોડ્યું છે. આ છેલ્લો દિવસ મારા માટે સૌભાગ્યનો વિષય છે કે જે સંકલ્પ આપણા યુવા ધારાસભ્ય હર્ષભાઇ લઇને આવ્યા છે, એ પણ ગુજરાતની જીવાદોરી નર્મદા યોજના માટેનો છે. જે લોકોને ગુજરાતની સમસ્યાઓ, ગુજરાતનો વિકાસ અને ગુજરાતની પ્રગતિનો અભ્યાસ એ સૌને ખબર છે કે નર્મદા યોજના વગર ગુજરાતની પ્રગતિ સંભવ જ નથી. બહુ પુરાણા, બહુ જૂના ઉલ્લેખોની અંદર સમ્રાટ અશોકના સમયના શીલાલેખની અંદર ગુજરાતના પશ્ચિમ વિસ્તારમાં પાણીની તંગીનો ઉલ્લેખ છે અને આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતની અંદર જે પાણી છે એ ભારતની પાણીની એવરેજમાં ઓછું છે અને એની વહેંચણી અસંતુલિત છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર એ વિસ્તારોમાં પાણી ખૂબ ઓછું છે. અને દક્ષિણ ગુજરાતની અંદર પાણીની ઉપલબ્ધતા વધારે છે. હંમેશા દુષ્કાળના ઓળા સૌરાષ્ટ્ર ઉપર મંડરાતા રહ્યા છે. કયારેક વરસાદ આવ્યો, પણ નદીઓનું કદ એટલું નાનું દોડતી નદી સમુદ્રમાં સમાઇ જાય. પાણીને બચાવવાની

વ્યવસ્થા, ખેડૂતોના ખેતરમાં પહોંચાડવાની વ્યવસ્થા, તરસ્યા બાળકની તરસ છીપાવવા માટે પાણી પહોંચાડવાની વ્યવસ્થા એ કયાંય દૂર દૂર સુધી સંભાવનાઓ નહોતી. અને એ એક માત્ર આશાનું કિરણ એ નર્મદા યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનો ઈતિહાસ હર્ષભાઈએ બતાવ્યો. નર્મદા યોજનાનો વિચાર કોઇ નવો નથી. રોજનું અબજો–કરોડો ગેલન પાણી સમુદ્રની અંદર વહી જાય. ગુજરાતની ભૂમિ ખાલી થાય. આ બેની વચે નર્મદા યોજનાનો વિચાર સૌથી પહેલા આ રાજ્યના સપૂત અને દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલને થયો હતો. જ્યારે ૧૯૪૬માં સરદાર પટેલે આ વિચાર મૂક્યો એ વખતે બધાને લાગતું હતું કે આ નર્મદા યોજના સાકાર થવાનું આઝાદીની સાથે જ જોડાયેલું છે. ૧૯૪૬ પછી ૧૯૪૭માં આઝાદ થયા. ભાખરા નાંગલ ડેમ બંધાયો. હીરાકુંડની રચના થઇ. ગુજરાતવાસીઓની આકાંક્ષા ઓવર પ્રબળ થઇ કે હવે આપણું નર્મદાનું કામ આગળ વધશે. ૧૨ વર્ષ પછી ૧૯૫૯માં એની દરખાસ્ત થઇ અને ૧૯૬૧માં આ ગૃહના ઘણાં બધા સભ્યોના જન્મ પહેલા ખાતમુહૂર્તની વિધિ જવાહરલાલ નહેરુંના હસ્તે થઇ. પરંતુ એ ખાતમુહૂર્ત જ રહ્યું. ૧૯૬૧ની અંદર જે યોજનાનું ખાતમુહૂર્ત થયું અને તરત જ હજુ તો સરવે થતા હતા, ડિઝાઇનો બનતી હતી, કેચમેન્ટ એરિયા નક્કી થતો હતો. પાણી ક્યાં સુધી પહોંચશે એના વિચારો થતા હતા. તે વખતે ડેમનું વિજ્ઞાન આટલું આગળ વધેલું ન હતું. અલગ પ્રકારના બંધોની વિચારણા થતી હતી. પરંતુ તે વખતે પણ જેવું ૧૯૬૯ની જાન્યુઆરીમાં સરવે પૂરો થયો. ૧૯૬૯માં જ ટ્રીબ્યુનલની રચના કરવી પડી. કારણ કે, એ વખતે કોંગ્રેસ શાસિત બધા રાજ્યો હતા. એ રાજ્યોની વચ્ચે પણ પાણીની વહેંચણીનો વિખવાદ થયો. ૧૯૬૯માં ટ્રીબ્યુનલમાં આ પ્રશ્ન ગૂંચવાયો. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનો ગૂંચવાડો અને વિકાસ બંને કોંગ્રેસના શાસનમાં રહેવા અને જવાની સાથે જોડાયેલા છે. કોઇ નર્મદા યોજનાના વિકાસનો ઈતિહાસ લખે તો જ્યારે જ્યારે કોંગ્રસ પાર્ટી સત્તામાં રહી છે ત્યારે ત્યારે નર્મદા યોજના ખોરંભે પડી છે અને જ્યારે જ્યારે કોંગ્રેસ પાર્ટીને શાસનમાંથી દૂર કરી છે ત્યારે ત્યારે નર્મદા યોજના નર્મદાની જેમ જ પૂરપાટ આગળ વધી છે. અને આજે પણ આ કોંગ્રેસ પાર્ટીનું સ્ટેન્ડ ચાહે મધ્યપ્રદેશમાં હોય, ચાહે ગુજરાતમાં હોય, ચાહે દેશની બંને પાર્લામેન્ટની અંદર હોય નર્મદા વિરોધીઓ માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના ફોરમની પવિત્રતાને સમજું છું. હું અહીંયા કોઇ રાજનૈતિક આક્ષેપ કરવા માટે નથી આવ્યો. ખૂબ જગ્યાઓ છે રાજનૈતિક આક્ષેપ કરવાની. પરંતુ જે વાસ્તવિકતાને હું જાણું છું એને ગૃહની સામે ના મૂકું તો હું ધારાસભ્ય તરીકેની મારી ફરજ ચૂક્યો ગણાઇશ એટલે હું આ વાત જવાબદારીપૂર્વક મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૯માં ટ્રીબ્યુનલ રચાય. જ્યાં સુધી કોંગ્રેસનું શાસન રહ્યું પરિણામ ના આવ્યું. જેવી જનતાએ કોંગ્રેસને કાઢી મોરારજીભાઇ દેશના વડાપ્રધાન બન્યાં. ૧૯૭૯માં ટ્રીબ્યુનલનો ચૂકાદો આવ્યો. ત્યાં સુધી ચુકાદો ના આવ્યો. ૧૯૭૯માં મોરારજીભાઇની સરકાર બની, ટ્રીબ્યુનલનો ચુકાદો આવ્યો અને ડેમ બાંધવાની શરૂઆત થઇ. એ પછી સૌથી પહેલા ૧૯૯૮–૯૯માં ૮૫ મીટરની ઉંચાઇથી ઝઘડો ચાલ્યો. એ વખતે પણ સરકાર કોંગ્રેસની હતી. જ્યારે ૧૯૯૯ની અંદર સંઘર્ષ કરવાનો આવ્યો ત્યારે આ રાજ્યની જનતાએ પહેલીવાર કોંગ્રેસની સરકારને બહાર કાઢી અને ત્યાંથી ભારતીય જનતા પાર્ટીના શાસનની અંદર નર્મદા યોજનાનો વિકાસ ચાલુ થયો, અવિરત થયો અને મને કહેતા આનંદ છે કે નરેન્દ્રભાઇના નેતૃત્વમાં, વિજયભાઇના નેતૃત્વમાં ડેમના દરવાજા પણ બંધ થઇ ગયા. માનનીય અધ્યક્ષશ્રી, ૧૮ ઓકટોબર, ૨૦૦૦ ના રોજ ડેમની ઉંચાઇ વધારવાનો ફેંસલો આવ્યો. ૨૦૦૧માં ૯૦ મીટર, ૨૦૦૨ માં ૯૫ મીટર, ૨૦૦૩માં ૧૦૦ મીટર, ૨૦૦૪માં ૧૧૦.૬૪ મીટર, ડિસેમ્બર–૨૦૦૬માં ૧૨૧ મીટર આ બધું જ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયું. કન્સ્ટ્રકશન પણ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયું અને ચૂકાદાઓ પણ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આવ્યા. ૧૨ જુન, ૨૦૧૪ના રોજ બંધને પૂર્ણ ઉંચાઇ સુધી લઇ જવાની મંજૂરી મળી. એ પણ જયારે કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે. આજે વિપક્ષ હોત તો સારું થાત. ગેરહાજરીમાં નિંદા કરવી એ સજ્જનના લક્ષણોમાં નથી આવતું પણ હું માનું છું. ટીવી. ઉપર જોતા હશે. નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા ૨૬ મે ના રોજ અને ૧૨ મી જુને પૂર્ણ ઉંચાઇની મંજૂરી મળી. નાનપણથી જ મને નરેન્દ્રભાઇની સાથે કામ કરવાનો અનુભવ છે. એમની ક્ષમતાનો હું જાણકાર છું છતાં પણ કહું છું કે કોઇ સરકાર ૨૬ મી મે એ બને અને ૧૨ મી જુને મંજૂરી ન આપી શકે. કોઇ સરકાર ન આપી શકે. આ મંજૂરીની બધી જ ચીજો પૂરી થઇ હતી. કોંગ્રેસની રાજનૈતિક ઇચ્છાશક્તિ નહોતી એટલે મંજૂરી નહોતી મળતી. જેવા નરેન્દ્રભાઇ આવ્યા અને ગુજરાતની જનતા પ્રત્યેની એમની લાગણી, ગુજરાતના વિકાસ પ્રત્યેનું એમનું કમિટમેન્ટ અને દ્રઢ રાજનૈતિક ઇચ્છાશક્તિના કારણે નરેન્દ્રભાઇના આવ્યા પછી સીધા જ જુનની અંદર આ નર્મદા ડેમની પૂર્ણ ઉંચાઇની મંજૂરી મળી એ જ બતાવે છે કે ત્યાં સુધી રોકીને કોણ બેઠું હતું. ગુજરાતની જનતાએ રાહ કેમ જોવી પડી? રાહ એટલા માટે જોવી પડી, મધ્યપ્રદેશની અંદર કોંગ્રેસની સરકાર હતી, રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર હતી, મહારાષ્ટ્રમાં કોંગ્રેસની સરકાર હતી અને કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી. જેવી પાંચેય જગ્યાએ ભારતીય જનતા પાર્ટીની સરકારો આવી, આજે મા નર્મદાના ડેમ પર દરવાજા પણ બંધ થયા છે અને ઇશ્વર કૃપાથી થોડા દિવસમાં ઓવર ફ્લો પણ થશે. ત્રણ તબકકા આવ્યા. ડેમની બાંધકામની મંજૂરીનો નિર્ણય થયો. રાતના ૭–૦૦ વાગ્યે થયો સવારે ૮–૦૦ વાગ્યે આનંદીબેને કોંક્રિટીંગનું કામ શરૂ કરી દીધું. આ કમિટમેન્ટ ભારતીય જનતા પાર્ટીની સરકારોનું દેખાય છે. વિજયભાઇ વખતે દરવાજા નાખવાનો નિર્ણય આવ્યો. એ પણ જરાપણ મોડું કર્યા સિવાય બીજા દિવસે સવારે કાર્યક્રમ પૂરો થઇ ગયો અને આજે નર્મદા યોજનાના માધ્યમથી એક બહુ મોટી સેવા ગુજરાતની જનતાની થઇ છે. મેં નર્મદા યોજનાનો ખૂબ ડીટેઇલ અભ્યાસ કર્યો છે. મારા મત ક્ષેત્રની અંદર જયારે હું સરખેજ વિધાનસભાનો ધારાસભ્ય હતો ત્યારે પીવાના પાણીની યોજના માટે કોર્ટ કેસ થયેલો એ વખતે આખો એવોર્ડ મેં વાંચ્યો છે. આટલી બહુ ઉપયોગી યોજના દેશમાં બીજી એકેય નથી. જળવિદ્યુતનું ઉત્પાદન

હોય, પીવાના પાણીના પ્રશ્નનું નિવારણ હોય, પાણીના સ્તર ઉંચા રાખી માટીની પરત બચાવવાની વાત હોય, ખેડૂતના ખેતરમાં પાણી પહોંચાડી ૮૭ લાખ ટન અનાજનું ઉત્પાદન વધારે કરવાની વાત હોય, લગભગ ખાલી ગુજરાતની ૧૮ લાખ હેક્ટર, રાજસ્થાનની દોઢ લાખ હેક્ટર જુદી, ૨૦ લાખ હેક્ટરની અંદર પીવાનું પાણી પહોંચાડવાની વાત હોય કે ખાવડાની સરહદ ઉપર દેશની સુરક્ષા કરતા જવાનોને ફ્લોરાઇડ વગરનું પીવાનું પાણી આપવાની વાત હોય આટલી બહુ વિવિધ પ્રકારના ફાયદાવાળી યોજના કેવળ અને કેવળ રાજનૈતિક કારણોથી આ યોજના રોકાઇ. મને આજે આનંદ છે કે ગુજરાતની અંદર વિજયભાઇ અને નીતિનભાઇના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. હું ભારતીય જનતા પાર્ટીનો અધ્યક્ષ પણ છું. હું આ ગૃહના માધ્યમથી રાજ્યની જનતાને આશ્વસ્ત કરવા માગું છું કે, નરેન્દ્રભાઇ, વિજયભાઇ અને નીતિનભાઇના નેતૃત્વમાં આ નર્મદા યોજના પોતાના અંતિમ લક્ષ સુધી પૂરી થઇ ગુજરાતના ગામડે ગામડે, ખેતરે ખેતરે પાણી પહોંચાડવાનું કામ કરશે. આ ભારતીય જનતા પાર્ટીનું કમિટમેન્ટ છે. ગુજરાતના વિકાસ પ્રત્યેનું, ગુજરાતના કલ્યાણ પ્રત્યેનું, ફ્લોરાઇડવાળું પાણી પીતા કરોડો જુવાનિયાઓ માટેનું, ફ્લોરાઇડવાળું પાણી પી ઘાસચારા વગર ભૂખે મરતા અબોલ પશુઓ પ્રત્યેનું અને દેશની સુરક્ષા કરતા દેશના વીર જવાનો પ્રત્યેનું અને આ કમિટમેન્ટમાં ભારતીય જનતા પાર્ટીને કોઇ ડગાવી શકશે નહીં. ગુજરાતનો વિકાસ અને નર્મદા યોજના એ બન્ને એકબીજા સાથે જોડાયેલા છે. ચાહે ઔદ્યોગિક વિકાસની વાત હોય, ચાહે કૃષિ વિકાસ દર વધારવાની વાત હોય, ચાહે ભૂગર્ભના જળ ઉંચા લાવવાની વાત હોય, ચાહે પીવાના પાણીની સમસ્યાનું નિવારણ લાવવાની વાત હોય, ચાહે ઘાસચારા માટેની તંગીથી પશુઓને મુક્ત કરવાની વાત હોય, ચાહે હંમેશા દુષ્કાળમાં સપડાયેલા ગુજરાતને હંમેશને માટે પાણીની પૂર્તતાથી આશ્વસ્ત કરવાની વાત હોય. નર્મદા યોજના એ કેવળ વીજળી બનાવવાનું કારખાનું નથી. નર્મદા યોજના ગુજરાતના વિકાસ માટેની એક જીવાદોરી છે. નર્મદા યોજના હું માનું છું કે, જ્યારે અમારો પક્ષ સત્તામાં ન હતો ત્યારે અમે આંદોલનો કરતા હતા અને અમારો પક્ષ જ્યારે સત્તામાં આવ્યો ત્યારે આંદોલનોનો સામનો કરી રહ્યો છે. અમે સત્તામાં ન હતા, ભારતીય જનતા પાર્ટી આ રાજ્યમાં સત્તામાં ન હતી ત્યારે નર્મદા યોજના માટે ભારતીય જનતા પાર્ટીનો એકેએક કાર્યકર દેખાવો અને ધરણાઓ કરતો હતો. સેંકડો જગ્યાઓએ લાઠીચાર્જ ખાધા છે અને જ્યારે હવે સત્તામાં છીએ ત્યારે પણ લાઠીઓ મારવાવાળા આજે આંદોલનો કરવાવાળામાં બદલાઇ ગયા છે. એ વખતે કોણ લાઠીઓ મારતું હતું? સરકારો કોંગ્રેસની હતી અને આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, વિરોધ કોણ કરે છે? કોંગ્રેસ કરે છે. મેં પહેલા પણ કહ્યું કે હું કહીશ કે કઇ રીતે કોંગ્રેસ નર્મદા યોજનાની વિરોધી છે. ડેમના દરવાજા બંધ કરવાના હોય, આ વિસ્થાપિતો કેટલાય વર્ષોથી પુનઃવસન પામ્યા છે. આજની વાત નથી. ૧૯૮૦ના દાયકાના મધ્યથી પામ્યા છે. બે દિવસ પહેલાં અર્જુનભાઇ મોઢવાડિયાને મૂરત આવે છે કે ત્યાં પીવાનું પાણી પહોંચ્યું છે કે કેમ? રોડ બન્યા છે કે કેમ? વીજળી પહોંચી છે કે કેમ? અને કનેકશન તો જુઓ. જેવા અર્જુનભાઇ એ વિસ્થાપિતોની મુલાકાત લે છે એના બીજા દિવસે મેઘાબેન પાટકર એના રેફરન્સમાં સ્ટેટમેન્ટ આપે અને ત્રીજા દિવસે મધ્યપ્રદેશમાં દેખાવો ચાલુ થાય. આ કયા પ્રકારનું જોડાણ છે? મારી તો સમજમાં આવતું નથી અને કોંગ્રેસના સભ્યશ્રીઓ આજે ગૃહમાં નથી પણ કાલે અખબારોના માધ્યમથી આ વાત ત્યાં પહોંચવાની છે ત્યારે હું એમને વિનંતી કરું છું કે તમે સ્પષ્ટતા કરો કે ભાઇ, દિગ્વીજયસિંહ રાજ્યસભામાં નર્મદાના દરવાજા ઉતાવળે બંધ ના કરે એના માટે દરખાસ્ત લેતા હોય, ઝીરો અવરમાં પ્રશ્ન ઉઠાવતા હોય, ગુજરાત કોંગ્રેસનું સ્ટેન્ડ શું છે? દિગ્વીજયસિંહ તમારા કહ્યામાં નથી? કેમ આવું થાય છે? તમે ચૂપ છો તો તમારો અવાજ દિગ્વીજયસિંહ રાજ્યસભામાં ઉઠાવી રહ્યા છે. તમે પણ નર્મદા યોજનાના વિરોધી છો? માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાના પાણી ભરાવવાના ચાલુ થાય અને ખબર પડે કે હવે ડેમ ઓવરફ્લો થવાનો છે. જ્યોતિરાદિત્ય સિંધીયા કોંગ્રેસના નેતા લોકસભામાં અચાનક ઉભા થઇ જાય અને પ્રશ્ન ઉઠાવે કે પેલા વિસ્થાપિતોનું શું? અરે ભાઇ, કોર્ટે એક કમિટી બેસાડી છે. શ્રીમાન જ્યોતિરાદિત્યજી આ દેશના સર્વોચ્ચ ન્યાયાલયે એક કમિટી બેસાડી છે તે કમિટીએ નિર્ણય કરવાનો છે. બધાએ પોતાનો પક્ષ, વિસ્થાપિતો સહિત તે કમિટીની સામે રાખવાનો છે. વિસ્થાપિતોનું પુનઃવસન ન થયું હોય તો તે મંજૂરી ન આપે. આ કમિટીએ દરવાજા બંધ કરવાની મંજૂરી આપી તેનો અર્થ કે વિસ્થાપિતોનું શત-પ્રતિશત પુનઃવસન ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની સરકારે પૂરું કરી દીધું છે. પાણીમાંથી પોરા કાઢવાની જે વૃતિ છે તે નર્મદા યોજના રોકવા માટેની છે. હું આજે કોંગ્રેસના આગેવાનોને કહેવા માગું છું કે હોય એટલું જોર કાઢી લો, હોય એટલી ભડાશ કાઢી લો નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં, વિજયભાઇ અને નીતિનભાઇના નેતૃત્વમાં નર્મદા યોજના રોકવાની કોઇની તાકાત નથી. આ નર્મદા યોજનાને રોકવા માટેના કારસા હવે નહીં થાય, હવે નહીં ચલાવી લેવામાં આવે. હું તો એમને કહેવા માગુ છું કે મનની ઇચ્છા દબાવી ન રાખો. તમારી ઇચ્છા હોય કે દરવાજા બંધ ન થાય, સૌરાષ્ટ્રની તરસી ભૂમિમાં પાણી ન પહોંચે, કચ્છના લોકોને પીવાનું પાણી ન મળે, મારો બનાસકાંઠો તરસ્યો રહી જાય તો માઇકમાં બોલો ને ભાઇ ? દિગ્વિજયસિંહ પાસે શું કામ બોલાવો છો? જ્યોતિરાદિત્યસિંહ પાસે શું કામ બોલાવો છો? તમે માઇકમાં બોલો ને. હમણાં જ જનતાએ નિર્ણય કરવાનો છે. દૂર નથી ડિસેમ્બરમાં થઇ જાય બે-બે હાથ. બધાએ જનતાની સામે જવાનું છે. ડિસેમ્બરની અંદર ગુજરાતની જનતાએ નિર્ણય કરવાનો છે કે નર્મદા યોજના આગળ વધારનારને સત્તા આપવી છે કે નર્મદા યોજના રોકવાવાળાને સત્તા આપવી છે. તેમને ખબર છે કે આ પ્રસ્તાવ આજના કામકાજના લીસ્ટમાં છે. નર્મદા માટે બે સારી વાતો બોલવી પડે એટલે જ આજે ગેરહાજર રહ્યા છે. અહીં ઉભા રહીને કહેવાની હિંમત નથી. દિગ્વિજયસિંહની ભાષા બોલવાની હિંમત નથી, જ્યોતિરાદિત્યસિંહની ભાષા બોલવાની હિંમત નથી એટલે બહાર રહેવું સારું. નર્મદા યોજના માટેની બે સારી વાત કરવાની હિંમત નથી. દિલ્હીમાં હું જોઉં છું. નરેન્દ્રભાઇ ડે ટુ ડે નર્મદા યોજનામાં કેટલું પાણી ભરાયું, કેટલું ભરાયું, કેટલું ભરાયું તેની ચિંતા કરે છે. ડેમ ઓવરફ્લો થાય તો

પાણી ગુજરાતની જનતાને મળે તેના માટે પ્રયત્ન કરે છે. આ લોકો પણ એવી ચિંતા કરે છે. કોંગ્રેસ પણ એવી જ ચિંતા કરે છે કે કેટલું ભરાયું, કેટલું ભરાયું ને હજી રોકી શકીએ તેમ છીએ, હજી રોકી શકીએ તેમ છીએ, હજી રોકી શકીએ તેમ છીએ. બે લોકો ડેમ ભરવાની ચિંતા કરે છે. નરેન્દ્રભાઇ પણ કરે છે અને કોંગ્રેસવાળા પણ કરે છે. નરેન્દ્રભાઇ ડેમ ભરાવવાની ચિંતા કરે છે કે કરોડો તરસ્યા લોકોને, સૌરાષ્ટ્રની તરસી ભૂમિને, બનાસકાંઠાના ખેડૂતોને પાણી મળે. અહીં ચિંતા કરે છે કે, કદાચ ડેમ ઓવરફ્લો થઇ જશે તો ભારતીય જનતા પાર્ટીને જશ મળી જશે. મારું તો એમને એ કહેવાનું છે કે જશ જોઇતો હોય તો હું ગૃહમાં કહી દઉં કે તમારા લીધે પાણી ભરાયું બસ, પણ વિરોધ તો બંધ કરો. રાજકીય કાવાદાવામાંથી ગુજરાતનું ભલું ન થાય. તે પ્રકારની રાજનીતિ ન થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારો ગુજરાતની વિધાનસભામાં અને ગુજરાતના વિધાનસભ્ય તરીકે છેલ્લો દિવસ છે. આ ગૃહ સમાપ્ત થાય એટલે થોડીવારમાં જ હું આપની ચેમ્બરમાં આવી ધારાસભ્ય તરીકે રાજીનામું આપવાનો છું. વીસ વર્ષ એટલે કે ૧૯૯૭ થી ૨૦૧૭, વીસ વર્ષ અને પાંચ ટર્મ સુધી આ મહાન ગૃહની અંદર બેસવાનો મોકો મને ગુજરાતની જનતાએ આપ્યો છે. મારા માટે સૌભાગ્યની વાત એ છે કે આ વીસ વર્ષ એ ગુજરાતનો સ્વર્ણિમ કાળ છે. આ વીસ વર્ષ તે ગુજરાતના વિકાસના વીસ વર્ષ છે. આ વીસ વર્ષ ગુજરાતનો સ્વર્ણિમ કાળ છે, આ વીસ વર્ષ ગુજરાતના વિકાસના વીસ વર્ષ છે, આ વીસ વર્ષ ગુજરાતને ઉંચાઇ ઉપર પહોંચાડવાના વીસ વર્ષ છે, આ વીસ વર્ષ ગુજરાતને ભારતમાં મોડેલ સ્ટેટ બનાવનારા વીસ વર્ષ છે, આ વીસ વર્ષ ગુજરાતની બધી સમસ્યાઓના નિવારણના વીસ વર્ષ રહ્યા છે. નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ગુજરાતમાં એક સરકાર બની જેણે ગુજરાતને નવી દૃષ્ટિ આપી. નરેન્દ્રભાઇએ રેકોર્ડ કર્યો સૌથી લાંબા સમય સુધી ગુજરાતમાં મુખ્યમંત્રી રહેવાનો. એવા રેકોર્ડો તો કરવા બહુ સરળ છે પરંતુ સૌથી લાંબા સમય સુધી રહી સૌથી વધુ વિકાસ કરવાનો રેકોર્ડ પણ નરેન્દ્રભાઇનો છે. માનનીય અધ્યક્ષશ્રી, એમના મંત્રી મંડળમાં પણ કામ કરવાનો મને મોકો મળ્યો, ધારાસભ્ય તરીકે પણ કામ કરવાનો મોકો મળ્યો અને સંગઠનમાં પણ નરેન્દ્રભાઇના નેતૃત્વમાં કામ કરવાનો મોકો મળ્યો. એમણે એક અનુભવી કુશળ પ્રશાસક તરીકે કામ કર્યું છે અને મને આશ્ચર્ય એ વાતનું થાય કે નરેન્દ્રભાઇ અહીંયા જયારે મુખ્યમંત્રી બનીને આવ્યા એ પહેલા પંચાયતની ચૂંટણી પણ નહોતા લડ્યા અને સરપંચ પણ નહોતા બન્યા અને સીધા મુખ્યમંત્રી બન્યા. બધાના મનમાં પ્રશ્ન હતો કે નરેન્દ્રભાઇને વહીવટી અનુભવ નથી પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, વહીવટી અનુભવ તો ન હતો પણ ગુજરાતની સમસ્યાઓની જાણકારી હતી અને ગુજરાતના દુ:ખ પ્રત્યેની મનમા વેદના હતી એ વેદનાએ યોજનાઓને જન્મ આપ્યો અને કર્તુત્વ શક્તિએ યોજનાઓને પરિણામલક્ષી બનાવી અને ગુજરાતના વિકાસનો એક સ્વર્ણિમ ઇતિહાસ રચ્યો. મેં તો મારી નજરે જોયું છે માનનીય અધ્યક્ષશ્રી, હું નાનપણથી જ બધા રાજયોની વિકાસ યાત્રાના વાચનનો વિદ્યાર્થી રહ્યો છું. મેં જોયું છે ઘણાં બધા મુખ્યમંત્રીઓ મુખ્યમંત્રી બન્યા પણ સરકાર ચલાવવા માટે બન્યા, નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા સરકાર ચલાવવા માટે નહીં, સરકારની વ્યવસ્થા સુધારવા માટે મુખ્યમંત્રી બન્યા. આ બંનેમાં મૂળ અંતર છે, ચીલાચાલુ કામ મુખ્યમંત્રી હોય એટલે લોક દરબાર લાગે, ધ્વજવંદન કરવાનું, વિધાનસભામાં પહેલી પાટલી પર બેસી જવાનું, વિપક્ષોના રાજનીતિક જવાબો આપવાના અને ટર્મ પૂરી થાય એટલે જતા રહેવાનું. નરેન્દ્રભાઇએ પોતાના સમયમાં એક એક ક્ષણનો ઉપયોગ ગુજરાતના વિકાસ માટે કર્યો છે. ગુજરાતની લાંબા સમયની, લાંબાગાળાની સમસ્યાઓના સરળ નિવારણ લાવવા માટે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહનો એ દિવસ બરાબર યાદ છે કે, માનનીય નરેન્દ્રભાઇ આ ગૃહમાં મુખ્યમંત્રી તરીકે બેસતા હતા અને માનનીય અમરસિંહભાઇ વિપક્ષના નેતા હતા નરેન્દ્રભાઇએ કશું જ વિચાર્યા વગર બપોરે પ્રશ્નોતરીનો સમય સમાપ્ત થતાની સાથે જ એક ઘોષણા કરી કે હું આ રાજયના દરેક ગામને અઢી વર્ષની અંદર ૨૪ કલાક વીજળી આપવા માગુ છું. પક્ષ વિપક્ષ બંનેમાં સોપો પડી ગયો, બહુ અનુભવી લોકો ગૃહની અંદર બેસતા હતા બધાને થયું કે આ કઇ રીતે શક્ય બનશે? અમરસિંહભાઇ એક સારા સ્પીરીટવાળા નેતા હતા એમણે નરેન્દ્રભાઇને રીશેષમાં ચીઠ્ઠી મોકલાવી કે હું તમને મળવા માગુ છું. અમરસિંહભાઇ મળ્યા પણ ખરા, મને એ મુલાકાતની પણ ખબર છે અને એમણે એક વડીલ તરીકે સલાહ આપી નરેન્દ્રભાઇ, હું એન્જિનિયર છું, હું મુખ્યમંત્રી પણ રહ્યો છું, હું આ સમસ્યાનો જાણકાર છું. હું માનું છું કે ઇચ્છા બહુ સારી છે પણ આ પૂરી થાય તેમ નથી માટે તમે પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવો. નરેન્દ્રભાઇએ કહ્યું કે આ મારો સંકલ્પ છે ઇશ્વર આ સંકલ્પ પૂરો કરશે. ગુજરાતની અંદર સાત કલાક, આઠ કલાક વધુમાં વધુ બાર કલાક સુધી વીજળી મળતી હતી અને સાંજે વાળુના ટાઇમે ગામડાંના માણસો એ પ્રકારે ખાવાનું ખાતા હતા કે હાથ કઢીમાં પડ્યો છે કે ખીચડીમાં એ ખબર જ નહોતી પડતી. માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતા આનંદ થાય છે કે નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આજે ગુજરાત દેશમાં એવું પહેલું રાજય બન્યું કે ગામડાંમાં ચોવીસ કલાક અનઇન્ટરપ્ટ વીજળી મળે છે. ગામડું ભાંગતું નરેન્દ્રભાઇએ અટકાવ્યું છે, ગામડું છોડી ગામડાંનો નાગરિક શહેરમાં આવતો હતો એનું મૂળ કારણ વીજળી હતું સુવિધા નહોતી. વીજળી નહોતી રોજગારી નહોતી, વીજળી નહોતી સ્વાસ્થ્ય નહોતું, વીજળી નહોતી શિક્ષણ નહોતું, વીજળી નહોતી રોજગારીની તકો નહોતી. ગામડાંની અંદર ચોવીસ કલાક વીજળી મળવાથી આજે ગામડું ભાગતું થયુ છે અને પૂરા દેશના ઇતિહાસમાં આ યશ અગર ઇતિહાસ લખવાવાળાએ કોઇને આપવાનો થશે તો હું મક્કમતાથી કહી શકુ છું શ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી ગુજરાતને આપવાનો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે એક નવી પ્રકારની કાર્ય સંસ્કૃતિ ઉભી કરી કર્મચારી નહીં કર્મયોગી. ગુજરાતની સ્થાપનાથી કોઇ મુખ્યમંત્રીએ સરકારના કર્મચારીને કર્મયોગીનું સન્માન નહોતું આપ્યું તેમણે કહ્યું કે આ પાંચ લાખ કર્મયોગીઓ વગર મુખ્યમંત્રી નકામા છે. એક સાથીની ભૂમિકાથી સરકારી કર્મચારીઓની સાથે કામ કરવાની શરૂઆત નરેન્દ્રભાઇએ કરી.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ

એક નવો વિચાર, આ એક નવી ઉર્જા તેના પરિણામે અનેકગણું આઉટપૂટ કર્મયોગીઓનું મળવા લાગ્યું અને પાંચ લાખ કર્મયોગીઓ ગુજરાતના વિકાસની અંદર ભાગીદાર બન્યાં. પહેલાં એ નોકરી કરતા હતા ગુજરાતના વિકાસની અંદર નોકરી કરવાવાળા કર્મચારીને ગુજરાતના વિકાસનો ભાગીદાર એવો કર્મયોગી બનાવવાનું કામ નરેન્દ્રભાઇ મોદીએ કર્યુ છે.

ઔદ્યોગિક મેળાઓ બહુ યોજાતા દિલ્હીમાં, મુંબઇમાં યોજાતા અને કયારેક કયારેક તો જાપાનમાં પણ જઇને બે મુખ્યમંત્રીઓ ઔદ્યોગિક મેળાઓ કરી આવેલા પરંતુ રોકાણના નામે કશું નહોતું આવતું. ગુજરાત રોકાણ માટેનું ડેસ્ટીનેશન નહોતું બનતું નરેન્દ્રભાઇએ વાયબ્રન્ટ ગુજરાતની એક પરંપરા શરૂ કરી આજે વાયબ્રન્ટ ગુજરાતનું આમંત્રણ ના મળ્યું હોય તો વિશ્વની કોઇ પણ કંપની બેચેન થઇ જાય છે કે મને કેમ નથી બોલાવ્યો. વાયબ્રન્ટ ગુજરાતનું આમંત્રણ માત્ર એક સ્ટેટસ બની જાય એટલી ઉંચાઇ ઉપર આ ગુજરાતના ઇન્વેસ્ટમેન્ટ હબ તરીકેની સ્વીકૃતિ વિશ્વની અંદર લાવવાનું કામ દેશના અત્યારના વડાપ્રધાન અને એ વખતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં રસ્તાઓ પહેલેથી સારાં છે અને તેનો હું સ્વીકાર કરું છું. ભારતીય જનતા પાર્ટી આવી તે પહેલાં દેશની અપેક્ષામાં, સાપેક્ષતામાં ગુજરાતના રસ્તાઓ સારા હતા. પણ રસ્તાઓ કઇ રીતે બનતાં હતા જે મુખ્યમંત્રી બને એની કોન્સ્ટીટયુન્સીમાં સુંદર રોડ બની જાય. જે આર એન્ડ બી મિનિસ્ટર બને તેના જિલ્લામાં સુંદર રોડ બની જાય. હીરાભાઇ સોલંકી જેવા કોઇ ધાકડ ધારાસભ્ય હોય તો તેને ત્યાં વધારે રસ્તાઓ પહોંચી જાય તો આ પ્રમાણે રસ્તાઓ બનતાં તેનું કોઇ વૈજ્ઞાનિક આયોજન નહોતું. રસ્તાઓ કઇ રીતે બનવા જોઇએ એનું વિજ્ઞાન નહોતું નરેન્દ્રભાઇએ અને હું તેનો સાક્ષી છું અનેક તજજ્ઞોને દેશભરમાંથી બોલાવ્યા હતા. રોડ કેપિટલ અને બંદરને જોડતો હોવો જોઇએ, રોડ કેપિટલ અને યાત્રાધામને જોડતો હોવો જોઇએ, રોડ કેપિટલ અને રાજયની સીમાઓને જોડતો હોવો જોઇએ, રોડ જિલ્લા કેન્દ્ર અને ગ્રામને જોડતો હોવો જોઇએ, રોડ જિલ્લા કેન્દ્ર અને તાલુકા કેન્દ્રને જોડતો હોવો જોઇએ. રસ્તાઓનો એક નવા પ્રકારનો વિકાસ કરવાનું એક વૈજ્ઞાનિક આયોજન નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થયુ. અને આજ ગુજરાતની ભૂમિ ઉપર કોઇ પણ જગ્યાએ ઉદ્યોગપતિએ ઉદ્યોગ નાખવો હોય તો એને સંસ્થાગત માળખાની ચિંતા કરવાની જરૂર નથી. ઇન્ફ્રાસ્ટ્રકચરની ચિંતા કરવાની જરૂર નથી રસ્તાઓનું માળખું સુપેરે પૂરું થઇ ગયુ છે એની સાથે રેલ્વે, એની સાથે એસ.ઇ.ઝેડ, એની સાથે બંદરો એક સુગઠિત ઇન્ફ્રાસ્ટ્રકચરનું માળખું નરેન્દ્રભાઇના નેતૃત્વમાં અહીંયા પૂરું થયુ તેના લીધે જ ગુજરાતનો આજે વિકાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિકાસ  બધા જ વડાપ્રધાનો, બધા જ મુખ્યમંત્રીઓ દેશભરમાં ભાષણ આપે કે કૃષિ પ્રધાન દેશ. કૃષિ પ્રધાન દેશ એટલે શું ? ભાષણમાં નરેન્દ્રભાઇએ કૃષિ વિકાસની નવી વ્યાખ્યા અહીંયા બનાવી. સોઇલ હેલ્થ કાર્ડ, ડ્રીપ ઈરીગેશન, સ્પ્રીંકલર ઈરીગેશન, કેનાલોની ક્ષમતા વધારવી, ડેમની ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ કરવો, ખાતર કેટલુ વાપરવુ તેનું માર્ગદર્શન આપવાનું, કિસાન યાત્રાના માધ્યમથી અખાત્રીજે શરૂઆત કરી દેશભરના ખેડૂતોને તેના ગામમાં જઇને લાભ આપવાની પ્રક્રિયા શરૂ કરી. બી.ટી.કોટન માટે ભારત સરકાર સામે બાયો ચડાવીને ગુજરાતના ખેડૂતને બી.ટી.કોટનમાં બચાવ્યા અને આજે જે ગુજરાતનો વિકાસ થયો એ એના કારણે જ છે. સળંગ ૧ ટકા, ૨ ટકા, ૩ ટકા કૃષિ વિકાસદર થાય તો સિદ્ધિઓ મનાતી હતી. મેં દેશના કેટલાય અર્થશાસ્ત્રીઓ સાથે ચર્ચા કરી હતી કે ૩ ટકા જી.ડી.પી કૃષિ વિકાસ દર થાય તે સિદ્ધિ માનતા હોય છે. નરેન્દ્રભાઇના ૧૩ વર્ષમાંથી ૧૨ વર્ષ સુધી કૃષિ વિકાસ દર ૧૦ ટકાથી વધારે રહ્યો. હું માનું છું કે, કૃષિ વિકાસ દર વધારવો એ ભગીરથ કામ છે. એક્સટેન્શનના કામના વધારાથી માંડી ઈરીગેટેડ લેન્ડ એક્સપાન્શનથી માંડી ખાતર અને પેસ્ટીસાઇડનો સમુચિત ઉપયોગ કરવાથી માંડી અત્યંત વૈજ્ઞાનિક અને આધુનિક બિયારણો પૂરા પાડવાથી માંડી એ.પી.એમ.સી.નું માળખું સુગ્રથિત કરવાથી માંડી એગ્રો બેઝ ઇન્ડસ્ટ્રીઝ નાખવા સુધીની બધી જ પ્રક્રિયા શ્રેણીબદ્ધ થઇ એટલે કૃષિ વિકાસ વધ્યો છે. હું બે યોજનાના વિકાસનો અહીંયા જરૂર ઉલ્લેખ કરવા માગું છું. સાગરખેડુ યોજના અને વનબંધુ વિકાસ યોજના. ગુજરાતની અંદર રણ પણ છે, ગુજરાતની અંદર પહાડો પણ છે, જંગલો પણ છે, શહેરો પણ છે અને ગામડાં પણ છે. ગુજરાતનો વિકાસ પહેલાં સમવિકાસ ન હતો. સમાન વિકાસ ન હતો. એક જગ્યાએ વિકાસ થતો હતો. અમુક છેવાડાની જગ્યાએ નહોતો થતો અને બે મોટા સેક્ટર વિકાસથી વંચિત રહી ગયા હતા. ૧૬૦૦ કિ.મી.નો દરિયાકિનારો અને અદિવાસી વિસ્તારો. પહાડો પર જંગલોમાં રહેતા આદિવાસી ભાઇઓના વિકાસ સામે કોઇએ જોયું નહોતું. બંધારણની અંદર એમને અધિકાર આપવામાં આવ્યો છે કે, એમના વસતીના અનુપાતમાં બજેટની ફાળવણી એમના માટે કરવી જોઇએ. ના દેશમાં થતું હતું ના પ્રદેશમાં થતું હતું. જ્યારે નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા એના ત્રીજા વર્ષે એમણે આ ઐતહાસિક કામ કર્યુ અને ગુજરાતની વસતીમાં જેટલા ટકા આદિવાસી ભાઇઓ છે એટલા ટકા ગુજરાતના બજેટમાં આદિવાસીઓ માટે રકમ પૂરી પાડવાનું કામ કર્યુ. મને કહેતા આનંદ થાય છે કે, જે શરૂઆત નરેન્દ્રભાઇએ કરી હતી એ આજે ભારતીય જનતા પાર્ટી શાસિત ૧૮ રાજ્યોની અંદર નરેન્દ્રભાઇએ પાડેલી પ્રણાલિકાને અનુસરવામાં આવે છે. એક વનબંધુ વિકાસ યોજના લઇને નરેન્દ્રભાઇ આવ્યા જેના માધ્યમથી આદિવાસી વ્યક્તિ, આદિવાસી ગામ અને આદિવાસી વિસ્તાર ત્રણેયનો સમવિકાસ થાય એ પ્રકારની યોજના વનબંધુ વિકાસ યોજનાની અંદર આવી. આ વનબંધુ યોજનાનો હું સાક્ષી છું. એટલા માટે કે, મારા કાર્યકાળમાં હું  બધા જ આદિવાસી વિસ્તારોમાં, આદિવાસી જિલ્લાઓમાં પ્રભારી મંત્રી હતો. ડાંગમાં રહ્યો, ભરૂચમાં રહ્યો, પંચમહાલમાં રહ્યો અને દાહોદમાં રહ્યો. એના ચમત્કારિક પરિણામો મેં જોયા છે. એક નાનકડી મારૂતિ વાળાને મેં કહ્યું હતું કે, તું ડ્રાઇવિંગ શીખવાડવાની સ્કૂલ શરૂ કર. મારી વનબંધુ યોજનાની અંદર હું ગ્રાન્ટ આપું. મેં જોયું છે કે, આ વનબંધુ યોજનાના કારણે દાહોદ જિલ્લાના કેટલાય આદિવાસી યુવાનો ડ્રાઇવિંગ શીખી આજે એસ.ટી.ની અંદર એમના અધિકારથી રીઝર્વેશનની અંદર નોકરી

પ્રાપ્ત કરતા થયા છે. ડાંગના આદિવાસીઓ પોતાની ઝુંપડીની અંદર મશરૂમનું એક ઝાડ લગાવીને મશરૂમની ખેતી કરતા થયા, કાજુની ખેતી કરતા થયા, સ્ટ્રોબેરીની ખેતી કરતા થયા. વનબંધુ યોજના હેઠળ એને નાનકડા ૧૦૦–૧૦૦ ગ્રામના શાકભાજીના બિયારણના પડીકા આપ્યા. ઘરની આગળ તેઓ શાકભાજી વાવતા થયા, અનેક મંડળીઓ બનાવી. એ શાકભાજી આજે સુરતીઓ ઉંધીયામાં નાખીને ખાય છે ત્યારે આદિવાસીના ઘરમાં સંપત્તિ આવે. આ આયોજન એ જ વ્યક્તિ કરી શકે જેના દિલની અંદર આદિવાસીના દુ:ખ માટેનું દર્દ પડ્યું હોય. આ ખાલી વિકાસની વાત નથી. આ રાજયનો ૧૬૦૦ કિલોમીટરનો સાગરકાંઠો એ દેશનો સીમાડો પણ છે. પાકિસ્તાન નજીક છે અને આ સીમાડાની સુરક્ષા ત્યારે જ થાય જયારે સીમાડાનો વિકાસ થયો હોય. સાગરખેડુ યોજનાના માધ્યમથી સાગર ખેડતા સાગર ખેડુઓ એમના ગામ, એમની બધી જ વિકાસની વાતો સાગર ખેડુ યોજનાના માધ્યમથી આવરી લઇ ૧૬૦૦ કિલોમીટરના દરિયાકાંઠાને વિકાસશીલ બનાવવાનું કામ માનનીય નરેન્દ્રભાઇએ કર્યું છે. કુપોષણની સામે જંગ, માનનીય અધ્યક્ષશ્રી હું કાયદા મંત્રી હતો, ટ્રસ્ટોનો વિભાગ કાયદા મંત્રીના અન્ડરમાં આવે. માનનીય નરેન્દ્રભાઇએ મને એક દિવસ બોલાવ્યો અને મને કહ્યું કે, આ ટ્રસ્ટોએ સગર્ભા માતાના ભોજન માટે કંઇક કરવું જોઇએ અને અનેક ટ્રસ્ટોને એમને પ્રેરિત કર્યા અને એક મિટિંગ કરવામાં આવી હતી અને મગસની લાડુડીઓ બનાવી સગર્ભા માતા જયારે દર મંગળવારે પોતાના તબિયતનું ચેકિંગ કરાવવા માટે આવે ત્યારે સાત દિવસના સાત લાડુ આપી માતા બાળક બંન્નેને પોષણયુકત બનાવવાનું કામ માનનીય નરેન્દ્રભાઇ મોદીના રાજયમાં થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિચાર એને આવે જેને દુબળી માતાને માતા બનતાં જોઇ હોય, એની વેદનાને કોઇ સમજ્યું હોય, બાળક પંગુ જન્મે, બાળક નિર્બળ જન્મે તો દેશનું કેટલું નુકસાન થાય, બાળકને કેટલું નુકસાન થાય આ વાતનું જેને ભાન હોય એ જ કરે. સર્ગભા માતાની ઇન્સ્ટીટ્યુશનલ ડીલીવરી માટે એક એવી યોજના બનાવવામાં આવી કે, જે યોજનાના માધ્યમથી આ દેશની અંદર એ યોજનાને મોડલ યોજના તરીકે સ્વીકારી છે. ખાલી માતા નહીં, પતિ પણ ૧૫ દિવસ સુધી એની નોકરીના પગાર આપવાની વ્યવસ્થા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરની અંદર મોટો ઘટાડો કર્યો.

કન્યા કેળવણીના માધ્યમથી બેટી બચાવો, બેટી પઢાવો, ડ્રોપઆઉટ રેશિયાને એક થી પાંચમાં શૂન્ય સુધી લઇ જવો. ૩૯ ટકા ડ્રોપઆઉટ રેશિયો, છેલ્લો આંકડો મને યાદ છે અત્યારનો મને અભ્યાસ નથી. ચાર ટકા સુધી નીચે લાવવાનું કામ નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ડ્રોપઆઉટ રેશિયો પણ શિક્ષણ શાસ્ત્રીઓ કલાકોના સંમેલન કરતા, સમસ્યાનું નિવારણ નહોતું આવતું. ડ્રોપઆઉટ રેશિયાના સમસ્યાનું નિવારણ નરેન્દ્રભાઇએ મુખ્ય મંત્રીશ્રી માંડીને તલાટી, પાંચ દિવસ તડકામાં ફરો તો તરત આવી જાય , ગામડાંની ધૂળ ફાકો તો તરત આવી જાય. વાલી સમિતિ બનાવો તો તરત આવી જાય. આવા સરળ રસ્તાઓ શોધવાનું કામ માનનીય નરેન્દ્રભાઇએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇએ સાર્વજનિક જીવનની સૂચિતા માટે પણ ગુજરાતની અંદર નવા માનાંકો ઉભા કર્યા. કોઇ પણ વ્યક્તિ મંત્રી બને, ભેટો આવે એનો હિસાબ કિતાબ ના હોય. નરેન્દ્રભાઇએ જે ભેટો મળતી હતી એ ભેટોનું સાર્વજનિક હરાજી કરી દીકરીને ભણાવવા માટે એ ભેટો ખર્ચવાની નવી પરંપરા કરી. સાર્વજનિક જીવનની સૂચિતા કેવી હોય એનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ નરેન્દ્રભાઇએ પૂરું પાડ્યું છે. અનેક ઇન્સ્ટીટ્યુશન બનાવ્યાં, જીસ્વાનના માધ્યમથી વહીવટને બહુ ઝડપી બનાવવાનું કામ, વહીવટને પારદર્શક બનાવવાનું કામ નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થયું. બાયસેગ નામની એક ખાડામાં પડેલી ઇન્સ્ટીટ્યુટને આ બાયસેગ ખાલી ગુજરાત નહીં પણ દેશભરની વહીવટની અંદર બહુ મોટુ યોગદાન કરે એ પ્રકારનું બાયસેગ બનાવવાનું કામ નરેન્દ્રભાઇએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું દિલ્હીમાં રહું છું. ભારત સરકારના અનેક મંત્રાલયો પોતાના વિભાગના આધુનિકકરણ માટે આજે ગુજરાતની બાયસેગ નામની સંસ્થા પર નિર્ભર છે. એ આપણા સૌના માટે ગૌરવની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉત્સવ આ દેશની અને રાજયની જનતાનો પ્રાણ છે. નરેન્દ્રભાઇએ ઉત્સવોને લાકાભિમુખ બનાવ્યા, ૧૫મી ઓગસ્ટ નોકરી કરતા લોકોનો ઉત્સવ હતો. શાળાના બાળકોનો ઉત્સવ હતો. ૧૫મી ઓગસ્ટને ગાંધીનગરથી બહાર કાઢી એક એક જિલ્લાના હેડક્વાર્ટર પર લઇ જવાનું કામ નરેન્દ્રભાઇએ કામ કર્યું અને આ વીઝનરી, આ દીર્ઘદ્રષ્ટિ નિર્ણયનું પરિણામ એ આવ્યું કે, આ ૧૫ ઓગસ્ટ જનતાનો ઉત્સવ બન્યો છે. હજારો લાખ્ખો લોકો ૧૫મી ઓગસ્ટના ઉત્સવમાં જોડાયા, ૨૬મી જાન્યુઆરી હોય યા આ ગુજરાતનો સ્થાપના દિન એ દિવસે અનેક પ્રકારના એવોર્ડો આપી જાહેર જીવનને ગુજરાતના સાર્વજનિક જીવનને ગુજરાતના સાંસ્કૃત્તિક જીવનને ગુજરાતના વૈજ્ઞાનક જીવનને જે લોકો કન્ટ્રીબ્યુટ કરે છે એમને સન્માનવાની પ્રક્રિયા ઉભી કરી છે. પર્યટનના વિકાસ માટે પણ ગુજરાતની અંદર પર્યટનના વિકાસ માટે ગુજરાતની અંદર માનનીય નરેન્દ્રભાઇના શાસનમાં નવા માનાંકન થયા. પર્યટનમાં કેવી રીતે વૃદ્ધિ એના માટે નવો અધ્યાય લખી શકાય તેવા વૈજ્ઞાનિક અભિગમ પદ્ધતિથી બ્રાન્ડ ગુજરાતનું નિર્માણ થયું. સૌ પ્રથમ જયારે રણોત્સવ થયો ત્યારે મને ખબર છે કે એના ટેન્ડર કાઢવા માટે પણ અધિકારીઓ ડરતા હતા. પરંતુ આજે સ્થિતિ એવી આવી છે કે રણોત્સવ માટે ત્યાં ફરવા અને રાત રોકાવા માટે પડાપડી હોય છે. પર્યાવરણ ક્ષેત્રે એમણે ખૂબ સારી કામગીરી એક વિઝન સાથે વૈજ્ઞાનિક દ્રષ્ટિથી કરી. બધા જ પર્યટન ક્ષેત્રો જોઇએ તો આજે અંબાજી જોઇ આવે અને ૩૦ વર્ષ પહેલાનું અંબાજી જોઇ આવે. ૩૦ વર્ષ પહેલાનું સોમનાથ જોઇ આવે અને આજનું સોમનાથ જોઇ આવે, ૨૦ વર્ષ પહેલાનું ડાકોર અને આજનું ડાકોર જૂએ. આજનું અંબાજી, સોમનાથ અને ડાકોર શ્રદ્ધાનું સ્થળ ગમે તેવું ગંદુ હોય શ્રદ્ધા તો દેવાલયની અંદર એ સ્થળ સુંદર થાય અને શ્રદ્ધા અને સુવિધામાં વધારો થાય એનાથી યાત્રાળુઓની ભરમાળ વધશે.

## શ્રાવણ ૧૭, ૧૯૩૯ શાકે

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ

માનનીય નરેન્દ્રભાઇએ બીજું કામ કાયદો અને વ્યવસ્થાની અંદર  તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યારથી ૨૦૦૩થી, ૨૦૦૨માં જયારે રમખાણો થયા રાજયનીતિક ષડયંત્રો હેઠળ થોડોક પિરિયડ બાદ કરતાં ૨૦૦૩થી નરેન્દ્રભાઇ આવ્યાથી આજ સુધી ભારતીય જનતા પાર્ટીની સરકાર રહી છે ત્યારથી ગુજરાતની જનતા કરફ્યુ નામનો શબ્દ ભૂલી ગઇ છે. એક જમાનો હતા કોંગ્રેસ સરકારોના રાજમાં રમખાણો થતા મને બરાબર યાદ છે હું અમદાવાદનો રહેવાસી છું  તમારી બાજુ આવવું હોય તો પહેલા પૂછીની આવવું પડતું હતું, બ્રીજ ક્રોસ કરવો કે ન કરવો. જમાલપુર જવું હોય કે દાણીલીમડા જવું ત્યારે પહેલા  પાંચ વખત પૂછતા કે ભાઇ બધું બરાબર છે કે નહિ એ પછી જઇએ.  વર્ષના ૩૦૦ દિવસમાંથી એવરેજ ૧૫૦ દિવસ કરફ્યુ રહેતો હતો એ આજે ૧૬–૧૭ વર્ષથી એકદમ કરફ્યુ મુકત અને  શાંત છે.  એક જમાનામાં પાટીયા લાગતા હતા કે પોરબંદરની હદ શરૂ થાય છે અને કાયદાની હદ અહીંયા પૂરી થાય છે.પોરબંદરની જેલ નોટિફિકેશન કાઢીને બંધ કરવી પડી હતી જયારે હું જેલ મંત્રી હતો ત્યારે પોરબંદરની જેલ ફરીવાર ચાલુ કરી હતી. કચ્છની જેલ બંધ કરવી પડી હતી જેલ ગુનેગારોને સાચવવાના અડ્ડા બની ગઇ હતી. પાકિસ્તાનથી શસ્ત્રો, ચરસ, ગાંજો ઘૂસાડવો હોય, દાણચોરી કરવી હોય તો ગુજરાત જાણે મોકળુ મેદાન બની ગયું હતું અનેક દેશ વિરોધી ગતિવિધીઓના મૂળ પોરબંદરના દરિયાકાંઠે હતા. જેટલા વોન્ટેડ દેશ વિરોધીઓ હતા એ બધા એક એક કરીને જેલના સળીયા પાછળ ધકેલાઇ ગયા છે. અમદાવાદમાં બોમ્બ વિસ્ફોટ કર્યો એમાં  ૫૯ લોકો મરી ગયા એ મારા જીવનનો ગોઝારો દિવસ હતો.હું તે વખતે  ગૃહ મંત્રી હતો અમે ૭૨ કલાકમાં ગુનેગારોની ધરપકડ કરી લીધી હતી અને ૧૫ દિવસમાં આખા આતંકવાદી તંત્રનું મૂળ સહિત ઉખેડવાનું કામ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ મોદીની સરકારે કર્યું. કેવળ ગુજરાત નહિ ૧૩ રાજયમાં આપણી પોલીસે  જે સુંદર કામગીરી કરી એ નરેન્દ્રભાઇ મોદીની સરકારે ૧૩ રાજયમાં આતંકવાદીઓની બધી જ ગતિવિધીઓ નશ્યત કરવાનું કામ એ બોમ્બ વિસ્ફોટની અંદર કર્યું છે અને ત્યારથી ગુજરાતની અંદર કંઇ ન કરવું એવી શીખ મળી છે.   એફ.એસ.એલ. યુનિવર્સિટી, લો યુનિવર્સિટી, રક્ષા યુનિવર્સિટી આ નવા વિચારો આ દેશમાં ફોરેન્સિક સાયન્સનો કોઇ  કોર્સ હોઇ શકે એનો વિચાર જ નહોતો આવતો.  દેશની રક્ષા કરવા માટેનો અભ્યાસક્રમ હોવો જોઇએ એવો કોઇને  વિચાર જ નહોતો આવતો. એક બારમાં પછીથી સ્થિતિ કાયદો બનવાની વ્યવસ્થા હોવી જોઇએ એનો વિચાર કોઇને નહોતો. આ પ્રકારની સંસ્થાઓ બનાવવાનું કામ નરેન્દ્રભાઇએ કર્યું. આજે વિકાસનું મોડલ બન્યું એના પરિણામે નરેન્દ્રભાઇને ભારતના વડાપ્રધાન તરીકે દેશના સવાસો કરોડની જનતાએ પલકોથી પૂજીને  બેસાડયા. અને આ યાત્રા નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા એટલે ઇતિ સિદ્ધમ કામ પૂરું થઇ ગયું મહત્વકાક્ષા પૂરી થઇ ગઇ એ રીતે નથી કર્યું.  હું તમને બધાને કહેવા માગું છું કે તમે નરેન્દ્રભાઇને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કામ કરતા જોયા છે. આ ગૃહના સદસ્યોએ નરેન્દ્રભાઇને મુખ્યમંત્રી તરીકે કામ કરતા જોયા છે.  હું મુખ્યમંત્રી અને વડાપ્રધાન એમ બન્ને રીતે કામ કરતા તેમને નજીકથી જોઉં છું. અહીંયા કરતા દોઢી મજૂરી. ‘મજૂરી’ શબ્દપ્રયોગ વિચારીને કરું છું, નરેન્દ્રભાઇ વડાપ્રધાન તરીકે કરે છે. દેશની અનેક સમસ્યાઓના નિવારણ માટે નરેન્દ્રભાઇએ એક લડાઇ આદરી છે. બહુ સમય નથી. હું થોડી જ વારમાં વાત કરીશ. કાળા ધન સામેની લડાઇ. આ દેશની અંદર ભાષણોનો મુદ્દો હતો. નોટબંધી કરવાથી માંડીને, બેનામી સંપત્તિનો કાયદો લાવવાથી માંડીને, સેલ કંપનીઓ પર ત્રાટકવાથી માંડી સાયપ્રસ, મૉરેશિયસ અને સિંગાપોરની સંધિઓ બંધ કરવા સુધી અનેક પગલાંઓ લીધા. ગરીબી સામેની લડાઇ નરેન્દ્રભાઇ જયારે એન.ડી.એ.ના નેતા તરીકે ચૂંટાયા ત્યારે કહ્યું હતું મારી સરકાર ગરીબોની સરકાર છે. આ દેશનો દરેક ગરીબ પોતાની જાતને વડાપ્રધાન સાથે, પ્રધાનમંત્રી સાથે જોડીને જૂએ છે. હું માનું છું આ બહુ મોટી સિદ્ધિ છે. તેનું જીવનસ્તર ઉંચું આવ્યું. તેના ઘરમાં શૌચાલય બનાવવાનું, તેના ઘરમાં ગેસ પહોંચાડવાનો, તેના ઘરમાં બેંક એકાઉન્ટ પહોંચાડવાનું, તેને ૨૨ રૂપિયાની અંદર વીમો આપવાનું આ અનેક પ્રકારના કામોની શરૂઆત નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થઇ. વિશ્વમાં ભારતની સ્વીકૃતિ લાવવાનું કામ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ કર્યું છે મિત્રો. એક મજબૂત ભારત કેવું હોવું જોઇએ આની એક કલ્પના નરેન્દ્રભાઇએ મૂકી. આજે આખું વિશ્વ ભારતને એક મજબૂત દેશ તરીકે જૂએ છે. જયારે આપણે સર્જીકલ સ્ટ્રાઇક કરીને પાકિસ્તાનની સીમામાં ઘૂસી આતંકવાદીઓ સામે બદલો લઇ પાછા આવીએ ત્યારે બધાને થાય કે અમેરિકા સિવાય આવી હિંમત કોઇ એક દેશમાં હોય તો એ ભારતમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઓ.બી.સી. કમિશન, કાકાસાહેબ કાલેલકર કમિશનના રિપોર્ટથી ૧૯૫૫થી ૨૦૧૭ સુધી આ દેશના પછાત વર્ગના લોકો સંવૈધાનિક માન્યતાઓ માટે માગણી કરતા હતા. કરોડો લોકો બક્ષી પંચના. ગુજરાતની વાત કરીએ તો બક્ષી પંચના નામે જે જાતિઓનો સમુહ બન્યો, પોતાના વિકાસ માટે, સન્માન માટે તરસતા હતા. નરેન્દ્રભાઇ ઓ.બી.સી. કમિશનને સંવૈધાનિક માન્યતાઓ આપવાનો કાયદો લઇને આવ્યા પરંતુ દુર્ભાગ્યની વાત છે કોંગ્રેસે એનો વિરોધ કરી રાજય સભાની અંદર એ કાયદાને પાડી દીધો. પરંતુ હમણાં જ થોડા દિવસ પહેલાં ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસ પાર્ટી કરતા રાજયસભામાં મોટી પાર્ટી બની ચૂકી છે. બહુ લાંબા દહાડા તમારો વિરોધ ચાલવાનો નથી. ત્યાંય હવે પૂરું થવામાં છે. રાજયસભાની અંદર પણ એન.ડી.એ.ની બહુમતી એપ્રિલ મહિનાની અંદર પૂર્ણ બહુમતી થઇ જવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની રક્ષા. એક કર એક દેશ. આ સ્વપ્ન, જી.એસ.ટી.નું સ્વપ્ન કયારેય પૂરું થાય એવું નહોતું લાગતું. દ્રઢ ઇચ્છા શકિત અને કુનેહના  કારણે આ દેશ જી.એસ.ટી.ને સ્વીકૃત કરી દુનિયાના બજારોની સાથે સ્પર્ધા કરવા માટે એક પ્લેટફોર્મ પર ઉભો રહ્યો. ખેડૂતો માટે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, સોઇલ હેલ્થ કાર્ડ, નીમકોટેડ યુરિયા,  પ્રધાનમંત્રી ઇરીગેશન યોજના. અનેક પ્રકારના કામો લઇને નરેન્દ્રભાઇ આગળ વધ્યા છે.

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજભાઇ દેસાઇ : (મુખ્ય દંડકશ્રી) માનનીય અમિતભાઇનું વકતવ્ય પૂરું થાય અને સભાગૃહનું અન્ય કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) અમિતભાઇનું વકતવ્ય પૂરું થાય અને સભાગૃહનું અન્ય કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, જલ વાયુ પરિવર્તન. તેમાં ભારતે છેલ્લી પાટલીએ બેસવાનું આવતું. હમણાં પેરિસમાં જયારે જલ વાયુ પરિવર્તન પર, કલાઇમેટ ચેઇન્જ પર કોન્ફરન્સ થઇ. જી–૮ વાળા બધા દેશોએ કહ્યું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ જ આનો માર્ગ કાઢી શકે અને નરેન્દ્ર મોદી ફોર્મ્યુલાને પૂરી દુનિયાએ સ્વીકારવી પડી. આ દેશ માટે ગૌરવની વાત છે.

ઇસરોના વૈજ્ઞાનિકો વર્ષોથી આટલા જ કુશળ, આટલા જ વિદ્વાન. પરંતુ ઇસરોની વૈશ્વિક સ્વીકૃતિ નહોતી આવતી. એક ઉપગ્રહ છોડે, બે ઉપગ્રહ છોડે, ત્રણ ઉપગ્રહ છોડે, પાંચ ઉપગ્રહ છોડે, છ ઉપગ્રહ છોડે. નરેન્દ્રભાઇના શાસનમાં આવ્યા પછી અત્યાર સુધી ૧૦૨ ઉપગ્રહ એક સાથે છોડવામાં આવ્યા હતા. નરેન્દ્રભાઇએ એમને કહ્યું કે ૧૦૨ ના ચાલે. નરેન્દ્રભાઇના વડાપ્રધાન બન્યા પછી તેના ઉપર કામ ચાલુ થયું. ૧૦૪ ઉપગ્રહો અવકાશમાં છોડી ભારતે પોતાની ગ્લોબલ લીડર તરીકેની અવકાશની દુનિયામાં સ્થિતિ મજબૂત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સ્કીમની વર્ષોથી વાત થતી હતી. ક્યાંક મોટો ભ્રષ્ટાચાર છે, નકલી રેશન કાર્ડો, નકલી ગેસના કનેક્શનો, નકલી વૃદ્ધ સહાય, નકલી વિધવા સહાય. શ્રી નરેન્દ્રભાઇએ દઢ રાજકીય ઇચ્છાશક્તિથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સ્કીમ શરૂ કરી અને દર વર્ષે રૂ.૫૯,૦૦૦/– કરોડનો ભષ્ટ્રાચાર બંધ કર્યો. આ ગૃહને ગૌરવ થવું જોઇએ. આ ગૃહમાં આટલો લાંબો સમય સેવા આપવાવાળા મુખ્યમંત્રી વડાપ્રધાન બન્યા પછી તેમના નેતૃત્વમાં રૂ.૫૯,૦૦૦/– કરોડનો ભ્રષ્ટાચાર બંધ થયો. સ્કીલ્ડ ડેવલપમેન્ટ માટે તેઓ આગળ વધતા હતા ત્યારે આપણે વિચાર કર્યો અને સ્કીલ્ડ ડેવલપમેન્ટનું નવું મંત્રાલય અને યુનિવર્સિટી બનાવીને આપણે આગળ વધ્યા. ડિઝિટલ ઇન્ડિયા માટે જીસ્વાનની તર્જ પર આખા ભારતનું ઇલેક્ટ્રોનિક નેટવર્ક બનાવવાની શરૂઆત માનનીય નરેન્દ્રભાઇએ કરી છે. નદીની અંદર જળ માર્ગોનો નવો કન્સેપ્ટ માનનીય નરેન્દ્રભાઇએ મૂક્યો છે અને કાશીથી ગંગા સાગર સુધી સ્ટીમરથી હવે વાહનો અને માલ સામાનનું પરિવહન થોડા સમયની અંદર શક્ય બનશે. બંદરોનો વિકાસ, રોડોનો વિકાસ, ગામોમાં વીજળી પહોંચાડવાનું કામ. ૭૦ વર્ષ પછી લગભગ ૧૯૦૦૦ ગામડાં હતા ત્યાં વીજળીનો થાંભલો પણ નહોતો, ૨૪ કલાક વીજળીની વાત જવા દો. થાંભલો પણ નહોતો પહોંચ્યો. માનનીય નરેન્દ્રભાઇએ નક્કી કર્યું કે ૨૬ મે, ૨૦૧૮ પહેલા આ દેશમાં એકપણ ગામડું એવુ નહીં હોય જ્યાં વીજળી પહોંચી નહીં હોય. ૧૯૦૦૦માંથી ૧૩૦૦૦ ગામડાંઓમાં વીજળી પહોંચાડવાનું કામ માનનીય નરેન્દ્રભાઇએ પૂરુ કર્યું છે. રિફોર્મ્સની વાત થતી હતી. માનનીય નરેન્દ્રભાઇએ રિફોર્મ્સથી એક સ્ટેપ આગળ જઇને ટ્રાન્સફરમેશનની વાત કરી છે. સુધારથી મેળ નહીં પડે, આમુલ પરિવર્તન કરી દેશની સમસ્યાઓનો ઉકેલ લાવવાની શરૂઆત શ્રી નરેન્દ્રભાઇએ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજનીતિમાં પણ તેમનું બહુ મોટું યોગદાન છે. યુ.પી.ના પરિણામોના અનેક સૂચિતાર્થો નીકળે છે. ભારતીય જનતા પાર્ટી મજબૂત થઇ ગઇ. પહેલીવાર આવડી મોટી ૩/૪ની બહુમતીથી સરકાર આવી. યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી બન્યા આ બધા સૂચિતાર્થ છે. પણ યુ.પી.ની રાજનીતિમાં બહુ મોટું કામ કર્યું છે. યુ.પી.ના પરિણામોએ આ દેશની રાજનીતિમાંથી પરિવારવાદ, જાતિવાદ અને તૃષ્ટીકરણ આ ત્રણેયને ઉખાડીને ફેંકી દેવાનું કામ માનનીય નરેન્દ્રભાઇએ કર્યું છે. હું માનું છું કે મારા આ ૨૦ વર્ષના કાર્યકાળની અંદર આ ગૃહના અનેક સારા નરશા પ્રસંગોનો હું સાક્ષી રહ્યો છું. ગુજરાતની જનતાએ, મારા મત ક્ષેત્રએ ખૂબ હૃદયથી મને પ્રેમ આપ્યો છે. અનેક પ્રકારના ષડયંત્રો મારી પીઠ પાછળ કરવામાં આવ્યા પરંતુ ક્યારેય ગુજરાતની જનતાએ મારા પ્રત્યે અવિશ્વાસ રાખ્યો નથી. એ મારા માટે બહુ મોટી ઉપલબ્ધી છે. હંમેશાં હું જ્યારથી આ ગૃહમાં આવ્યો, મેં ભારતીય જનતા પાર્ટીને વિજયી બનતી જોઇ છે. આખા દેશમાં હું ગૌરવથી કહું છું કે એ એક એવું યુનિટ છે કે જ્યાં ભારતીય જનતા પાર્ટી અજેય છે, અપરાજીત છે. ૧૯૯૦થી જેટલી પણ ચૂંટણીઓ થઇ, એકપણ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો પરાજય થયો નથી. ચાહે એ ધારાસભાની હોય, ચાહે લોકસભાની હોય. મને ભરોસો છે જે રીતે શ્રી વિજયભાઇના અને શ્રી નીતિનભાઇના નેતૃત્વમાં આ સરકાર કામ કરી રહી છે, હવે ચૂંટણી નજીક છે. દુદુંભી વાગી રહ્યા છે. આ ચૂંટણી નર્મદાના મુદ્દા ઉપર જ લડાવાની છે, ઓબીસી કલ્યાણના મુદ્દા ઉપર લડાવાની છે, ગરીબ કલ્યાણના મુદ્દા ઉપર લડાવાની છે. આ ચૂંટણી જ્યારે થશે ત્યારે મને ખબર છે કે પરિણામ શું આવવાના છે. આ વિપક્ષની સંખ્યા અડધી થઇ જશે. હું સ્પષ્ટ જોઇ શકું છું. મારે આજે ભલે વિપક્ષ ગેરહાજર હોય મારે એમને કહેવું છે કે શ્રી અર્જુન મોઢવાડીયાજીનું નર્મદા વિસ્થાપિતોની મૂલાકાત અને તેની દસ જ મિનિટ પછી મેઘાબેનના ટવીટ વચ્ચેનો સંબંધ શું છે? એ ગુજરાતની જનતાને બતાવો, દરવાજા બંધ કરવાના આગળના દિવસે શ્રી દિગ્વિજયસિંહના ટવીટનો મતલબ શું છે, એ ગુજરાતની જનતાને જણાવો જરા. જેવા દરવાજાને પાણી અડવાના શરૂ થાય, રાજ્યસભાની અંદર નર્મદા વિસ્થાપિતોના મુદ્દાના ઉલ્લેખનો અર્થ શું છે. વિસ્થાપિતોની માગણીઓ ન સંતોષાય ત્યાં સુધી દરવાજા બંધ ન કરવાની માગણીનો અર્થ શું છે? જયોતિરાદિત્ય સીંધીયાનું અને સમગ્ર મધ્યપ્રદેશમાં કોંગ્રસનું દરવાજા બંધ ના કરવા માટેનું આંદોલન એનો તમારો જવાબ શું છે? શાહમૃગ વૃત્તિથી રાજનીતિમાં કામ ન થાય. આંધી આવે અને શાહમૃગ રેતીમાં મોઢું નાખી જાય એને એમ થાય કે આંધી જતી રહી જનતાની

અપેક્ષાઓની આંધી શાહમૃગ ઉપર ફરી વળે. એમને જવાબ આપવાનો છે. જયારે ચૂંટણીની દંદૂભી વાગશે એ વખતે ગુજરાતની જનતા પૂછશે કે તમારું સ્ટેન્ડ શું છે? તમે નર્મદાની સાથે છો કે વિરુદ્ધમાં છો? અને વિરુદ્ધમાં હોય તો ભાઇ દિગ્વિજયને કેમ કંઇ કહેતા નથી? ભાઇ જયોતિરાદિત્યને કેમ કંઇ કહેતા નથી એમને પૂછવાનું છે. એમને એ પણ પૂછવામાં આવશે કે ઓ.બી.સી.નું કલ્યાણ થતું હોય, બક્ષીપંચની જાતિઓને સંવિધાનિક માન્યતા મળતી હોય તો તમે બિલ કેમ પરાસ્ત કરી દો છો? આ જનતા એમને પૂછશે. હું તો એમને એડવાન્સમાં કહેવા માગુ છું કે આવું બધું પૂછવાના છે, પેપર ફૂટી ગયું છે. તૈયારી કરીને જજો. એમાં મારો કોઇ બીજો આશય નથી. હું તો જનતાનું પેપર ફોડી નાખુ છું. જે રીતે નરેન્દ્રભાઇએ વિકાસની શરૂઆત કરી, આનંદીબહેને આગળ વધારી અને આજે એટલા જ જોમ અને તન્મયતાથી વિજયભાઇ અને નીતિનભાઇ એને આગળ વધારે છે. મને શ્રદ્ધા છે ૧૯૯૦થી ભારતીય જનતા પાર્ટીની વિજયની જે પરંપરા બની છે એને વધુ દ્રઢતા સાથે આગળ વધારવાની છે. આજે ૯ ઓગસ્ટ, બે રીતે શુભ દિન છે. આજે આદિવાસી કલ્યાણ માટેનો પણ દિન છે. વિશ્વ આદિવાસી દિવસ તરીકે આપણે બધા મનાવીએ છીએ અને આજે ભારત છોડો આંદોલનની ૭૫મી વર્ષગાંઠ પણ છે. ૧૯૪૨માં આજના દિવસે ગાંધીજીએ કહ્યું હતું. અંગ્રેજો ભારત છોડો. નરેન્દ્રભાઇ આજે ૯મી ઓગસ્ટે આખા દેશની જનતાનું આહવાન કર્યુ છે કે, ભારત છોડો આંદોલનથી આઝાદીના ૭૫ વર્ષથી સંકલ્પ સિદ્ધના ૫ વર્ષ અનેક સંકલ્પો લઇ એક ન્યુ ઇન્ડિયાની રચનાની કલ્પના નરેન્દ્રભાઇએ વિશ્વની સામે મૂકી છે, યુવાનોની સામે મૂકી છે. એક નવું ભારત, આપણી આકાંક્ષાઓનું ભારત જેની અંદર કોઇ ભૂખ્યું ના હોય, જેની અંદર કોઇ તરસ્યું ના હોય, જેની અંદર કોઇ બેકાર ના હોય, સમસ્યાઓ ના હોય, જેની અંદર સર્વેના વિકાસની સમાન તકો મળેલી હોય, એવા ભારતની રચનાનો નરેન્દ્રભાઇએ આપણા વડાપ્રધાનશ્રીએ શુભ સંકલ્પ લીધો છે એ વખતે આખું ગૃહ પણ માનનીય નરેન્દ્રભાઇના સંકલ્પની સાથે ન્યુ ઇન્ડિયાના સંકલ્પની સાથે જોડાય એવી અપીલ કરી હું મારી વાતને પૂરી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નર્મદા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હર્ષભાઇ સંઘવીનો આજનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ અને એમાં માનનીય અમિતભાઇ શાહનું એક કલાક સુધીનું નર્મદા મૈયાનો પ્રવાહ વહેતો હોય એમ અવિરત જે પ્રવચન થયું એ પછી હું માનુ છું કે મારે બહુ કંઇ કહેવાનું રહેતું નથી. નર્મદા માટેની લાગણી, એની જરૂરીયાત, એની ઉપયોગિતા, એના માટે ગુજરાતની પ્રજાએ કરેલા સંઘર્ષો, નર્મદા માટેના શુભચિંતકો અને નર્મદાના વિરોધીઓ આ બધાને આખું ગુજરાત દાયકાઓથી ઓળખે છે પણ આજે જે રીતે માનનીય અમિતભાઇએ આ પ્રસ્તાવને સમર્થન આપવા માટે નર્મદાની ઘણી કેન્દ્રમાં ચાલતી બાબતો જે રજૂ કરી કે જે આ માનનીય સભ્યોને આપણા આ ગૃહમાં ઓછી જાણકારી હોય. કારણ કે દિલ્હીમાં બનતા બનાવ હોય કે કોંગ્રેસના નેતા દિગ્વીજયસિંહે ક્યાં કેવી રીતે અડપલા કર્યા છે કે જેથી નર્મદાનું કામ વિલંબમાં મૂકાય અને અવરોધાય. એમના બીજા જૂના મંત્રી કેવી રીતે નર્મદાને વિલંબમાં મૂકવા પ્રયત્નો કરે છે એ એમના માધ્યમથી ગુજરાતની પ્રજાને જાણકારી મળે એવું મેળવ્યું છે. નર્મદાનો ઇતિહાસ પણ ઘણો લાંબો છે. સરદાર વલ્લભભાઇ પટેલનું સ્વપ્ન એ કોણ પૂરું કરશે, ક્યારે પૂરું કરશે એ તો ભાવિના ગર્ભમાં છુપાયેલું હતું. આમ તો જો રેકર્ડની દ્રષ્ટિએ જોઇએ તો નર્મદા યોજનાનું કામ બધી પ્રક્રિયા પત્યા પછી ૧૯૪૬માં સરદાર વલ્લભભાઇ પટેલે વિચાર વ્યક્ત કર્યો. ૧૯૫૯માં પહેલી વખત દરખાસ્ત રજૂ થઇ. ૫મી એપ્રિલ, ૧૯૬૧ના રોજ નર્મદા બંધનો શિલાન્યાસ થયો અને તરત જ ટ્રિબ્યુનલની પણ માનનીય અમિતભાઇએ કહ્યું એમ રચના થઇ. આ રચના એટલા માટે કરવી પડી કે બધા જ રાજ્યોમાં કોંગ્રેસનો સૂર્ય તપતો હતો. બીજા કોઇ પક્ષોની વગ ન હતી છતાં કેન્દ્રની કોંગ્રેસની સરકારોએ, એ વખતના વડાપ્રધાન, એ વખતના મુખ્યમંત્રીઓએ નર્મદા યોજનાને એક સાથે બેસીને ચર્ચા વિચારણા કરી એની ઉંચાઇ કેટલી રાખવી, એનું પાણી કયા રાજ્યને કેટલું આપવું એ નિર્ણય કરી શક્યા ન હતા. એટલે એના માટે ટ્રિબ્યુનલની રચના કરવી પડી. ૧૯૬૯માં રચાયેલા ટ્રિબ્યુનલે ૧૯૭૯માં ૧૦ વર્ષ પછી એનો ચૂકાદો આપ્યો અને ૧૯૮૭માં બંધની કામગીરી ચાલુ થઇ. આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે પહેલી વાર જ્યારે આયોજન પંચ દ્વારા નર્મદા યોજનાના ખર્ચની જે મંજૂરી આપવામાં આવી એ ૬૪૦૬ કરોડ રૂપિયા હતી. એટલે કે ૬૪૦૬ કરોડની યોજના ૧૧૦ મહિનામાં પૂરી કરવાની હતી. એટલે કે લગભગ ૧૦ વર્ષની અંદર પૂરી થવાની હતી. પણ કોંગ્રેસની એ વખતની નેતાગીરી, એમની ગુજરાત વિરોધી માનસિકતા, ગુજરાત આગળ ન આવી જાય, ગુજરાતીઓ સમૃદ્ધ ન થઇ જાય, ગુજરાતના લોકોને બધું પાણી ન મળી જાય, ગુજરાતના ખેડૂતોને હરિયાળા પંજાબ જેટલું પાણી મળશે તો ગુજરાત બધી રીતે આગળ છે અને આમાં પણ આગળ આવી જશે આ બધી ગુજરાત વિરોધી માનસિકતાના કારણે આ બધું વિલંબમાં મૂકાતું ગયું. ૬ હજાર કરોડની યોજના ૫૫ હજાર કરોડ રૂપિયા અત્યારે ગુજરાતની પ્રજા ખર્ચી ચૂકી છે. હવે આપણે એને પૂર્ણતાના આરે લઇ જઇ રહ્યા છીએ ત્યારે આ પ્રસ્તાવથી અમને સરકારને પણ ખૂબ પ્રેરણા, પ્રોત્સાહન મળ્યું છે. નર્મદાનો આખો ઇતિહાસ આપણે અવાર–નવાર જુદી જુદી ચર્ચાઓમાં આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકાયેલો છે. સરકારોનું કામ એ વિકાસ કરવાનું હોય છે. સરકારોનું કામ વિકાસને અવરોધવાનું હોતું નથી. પણ જે પ્રમાણે માનનીય અમિતભાઇએ કહ્યું એ પ્રમાણે ભૂતકાળની કોંગ્રેસની સરકારોની માનસિકતા એ હંમેશા ગુજરાત વિરોધી રહી છે. આ વાત હું રેકર્ડ ઉપર લાવવા માટે આજે રજૂ કરું છું કે સુપ્રીમ કોર્ટના આદેશો પ્રમાણે આપણને જે જે મંજૂરીઓ મળી એ મંજૂરીઓના આધારે આપણે તબક્કાવાર કામો કરતા ગયા અને ૧૫મી એપ્રિલ, ૨૦૦૬, તારીખ એટલા માટે કહું છું કે, આ કોંગ્રેસની એ વખતની સરકારોનું ગુજરાતને અન્યાય કરવાનું વલણ આ સન્માનનીય ગૃહના રેકર્ડ ઉપર હંમેશા માટે રહે. આવનારી પેઢી સુધી લોકો અભ્યાસ કરી જાણકારી લે કે કોંગ્રેસ નામનો કોઇ પક્ષ હતો જેણે આવા પ્રકારની કામગીરી કરી ગુજરાતને પાછળ રાખવા પ્રયત્ન કરેલો. તારીખ ૧૫મી

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ

એપ્રિલ ૨૦૦૬ના રોજ આર.સી.એમ.સી.એ.ની ૧૩મી મિટિંગ મળી હતી. એ મિટિંગમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શ્રી શીવરાજસિંહજી ચૌહાણ અને રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે માનનીય વસુંધરા રાજે એ ત્રણેય સભ્ય તરીકે ત્યાં ઉપસ્થિત હતા. આ ત્રણેય સાહેબ ભાજપ શાસિત રાજ્યો, આ ત્રણેય રાજ્યો નર્મદાના લાભાર્થી રાજ્યો, જરૂરિયાતવાળા રાજ્યો. આ રાજ્યોએ નર્મદા બંધની ઉંચાઇ વધારવા માટેની બધી જ પ્રક્રિયા પૂરી થઇ ગયેલી. જે રીતે અમિતભાઇએ કહ્યું એ સાચું કહ્યું છે કે મોદી સાહેબની ભારતમાં, કેન્દ્રમાં સરકાર આવી અને કોંગ્રેસે ૭ વર્ષ સુધી નર્મદા બંધની ઉંચાઇ વધારવાની જે ફાઇલ મૂકી રાખી હતી. એ મોદી સાહેબે ફક્ત ૧૭ દિવસમાં મંજૂર કરી. કેમ મંજૂર કરી? બધી તૈયારી ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રે પૂર્ણ કરી દીધી પણ નૈતિક ઇચ્છા શક્તિ ન હતી. ગુજરાતને લાભ મળે, નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર આ જશ લઇ લે અને કોંગ્રેસના ગુજરાતમાં સૂપડાં સાફ થઇ જાય એવી ભીતિ હોવાના કારણે તે વખતે કોંગ્રેસના ગુજરાતના નેતાઓ પણ કેન્દ્રની સરકારને વિનંતી કરેલી કે ગમે તેમ કરીને તમે ઉંચાઇ અટકાવો અને સાહેબ, આ રેકર્ડ ઉપરથી કહું છું કે એ વખતના કેન્દ્રના જળપ્રધાન મંત્રી એ.રાજા અને મહારાષ્ટ્રના કોંગ્રેસના મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખે એ મિટિંગની અંદર આપણા ત્રણ રાજ્યોના, અમારા ત્રણ રાજ્યોના મુખ્યમંત્રીએ બંધની ઉંચાઇ વધારવાની જે દરખાસ્ત કરી એ દરખાસ્તને એ.રાજા કોંગ્રેસના કેન્દ્રના મંત્રી અને મહારાષ્ટ્ર કોંગ્રેસના મંત્રી વિલાસરાવ દેશમુખે વિરોધ કર્યો અને એ વખતે આર.સી.એમ.સી.એ.ના અધ્યક્ષ તરીકે શૈફુદીન શોઝ જે ચેરમેન હતા. એમણે વિરોધ કર્યો અને સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ કર્યું કે નર્મદા બંધની ઉંચાઇ વધારવામાં ન આવે અને કોંગ્રેસવાળાનું ઉદાહરણ આપીને જેમ અમિતભાઇએ કહ્યું કે તમારા નેતા આવા આવા પ્રકારનું કૃત્ય કરે છે અને તમે અહીં ગુજરાતની પ્રજાને નર્મદાની મીઠી–મીઠી વાતો કરો છો તમે ખુલાસો કરો? આ ખુલાસો ૨૦૦૬થી આજ સુધ ૧૧ વર્ષ થઇ ગયા છતાં ગુજરાતના કોંગ્રેસીઓ કે કેન્દ્રના કોંગ્રેસીઓ એના અંગેનો કોઇ પ્રસ્તાવ કે અમે બંધની ઉંચાઇનો કેમ વિરોધ કર્યો? સુપ્રીમમાં કેમ એફિડેવિટ કર્યુ? એ બતાવી શકતા ના હતા અને એના કારણે ભારતમાં બીજો ઇતિહાસ બન્યો કે કોઇ રાજ્યના મુખ્યમંત્રી પોતાની રાજ્યની પ્રજાને ઉપયોગી થવા માટે રાજ્યનો વિકાસ જેના આધારે થવાનો છે એવી યોજનાનો વિકાસ આગળ વધારવા કેન્દ્રની કોંગ્રેસની સરકાર સામે ઉપવાસ ઉપર ઉતરવું પડે એ સાહેબ, ભારતમાં હું માનું છું કે પહેલો બનાવ બન્યો કે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની જનતા, સાધુ–સંતો, સામાજિક સંગઠનો અને બધાના સહકારથી જે નર્મદાનું કામ કોંગ્રેસે અટકાવ્યું હતું એ શરૂ કરવાની પરવાનગી આપવા માટે ૧૬ એપ્રિલ, ૨૦૦૬નાં રોજ મોદી સાહેબે અમદાવાદમાં ઉપવાસ ચાલુ કર્યા અને જે ગુજરાતની પ્રજાનું સમર્થન પ્રાપ્ત થયું એનાથી કોંગ્રેસની કેન્દ્રની તે વખતની સરકાર ગભરાય ગઇ અને જે એફિડેવિટ કર્યુ હતું. ઉંચાઇ નહિ વધારવી જોઇએ એ એફિડેવિટ કોંગ્રેસની સરકારને મોદી સાહેબના ઉપવાસ આંદોલનથી ગભરાય જઇ અને ઉંચાઇ વધારવાની પરવાનગી આપવી પડી અને મળ્યાં પછી મોદી સાહેબે ઉપવાસ છોડ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી રેકોર્ડમાં એક ક્વોટેશન છે કે નર્મદા કંટ્રોલ ઓથોરિટીના એ નિર્ણયને શૈફૂદીન શોઝે એમ કહ્યું હતું કે તમે અત્યારે બંધની ઉંચાઇ વધારે માગો છો એ પ્રિમેચ્યોર માગણી છે, સમય પહેલાની માગણી છે ત્યારે સાહેબ, ઐતિહાસિક વિધાન હું મોદી સાહેબનું ટાંકું છું. મોદીસાહેબે મિટિંગમાં એમ કહેલું કે તમે આનો પ્રિમેચ્યોર કહો છો પણ હું તમારી લાગણીને, કેન્દ્રની લાગણીને ઇમેચ્યોર ગણું છું. તમે મને પેલું માગવાનું કહો છો પણ તમે ઇમેચ્યોર, અપરિપક્વ વિચાર રજૂ કરો છો. હું માનું છું ગુજરાતના નર્મદાના ઇતિહાસમાં આ એક વાકય પણ ખૂબ અગત્યનું આવનારા ઇતિહાસમાં નોંધાવાનું છે કે કેન્દ્રની કોંગ્રેસ સરકાર જેને પ્રિમેચ્યોર કહેતી હતી એને મોદીસાહેબે ઇમેચ્યોર કહી અને એની સામે લડત આપી અને આપણને આ મંજૂરી અપાવી છે. અમિતભાઇએ ખૂબ સારી રીતે વર્ણન કર્યું છે કે જયારે જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે નર્મદા યોજનાનું કામ ખોરંભે પડી ગયું હતું. કારણ કે કેન્દ્રની એ વખતની સરકાર જ ઇચ્છતી ન હતી કે ગુજરાત આગળ આવે એટલે ઝઘડામાં રાખવા, વાંધા પડવા, ટ્રીબ્યુનલોમાં વિવાદ કરાવવા, હાઇકોર્ટ, સુપ્રિમ કોર્ટમાં વિવાદ કરાવવા આ બધું થયું પણ જયારે જયારે ભા.જ.પ.ની સરકાર આવી પહેલામાં પહેલું ૧૯૯૫માં ભારતીય જનતા પક્ષની સરકાર આવી, માનનીય કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા, નર્મદા યોજનાનું કામ આગળ વધ્યું એ પછી ભા.જ.પ.ની સરકારોમાં ચેરમેન પણ જે નીમવાના હોય, મને આ ગૃહમાં કહેતા આનંદ થાય છે કે અમારી આ ભારતીય જનતા પક્ષના અમારા સાથી મંત્રી, સિનિયર મંત્રી, મહેસૂલ મંત્રી, શિક્ષણ મંત્રી માનનીય ભુપેન્દ્રસિંહજી ચુડાસમા પણ ભૂતકાળમાં નર્મદા યોજનાનું કામ આગળ વધારવાની જયારે તેજ ગતિ હતી ત્યારે ચારથી પાંચ વખત સુધી ચેરમેન તરીકે નર્મદા યોજનાના નિગમમાં રહી અને એમણે મહત્વની કામગીરીનો લાભ આપ્યો છે. એવી જ રીતે પૂર્વ મંત્રીશ્રી જયનારાયણભાઇ વ્યાસ પણ નર્મદા યોજનાના નિગમના ચેરમેન તરીકે એમણે પણ યોગદાન આપ્યું છે અને શ્રી એન.બી. પટેલ, વડોદરાના એમણે પણ નર્મદા નિગમમાં ચેરમેન તરીકે રહી યોગદાન આપ્યું છે. માનનીય કેશુભાઇ, માનનીય ભુપેન્દ્રસિંહજી, માનનીય જયનારાયણભાઇ અને માનનીય એન.બી. પટેલ અને મુરબ્બી કેશુભાઇના શાસનમાં આ કામ આગળ વધ્યું અને મોદીસાહેબ આવ્યા પછી જે પરવાનગીઓ આપણને મળવા માંડી એ વખતે મુખ્યમંત્રી તરીકે માનનીય આનંદીબેન હતા. દરવાજા બેસાડવાની કામગીરી તરત જ આપણે ચાલુ કરી અને મોદીસાહેબ આવ્યા પછી જે નર્મદા ટ્રીબ્યુનલ, ત્રણેય રાજ્યોની સંમતિ અને અમિતભાઇએ જે રીતે ઉલ્લેખ કર્યો, હું પણ એનો સાક્ષી છું દિલ્હીમાં જયારે મિટિંગ હતી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી પણ ઉપસ્થિત હતા. ભારતીય જનતા પક્ષના નાયબ મુખ્યમંત્રીઓની માનનીય અમિતભાઇની અધ્યક્ષતામાં ભા.જ.પ.ના કાર્યાલય ખાતે જે મિટિંગ હતી એ વખતે અમે બંને સાક્ષી છીએ કે ભા.જ.પ.ના ત્રણેય રાજયના મુખ્યમંત્રીઓને માનનીય મોદીસાહેબે કહેલું કે વહેલામાં વહેલી તકે નર્મદા

બંધનું કામ આગળ વધે એ પ્રમાણે તમે કાર્યવાહી કરો. નામદાર સુપ્રિમ કોર્ટમાં પણ આપણને મદદરૂપ થાય એ પ્રમાણેની કાર્યવાહી માનનીય નરેન્દ્રભાઇએ કરાવી અને સુપ્રિમ કોર્ટે પણ નર્મદાના વિરોધીઓની તમામ અરજીઓ કોઇપણ હાઇકોર્ટ, ટ્રિબ્યુનલમાં ચાલતી હોય એ બધી ભેગી કરી દઇ એક જજમેન્ટ આપ્યું આ મહિનો, ઓગષ્ટ મહિનો જે ચાલી રહ્યો છે એ ઓગષ્ટ આખર સુધીમાં તમામ નર્મદાના વિસ્થાપિતો જે મધ્યપ્રદેશમાં અને મહારાષ્ટ્રમાં છે એમણે ફરજિયાત ખસી જવાનું રહેશે અને એમનું વળતર એ ગુજરાત સરકારે ચૂકવવાનું રહેશે. આપણું વિધાનસભાનું બજેટ સત્ર ચાલતું હતું અને નામદાર સુપ્રિમ કોર્ટે આ ચૂકાદો આપ્યો. ગુજરાત સરકારના વકીલોએ સુપ્રિમ કોર્ટમાંથી આપણને ફોન કર્યો કે તમે રકમ આપવા તૈયાર છો? સુપ્રિમ કોર્ટ જે કહે એ કિંમત આપવી પડશે. આપણે તરત જ આપણા વકીલોને કહ્યું કે તમે હા પાડી દો અને સુપ્રિમ કોર્ટને એ સંમતિ આપો કે જે કિંમત કહેશો એ ગુજરાતની પ્રજાના વિકાસ માટે ગુજરાતની સરકાર ખર્ચ કરવા તૈયાર છે એટલે ૪૦૦ કરોડ રૂપિયા મધ્યપ્રદેશ માટે અને સો કરોડ રૂપિયા મહારાષ્ટ્ર માટે આપવાની સુપ્રિમ કોર્ટે સૂચના આપી. અઠવાડિયાની અંદર ગુજરાતની ભા.જ.પ.ની વિજયભાઇની સરકારે અને નાણામંત્રી તરીકે અને નર્મદા મંત્રી તરીકે મેં તરત જ ચેક મોકલી દીધા. વિસ્થાપિતો ખસેડવાનું કામ અમારી મધ્યપ્રદેશની અને મહારાષ્ટ્રની ભા.જ.પ. સરકારોએ ચાલુ કર્યું અને એના કારણે મને આપને જણાવતા આનંદ થાય છે. બે દિવસ પહેલા જ સુપ્રીમ કોર્ટમાં મેધા પાટકર અને એની કંપની નર્મદા વિરોધીઓ મરતો બધા જ પ્રયત્નો કરે તેમ છેલ્લી અરજી સુપ્રીમ કોર્ટમાં કરી હતી. પ્રથમ દિવસે નામદાર સુપ્રીમ કોર્ટે વિરોધીઓની નર્મદા અંગેની તમામ અરજી કાઢી નાખી અને આ યજ્ઞને પૂર્ણ કરવા માટે આદેશ આપી દીધો અને દરવાજા અમે બંધ કર્યા. એ દરવાજા બંધ કર્યા પછી ૧૨૧ મીટર પછી જે પાણી વહી જતું હતું એનો આનંદ છે. રક્ષા બંધનના પવિત્ર દિવસે અને ત્યારે શ્રાવણ મહિનાનો સોમવાર હતો ત્યારે ભગવાન સોમનાથ, ભગવાન શિવજીના આશીર્વાદથી નર્મદા ડેમના દરવાજા અમે બંધ કર્યા છે. આપણી ગુજરાતની ભાજપ સરકારે મોદી સાહેબના આશીર્વાદથી એ ૧૨૧.૯૨ મીટરનું લેવલ આવી ગયું અને રક્ષા બંધનના પવિત્ર દિવસથી જ એ વધારાનું પાણી ભરાવવાની શરૂઆત થઇ ચૂકી છે અને હમણા જ મેં મારી માહિતી લીધી. આજે બપોરે ૧૨ વાગ્યાનું લેવલ ૧૨૨.૦૯ મીટરે ઓવર ફ્લો થતો હતો. એનાથી ઉપર દરવાજા બંધ કર્યા પછી એ પાણીની ભરાવાની શરૂઆત થઇ ચૂકી છે. અને કેન્દ્ર સરકારમાંથી મોદી સાહેબ તરફથી માનનીય અમીતભાઇ તરફથી આપણને જે માર્ગદર્શન મળે છે, જે મદદ મળે છે. એની બીજી વાત કરું કે આખો બંધ ભરાવાની ૧૩૮.૬૫ મીટર ફૂલ ભરાવાની કેપેસિટી છે. આપણને એન.સી.એ. તરફથી ઓક્ટોબર આખર સુધીમાં તબક્કાવાર એ લેવલે પાણી ભરાવાની મંજૂરી મળતો પત્ર આપણને પ્રાપ્ત થઇ ચૂક્યો છે. આખો ડેમ ઓક્ટોબર અંત સુધીમાં ભરી શકીશું એવી ભારત સરકારે આપણને મંજૂરી આપી છે અને ઓગષ્ટ મહિનાની અંદર આપણે ૧૨૭ મીટર પાણી ભરી શકીએ એવી પણ આપણને મંજૂરી મળી ચૂકી છે. હું વધારે સમય લેવા નથી માગતો. પણ એના ફાયદાઓ બે મિનિટમાં કહી દઉં. શું શું લાભ મળવાનો છે. જેથી આ સન્માનનીય સભાગૃહના રેકર્ડ ઉપર રહે. આપણે જે પાણી વધારે ભરીશું ૧૨૧.૯૨ થી ૧૩૮.૬૫ સુધી એનો લાભ મળવાનો છે. એ અત્યારે જે પાણી ભરાય છે એના કરતા ૩.૭૫ ગણું વધારે પાણી વધારે ભરી શકીશું. એનાથી અત્યાર સુધી જે દરિયામાં ઓવર ફ્લો થાય એટલે જે પાણી દરિયામાં વહી જતું હતું એને ક્યુસેકમાં નહિ કહું, પણ કરોડો લીટરમાં કહું તો દરવાજા બંધ થવાથી ૪,૨૬,૭૮૦ કરોડ લીટર પાણી આપણે વધારાનું ડેમમાં ભરી શકાશે. ૪,૨૬,૭૮૦ કરોડ લીટર પાણી વધુ પ્રાપ્ત થશે. વીજળી ૧૨૫૦ મેગાવોટ ૨૦૦૪ અને ૨૦૦૬ થી કરીએ છીએ. હવે એમાં ૪૦ ટકા વધારો થશે. એનો લાભ એનું વીજળીના ઉત્પાદનમાં મૂલ્યાંકન કરીએ તો ૨૦૧૬-૧૭ માં આપણે ૩૨૦ કરોડ યુનિટ નર્મદા ડેમ ઉપર વીજળીનું ઉત્પાદન કર્યુ હતું. હવે વધુ પાણી ભરાવવાથી ૪૦ ટકા વધુ વીજળી ઉત્પન્ન કરી શકીશું. એના કારણે દર વર્ષે નવી વધારાની ૧૨૦ કરોડ યુનિટ વીજળી જળ વિદ્યુત મથકેથી સસ્તી અને પર્યાવરણ ફ્રેન્ડલી વીજળી પ્રાપ્ત થશે. અને રૂપિયામાં કિંમત ગણીએ તો ૪૮૦ કરોડ રૂપિયાની તો ફક્ત ખાલી વીજળી ઉત્પાદનમાં ગુજરાતની અને આ ભાગીદાર રાજ્યને લાભ થશે. તો આવનારા સમયમાં પાણી ૪ ગણું પાણી વધુને વધુ સિંચાઇ, પશુપાલન માટે ૪ કરોડ નાગરિકોને વધારાનું પીવાનું પાણી આ બધુ જ કોંગ્રેસ દાયકાઓ સુધી ન કરી શકી. એમની સત્તા હતી છતા ન કરી શકી. એ માટે મોદી સાહેબની સરકારે કેન્દ્રમાં આવ્યા પછી ગુજરાતને જે આપ્યું છે એનું ઋણ ગુજરાતની પ્રજા કોઇ દિવસ ભુલવાની નથી. મોદી સાહેબ આજીવન આજીવન પેઢીઓ સુધી ગુજરાતને જે લાભ મળ્યો છે તે આવનારી પેઢીઓ યાદ રાખશે. આમ તો નર્મદાની ગૌરવ યાત્રા, મા નર્મદા મહોત્સવ કાઢવાની તૈયારી કરી છે. માનનીય મોદી સાહેબે પણ આપણને સમય ફાળવ્યો હતો. પરંતુ ઉત્તર ગુજરાત, બનાસકાંઠા, પાટણમાં જે ભારે પૂર આવ્યા તેના કારણે માનવ સંવેદનાથી લોકો દુઃખમાં હોય તો કોઇ કાર્યક્રમ નહી તે પ્રમાણે અમારી પાર્ટીમાં અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ અને અમારા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી સહિત લોકોએ ચર્ચા કરીને નક્કી કર્યુ કે આપણે પહેલી પ્રજાની સેવા કરવી છે. માનવતામાં મદદરૂપ થવું છે માટે આપણે આ નર્મદા મહોત્સવ મુલતવી રાખીએ. એટલે તે મહોત્સવ મુલતવી રાખ્યો. ગુજરાતની પ્રજાના હૃદયમાં મા નર્મદાના દર્શન પાણીરૂપે, પ્રસાદીરૂપે હેમખેમ પહોંચી ગયા છે ત્યારે આવનારા સમયમાં ગુજરાતની વિકાસયાત્રા માનનીય અમિતભાઇએ જે એક કલાક આ ધારાસભામાં જે વર્ણન કર્યુ છે તેમાં અમે અનેકગણો નર્મદાની ઉંચાઇની કામગીરીથી જે ઉત્પાદન, આવક વધવાનું છે, લોકો સુખી થવાના, લોકોની તકલીફો દૂર થવાની છે. દુષ્કાળ ભૂતકાળ બની જશે. પીવાના પાણીની અછત ભૂતકાળ બની જશે. તે લાભ ગુજરાતને જે મળવાનો છે તે આ નર્મદા યોજનાના કારણે મળવાનો છે. આ યોજનાને પરિપૂર્ણ કરવા માટે જે અમારા માનનીય અધ્યક્ષ અમિતભાઇ શાહે ઇચ્છા વ્યકત કરી છે તે માનનીય વિજયભાઇના અને અમારા નેતૃત્વમાં માનનીય મોદી સાહેબના આશિર્વાદથી આ ભાજપના તમામ

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

ધારાસભ્યશ્રીઓ અને એક કરોડ કરતાં વધુ ભાજપના કાર્યકરો તથા ગુજરાતની છ કરોડ જનતાના આશિર્વાદથી હજુ આપણે આ નર્મદા યોજનાનો વધુને વધુ લાભ લઇએ અને તે માટે અમારી સરકાર અને અમે સંકલ્પબદ્ધ છીએ. મને પણ આનંદ છે કે નર્મદા યોજનાના મંત્રી તરીકે આ કામગીરી મોદી સાહેબના નેતૃત્વમાં પૂર્ણ કરી ગુજરાતની પ્રજાને સંપૂર્ણ લાભાન્વિત કરવાનો જશ, યશ અને પુણ્ય અમને મળ્યું છે. તે પુણ્ય ગુજરાતની છ કરોડની જનતાને મળે તે કટિબદ્ધતા સાથે આ પ્રસ્તાવને સરકાર તરફથી અમે સ્વીકારીએ છીએ.

અધ્યક્ષશ્રીઃ પ્રસ્તાવ પરની ચર્ચા પૂર્ણ થાય છે.

સચિવશ્રીઃ માનનીય અધ્યક્ષશ્રી, જેના લેખીત જવાબો આ સત્ર દરમ્યાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૪૧ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

### અતારાંકિત પ્રશ્નોત્તરી

### (નિયમ ૮૭(ક) અન્વયેના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૯-૮-૨૦૧૭ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | શ્રી જવાહરભાઈ ચાવડા | ૯૯૯૦ | ૦૧ |
| ૨ | શ્રી પુંજાભાઈ વંશ | ૭૪૦૦ | ૦૧ |
| ૩ | ડૉ.મિતેશભાઈ ગરાસીયા | ૧૧૭૨૧ | ૦૧ |
| ૪ | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા | ૧૧૭૨૨ | ૦૧ |
| ૫ | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા | ૧૦૩૭૮ | ૦૧ |
| ૬ | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા | ૧૧૭૪૦ | ૦૧ |
| ૭ | શ્રી મેરામણભાઈ આહીર | ૯૮૪૮, ૯૯૦૨ | ૦૨ |
| ૮ | શ્રી શૈલેષ પરમાર | ૧૧૩૮૯, ૧૧૭૦૨ | ૦૨ |
| ૯ | શ્રી સી.કે.રાઉલજી | ૮૭૨૮, ૧૦૧૦૨ | ૦૨ |
| ૧૦ | શ્રી પરેશ ધાનાણી | ૭૭૯૭,૭૮૮૮, ૮૮૪૧ | ૦૩ |
| ૧૧ | શ્રી શકિતસિંહજી ગોહિલ | ૯૮૧૨, ૯૮૧૫, ૯૮૧૬, ૧૦૩૪૨ | ૦૪ |
| ૧૨ | શ્રી ગ્યાસુદ્દીન શેખ | ૧૦૯૨૫, ૧૦૯૨૬, ૧૧૦૮૮, ૧૧૦૫૬, ૧૧૧૦૦, ૧૧૧૦૨, ૧૧૧૧૦, ૧૧૧૧૫, ૧૧૧૨૭ | ૦૯ |
| ૧૩ | શ્રી રાઘવજી પટેલ | ૭૩૭૧, ૯૪૪૭, ૯૫૦૬, ૯૬૯૧, ૧૦૪૩૫, ૧૧૭૭૬, ૧૧૮૨૭, ૧૧૮૩૩, ૧૧૮૩૭, ૧૧૮૪૦, ૧૧૮૪૩, ૧૧૮૪૪, ૧૧૮૫૨ | ૧૩ |
| | | | ૪૧ |

### કૃષિ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજુર મહેકમ

અતારાંકિતઃ ૧૧૧૦૨ (૬-૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના કૃષિ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉકત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

કૃષિ મંત્રીશ્રી : (૨૭-૬-૨૦૧૭)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના કૃષિ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમની વિગતો સામેલ પત્રક-અ અને પત્રક-બ મુજબ છે.

(૨) અને (૩) સામેલ પત્રક-અ અને પત્રક-બ મુજબ.

પત્રક-અ

તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ કૃષિ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | વિભાગ/ કચેરીનું નામ | સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા ક્યાં સુધી ભરવામાં આવશે? |
|---|---|---|---|---|---|---|
| ૧ | કૃષિ, સહકાર અને ખેડુત કલ્યાણ વિભાગનો કૃષિ પ્રભાગ | અગ્રસચિવશ્રી (કૃષિ) | ૧ | ૧ | ૦ | ખાલી જગ્યા ઉપર નિમણુંક માટે ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે. |
| | | નાયબ સચિવ | ૪ | ૪ | ૦ | |
| | | ઉપસચિવ | ૬ | ૬ | ૦ | |
| | | અગ્ર રહસ્ય સચિવ, વર્ગ-૧ | ૨ | ૧ | ૧ | |
| | | સેકશન અધિકારી વર્ગ-૨ | ૧૭ | ૧૫ | ૨ | |
| | | નાયબ સેકશન અધિકારી | ૫૭ | ૩૨ | ૨૫ | |
| | | કારકુન | ૨ | ૨ | ૦ | |
| | | ઓફીસ આસીસ્ટંટ | ૨૬ | ૮ | ૧૮ | |
| | | અંગત મદદનીશ | ૩ | ૧ | ૨ | |
| | | ટાઈપીસ્ટ ગુજરાતી | ૧૩ | ૨ | ૧૧ | |
| | | ટાઈપીસ્ટ અંગ્રેજી | ૩ | ૦ | ૩ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ડ્રાઈવર | ૩ | ૨ | ૧ | |
| | | હવાલદાર | ૨ | ૦ | ૨ | |
| | | નાયક | ૪ | ૦ | ૪ | |
| | | પટાવાળા | ૧૫ | ૮ | ૭ | |
| | | હમાલ | ૧ | ૧ | ૦ | |
| | કુલ | | ૧૫૯ | ૮૩ | ૭૬ | |

| પત્રક–બ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ.નં. | વિભાગ કચેરીનું નામ | સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા ક્યાં સુધી ભરવામાં આવશે? |
| ૨ | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર | ખેતી નિયામક | ૧ | – | ૧ | ખાલી જગ્યા ઉપર નિમણુંક માટે ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે. |
| | | અધિક ખેતી નિયામક | ૭ | ૪ | ૩ | |
| | | સંયુકત ખેતી નિયામક | ૧૫ | ૯ | ૬ | |
| | | વહીવટી અધિકારી | ૧ | – | ૧ | |
| | | નાયબ ખેતી નિયામક | ૧૨૫ | ૭૫ | ૫૦ | |
| | | નાયબ ખેતી નિયામક, (યાંત્રિક) | ૨ | – | ૨ | |
| | | કુલ | ૧૫૧ | ૮૮ | ૬૩ | |
| | | મદદનીશ ખેતી નિયામક | ૨૯૦ | ૧૪૨ | ૧૪૮ | |
| | | ખેતી અધિકારી | ૩૭૬ | ૨૮૦ | ૯૬ | |
| | | તાલીમ અધિકારી (મહીલા) | ૨૫ | ૧૯ | ૬ | |
| | | ખેતી ઈજનેર | ૫ | ૩ | ૨ | |
| | | મદદનીશ વહીવટી અધિકારી | ૭ | ૩ | ૪ | |
| | | કુલ | ૭૦૩ | ૪૪૭ | ૨૫૬ | |
| | | ખેતીવાડી નિરીક્ષક | ૧૧૩ | ૪ | ૧૦૯ | |
| | | નિર્દેશક (મહીલા) | ૧૭ | ૧ | ૧૬ | |
| | | ખેતીવાડી મદદનીશ | ૨૮૩ | ૨૦૭ | ૭૬ | |
| | | કચેરી અધિક્ષક | ૧૩ | ૧૧ | ૨ | |
| | | હેડ કલાર્ક | ૫૧ | ૧૨ | ૩૯ | |
| | | સીનીયર કલાર્ક | ૧૮૩ | ૧૨૭ | ૫૬ | |
| | | જુ.કલાર્ક, જુ.ક.ટાઈપીસ્ટ, ટ્રેસર | ૩૦૧ | ૬૭ | ૨૩૪ | |
| | | લેબો.આસીસ્ટન્ટ | ૯ | ૫ | ૪ | |
| | | ડીલર કમ બ્લાકસ્ટર | ૧૦ | ૨ | ૮ | |
| | | હેવી.વ્હી.ડ્રાયવર | ૨૦ | ૪ | ૧૬ | |
| | | એરકંમપ્રેસર ડીલર | ૫ | ૩ | ૨ | |
| | | ડ્રાયવર | ૯૭ | ૧૨ | ૮૫ | |
| | | બ્લા.વાન.ડ્રાયવર | ૧ | ૧ | ૦ | |
| | | વેલ્ડર | ૧ | ૧ | ૦ | |
| | | ટર્નર | ૨ | – | ૨ | |
| | | ઈલેકટ્રીશીયન | ૩ | – | ૩ | |
| | | આર્ટીસ્ટ કમ ફોટોગ્રાફર | ૩ | ૩ | ૦ | |
| | | કંપોઝીટર | ૮ | ૭ | ૧ | |
| | | બાઈન્ડર | ૬ | ૪ | ૨ | |
| | | ડીસ્ટ્રીબ્યુટર | ૫ | ૪ | ૧ | |
| | | મદદનીશ ખેતી ઈજનેર | ૧૬ | ૪ | ૧૨ | |
| | | સીવીલ ઓવરશીયર | ૪ | – | ૪ | |
| | | મીકેનીક | ૬ | – | ૬ | |

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

| પત્રક–બ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ.નં. | વિભાગ કચેરીનું નામ | સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા ક્યાં સુધી ભરવામાં આવશે? |
| | | ડ્રાફટસમેન | ૨ | – | ૨ | |
| | | કોર્ડીંગ આસીસ્ટન્ટ | ૩ | – | ૩ | |
| | | પ્રોજેકટ ઓપરેટર | ૧૦ | ૬ | ૪ | |
| | | સ્કુ.આસીસ્ટન્ટ | ૨ | ૧ | ૧ | |
| | | પંચ ઓપરેટર | ૨ | ૧ | ૧ | |
| | | વર્ગ–૩ કુલ | ૧૧૭૬ | ૪૮૭ | ૬૮૯ | |
| | | પટાવાળા, સ્વીપર, ચોકીદાર વિ | ૨૯૩ | ૧૦૭ | ૧૮૬ | |
| | | વર્ગ–૪ કુલ | ૨૯૩ | ૧૦૭ | ૧૮૬ | |
| ૩ | બાગાયત નિયામકની કચેરી, ગાંધીનગર | બાગાયત નિયામક | ૧ | ૧ | ૦ | ખાલી જગ્યા ઉપર નિમણુંક માટે ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે. |
| | | સંયુકત બાગાયત નિયામક | ૬ | ૬ | ૦ | |
| | | નાયબ બાગાયત નિયામક | ૩૯ | ૨૧ | ૧૮ | |
| | | વહીવટી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| | | મુખ્ય હિસાબી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| | | મદદનીશ બાગાયત નિયામક/– વિષય નિષ્ણાંત | ૫૮ | ૧ | ૫૭ | |
| | | મદદ.વહીવટી અધિકારી–વ–હિસાબી અધિકારી | ૨ | ૨ | ૦ | |
| | | બાગાયત અધિકારી | ૨૬૪ | ૧૨૯ | ૧૩૫ | |
| | | કચેરી અધિક્ષક | ૪ | ૩ | ૧ | |
| | | હેડ કલાર્ક | ૨૫ | ૧૬ | ૯ | |
| | | સ્ટેનોગ્રાફર ગુજરાતી | ૨ | ૧ | ૧ | |
| | | સીનીયર કલાર્ક | ૫૧ | ૯ | ૪૨ | |
| | | જુનિયર કલાર્ક–જુનિયર કલાર્ક–ટાઈપીસ્ટ | ૧૩૫ | ૭૪ | ૬૧ | |
| | | બાગાયત નિરીક્ષક | ૬૯ | ૩૪ | ૩૫ | |
| | | બાગાયત મદદનીશ | ૫૬ | ૪૭ | ૯ | |
| | | ડ્રાઈવર | ૧૦ | ૧ | ૯ | |
| | | પટાવાળા | ૪૧ | ૨૯ | ૧૨ | |
| | | વોચમેન | ૩ | ૨ | ૧ | |
| | | માળી | ૧૧ | ૦ | ૧૧ | |
| | | માળી કમ વોચમેન | ૨ | ૧ | ૧ | |
| | | સાથી | ૧ | ૦ | ૧ | |
| | | પ્રયોગશાળા નોકર | ૧૨ | ૫ | ૭ | |
| | કુલ | | ૭૯૪ | ૩૮૪ | ૪૧૦ | |

--------

રાજ્યમાં શાકભાજીમાં રહેલા પેસ્ટીસાઈડઝ તપાસવા બાબત

અતારાંકિતઃ ૧૧૮૨૭ (૧૪–૬–૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)**:** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં શાકભાજીમાં રહેલા પેસ્ટીસાઈડ તપાસવા ૩૧ ડીસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ કોઈ જ વ્યવસ્થા થઈ નથી તે બાબત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) તેવી વ્યવસ્થા ક્યા સુધીમાં કરવામાં આવનાર છે ?

કૃષિ મંત્રીશ્રી :

(૧) ના જી. આ બાબત સાચી નથી. હાલમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તથા જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ ખાતેની લેબોરેટરીમાં પેસ્ટીસાઈડ રેસીડયુ ટેસ્ટીંગ માટેની વ્યવસ્થા છે.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

જામનગર જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શાળાઓ શરૂ કરવાની માંગણીઓ

અતારાંકિતઃ ૭૩૭૧ (૧૫-૬-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં કઈ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તા.૩૦ જૂન-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાન્ટેડ તથા નોનગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માગણી કરવામાં આવી,

(૨) તે પૈકી કઈ સંસ્થાની કઈ જગ્યાએ ગ્રાન્ટેડ અને નોનગ્રાન્ટેડ શાળાઓને મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉકત પૈકી બાકી રહેલ સંસ્થાઓની શાળાઓ માટેની માંગણી ક્યારે મંજૂર કરવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૦-૬-૨૦૧૭)

(૧) ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા : એકપણ નહીં.

નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા : *પત્રક-અ સામેલ છે.

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા : એક પણ નહીં.

નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા : *પત્રક-બ સામેલ છે.

(૨) ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મંજુર અને નામંજુર નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ : *પત્રક-ક અને *પત્રક-ડ સામેલ છે.

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મંજુર અને નામંજુર નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ :
*પત્રક-ઈ અને *પત્રક-એફ સામેલ છે.

(૩) ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં ફાજલ થયેલ શિક્ષકો/કર્મચારીઓ

અતારાંકિતઃ ૭૪૦૦ (૨૯-૬-૨૦૧૬) શ્રી પુંજાભાઈ વંશ (ઉના): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યના કમિશ્નર ઓફ સ્કૂલે ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લાઓમાં ધો.૯ થી ૧૨ માં ફાજલ થયેલા પરંતુ નોકરીમાંથી છુટા ન કર્યા હોય તેવા શિક્ષકો/કર્મચારીઓની વિગત વીડીયો કોન્ફરન્સથી માર્ચ-એપ્રિલ-૨૦૧૬ માં માંગી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તા.૩૦-૪-૨૦૧૬ની સ્થિતિએ જિલ્લામાં કેટલા ફાજલ શિક્ષકો/કર્મચારીઓ છે, અને

(૩) તા.૩૦-૬-૧૯૭૮ પછી નિમણૂંક થયેલા શિક્ષકો/કર્મચારીઓ જેમને ફાજલનું રક્ષણ મળતું નથી તેવા કેટલા શિક્ષકો/કમર્ચારીઓનું ઉકત સ્થિતિએ કાયદા વિરૂદ્ધ છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨-૮-૨૦૧૭)

(૧) હા, જી.

(૨)

| ક્રમ | જિલ્લો | ફાજલ શિક્ષક | ફાજલ કર્મચારી |
|---|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ |
| ૨ | બોટાદ | ૦૦ | ૦૦ |
| ૩ | અમરેલી | ૦૦ | ૦૦ |

(૩) ફાજલનું રક્ષણ નથી તેવા કોઇપણ શિક્ષકો / કર્મચારીઓને કાયદા વિરૂધ્ધ ચાલુ રખાયા નથી.

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં નબળી શૈક્ષણિક ગુણવત્તા

અતારાંકિતઃ ૯૮૧૨ (૨૧-૧૦-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષમાં તાલુકાવાર કેટલી અને કઈ સરકારી પ્રાથમિક શાળાઓની શૈક્ષણિક ગુણવત્તા નબળી અને અતિશય નબળી જણાઈ છે, અને

(૨) ઉકત શાળાઓ સામે શા પગલાં લેવાયા છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૪-૭-૨૦૧૭)

(૧) *પત્રક મુજબ.

(૨) નબળી શાળાઓ તેમજ અતિશય નબળી શાળાઓ અંગે લીધેલ ઉપચારાત્મક પગલાંઓઃ-

૧. ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય ૧.૦૦ કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવું.

૨. વાંચન, લેખન અને ગણનમાં પ્રાથમિક શાળામાં ૦ થી ૪ ગુણ ધરાવતા દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવો.

૩. શાળાઓમાં ભૌતિક સુવિધાઓની ઘટનો તાત્કાલિક નિકાલ થાય તેવા પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે.

૪. શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરી તેમની જરૂરિયાત અનુરૂપ પરામર્શ કરી જરૂરી સહયોગ આપવો.

૫. દરેક શાળાઓમાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ યોજાય તેના પર ખાસ ભાર મુકાયો.

૬. વાંચન, લેખન અને ગણન જેવી પ્રવૃતિઓ કરતી વખતે બાળકોને સતત પ્રોત્સાહન આપી જાહેરમાં તેમને બિરદાવીને શિક્ષણમાં સારૂં પરિણામ મળે તે માટે પ્રયત્નો કરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો હક્ક

અતારાંકિતઃ ૯૮૧૫ (૨૭-૧૦-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલાં બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે, અને

(૩) આ મૂળભૂત હક્કથી વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઇ છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૪-૦૭-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના નીચે મુજબના બાળકો મફત અને ફરજીયાત શિક્ષણથી વંચિત જણાયા છે.

| કચ્છ જિલ્લો | | | |
|---|---|---|---|
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |

| | | | |
|---|---|---|---|
| ભચાઉ | ૨૯ | ૧૫ | ૪૪ |
| અંજાર | ૧૦૧ | ૯૭ | ૧૯૮ |
| ભુજ | ૯૦ | ૯૨ | ૧૮૨ |
| અબડાસા | ૭૬ | ૧૧૮ | ૧૯૪ |
| નખત્રાણા | ૦૬ | ૧૨ | ૧૮ |
| મુંદ્રા | ૫૯ | ૩૯ | ૯૮ |
| લખપત | ૪૧ | ૬૮ | ૧૦૯ |
| ગાંધીધામ | ૨૩૨ | ૧૫૯ | ૩૯૧ |
| રાપર | ૩૫ | ૩૮ | ૭૩ |
| માંડવી | ૫૬ | ૫૧ | ૧૦૭ |
| કુલ | ૭૨૫ | ૬૮૯ | ૧૪૧૪ |
| ભાવનગર જિલ્લો | | | |
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| ભાવનગર | ૨૨૧ | ૨૨૧ | ૪૪૨ |
| ગારીયાધાર | ૧૯ | ૧૩ | ૩૨ |
| ઘોઘા | ૦૩ | ૦૦ | ૦૩ |
| જેસર | ૩૧ | ૩૨ | ૬૩ |
| મહુવા | ૧૭૮ | ૧૯૯ | ૩૭૭ |
| પાલિતાણા | ૪૬ | ૪૩ | ૮૯ |
| શિહોર | ૩૦ | ૩૪ | ૬૪ |
| તળાજા | ૨૧૧ | ૨૭૧ | ૪૮૨ |
| ઉમરાળા | ૦૭ | ૦૫ | ૧૨ |
| વલ્લભીપુર | ૦૪ | ૦૦ | ૦૪ |
| કુલ | ૭૫૦ | ૮૧૮ | ૧૫૬૮ |
| ગાંધીનગર જિલ્લો | | | |
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| દહેગામ | ૮૬ | ૪૭ | ૧૩૩ |
| ગાંધીનગર | ૨૧૪ | ૨૦૩ | ૪૧૭ |
| કલોલ | ૮૭ | ૧૧૦ | ૧૯૭ |
| માણસા | ૮૭ | ૬૫ | ૧૫૨ |
| કુલ | ૪૭૪ | ૪૨૫ | ૮૯૯ |

(૩) ૧. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઇ મુજબ રાજ્યમાં ૬ થી ૧૪ વર્ષની વયજુથના શાળા બહારના બાળકોનું (કદી શાળાએ ન ગયેલ, અધવચ્ચેથી ઉઠી ગયેલ, વિકલાંગ બાળકો) નજીકની શાળામાં વયકક્ષા મુજબના ધોરણમાં નામાંકન થયા બાદ વયકક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશિયલ ટ્રેનિંગ આપવામાં આવે છે.

૨. તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ કચ્છમાં કુલ ૯૫૦, ભાવનગરમાં ૧૬૮૫ અને ગાંધીનગરમાં કુલ ૭૫૯ શાળા બહારના બાળકોને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત આવરી લઇ તેમના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે છે.

--------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો હક્ક

અતારાંકિતઃ ૯૯૦૨ (૨૭-૧૦-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલાં બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે, અને

(૩) આ મૂળભૂત હક્કથી વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઇ છે ?

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩-૦૭-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના નીચે મુજબના બાળકો મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે.

| દેવભૂમિ દ્વારકા જિલ્લો | | | |
|---|---|---|---|
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| ભાણવડ | ૦૫ | ૩૩ | ૩૮ |
| જામખંભાળીયા | ૧૦૨ | ૫૯ | ૧૬૧ |
| જામ કલ્યાણપુર | ૦૫ | ૧૬ | ૨૧ |
| દ્વારકા | ૧૧ | ૦૯ | ૨૦ |
| કુલ | ૧૨૩ | ૧૧૭ | ૨૪૦ |
| સુરત જિલ્લો | | | |
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| બારડોલી | ૨૩ | ૨૬ | ૪૯ |
| ચોર્યાસી | ૨૬૦ | ૨૬૮ | ૫૨૮ |
| કામરેજ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મહુવા | ૦૩ | ૦૦ | ૦૩ |
| માંડવી | ૧૪૧ | ૧૨૨ | ૨૬૩ |
| માંગરોળ | ૪૫ | ૪૧ | ૮૬ |
| ઓલપાડ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પલાસણા | ૧૭૨ | ૧૨૬ | ૨૯૮ |
| ઉમરપાડા | ૩૭ | ૧૫ | ૫૨ |
| કુલ | ૬૮૧ | ૫૯૮ | ૧૨૭૯ |
| તાપી જિલ્લો | | | |
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| નિઝર | ૭૩ | ૪૯ | ૧૨૨ |
| ઉચ્છલ | ૫૬ | ૨૫ | ૮૧ |
| સોનગઢ | ૨૦ | ૧૬ | ૩૬ |
| વ્યારા | ૨૦ | ૧૨ | ૩૨ |
| વાલોડ | ૧૯ | ૨૨ | ૪૧ |
| કુલ | ૧૮૮ | ૧૨૪ | ૩૧૨ |

(૩) ૧. Right to Education Act-2009 ની જોગવાઇ મુજબ રાજ્યમાં ૬ થી ૧૪ વયજુથના શાળા બહારના બાળકોનું (કદી શાળાએ ન ગયેલ, અધવચ્ચેથી ઉઠી ગયેલ, વિકલાંગ બાળકો) નજીકની શાળામાં વયકક્ષા મુજબના ધોરણમાં ફરજીયાત નામાંકન થયા બાદ વયકક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશિયલ ટ્રેનિંગ આપવામાં આવે છે.

૨. તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકામાં કુલ ૨૩૭, સુરતમાં ૧૨૭૮ અને તાપીમાં કુલ ૨૮૧ શાળા બહારના બાળકોને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત આવરી લઇ તેમના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે છે.

--------

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો હક્ક

અતારાંકિતઃ ૯૯૯૦ (૨૭-૧૦-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલાં બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે, અને

(૩) આ મૂળભૂત હક્કથી વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઇ છે ?

## અતારાંકિત પ્રશ્નોત્તરી

શિક્ષણ મંત્રીશ્રી : (૧૪-૦૭-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના નીચે મુજબના બાળકો મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે.

| જુનાગઢ જિલ્લો | | | |
|---|---|---|---|
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| ભેંસાણ | ૦૮ | ૦૪ | ૧૨ |
| જુનાગઢ | ૨૬૯ | ૩૨૯ | ૫૯૮ |
| કેશોદ | ૫૦ | ૩૬ | ૮૬ |
| માળીયા | ૨૦ | ૧૨ | ૩૨ |
| માણાવદર | ૩૨ | ૧૬ | ૪૮ |
| માંગરોળ | ૧૫ | ૧૭ | ૩૨ |
| મેંદરડા | ૬૮૯ | ૫૪૪ | ૧૨૩૩ |
| વંથલી | ૧૯ | ૧૬ | ૩૫ |
| વિસાવદર | ૨૧૩ | ૧૯૫ | ૪૦૮ |
| કુલ | ૧૩૧૫ | ૧૧૬૯ | ૨૪૮૪ |
| પોરબંદર જિલ્લો | | | |
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| કુતિયાણા | ૭૩ | ૪૪ | ૧૧૭ |
| પોરબંદર | ૮૯ | ૫૨ | ૧૪૧ |
| રાણાવાવ | ૧૬ | ૧૯ | ૩૫ |
| કુલ | ૧૭૮ | ૧૧૫ | ૨૯૩ |

(૩) બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઇ મુજબ રાજ્યમાં ૬ થી ૧૪ વર્ષની વયજુથના શાળા બહારના બાળકોનું (કદી શાળાએ ન ગયેલ, અધવચ્ચેથી ઉઠી ગયેલ, વિકલાંગ બાળકો) નજીકની શાળામાં વયકક્ષા મુજબના ધોરણમાં ફરજીયાત નામાંકન થયા બાદ વયકક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશિયલ ટ્રેનિંગ આપવામાં આવે છે.

૨. તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ જુનાગઢમાં કુલ ૨૪૭૨ અને પોરબંદરમાં કુલ ૨૭૮ શાળા બહારના બાળકોને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત આવરી લઇ તેમના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે.

--------

### પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા

અતારાંકિતઃ ૧૦૧૦૨ (૨૧-૧૦-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં સન ૨૦૧૪-૨૦૧૫ અને ૨૦૧૫-૨૦૧૬ ના શૈક્ષણિક વર્ષમાં તાલુકાવાર કેટલી અને કઇ સરકારી પ્રાથમિક શાળાઓની શૈક્ષણિક ગુણવત્તા નબળી અને અતિશય નબળી જણાઇ છે, અને

(૨) ઉક્ત શાળાઓ સામે શાં પગલાં લેવાયાં છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૨-૦૬-૨૦૧૭)

(૧) શૈક્ષણિક ગુણવત્તા નબળી અને અતિશય નબળી હોય તેવી શાળાઓઃ

| ક્રમ | જિલ્લો અને તાલુકો | વર્ષ ૨૦૧૪-૨૦૧૫ | | વર્ષ ૨૦૧૫-૨૦૧૬ | | શાળાઓની યાદી |
|---|---|---|---|---|---|---|
| | | નબળી (સી ગ્રેડ) | અતિશય નબળી (ડી ગ્રેડ) | નબળી (સી ગ્રેડ) | અતિશય નબળી (ડી ગ્રેડ) | |
| ૧ | પંચમહાલ જિલ્લો | | | | | * |
| | ઘોઘંબા | ૫૧ | ૧૧ | ૧૭ | ૧૨ | યાદી સામેલ છે. |
| | ગોધરા | ૩૭ | ૧૪ | ૧૫ | ૦૪ | યાદી સામેલ છે. |

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

| ક્રમ | જિલ્લો અને તાલુકો | વર્ષ ૨૦૧૪-૨૦૧૫ | | વર્ષ ૨૦૧૫-૨૦૧૬ | | શાળાઓની યાદી |
|---|---|---|---|---|---|---|
| | | નબળી (સી ગ્રેડ) | અતિશય નબળી (ડી ગ્રેડ) | નબળી (સી ગ્રેડ) | અતિશય નબળી (ડી ગ્રેડ) | |
| | હાલોલ | ૪૦ | ૦૬ | ૧૬ | ૦૧ | યાદી સામેલ છે. |
| | જાંબુઘોડા | ૧૫ | ૦૨ | ૦૪ | ૦૧ | યાદી સામેલ છે. |
| | કાલોલ | ૧૭ | ૦૪ | ૦૭ | ૦૨ | યાદી સામેલ છે. |
| | મોરવા (હ) | ૩૦ | ૦૫ | ૦૮ | ૦૨ | યાદી સામેલ છે. |
| | શહેરા | ૨૧ | ૦૭ | ૦૧ | ૦૦ | યાદી સામેલ છે. |
| | કુલ | ૨૧૧ | ૪૯ | ૬૮ | ૨૨ | |
| ૨ | દાહોદ જિલ્લો | | | | | * |
| | દાહોદ | ૨૫ | ૧૮ | ૨૦ | ૦૮ | યાદી સામેલ છે. |
| | દેવગઢ બારીયા | ૧૧ | ૦૩ | ૦૮ | ૦૦ | યાદી સામેલ છે. |
| | ધાનપુર | ૨૧ | ૦૬ | ૧૮ | ૦૨ | યાદી સામેલ છે. |
| | ફતેપુરા | ૧૯ | ૦૩ | ૧૨ | ૦૩ | યાદી સામેલ છે. |
| | ગરબાડા | ૧૬ | ૦૭ | ૧૦ | ૦૩ | યાદી સામેલ છે. |
| | લીમખેડા | ૩૭ | ૧૧ | ૧૮ | ૦૫ | યાદી સામેલ છે. |
| | ઝાલોદ | ૩૩ | ૧૨ | ૦૩ | ૦૪ | યાદી સામેલ છે. |
| | સંજેલી | ૦૦ | ૦૦ | ૧૯ | ૦૬ | યાદી સામેલ છે. |
| | કુલ | ૧૬૨ | ૬૦ | ૧૦૮ | ૩૧ | |
| ૩ | મહિસાગર જિલ્લો | | | | | * |
| | કડાણા | ૨૬ | ૦૪ | ૦૪ | ૦૫ | યાદી સામેલ છે. |
| | ખાનપુર | ૨૩ | ૦૨ | ૦૮ | ૦૩ | યાદી સામેલ છે. |
| | લુણાવાડા | ૨૫ | ૧૧ | ૦૯ | ૦૧ | યાદી સામેલ છે. |
| | સંતરામપુર | ૩૪ | ૧૦ | ૧૧ | ૦૮ | યાદી સામેલ છે. |
| | બાલાસિનોર | ૧૧ | ૦૦ | ૦૩ | ૦૫ | યાદી સામેલ છે. |
| | વિરપુર | ૧૨ | ૦૩ | ૦૪ | ૦૦ | યાદી સામેલ છે. |
| | કુલ | ૧૩૧ | ૩૦ | ૩૯ | ૨૨ | |

(૨) નબળી શાળાઓ તેમજ અતિશય નબળી શાળાઓ અંગે લીધેલ ઉપચારાત્મક પગલાં:

(૧) ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય કરવામાં આવે છે અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે.

(૨) સ્મૃતિધારા કાર્યક્રમ અન્વયે જૂન માસથી શાળાઓમાં વિદ્યાર્થીઓને પુનરાવર્તન સ્વરૂપે ૧૦ દિવસ ઝુંબેશ સ્વરૂપે ગુણવત્તામાં સુધારો થાય તે માટે સઘન મોનીટરીંગ દ્વારા ગત વર્ષનું શૈક્ષણિક કાર્યનું પુનરાવર્તન કરાવી નવીન શૈક્ષણિક વિષય તરફ પૂર્વ તૈયારી કરાવવામાં આવેલ છે.

(૩) સી અને ડી ગ્રેડની શાળાઓને લેશન ડાયરી તેમજ ગૃહકાર્ય, ચકાસણી પત્રક વિશેષ મહાવરો કરવામાં આવેલછે.

(૪) જિલ્લા સ્તરના ઉચ્ચ અધિકારીઓ તેમજ તાલુકા સ્તરના અધિકારીશ્રીઓ સાથે સમયાંતરે બેઠક યોજી ગુણવત્તા સુધારવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે.

(૫) દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરે તેવું આયોજન કરેલ છે.
(૬) ધોરણ ૬ થી ૮ માં કઠીન મુદ્દાઓનું સરળીકરણ સી.આર.સી. બેઠકમાં કરવામાં આવે છે.
(૭) દરેક શાળામાં અઠવાડિયામાં એક વાર રમતગમત/યોગ/વ્યાયામનું આયોજન કરવામાં આવે છે.
(૮) શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરવામાં આવી છે.
(૯) દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે.
(૧૦) ગુણવત્તા સુધારણા અંગે વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરાવવી.
(૧૧) આ બાબતોનું સઘન મોનીટરીંગ/હેન્ડ હોલ્ડીંગ પોતાના તાબાની શાળાઓમાં સી.આર.સી./બી.આર.સી. કો-ઓર્ડીનેટરો તેમજ બીટ કેળવણી નિરીક્ષકોને જણાવવામાં આવેલ છે.

(* યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

કચ્છ અને ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ કરતા બાળકો ડ્રોપ આઉટ

અતારાંકિતઃ ૧૦૩૪૨ (૨૩-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે.

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને

(૫) ભરવામાં આવેલ જગ્યાઓ ફિક્સ પગારથી ભરવામાં આવી હોય તો કેટલી જગ્યાઓ કેટલા ફિક્સ પગારથી ભરવામાં આવી?

મહેસૂલ મંત્રીશ્રી : (૫–૭–૨૦૧૭)

(૧) સંવર્ગવાર મંજુર થયેલ કૂલ મહેકમઃ–૨૧૬૫૨
(સમરી *પત્રક તેમ જ *પત્રક ૧ થી ૧૧ ના સંબંધિત કોલમ મુજબ)

(૨) સંવર્ગવાર ભરાયેલ થયેલ કૂલ મહેકમઃ–૧૩૭૭૫
(સમરી *પત્રક તેમ જ *પત્રક ૧ થી ૧૧ ના સંબંધિત કોલમ મુજબ)

(૩) ૧. સંવર્ગવાર ખાલી પડેલ કુલ જગ્યાઓઃ–૭૮૭૭
૨. વહીવટી અનુકુળતાએ, સીધી ભરતી, બઢતી, બદલી, પ્રતિનિયુક્તિ તેમ જ આઉટસોર્સિંગથી ઉપલબ્ધ થયેથી.
(સમરી *પત્રક તેમ જ *પત્રક ૧ થી ૧૧ ના સંબંધિત કોલમ મુજબ)

(૪) છેલ્લા ત્રણ વર્ષમાં સંવર્ગવાર ભરવામાં આવેલ કુલ જગ્યાઓઃ–૫૬૩૭
(સમરી *પત્રક તેમ જ *પત્રક ૧ થી ૧૧ ના સંબંધિત કોલમ મુજબ)

(૫) ફિક્સ પગારથી ભરવામાં આવેલ કુલ જગ્યાઓઃ– ૪૩૩૪
ફિક્સ પગારઃ (*પત્રક ૧ થી ૧૧ ના સંબંધિત કોલમ મુજબ)
(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય પરિવાર લાભ યોજનાના લાભાર્થી

અતારાંકિતઃ ૯૪૪૭ (૩૦–૦૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ભારત સરકાર પુરસ્કૃત ''રાષ્ટ્રીય પરિવાર લાભ યોજનાના અંતર્ગત બી.પી.એલ. પરિવારની મુખ્ય કમાતી વ્યક્તિના આકસ્મીક મોત થતા રુપિયા દશ હજારની આર્થિક સહાય ચુકવવાની યોજના ચાલી રહી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જામનગર જિલ્લામાં તા. ૩૧માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને આવી સહાય ચુકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રહેલી લાભાર્થીઓને સહાય કયાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૨૮-૭-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) જામનગર જિલ્લામાં તા. ૩૧માર્ચ-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એક લાભાર્થીને રાષ્ટ્રીય કુંટુબ સહાય યોજના હેઠળની સહાય ચુકવવાની બાકી હતી.

(૩) સહાય ચુકવવામાં બાકી રહેલ ૧ લાભાર્થીને હાલની સ્થિતિએ સહાય ચુકવાઈ ગયેલ છે.

--------

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તાબાની કચેરીઓમાં ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૧૧૭૦૨ (૧૬-૦૧-૨૦૧૭) શ્રી શૈલેશ પરમાર (દાણીલીમડા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તેન તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધી ભરવમાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૦૬-૦૭-૨૦૧૭)

(૧), (૨) અને (૩) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ અને તે પૈકી ભરાયેલ ખાલી જગ્યાઓ દર્શાવતુ પત્રક આ સાથે બિડાણમાં સામેલ રાખેલ છે. અને સીધી ભરતી/બઢતીથી ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ નિયમોનુસાર બનતી ત્વરાએ ભરવામાં આવશે.

પત્રક

સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર, ભરાયેલ અને ખાલી જગ્યાની વિગત દર્શાવતુ પત્રક

| કચેરીનું નામ | અનું.નં. | સંવર્ગનું નામ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| | ૦૧ | અગ્ર સચિવ | ૧ | ૧ | ૦ |
| વિભાગ પ્રોપર | ૦૨ | અધિક/સંયુકત/નાયબ સચિવ | ૫ | ૪ (જેમાં ૧ જગ્યા કરારથી) | ૧ |
| | ૦૩ | ઉપ સચિવ | ૬ | ૬ | ૦ |
| | ૦૪ | સેકશન અધિકારી | ૧૭ | ૯ (જેમાં ૨ જગ્યા કરારથી) | ૮ |
| | ૦૫ | નાયબ સેકશન અધિકારી | ૫૧ | ૩૩ (જેમાં ૩ જગ્યા કરારથી) | ૧૮ |
| | ૦૬ | સ્ટેનોગ્રાફર (ગુજરાતી)ગ્રેડ-૧ | ૧ | ૧ | ૦ |
| | ૦૭ | સ્ટેનોગ્રાફર (ગુજરાતી)ગ્રેડ-૨ | ૩ | ૩ | ૦ |
| | ૦૮ | સ્ટેનોગ્રાફર (ગુજરાતી)ગ્રેડ-૩ | ૧ | ૦ | ૧ |
| | ૦૯ | સ્ટેનોગ્રાફર (ગુજરાતી)ગ્રેડ-૧ | ૧ | ૦ | ૧ |
| | ૧૦ | કારકુન | ૨ | ૨ | ૦ |
| | ૧૧ | ઓફીસ આસીસ્ટન્ટ | ૧૬ | ૪ | ૧૨ |
| | ૧૨ | ટાઈપીસ્ટ | ૧૧ | ૧૧ (જેમાં ૯ આઉટ સોર્સિંગથી) | ૦ |
| | ૧૩ | ડ્રાયવર | ૪ | ૪(૧ પ્રતિનિયુક્તિથી) | ૦ |
| | ૧૪ | વર્ગ-૪ | ૨૦ | ૨૦ (જેમાં ૧૦ આઉટસોર્સિંગથી) | ૦ |
| | | કુલ | ૧૩૯ | ૯ | ૪૧ |

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

| | અનું.નં. | સંવર્ગનું નામ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની કચેરી | ૦૧ | નિયામક | ૧ | ૧ | ૦ |
| | ૦૨ | સંયુક્ત નિયામક | ૧ | ૦ | ૧ |
| | ૦૩ | નાયબ નિયામક | ૩૮ | ૧૬ | ૨૨ |
| | ૦૪ | સમાજ કલ્યાણ અધિકારી | ૪૭ | ૨૫ | ૨૨ |
| | ૦૫ | આચાર્ય | ૨૦ | ૦૮ | ૧૨ |
| | ૦૬ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૧૭૬ | ૯૪ | ૮૨ |
| | ૦૭ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૨૪૬ | ૧૦૨ | ૧૪૪ |
| | ૦૮ | સિનીયર કલાર્ક | ૧૦૬ | ૨૨ | ૮૪ |
| | ૦૯ | જુનીયર ક્લાર્ક | ૨૨૩ | ૭૯ | ૧૪૪ |
| | ૧૦ | મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) | ૧૦૫ | ૨૦ | ૮૫ |
| | ૧૧ | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૯૩ | ૭૬ | ૧૭ |
| | ૧૨ | વર્ગ–૪ સંવર્ગ | ૪૦૩ | ૨૦૫ | ૧૯૮ |
| | | કુલ | ૧૪૫૯ | ૬૪૮ | ૮૧૧ |
| નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કચેરી | ૦૧ | નિયામક | ૧ | ૦ | ૧ |
| | ૦૨ | સંયુક્ત નિયામક | ૧ | ૧ | ૦ |
| | ૦૩ | નાયબ નિયામક | ૧૫ | ૧૦ | ૫ |
| | ૦૪ | હિસાબી અધિકારી વર્ગ–૧ | ૧ | ૧ | ૦ |
| | ૦૫ | સમાજ કલ્યાણ અધિકારી | ૩૧ | ૨૫ | ૬ |
| | ૦૬ | આચાર્ય | ૨૮ | ૨૧ | ૭ |
| | ૦૭ | સ્ટેનો ગ્રેડ–૧ | ૧ | ૧ | ૦ |
| | ૦૮ | કાયદા સલાહકાર | ૧ | ૦ | ૧ |
| | ૦૯ | મદદ. સમાજ કલ્યાણ અધિકારી | ૧૪૨ | ૭૧ | ૭૧ |
| | ૧૦ | સ્ટેનો ગ્રેડ–૨ | ૧ | ૦ | ૧ |
| | ૧૧ | સંશોધન મદદનીશ | ૧ | ૦ | ૧ |
| | ૧૨ | હેડ ક્લાર્ક (સમાજ કલ્યાણ નિરીક્ષક) | ૩૫ | ૧૯ | ૧૬ |
| | ૧૩ | સમાજ કલ્યાણ નિરીક્ષક(તાલુકા કક્ષા) | ૧૪૧ | ૫૮ | ૮૩ |
| | ૧૪ | સીનીયર ઓડીટર | ૧ | ૧ | ૦ |
| | ૧૫ | ડેપ્યુટી ઓડિટર | ૧ | ૧ | ૦ |
| | ૧૬ | સબ ઓડીટર | ૧ | ૧ | ૦ |
| | ૧૭ | આંકડા મદદનીશ | ૩ | ૨ | ૧ |
| | ૧૮ | સિનીયર કલાર્ક | ૭૪ | ૧૪ | ૬૦ |
| | ૧૯ | જુનીયર ક્લાર્ક | ૮૪ | ૩૪ | ૫૦ |
| | ૨૦ | મદદનીશ શિક્ષક | ૨૮૬ | ૯૭ | ૧૮૯ |
| | ૨૧ | ડ્રાઈવર | ૨૮ | ૬ | ૨૨ |
| | ૨૨ | સીવણ સંચાલિકા | ૨૦ | ૫ | ૧૫ |
| | ૨૩ | વર્ગ–૪ સંવર્ગ | ૩૪૨ | ૩૪૨ | ૦ |
| | | કુલ | ૧૨૩૯ | ૭૧૦ | ૫૨૯ |
| | | નોંધઃ વર્ગ–૪ સંવર્ગની કુલ ૩૪૨ જગ્યા પર ૩૮ રેગ્યુલર કર્મચારી ફરજ બજાવે છે, અને બાકીની જગ્યા પર આઉટસોર્સિંગથી કામગીરી લેવામાં આવે છે. | | | |

| | અનું.નં. | સંવર્ગનું નામ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| નિયામક સમાજ સુરક્ષા ખાતાની કચેરી | ૦૧ | નિયામક | ૧ | ૧ | ૦ |
| | ૦૨ | નાયબ નિયામક | ૫ | ૧ | ૪ |
| | ૦૩ | હિસાબી અધિકારી | ૧ | ૧ | ૦ |
| | ૦૪ | બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી | ૪૦ | ૧૧ | ૨૯ |
| | ૦૫ | હિસાબી અધિકારી (વર્ગ–૨) | ૧ | ૧ | ૦ |
| | ૦૬ | ચીફ ઓફીસર | ૪૫ | ૧ | ૪૪ |
| | ૦૭ | કચેરી અધિક્ષક અને સમકક્ષ | ૬ | ૬ | ૦ |
| | ૦૮ | પ્રોબેશન ઓફીસર | ૯૮ | ૬૧ | ૩૭ |
| | ૦૯ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ | ૩ | ૦ | ૩ |
| | ૧૦ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર | ૧ | ૦ | ૧ |
| | ૧૧ | ગુજરાતી સ્ટેનોગ્રાફર | ૧ | ૦ | ૧ |
| | ૧૨ | ફીઝીયોથેરાપીસ્ટ | ૧ | ૦ | ૧ |
| | ૧૩ | મદદનીશ શિક્ષક | ૩૫ | ૭ | ૨૮ |
| | ૧૪ | ઉદ્યોગ શિક્ષક/ક્રાફ્ટ–કમ–લીટરસી ટીચર | ૧૬ | ૬ | ૧૦ |
| | ૧૫ | જુનિયર ક્રાફ્ટ ટીચર | ૪૦ | ૧૫ | ૨૫ |
| | ૧૬ | સિનિ.ટ્રેઈન્ડ ટીચર /મોન્ટેસરી ટીચર/ભાષા શિક્ષક/જુનિ. ટ્રેઈન્ડ ટીચર | ૩૮ | ૧૧ | ૨૭ |
| | ૧૭ | આચાર્ય | ૬ | ૫ | ૧ |
| | ૧૮ | હેડ ક્લાર્ક અને સમકક્ષ | ૫ | ૧ | ૪ |
| | ૧૯ | મદદનીશ નિરીક્ષક | ૫ | ૦ | ૫ |
| | ૨૦ | સિનિયર ક્લાર્ક અને સમકક્ષ | ૫૯ | ૩૧ | ૨૮ |
| | ૨૧ | કંપાઉન્ડર | ૩ | ૧ | ૨ |
| | ૨૨ | નર્સ | ૧૪ | ૦ | ૧૪ |
| | ૨૩ | કંપોઝીટર | ૧ | ૧ | ૦ |
| | ૨૪ | મેટ્રન/મેટ્રન–કમ–હાઉસ મધર | ૨ | ૧ | ૧ |
| | ૨૫ | મશીનમેન | ૧ | ૧ | ૦ |
| | ૨૬ | સ્ટોર કીપર | ૧ | ૧ | ૦ |
| | ૨૭ | જુનિયર ક્લાર્ક | ૮૩ | ૫૦ | ૩૩ |
| | ૨૮ | જમાદાર | ૪ | ૦ | ૪ |
| | ૨૯ | સિનિયર હવાલદાર | ૩ | ૦ | ૩ |
| | ૩૦ | વુમન સુપરવાઈઝર અને સમકક્ષ | ૧૦ | ૩ | ૭ |
| | ૩૧ | ગાર્ડ | ૬૧ | ૫૫ | ૬ |
| | ૩૨ | બાઈન્ડર | ૧ | ૧ | ૦ |
| | ૩૩ | ડ્રાઈવર | ૮ | ૮ | ૦ |
| | ૩૪ | નાયક | ૧ | ૦ | ૧ |
| | ૩૫ | રસોયા | ૪૨ | ૪૨ | ૦ |
| | ૩૬ | પટાવાળા | ૧૬૬ | ૧૬૬ | ૦ |
| | ૩૭ | સ્વીપર | ૩૬ | ૩૬ | ૦ |
| | | કુલ | ૮૪૪ | ૫૨૫ | ૩૧૯ |

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

| | અનું.નં. | સંવર્ગનું નામ | મંજુર જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરની કચેરી | ૦૧ | વર્ગ-૧ | ૨ | ૨ | ૦ |
| | ૦૨ | વર્ગ-૨ | ૨ | ૧ | ૧ |
| | ૦૩ | વર્ગ-૩ | ૫ | ૪ | ૧ |
| | ૦૪ | વર્ગ-૪ | ૧ | ૧ | ૦ |
| | | કુલ | ૧૦ | ૮ | ૨ |

--------

અમદાવાદ જીલ્લાના કઠવાડા ખાતે ઈન્દીરા આવાસ યોજનના જર્જરીત મકાનો

અતારાંકિતઃ ૯૮૧૬ (૨૪-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ જિલ્લાના કઠવાડા ખાતે આવેલી ઈન્દીરા આવાસ યોજનાના આશરે ૧૫૦૦ મકાનો તા.૩૧ જુલાઈ-૨૦૧૬ની સ્થિતિએ અત્યંત જર્જરીત હાલતમાં છે, ઈંટો-સળીયા બહાર આવી ગયા છે અનેક મકાનોના ધાબાં તૂટી પડ્યાં છે અને લાભાર્થીઓ મોતના ભય હેઠળ જીવી રહ્યાં છે તે હકીકત સાચી છે? અને

(૨) જો હા, તો આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ સરકારી ક્યારે શી કાર્યવાહી કરી?

માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) : (૨૨-૦૬-૨૦૧૭)

(૧) સ્લમ ક્લીયરન્સ સેલ, ગુ.હા. બોર્ડ દ્વારા કઠવાડા ખાતે ઈન્દીરા આવાસ યોજના નામની કોઈ યોજના બનાવવામાં આવેલ નથી. પરંતુ કઠવાડા ખાતે બોર્ડની ઈન્દીરા વસાહત યોજનામાં બનાવવામાં આવેલ ૧૩૮૧ મકાનો ૩૦ વર્ષથી વધુ જુના થઈ ગયેલ છે, તેમજ રહેણાંક ધારકશ્રી દ્વારા યોગ્ય મરામત અને જાળવણી કરવામાં આવેલ ન હોઈ સદર વસાહતમાં અમુક મકાનો ભયજનક અને રહેણાંક લાયક નથી તેવું પ્રથમ દ્રષ્ટિએ અમુક મકાનોમાં જણાયેલ છે.

(૨) સદર બાબતની ગંભીરતાને ધ્યાને લઈ ભયજનક લાગતા મકાનોમાંથી સ્થળાંતર કરી અન્ય જગ્યાએ વસવાટ કરવા સ્લમ ક્લીયરન્સ સેલ, ગુ.હા. બોર્ડ દ્વારા પત્ર નં. સ્લમ-સેલ-૬૩૪-૧૭, તા.૧૫-૩-૧૭થી વસાહતીઓને નોટીસ પાઠવેલ છે. તેમજ સદર મકાનોને તકેદારીના પગલાં રૂપે ભયજનક જાહેર કરવા જીલ્લા કલેક્ટરશ્રીને સ્લમ ક્લીયરન્સ સેલ, ગુ.હા. બોર્ડ ના પત્ર નં.સ્લમ-સેલ-કઠવાડા-૩૦૫-૨, તા.૫-૧૦-૨૦૧૬થી વિનંતી કરેલ છે. તાજેતરમાં વિભાગના તા.૩-૬-૨૦૧૭ના પત્રથી આ બાબતે તાકીદના ધોરણે જરૂરી પગલાં લેવા કલેક્ટરશ્રી, અમદાવાદને વિનંતી કરેલ છે.

--------

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ ઉર્જા ક્ષેત્રે કરેલ એમ.ઓ.યુ

અતારાંકિતઃ ૧૧૭૨૧ (૦૯-૦૨-૨૦૧૭) ડૉ.મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૧૧માં ઉર્જા ક્ષેત્રે રોકાણ માટે કેટલી અને કઈ કંપનીઓએ કેટલી રકમના એમ.ઓ.યુ કરેલ,

(૨) તે પૈકી કેટલી અને કઈ કંપનીઓએ કેટલી રકમનું વાસ્તવિક મૂડી રોકાણ તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા મેગા વોટ વીજ ઉત્પાદન કરવામાં આવે છે ?

ઉર્જા મંત્રીશ્રી : (૧૭-૭-૨૦૧૭)

બિન પંરપરાગત ક્ષેત્રે

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૧૧માં બિનપરપંરાગત ઉર્જા ક્ષેત્રે રોકાણ માટે કુલ ૬૬ કંપનીઓએ રૂ.૭૩,૩૩૭ કરોડ માટે એમ.ઓ.યુ. કરેલ , જેની યાદી *પત્રક ૧ મુજબ આ સાથે સામેલ છે.

પંરપરાગત ક્ષેત્રે

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પરંપરાગત પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે સને ૨૦૧૧માં (પંચાવન) એમ.ઓ.યુ સાથેના *પત્રક ૧-એ, કુલ રૂપિયા ૩,૭૩,૩૧૦.૦૩ કરોડના મૂડી રોકાણ માટે થયેલ છે.

બિન પંરપરાગત ક્ષેત્રેનો

(૨) તે પૈકી ૧૦ કંપનીઓએ રૂ.૫૩૮૫ કરોડનું વાસ્તવિક મુડી રોકાણ તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કરેલ છે. જેની યાદી *પત્રક ૨ મુજબ આ સાથે સામેલ છે.

પંરપરાગત ક્ષેત્રે

મૂડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કુલ રૂપિયા ૩,૭૩,૩૧૦.૦૩ કરોડના મૂડી રોકાણ પૈકી રૂપિયા ૩,૪૪,૨૪૧,૦૩ કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેક્ટો અમલીકરણના વિવિધ તબક્કે છે અને રૂપિયા ૨૯,૦૬૯/– કરોડના કામ પૂર્ણ થયેલ છે.

બિન પંરપરાગત ક્ષેત્રે

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ૭૫૪ મેગા વોટ વીજ ઉત્પન્ન કરવામાં આવે છે.

પંરપરાગત ક્ષેત્રે

ઉક્ત સ્થિતિએ તે અન્વયે પંરપરાગત ઉર્જા ક્ષેત્રે ૪૯૦૭૮ મી.યુ. ઉત્પન્ન કરવામાં આવેલ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ ઉર્જા ક્ષેત્રે કરેલ એમ.ઓ.યુ

અતારાંકિતઃ ૧૧૭૨૨ (૦૯–૦૨–૨૦૧૭) શ્રી ઘર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ–૨૦૦૯માં ઉર્જા ક્ષેત્રે રોકાણ માટે કેટલી અને કઈ કંપનીઓએ કેટલી રકમના એમ.ઓ.યુ કરેલ,

(૨) તે પૈકી કેટલી અને કઈ કંપનીઓએ કેટલી રકમનું વાસ્તવિક મૂડી રોકાણ તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા મેગા વોટ વીજ ઉત્પાદન કરવામાં આવે છે ?

ઉર્જા મંત્રીશ્રી : (૧૭–૦૭–૨૦૧૭)

બિન પંરપરાગત ક્ષેત્રે

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ ૨૦૦૯ માં બિનપરપંરાગત ઊર્જા ક્ષેત્રે રોકાણ માટે કુલ ૭૧ કંપનીઓએ રૂ.૧,૦૯,૧૪૯ કરોડના રોકાણ માટે એમ.ઓ.યુ. કરેલ, જેની યાદી આ સાથે *સામેલ છે.

પરંપરાગત ક્ષેત્રે

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પરંપરાગત પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે સને ૨૦૦૯માં ૩૧ (એકત્રીસ) એમ.ઓ.યુ સામેલ *પત્રક મુજબ કુલ રૂપિયા ૨૧૧૮૯૫ કરોડના મૂડી રોકાણ માટે થયેલ છે.

બિન પંરપરાગત ક્ષેત્રેનો

(૨) તે પૈકી ૨૫ કંપનીઓએ રૂ.૬,૫૫૩ કરોડનું વાસ્તવિક મુડી રોકાણ તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કરેલ છે. જેની યાદી *પત્રક ૨ મુજબ આ સાથે સામેલ છે.

પરંપરાગત ક્ષેત્રે

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કુલ રૂપિયા ૨,૧૧,૮૯૫ કરોડના મૂડી રોકાણ પૈકી રૂપિયા ૨,૦૯,૬૧૫/– કરોડના મૂડી રોકાણવાળા પ્રોજેક્ટો અમલીકરણના વિવિધ તબક્કે છે અને રૂપિયા ૨,૨૮૦/– કરોડના કામ પૂર્ણ થયેલ છે.

બિન પરંપરાગત ક્ષેત્રે

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ૬૧૯.૩ મેગા વોટ વીજ ઉત્પન્ન કરવામાં આવે છે.

પરંપરાગત ક્ષેત્ર

વર્ષ ૨૦૦૯માં પંરપરાગત ઉર્જા ક્ષેત્રે થયેલ એમઓયુ પૈકીના પાવર પ્રોજેક્ટો કાર્યાન્તિવ થયેલ નથી.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

‘રાજ્યમાં કુપોષિત બાળકો’

અતારાંકિતઃ ૧૧૮૫૨ (૦૫–૦૭–૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧ ડિસેમ્બર–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા બાળકો કૂપોષણથી પીડાય છે અને કેટલા બાળકોનું ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે.

(૨) બાળકોને કૂપોષણથી મુક્તિ મળે તે માટે ઉક્ત સ્થિતિએ કેવા પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

(૩) તેની જવાબદારી કોને સોંપાઇ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને કૂપોષણથી પીડાતા બાળકોની સંખ્યામાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો છે ?

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી : (૩૧-૦૭-૨૦૧૭)

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ઓછા વજનવાળા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૨૬૪૮ | ૨૪૫૭ | ૧૫૧૦૫ |
| ૨ | અમરેલી | ૨૧૪૬ | ૫૦૬ | ૨૬૫૨ |
| ૩ | બનાસકાંઠા | ૬૭૨૭ | ૯૮૬ | ૭૭૧૩ |
| ૪ | વડોદરા | ૯૩૨૧ | ૧૨૬૧ | ૧૦૬૩૨ |
| ૫ | ભરૂચ | ૨૮૨૫ | ૪૦૪ | ૩૨૨૯ |
| ૬ | નર્મદા | ૩૩૮૮ | ૩૦૬ | ૩૬૯૪ |
| ૭ | ભાવનગર | ૭૯૪૦ | ૧૭૮૫ | ૯૭૨૫ |
| ૮ | ડાંગ | ૪૦૨૭ | ૪૪૧ | ૪૪૬૮ |
| ૯ | જામનગર | ૪૨૯૧ | ૮૩૧ | ૫૧૨૨ |
| ૧૦ | જૂનાગઢ | ૨૦૨૭ | ૪૮૧ | ૨૫૦૮ |
| ૧૧ | પોરબંદર | ૫૨૯ | ૧૯૬ | ૭૨૫ |
| ૧૨ | કચ્છ | ૪૯૮ | ૧૯૪ | ૬૯૨ |
| ૧૩ | મહેસાણા | ૧૨૨૫ | ૧૬૧ | ૧૩૮૬ |
| ૧૪ | પાટણ | ૬૦૩૬ | ૬૦૫ | ૬૬૪૧ |
| ૧૫ | પંચમહાલ | ૬૭૦૩ | ૮૪૩ | ૭૫૪૬ |
| ૧૬ | દાહોદ | ૮૮૭૩ | ૧૧૦૨ | ૯૯૭૫ |
| ૧૭ | રાજકોટ | ૨૫૩૨ | ૫૧૪ | ૩૦૪૬ |
| ૧૮ | સાબરકાંઠા | ૫૮૩૧ | ૯૨૬ | ૬૭૫૭ |
| ૧૯ | સુરત | ૧૫૮૦૩ | ૨૨૭૨ | ૧૮૦૭૫ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૫૧૨૬ | ૧૧૦૫ | ૬૨૩૧ |
| ૨૧ | ગાંધીનગર | ૩૫૬૨ | ૫૯૦ | ૪૧૫૨ |
| ૨૨ | ખેડા | ૬૯૨૧ | ૯૮૦ | ૭૯૦૧ |
| ૨૩ | આણંદ | ૧૬૬૩ | ૩૨૨ | ૧૯૮૫ |
| ૨૪ | વલસાડ | ૨૭૬૦ | ૪૬૧ | ૩૨૨૧ |
| ૨૫ | નવસારી | ૯૧૮ | ૧૯૧ | ૧૧૦૯ |
| ૨૬ | તાપી | ૪૧૫૮ | ૬૮૪ | ૪૮૪૨ |
| ૨૭ | બોટાદ | ૬૦૩ | ૧૧૮ | ૭૨૧ |
| ૨૮ | મોરબી | ૧૬૩૮ | ૩૨૧ | ૧૯૫૯ |
| ૨૯ | મહિસાગર | ૪૪૫૧ | ૫૬૪ | ૫૦૧૫ |
| ૩૦ | ગીરસોમનાથ | ૧૪૨૫ | ૨૯૬ | ૧૭૨૧ |
| ૩૧ | દેવભુમીદ્વારકા | ૧૯૬૦ | ૪૦૯ | ૨૩૬૯ |
| ૩૨ | છોટાઉદેપુર | ૬૫૭૭ | ૬૨૬ | ૭૨૦૩ |
| ૩૩ | અરવલ્લી | ૪૧૨૬ | ૪૩૧ | ૪૫૫૭ |
| કુલ ટોટલ | | ૧૪૯૩૦૮ | ૨૩૩૬૯ | ૧૭૨૬૭૭ |

(૨) બાળકોને કૂપોષણ સ્તરમાં સુધારો થાય તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિર્દેશક ભોજન તરીકે બાલભોગમાંથી રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.

- દૂધ સંજીવની યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના તમામ તાલુકા અને વિકાસશીલ તાલુકાઓની આંગણવાડી કેન્દ્રમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં ૫ દિવસ પ્રતિ પાઉચ ૧૦૦ મી.લી. ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજા ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત THR તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. (ન્યુટ્રીશન કાઉન્સીલીંગ વોલીન્ટીઅર) NCV યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલદિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- ત્રીજું ભોજન : ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજું ભોજન તરીકે ઘરે લઇ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ બનાવીને આપવામાં આવે છે. બાળક દીઠ રૂ.૩/- પ્રતિ દિવસની જોગવાઇ કરેલ છે.
- ઘનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર આંગણવાડી કેન્દ્રમાં ઘનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં ૬ માસથી ૫ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ૩૦ દિવસ માટે સારવાર દરમ્યાન દિવસમાં ૫ વાર પોષણયુક્ત ખોરાક તેમજ જરૂરિયાત મુજબ દવા આપવામાં આવે છે.

(૩) તેની જવાબદારી મહિલા અને બાળ વિકાસ વિભાગ અને આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને સોંપવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર ઓછા વજનવાળા બાળકોની સંખ્યામાં વધારો-ઘટાડો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | ૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | ૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | છેલ્લા બે વર્ષમાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યામાં થયેલ જિલ્લાવાર વધારો-ઘટાડો |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૭૭૯૫ | ૧૫૧૦૫ | ૨૬૯૦ |
| ૨ | અમરેલી | ૪૪૨૦ | ૨૬૫૨ | ૧૭૬૮ |
| ૩ | બનાસકાંઠા | ૧૧૮૩૯ | ૭૭૧૩ | ૪૧૨૬ |
| ૪ | વડોદરા | ૨૩૯૯૮ | ૧૦૬૩૨ | ૧૩૩૬૬ |
| ૫ | ભરૂચ | ૪૭૦૧ | ૩૨૨૯ | ૧૪૭૨ |
| ૬ | નર્મદા | ૫૫૨૦ | ૩૬૯૪ | ૧૮૨૬ |
| ૭ | ભાવનગર | ૧૪૫૦૫ | ૯૪૨૫ | ૪૭૮૦ |
| ૮ | ડાંગ | ૫૧૩૫ | ૪૪૬૮ | ૬૬૭ |
| ૯ | જામનગર | ૯૭૧૯ | ૫૧૨૨ | ૪૫૯૭ |
| ૧૦ | જૂનાગઢ | ૫૨૮૯ | ૨૫૦૮ | ૨૭૮૧ |
| ૧૧ | પોરબંદર | ૧૦૦૮ | ૭૨૫ | ૨૮૩ |
| ૧૨ | કચ્છ | ૬૩૯ | ૬૯૨ | ૫૩ |
| ૧૩ | મહેસાણા | ૨૩૭૯ | ૧૩૮૬ | ૯૯૩ |
| ૧૪ | પાટણ | ૧૦૭૩૫ | ૬૬૪૧ | ૪૦૯૪ |
| ૧૫ | પંચમહાલ | ૨૨૨૫૩ | ૭૫૪૬ | ૧૪૭૦૭ |
| ૧૬ | દાહોદ | ૧૮૧૫૨ | ૯૯૭૫ | ૮૧૭૭ |
| ૧૭ | રાજકોટ | ૬૮૫૫ | ૩૦૪૬ | ૩૮૦૯ |
| ૧૮ | સાબરકાંઠા | ૧૪૮૦૫ | ૬૭૫૭ | ૮૦૪૮ |
| ૧૯ | સુરત | ૨૩૪૭૪ | ૧૮૦૭૫ | ૫૩૯૯ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૧૧૨૧૯ | ૬૨૩૧ | ૪૯૮૮ |
| ૨૧ | ગાંધીનગર | ૬૦૯૫ | ૪૧૫૨ | ૧૯૪૩ |

| ક્રમ | જિલ્લો | ૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | ૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | છેલ્લા બે વર્ષમાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યામાં થયેલ જિલ્લાવાર વધારો-ઘટાડો |
|---|---|---|---|---|
| ૨૨ | ખેડા | ૧૨૬૨૪ | ૭૯૦૧ | ૪૭૨૩ |
| ૨૩ | આણંદ | ૪૦૯૨ | ૧૯૮૫ | ૨૧૦૭ |
| ૨૪ | વલસાડ | ૬૨૯૩ | ૩૨૨૧ | ૩૦૭૨ |
| ૨૫ | નવસારી | ૨૫૮૩ | ૧૧૦૯ | ૧૪૭૪ |
| ૨૬ | તાપી | ૫૯૯૧ | ૪૮૪૨ | ૧૧૪૯ |
| ૨૭ | બોટાદ | - | ૭૨૧ | - |
| ૨૮ | મોરબી | - | ૧૯૫૯ | - |
| ૨૯ | મહિસાગર | - | ૫૦૧૫ | - |
| ૩૦ | ગીરસોમનાથ | - | ૧૭૨૧ | - |
| ૩૧ | દેવભુમીદ્વારકા | - | ૨૩૬૯ | - |
| ૩૨ | છોટાઉદેપુર | - | ૭૨૦૩ | - |
| ૩૩ | અરવલ્લી | - | ૪૫૫૭ | - |
| કુલ ટોટલ | | ૨૫૨૧૧૮ | ૧૭૨૬૭૭ | ૭૯૪૪૧ |

--------

આદિજાતિ વિકાસ વિભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં મંજુર મહેકમ

અતારાંકિતઃ ૧૧૧૨૭ (૦૭-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના આદિજાતિ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે? અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી : (૨૯-૦૭-૨૦૧૭)

(૧)

| સંવર્ગ | વિભાગનું મંજુર થયેલ મહેકમ | તાબાની કચેરીઓનું મંજુર થયેલ મહેકમ |
|---|---|---|
| વર્ગ-૧ | ૫ | ૫૧ |
| વર્ગ-૨ | ૧૧ | ૨૦૦ |
| વર્ગ-૩ | ૫૧ | ૧૨૫૦ |
| વર્ગ-૪ | ૦૬ | ૮૦૩ |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ મહેકમની વિભાગની માહિતી અને તાબાની કચેરીઓમાં તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ સંવર્ગવાર વર્ગ-૧ની ૩૦, વર્ગ-૨ની ૬૬, વર્ગ-૩ની ૬૬૨,વર્ગ-૪ની ૩૧૪ જગ્યાઓ ભરાયેલ છે.

(૩) વિભાગની અને તાબાની કચેરીઓમાં તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ સંવર્ગવાર વર્ગ-૧ની ૨૭, વર્ગ-૨ની ૧૪૫, વર્ગ-૩ની ૬૩૮, વર્ગ-૪ની ૪૯૫ એમ કુલ ૧૩૦૫ જગ્યાઓ ખાલી છે. ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી વર્ગ-૧ થી ૩ માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મંજુર થયેલ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર અનુસાર જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરાયેલ છે. તથા વર્ગ-૪ની ખાલી જગ્યાઓ સામે સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અનુસાર આઉટસોર્સીંગથી કામગીરી લેવામાં આવે છે.

--------

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને તાબાની કચેરીઓનું મહેકમ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિતઃ ૭૮૮૮ (૦૧-૦૭-૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય મુખ્ય મંત્રીશ્રી(વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૬ની સ્થિતિએ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને તાબાની કચેરીઓમાં વર્ગ-૧ થી ૪નું મંજુર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાના અને સમયસર ન ભરવાના શા કારણો છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

મુખ્ય મંત્રીશ્રી(વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) : (૩૧-૦૭-૨૦૧૭)

(૧) તા.૩૧-૦૩-૨૦૧૬ ની સ્થિતિએ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને તાબાની કચેરીઓમાં વર્ગ-૧ થી ૪નું મંજુર મહેકમની વિગતો નીચે મુજબ છે:-

| ક્રમ | વર્ગ | મંજૂર મહેકમની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | તાબાની કચેરીઓ | |
| ૧ | વર્ગ-૧ | ૦૬ | ૬૫ | ૭૧ |
| ૨ | વર્ગ-૨ | ૦૬ | ૨૩ | ૨૯ |
| ૩ | વર્ગ-૩ | ૧૭ | ૧૯ | ૩૬ |
| ૪ | વર્ગ-૪ | ૦૮ | ૦૯ | ૧૭ |
| | કુલ:- | ૩૭ | ૧૧૬ | ૧૫૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં મંજૂર મહેકમ સામે ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે:-

| ક્રમ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | | | | | તાબાની કચેરીઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | છેલ્લા પાંચ વર્ષની સ્થિતિએ | વર્ગ | મંજૂર | ખાલી | કેટલા સમયથી ખાલી છે? | મંજૂર | ખાલી | કેટલા સમયથી ખાલી છે? |
| ૧ | તા.૩૧-૩-૨૦૧૨ | વર્ગ-૧ | ૧૩ | ૯ | જુદા જુદા સમયે જગ્યાઓ ખાલી થયેલ છે. | ૧૬ | ૦૧ | જુદા જુદા સમયે જગ્યાઓ ખાલી થયેલ છે. |
| | | વર્ગ-૨ | ૬ | ૧ | | ૧૨ | ૦૩ | |
| | | વર્ગ-૩ | ૧૭ | ૧૦ | | ૧૩ | ૦૦ | |
| | | વર્ગ-૪ | ૮ | ૪ | | ૦૯ | ૦૦ | |
| | | કુલ:- | ૪૪ | ૨૪ | | ૫૦ | ૦૪ | |
| | | | | | | | | |
| ૨ | તા.૩૧-૩-૨૦૧૩ | વર્ગ-૧ | ૧૩ | ૯ | જુદા જુદા સમયે જગ્યાઓ ખાલી થયેલ છે. | ૧૬ | ૦૨ | જુદા જુદા સમયે જગ્યાઓ ખાલી થયેલ છે. |
| | | વર્ગ-૨ | ૬ | ૧ | | ૧૨ | ૦૩ | |
| | | વર્ગ-૩ | ૧૭ | ૧૦ | | ૧૩ | ૦૦ | |
| | | વર્ગ-૪ | ૮ | ૪ | | ૦૯ | ૦૦ | |
| | | કુલ:- | ૪૪ | ૨૪ | | ૫૦ | ૦૫ | |
| ૩ | તા.૩૧-૩-૨૦૧૪ | વર્ગ-૧ | ૧૩ | ૯ | જુદા જુદા સમયે જગ્યાઓ ખાલી થયેલ છે. | ૩૦ | ૧૬ | જુદા જુદા સમયે જગ્યાઓ ખાલી થયેલ છે. |
| | | વર્ગ-૨ | ૬ | ૧ | | ૧૪ | ૦૫ | |
| | | વર્ગ-૩ | ૧૫ | ૦ | | ૧૩ | ૦૦ | |
| | | વર્ગ-૪ | ૮ | ૦ | | ૦૯ | ૦૦ | |
| | | કુલ:- | ૪૨ | ૧૦ | | ૬૬ | ૨૧ | |
| | | | | | | | | |
| ૪ | તા.૩૧-૩-૨૦૧૫ | વર્ગ-૧ | ૬ | ૨ | જુદા જુદા સમયે જગ્યાઓ ખાલી થયેલ છે. | ૬૮ | ૫૩ | જુદા જુદા સમયે જગ્યાઓ ખાલી થયેલ છે. |
| | | વર્ગ-૨ | ૬ | ૫ | | ૨૦ | ૦૮ | |
| | | વર્ગ-૩ | ૨૪ | ૧૧ | | ૧૯ | ૦૦ | |
| | | વર્ગ-૪ | ૮ | ૦૦ | | ૦૯ | ૦૦ | |
| | | કુલ:- | ૪૪ | ૧૮ | | ૧૧૬ | ૬૧ | |

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

| ક્રમ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | | | | | તાબાની કચેરીઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | છેલ્લા પાંચ વર્ષની સ્થિતિએ | વર્ગ | મંજૂર | ખાલી | કેટલા સમયથી ખાલી છે? | મંજૂર | ખાલી | કેટલા સમયથી ખાલી છે? |
| | | | | | | | | |
| ૫ | તા.૩૧-૩-૨૦૧૬ | વર્ગ-૧ | ૬ | ૨ | જુદા જુદા સમયે જગ્યાઓ ખાલી થયેલ છે. | ૬૫ | ૫૩ | જુદા જુદા સમયે જગ્યાઓ ખાલી થયેલ છે. |
| | | વર્ગ-૨ | ૬ | ૨ | | ૨૩ | ૦૮ | |
| | | વર્ગ-૩ | ૧૭ | ૨ | | ૧૯ | ૦૦ | |
| | | વર્ગ-૪ | ૮ | -- | | ૦૯ | ૦૦ | |
| | | કુલ:- | ૩૭ | ૦૬ | | ૧૧૬ | ૬૧ | |
| | | | | | | | | |

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાના અને સમયસર ન ભરવાના કારણો નીચે મુજબ છે, અને

વિવિધ સંવર્ગોના ભરતી કેલેન્ડર તૈયાર કરવામાં આવેલ છે. જે અન્વયે તબક્કાવાર ભરતી હાથ ધરવામાં આવેલ હોઈ, જેમ જેમ ભરતી થાય તેમ તેમ જગ્યાઓ ભરવામાં આવે છે, જ્યારે તાબાની કચેરીઓના ભરતી નિયમોની કાર્યવાહી આખરી તબક્કામાં હોઈ, પૂર્ણ થયેથી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા ભરતી કેલેન્ડર બનાવી નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

વર્ગ-૧ થી વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ ભરવાના રાજ્ય સરકારના પ્રયાસો સતત ચાલુ છે અને કચેરીની જરૂરીયાત અને વહીવટી અનુકૂળતા મુજબ બદલી/બઢતીથી ભરવામાં આવે છે, જ્યારે ડ્રાઈવર/પટાવાળાની જગ્યાઓ આઉટસોર્સથી જરૂરિયાત પ્રમાણે ભરવામાં આવતી હોય છે.

--------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૧૧૦૨, ૧૧૮૨૭ | ૦૨ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૭૩૭૧, ૭૪૦૦, ૯૮૧૨, ૯૮૧૫, ૯૯૦૨, ૯૯૯૦, ૧૦૧૦૨, ૧૦૩૪૨, ૧૦૩૭૮, ૧૦૯૨૬, ૧૧૭૪૦ | ૧૧ |
| ૩ | નાણા વિભાગ | ૧૧૦૮૮ | ૦૧ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૭૯૭, ૧૧૧૦૦, ૧૧૭૭૬, ૧૧૮૩૭, ૧૧૮૪૦, ૧૧૮૪૩, ૧૧૮૪૪ | ૦૭ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૦૪૩૫ | ૦૧ |
| ૬ | ગૃહ વિભાગ | ૯૬૯૧, ૯૮૪૮, ૧૧૦૫૬ | ૦૩ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૮૭૨૮, ૧૧૧૧૦ | ૦૨ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૮૪૧, ૧૦૯૨૫, ૧૧૩૮૯, ૧૧૮૩૩ | ૦૪ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૯૫૦૬, ૧૧૧૧૫ | ૦૨ |
| ૧૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૯૪૪૭, ૧૧૭૦૨ | ૦૨ |
| ૧૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૯૮૧૬ | ૦૧ |
| ૧૨ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૧૭૨૧, ૧૧૭૨૨ | ૦૨ |
| ૧૩ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૧૧૮૫૨ | ૦૧ |
| ૧૪ | આદિજાતિ વિકાસ વિભાગ | ૧૧૧૨૭ | ૦૧ |
| ૧૫ | વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ | ૭૮૮૮ | ૦૧ |
| | | કુલ | ૪૧ |

--------

અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

શ્રી વિજયકુમાર ર.રૂપાણી :(મુખ્યમંત્રીશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, તેરમી વિધાનસભાનું અગિયારમું સત્ર પૂરું કરીએ છીએ. તેરમી વિધાનસભાનું આ છેલ્લું અને અંતિમ સત્ર ગણાશે. આપના માધ્યમથી બધા લોકોને ખૂબ શુભેચ્છા પાઠવું છું. કારણ કે આપણે સૌએ જે પરિશ્રમ કર્યો છે, જોગાનુજોગ વિરોધપક્ષ ડીવાઇડ પણ છે અને ગેરહાજર પણ છે. હું અહીં બેઠેલા તમામ લોકોને શુભેચ્છા પાઠવું છું. આપણે પ્રજા વચ્ચે જઇ ચુકાદો લઇ, હિસાબ આપીને આપણે બધા પાછા આવીએ અને જે રીતે અમિતભાઇએ કહ્યું તેમ આમાં ખાલી અડધું તેમની પાસે રહે અને બાકી બધું એક થઇને ૧૫૦ પ્લસ એક રંગ, એક રાગ, એક રૂપ એક લક્ષ્ય સાથે આપણે બધા ગુજરાતની સેવા કરીએ તેવી શુભેચ્છા પાઠવું છું. અધ્યક્ષશ્રી આપનો પણ ખૂબ આભાર

માનું છું કે, આ  તેરમી વિધાનસભાનું અગિયારમું સત્ર આપે ખૂબ સુંદર રીતે ચલાવી સહકાર આપ્યો અને આપે માર્ગદર્શન આપ્યું આપનો પણ ખૂબ ખૂબ આભાર માનુ છું.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ તેરમી વિધાનસભાના છેલ્લા સત્ર નિમિતે જે શુભેચ્છાઓ પાઠવી છે હું મારા કામકાજ દરમ્યાન આપ સર્વે લોકોએ મને જે સહયોગ આપ્યો છે એના માટે આપ સર્વેનો ઋણ સ્વીકાર કરું છું, આભારની લાગણી વ્યક્ત કરું છું અને આપ સૌને ખૂબખૂબ શુભેચ્છા આપુ છું અને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે આગામી સત્ર ચૌદમી વિધાનસભા વખતે ફરીથી આપણે બધા મળીએ અને આપ જયારે ફરીને પાછા આવો ત્યારે આપના સાથે એક સાથી મિત્રને પણ લેતા આવો એવી શુભેચ્છા સાથે બધાને શુભેચ્છા પાઠવું છું. સભાગૃહની આજની બેઠકનું કામકાજ પૂરું થાય છે.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે હું આ સભાગૃની બેઠક અનિશ્ચિત સમય માટે મુલતવી રાખું છું.

(સભાગૃહની બેઠક પૂરી થતા "વંદેમાતરમ" સંગીતની ધૂન બજાવવામાં આવી)

મંગળવર, તા.૮.૮.૨૦૧૭ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે શરૂ થયેલ તેરમી વિધાનસભાનું અગિયારમું સત્ર, બુધવાર, તા.૯.૮.૨૦૧૭ના રોજ બપોરના ૨.૨૨ વાગ્યે અચોક્કસ મુદત માટે મુલતવી રહ્યું.

શ્રાવણ ૧૭, ૧૯૩૯ શાકે

શોકદર્શક ઉલ્લેખ

૧૩મી ગુજરાત વિધાનસભા

અગિયારમું સત્ર

મંગળવાર, તા. ૮મી ઓગસ્ટ, ૨૦૧૭

શ્રાવણ ૧૭, ૧૯૩૯ શાકે

સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદેમાતરમ્'' સંગીતની ધૂન બજાવી કરવામાં આવી.)

અધ્યક્ષશ્રી : મિત્રો, આજનો દિવસ ઐતિહાસિક છે. ગુજરાતના ઇતિહાસમાં વિધાનસભા શરૂ થયા પછી પહેલી વખત વિધાનસભા સંકુલની બહાર સમગ્ર રાષ્ટ્રમાં ગૌરવવંતુ સ્થાન ધરાવનાર એવા મહાત્મા મંદિરમાં આપણે પહેલી વખત વિધાનસભાના સત્રરૂપે મળી રહ્યા છીએ. અમારાથી જેટલી શક્ય બને એટલી વધારેમાં વધારે સારી સુવિધાઓ કરવાનો પ્રયાસ કર્યો છે. સંભવ છે કે ક્યાંક ત્રુટિ પણ હોય. તો આપણું બધાનું પોતાનું છે તેમ સમજીને ગૃહને આપણે આપણી રીતે ચલાવીશું. ફરીથી આ નવા ગૃહમાં આપ સર્વેના સ્વાગત સાથે વિધાનસભાની કાર્યવાહી શરૂ કરીએ છીએ. ઓર્ડર.ઓર્ડર.

શોકદર્શક ઉલ્લેખ

ગુજરાતના પૂર્વ રાજ્યપાલશ્રી નરેશચંદ્ર સક્સેનાના અવસાન અંગે

શ્રી વિજયકુમાર ર.રૂપાણી ( સભાગૃહના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે ગુજરાતના પૂર્વ રાજ્યપાલશ્રી નરેશચંદ્ર સક્સેનાનું તારીખ ૯મી જુલાઇ, ૨૦૧૭ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી સક્સેનાનો જન્મ ૧લી ઓગસ્ટ, ૧૯૩૪ના રોજ ઉત્તરપ્રદેશના અલ્હાબાદ મુકામે થયો હતો. તેઓશ્રીએ અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી ગણિતના વિષય સાથે એમ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને તે જ યુનિવર્સિટીમાં લેક્ચરર તરીકે થોડા સમય માટે સેવાઓ આપી કારકિર્દીની શરૂઆત કરી હતી.

સ્વર્ગસ્થ શ્રી સક્સેનાએ ભારતીય સનદી સેવામાં રાજસ્થાન તેમજ ભારત સરકારના વિવિધ મંત્રાલયોમાં વિવિધ ઉચ્ચ હોદ્દાઓ ઉપર ફરજ બજાવેલ હતી. સન ૧૯૮૧થી ૧૯૮૪ના સમયગાળા દરમ્યાન તેઓશ્રીએ શ્રીલંકામાં કોલંબો ખાતે કોમનવેલ્થ સેક્રેટરીએટમાં એક્સ્પોર્ટ ઇન્ડસ્ટ્રીયલાઇઝેશન એન્ડ પોલીસીના સલાહકાર તરીકે પણ અમૂલ્ય સેવાઓ બજાવેલ હતી. આ ઉપરાંત સન ૧૯૮૬માં તેઓશ્રીએ જમ્મુ અને કાશ્મીરમાં રાજ્યપાલશ્રીના સલાહકાર તથા ઓગસ્ટ ૧૯૯૨માં વડાપ્રધાનના સિનિયર સલાહકાર તરીકે બહુમુલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી સક્સેનાએ દેશ માટે આપેલી સેવા બદલ ભારત સરકાર દ્વારા સન ૨૦૦૭માં તેમને પદ્મવિભૂષણ એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી સક્સેના સંનિષ્ઠ અને કુશળ સંગઠક હતા તેમ જ કર્તવ્યપરાયણતાને વરેલા હતા. તેઓશ્રીએ તારીખ ૦૧-૦૭-૧૯૯૫ થી તારીખ ૨૯-૦૨-૧૯૯૬ સુધી ગુજરાત રાજ્યના તેરમા રાજ્યપાલ તરીકે રહી વર્તમાન વિકાસયાત્રાનો નકશો કંડારવામાં ઉમદા માર્ગદર્શન આપ્યું હતું.

તેઓશ્રીના દુ:ખદ અવસાનથી ગુજરાત રાજ્યએ એક સાચા મિત્ર અને રાષ્ટ્રએ એક કુશળ પ્રશાસક અને અનુભવી રાજનીતિજ્ઞ ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બદીઆભાઇ મૂળજીભાઇ ગોંદીઆના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા અત્યંત દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બદીઆભાઇ મૂળજીભાઇ ગોંદીઆનું તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૭ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ગોંદીઆનો જન્મ તા. ૧૦મી મે, ૧૯૨૭ના રોજ તે સમયના પંચમહાલ જીલ્લાના લીમખેડા તાલુકાના કાળીઆરાઇ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ગોંદીઆએ વર્નાક્યુલર ફાઇનલ સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતી તેમજ સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ગોંદીઆએ બીજી, પાંચમી, છઠ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામાં અનુક્રમે લીમખેડા તેમજ રણધીકપુર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

તા. ૮મી ઓગસ્ટ, ૨૦૧૭

શોકદર્શક ઉલ્લેખ

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય ડો. શાન્તાબેન ખીમજીભાઇ ચાવડાના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા અત્યંત દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય ડો. શાન્તાબેન ખીમજીભાઇ ચાવડાનું તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ ૬૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ ડો. શાન્તાબેનનો જન્મ ૩૦મી ઓક્ટોબર, ૧૯૫૦માં રાજકોટ જીલ્લાના માલીયાસણ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થ ડો. શાન્તાબેને એમ.એ., બી.એડ., પી.એચ.ડી. તેમજ એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને શિક્ષણ તથા સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ ડો. શાન્તાબેન છઠ્ઠી તેમજ નવમી ગુજરાત વિધાનસભામાં અનુક્રમે દસાડા અને રાજકોટ-૩ (ગ્રામ્ય) મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવ્યા હતા અને લોકહિતના કાર્યો કર્યા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સંનિષ્ઠ અને સેવાભાવી સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

રાજયમાં અતિવૃષ્ટિ તેમજ પૂરના કારણે અવસાન પામેલા પ્રજાજનો અંગે

રાજયમાં તાજેતરમાં અતિવૃષ્ટિ અને પૂરના કારણે અનેક લોકોએ પોતાના જાન ગુમાવ્યા છે. મોટી સંખ્યામાં પશુધન પણ નાશ પામેલ છે. અતિવૃષ્ટિના આ વિનાશક રૌદ્ર સ્વરૂપને કારણે ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ જિલ્લાઓ તેમજ ઉત્તર ગુજરાતમાં અનેક વિસ્તારોમાં વ્યાપક નુકસાન થયેલ છે. આ વિસ્તારોમાં અનેક કાચા મકાનો જમીનદોસ્ત થઇ ગયેલ છે. ધાનેરા અને પાટણમાં અનેક નાના ગામડા પૂરના તારાજીનો ભોગ બનેલ છે અને તેને કારણે અનેક લોકોના મૃત્યુ થયેલ છે.

જળપ્રલયના કારણે રાજય પર આવી પડેલી આફતમાં રાજય સરકાર, વહીવટી તંત્ર, સ્વૈચ્છિક સંગઠનો, કુદરતી આપત્તિ નિવારણ સત્તામંડળ, નેશનલ ડિઝાસ્ટર રીલીફ ફોર્સ, હવાઇ અને નૌકાદળ સહિત આ વિરાટ કાર્યમાં સહભાગી બની ઉત્તર ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠાના અને પાટણ જિલ્લાના લોકોના આંસુ લૂછવાના ભગીરથ પ્રયાસ કર્યા છે.

રાજય સરકારે પણ પૂરગ્રસ્તો માટે રૂપિયા ૧૫૦૦ કરોડનું પેકેજ જાહેર કરી પૂનઃસ્થાપન, પૂનઃવસનની કામગીરી વેગવંતી બનાવી છે. રાજય સરકાર, સમગ્ર વહીવટી તંત્ર અને પ્રજાજનોના સહકારથી સમગ્ર પરિસ્થિતિ સત્વરે પૂર્વવત બને તે માટે કટીબદ્ધ છે.

અતિવૃષ્ટિને કારણે ખેડૂતો, નાના વેપારીઓ, હાટડીઓવાળાને જે આર્થિક નુકસાન થયું છે, માલધારીઓએ પોતાના ઢોર ઢાંખર ગુમાવ્યા છે, તેમાં પણ સહાયભૂત થવા રાજય સરકારે વિવિધ પેકેજ જાહેર કરી તેનું અમલીકરણ કરી દીધેલ છે. રસ્તા, પૂલો, કેનાલ અને નાળાનું સમારકામ પણ અગ્રતાના ધોરણે હાથ ધરાયું છે.

આ કુદરતી આફતમાં જે લોકોએ પોતાના જાન ગુમાવ્યા છે તે અંગે આ સભાગૃહમાં આપ સૌ વતી હું ઉંડા દુઃખની લાગણી વ્યકત કરું છું. તેઓના કુટુંબીજનો પ્રત્યે પણ ઉંડી સંવેદના વ્યકત કરું છું.

પરમાત્મા સદગત આત્માઓને ચિર શાંતિ અર્પે તેવી અભ્યર્થના વ્યકત કરું છું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકપ્રસ્તાવ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને સદગત આત્માઓને શ્રદ્ધાંજલિ આપવા ઉભો થયો છું.

મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ રાજ્યપાલશ્રી નરેશચંદ્ર સક્સેનાનું તારીખ ૯મી જુલાઇ, ૨૦૧૭ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી સક્સેનાનો જન્મ ૧લી ઓગસ્ટ, ૧૯૩૪ના રોજ ઉત્તરપ્રદેશના અલ્હાબાદ મુકામે થયો હતો. તેઓશ્રીએ અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી ગણિતના વિષય સાથે એમ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને તે જ યુનિવર્સિટીમાં લેક્ચરર તરીકે થોડા સમય માટે સેવાઓ આપી કારકિર્દીની શરૂઆત કરી હતી.

સ્વર્ગસ્થ શ્રી સક્સેનાએ ભારતીય સનદી સેવામાં રાજસ્થાન તેમજ ભારત સરકારના વિવિધ મંત્રાલયોમાં વિવિધ ઉચ્ચ હોદ્દાઓ ઉપર ફરજ બજાવેલ હતી. સન ૧૯૮૧થી ૧૯૮૪ના સમયગાળા દરમ્યાન તેઓશ્રીએ શ્રીલંકામાં કોલંબો ખાતે કોમનવેલ્થ સેક્રેટરીએટમાં એક્સ્પોર્ટ ઈન્ડસ્ટ્રીયલાઇઝેશન એન્ડ પોલીસીના સલાહકાર તરીકે પણ અમૂલ્ય સેવાઓ બજાવેલ હતી. આ ઉપરાંત સન ૧૯૮૬માં તેઓશ્રીએ જમ્મુ અને કાશ્મીરમાં રાજ્યપાલશ્રીના સલાહકાર તથા ઓગસ્ટ ૧૯૯૨માં વડાપ્રધાનના સિનિયર સલાહકાર તરીકે બહુમુલ્ય સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થશ્રી સક્સેનાએ દેશ માટે આપેલી સેવા બદલ ભારત સરકાર દ્વારા સન ૨૦૦૭માં તેમને પદ્મવિભૂષણ એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

સ્વર્ગસ્થશ્રી સક્સેના સંનિષ્ઠ અને કુશળ સંગઠક હતા તેમન કર્તવ્યપરાયણતાને વરેલા હતા. તેઓશ્રીએ તારીખ ૦૧-૦૭-૧૯૯૫થી તારીખ ૨૯-૦૨-૧૯૯૬ સુધી ગુજરાત રાજ્યના તેરમા રાજ્યપાલ તરીકે રહી વર્તમાન વિકાસયાત્રાનો નકશો કંડારવામાં ઉમદા માર્ગદર્શન આપ્યું હતું.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી ગુજરાત રાજયએ એક સાચા મિત્ર અને રાષ્ટ્રએ એક કુશળ પ્રશાસક અને અનુભવી રાજનીતિજ્ઞ ગુમાવ્યા છે.

## શોકદર્શક ઉલ્લેખ

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા અત્યંત દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બદીઆભાઇ મૂળજીભાઇ ગોંદીઆનું તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૭ના રોજ ૯૦ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ગોંદીઆનો જન્મ તા. ૧૦મી મે, ૧૯૨૭ના રોજ તે સમયના પંચમહાલ જીલ્લાના લીમખેડા તાલુકાના કાળીઆરાઇ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થશ્રી ગોંદીઆએ વર્નાક્યુલર ફાઇનલ સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતી તેમજ સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ગોંદીઆએ બીજી, પાંચમી, છટ્ઠી અને સાતમી ગુજરાત વિધાનસભામં અનુક્રમે લીમખેડા, તેમજ રંધીકપુર મતવિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા અત્યંત દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય ડો. શાન્તાબેન ખીમજીભાઇ ચાવડાનું તારીખ ૨જી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ ૬૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થ ડો. શાન્તાબેનનો જન્મ ૩૦મી ઓક્ટોબર, ૧૯૫૦માં રાજકોટ જીલ્લાના માલીયાસણ મુકામે થયો હતો.

સ્વર્ગસ્થ ડો. શાન્તાબેને એમ.એ., બી.એડ., પીએચ.ડી. તેમજ એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને શિક્ષણ તથા સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થ ડો. શાન્તાબેન છટ્ઠી તેમજ નવમી ગુજરાત વિધાનસભામાં અનુક્રમે દસાડા અને રાજકોટ-૩ (ગ્રામ્ય) મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવ્યા હતા અને લોકહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સંનિષ્ઠ અને સેવાભાવી સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાતમાં ભારે વરસાદના કારણે સાબરકાંઠા, બનાસકાંઠા જેવા વિસ્તારોમાં ભારે વરસાદ થવાના કારણે અનેક નાના - મોટા ખેડૂતોને ભારે મોટું નુકસાન થયું છે. ગુજરાતના ૨૨૪-૨૨૫ જેટલા આત્માઓ પણ મોતને ભેટ્યાં છે. એમના માલ-મિલકત, ઘરવખરી, ઢોરઢાંખર, બધું તણાઇ ગયું છે એવા આત્માઓને શાંતિ અર્પે અને જે લોકોને ભારે નુકસાન થયું છે તેવા લોકોને એમની ઘર-વખરી, માલ-મિલકત, ખેતર, એમની જમીન, એમનો પાક એ બધું ધોવાઇ ગયું છે તેને સરકાર કોઇ મદદ કરે એવી આ તકે પ્રાર્થના કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય વિરોધ પક્ષના નેતાએ પણ જેને સમર્થન આપ્યું છે તે પ્રસ્તાવને સમર્થન આપવા હું ઉભો થયો છું. સ્વ. શ્રી નરેશચંદ્ર સકસેના માનનીય અધ્યક્ષશ્રી,હું જે તે વખતે પણ વિધાનસભાનો ૧૯૯૫માં સભ્ય હતો એટલે એમની સાથે પ્રસંગોપાત મળવાનું થયું. ખૂબ વિદ્વાન એવા આપણને રાજ્યપાલ મળેલા. મૂળજીભાઇ વિશે પણ ખૂબ સાંભળેલું. એ સારા કાર્યકર્તા, સમાજ સેવક હતા. શાંતાબેન પણ ૧૯૯૦ થી ૧૯૯૫ સુધી આ જ ગૃહમાં બેઠાં અને એક સારા સમાજ સેવિકા તરીકેની એમણે આખા સમાજમાં અને રાજ્યમાં છાપ ઉભી કરેલી. આની સાથે માનનીય અધ્યક્ષશ્રી, પૂરમાં અવસાન પામેલા જે કોઇ ભાઇઓ-બહેનો એમના આત્માને પણ ચિર શાંતિ મળે એ પ્રકારે પ્રસ્તાવમાં ઉલ્લેખ થયેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, વિજયભાઇની સરકારને એક વર્ષ ગઇ કાલે જ પૂરું થયું છે. એમણે ચાર વાતો કરેલી કે વ્યક્તિ પણ પ્રસંગે પરખાય અને સરકાર પણ પ્રસંગે જ પરખાય. આવું મોટું પૂર, કુદરતી હોનારત, અનપ્રેસિડેન્ટેડ રેઇન એવા સમયની અંદર એક પણ સેકન્ડ, મિનિટની રાહ જોયા સિવાય આગાહી મળી કે તરત જ આખું તંત્ર, ભારતીય જનતા પાર્ટીના સૌ આગેવાનો, કાર્યકર્તાઓ વ્યક્તિ વ્યક્તિ સુધી પહોંચ્યાં અને બધાને સલામત સ્થળે ખસેડવા માટે રૂબરૂ મળીને મિડિયા દ્વારા, ફોન દ્વારા આની ખબર તો અમે પાછળથી ગયા ત્યારે ખબર પડી કે જો આવું ના કર્યું હોત તો શું થાત? તો કદાચ આજનો આંકડો છે એ કદાચ અનેક ગણો થયો હોત. એટલે માનનીય વિજયભાઇ એમ કહે છે કે ત્વરિત નિર્ણય તો અહીંયા ગુજરાતને, બનાસકાંઠાને, પાટણને અનુભવ થયો. કે ત્વરિત નિર્ણયથી પ્રજાને કેટલો લાભ થાય છે. આખી કામગીરી અઠવાડિયાની અંદર પૂર્ણ કરી દીધી એ પણ કોઇ નાની વાત નથી. સુરતમાં જયારે પૂર આવ્યું ત્યારે માનનીય નરેન્દ્રભાઇ ત્યાં ત્રણ દિવસ રોકાયા હતા. એવી જ રીતે સંવેદનશીલ સરકાર કોને કહેવાય એનો પૂરાવો વિજયભાઇ પોતે જ ત્યાં પાંચ દિવસ સુધી રોકાયા. અમારા ૧૪ મંત્રીશ્રીઓ પણ ત્યાં રોકાયા અને બધા જ કામમાં બધા લોકોએ હાથો હાથ સહકાર આપીને બનાસકાંઠાના પૂર માટે જે કામગીરી કરી છે એ આજે પણ બનાસકાંઠા અને પાટણ જિલ્લો યાદ કરે છે. આ બધું જ ત્વરિત નિર્ણયને કારણે થયું છે. જે જે પશુઓ અને માનવોએ જાન ગુમાવ્યા છે વૃદ્ધ હોય, યુવાન હોય, બાળક હોય, સ્ત્રી હોય એ બધાના આત્માને પ્રભુ શાંતિ આપે. એની સાથેસાથે આપે શરૂઆતમાં એવું કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે. બીજી રીતે પણ ઐતિહાસિક દિવસ છે. આપણે વિધાનસભાગૃહની બહાર મળી રહ્યા છીએ એવો જ બીજો ઐતિહાસિક દિવસ છે આઝાદીની ચળવળ ૧૯૪૨માં શરૂ થઇ અને એમાં આજનો અને આવતી કાલનો બે દિવસ ખૂબ મહત્વના છે. ૮મી ઓગષ્ટ અને ૯મી ઓગષ્ટ. જેને આજે ૭૫ વર્ષ પૂરા થયા છે અને ગુજરાતના

શોકદર્શક ઉલ્લેખ

નવલોહીયા યુવાનો અશરફઅલીખાન, વિનોદ કિનારીવાલા, હસમુખ કડીયા આ બધા લોકોએ ગુજરાત કોલેજ જેનો હું પણ વિદ્યાર્થી છું જેનું મને ગૌરવ છે એ ત્યાં અંગ્રેજોની ગોળીઓનું નિશાન બન્યા એને ૭૫ વર્ષ પૂરા થાય છે એટલે એમને પણ આ તબકકે યાદ કરવા જેવું મને લાગે છે. એ પણ એક ઐતિહાસિક ઘટનાને એની સાથે સાંકળું છું. હું પ્રસ્તાવને સમર્થન આપું છું.

ડો. અનિલ જોષીયારા(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને અમારા વિરોધ પક્ષના નેતાએ અનુમોદન આપ્યું છે. હું પણ અનુમોદન આપું છું. એમાં ગુજરાતના પૂર્વ રાજયપાલશ્રી નરેન્દ્રભાઇ સકસેના, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બદીઆભાઇ ગોંદીયાસાહેબ, સ્વ. શાંતાબેન ચાવડા અને પૂરમાં જે લોકોએ જાન ગુમાવ્યા છે એમના શોકસંદેશને હું મારું અનુમોદન આપું છું. ખાસ કરીને મારે બદીઆભાઇ ગોંદીયા વિશે વાત કરવી છે. બદીઆભાઇ ગોંદીયાનું લગભગ ૯૦ વર્ષે અવસાન થયું. બીજી, પાંચમી, છઠ્ઠી અને સાતમી વિધાનસભામાં એ સતત ચૂંટાતા આવ્યા છે. તેઓ ખૂબ ગરીબ પરિવારમાં જન્મેલા પરંતુ સમાજ સેવા કરવી એ એમનું એક ધ્યેય હતું અને એના લીધે આદિવાસી સમાજમાં શિક્ષણ કેમ વધે એવા પ્રયત્નો કર્યા અને એના લીધે લીમખેડા, રણધીકપુર અને સમગ્ર દાહોદ અને પંચમહાલ જિલ્લો એ વિસ્તારમાં શૈક્ષણિક સંસ્થાઓ આગળ આવે અને એનો વિકાસ થાય અને એના લીધે ટ્રાયબલ વસ્તી છે એમાં શિક્ષણનો વ્યાપ વધે એવા પ્રયત્નો કરેલા. બદીઆભાઇ સમાજ સેવા સાથે જોડાયેલા હતા અને શૈક્ષણિક સંસ્થા સાથેનું એમનું ખૂબ યોગદાન રહ્યું છે. એવા બદીઆભાઇ ગોંદીયા આજે આપણી વચ્ચે નથી અને અવસાન પામ્યા છે તો હું એમને અનુમોદન આપું છું. શાંતાબેન ચાવડા રાજકોટ મત વિસ્તારમાંથી ચૂંટાયેલા હતા અને સારું શિક્ષણ મેળવ્યું હતું એમણે. તેઓ વિધાનસભામાં હતા એ વખતે અમે ધારાસભ્ય નહોતા પરંતુ અમે એમની વાતો સાંભળેલી કે ખૂબ જ હિંમતવાન બહેન હતા અને દરેક ક્ષેત્રમાં અને ખાસ કરીને શિક્ષણમાં એમનું યોગદાન ખૂબ મોટું રહ્યું છે. ત્યારે આવા જે મૃતાત્માઓ છે અને સાથેસાથે બનાસકાંઠા, પાટણ અને અમારા અરવલ્લી જિલ્લામાં અને ખાસ અમારા રાજકોટનો જે વિસ્તાર છે એ વિસ્તારમાં ભારે વરસાદ આવ્યો અને પૂર આવ્યું એના લીધે ઘણું નુકસાન થયું છે, ઘણા લોકોએ જાન ગુમાવવા પડયા છે, એમનું જે હતું એ તમામ લુંટાઇ ગયું છે એમ કહેવાય. ખાસ કરીને ધાનેરા તાલુકામાં એક જ ઘરના ૧૭-૧૭ લોકો જયારે તણાઇ જાય ત્યારે આ ઘટના દુઃખદ છે. જે કઇ બન્યુ તે દુઃખદ છે. અમે સરકારને વિનંતી કરીએ છીએ કે વહેલામાં વહેલી તકે જે કઇ એમના કુટુંબના સભ્યો એમને આગળ આવવા માટે, એમને હિંમત મળે એના માટે જે કઇ મદદરૂપ થવાય એ માટે એમને મદદરૂપ થઇએ તેવી વિનંતી કરું છું. જેઓ આપણી વચ્ચે રહ્યા નથી તેવા તમામ મૃતાત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે તેમાં વિરોધ પક્ષના નેતાશ્રીએ સૂર પુરાવ્યો છે. એમાં મારી સાથેના મિત્રોએ સૂર પુરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું. ગુજરાતના સ્વ.રાજયપાલ શ્રી નરેશચંદ્ર સકસેના, વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી બદીઆભાઇ મૂળજીભાઇ ગોંદીઆ, સ્વ. શ્રી શાંતાબેન ચાવડા આ ૩ જે સ્વર્ગસ્થશ્રીના ઠરાવ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. જે આપના મારફતે એમના કુટુંબીજનોને આપણે શોકદર્શક પાઠવીએ. પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફતને સહન કરવાની પ્રભુ શકિત આપે તેવી પ્રાર્થના.

સાથે સાથે હમણા જ્યારે અતિવૃષ્ટિના કારણે સાબરકાંઠા, બનાસકાંઠામાં જે મોટી કુદરતી આફતો આવેલ છે, એમાં પણ અગાઉ નુકસાન થયેલ છે એમાં જાનહાનિ થઇ છે અને ઘણા કુટુંબના સભ્યોને પણ જાનહાનિ થઇ છે, ત્યારે મારે ખેડૂત તરીકે કહેવું છે કે ખેડૂતો ઉપર ઘણી મોટી મુશ્કેલી આવી છે. ખેતીનો પાક સદંતર નિષ્ફળ ગયેલ છે. ત્યારે આવા ખેડૂતોને સરકાર તરફથી બધી રાહત આપી છે, ત્યારે ખેડૂતો પ્રત્યે હમદર્દી રાખીને આ વર્ષ માટે એમનો પાક જે સદંતર નિષ્ફળ ગયો છે એમને પેકેજ સરકાર તરફથી આપવાના છે, પણ છતા ય જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છીએ, ત્યારે આવા ખેડૂતોને જે મુશ્કેલી પડી છે. ૧૦ વર્ષ સુધી આવા ખેડૂતો બેઠા થવાના નથી. જેના લીધે ખેડૂતોને પુરતું પેકેજ આપી અને સાથે નાના મોટા ઉદ્યોગવાળાઓને પણ અને નાના રોજમદારોને પણ નુકસાન થયેલ છે. આ તમામને રોજગાર માટે જેટલી બને તેટલી સરકાર સહાય કરશે એવી આશા રાખું છું અને કરશે. આ માટે વધુ પ્રમાણમાં ઉંડાણમાં જઇને સરવે કરશે. જેટલું નુકસાન થયું છે એ આપશે એવી આશા રાખું છું. જે કઇ ખૂટતી કડી હશે એમાં મુખ્યમંત્રીશ્રી અને ડેપ્યુટી સી.એમ. સાહેબે બહુ રસ લીધો છે. હજુ ઉંડાણમાં ઉતરશે. ખેડૂતો ઉપર મુશ્કેલી હલ કરવા માટે અને એમના કુટુંબો ઉપર જે આફત આવેલ છે એમાં વહેલામાં વહેલી તકે સહાય મળશે એમાં મારો સૂર પુરાવું છું. આ બાબતે જે જ-જ સંદેશાઓ લઇને આવ્યા છીએ એ દુઃખદ વાત થઇ છે, ત્યારે આજના ગાંધીના ગુજરાતમાં મહાત્મા મંદિર ખાતે પ્રથમ વાર આપણું સત્ર બોલાવ્યું છે, ત્યારે ગાંધીના અંદરથી સાચી ભાવના થઇ અને સમગ્ર ગુજરાતમાં જે મુશ્કેલી આવી છે તેને પ્રભુ હલ કરવાની શકિત આપે તે માટે સુર પુરાવું છું.

અધ્યક્ષશ્રી : ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આ ગૃહના નેતા આદરણીય વિજયભાઇ રૂપાણી જે શોક-પ્રસ્તાવ લઇને આવ્યા છે અને આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીએ જેમને સમર્થન આપ્યું છે અને બાકીના મંત્રીશ્રીએ સમર્થન આપ્યું છે, એમાં હું પણ મારો સૂર પુરાવું છું. વિશેષ કરીને પૂર્વ રાજયપાલશ્રી નરેશચંદ્ર સકસેનાજી અને ધારાસભ્ય બહેનશ્રી શાંતાબેન ચાવડા સાથે કામ કરવાનો મને મોકો મળ્યો છે. શ્રી બદીઆભાઇ ગોંદીઆ એમના સુપુત્ર અમારા સાબરકાંઠા જિલ્લાના એસ.પી. હતા એ નાતે મારે એમની સાથેનો સંબંધ રહ્યો છે. આ સૌ સ્વ.આત્માઓએ પોતે પોતાના જીવનની અંદર જે કંઇ પણ કર્યુ છે તેની અંદરથી આપણે પણ કંઇ શીખીએ અને તેમના ચીલે ચાલવાનો આપણે પ્રયાસ કરીએ. સાથે સાથે તાજેતરમાં

શોકદર્શક ઉલ્લેખ

થયેલી અતિવૃષ્ટિની અંદર ઘણા બધા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ અગાઉ હું બનાસકાંઠા જિલ્લાનો પ્રભારી મંત્રી અને પાટણ જિલ્લાનો પ્રભારી મંત્રી રહી ચૂકેલો છું. તાજેતરની પૂરની સ્થિતિની અંદર બનાસકાંઠા અને પાટણ તે બંને વધારે અસરગ્રસ્ત હતા. શોકદર્શક ઠરાવ છે પરંતુ રોકી શકાય તેવી વાત નથી. કારણ કે આ બંને જિલ્લાઓના પ્રભારી મંત્રી તરીકે તે લોકો સાથે સીધો નાતો રહ્યો છે. ખબર પડે કે તરત જ માનનીય મુખ્યમંત્રીશ્રી અને ડેપ્યુટી મુખ્યમંત્રીશ્રી ત્યાં પહોંચી જાય અને તેના કારણે તે જિલ્લાના લોકોને એક સહાનુભૂતિ થાય એટલું પૂરતું નથી. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ વાત સાંભળીને તરત જ ગુજરાત પહોંચી જાય એ પણ એક મોટી ઘટના છે. ૫૦૦ કરોડનું પેકેજ તેમણે જાહેર કર્યુ અને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ૧૫૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યુ. આ બંને જિલ્લાના મારા બે-ત્રણ દિવસના પ્રવાસની અંદર, માનનીય મુખ્યમંત્રીશ્રી તો પાંચેક દિવસ સળંગ રોકાયા હતા પણ બંને જિલ્લાના પ્રવાસ દરમ્યાન કયાંક ને કયાંક માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરવાનો મોકો મળ્યો. એમણે એમની ટીમ અને મારે આ તબકકે યાદ કરવું જોઇએ કે જે અધિકારી મિત્રોએ કામ કર્યુ છે, કદાચ ધાનેરાની જે સ્થિતિ છે તે આટલી ઝડપથી સુધરી ન શકી હોય એટલું ખૂબ સારું કામ કર્યુ છે અને ઘડિયાળના કાંટા જોયા સિવાય રાત દિવસ સરકારના નેતૃત્વમાં કામ કર્યુ છે તે સૌ લોકો પણ અભિનંદનને પાત્ર છે. સરકારે જે કામ કર્યુ છે તે માટે સરકાર પણ અભિનંદનને પાત્ર છે. જે લોકો પૂરગ્રસ્ત થયા છે અને જાનમાલનું નુકસાન થયું છે તે લોકોને આપણે પાછા લાવી શકવાના નથી પરંતુ ફરીથી તે ઉભા થાય અને પોતાનું જીવન પૂર્વવત ચાલુ થાય તેના માટે સરકારે જે કામગીરી કરી છે, ખૂટતી જે વસ્તુ હશે તે પૂરી કરવાનો પ્રયાસ કરશે તેવા શબ્દો સાથે અહીં જે પણ સભ્યશ્રીઓએ પોતાનો સૂર પુરાવ્યો છે તેમાં હું મારો સૂર પુરાવીને શોકાંજલિ આપું છું અને આપ સર્વેને નમ્ર વિનંતી કરું છું કે પોતાના સ્થાન ઉપર ઉભા રહી મૌન પાળીએ.

( બે મિનિટ મૌન બાદ)

માનનીય સભ્યશ્રીઓ સૌ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતોના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આપણે બનાસકાંઠા અને પાટણમાં અતિવૃષ્ટિ અને પૂરથી પ્રકોપ માટે જે શોક પ્રસ્તાવ પાસ કર્યો. તેમાં મૃત્યુ પામેલા સૌ પ્રત્યે સહાનુભૂતિ અને સંવેદના પ્રગટ કરવા માટે આજની કાર્યવાહી બંધ રાખવામાં આવે એવો મારો પ્રસ્તાવ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને અનુમોદન આપું છું.

અધ્યક્ષશ્રી : સદગતોના માનમાં સભાગૃહનું કામકાજ આજના દિવસ માટે મુલતવી રાખવામાં આવે છે. સભાગૃહની બેઠક આવતીકાલે સવારે ૮.૩૦ કલાકે ફરીથી મળશે.

સભાગૃહનું કામકાજ બપોરના ૧૨.૩૫ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૯-૮- ૨૦૧૭ ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંક્તિ પ્રશ્નોત્તરી

ગુજરાત વિધાનસભા

અગિયારમું સત્ર

બુધવાર તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

શ્રાવણ ૧૮, ૧૯૩૯ શાકે

સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું

માનનીય અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

અતારાંક્તિ પ્રશ્નોત્તરી

પહેલી અતારાંકિત યાદી

રાજ્યમાં પશુ દવાખાના/પશુ સારવાર કેન્દ્રોમાં મહેકમ

અતારાંકિતઃ ૧૦૭૩૧ (૦૨/૧૨/૨૦૧૬) ડો.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુ દવાખાના અને પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

પશુપાલન મંત્રીશ્રી : (૧૭/૦૬/૨૦૧૭)

તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના પશુદવાખાનામાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગતો

| અ.નં | જીલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ | ડ્રેસર વર્ગ–૪ | પટાવાળા વર્ગ–૪ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૩ | ૭ | ૧૪ |
| ૨ | અમદાવાદ | ૨૬ | ૬ | ૨૭ |
| ૩ | મહેસાણા | ૩૧ | ૧૦ | ૧૪ |
| ૪ | સાબરકાંઠા | ૨૨ | ૧૨ | ૨૨ |
| ૫ | અરવલ્લી | ૨૦ | ૧૩ | ૨૧ |
| ૬ | આણંદ | ૧૬ | ૧ | ૧૬ |
| ૭ | અમરેલી | ૩૧ | ૧૪ | ૧૭ |
| ૮ | ખેડા | ૧૬ | ૬ | ૧૫ |
| ૯ | બનાસકાંઠા | ૫૬ | ૧૭ | ૫૦ |
| ૧૦ | પાટણ | ૨૯ | ૬ | ૨૯ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૧૩ | ૫ | ૧૩ |
| ૧૨ | જામનગર | ૨૦ | ૮ | ૯ |
| ૧૩ | ભાવનગર | ૨૪ | ૬ | ૧૦ |
| ૧૪ | રાજકોટ | ૨૭ | ૧૧ | ૧૬ |
| ૧૫ | બોટાદ | ૮ | ૪ | ૮ |
| ૧૬ | જૂનાગઢ | ૨૭ | ૧૦ | ૩૩ |
| ૧૭ | કચ્છ | ૩૨ | ૧૪ | ૪૦ |
| ૧૮ | મહીસાગર | ૧૧ | ૪ | ૧૫ |
| ૧૯ | દાહોદ | ૧૩ | ૯ | ૧૩ |
| ૨૦ | પંચમહાલ | ૧૯ | ૧૦ | ૧૫ |
| ૨૧ | છોટાઉદેપુર | ૧૦ | ૪ | ૨૪ |
| એચબી– | વડોદરા | ૧૪ | ૭ | ૧૭ |
| ૨૩ | સુરત | ૧૫ | ૮ | ૨૧ |
| ૨૪ | નવસારી | ૧૩ | ૧૨ | ૧૭ |
| ૨૫ | ડાંગ | ૫ | ૦ | ૪ |
| ૨૬ | ગીર સોમનાથ | ૧૯ | ૩ | ૧૯ |
| ૨૭ | પોરબંદર | ૧૧ | ૩ | ૧૧ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૨૨ | ૧૪ | ૨૫ |
| ૨૯ | તાપી | ૮ | ૫ | ૧૦ |

| અ.નં | જીલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી વર્ગ–ર | ડ્રેસર વર્ગ–૪ | પટાવાળા વર્ગ–૪ |
|---|---|---|---|---|
| ૩૦ | વલસાડ | ૬ | ૪ | ૮ |
| ૩૧ | નર્મદા | ૧૩ | ૩ | ૧૭ |
| ૩૨ | ભરૂચ | ૧૯ | ૫ | ૧૭ |
| ૩૩ | મોરબી | ૧૨ | ૬ | ૧૨ |
| કુલ:– | | ૬૩૧ | ૨૪૭ | ૫૯૯ |

તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગતો

| અ.નં | જીલ્લાનું નામ | પશુધન નિરીક્ષક વર્ગ–૩ | પટાવાળા વર્ગ–૪ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૪ | ૧૪ |
| ૨ | અમદાવાદ | ૧૭ | ૧૭ |
| ૩ | મહેસાણા | ૨૦ | ૨૦ |
| ૪ | સાબરકાંઠા | ૧૮ | ૧૬ |
| ૫ | અરવલ્લી | ૧૬ | ૧૭ |
| ૬ | આણંદ | ૨૨ | ૨૦ |
| ૭ | અમરેલી | ૨૪ | ૨૪ |
| ૮ | ખેડા | ૧૯ | ૧૬ |
| ૯ | બનાસકાંઠા | ૨૫ | ૨૨ |
| ૧૦ | પાટણ | ૧૫ | ૧૫ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૫ | ૬ |
| ૧૨ | જામનગર | ૧૭ | ૧૦ |
| ૧૩ | ભાવનગર | ૧૯ | ૧૯ |
| ૧૪ | રાજકોટ | ૧૮ | ૧૮ |
| ૧૫ | બોટાદ | ૬ | ૬ |
| ૧૬ | જૂનાગઢ | ૮ | ૭ |
| ૧૭ | કચ્છ | ૨૯ | ૨૭ |
| ૧૮ | મહીસાગર | ૨૦ | ૧૬ |
| ૧૯ | દાહોદ | ૨૧ | ૧૮ |
| ૨૦ | પંચમહાલ | ૧૯ | ૧૫ |
| ૨૧ | છોટાઉદેપુર | ૧૪ | ૦ |
| ૨૨ | વડોદરા | ૧૮ | ૧૭ |
| ૨૩ | સુરત | ૨૪ | ૨૨ |
| ૨૪ | નવસારી | ૧૪ | ૧૪ |
| ૨૫ | ડાંગ | ૧૩ | ૧૩ |
| ૨૬ | ગીર સોમનાથ | ૪ | ૪ |
| ૨૭ | પોરબંદર | ૭ | ૭ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૧૫ | ૧૪ |
| ૨૯ | તાપી | ૨૨ | ૧૬ |
| ૩૦ | વલસાડ | ૧૭ | ૧૩ |
| ૩૧ | નર્મદા | ૧૪ | ૧૧ |
| ૩૨ | ભરૂચ | ૨૨ | ૧૬ |
| ૩૩ | મોરબી | ૧૧ | ૮ |
| કુલ:– | | ૫૪૭ | ૪૭૮ |

--------

રાજ્યમાં પશુ દવાખાનાઓમાં મહેકમ

અતારાંકિતઃ ૧૦૮૮૬ (૦૩/૦૧/૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંક્તિ પ્રશ્નોત્તરી

(૧) તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુ સારવાર માટે પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે જીલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

પશુપાલન મંત્રીશ્રી : (૧૭/૦૬/૨૦૧૭)

(૧) તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગતો નીચે મુજબ છે.

| અ.નં | જીલ્લાનું નામ | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ડ્રેસર વર્ગ-૪ | પટાવાળા વર્ગ-૪ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૩ | ૭ | ૧૪ |
| ૨ | અમદાવાદ | ૨૬ | ૬ | ૨૭ |
| ૩ | મહેસાણા | ૩૧ | ૧૦ | ૧૪ |
| ૨૨ | બનાસકાંઠા | ૬૯૮ | ૨૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૬૪ | ૨૧ |
| ૨૪ | ગાંધીનગર | ૧૪૩ | ૬૦ |
| ૨૫ | ડાંગ | ૨૧૦ | ૦૭ |
| ૨૬ | તાપી | ૩૫ | ૧૪ |
| ૨૭ | બોટાદ | ૩૨ | ૦૯ |
| ૨૮ | ગીર સોમનાથ | ૧૪૦ | ૧૫ |
| ૨૯ | દેવભૂમી દ્વારકા | ૮૯ | ૧૫ |
| ૩૦ | મોરબી | ૪૭ | ૧૨ |
| ૩૧ | અરવલ્લી | ૧૮૨ | ૨૪ |
| ૩૨ | મહિસાગર | ૧૦૯૭ | ૨૧ |
| ૩૩ | છોટા ઉદેપુર | ૫૧૫ | ૦૧ |

(૨) પત્રકઃ–૨

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૧–૧૨ | | ૨૦૧૨–૧૩ | | ૨૦૧૩–૧૪ | | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ |
| ૨ | વડોદરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સુરત | ૯૩ | ૦ | ૯૩ | ૦ | ૯૩ | ૦ | ૯૩ | ૦ | ૮૯ | ૦ |
| ૫ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | પંચમહાલ | ૦ | ૦ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૧૮૩ | ૦ | ૭૪ | ૦ |
| ૮ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૨ | ૦ | ૪ | ૦ | ૮ | ૦ | ૭ | ૦ | ૭ | ૦ |
| ૧૦ | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | જામનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કચ્છ–ભૂજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ભરૂચ | ૪ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | બનાસકાંઠા | ૩૫ | ૫ | ૨૮ | ૩૨ | ૬૦ | ૧૪ | ૨૬ | ૧૧ | ૨૧ | ૨૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૮ | ૨ | ૯ | ૪ | ૧૧ | ૩ | ૧૨ | ૨ | ૯ | ૭ |
| ૨૪ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ |
| ૨૫ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | દેવભૂમી દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧ | ૧૮ | ૮ | ૦ | ૮૯ | ૧૪ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૬ | ૮૦ |
| ૩૩ | છોટા ઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) મહેસુલી રાહે જમીન ઉપલબ્ધ થયેથી.

--------

રાજ્યમાં વાર્ષિક કેરોસીનનો જથ્થો ફાળવવા બાબત

અતારાંકિતઃ ૯૩૯૬ (૨૨-૦૮-૨૦૧૬) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૬-૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેરોસીનની વાર્ષિક કેટલી જરૂરિયાત હતી, અને

(૨) તે સામે કેન્દ્ર સરકાર તરફથી ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલો કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૨૫-૦૫-૨૦૧૭)

(૧) તા.૩૦-૬-૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેરોસીનની વાર્ષિક જરૂરિયાત નીચે મુજબ છે.

(૧) જુલાઇ-૧૧ થી જુન -૧૨ ૭,૦૬,૯૫૮ કીલો લીટર
(૨) જુલાઇ-૧૨ થી જુન -૧૩ ૭,૮૧,૪૧૬ કીલો લીટર
(૩) જુલાઇ-૧૩ થી જુન -૧૪ ૭,૨૩,૮૪૨ કીલો લીટર
(૪) જુલાઇ-૧૪ થી જુન -૧૫ ૭,૨૧,૧૭૦ કીલો લીટર

(૨) તે સામે કેન્દ્ર સરકાર તરફથી ઉક્ત વર્ષવાર નીચે મુજબ કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો.

(૧) જુલાઇ-૧૧ થી જુન -૧૨ ૬,૩૬,૫૪૦ કીલો લીટર
(૨) જુલાઇ-૧૨ થી જુન -૧૩ ૬,૭૩,૫૪૮ કીલો લીટર
(૩) જુલાઇ-૧૩ થી જુન -૧૪ ૬,૭૩,૪૧૬ કીલો લીટર
(૪) જુલાઇ-૧૪ થી જુન -૧૫ ૬,૬૬,૭૩૨ કીલો લીટર

--------

રાજ્યમાં કેન્સર, હાર્ટ કિડની વિગતે રોગના નોંધાયેલ કેસો

અતારાંકિતઃ ૫૩૧૦ (૨૭-૦૧-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧-૦૩-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ટી.બી., રક્તપિત/હિમોફેલીયા, કેન્સર, હાર્ટ, કીડની, સ્વાઇન ફ્લુ, ડેન્ગ્યુ, કમળો અને મલેરીયાના કેટલા કેસો નોંધાયા ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૬-૦૫-૨૦૧૭)

| રોગોનું નામ | નોંધાયેલ કેસો | | | | |
|---|---|---|---|---|---|
| | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
| ટી. બી. | ૭૪૮૬૭ | ૭૨૫૫૪ | ૭૪૦૮૬ | ૭૮૧૫૩ | ૨૦૧૨૯ |
| રક્તપિત | ૭૩૦૯ | ૭૪૯૬ | ૯૦૧૯ | ૯૭૨૧ | ૯૦૨૪ |
| હિમોફેલીયા | ૭૪ | ૧૧૯ | ૨૮૪ | ૬૫૬ | ૧૨૫૬ |
| કેન્સર | ૧૪૦૯૩ | ૧૪૨૯૪ | ૧૪૮૪૭ | ૧૫૬૭૧ | ૧૯૧૮૮ |
| હાર્ટ | ૧૧૯૯૯ | ૧૫૦૯૫ | ૧૮૭૧૦ | ૨૦૭૪૫ | ૨૨૯૮૫ |
| કીડની | ૧૪૩૬૭ | ૧૪૭૧૦ | ૧૬૦૩૨ | ૧૬૬૯૪ | ૧૬૯૫૯ |
| સ્વાઈન ફ્લુ | ૬ | ૯૭ | ૯૮૯ | ૧૫૭ | ૬૫૨૪ |
| ડેન્ગ્યુ | ૨૫૧૭ | ૧૬૬૭ | ૩૨૦૪ | ૬૦૮૪ | ૨૩૮૬ |
| કમળો | ૫૪૫૫૧ | ૪૫૬૯૨ | ૩૯૩૬૦ | ૩૬૧૩૮ | ૯૪૭૫ |
| મલેરીયા | ૬૮૭૪૪ | ૮૯૧૭૯ | ૭૫૧૫૫ | ૫૭૯૨૨ | ૪૦૪૪૦ |

હાર્ટ અને કિડની રોગોની વિગતો સંસ્થા દ્વારા જિલ્લાવાર નિભાવવામાં આવતું નથી તેથી કુલ વિગતો પુરી પાડેલ છે જ્યારે અન્ય તમામ રોગોની જિલ્લાવાર કેસોની વિગત દર્શાવતા * પત્રકો આ સાથે સામેલ રાખેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### જુનાગઢ અને પોરબંદર જીલ્લાની જનરલ હોસ્પિટલોમાં ડોક્ટરોની ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૧૦૦૧૭ (૨૬–૧૦–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જુનાગઢ અને પોરબંદર જીલ્લાની જનરલ હોસ્પિટલમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા અને કયા ડોક્ટરોની જગ્યા કેટલા સમયથી ખાલી છે,

(૨) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત તમામ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨–૦૬–૨૦૧૭)

(૧) સામેલ પત્રક–અ મુજબ

(૨) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે.

(૩) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

પત્રક–અ

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ અને પોરબંદર જીલ્લાની જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે.

(૧) જુનાગઢ જિલ્લો–

| ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|
| ૨ | અનુક્રમે–<br>તા. ૧૮–૯–૨૦૧૦<br>તા. ૩૧–૧૨–૨૦૧૩ |
| (૨) પોરબંદર જિલ્લો– | |
| ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી ખાલી છે. |
| ૭ | અનુક્રમે–<br>તા. ૨૪–૩–૨૦૧૩<br>તા. ૨૬–૩–૨૦૧૩<br>તા. ૩૦–૮–૨૦૧૩ (બે જગ્યા)<br>તા. ૩૦–૧૧–૨૦૧૪<br>તા. ૧૯–૧૨–૨૦૧૫<br>તા. ૧–૫–૨૦૧૬ |

--------

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરેલ દર્દીઓ

અતારાંકિતઃ ૧૦૪૩૩ (૨૪–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી સન ૨૦૧૫ કેટલા દર્દીઓને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા, અને

(૨) તેના મુખ્યત્વે શા કારણો હતા ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩–૬–૨૦૧૭)

(૧) ગાંધીનગર જીએમઈઆરએસ હોસ્પિટલમાંથી સન ૨૦૧૫માં કુલ–૩૭૨૮ દર્દીઓને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ છે.

(૨) આ દર્દીઓને જે તે રોગની સઘન સારવારના હેતુથી દર્દીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવેલ છે.

--------

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પ્રસુતા સ્ત્રીઓ પાસેથી નિયમિત/ફરજીયાત રૂપિયા ઉઘરાવતા આરોગ્ય કર્મીઓ

અતારાંકિતઃ ૧૦૬૨૪ (૨૪–૧૧–૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં પ્રસુતા સ્ત્રીઓ પાસેથી સંબંધિત નર્સો સહિતના આરોગ્ય કર્મીઓ નિયમિત/ફરજીયાત રૂપિયા ઉઘરાવતા હોવાની કોઈ ઘટના ઓગસ્ટ–૨૦૧૬માં બનેલ હતી તે ફરિયાદ સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત ગેરકાયદે પ્રવૃત્તિ કરનાર કેટલા આરોગ્ય કર્મીઓ સામે શા પગલા લેવાયા ?

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩-૦૬-૨૦૧૭)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલોના કમ્પાઉન્ડમાં પરવાનગી વિના બનાવેલ હોજ

અતારાંકિતઃ ૧૦૬૩૦ (૨૪-૧૧-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં આશરે ૨૦ ફૂટ ઊંડો ગેરકાયદે હોજ બનાવવામાં આવ્યોછે અને સપ્ટેમ્બર-૨૦૧૬માં એક શ્રમિકનું તેમાં ડૂબી જવાથી મોત થયુ હોવા છતાં પણ હોસ્પિટલ સત્તાવાળા તરફથી કોઈ જ પોલીસ ફરિયાદ થઇ નથી તે બાબતથી હકીકત સાચી છે કે કેમ ?

(૨) જો હા તો, ઉક્ત ગેરકાયદે હોજ કોની પરવાનગીથી બનાવાયો છે, અને

(૩) ઉક્ત ગેરકાયદે હોજ ક્યાં સુધીમાં પુરી દેવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨-૬-૨૦૧૭)

(૧) અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં આશરે ૨૦ ફૂટ ઉંડો હોજ O.P.D.ના બાંધકામના ક્યોરીંગ માટે P.I .U. ની મૌખિક મંજૂરી અન્વયે મેસર્સ માલાણી કન્સ્ટ્રકશન દ્વારા બનાવવામાં આવેલ. તેમાં ડૂબી જવાથી શ્રમિકનું મોત થયેલ છે તે બાબત સાચી છે. શ્રમિકને સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ. સોલા સિવિલ હોસ્પિટલના ફરજ પરના તબીબી અધિકારીએ શ્રમિકને મૃતક જાહેર કરીને સોલા પોલીસ સ્ટેશન, અમદાવાદને વર્ધી લખાવીને જાણ કરેલ છે.

(૨) ઉપર મુજબ

(૩) ઉક્ત હોજ તા. ૩૦-૯-૨૦૧૬ના રોજ પુરી દેવામાં આવેલ છે.

---------

ગુજરાત રાજ્ય સેવા તબીબી સારવાર નિયમો, ૨૦૧૫ની અમલવારી બાબત

અતારાંકિતઃ ૧૧૭૪૭ (૨૯-૦૪-૨૦૧૭) શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત રાજ્ય સેવા (તબીબી) નિયમો-૨૦૧૫ અમલી બન્યા તે તારીખ ૨૪-૮-૨૦૧૫ થી તા. ૨૯-૮-૨૦૧૬ સુધીના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓએ ખાનગી હોસ્પિટલ ખાતે લીધેલ તબીબી સારવારનો ખર્ચ મજર મેળવવા માટેની કેટલી દરખાસ્તો તા. ૩૧-૩-૧૭ની સ્થિતિએ આરોગ્ય વિભાગને મળેલ છે,

(૨) ઉક્ત સમયગાળા દરમિયાન ખાનગી હોસ્પિટલ ખાતે લીધેલ તબીબી સારવારનો ખર્ચ મજરે મેળવવા અરજી કરનાર રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓ એવા લાભાર્થીઓને આરોગ્ય વિભાગના તા. ૩૦-૮-૨૦૧૬ના ઠરાવથી જોગવાઈના લાભથી વંચિત રાખવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત સમયગાળા દરમિયાન આરોગ્ય વિભાગને મળેલ દરખાસ્તો પૈકી તા. ૩૧-૩-૨૦૧૭ની સ્થિતિએ પડતર રહેલ દરખાસ્તોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨-૬-૨૦૧૭)

(૧) ગુજરાત રાજ્ય સેવા (તબીબી) નિયમો-૨૦૧૫ અમલી બન્યા તે તારીખ ૨૪-૮-૨૦૧૫ થી તા. ૨૯-૮-૨૦૧૬ સુધીના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓએ ખાનગી હોસ્પિટલ ખાતે લીધેલ તબીબી સારવારનો ખર્ચ મજરે મેળવવાની જુદા જુદા વિભાગોમાંથી અંદાજીત ૩૧૭ દરખાસ્ત મળેલ છે.

(૨) સરકારશ્રીના કોઈપણ ઠરાવો, ઠરાવ બહાર પડ્યા તારીખથી જ અમલમાં આવે છે, તેથી, કોઈને વંચીત રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આવી કોઈ દરખાસ્તો વિભાગ કક્ષાએ પડતર નથી.

---------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર વિરૂધ્ધ ફરીયાદ

અતારાંકિતઃ ૯૦૦૯ (૭-૯-૨૦૧૬) શ્રી પૂંજાભાઈ વંશ (ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરીયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫-૦૬-૨૦૧૭)

(૧) ઉક્ત જિલ્લા પૈકી અમરેલીમાં ૦૧ અને બોટાદ જિલ્લામાં ૦૨ ફરિયાદ મળેલ છે.

(૨) એક પણ નહિ.

---------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર વિરૂધ્ધ ફરીયાદ

અતારાંકિતઃ ૯૪૯૯ (૦૭–૦૯–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫–૦૬–૨૦૧૭)

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ૦૬ ફરિયાદ મળેલ છે.

(૨) એક પણ નહિ.

---------

આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર વિરૂધ્ધ ફરીયાદ

અતારાંકિતઃ ૯૬૩૨ (૦૭–૦૯–૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) આણંદ, ખેડા, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૫–૬–૨૦૧૭)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લા પોલીસતંત્ર વિરૂધ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૯૭૭૧ (૧૭–૧૧–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫–૦૬–૨૦૧૭)

(૧) કચ્છ જિલ્લાની ૦૭ ફરિયાદો મળેલ છે.

(૨) એક પણ નહિં

---------

જૂનાગઢ અને પોરબંદર જિલ્લા પોલીસતંત્ર વિરૂધ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૯૯૪૬ (૧૭–૧૧–૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫–૦૬–૨૦૧૭)

(૧) જૂનાગઢ જિલ્લામાં ૦૪ અને પોરબંદર જિલ્લામાં ૦૩ ફરિયાદ મળેલ છે.

(૨) એક પણ નહિ

---------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લા પોલીસતંત્ર વિરૂધ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૧૦૦૫૬ (૧૭–૧૧–૨૦૧૬) શ્રી સી.કે.રાઉલજી (ગોધરા): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫-૦૬-૨૦૧૭)

(૧) પંચમહાલ - ૦૪
દાહોદ - ૦૫
મહીસાગર - નીલ

(૨) એક પણ નહીં.

---------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર વિરૂધ્ધ ફરિયાદ

અતારાંકિતઃ ૧૦૪૨૧ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં એફ.આઈ.આર. નોંધવાના ઈન્કાર થયાની કેટલી ફરિયાદો ગૃહ વિભાગને સન ૨૦૧૫માં મળી, અને

(૨) તે અન્વયે કેટલા જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૦૫-૦૬-૨૦૧૭)

(૧) બનાસકાંઠા જિલ્લામાં કોઈ ફરિયાદ મળેલ નથી જ્યારે સાબરકાંઠા જિલ્લામાં ૦૧ અને અરવલ્લી જિલ્લામાં ૦૭ ફરિયાદ મળેલ છે.

(૨) એક પણ નહીં.

---------

કલોલ તાલુકામાં આગના બનાવ

અતારાંકિતઃ ૧૧૭૪૫ (૨૪-૦૩-૨૦૧૭) શ્રી બળદેવજી ઠાકોર (કલોલ): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આગ લાગવાના કેટલા બનાવો બન્યા, અને

(૨) આ બનાવોમાં કેટલી જાનહાનિ થઈ?

મુખ્યમંત્રીશ્રી(ગૃહ) : (૫-૬-૨૦૧૭)

(૧) ૪૩

(૨) આ બનાવોમાં બે વ્યક્તિઓની જાનહાનિ થયેલ છે.

---------

ખાણ-ખનિજ પ્રભાગ અને તેના તાબાની કચેરીનું મહેકમ

અતારાંકિતઃ ૧૧૦૭૨ (૦૩-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ખાણ-ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) : (૧૪-૦૬-૨૦૧૭)

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ખાણ-ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે જણાવ્યા પ્રમાણે છે.

| ખાણ-ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં મંજુર જગ્યાઓ | | | |
|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| ૫૪ | ૭૦ | ૬૭૫ | ૯૩ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| ખાણ-ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં ભરાયેલ જગ્યાઓ | | | |
|---|---|---|---|
| વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| ૨૨ | ૨૭ | ૨૯૩ | ૪૬ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે તેની વિગત નીચે મુજબ છે.

| ખાણ–ખનિજ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં ખાલી જગ્યાઓ | | | |
|---|---|---|---|
| વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૩૨ | ૪૩ | ૩૮૨ | ૪૭ |

ભરતીની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા હોઈ, વર્ગ–૧ અને વર્ગ–૨ સંવર્ગની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ અને વર્ગ–૩ની ખાલી જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવાની કાર્યવાહી ચાલુ છે. જ્યારે વર્ગ–૪ સંવર્ગની ખાલી જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧–૦૪–૨૦૧૦ના ઠરાવની જોગવાઈ મુજબ આઉટસોર્સીંગથી ભરવામાં આવે છે.

--------

છોટા ઉદેપુર જિલ્લાના ગામોને મળેલ નર્મદા યોજનાની સિંચાઈનો લાભ

અતારાંકિતઃ ૧૧૭૨૯ (૦૩–૦૩–૨૦૧૭) શ્રી ધીરુભાઈ ભીલ (સંખેડા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના નસવાડી, સંખેડા અને બોડેલી તાલુકાના ક્યા ગામોની કેટલા હેક્ટર જમીનને નર્મદા યોજનાની કેનાલોથી સિંચાઈનો લાભ આપવાનું આયોજન કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાઓમાં ગામવાર કેટલા હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કમાંડ વિસ્તારના ગામો પૈકી સિંચાઈથી વંચિત ગામ કયા છે, અને તે વંચિત રહેવાના કારણો શું છે અને ઉક્ત વંચિત ગામોને ઉક્ત સિંચાઈનો સત્વરે લાભ આપવા માટે સરકારનું શું આયોજન છે ?

નાયબ મુખ્ય મંત્રી(નર્મદા) : (૧૦–૦૫–૨૦૧૭)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ મુજબ.

(૩) *પત્રક–૩ મુજબ.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

બનાસકાંઠામાં નર્મદા યોજનાની પેટા નહેરો, ઢાળિયા તુટવાના કારણો

અતારાંકિતઃ ૧૧૭૩૯ (૧૮–૦૩–૨૦૧૭) શ્રી ગોવાભાઈ રબારી (ડીસા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં વર્ષવાર નર્મદા યોજનાની પેટા નહેરો કે ઢાળિયા વગેરે તુટી જવાના કેટલા બનાવો

(૨) ઉક્ત નહેરો કે ઢાળિયા વારંવાર તુટી જવાના કારણે ઉક્ત સ્થિતિએ જવાબદાર કોન્ટ્રાક્ટર સામે શા પગલા લીધા, અને

(૩) બનાસકાંઠા જિલ્લાની ઉક્ત તમામ નહેરોની ચકાસણી કરી મજબુતાઈ વધારવા ઉક્ત સ્થિતિએ સરકારે ક્યારે શી કાર્યવાહી કરી ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) : (૨૪–૫–૨૦૧૭)

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં વર્ષવાર નર્મદા યોજનાની પેટા નહેરો, ઢાળિયા વગેરે તુટી જવાના બનેલ બનાવો નીચે મુજબ છે.

| વર્ષ | વર્ષ દરમ્યાન બનેલ બનાવો |
|---|---|
| ૨૦૧૫ | ૦૭ |
| ૨૦૧૬ | ૭૦ |
| કુલ | ૭૭ |

(૨) નીચે મુજબના કારણોસર નહેરો તૂટવાના બનાવો બનવા પામેલ છે.

- નહેરોના પાળા ઉપર અનઅધિકૃત રીતે મશીનો મૂકી નહેરમાંથી પાણી ખેંચી સિંચાઈ કરવામાં આવે છે. આ મશીનો ગમે ત્યારે એક સાથે બંધ થતાં નહેરમાં પાણીનો પ્રવાહ વધી જવાથી ઓવરફ્લો થઈ નહેરમાં ભંગાણ પડે છે.
- અનઅધિકૃત લોકો દ્વારા અનિયંત્રિત રીતે ગેટ બંધ કરવાથી કે ખોલવાથી
- નહેરમાં આડશ મુકવાથી

- કેનાલ સાયફનમાં કચરો/મૃત પ્રાણી ફસાઈ જવાથી પણ કેનાલ તુટવાના બનાવ બનેલ છે.

ઉપરોક્ત કારણોસર નહેર તૂટે છે, જેથી સંબંધિત કોન્ટ્રાક્ટરો સામે કોઈ પગલાં લેવાના થતાં નથી.

(૩) ઉક્ત નહેરોનું બાંધકામ નિયત થયેલ ડિઝાઈન તેમજ ધારા ધોરણ મુજબ થયેલ છે અને બાંધકામ દરમ્યાન તેનું સતત ધોરણે ગુણવત્તા નિયમનની કચેરી દ્વારા લેબોરેટરી પરીક્ષણ કરાવીને ગુણવત્તા બાબતની ચકાસણી કરી પ્રમાણિત કરાયેલ છે. આમ છતાં કેનાલ નેટવર્ક અસરકારક રીતે વધારાના પાણીનું વ્યવસ્થાપન કરી શકે તે માટે નીચે મુજબના આનુષાંગિક પગલા લેવામાં આવી રહેલ છે.

- આલેખન વર્તુળ હેઠળના તાંત્રિક અધિકારીઓ દ્વારા દરેક નહેરની વોક થ્રુ સર્વે કરી તેમના રીપોર્ટ મુજબની આનુષાંગિક કામગીરી કરવામાં આવે છે.
- નહેરોમાં નિવૃત્ત મુખ્ય ઈજનેરશ્રી કક્ષાના નિષ્ણાત કન્સલટન્ટો મારફતે નિગમે કરાવેલ અભ્યાસના ભાગરૂપે મળેલ સુચનો મુજબ જરૂરી કામગીરી કરાવવાનું આયોજન કરેલ છે.
- વિશાખા નહેરો તથા પ્રશાખા નહેરોમાં નિયંત્રણ માટેના દરવાજા (C.R./H.R.) મૂકવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જેથી નહેરોના વ્યવસ્થાપનમાં અસરકારકતા વધશે.
- નહેરોની સલામતી માટે વધારાના પાણીના નિકાલ માટેના Escape Structure બનાવવા માટેનું આયોજન કરેલ છે.
- કેનાલ સાયફનની અપસ્ટ્રીમ સાઈડે નહેરની બન્ને બાજુ સિમેન્ટ કોન્ક્રીટ વોલ બનાવવાનું આયોજન છે.
- સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ સિંચાઈના પાણીનો ખેડૂતો વારાબંધી મુજબ ઉપયોગ કરે તે માટે તથા પિયત સહકારી મંડળીઓના મંત્રીઓ તથા પ્રમુખો સાથે ખેડૂતોની જે તે ગામોમાં બેઠકો યોજવામાં આવે છે. સદર બેઠકોમાં ખેડૂતોને જરૂરી વારાબંધીના ફાયદા, સિંચાઈનો ફાયદો વગેરે સમજ આપી જાગૃતિ આણવાનો પ્રયત્ન કરવામાં આવે છે આના પરિણામે ખેડૂતો નહેરના પાણીનો ઉપાડ વ્યવસ્થિત રીતે કરતાં થશે તેવી અપેક્ષા છે આના પરિણામે ભંગાણ પડવાની શક્યતા ઘટાડી શકાશે.

--------

ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણી માટેની માંગણી

અતારાંકિતઃ ૧૧૭૪૬ (૨૪-૩-૨૦૧૭) શ્રી બળદેવજી ઠાકોર (કલોલ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પીવાનું પાણી પૂરૂ પાડવા માટે કેટલી માંગણીઓ આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓવરહેડ ટાંકી બનાવવા માટે કયા કયા ગામો માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી અને તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો તથા તે રકમ પૈકી કેટલી રકમ ખર્ચ કરવાની બાકી છે ?

પાણી પુરવઠા મંત્રીશ્રી : (૧૧-૫-૨૦૧૭)

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જીલ્લામાં તાલુકાવાર પીવાનું પાણી પુરૂ પાડવા માટે નીચેની વિગતે ૯૦ માંગણીઓ આવેલ છે. માંગણીવાળા તમામ ગામો નર્મદા આધારીત જુથ પાણી પુરવઠા યોજનામાં જોડાયેલ છે.

| તાલુકો | માંગણીની સંખ્યા (૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬) | માંગણીની સંખ્યા (૧-૨-૧૬ થી ૩૧-૧-૧૭) | કુલ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૧૫ | ૧૩ | ૨૮ |
| કલોલ | ૭ | ૪ | ૧૧ |
| માણસા | ૧૧ | ૮ | ૧૯ |
| દહેગામ | ૧૦ | ૨૨ | ૩૨ |
| કુલ | ૪૩ | ૪૭ | ૯૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પરિશિષ્ટ મુજબ ૧૬ ઓવરહેડ ટાંકીઓ બનાવવા માટે રૂ. ૧૯૪.૫૨ લાખ મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી રૂ. ૧૨૧.૬૩ લાખનો ખર્ચ થયેલ છે અને રૂ. ૪૨.૭૯ લાખનો ખર્ચ કરવાનો બાકી છે.

પરિશિષ્ટ

| ક્રમ | ગામ | મંજૂર કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | થયેલ ખર્ચ (લાખમાં) | ખર્ચ કરવાની બાકી રહેતી રકમ (લાખમાં) | નોંધ |
|---|---|---|---|---|---|
| વર્ષ-૨૦૧૫ | | | | | |

| ક્રમ | ગામ | મંજૂર કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | થયેલ ખર્ચ (લાખમાં) | ખર્ચ કરવાની બાકી રહેતી રકમ (લાખમાં) | નોંધ |
|---|---|---|---|---|---|
| તા. ગાંધીનગર | | | | | |
| ૧ | રાંધેજા | ૧૮.૦૦ | ૧૮.૦૦ | ૦.૦૦ | |
| ૨ | આલમપુર | ૧૬.૪૭ | ૧૨.૧૦ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| ૩ | પ્રભુપુરા (વલાદ) | ૬.૫૮ | ૬.૧૪ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| ૪. | સોનારડા | ૧૬.૪૭ | ૧૧.૯૮ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| તા. કલોલ | | | | | |
| ૫ | પિયજ | ૪.૯૦ | ૪.૯૦ | ૦.૦૦ | |
| ૬ | પિયજ | ૧૬.૪૬ | ૧૨.૧૪ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| ૭ | મુબારકપુરા | ૧૧.૨૨ | ૯.૫૦ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| તા. માણસા | | | | | |
| ૮ | અજરપુરા | ૧૧.૨૨ | ૯.૯૦ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| તા. દહેગામ | | | | | |
| ૯ | નાંદોલ | ૨૦.૪૪ | ૧૪.૪૦ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| ૧૦ | મોટા પશુણીયા | ૬.૫૮ | ૬.૨૭ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| વર્ષ – ૨૦૧૬ | | | | | |
| તા. ગાંધીનગર | | | | | |
| ૧૧ | વલાદ | ૧૭.૫૯ | ૨.૩૭ | ૧૨.૦૦ | પ્રગતિમાં |
| તા. કલોલ | | | | | |
| ૧૨ | અઢાણા સબ હે.વ. | ૧૭.૬૩ | ૦.૦૦ | ૧૭.૬૩ | ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ છે. |
| ૧૩ | રાજનગર (સાંતેજ) | ૬.૫૮ | ૫.૪૭ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| તા. માણસા | | | | | |
| ૧૪ | બળીયાનગર (માણેકપુર) | ૧૧.૨૨ | ૮.૪૬ | ૦.૦૦ | યોજનાકીય કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ છે. |
| તા. દહેગામ | | | | | |
| ૧૫ | જીવાજીની મુવાડી | ૬.૫૮ | ૦.૦૦ | ૬.૫૮ | ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ છે. |
| ૧૬ | દાનભાઈના પરા (હરસોલી) | ૬.૫૮ | ૦.૦૦ | ૬.૫૮ | ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ છે. |
| | કુલ | ૧૯૪.૫૨ | ૧૨૧.૬૩ | ૪૨.૭૯ | |

--------

નાણા પંચની ભલામણ અનુસાર પંચાયતની રાજ સંસ્થાઓને સંગીન બનાવવા માટે રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૬૦ (૧૮–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) નાણાપંચની ભલામણ અનુસાર પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બનાવવા માટે ભારત સરકાર તરફથી તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૦૧–૦૬–૨૦૧૭)

(૧) હા

(૨) વર્ષવાર રાજ્ય સરકારને પાંચ વર્ષમાં નીચે મુજબની રકમ મળેલ છે.

| વર્ષ | મળેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૩૪૪૮૦.૮૯ |
| ૨૦૧૩–૧૪ | ૩૯૫૯૬.૨૪ |
| ૨૦૧૪–૧૫ | ૫૨૫૨૫.૭૨ |
| ૨૦૧૫–૧૬ | ૯૩૨૨૫.૦૦ |
| ૨૦૧૬–૧૭ | ૬૪૫૪૩.૦૦ |
| (તા. ૩૦–૧૧–૧૬ સુધી) | |

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર ખર્ચ નીચે મુજબ કરવામાં આવેલ છે.

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૩૨૪૦૯.૫૭ |
| ૨૦૧૩–૧૪ | ૩૮૧૧૯.૭૭ |
| ૨૦૧૪–૧૫ | ૪૮૯૮૭.૩૩ |
| ૨૦૧૫–૧૬ | ૪૯૦૪૫.૫૮ |
| ૨૦૧૬–૧૭ | ૨૪૯૬૬.૧૬ |
| (તા. ૩૦–૧૧–૧૬ સુધી) | |

--------

### આંગણવાડી વર્કરોની મુખ્ય સેવિકાની જગ્યા પર નિયુક્તિ

અતારાંકિતઃ ૧૧૬૧૪ (૧૮–૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૧૬ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી વર્કરોને મુખ્યસેવિકાઓની જગ્યાઓ ઉપર નિયુક્ત કરવામાં આવે છે. જેમાં ૪૫ વર્ષ સુધીની વયમર્યાદા નક્કી કરેલ છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત વયમર્યાદામાં વધારો કરી શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી મહિલાઓને મુખ્યસેવિકાઓ તરીકે નિમણુંક આપવા ઉક્ત સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં વિભાગ કક્ષાએ કેટલી રજૂઆતો મળી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૩૦–૧૧–૨૦૧૬)

(૧) હા

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગમાં ૩૦ અરજીઓ મળેલ છે.

--------

### ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં સરકારી પડતર જમીન ખેતી વિષયક હેતુ માટે આપવા બાબત

અતારાંકિતઃ ૧૧૭૨૫ (૧૧–૩–૨૦૧૭) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૦૧–૧૧–૨૦૦૩ના મહેસૂલ વિભાગના ઠરાવ મુજબ સરકારી પડતર જમીન પૈકી ખેતી વિષયક હેતુ માટે
તા. ૩૦–૧–૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં કેટલી જમીન આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી દલિત સમાજના કેટલા લાભાર્થીઓને આપવામાં આવી ?

મહેસૂલ મંત્રીશ્રી : (૧૦–૫–૨૦૧૭)

(૧) ભાવનગર અને અમદાવાદ જિલ્લામાં તા. ૩૦–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેતીના હેતુ માટે સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

--------

### રાજ્યમાં કાર્યરત સોલાર પાવર પ્લાન્ટ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિતઃ ૧૧૭૨૩ (૯–૨–૨૦૧૭) શ્રી પુંજાભાઈ વંશ (ઉના): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કયા કયા સ્થળે, કેટલી ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ (પ્રોજેક્ટ) કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાવર પ્લાન્ટવાર કેટલી કેટલી સોલાર ઉર્જા ઉત્પન્ન થયેલ છે, અને

(૩) ઉક્ત ઉત્પન્ન થયેલ સોલાર ઉર્જા અન્વયે કોની પાસેથી કયા ભાવે કેટલી વીજળી સરકારે ખરીદી કરી ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૬–૫–૨૦૧૭)

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં સુરેન્દ્રનગર, સાબરકાંઠા, કચ્છ, રાજકોટ, પાટણ, ભરૂચ, સુરત, પોરબંદર, અમદાવાદ, ગાંધીનગર, જામનગર, ઉના, અમરેલી, વડોદરા, આણંદ, પંચમહાલ જેવા વિવિધ સ્થળોએ ૧૧૧૫.૩૭ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ કાર્યરત છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આવેલ સોલાર પાવર પ્લાન્ટોની ક્ષમતા અને તે દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને પ્લાન્ટવાર ઉત્પન્ન થયેલ વીજળીની વિગતો *પત્રક–૧માં સામેલ છે.

(૩) ઉત્પન્ન થતી વીજળી પાવર પરચેઝ એગ્રીમેન્ટ અનુસાર વીજ કંપનીઓ ખરીદે છે. રાજ્ય સરકાર વીજળી ખરીદતી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

### બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટો પર એ.સી.બી.ની રેડ

અતારાંકિતઃ ૧૦૬૫૧ (૨૨–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) બનાસકાંઠા જિલ્લાની થરાદ, અમીરગઢ, ગુંદરી, કચ્છના સામખીયાળી અને શામળાજી ચેકપોસ્ટ ઉપર એન્ટી કરપ્શન બ્યુરોએ તા. ૨૧–૧૦–૨૦૧૬ના રોજ સર્ચ ઓપરેશન હાથ ધરી આશરે આઠ જેટલા એજન્ટો પકડી પાડ્યા હતા તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત બનાવ અન્વયે સંબંધિત કેટલા આર.ટી.ઓ. અધિકારીઓ તથા એજન્ટો સામે શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૫–૬–૨૦૧૭)

(૧) બનાસકાંઠા જિલ્લાની થરાદ, અમીરગઢ, ગુંદરી, કચ્છના સામખીયાળી અને શામળાજી ચેકપોસ્ટ ઉપર એસીબી ધ્વારા તા. ૨૧–૧૦–૨૦૧૬ના રોજ સર્ચ ઓપરેશન હાથ ધરેલ તે હકીકત સાચી છે પરંતુ આ કાર્યવાહીમાં આઠ જેટલા એજન્ટ પકડી પાડ્યા હતા તે હકીકત સાચી નથી.

(૨) ઉપરોક્ત ચેકપોસ્ટ પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવેલ જે પૈકી સામખીયાળી ચેકપોસ્ટ પર કરેલ સરપ્રાઈઝ ચેકીંગ અંગે કચ્છ (પૂર્વ) એ.સી.બી. પોલીસ સ્ટેશને જાણવાજોગ એન્ટ્રી નં. ૧/૨૦૧૬ તા. ૨૧–૧૦–૨૦૧૬થી સ્ટેશન ડાયરી નોંધ કરી તપાસ હાથ ધરેલ છે જે હાલમાં ચાલુ છે.

તેમજ શામળાજી ચેકપોસ્ટ ખાતે એ.સી.બી. દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવેલ અને પ્રસ્તુત બાબતે અરવલ્લી એ.સી.બી. પોલીસ સ્ટેશને જાણવાજોગ એન્ટ્રી નં. ૧/૨૦૧૬, તા. ૨૧–૧૦–૨૦૧૬થી નોંધ કરી તપાસ હાથ ધરેલ છે જે હાલમાં ચાલુ છે.

--------

### આર.ટી.ઓ. દ્વારા ડ્રાયવરોને પેસેન્જર બેઝ નંબર

અતારાંકિતઃ ૧૧૭૩૩ (૧૪–૦૩–૨૦૧૭) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી દ્વારા ડ્રાયવરોને પેસેન્જર બેઝ નંબર આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ડ્રાયવરો દ્વારા બેઝ નંબર ફરજિયાત લગાવવામાં આવતા નથી તો તે સામે સરકારે છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧–૬–૨૦૧૭)

(૧) ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરી દ્વારા ડ્રાયવરોને પેસેન્જર બેઝ નંબર આપવામાં આવે છે તે હકીકત સાચી છે.

(૨) આવા કોઈ કેસ મળેલ ન હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૦૭૩૧, ૧૦૮૮૬, ૧૧૭૨૪, ૧૧૭૩૪, ૧૧૭૩૫, ૧૧૭૩૬ | ૦૬ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૫૧૦૪, ૫૧૨૯, ૫૪૧૮, ૮૯૨૯, ૯૦૪૭, ૯૦૪૯, ૯૪૦૦, ૯૪૦૨, ૯૪૦૯, ૯૪૧૧, ૯૫૮૦, ૯૭૨૨, ૧૦૬૮૭, ૧૦૯૨૭, ૧૦૯૩૨, ૧૧૧૨૫, ૧૧૫૫૩, ૧૧૫૫૪, ૧૧૫૬૪ | ૧૯ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૯૩૯૬ | ૦૧ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૩૧૦, ૧૦૦૧૭, ૧૦૪૩૩, ૧૦૬૨૪, ૧૦૬૩૦, ૧૧૭૪૭ | ૦૬ |
| ૫ | ગૃહ વિભાગ | ૯૦૦૯, ૯૪૯૯, ૯૬૩૨, ૯૭૭૧, ૯૯૪૬, ૧૦૦૫૬, ૧૦૪૨૧, ૧૧૭૪૫ | ૦૮ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૧૦૭૨ | ૦૧ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૧૭૨૯, ૧૧૭૩૯, ૧૧૭૪૬ | ૦૩ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૧૨૬૦, ૧૧૬૧૪ | ૦૨ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૧૧૭૨૫ | ૦૧ |
| ૧૦ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૧૭૨૩ | ૦૧ |
| ૧૧ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૧૦૬૫૧, ૧૧૭૩૩ | ૦૨ |
| | | કુલ | ૫૦ |

--------

### તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિથી થયેલ નુકસાન બાબત

શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમનું નિવેદન કરવા વિનંતી કરું છું.

'' ચાલુ ચોમાસાની સીઝનમાં થયેલા ભારે વરસાદને કારણે આવેલ પૂરથી બનાસકાંઠા અને પાટણ જિલ્લાના વિસ્તારોમાં મકાનો ધરાશયી થયા છે, નાગરિકો બેઘર થયા છે, પાંજરાપોળમાં તેમજ અન્ય જગ્યાએ પશુઓના મોત થયા છે, જમીનનું ધોવાણ થયું છે તથા પાકને પણ નુકસાન થયું છે. આ બંન્ને જિલ્લાઓમાં થયેલા નુકસાનીના શક્ય એટલા ઝડપી અંદાજો મેળવીને અતિવૃષ્ટિનો ભોગ બનેલા નાગરિકો, ખેડૂતો, પશુપાલકો તેમજ પશુઓ માટેની જરૂરિયાત મુજબની સહાય પહોંચાડી જનજીવનને ફરી ધબકતું કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ચાલુ વર્ષે ચોમાસાની શરૂઆત નિયમીત રીતે થઇ હતી પરંતુ રાજ્યના બનાસકાંઠામાં અને પાટણ જિલ્લામાં તા. ૨૩-૨૪ જુલાઈ ૨૦૧૭ના રોજ થયેલ અતિ ભારે વરસાદ તેમજ રાજસ્થાનના સરહદી જિલ્લાઓમાં થયેલા અતિભારે વરસાદના પરિણામે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પૂરનું સંકટ ઊભુ થયેલ હતું. જનજીવન તેમજ પશુધન અતિ વિકટ પરિસ્થિતિમાં મુકાયેલ હતાં તેમજ આંતરમાળખાકીય સુવિધાઓને પણ મોટું નુકસાન થવા પામેલ હતું. બનાસકાંઠા જિલ્લામાં તા. ૨૪-૨૫-૨૬ અને ૨૭ જુલાઈ ૨૦૧૭ના વરસાદના આંકડા ધ્યાને લેતા બનાસકાંઠા જિલ્લામાં વાર્ષિક સરેરાશ વરસાદના ૧૬૩.૦૨ % જેટલો વરસાદ નોંધાયેલો હતો તેમજ પાટણ જિલ્લામાં વાર્ષિક સરેરાશ વરસાદમાં ૧૩૮.૨૮ % વરસાદ નોંધાયેલ હતો. અતિભારે વરસાદને કારણે આપત્તિજનક પરિસ્થિતિ નિવારી શકાય તે માટે ગુજરાત સરકાર દ્વારા ભારતના હવામાન વિભાગ સાથે સઘન સંકલન કરી હવામાન પરિસ્થિતિ પર સતત નજર રાખી ગંભીર બનતી જતી પરિસ્થિતિ અટકાવવા માટે પૂર્વ આયોજન હાથ ધરવામાં આવેલ. માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા આ સંજોગોમાં SEOC, ગાંધીનગર ખાતે તા:૨૩/૭/૨૦૧૭ ના રોજ તમામ વિભાગોના સબંધિત સચિવશ્રીઓ સાથે તાકીદની મિટિંગ હાથ ધરી બચાવ અને રાહત કામગીરીની સમીક્ષા કરી આગળની કામગીરી માટે માર્ગદર્શન પૂરૂ પાડેલ. તથા ત્યારબાદ પ્રેસ કોંન્ફરન્સ યોજીને સરકારશ્રીની કામગીરીથી પ્રજાજનોને વાકેફ કર્યા હતા.

SEOC મારફતે તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને સજાગ થવા આગોતરી ચેતવણી આપવામાં આવેલ. કલેક્ટરશ્રીઓ મારફતે જોખમી વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાની પ્રક્રિયા તાકીદે શરૂ કરવામાં આવી હતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન મુજબ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામ્ય કક્ષાએ સરપંચશ્રી, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ મારફતે તેમજ પ્રસાર

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

માધ્યમો અને એસ.એમ.એસ. વગેરે ઈલેક્ટ્રોનિક સંદેશાઓ દ્વારા સઘન પ્રયત્નો થકી આપત્તિ અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા. ગુજરાત રાજ્યમાં સૌથી વધારે અસરગ્રસ્ત બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ૬૮,૫૭૨ લોકોનું સલામત સ્થળે આગોતરુ સ્થળાંતર કરાયેલ. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા હંગામી રીતે સ્થળાંતરીત લોકો માટે ભોજનની વ્યવસ્થા તેમજ પ્રાથમિક આરોગ્યની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહેસુલ વિભાગ દ્વારા એન.ડી.આર.એફ., એસ.ડી.આર.એફ., આર્મી, બી.એસ.એફ., એરફોર્સ અને નેવીની ટીમની ફાળવણી કરવામાં આવેલ. પરંતુ કુદરતી પરિસ્થિતિ સામે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ખૂબ જ વ્યાપક પ્રમાણમાં નુકસાન થયેલ હતું.

આ દિવસો દરમ્યાન માન. મુખ્યમંત્રીશ્રી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રી, માન. મહેસૂલ મંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી, અગ્ર સચિવશ્રી (મહેસૂલ) તથા સબંધિત અધિકારીશ્રીઓએ SEOC ખાતે ઉપસ્થિત રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી હતી અને વહીવટીતંત્રને જરૂરી કામગીરી પરત્વે માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું. સાથેસાથે પ્રજાને હવામાન ખાતાની આગાહી, વરસાદની પરિસ્થિતિ તેમજ બચાવ રાહતની કામગીરી બાબતે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડિયા તેમજ સોશિયલ મિડિયા થકી સતત માહિતગાર કર્યા હતા. માન.મુખ્યમંત્રીશ્રીએ તા: ૨૪/૦૭/૨૦૧૭ ના રોજ બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરી જાત માહિતી મેળવેલ હતી.

બચાવ અને રાહત કામગીરીના ભાગરૂપે એન.ડી.આર.એફ.ની ૬ ટીમો દ્વારા બનાસકાંઠામાં ૩૨૨૧ અને પાટણમાં ૧૭૦૯ વ્યક્તિઓનું રેસ્ક્યુ હાથ ધરવામાં આવેલ તેમજ ફૂડ પેકેટ તથા રાહત સામગ્રી વિતરણ કરવામાં મદદ કરાયેલ. સેનાની ટુકડી દ્વારા બનાસકાંઠામાં ૩૫૧૨ અને પાટણ જિલ્લામાં ૨૮૮૫ રેસ્ક્યુ કરાયેલ તેમજ ફૂડ પેકેટ તથા રાહત સામગ્રી વિતરણ કરવામાં પણ મદદ કરાયેલ. હવાઈદળના કુલ ૧૦ હેલિકોપ્ટર દ્વારા બનાસકાંઠામાં ૭૫૮ અને પાટણમાં કુલ ૭૧ વ્યક્તિઓને બચાવવામાં આવેલ છે. અને બનાસકાંઠામાં ૨,૫૯,૦૦૦ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવેલ હતું. બી.એસ.એફ.ની ટીમ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ૧૬૭૦ વ્યક્તિ અને પાટણ જિલ્લામાં ૫૬૩ વ્યક્તિઓને બચાવવામાં આવેલ. ફૂડ પેકેટ અને રાહત સામગ્રીનું વિતરણ કરવામાં મદદ કરાયેલ. એસ.ડી.આર.એફ.ની ટીમ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ૩૧૨ વ્યક્તિ અને પાટણ જિલ્લામાં ૪૪૪ વ્યક્તિઓને બચાવવામાં આવેલ તેમજ ફૂડ પેકેટ અને રાહત સામગ્રીનું વિતરણ કરવામાં મદદ કરાયેલ.

તા. ૨૫/૦૭/૨૦૧૭ ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેતા પહેલા પ્રથમ અમદાવાદ હવાઈ મથકે તાકીદની આપાતકાલિન બેઠકનું આયોજન અને સમીક્ષા કર્યા બાદ પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. પરિસ્થિતિની ગંભીરતા જોતા રાજ્યને ૫૦૦ કરોડ રૂપિયાનું રાહત પેકેજ મંજૂર કરાયેલ. માનનીય વડાપ્રધાનશ્રીના રાહત કોષમાંથી રૂપિયા ૨ લાખની વધારાની મૃત્યુ સહાય અને ઈજાગ્રસ્તો માટે રૂપિયા ૫૦ હજારની વધારાની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી. એન.ડી.આર.એફ., સેનાની ટુકડી, હવાઈદળ અને નેવીની વધુ ટુકડીઓ સહાય માટે મોકલવામાં આદેશ કરવામાં આવ્યા હતાં. વડાપ્રધાનશ્રીની મુલાકાત બાદ મોડી રાત્રે મુખ્ય સચિવશ્રી દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અધિકારીશ્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરવામાં આવેલ જેમાં અગ્ર સચિવશ્રી (મહેસુલ), સેના અને હવાઈદળના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

તા. ૨૯/૦૭/૨૦૧૭ ના રોજ કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી રાધામોહન સિંઘ તેમજ શ્રી પુરૂષોત્તમ રૂપાલા દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો તેમજ વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરી હતી.

બચાવ કામગીરી પછી તાકીદના રાહત કાર્ય અંગે રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ ઝડપે કામગીરી હાથ ધરી સંવેદનશીલ બાબતો અંગે નિર્ણયો પણ લેવામાં આવેલ. જેવા કે, મોટી સંખ્યામાં અસરગ્રસ્ત જનસમુદાય માટે હંગામી રાહત સ્થાનોની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા માનવ મૃત્યુ સહાય, ઈજા સહાય, કેશ ડોલ્સ તથા પશુઓને વિના મૂલ્યે ઘાસ આપવા બાબત ત્વરિત નિર્ણયો. રોકડ સ્વરૂપમાં સહાય વિતરણ માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા વિશેષ ટીમોની રચના કરી કામગીરી શરૂ કરવામાં આવેલ.

માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાંચ દિવસનો મુકામ કરી અસરગ્રસ્ત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત કરી લોકોની તેમજ માલસામાનની નુકસાનીની વિગત મેળવવા સાથોસાથ ધાનેરા, થરાદ, પાટણ, રાધનપુર, સાંતલપુર અને અન્ય ગામોમાં જાતે ફરીને હજારો લોકોની રૂબરૂ મુલાકાત કરી જરૂરિયાતમંદોને સહાયના ચેકો અર્પણ કરવામાં આવ્યાં અને દિવસ તેમજ મોડી સાંજે રાહત કામગીરીની સમીક્ષા બેઠકો, અસરગ્રસ્ત જન સમુદાય અને વેપારીઓ સાથે વિવિધ સ્થળે બેઠકો તેમજ માનનીય મંત્રીશ્રીઓ અને મુખ્ય સચિવશ્રી તેમજ અધિકારીઓ સાથે પરામર્શ હાથ ધરવામાં આવ્યો હતો.

માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારો માટે નીચે મુજબ વિશેષ રાહત પેકેજ મંજુર કરવામાં આવ્યું હતું.

1. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ગંભીર રીતે અસરગ્રસ્ત બનાસકાંઠા અને પાટણ જિલ્લા માટે રૂ. ૧૫૦૦ કરોડનું વિશેષ રાહત પેકેજ મંજુર કરવામાં આવ્યું હતું. જેમાં કૃષિ અને જમીન સુધારણા માટે રૂ. ૧૩૧૧ કરોડ, અસરગ્રસ્ત ખેડૂતોને વીજ બિલોમાં ત્રણ માસ માટે રૂ. ૭૫ કરોડ ઉપરાંતની માફી, પશુ સહાય અને પશુ પાલન માટે રૂ. ૨૦ કરોડ, વેપાર અને વ્યવસાય અને ઉદ્યોગો માટે રૂ. ૧૫ કરોડ, મહેસુલ વિભાગની યોજનાઓ માટે રૂ. ૭૯ કરોડનું પેકેજ નિયત કરવામાં આવ્યું.
2. બિન પિયત વિસ્તારના પાક નુકસાન માટે અગાઉની રૂપિયા ૬૮૦૦ની સહાય સામે રૂપિયા ૧૦,૦૦૦ની સહાય.

3. પિયત વિસ્તારના પાક નુકસાન માટે અગાઉની રૂપિયા ૧૩,૫૦૦ની સામે રૂપિયા ૨૦,૦૦૦ની સહાય.
4. બાગાયતી પાક નુકસાન માટે અગાઉની રૂપિયા ૧૮,૦૦૦ની સામે રૂપિયા ૩૦,૦૦૦ની સહાય કરવાનું નક્કી કરવામાં આવેલ.
5. જમીન ધોવાણ માટે અગાઉના રૂપિયા ૧૨,૮૦૦ની સામે રૂપિયા ૨૫,૦૦૦ની સહાય.
6. મોટા પાયે જમીન ધોવાણ માટે અગાઉની રૂપિયા ૬૦૦૦૦ ની સામે રૂપિયા ૮૦,૦૦૦ની સહાય.
7. ધાનેરા માટે આર્થિક સહાય અને પુન:વસન પેકેજ
    a. અસરગ્રસ્ત લારી રેંકડીવાળાઓને રૂ. ૫,૦૦૦ની રોકડ સહાય
    b. અસરગ્રસ્ત નાની સ્થાયી કેબીન ધારકોને રૂ. ૧૫,૦૦૦ની રોકડ સહાય
    c. અસરગ્રસ્ત મોટી સ્થાયી કેબીન ધારકોને રૂ. ૭૫,૦૦૦ની રોકડ સહાય
    d. માસીક રૂ. ૫ લાખથી વધુ ટર્ન ઓવર ધરાવતા મોટા દુકાનદારોને રૂ. ૧૦ લાખ સુધીની બેંક લોન ઉપર બે વર્ષ સુધી સંપૂર્ણ વ્યાજ સહાય
    e. APMC ધાનેરાના વેપારીઓ માટે રૂ. ૧૫ લાખ સુધીની બેંક લોન ઉપર બે વર્ષ સુધી સંપૂર્ણ વ્યાજ સહાય.

૪. બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અન્ય અસરગ્રસ્ત નાના કેબિન ધારકોને રૂ. ૧૫,૦૦૦ની રોકડ સહાય.

બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તમામ તાલુકામાં અસરકારક રીતે સહાય કરી શકાય તે ધ્યાને રાખી રાજ્ય સરકાર દ્વારા ૦૧/૦૮/૨૦૧૭થી ૧૫/૦૮/૨૦૧૭ના સમયગાળા દરમ્યાન આપત્તિગ્રસ્ત વિસ્તાર તરીકે નોટીફિકેશનથી જાહેર કરાયેલ છે.

રાજ્ય સરકાર દ્વારા દાહોદથી ૧૪,૮૬,૯૮૫ કિ.ગ્રા. ઘાસ બનાસકાંઠામાં અને રાજકોટથી ૧,૧૪,૫૩૫ કિ.ગ્રા. ઘાસ પાટણ જિલ્લામાં ફાળવણી કરી વિના મૂલ્યે ઘાસનું વિતરણ હાથ ધરવામાં આવ્યું. વધુ ઘાસ ફાળવણી અને તેના વિતરણ ની કામગીરી ચાલુ છે.

રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના તાકીદના પુન: સ્થાપનના કાર્યોમાં રોડ રસ્તાઓ વાહન વ્યવહાર માટે યોગ્ય બનાવવા, વીજ પુરવઠો, પાણી પુરવઠો તેમજ વાહન વ્યવહાર પુન:સ્થાપન માટે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

1. બંધ થયેલા ૯૫૨ રોડ રસ્તાઓ પૈકી ૮૩૬ માર્ગો વાહન વ્યવહાર માટે યોગ્ય બનાવવામાં આવેલ છે. નુકસાન થયેલ રસ્તાઓની લંબાઈ ૧૬,૦૪૮ કી.મી .છે.
2. બનાસકાંઠા જિલ્લામાં વીજ પુરવઠો ખોરવાયેલ તમામ ૬૦૯ ગામોમાં વીજ પુરવઠો પુન:સ્થાપિત કરવામાં આવેલ છે. પાટણ જિલ્લામાં વીજ પુરવઠો ખોરવાયેલ ૨૧૪ ગામો પૈકી ૨૦૭ ગામોમાં વીજ પુરવઠો પુન: સ્થાપિત કરવામાં આવેલ છે.
3. બનાસકાંઠા જિલ્લામાં અસરગ્રસ્ત ૭૧૨ ગામો પૈકી ૫૬૮ ગામોમાં પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. ૧૪૪ ગામોને ટેંકર દ્વારા પાણી પુરૂ પાડવામાં આવે છે. પાટણ જિલ્લામાં અસરગ્રસ્ત ૩૨૮ ગામો પૈકી ૨૦૫ ગામોમાં પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. ૧૦૮ ગામોને ટેંકર દ્વારા પાણી પુરુ પાડવામાં આવે છે. ૧૫ ગામોને પાણી પુરવઠો શરૂ કરવા પ્રયાસ હાથ ધરેલ છે.
4. બનાસકાંઠા જિલ્લામાં એસ.ટી. ના તમામ ૨૨૮૧ રૂટ શરૂ કરવામાં આવેલ છે. પાટણ જિલ્લામાં એસ.ટી.ના તમામ ૨૨૭૭ રૂટ શરૂ કરવામાં આવેલ છે.

રાહત કાર્યોમાં ભરાયેલ પાણીનો નિકાલ તથા કાદવ કિચડ દૂર કરવા, સંપૂર્ણ સફાઈ, મૃત પશુઓનો નિકાલ, રોગચાળાથી બચવા પ્રતિબંધાત્મક ઉપાયો જેવી કામગીરી આવરી લઈ નીચે મુજબ કામગીરી હાથ ધરવામાં આવેલ.

1. રાહત કામગીરીની દેખરેખ માટે વિશેષ રૂપે અસરગ્રસ્ત તાલુકાઓની ફાળવણી માનનીય મંત્રીશ્રી, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી તેમજ સંસદીય સચિવશ્રીઓને કરવામાં આવી હતી.
2. રાહત કામગીરી માટે સરકારશ્રી દ્વારા વધારાના અધિકારીશ્રીઓની નિમણૂક કરવામાં આવી હતી જેમાં ૫ IAS અધિકારી, ૧૭ અધિક કલેક્ટરો, ૧૦ નાયબ કલેક્ટરો, ૧૬ તાલુકા વિકાસ અધિકારી, ૪ ચીફ ઓફિસરો, ૨૨૫ તબીબી અધિકારીઓ અને ૨૦૧૨ આરોગ્ય કાર્યકરોનો સમાવેશ થાય છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીની સીધી સુચનાથી ધાનેરા તાલુકામાં નીચે મુજબની વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

1. સફાઈ સાથે આરોગ્ય, પાણી પુરવઠો, વીજળી વ્યવસ્થા જેવી સંકલિત કામગીરી
2. સુરત મનપા, વડોદરા મનપા તથા અન્ય નગરપાલિકાના સફાઈ કર્મચારીઓની ટીમો દ્વારા સઘન સફાઈ ઝુંબેશ.
3. ૪૬૬ સફાઈ કામદારો તથા ૩૬ મેનેજરીયલ સ્ટાફ મારફત કામગીરી.

4. એ.પી.એમ.સી.માં ૧૨૩૨ ફેરા દ્વારા ૨૮૧૯ મેટ્રીક ટન ઘનકચરાનો તમામ ૬૪ શેડ તથા ૨૦૦ વખારોમાંથી નિકાલ જેમાં ૩૩ ટ્રેક્ટરો, ૭૦ જે.સી.બી., ૨ લોડર, ૩ ડીવોટરીંગ પંપ, ૩ હીટાચી મશીન, ૮ જેટીંગ મશીન, ૫ સુપર સકર મશીન, ૨ મડપંપ, ૨ ફાયર ટેન્ડર , ૭ ફોગીંગ મશીન, ૬૪ ડમ્પર મારફતે સફાઈની કામગીરી હાથ ધરી હતી.
5. ૧૭ મેટ્રીક ટન મેલેથીયોનનો જંતુનાશક તરીકે છંટકાવ
6. કુલ ૭૬૫૧ મેટ્રીક ટન ઘન કચરાનો નિકાલ.
7. ૧૬ લાખ લીટર સ્લરી (કદડો)નો ૫ સુપર સકર મશીન દ્વારા નિકાલ
8. ૯૦% રહેણાંક વિસ્તારોને ૭ આરોગ્ય અને સેનીટેશન ટીમ તથા ૧૪ ટ્રેક્ટર તથા ૭ જે.સી.બી. દ્વારા સ્વચ્છ કરવામાં આવેલ છે.
9. વીજળી, પાણી અને અન્ય માળખાકીય સુવિધાઓ પૂર્વવત.
10. આરોગ્ય ખાતા દ્વારા ૮ ફોગીંગ મશીનથી ૨,૪૩૮ મકાનોમાં ફોગીંગ અને સ્પ્રેઈંગની કામગીરી
11. ૧૪ મેડીકલ ઓફિસર અને ૪૨ હેલ્થ વર્કરની ટીમો બનાવી હાઉસ ટુ હાઉસ ૩૬૫૦ મકાનોનો સર્વે. ૯ મેડીકલ ટીમો દ્વારા ૧૨૯૯ ઓપીડી.

સ્વચ્છતા અંગે રાજ્ય સરકાર દ્વારા વિશેષ આયોજન કરી મહાનગરપાલિકા અને નગરપાલિકા દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તારોમાં અન્ય જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચયત દ્વારા વિશેષ સફાઈ અભિયાનો હાથ ધરવામાં આવ્યા. શહેરી વિકાસ વિભાગ તેમજ પંચાયત વિભાગ દ્વારા વધારાના અધિકારીઓ/ કર્મચારીઓ, સફાઈ કામદારો, સફાઈના સાધનો તેમજ વધારાની ગ્રાન્ટની પણ ફાળવણી કરવામાં આવી. રાહત કામોમાં સર્વે તેમજ મનરેગાના કામો ચાલુ કરાવવા ૪૨૨ તાંત્રિક કર્મચારીની પ્રતિનિયુક્તિ કરવામાં આવી. અતિવૃષ્ટિગ્રસ્ત ગામોમાં મનરેગા હેઠળ કાર્યો ચાલુ કરાયા જેમાં ઘન-પ્રવાહી કચરાનો નિકાલ, ડીસીલ્ટિંગના કામો (માટી/ગાર કાઢવી) વોટર લોગીંગ વિસ્તારમાં પાણી નિકાલના કામો, ગામના આંતરિક રસ્તાનું સમારકામ, જાહેર મિલકતોનું નવીનીકરણ, વરસાદી પાણીના નિકાલ માટેની કાંસ જમીન વિકાસના કામો સમાવિષ્ટ કરવામાં આવ્યાં.

રોગચાળા અટકાયતની કામગીરીના ભાગ રૂપે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

1. રાજ્યમાં પૂરગ્રસ્ત/ ભારે વરસાદની અસર થયેલ વિસ્તારોમાં કુલ ૯૬૧ આરોગ્ય ટીમ મારફત ૨૨,૮૮,૮૨૬ લોકોનો સર્વે કરવામાં આવેલ છે. ૩૦,૪૧૦ લોકોને સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે.
2. ૯૦ તબીબી અધિકારીઓ અને ૪૦ આરોગ્ય કાર્યકરો બહારથી મુકવામાં આવેલ છે. હાલ જિલ્લામાં ૨૨૫ તબીબી અધિકારીઓ અને ૨૦૧૨ આરોગ્ય કાર્યકરો મારફત આરોગ્યલક્ષી સર્વે તેમજ તપાસણી કરવામાં આવી રહેલ છે. આ વિસ્તારોમાં ૬,૩૧,૬૮૨ની વસતિ સર્વે હેઠળ આવરી લેવાય છે.
3. પુરતા પ્રમાણમાં દવાઓ, ક્લોરીન ટેબલેટ, ઓ.આર.એસ. અને બીજી જીવન જરૂરિયાતની દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવ્યો.

નુકસાનીના સર્વે, સહાય વિતરણ અને પુન:નિર્માણના કાર્યોમાં કૃષિ, પશુપાલન અને સિંચાઈ વિસ્તારને આવરી લઈ પાક નુકસાન માટે બનાસકાંઠા જિલ્લામાં ૪૯૦૭ હેક્ટર જમીન તેમજ પાટણ જિલ્લામાં ૭૪૬૪ હેક્ટર જમીનનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો. બનાસકાંઠા જિલ્લામાં ૧૩૦ ટીમો દ્વારા ૧૧૧૦૫ પશુ મૃતદેહોનો નિકાલ કરવામાં આવ્યો. જેમાં ૭૪૫૦ પશુઓની સામે ૨૧૭.૯૨ લાખ સહય ચુકવવામાં આવેલ છે.પાટણ જિલ્લામાં ૪૩ ટીમો દ્વારા ૨૦૨૧ પશુ મૃતદેહોનો નિકાલ કરવામાં આવ્યો. જેમાં ૧૫૩૬ પશુઓની સામે ૨૩૩.૯૭ લાખ સહાય ચુકવવામાં આવેલ છે.

અન્ય રાહત અને સહાય વિતરણની કામગીરીમાં નાગરિક પુરવઠા વ્યવસ્થા અંતર્ગત નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવી.

1. બનાસકાંઠામાં ૧૪૬ અને પાટણ જિલ્લામાં ૧ કોમ્યુનિટી કીચન શરૂ કરી બે ટંક ભોજનની વ્યવસ્થા
2. સફાઈ કામદારો તથા અન્ય સ્ટાફ માટે ધાનેરામાં રસોડુ કાર્યરત કર્યુ
3. બનાસકાંઠામાં ૨૫,૦૦૦ અને પાટણમાં ૧૦,૦૦૦ રાહત કીટનું વિતરણ
4. ૪૭૭ની કિંમતની રાહત કીટનું વિતરણ કર્યુ જેનો ખર્ચ રૂપિયા ૧૬૬ કરોડ છે.
5. ખાસ સંજોગોમાં બાયોમેટ્રીક વિતરણના સ્થાને મેન્યુઅલ વિતરણની પરવાનગી આપી
6. પેટ્રોલિયમ પદાર્થો તથા આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે તે અંગે સતત મોનીટરીંગ.

સ્વૈચ્છિક સંસ્થાઓની સહભાગીદારીથી બનાસકાંઠા જિલ્લામાં ૫૦,૦૦૦ રાશન કીટની જરૂરિયાત સામે ૫૩,૩૪૬ કીટ મળેલ છે. ૧૦,૦૦૦ ટારપોલિનની જરૂરિયાત સામે ૧૧,૩૦૦ મળેલ છે. ૬૮૦૦ બ્લેંકેટ અને ૫૯,૬૦૦ અન્ય સામગ્રી (કપડા, સાડી વગેરે..) મળેલ છે જે તમામનું વિતરણ કરેલ છે. સ્વૈચ્છિક સંસ્થાઓની સહભાગીદારીથી પાટણ જિલ્લામાં ૫૦,૦૦૦ રાશન કીટની જરૂરિયાત સામે ૪૬,૧૧૦ કીટ મળેલ છે. ૧૨૬૦ ટારપોલિનની જરૂરિયાત સામે ૪૩૩૨ મળેલ છે. ૫૦૦૦ બ્લેન્કેટ અને ૧૧૦૦ અન્ય સામગ્રી (કપડા, સાડી વગેરે..) મળેલ છે અને તેનું વિતરણ કરેલ છે. ઔદ્યોગિક સંસ્થાઓ

દ્વારા ૧૩,૦૦૦ બ્લેન્કેટ, ૬૭૫૪ તાડપત્રી, ૧૬,૮૦૦ ઘરવખરી કીટ અને ૨,૫૭,૪૦૭ ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે.

વાહન વ્યવહારની કામગીરી અન્વયે ૧૯૦ જે.સી.બી., ૧૫૩ ટ્રક, ૧૨ બસ, ૧૯ ડમ્પર, તથા ૨૦ ટ્રેક્ટર રાહત કામગીરી અર્થે પુરા પાડવામાં આવેલ. સાથોસાથ ૪ ટેકનિકલ ટીમ સરકારી વાહન સાથે ડીપ્લોય થયેલ. અમદાવાદના ટ્રાન્સપોર્ટરોએ રૂ. ૧૬ લાખની રાહત સામગ્રી પૂરી પાડેલ. ૬ હજાર નંગ ફૂડ પેકેટ, ૧૪૦ નંગ ( ૫ લીટર) ઓઈલ કન્ટેનર તથા ૫૦૦ લીટર ફૂડ ઓઈલ રોગચાળો અટકાવવા માટે મોકલાવેલ છે.

શિક્ષણના કાર્યો અન્વયે બન્ને જિલ્લાની ૩૧૬૬ શાળામાંથી ૧૫૫૪ શાળાઓ અસરગ્રસ્ત થયેલ છે. બન્ને જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી મુજબ પાઠ્ય પુસ્તકો વિદ્યાર્થીઓ માટે પહોંચાડી દેવામાં આવેલ છે. પ્રજ્ઞા શૈક્ષણિક પધ્ધતિ અંતર્ગત બન્ને જિલ્લામાં ૧૨૯૨ વર્ગની સામગ્રીને સંપૂર્ણ નુકસાન થયેલ છે. તા. ૧૨/૦૮/૨૦૧૭ સુધીમાં શાળાઓમાં સામગ્રી પહોંચાડી દેવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટી તથા અન્ય યુનિવર્સિટીના ૨૦૦૦ સ્વયં સેવકો અને ૩૦ અધ્યાપકો તથા જીટીયુના ૩૦૦ સ્વયં સેવકો અને ૪ અધ્યાપકો રાહત કામગીરીમાં જોડાયેલ છે. આમ, તા. ૨૪ થી ૨૭ દરમ્યાન બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં થયેલ ભારે વરસાદમાં સરકારશ્રી દ્વારા કરાયેલ પૂર્વ આયોજનને કારણે જાનહાનિ રોકવામાં સફળતા મળેલ છે તેમજ વરસાદ પહેલા અને તે પછી બચાવ અને રાહતના તમામ પગલાઓ ઘાસ વિતરણ, રાહત સહાય, પુન:સ્થાપન કાર્યો, સ્વચ્છતા, નુકસાનીના સર્વે, પુન:નિર્માણના કાર્યો, પાક નુકસાન, પશુધન, પાણીના નિકાલ વાહન વ્યવહાર, શિક્ષણ જેવા તમામ મુદ્દાઓ આવરી લઈ ખૂબ જ સરાહનીય કામગીરી હાથ ધરાયેલ છે.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિથી મૃત્યુ પામનાર પરિવારજનોને મારા તરફથી અને આપના તરફથી દિલાસો પાઠવું છું. બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તમામ તાલુકાઓમાં ખેતીની જમીનનું જે ધોવાણ થયેલ છે તે જમીનને ફરીથી ફળદ્રુપ કરવા માટે ઓછામાં ઓછા ત્રણ વર્ષ જેટલો સમય લાગે છે. આથી જાહેર થયેલ પેકેજથી વધારે ખર્ચ થનાર છે. તો તેમને પૂરી સહાય કરવી જોઇએ. બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તમામ ખેડૂતોના વાવેતર કરેલા પાક ધોવાઇ ગયેલ છે. હાલમાં તાત્કાલિક સરવે કરવું શક્ય ન હોઇ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ વીમો ચૂકવી આપવો જોઇએ. પેકેજ અનુસાર ગાયના મૃત્યુ માટે મળનાર સહાય રૂ.૪૦,૦૦૦/- નક્કી કરેલ છે અને ભેંસના મૃત્યુ માટે મળનાર સહાય રૂ.૫૦,૦૦૦/- નક્કી કરેલ છે. પરંતુ ગાયની કિંમત રૂ.૫૦,૦૦૦/-થી વધુ છે અને ભેંસની કિંમત રૂ.૧,૦૦,૦૦૦/- થી વધુ છે. રૂ.૪૦,૦૦૦/-ની સહાય ઘણી જ ઓછી છે. પેકેજ મુજબ ખેડૂતો તેમજ પાંજરાપોળોને એક અઠવાડિયાનો ઘાસચારો મફત આપવાની જાહેરાત કરી છે. હાલમાં ઘાસચારાનું વાવેતર થાય તો પણ ત્રણ માસ સુધી ઘાસચારો મળી શકે તેમ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મહેશભાઇ, તમે ૧૧૬ની નોટીસ આપી છે એમાં તમારી વાત રજૂ કરી છે. પરંતુ તમારે પ્રશ્નો પૂછવા હોય તો પૂછો.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પહેલો પ્રશ્ન એ છે કે જમીન ફળદ્રુપ કરવા માટે જે સહાય જાહેર કરી છે એમાં કેટલો વધારો કરવા માગો છો? મારો બીજો પ્રશ્ન એ છે કે પશુ સહાય માટે પોસ્ટમોર્ટમ રિપોર્ટ માગેલ છે એ રદ કરવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે ખેડૂતો તથા પાંજરાપોળોને ઘાસચારો એક વર્ષ સુધી વિનામૂલ્યે આપવા માગો છો કે કેમ? મારો ચોથો પ્રશ્ન છે ખેડૂતોના વિજ બિલ એક વર્ષ માટે સરકાર માફ કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વિસ્તારના ખેડૂતો પ્રત્યેની આટલી લાગણીની વાત કરે છે પણ જયારે ખરેખર એમનો વિસ્તાર ભૂતકાળમાં કયારેય ન હોય એવા સંકટમાં હતો એવા વખતે આમાંથી કોઇ મારા સામેવાળા મિત્ર એમના વિસ્તારમાં નહોતા. (અંતરાય) અમે ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી, લોકોને બચાવવામાં હતા અને એ બધા મિત્રો એમના એક વ્યકિતને બચાવવામાં હતા અને ત્યાં પણ એવું કહેતા હતા કે, વી આર એન્જોઇંગ હીયર. અહીંયા લોકો ભયંકર તકલીફમાં હતા, પૂરમાં હતા, અસામાન્ય સંજોગોમાં મુશ્કેલીમાં હતા, એ વખતે ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રોએકટીવ થઇને ત્યાં સતત સતત કામગીરી કરી. (અંતરાય) આમાં નટવરસિંહ, તમે અઠવાડીયા સુધી બહાર હતા. અમે તો પહેલા દિવસથી સ્થળ પર હતા. થોડા શરમાવ તો સારું કે અમે સ્થળ ઉપર નહોતા. તમારો એક પણ કાર્યકર્તા આ સમય દરમિયાન ત્યાં નહોતો, તમે તો નહોતા પણ તમારો એક પણ કાર્યકર્તા નહોતો અને આમ સમાજમાં એવું કહેવાય છે કે વહુ અને વહીવટને યશ ન મળે, આ પહેલી વખત ભારતીય જનતા પાર્ટીની સરકારને આ કામગીરીને કારણે વહીવટી તંત્રને યશ મળ્યો છે. પ્રોએકટીવ સરકાર કોને કહવાય એ આ સરકારે સાબીત કરી બતાવી દીધું છે પ્રોએકટીવ કોને કહેવાય. ખબર પડી ત્યારથી અત્યાર સુધી તા. ૨૧, ૨૨, ૨૩, ૨૪ જુલાઇ ત્યારથી માંડીને ૨૪મી તારીખે ખરાબ હવામાન હતું પાયલોટે પણ ના પાડી કે સાહેબ આ ખરાબ હવામાન છે. પવન સુસવાટા મારે છે. વરસાદ ચાલુ છે. ના જવાય. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કોઇપણ પરિસ્થિતિ હશે મારે જવું છે અને એ દિવસે અમે, માનનીય મુખ્યમંત્રીશ્રી, હું અને સચિવશ્રી ગયા. એ વખતે નીચે ઉભેલા શંકરભાઇએ અમે જયારે ઉતર્યા ત્યારે કીધું કે સાહેબ, તમારે આવવાની જરૂર નહોતી. જેવી રીતે કોઇ દરીયામાં કોઇ વહાણ ઝોલા ખાય એવી રીતે આકાશમાં અમારુ હેલીકોપ્ટર હવામાં ઝોલા ખાતું હતું. જયારે પણ અમને ખબર પડીને તરત જ બધા જ માધ્યમો દ્વારા વહીવટી તંત્ર દ્વારા સરપંચથી માંડીને સરકારી કાર્યકર્તા, માધ્યમો, પાર્ટીના કાર્યકર્તાઓ આ બધાએ એક જ કામ કર્યુ કે તમે સલામત સ્થળોએ ખસી જાવ, અને એ અમારી કામગીરી માટે જયારે પાછળથી ગયા ત્યારે લોકોએ કીધું કે

સમયસર જો તમે ચેતવણી ન આપી હોત તો કદાચ આનાથી અનેકગણા મૃત્યુ થયા હોત. આ સમયે બીજા દિવસે માનનીય વડાપ્રધાનશ્રી આવ્યા. બીજે જ દિવસે આવ્યા, ભૂતકાળમાં કયારેય એવું બન્યું નથી. હું કેન્દ્ર સરકાર અને માનનીય વડાપ્રધાનશ્રીનો પણ આભાર માનું છું. એમને પણ આર્મીના હેલિકોપ્ટરે ના પાડી કે સાહેબ, જઇ શકાય એવું નથી. હવામાન ખરાબ છે અને અમે ના પાડીએ છીએ. જેવી રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, કોઇપણ સંજોગોમાં મારે જવું છે એવી રીતે કેન્દ્ર સરકારે પણ કહ્યું કે હું જઇશ. તમારે વ્યવસ્થા કરવી હોય એ કરો અને વડાપ્રધાન ગયા અને ત્યાં ઉતરીને અમારી માગણી પહેલાં જ એમણે કહ્યું કે, પ્રાથમિક તબક્કે હું તમને ૫૦૦ કરોડ રૂપિયાની સહાય જાહેર કરું છું. અમારું પહેલું કામ બચાવની કામગીરી હતી અને જે અમે સુપેરે અને સારી રીતે અમારા બધા જ માધ્યમો અને એજન્સીઓ દ્વારા પૂરી કરી છે. કેન્દ્ર સરકારનો હું ફરી એકવાર આભાર માનું છું કે રાષ્ટ્રીય સ્તરે કન્ટ્રોલ રૂમમાં બેઠા બેઠા કેન્દ્ર સરકારની પાસે જ્યારે જે માગ્યું તે આપ્યું છે. એન.ડી.આર.એફ. મોકલો તો મોકલી, એસ.ડી.આર.એફ. તો આપણી હતી જ. આર્મી, એરફોર્સ, સ્થાનિક પોલીસને કામે લગાડી અને ગુજરાતે એઝ એ ટીમ તરીકે કામ કરતું હોય એ રીતે બચાવ કામગીરી, અદભૂત કામગીરી કરી. આ કામગીરી પૂરી થઇ અને તરત જ રાહતની કામગીરી અને આ સંજોગોમાં ધાનેરા ખાતે હું અને માનનીય મુખ્યમંત્રીશ્રી ગયા ત્યારે ધાનેરામાં મોરબી હોનારત વખતના સાક્ષી હશે એમને ખબર છે કે જે પ્રકારની સ્થિતિ થઇ હતી એ જ પ્રકારની સ્થિતિ ધાનેરાની થઇ હતી. મેં અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યું કે, મોરબી હોનારત જેવી જ સ્થિતિ છે અને ત્યાં જ નિર્ણય કર્યો અને સુરત મ્યુનિસિપલ કમિશનરશ્રી થેન્નારશમને કહ્યું કે આવતીકાલે આખી ટીમ લઇને તમે આવી જાઓ. આજે તમે જુઓ તો ખબર ન પડે કે આ ધાનેરામાં કીચડ, સ્લરી, અનાજના ગોડાઉનોમાં અનાજ સડી ગયેલા અને એવી દુર્ગંધ મારે કે રહી ન શકાય. એવી સ્થિતિમાં અમે બચાવ કામગીરી તો અદભૂત રીતે પુરી કરી અને સાથો સાથ રાહતની કામગીરી હાથ ધરી અને સ્વચ્છતાની કામગીરી હાથ ઉપર લીધી કે જેથી રોગચાળાનો ફેલાવો ન થાય. તે દિવસથી આજ દિન સુધી કોઇ ભયંકર રોગ કે રોગચાળાના સમાચાર નથી. એનું કારણ એ છે કે અમે સમયસર કામગીરી કરી એના કારણે આજે આ સારી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. અમે ૧ લાખ ૧૨ હજાર લોકોનું સ્થળાંતર કરાવ્યું. ૧૮,૦૮૮ લોકોને એન.ડી.આર.એફ.ની ટીમે મોતના મુખમાંથી બચાવ્યા, ધસમસતા પૂરમાંથી બચાવ્યા. સ્થાનિક પોલીસે હિંમત કરીને બચાવ્યા. આ બધી જ એજન્સીઓએ બચાવ્યા. કેન્દ્રીય મંત્રી તરત ગયા. આ બન્ને સરકારની સંવેદનશીલતા તો જુઓ કે માત્ર નિવેદનથી બેંગલોરમાંથી સહાનુભૂતિ નહીં પણ પ્રત્યક્ષ આવીને સહાય આપી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવજી, તમે ઘડીએ ઘડીએ ટોકો નહીં. હું આ ચલાવી લઇશ નહીં.(અંતરાય) તમે તમારી મર્યાદામાં રહો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જમીન સુધારણા માટે ૧૩૧૧ કરોડ રૂપિયા, અસરગ્રસ્ત ખેડૂતોને વીજ બિલમાં ૩ મહિના સુધી રાહત, પશુ સહાય માટે અને સારવાર માટે ૩૦ કરોડ રૂપિયા, વેપાર અને વ્યવસાય માટે ૧૨ કરોડ રૂપિયા, જોઇતાભાઇના વિસ્તારમાં પહેલી વખત વેપાર ધંધામાં જોગવાઇ નથી પણ બધાને અમે સામેથી બોલાવ્યા કે બોલો, તમારે બેઠા થવા શું કરવું છે? એમને બેન્કની સહાય માટે બે વર્ષ માટે ૫ લાખ, ૧૦ લાખ, ૧૫ લાખ, અરે ૫,૧૦ અને ૫૦ હજાર અમે તમને રોકડ આપીશું. જે તે ઉદ્યોગને ધ્યાનમાં રાખીને અને બાકીની લોન બેન્કમાંથી લેશો તો અમે બે વર્ષ સુધી એનું વ્યાજ સરકાર ભરશે. આવું ભૂતકાળમાં ક્યારેય બન્યું નથી. મોટાપાયે જમીન ધોવાણ સંબંધે અગાઉ ૬૦ હજારની જોગવાઇ હતી એ અમે ૮૦ હજારની સહાય આપી છે. ઘાસચારા માટે વાત કરી છે. કોઇની પણ માગણી સિવાય માનનીય મુખ્યમંત્રીશ્રીએ શરૂઆતમાં કહ્યું કે બન્ને જિલ્લામાં ગૌશાળાઓ, પાંજરાપોળો સહિત અમે અઠવાડિયા સુધી મફત ઘાસ આપ્યું છે અને હજી કહ્યું છે કે જરૂર પડશે તો વધારે સમય લંબાવવાની અમારી તૈયારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ પુરવઠો, મારે ખરેખર મારા સાથી મંત્રીને ધન્યવાદ આપવા છે. હું કંટ્રોલરૂમમાં બેઠો હતો મને ખબર છે કે પહેલા દિવસે ૬૮૫ ગામમાં લાઇટ બંધ, બીજા દિવસે? તો કહે કે ૪૮૫. ૨૦૦-૨૦૦ ઘટતાં જાય અને હજુ તો ૧૦ દિવસ થયા નથી અને આજે એક પણ ગામડું એવું નથી કે લાઇટો બંધ હોય આ નાની વાત નથી. એવી જ રીતે મારે નીતિનભાઇને પણ અભિનંદન આપવા જોઇએ કે અમને સહાયનો ધોધ વર્ષ્યો પણ ત્યાં જવા માટે રસ્તા જોઇએ કે નહિ? સ્ટેટ હાઇવે તૂટી ગયા, ગ્રામ્ય રસ્તા તૂટી ગયા, ક્યાંક ક્યાંક નેશનલ હાઇવેની પણ અમારે તકલીફ સહન કરવી પડી પણ યુદ્ધના ધોરણે હું આર.એન્ડ બી.ને પણ એટલા જ ધન્યવાદ આપું છું કે બધી સામગ્રી અમે ગામ સુધી પહોંચાડવા માટેની બધી જ વ્યવસ્થા અમે કરી શક્યા. કારણ કે લાઇટ ચાલુ અને રસ્તા પણ ચાલુ કરવામાં આવ્યા. મારે મારા વલ્લભભાઇને પણ અભિનંદન આપવા છે બસરૂટ જે બંધ થયા હતા ૨૮૧ એ બધા રૂટો આજે ચાલુ કરી દેવામાં આવ્યા છે. સફાઇ સાથે આરોગ્ય, પાણી પુરવઠો, વીજળી વ્યવસ્થા, સંકલન કામગીરી, સુરતની ટીમ, વડોદરાની ટીમ. માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૃહને પણ કહેવું છે કે એક નાના ગામની અંદર એક ૨૫-૩૦ હજારની વસ્તીવાળું આટલું ગામ અને એમાં ૩૩ ટ્રેક્ટરો આખો દિવસ કામ કરે. ૨૮૧૯ મે.ટન ઘન કચરો અમે બહાર કાઢ્યો. ૭૦ જેસીબી નાના એવા ધાનેરામાં ફરે, ૨ લોડર, ૩ ઇ-વોટરીંગ પંપ, ૩ હીટાચી, ૮ જેસીબી મશીન, ૫ સુપર ક્રશર મશીન અનેક પ્રકારની સુવિધા જે અદ્યતન પ્રકારની સુવિધા હોય એ બધી જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે બનાસકાંઠા અને પાટણની અંદર યુદ્ધના ધોરણે કામ કરો, તો અમે એ રીતે યુદ્ધના ધોરણે કામ કર્યુ છે. બનાસકાંઠાના લોકોએ કહ્યું કે અમને પહેલીવાર અનુભવ થયો કે કામગીરી યુદ્ધના ધોરણે કેવી થાય છે? એવી કામગીરી થઇ છે. રોગચાળો અટકાવવા માટે પણ અમે એટલા જ સજાગ છીએ. અત્યાર સુધીમાં અમે ૯૬૧ ટીમ મોકલી ૨૨ લાખ ૮૮

હજાર ૬૨૬ લોકોનો અમે સરવે કરાવ્યો અને ૩૦૪૧૦ લોકોને સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવી. હું મિલિટ્રીનો આ તકે આભાર માનું છું કારણ કે મિલિટ્રીએ પોતાની આરોગ્યની સેવા ત્યાં ચાલુ કરી.

આ ઉપરાંત પણ માણસને બચાવવાનું પહેલું સૂત્ર પહેલા દિવસથી અમારા વિજયભાઇએ કહ્યું કે અત્યારે આ ધસમસતાં પૂર અને ૩૧–૨૪ ઇંચ વરસાદ પડે, કુદરતના પ્રકોપની સામે આપણે જ સામે આવવું જોઇએ અને એની સામે આવવા માટે તંત્ર અને સરકારની સૂચના સરકારના બધા લોકો, વહીવટી તંત્રના બધા જ લોકો સ્થળ ઉપર હાજર રહ્યાં એના પરિણામે આ તકે હું સૌનો આભાર માનું છું. સેંકડો લોકોનો જીવ અમે બચાવી શક્યા છીએ. આ કામગીરી સિવાય પણ અને મોડા મોડા પણ મારા સાથીઓ સામે આવ્યાં છે ત્યારે એમના કોઇ સૂચનો હશે તો માનનીય મુખ્યમંત્રીશ્રી એ સૂચનો પણ ધ્યાનમાં લેશે. અમારા ઉદાર મુખ્યમંત્રીશ્રી એ પણ કામગીરી અને હા, મોરબીમાં બન્યું હતું બાબુભાઇ જશુભાઇ ત્યાં ૫ દિવસ રોકાયા હતા પછી નરેન્દ્રભાઇ સુરત ૩ દિવસ રોકાયા હતા, ત્યાર પછી પહેલીવાર ગુજરાતના ઇતિહાસમાં આવા સમયમાં, આવી કફોડી પરિસ્થિતિમાં, આવી આફતમાં કોઇ મુખ્યમંત્રી પોતાની ૧૪ મંત્રીમંડળની ટીમ એક સાથે ૫–૫ દિવસ સુધી એ વિસ્તારમાં ફરે. બધા ધારાસભ્યો, ભારતીય જનતા પાર્ટીની આખા રાજ્યની ટીમ, તાલુકા તાલુકાની ટીમ ૧૨૩૪ બનાસકાંઠાના ગામ મારી ભૂલ ના થતી હોય તો બનાસકાંઠાના મિત્રો ૧૨૩૪ ગામ છે. એ બધા જ ગામમાં ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા લોકોની મદદ પહોંચ્યો છે. અને હા, હા, મુખ્યમંત્રીએ ધાર્યું હોત ૨જી ઓગષ્ટે પોતાનો જન્મ દિવસ છે. કુટુંબ સાથે રાજકોટ કે અમદાવાદ ગયા હોત, અહીંયા કોઇ ધાર્મિક સ્થાનો પર ગયા હોત. એન્જોય ધ ડે. પણ લોકો ગમે ત્યાં ગયા હશે પણ પોતે મને યાદ છે અને હું એ દિવસનો સાક્ષી છું કે ૭ ગામોની મુલાકાત અને એ પણ બોટમાં પાણીમાં જઇને લોકો વચ્ચે પોતાનો જન્મ દિવસ ઉજવે અને માત્ર અમે સંવેદનશીલ છીએ, અમે પ્રમાણિક છીએ, અમે ત્વરિત નિર્ણય કરીએ છીએ એ છાપામાં આપવા માટે નહીં, ભાષણોના મુદ્દા નથી, આ અમલીકરણના મુદ્દા છે એ પણ આ આફતની અંદર રાજ્ય સરકારે સાબિત કરી બતાવ્યું છે. આ સિવાય પણ કેશડોલ્સનું કામ લગભગ પૂરું થઇ ગયું છે. ઘરવખરીનું કામ લગભગ ૯૦ ટકા પૂરું થઇ ગયું છે. મકાન સહાયની સરવેની કામગીરી પણ ચાલુ છે. જ્યાં સરવે થયો છે ત્યાં તરત આપી દેવામાં આવી છે. પશુ માટે કહેવામાં આવ્યું છે મહેશભાઇ દ્વારા તો હું શંકરભાઇને અભિનંદન આપું કે એમને ખબર નહોતી કે આ આફત આવવાની છે પણ અગાઉથી કોઇ કારણસર જેમ માણસની સેન્સસ થાય છે, વસ્તી ગણતરી થાય છે એવી રીતે શંકરભાઇએ એમની ડેરીમાં પશુઓની વસ્તી ગણતરી કરી. મહેશભાઇ, હું ખેડૂત છું. મેં મારા પાંચ પશુ ડેરીના ચોપડામાં નોંધાવેલા છે. હયાત ત્રણ છે, બે તણાઇ ગયેલા છે. એ રેકોર્ડ જોઇને સાબિત થશેને તો અમે બાકીનાને પણ આપીશું. પહેલા ૩૦૦૦૦ હતી, હવે અમે ૪૦૦૦૦ કરી. પહેલા ત્રણ પશુઓ માટે હતી, હવે પાંચ પશુઓ માટે કરી છે. ખેડૂતોને ખૂબ નુકસાન થયું છે. અમે બધા જ ત્યાં જ્યારે પહોંચ્યા ત્યારે અમે દ્રવિત થઇ ગયા હતા. ખૂબ ધોવાણ થયું છે. પાણીના વહેણ બદલાઇ ગયા છે. કોઇને પચાસ ફુટ, કોઇને સો ફુટ આ માનવીય કામની અંદર ત્યાં તાદ્રશ્ય જોઇને જ્યારે નિરીક્ષણ કર્યું ત્યારે એમ થયું કે વધારે મદદ કરવાની જરૂર છે. મેં પહેલા સહાયની જાહેરાત કરી છે. આ સિવાય પણ અનેક પ્રકારની કામગીરી થઇ. લોકોને આજે કોઇ ફરિયાદ નથી એ અમારી સફળતા છે. ગોવાભાઇ, તમે બોલજો. વાંધો નથી તમારો વિસ્તાર છે એટલે પણ પહેલીવાર આવું બન્યું છે કારણકે હું તો જાહેર જીવનમાં બહુ લાંબા સમયથી છું. આવા આફતના સમય પછી વિરોધ પક્ષ જાય ને તો ફરિયાદ ન કરે પણ જ્યારે સરકાર જાયને તો ચોકકસ એને ફરિયાદ, ફરિયાદ અને ફરિયાદ જ સાંભળવી પડે. હું ઇશ્વર સાક્ષીએ કહું છું. રાજકીય ભાષણ નથી કરતો. ઇશ્વર સાક્ષીએ આ પવિત્ર જગ્યા ઉપર ઉભો રહીને કહું છું કે અમને ૧૦ દિવસની અંદર એક પણ ફરિયાદ સાંભળવા મળી નથી અને એમાં હું માત્ર અમારી કામગીરીને બિરદાવતો નથી. હું બનાસકાંઠાની જનતાની ખાનદાની અને ખમીરીને પણ એટલા અભિનંદન આપું છું. એમણે પણ કહ્યું કે આમાં સાહેબ તમારો શું વાંક છે? આ તો ઇશ્વરી પ્રકોપ છે તમારો કંઇ વાંક નથી. અમે તમારો આભાર એટલા માટે માનીએ છીએ કે આવા સમયે તમે આવ્યા, અમારા ન આવ્યા એટલું એમનું કહેવું હતું.

અધ્યક્ષશ્રીઃ નેકસ્ટ. (અંતરાય) જોષીયારાજી, હું સમય આપું છું અત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડરનો સમય નથી. (અંતરાય) જોષીયારાજી, હું પોઇન્ટ ઓફ ઓર્ડરનો સમય આપું છું. અત્યારે સમય નથી. હું તમારી લાગણી સમજું છું અને એટલા માટે જ મેં હા પાડી તમને. એટલા માટે હું તમને આપું છું સમય. નેકસ્ટ. (અંતરાય)

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૭ ગુજરાત સહકારી મંડળી (સુધારા) વટહુકમ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન–૨૦૧૭નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૧૭નો ગુજરાત સહકારી મંડળી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

નિવેદન તથા વટહુકમ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

(અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો ભાઇઓ બેસો. અમે જઇને આવ્યા, હું જઇને આવ્યો છું. ખાલી ખાલી વાર્તાઓ કરવાવાળા શું ઉભા છો? બેસો શાંતિથી શરમ નથી આવતી? નેકસ્ટ.

શ્રાવણ ૧૭, ૧૯૩૯ શાકે

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૫-૧૬નો ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી આત્મારામ મ.પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી હું ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : ગોવાભાઇ હું અહીથી કઇ કહું એ પહેલા બેસો. તમે મર્યાદા ચૂકો છો. પ્લીઝ(અંતરાય)

સન ૨૦૧૫-૧૬ નો દહેજ સેઝ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રોહિતભાઇ પટેલ ( રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું દહેજ સેઝ લિમિટેડના સન ૨૦૧૫-૧૬ ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડીટ અહેવાલો, ભારતના કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

સન ૨૦૧૫-૧૬ નો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક હિસાબ, તપાસણી અહેવાલ

શ્રી રોહિતભાઇ પટેલ ( રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૫-૧૬ ના વર્ષનો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો, અહેવાલ, નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

સન ૨૦૧૩-૧૪ નો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ તેમજ નિવેદન

શ્રી ચીમનભાઇ ઘ.સાપરીયા ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૩-૧૪નો ઓડિટ અહેવાલ, તેના પર લેવાયેલ પગલાનું નિવેદન તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા

સન ૨૦૧૬-૧૭ નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી ( રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : તમે મને સલાહ આપશો? તમે સલાહ આપશો. બેસો બહુ થયું. (અંતરાય) અધિકારોની અમને ખબર પડે છે. તમારા શું અધિકારો છે? મને સમજાવવાની જરૂર નથી. જરાય સમજાવવાની જરૂર નથી. બધા પોતાના સ્થાન ઉપર બેસો. (અંતરાય)

સન ૨૦૧૫-૧૬ નો ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( નાયબ મુખ્યમંત્રીશ્રી વતી મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટેની સ્પષ્ટીકરણયાદી સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા યાદી સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.

સન ૧૯૭૬ના અને સન ૨૦૦૩ ના અધિનિયમો હેઠળ નાણા વિભાગે બહાર પાડેલી અધિસૂચનાઓ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નાયબ મુખ્યમંત્રીશ્રી વતી મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૬ના ગુજરાત રાજ્ય વ્યવસાય,વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ અન્વયેની નાણા વિભાગની તા. ૧૨-૦૫-૨૦૧૭ની,

અધિસૂચના ક્રમાંકઃ (જીએચએન-૧૬)પીએફટી-૨૦૧૭-(એસ-૨૭)-(૧૩)/ઠ(૨) સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની નાણા વિભાગની,

(૧) તા. ૧૧-૪-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૦૮) વીએઆર-૨૦૧૭(૪૧)/ઠ

(૨) તા. ૫-૫-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચએન-૧૩) વીએઆર- ૨૦૧૭(૪૨)/ઠ

(૩) તા.૧૨-૫-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૧૪)વીએઆર-૨૦૧૭(૪૩)/ઠ

(૪) તા. ૧૨-૫-૨૦૭ની અધિસૂચના ક્રમાંકઃ(જીએચએન-૧૫)વીએઆર-

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

૨૦૧૭(૪૪)/ઠ

(૫) તા. ૧૭-૫-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચએન-૧૮)વીએઆર- ૨૦૧૭(૪૫)/ઠ

(૬) તા. ૨૨-૫-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચએન-૨૦) વીએટી-૨૦૧૭-એસ.૫(૨)(૫૪)-ઠ વિધાનસભાના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.

અધ્યક્ષશ્રી : મિત્રો, મેં તમને કહ્યું છે તેમ..ભાષણની જરાય જરૂર નથી. મેં ફરીથી કહ્યું જોષીયારાને બોલવાનું કહ્યું. એનો સમય અને સંજોગો આવશે ત્યારે બધાને તક આપીશ. અત્યારે અકારણસર ઉભા થઇને ડિસ્ટર્બ કરશો તો ચલાવી લેવામાં નહિ આવે. ચાલો નેક્સ્ટ.

સન ૨૦૧૭ ના અધિનિયમ હેઠળ શિક્ષણ વિભાગની અધિસૂચનાઓ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૭ના ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ અન્વયેની શિક્ષણ વિભાગની,

(૧) તા.૨૦-૪-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૧૫/ બીએમએસ/ ૧૧૧૭/ ૮૩/છ

(૨) તા.૨૫-૪-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૧૬/બીએમએસ/૧૧૧૭/ ૮૩/છ

(૩) તા.૨૫-૪-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૧૭/બીએમએસ/૧૧૧૭/ ૮૩/છ

(૪) તા.૨૫-૪-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૧૮/બીએમએસ/૧૧૧૭/ ૮૩/છ

(૫) તા.૨૫-૪-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૧૯/બીએમએસ/૧૧૧૭/ ૮૩/છ

(૬) તા.૨૫-૪-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/ એસએચ/ ૨૦/ બીએમએસ/ ૧૧૧૭/ ૮૩/છ

(૭) તા.૧૭-૬-૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એસએચ/૪૬/બીએમએસ/૧૧૧૭/ ૮૩/છ

સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.

( આ તબક્કે વિરોધપક્ષના હાજર સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા)

સન ૨૦૧૩ના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના જાહેરનામા

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) : માનનીય અધ્યક્ષશ્રી, હું ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના,

(૧) તા.૨૭-૦૧-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૧/પીડીએસ/ ૧૦-૨૦૧૬-૧૫૧-સી-૧

(૨) તા.૨૩-૦૨-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૧૨/પીડીએસ/ ૧૦-૨૦૧૬-૧૫૧-સી-૧

(૩) તા.૨૩-૦૨-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૧૩/પીડીએસ/ ૧૦-૨૦૧૬-૩૩૦-સી-૧

(૪) તા.૨૨-૦૩-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૧૦-૨૦૧૬ /૧૮ /પીડીએસ/ ૧૦-૨૦૧૬-૧૫૦-સી-૧

(૫) તા.૨-૦૪-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/ ૨૦૧૬/૨૦/એમકેએમ/ ૧૦/૨૦૧૫/૭૦૪૯૩૫/સી-૧

(૬) તા.૨૬-૧૦-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૩૬/ પીડીએસ/ ૧૦-૨૦૧૬/૨૦૮૫/ક-૧

(૭) તા.૨૫-૧૧-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૪૫/પીડીએસ / ૧૦- ૨૦૧૬/૧૫૧/સી-૧

(૮) તા.૧૬-૧૨-૨૦૧૬ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૭/૨/ પીડીએસ/ ૧૦-૨૦૧૬/૨૬૮૯/સી-૧

(૯) તા. ૨૧-૩-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃજીટીએચ/૨૦૧૭/ ૧૧/પીડીએસ/ ૧૦-૨૦૧૬/૧૬૬૭/સી-૧

(૧૦) તા. ૧૩-૪-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૭/૧૨/ પીડીએસ/ ૧૦-૨૦૧૭/૯૨૨૮૨/સી-૧

(૧૧) તા. ૧૬-૪-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૭/૧૩/પીડીએસ/ ૧૦૨૦૧૭ /૯૨૨૮૨/સી-૧

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

તથા ઉકત ક્રમાંક (૧) થી (૭) પરનાં જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા

સન ૨૦૦૯ના અધિનિયમ અન્વયે ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ

શ્રી રોહિતભાઇ પટેલ ( આયોજન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેની ઉદ્યોગ અને ખાણ વિભાગની,

(૧) તા. ૧૪–૮–૨૦૧૩ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ/૨૦૧૩/૧૬
એસઆઇઆર/૧૧૨૦૧૨/૧૨૭૬/આઇ

(૨) તા.૩૦–૯–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક– જીએચયુ/૨૦૧૬/૮૭
એસઆઇઆર/૧૧૨૦૧૨/૧૨૭૬/આઇ

તથા આ અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યું.

અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ પર મૂકવા બાબત

સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંકઃ ૭, ૨૫, ૨૬ અને ૨૭

સચિવશ્રી: માનનીય અધ્યક્ષશ્રી, તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંકઃ ૭ અને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક– ૨૫, ૨૬ અને ૨૭ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે. (અંતરાય) પોતપોતાના સ્થાન ઉપર જતા રહો. જેટલા પણ સભ્યો ઉભા છે તે પોતપોતાના સ્થાન ઉપર જાય. પ્લીઝ પોત પોતાના સ્થાન ઉપર જતા રહો. પ્લીઝ જેટલા જેટલા મિત્રો પોતાના સ્થાન ઉપર નથી તે પોતાની જગ્યા ઉપર જાય. સૌ પહેલાં પોતપોતાના સ્થાન ઉપર જાઓ પછી આગળની વાત સાંભળવામાં આવશે. પહેલાં પોતાની જગ્યા ઉપર જાઓ, પોતાના સ્થાન ઉપર જાઓ. પોતાના સ્થાન ઉપર જાઓ પછી તમારી વાત સાંભળીશ. તમે તમારા સ્થાન ઉપર જાઓ પછી તમારી વાત સાંભળવામાં આવશે. પ્લીઝ પોતપોતાના સ્થાન ઉપર જાઓ. પ્લીઝ પોતપોતાના સ્થાન ઉપર જાઓ. ડો.અનિલ જોષીયારાજી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૯મી ઓગષ્ટ એટલે આદિવાસી દિવસ છે ત્યારે ગુજરાતની એક કરોડની આદિવાસી જનતા અને આ દેશની દસ કરોડની આદિવાસી જનતા અને આખું વિશ્વ આદિવાસી દિવસ ઉજવી રહ્યું છે ત્યારે અમારા સૌની લાગણી છે અને સામે અમારા આદિવાસી મિત્રો પણ આજે દેખાતા નથી. તે પણ પોતાના વિસ્તારમાં આદિવાસી દિવસની ઉજવણી માટે ગયા હશે તેવું માનું છું. ત્યારે અમને અહીં બોલવાની તક મળતી નથી. હું આશા રાખું સરકાર તરફથી કે આજના દિવસે ગુજરાત સરકાર રજા જાહેર કરે. આજના દિવસે ઉત્સવ ઉજવવાનો હોય છે ત્યારે અમારા સમાજ માટે, અમારા દરેક લોકોને ભેગા કરવા માટેનો એક દિવસ છે ત્યારે સરકારશ્રી તરફથી અમે આશા રાખીએ છીએ, માનનીય મુખ્યમંત્રીશ્રી તરફથી આશા રાખીએ છીએ કે આજના આદિવાસી દિવસ તરીકે આપ રજા જાહેર કરો.

શ્રી વિજયકુમાર ર.રૂપાણી : (મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજે દુનિયા આખામાં આદિવાસી દિવસ તરીકે ૯ મી ઓગષ્ટ ઉજવાય છે. આપણા સમગ્ર સમાજ તરફથી આદિવાસી સમાજને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. આદિવાસી સમાજના હકક, અધિકાર, સુરક્ષા માટે આપણે સૌ કટિબદ્ધ બનીએ. આદિવાસી સમાજ સામાન્ય ધારામાં સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ઘ્યાનમાં રાખીને પાછળ ન રહી જાય, બધાની સાથે રહે તે માટે પણ આપણે સૌએ સંકલ્પ કરવા પડે. માનનીય જોષીયારાજીએ વાત કરી પણ સરકાર જ આજે આદિવાસી સમાજ માટે આદિવાસી દિવસ તરીકેના કાર્યક્રમો ત્રણ જગ્યાએ ઉજવી રહી છે અને માનનીય ગણપતભાઇ, શબ્દશરણભાઇ એ બધા લોકો કાર્યક્રમમાં ભાગ લેવા ગયા છે એટલે હાજર નથી એટલા માટે સ્પષ્ટતા કરું છું અને આજના દિવસની શુભેચ્છા પાઠવું છું. રજાની વાત કરી પણ એના માટેનું નોટિફિકેશન બહાર પાડવું પડે આજને આજ એવી રીતે રજા ન થઇ શકે એ સ્પષ્ટતા કરું છું પણ તમારી લાગણી ઘ્યાનમાં રાખીને ભવિષ્યમાં આ અંગે ચોક્કસ આપણે બધા સાથે મળીને જોઇશું. અત્યારે આજના દિવસે આદિવાસી દિવસ અને ૯મી ઓગસ્ટ એટલે ‘‘ભારત છોડો ચળવળ’’ અને આજે ‘‘કવીટ ઇન્ડિયા’’ આપણા સ્વાતંત્ર્ય સેનાની આપણા ક્રાન્તિકારીઓને યાદ કરીને આપણે સૌ સાથે મળીને આ દેશમાં રાષ્ટ્રવાદ દેશભક્તિના ભાવ જગાડીએ અને આ દેશ માટે જીવીએ અને દેશ માટે મરીએ એવી અપેક્ષા સાથે મારી વાત પૂરી કરું છું.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતની મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી પણ આજે જ ખબર પડી એવું તો છે નહીં ઘણાં સમયથી આ અમારી માગણી છે અને આજે તમે એમ કહો છો કે નોટિફિકેશન બહાર પાડવું પડે ત્યારે મારે કહેવું છે અને મારી સરકારશ્રીને વિનંતી છે કે આ ઘણાં સમયથી પડતર છે. અમારા સમાજને જાગૃત કરવા માટે કારણ કે અમારા સમાજનો જે વિકાસ છે, અમારા સમાજનું શિક્ષણ ઘણું કથળતું જાય છે ત્યારે સમાજને જાગૃત્ત કરવા માટે સમાજ એકત્રિત થાય અને એના માટે આજે તમે અમારી લાગણીઓને સમજીને આજે રજા જાહેર કરો એવી વિનંતી છે.

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

અધ્યક્ષશ્રી : માનનીય જોષીયારાજીએ વાત કરી એમાં આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પોતાની વાત કરી છે એ વાતમાં હું પણ મારો સૂર પૂરાવું છું. ડો. બાબાસાહેબ આંબેડકરે બંધારણમાં દલિત, પિડિત, શોષિત સમાજ માટેના જે કાયદાઓ કર્યા છે એના કારણે આ સમાજને આગળ વધવાની ઉત્તમ તક મળી છે. આ પ્રસંગે ફરીથી પણ એક વાત યાદ કરાવું વિપક્ષના નેતા તરીકે એક આપણા સૌથી સિનિયર મોસ્ટ આગેવાન આદિવાસી તરીકે જયારે અહીંયા નિમણૂક થઇ છે ત્યારે આપ સૌના વતીથી હું એમને પણ અભિનંદન પાઠવું છું, શુભેચ્છાઓ પાઠવું છું અને આ સરકાર અને અહીંયા બેઠેલા બધા જ લોકો પક્ષાપક્ષથી ઉપર ઉઠીને આ સમાજ માટે જે કાંઇ કરવું પડે એ કરી છૂટવાની તમન્ના સાથે આપણે સૌ ખભેખભા મીલાવીને કામ કરીએ એવી શુભેચ્છા સાથે આજના દિવસની સૌ આદિવાસી મિત્રોને ખૂબ ખૂબ શુભેચ્છા.

### વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

### કામકાજ સલાહકાર સમિતિનો સતરમો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શનિવાર, તા.૫મી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યે પાવાગઢ સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧. મંગળવાર, તા.૮.૮.૨૦૧૭ના રોજ ના દિવસના કામકાજની યાદીમાં નીચે દર્શાવેલ ક્રમ મુજબ સરકારી વિધેયકો હાથ ધરવા માટે દર્શાવવા તથા બુધવાર, તા. ૯.૮.૨૦૧૭ સુધીમાં તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૧૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૭નું ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયક.

(૩) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૭નું ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા (સુધારા) વિધેયક (સુધારતું) વિધેયક.

(૪) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) વિધેયક.

### સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના આઠમા અહેવાલની રજૂઆત

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ ( સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

### જાહેર સાહસો માટેની સમિતિના ચૌદમા અહેવાલની રજૂઆત

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ ( સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

### માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

### સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ ( સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

### તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)( ક્રમશઃ)

અધ્યક્ષશ્રી : હું આગળની કાર્યવાહી શરૂ કરુ તે પહેલાં માનનીય સર્વ ધારાસભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકુ છું કે જે પ્રકારે નિયમ ૧૧૬ની નોટિસ દાખલ કરવામાં આવી આપણે બધા જાણીએ છીએ કે ૧૧૬ની નોટિસમાં કોને કોને બોલવાનું હોય છે ? તો પ્રસ્તાવમાં જેટલા સભ્યશ્રીઓના નામ હોય તેટલાને બોલવાનું હોય છે અને જેટલાના નામ છે તેમને પૂરતી તક આપવામાં આવી છે અને છતાં પણ પ્રસ્તાવ પૂરો થવાનો હોય એ વખતે કહે તો આપણે એકાદ બે લોકોને પ્રશ્ન પૂછવાની છૂટ આપતાં હોઇએ છીએ. અને એટલા માટે એ તક આપ ચૂકી ગયા છો એ વખતે આપ ગૃહમાં હાજર પણ નહોતાં પરંતુ જે થયુ તે પણ હું આપના વતી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે તમારા બન્ને મિત્રો એક એક પ્રશ્ન પૂછશો અને માનનીય મંત્રીશ્રી જવાબ આપશે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ (ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૩મી તારીખે રાત્રેના ૧૧-૦૦ વાગ્યે ધાનેરામાં જેતપુરા ડેમ જે રાજસ્થાનનો નાનો ડેમ હતો તે તૂટી ગયો છે અને પ્રલય જેવી પરિસ્થિતિ સર્જાવાની સંભાવના છે લોકો અને વહીવટી

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) (ક્રમશ:)

તંત્રને પણ અમે જાણ કરી. ત્યાંના કાંઠાના સ્થાનિક વિસ્તારના લોકોને પણ અમે જાણ કરી અને વહેલી સવારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને ચુડાસમા સાહેબને અને શંકરભાઇને પણ મેં ફોન ઉપર વિનંતી કરેલ. સાહેબ એ નાનો જળ પ્રલય હતો ધાનેરા અને દાંતીવાડા વિસ્તારની અંદર એટલુ બધુ નુકસાન થયુ છે કે ખેડૂતોની ખેતીની જમીન નથી બચી, ઘર બચ્ચાં નથી, પશુઓ બચ્ચાં નથી. વેપારીઓ હાથે-પગે થઇ ગયા. ગંજ બજારના વેપારી હોય કે નાના લારી-ગલ્લાવાળા વેપારી હોય સમગ્ર વિસ્તારની અંદર જે જળ પ્રલયની ભયાનકતા છે એ ત્યાં જાય એને જ ખબર પડે એમ છે. જેને વાગ્યું હોય એને જ દુ:ખે છે. અહીંયા બેઠા-બેઠા આપણે ગમે તેવી કોમેન્ટ કરવી હોય એ વાત અલગ છે. સાહેબ, આપના મારફત મારી સરકારને વિનંતી છે કે, રાજનીતિ કર્યા વગર ગરીબોના આસું લૂછવાનો સમય આવ્યો છે. ૯૦ ટકા વસતી ખેતીવાડી ઉપર નભે છે. રસ્તાઓ પણ ધોવાઇ ગયા છે. દૂધની ડેરીના ટેન્કર મોકલવા હોય તો બધી જગ્યાએ જઇ શકતા નથી. સભાવડીની અંદર એક વ્યક્તિનું આખું ખેતર અને ઘર તારાજ થઇ ગયા અને એને એટેક આવીને એ મરી ગયો. તો એ માણસનું પોસ્ટમોર્ટમ કરાવવા આવવું હોય કે સારવાર કરાવવા આવવું હોય તો આવી શક્યા ન હતા. આવી ભયંકર પરિસ્થિતિ પ્રલયની હતી. મેં આર્મીની મદદ માંગી હતી અને માનનીય મુખ્યમંત્રીશ્રી સાહેબે મને કહ્યું હતું કે, અમે આર્મી મોકલીએ છીએ પણ ત્રણ દિવસ સુધી ધાનેરાનો સંપર્ક કરવો હોય તો આર્મી પણ નહોતી કરી શકાતી. પૂરની આવી ભયંકર પરિસ્થિતિ થયા પછી અત્યારે પણ લોકો ચોધાર આસુંએ રડે છે અને ઉપર આકાશ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિ બનાસકાંઠા જિલ્લામાં અને મોટાભાગે ધાનેરા અને દાંતીવાડા વિસ્તારમાં સર્જાઇ છે. કાંકરેજની અંદર પણ એવી જ પરિસ્થિતિ સર્જાઇ છે. ૨૦ માણસો તો ડૂબીને મરી ગયા છે અને બાકીના કેટલાય લોકોને ન ગણી શકાય એટલું નુકસાન થયું છે. તો સરકાર નવેસરથી જનજીવન ધબકતું થાય અને લોકોની સુખાકારી પાછી આવે એના માટે આપણે સૌ સાથે મળીને કોઇ પણ પ્રકારની રાજનીતિ કર્યા વગર ખેડૂતો, ખેત મજૂરો અને ગરીબોની મદદ કરીએ. આપ અત્યારે સર્વેની કામગીરીની જે વાત કરો છો.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં કહી દો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : કોઇ પણ પ્રકારની બાકીની વાત તો બાજુ પર રહી પણ કેશડોલની કામગીરી પણ હજી પૂર્ણ થઇ નથી. હજુ બાકી છે. આત્મારામ ભાઇ હું કહું છું બાકી છે. લોકોને કોઇ રાજકીય પક્ષ નથી હોતો અને જે લોકોનું ભલું કરે એને સરકાર કહેવાય અને લોકહિત હૈયે રાખીને વહેલામાં વહેલી તકે આખા વિસ્તારને ફરીથી બેઠો કરવા માટે સરકાર શું પગલાં લેવા માગે છે?

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં પ્રથમ જ કહ્યું કે તમે લોકો બેંગ્લોર જતા રહ્યા હતા. ૨૩ તારીખે રાત્રે flood આવ્યું હતું.

અધ્યક્ષશ્રી : આપણે મુદ્દા ઉપર રહીશું તો તમને જવાબ મળશે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : અમે ૨૩ થી ૨૯ તારીખ સુધી અમારા મત-વિસ્તારમાં જ હતા. માનનીય મુખ્યમંત્રી સાહેબ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ અને અમારા મંત્રીશ્રી શંકરભાઇ ડીસા આવ્યા ત્યારે પણ અમે ત્યાં હાજર હતા. અમારા એક-એક વિસ્તારમાં ગયા છીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમારે પ્રશ્ન પૂછવો છે કે, સ્પષ્ટતા કરવી છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : તમે કહ્યું કે બેંગ્લોર ગયા હતા એટલે મારે કહેવું પડ્યું.

અધ્યક્ષશ્રી : ગયા હતા તો ગયા હતા એમાં તમને શું વાંધો છે?

શ્રી ગોવાભાઇ હ. રબારી : મેં ના નથી પાડી. અમે ગયા હતા. અમારા રાષ્ટ્રીય નેતા હતા એમને પથ્થરો માર્યા તો પણ અમે એ વાત નથી કરતા. મારી વાત એ છે કે જે floodની અંદર જમીનો ધોવાઇ ગઇ છે. ઘણા તાલુકામાં ગામના ગામ ડૂબી ગયા છે અને ગામના નીચલા ભાગના વિસ્તારને શિફ્ટ કરવા પડશે અને બીજે વસાવવા પડશે. જમીનોના વહેણ થઇ ગયા છે. તો આવી જમીન નવસાધ્ય કરવા માટે લાખો રૂપિયાથી પણ એ થાય નહિ. તો એ સરકાર કરી આપે અથવા બીજી જગ્યાએ એમને જમીન આપે. જયાં સીપુ અને બનાસ બે નદી મારા વિસ્તારમાં અંદર ભેગી થાય છે. એના ત્રણ ચાર જે ગામો છે, જે ભણદ છે, જેરડા છે, મોરથન, ચંદાની, ગોરીયાઓ છે એ બધા જ એ કિનારા પર આવેલા છે એ તમામ અત્યારે એ જમીન નદીનો પટ થઇ ગયો છે. તો આ ગામો અને જમીન સરકાર બીજે વસાવવા માગે છે કે કેમ, કારણ કે બીજો કોઇ વિકલ્પ નથી અને આવું ફ્લડ અમે પહેલીવાર જોયું છે. ૨૦૧૫માં પણ આવું ફ્લડ ન હતું એટલું ફ્લડ આવ્યું છે એટલે કાયમી સોલ્યુશન માટે જે ગામોમાં બિલકુલ ધોવાણ થઇ ગયું છે એ ગામોને અને જમીન બીજે આપવી અને બીજો મારો પ્રશ્ન ખેડૂતોનો છે, ખેડૂત માટે કહ્યું છે કે, જે દસ હેકટર બિન પિયતમાં ૧૦ હજાર અને પિયતમાં ૪૦ હજાર એટલે માનનીય અધ્યક્ષશ્રી, જે ઓછું પાણી ફર્યું છે એને તો બરાબર છે, પણ જેને વહેણથી રેતી ફેલાઇ ગઇ છે તો એ ન કરી શકે એના બદલે તમે કરી આપો, એ ઘણી વખત આ ખોટું છે ખરું છે, ગયા વખતના ફ્લડમાં પણ પશુના ૧૩૭ કરોડ રૂપિયા નથી ચૂકવ્યા એની જાહેરાત કરેલી પણ નથી ચૂકવ્યા તો એ પણ ચૂકવવા માગો છો કે કેમ? એ ખોટા છે એમ કહે છે તો માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભા ભરી છે, સરકારના અધિકારીઓ અને કર્મચારીઓ હતા એટલે એ આપવા માગો છો કે કેમ? બીજું, ગામડાંની જમીન, જે ગામો કાયમ નીચેના વિસ્તારમાં હોય એને ઉંચામાં વસાવવું અને ખેતીની જમીન એને બીજે આપવી, નવસાધ્ય તો શક્ય જ નથી, નદી થઇ છે તો આ બધુ કરવા માગો છો કે કેમ? અને અમને જે ફોન ઉપર માહિતી મળે છે એમાં ઘરવખરી અંગે હજુ સર્વે કરે છે કે ત્યાં પાણી

આવ્યું હતું કે નહીં, તો માનનીય અધ્યક્ષશ્રી, વીસ દહાડા એ પાણી રહે ખરું? આમાં વહાલા દવલા છે તો એ પણ ચોખવટ કરીને એમને પૂરું વળતર આપવા માગો છો કે કેમ?

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા (કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, કાંકરેજમાં જે નુકસાન થયું છે, એની તો કોઇ હદ નથી, ત્યાં વરસાદનું પાણી નથી આવ્યું પણ નદીનું પાણી આવ્યું છે. દાંતીવાડા ડેમમાં અને સીપુ ડેમમાં એ બે ડેમોમાં જયારે એક જ ડેમનું પાણી વહન કરતા હોય તો માપનું રહે. પણ બંન્ને ડેમોનું પાણી વહન થયું અને પાણી છોડી મૂક્યું એટલે એમાં લોકો તણાઇ ગયા, ઘણા કુટુંબ તણાઇ ગયા છે, જયારે માણસને પહેરવાના કપડા સિવાય કંઇ બચ્યુ નથી, બધુ ડૂબી ગયું છે, તો એનો પૂરો સરવે કરી અને એ લોકોને સહાય મળે, એમને આશરો મળે તેવી વ્યવસ્થા સરકાર કરે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બનાસકાંઠાના જે મિત્રોએ વાત કરી એવી જ પરિસ્થિતિ પાટણની પણ હતી, ૨૦૧૫માં હું બનાસકાંઠાનો પ્રભારી મંત્રી હતો અને એ વખતે પણ બધાની સાથે મળી ખૂબ સારી કામગીરી થઇ હતી અને એટલા માટે હું એનો સાક્ષી છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : એ વખતે ફ્લડ હતું એના કરતાં પણ દસ ગણું ફ્લડ હતું.

અધ્યક્ષશ્રી : માનનીય જોઇતાઇભાઇ, મેં એવું કહ્યું કે, બધાયે ભેગા મળીને એ વખતે કામ કર્યું હતું પણ એ વખતે માનનીય ગોવાભાઇને તકલીફ વધારે હતી અને તમારે નહોતી, આ વખતે માનનીય ગોવાભાઇને ઓછી છે અને તમારે થોડીક વધારે છે અને હું પણ ત્યાં જાતે જઇ આવ્યો છું, તમે ભલે નહોતા, હું તમારો મિત્ર તો છું ને, એટલે હું પણ ત્રણ દિવસ જઇ આવ્યો, બધુ જોયું છે, જાણ્યું છે અને જવું પડે તો જવું પડે એમાં કંઇ ચિંતાની વાત નથી પણ મારે એટલી જ સ્પષ્ટતા કરવી છે માનનીય મંત્રીશ્રી કે, હું જે વખતે પ્રભારી મંત્રી હતો તે વખતે વિષય એવો ઉભો થયો કે, દરેક ગામમાં અત્યારે હાલ કેટલા પશુઓ છે તો એની ડેરીમાં પણ નોંધણી કરાતી હોય છે, પશુ આરોગ્ય મેળા વખતે પણ એની નોંધણી થતી હોય છે પણ કમનસીબે એવું થયું અમારે કે, બનાસકાંઠા જિલ્લામાં જેટલા પશુઓ હતાં પણ એના માગણીદારો એના કરતાં દોઢા આવી ગયા એટલે કશું જ કંઇ બચ્યુ જ ન હોય એ પ્રકારની સ્થિતિ થઇ, તમે બધા સાક્ષી છો, આ કોઇ અધ્ધરતાલ આપણે વાત નથી કરતા, એની ક્ષતિપૂર્તિના કારણે કયાંક એ થઇ હતી પણ એની વાત સાથે, માનનીય જોઇતાભાઇ, પ્લીઝ, તમે જે સંવેદના સાથે કોઇ રાજકીય અવલોકન સિવાય તમે સરકાર તરીકે બનાસકાંઠા હોય, પાટણ હોય અથવા અન્ય જિલ્લાઓમાં જે રીતે મદદ કરી છે, પૂરી વિગતો આપી છે પણ માનનીય મિત્રોને સંતોષ થાય એ માટે જે કામગીરી કરવાની બાકી હોય એની વાત આપ ટૂંકાણમાં કરો એવી વિનંતી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાના પ્રવચનમાં રાજકીય અવલોકન કરે અને આપ મને એમ કહો છો કે કોઇ રાજકીય અવલોકન ન કરશો? (અંતરાય) માનનીય જોઇતાભાઇ, તમે બોલતા હતા ત્યારે હું શાંતિથી સાંભળતો હતો. માનનીય સભ્યશ્રી કહેતા હતા કે આમાં કોઇ રાજકીય બાબત લાવ્યા સિવાય મદદ કરવામાં આવે પરંતુ મારે કહેવું છે કે અમે રાજકીય બાબત લાવ્યા સિવાય બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સહાય કરી છે. અહીંયા એમ કહો છો કે શરમ કરો શરમ કરો એ બાબતમાં હું જણાવીશ કે તમારા નેતાએ પોલીસે જે ગાડીની વ્યવસ્થા કરી હતી એમાં બેઠા નહિ. તેઓ વારંવાર આખા દેશમાં જયાં પણ જાય છે ફકત ગુજરાત જ નહિ પરંતુ દેશમાં ગમે ત્યાં જાય છે ત્યાં સરકારી સલામતીની ગાડીનો ઉપયોગ નથી કરતા. આવું પબ્લિસિટી માટે તેઓ કરે છે. જયારે પણ જવાનું હોય ત્યારે આવું કરે છે. વી.આઇ.પી. ત્યારે જે તે સરકારોને અગાઉથી કહેવું પડે, ગુજરાત આવતા હોય કે બીજા રાજયોમાં જતાં હોય ત્યારે જે તે સરકારોને પહેલા જાણ કરવી જોઇએ. અહીંયા રાજય સરકારે પૂરી વ્યવસ્થા કરી હતી. વિરોધપક્ષના આગેવાન છે એટલે એમના માટે પૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી તેમ છતાં તમારા નેતા એ ગાડીમાં ન બેઠા અને ઉતરી ગયા. (અંતરાય) અમે સહાય તો કરી જ છે.

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ જગ્યા ઉપરથી આગળ વધીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા)

અધ્યક્ષશ્રી : તમે બધા જાણો છો કે ઓવરલૂક કરીને, નિયમોને એકબાજુ મૂકીને સંવેદનાને લઇને પ્રશ્ન પૂછવા માટે મંજૂરી આપી છે તેવે વખતે જો આપ બધા અહીંયા આગળ આવીને સૂત્રોચ્ચાર કરો એ યોગ્ય નથી. (અંતરાય)

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : ગઇકાલે ચૂકાદો મળી ગયો છે.

અધ્યક્ષશ્રી : શું ચૂકાદો મળી ગયો ૬૦ હતા એના ૪૪ તો થઇ ગયા?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ ઘટનાને ભારતીય જનતા પાર્ટી તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ વખોડી કાઢી છે. અમે એને સમર્થન નથી આપતા. માનનીય ઇન્દ્રનિલભાઇ, અમે એને સમર્થન નથી આપતા. અમે જે વાસ્તવિકતા છે એ કહીએ છીએ. ખરેખર સરકારે જે વ્યવસ્થા કરી હોય એને સાથ આપવો જોઇએ. વિરોધપક્ષના આગેવાન છે એમણે સરકારે જે વ્યવસ્થા કરી હોય એને સાથ આપવો જોઇએ.(અંતરાય)આ આખા પૂરના સમય દરમિયાન... (અંતરાય)

અધ્યક્ષશ્રી : સૌ સભ્યશ્રીઓ પોતપોતાની જગ્યા ઉપર જાય નહિતર બધાને મારે બહાર કાઢવા પડશે. આપના સ્થાન ઉપર નહીં જાવ તો બહાર કાઢવાની મને ફરજ પડશે. પ્લીઝ, પોતાના સ્થાન ઉપર જાવ. (અંતરાય) માનનીય મંત્રીશ્રી, પ્લીઝ. (અંતરાય) તમે તમારા સ્થાન ઉપર જવા માગો છો કે કેમ? (અંતરાય) કોને બેસાડું? નિયમોની ખબર પડે છે? તમારા કોઇ જવાબદાર માણસ છે કે કેમ? ફરીથી છેલ્લી વખત. આપ પોત-પોતાના સ્થાન ઉપર નહીં જાવ તો મને બહાર કાઢવાની ફરજ પડશે. મારી વિનંતી છે કે પોતાના સ્થાન ઉપર બેસો. (સુત્રોચ્ચાર) જે સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર નથી તેમને

સભાગૃહની બહાર લઇ જવામાં આવે. પ્લીઝ. સાર્જન્ટને આદેશ કરું છું કે જે પોતાના સ્થાન ઉપર નથી તેમને બહાર લઇ જવામાં આવે. (સતત સુત્રોચ્ચાર) સાર્જન્ટને વિનંતી, પોતાના સ્થાન ઉપર નથી તેવા તમામ સભ્યોને બહાર કાઢો. પોતાના સ્થાન ઉપર ઉભા નથી તેવા તમામ સભ્યોને. પોતાની જગ્યા ઉપર હોય તેમને બહાર કાઢવાની જરૂર નથી. (સતત સુત્રોચ્ચાર) (અંતરાય) શું વ્યાજબી, નહીં વ્યાજબી મને ખબર પડે છે ભાઇ. મને ખબર પડે છે. (અંતરાય) આ બધું થયા પછી તમે ક્યાં હતા? શરમ કોણે કરવાની જરૂર છે પુંજાભાઇ? શરમ છે કંઇ? ગુજરાતની પ્રજાને મૂકીને ગયા છો અને શરમ કરવાની વાત કરો છો. (અંતરાય) સાર્જન્ટ, જરા ઝડપથી બહાર કાઢે. (અંતરાય) ચાલો, ઝડપથી પોતાની જગ્યા ખાલી કરો. પોતાનું સ્થાન માનભેર ખાલી કરો. સાર્જન્ટે કંઇ કરવું પડે એ બરાબર નથી. (અંતરાય) બે શું, બાર દિવસ કરો ને? અહીં રહો ને, મને ખબર પડે છે. તમે મને ઉલ્લેખીને કહી રહ્યા છો. (અંતરાય) ચાવડાજી, જગ્યા ખાલી કરો, પ્લીઝ. (અંતરાય) નાના બાળકો ખરા ને બધા. તમે પુંજાભાઇ, તમારી જગ્યા ખાલી કરો છો કે સાર્જન્ટને હુકમ કરું? માનભેર પુંજાભાઇ વંશને લઇ જાવ. માનભેર લઇ જાવ.

(આ તબક્કે વિરોધપક્ષના હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : (મહેસૂલ મંત્રીશ્રી ) :હું જવાબ આપતો હતો તે વખતે મુદ્દો ઉપસ્થિત થયો એ બાબતે સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે. જ્યારે રાહુલ ગાંધી આવ્યા અને જે ઘટના બની જેને માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને પાર્ટીના પદાધિકારીશ્રીઓએ આ ઘટનાને વખોડી કાઢી. ગઇકાલે રાતના લોકસભામાં માનનીય રાજનાથસિંઘ જવાબ આપતા હતા તે વખતે તેમના સભ્યોએ પ્રશ્ન ઉપસ્થિત કરેલ. રાહુલ ગાંધી વીઆઇપી છે. તેમણે તેમના પ્રવાસની બે દિવસ કે પાંચ દિવસ પહેલાં આગોતરી જાણ જે તે જગ્યાએ કરવી જોઇએ. જો તેમણે જાણ કરી હોત તો અમે તેમની વ્યવસ્થા કરી હોત. પરંતુ તેઓ ક્યારેય આવી આગોતરી જાણ વિદેશ પ્રવાસે જાય ત્યારે પણ કરતા નથી. જ્યારે ગુજરાતમાં આવ્યા તે વખતે પણ અમારી પોલીસ, એસ.પી.જી.એ એમને બૂલેટ પ્રૂફ કારની ઓફર કરી હતી. તેઓ એ ગાડીમાં બેઠા અને પછી ઉતરી ગયા, એ વિડિયો મોજુદ છે. તેમણે સલામતીનો અસ્વીકાર કર્યો. માનનીય ગોવાભાઇએ પણ પ્રશ્ન કર્યો તે બાકીના મિત્રો માટે પણ એ મુશ્કેલી રહે છે. તેઓ પરદેશ જાય છે ત્યારે તેમણે જાણ કરવી જોઇએ પણ તેઓ કરતા નથી. માનનીય ગોવાભાઇએ જ્યારે સવાલ પૂછ્યો એ બાકીના સભ્યોને પણ જણાવવા માગું છું. હું ત્રણ દિવસ બનાસકાંઠામાં કેમ્પમાં રહ્યો છું. ૨૦થી ૨૫ સભ્યશ્રીઓ અને માનનીય શંકરભાઇએ એ વિસ્તારની ચિંતા કરી છે. બીજું, અમે પાંચ દિવસમાં વિશેષ નીતિવિષયક નિર્ણયો કર્યા છે. પાંચ મહત્વપૂર્ણ નિર્ણયો માનનીય મુખ્યમંત્રીશ્રી, કલેક્ટરશ્રી અને અધિકારીશ્રીઓને પૂછીને કર્યા છે. ૨૦૧૫ અને ૨૦૧૭માં પૂર આવ્યું. એમાં અસર પામેલ ગામડાંઓ કાઢ્યા. જે તે ગામડાંઓમાં રહેલા લોકો અને પાસે રહેલા લોકોને પૂછીને અસર પામતા ગામડાંઓની યાદી તૈયાર કરીને અમે અને મુખ્યમંત્રીશ્રીએ બેસીને ૨૫ ગામડાંઓ કાઢ્યા છે. જેમાં ૨૦૧૫માં પૂર આવ્યું અને ૨૦૧૭માં પૂર આવ્યું અને ખાનાખરાબી થઇ. રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે એમને નજીકના સલામત સ્થળે કેવી રીતે એડજેસ્ટ કરી શકાય? એવો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આપણા મહત્વપૂર્ણ નિર્ણયો છે એ આપની જાણ માટે.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( રા.ક.ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામનો સામા પક્ષેથી વારંવાર ઉલ્લેખ થયો છે. એના માટે મારે થોડુંક ક્લેરીફિકેશન કરવું પડે એવું હતું એટલા માટે હું થોડીક સ્પષ્ટતા કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં બનાસકાંઠા અને પાટણ જિલ્લાની ચર્ચા કરવામાં આવી અને એમાં માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હતા અને માહિતી પૂરી પાડતા હતા. તે વખતે યોગ્ય માહિતી મેળવીને પૂર પિડિતોને મદદ કરવાના બદલે સમગ્ર વિષયને રાહુલ ગાંધીના વિષય ઉપર લઇ જઇને વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વિરોધ કર્યો એ દુર્ભાગ્યપૂર્ણ છે. મેં પહેલા દિવસથી અને સરકાર તથા મુખ્યમંત્રીશ્રીએ બધાએ કહ્યું છે કે કોઇપણ વ્યક્તિને કાયદો હાથમાં લેવાનો અધિકાર નથી. હું એ જિલ્લાનો પ્રતિનિધિ છું. કોણે પથ્થર માર્યો એ નક્કી થયું નથી. કોંગ્રેસ પાર્ટીના ત્યાંના સ્થાનિક લોકોએ કહ્યું છે કે ભારતીય જનતા પાર્ટીના માણસે પથ્થર માર્યો છે. ત્યાં કોઇને ઇજા થઇ નથી. માત્રને માત્ર પોલિટિકલ આક્ષેપો માટે કર્યું છે. સરકારે ફાળવેલ બૂલેટપ્રૂફ ગાડીમાં રાહુલ ગાંધી બેસતા નથી. રાહુલ ગાંધીની ગાડીમાં પાછળના ભાગે પથ્થર પડ્યો છે. પથ્થરમારો થયો નથી. એક પથ્થર પડ્યો છે. એનો વિડિયો ત્યાં આવ્યો છે અને એ કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાનો છે. એટલે પાસે બેસીને ત્યાં પત્થર મરાવ્યો છે અને એના ફૂટેજ ઉપરથી ધ્યાનમાં આવશે કે આ પત્થર કોણે માર્યો છે. પોલીસને ફરિયાદ નામજોગ, ભા.જ.પ.ના દરજી નામના કાર્યકર્તા છે, જે સામાન્ય કાર્યકર્તા છે, કયારેય કોઇ માખી પણ ન મારી શકે એવા માણસ ઉપર ફરિયાદ આપીને એના ઉપર આક્ષેપ કરીને તૈયાર કરેલું આખેઆખું ષડયંત્ર હોય એવું એ ઘટનામાં દેખાય છે. બીજું જે પત્થર ત્યાં આગળ બતાવી રહ્યાં છે એ પત્થર ત્યાંનો નથી. ધાનેરાની અંદર એ પ્રકારના પત્થરો નથી હોતા. એ રાજસ્થાનની અંદર જે પત્થરો હોય છે એ જ પત્થરો ત્યાંથી પ્લાનપૂર્વક રાજસ્થાનમાંથી આવ્યા ત્યારે લઇને આવ્યા હોય અને અહીં આવ્યા પછી આખેઆખી ગોઠવણ કરી, ત્યાં ઓછામાં ઓછા પાંચ-સાત હજાર અલગ અલગ લોકો હતા એમાંથી એક પણ લોકોએ કાંકરી પણ નથી મારી. ભા.જ.પ.ના કોઇ કાર્યકર્તાઓએ કે કોઇએ પત્થરમારો કર્યો નથી. ત્યાં રેકોર્ડ ઉપર જોશો તો માત્ર એક પત્થર પડે છે અને એક પત્થર પણ પાછળના ભાગે પડે છે અને એ પત્થર પણ બહારથી લાવીને ગોઠવણપૂર્વક રાજસ્થાનથી લાવેલા હોય એ છે. વીડીયો ફૂટેજ જો જોવામાં આવશે તો ખ્યાલ આવશે કે આખા દેશની અંદર ગુજરાતને બદનામ કરવા, ભારતીય જનતા પાર્ટીને બદનામ કરવા માટેની બાબત છે એ ખૂલી આવશે એટલે મારી તો આ ગૃહના માધ્યમથી વિનંતી હતી કે આ

કેસની ઉંડાણપૂર્વક તપાસ કરશે તો એક મોટું રાજકીય ષડયંત્ર હતું એ ધ્યાન ઉપર આવશે. બીજું તેઓ અહીંયા આવ્યા, આવ્યા પછી શું બોલ્યા, આવીને એમ કહે છે કે મને તમને મળીને આનંદ થયો. બીજું એમ બોલે છે, મેરા કામ પૂરા હો ગયા. કયા કામ પૂરા હો ગયા? પત્થરમારો કર્યા પછી ટી.વી.માં આવે છે મેરા કામ પૂરા હો ગયા. મતલબ તમે કોઇ નક્કી કરેલા ઇરાદા સાથે તમે ત્યાં આવ્યા હતા અને એ તમારો ઇરાદો પૂરો થયો છે એટલા માટે મેરા કામ પૂરા હો ગયા થાય છે. એના કરતા મારે વાત એ કરવી છે કે આ બનાસકાંઠાના પૂર પીડિત માટેની ચર્ચા જયારે ચાલતી હતી ત્યારે એ સંવેદના સાથે એની વાત કરી હોત, એની ચર્ચા કરી હોત તો સારું હતું. પરંતુ પૂર પીડિતોની વાત માત્ર જૂજ કરીને માત્ર રાહુલ ગાંધી ઉપર કેમ પત્થરોની વાત કરી, બનાસકાંઠાની, પાટણ જિલ્લાની પ્રજાની એમને નથી પડી માત્ર એક ઘટના પૂરતી ચિંતા કરી છે એટલે મને દુઃખ લાગ્યું. રાજય સરકારે પહેલા દિવસે પૂર આવ્યું ત્યારે ધાનેરામાં પૂર આવે એ પહેલાં, રસ્તા તૂટી જાય એ પહેલાં આ રાજય સરકાર, વિજયભાઇ રૂપાણીની સરકાર, નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી સરકાર, આ અમારા મહેસૂલ મંત્રીશ્રીએ ધાનેરામાં એન.ડી.આર.એફ.ની ટીમ અને આર્મીને બાર કલાક પહેલા ત્યાં પહોંચાડી દીધી. રસ્તા તૂટે એ પહેલાં બાર કલાક પહેલા લોકોને જાગૃત કરી દીધા અને લોકોને હાઇટ ઉપર લઇ ગયા અને કહ્યું કે અહીંયા આગળ પાણી મોટા પ્રમાણમાં આવી રહ્યું છે. જો સમયસર આખી રાત જાગીને આ કામ ન થયું હોત તો દસ હજારથી વધુ લોકોનું ધાનેરાની અંદરની આ ઘટનામાં શું થયું હોત એ વિચારતા કમકમાટી આવે છે. સલામત સ્થળે ખસેડયા પછી વચ્ચેના પાલનપુરના બધા રસ્તા તૂટી ગયા, એટલે એન.ડી.આર.એફ.ની ટીમ અને આર્મી ત્યાં જ હતી એટલે સ્થળ ઉપર જ રસ્તા નહોતા તો પણ બે એન.ડી.આર.એફ.ની ટીમ અને આર્મીએ બચાવની કામગીરી કરી અને અનેક લોકો જે અંદર ફસાયા હતા એમને પણ બહાર કાઢયા. એકલા રેલનદીની અંદર જો સમયસર બાર કલાક પહેલા જાણ ન કરી હોત, બહાર લઇ ગયા ના હોત, એન.ડી.આર.એફ. અને આર્મીએ ત્યાં કામ ન કર્યું હોત તો કેટલી મોટી દુર્ઘટના બની હોત. ધારશીભાઇ એક સાથે બે ડેમોમાં પાણીની વાત કરતા હતા. અંદર બે ડેમ ભરાણા છે અને આવું કયારેય બનતું નથી. ત્યાં પણ સમયસર જાણ કરીને ૩૦હજાર લોકોને બહાર જો ના લાવ્યા હોત, આખી રાતોની રાતો જાગીને આ કામ ન કર્યું હોત તો શું થાત એ ખબર નથી. આવી ખરાબ સ્થિતિની અંદર પણ અમારું આખું મંત્રીમંડળ, અમારા અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ રાતદિવસ પ્રજાની પડખે સતત રહ્યા. આખી સરકાર રહી. માનનીય મુખ્યમંત્રીશ્રી પાંચ દિવસ રહ્યા. દુર્ભાગ્ય અમારું બનાસકાંઠા જિલ્લાનું એ રહ્યું કે બનાસકાંઠાએ જે ૬-૬ ધારાસભ્યોને ચૂંટીને મોકલ્યા જયારે બનાસકાંઠા જિલ્લાની પ્રજાને સાચા અર્થમાં એમને જરૂર હતી, એમના આંસુ લુછવાની જરૂર હતી, તે જ દિવસે એમના પ્રતિનિધિઓ ત્યાં હાજર નહોતા અને આજે અહીંયા આવીને ફરી એના માટેની વાત કરવાની જગ્યાએ અહીંયા પોલીટીકલ એજન્ડા સાથેની વાત કરે છે એ દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. મારો નામજોગ ઉલ્લેખ કર્યો હતો એટલે મારે સ્પષ્ટતા કરવી હતી અને રાજય સરકારનો બનાસકાંઠા અને પાટણની પ્રજાનો આભાર માનુ છું કે મુશ્કેલીના સમયમાં દેશના પ્રધાનમંત્રીશ્રીએ ચૌદ જેટલા હેલીકોપ્ટર મૂકી, જાતે આવી અને પ્રજાને બચાવવા માટેનું જે કામ કર્યું છે એ બદલ બનાસકાંઠા અને પાટણની પ્રજા સદૈવ રાજય સરકાર અને કેન્દ્ર સરકારની રૂણી રહેશે. સ્વૈચ્છિક સંસ્થાઓનો પણ અમે આભાર માનીએ કે તમામ સખાવતો કરીને બનાસકાંઠાને બેઠો કરવા માટે આવ્યા છે એમનો પણ જિલ્લાની પ્રજાવતી ખુબ ખુબ આભાર માનુ છું.

## સરકારી વિધેયકો

### સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૮

### ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૭

### ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્ર* માં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૧૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૧૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારમાં સને ૨૦૧૧માં એક બંધારણનો ૧૭મો સુધારો કરવામાં આવ્યો અને એમાં બધી સહકારી મંડળીઓની ચૂંટણીઓ રાજ્ય સરકાર કરે એ પ્રકારનો સુધારો હતો. આપણે પણ આ સુધારો કર્યો અને નિર્દિષ્ટ મંડળીઓ સિવાયની મંડળીઓની સમિતિઓની ચૂંટણીઓ પણ રાજ્ય સરકારના જાહેર કરેલ અધિકારીઓ અને ઓથોરિટી દ્વારા યોજવાની રહેશે તેવી જોગવાઇ છે. આ જોગવાઇ અમલમાં આવ્યા બાદ કેટલીક વહેવારિક મુશ્કેલીઓ ધ્યાનમાં આવી અને એ રદ કરવા માટેનું આ વિધેયક લઇને હું આવ્યો છું. જે નિર્દિષ્ટ મંડળીઓ હતી એ સર્વોચ્ચ મંડળીઓ હતી, રાજ્ય કક્ષાની એપેક્ષ મંડળીઓ હતી. દા.ત. રાજ્ય સહકારી બેન્કો, ગુજકોમાસોલ, તમામ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો, તમામ જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘો, તમામ તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘો, આ સિવાય

* વિધેયક તારીખ ૩જી ઓગસ્ટ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રાજ્યમાં ૭૫ હજાર જેટલી મંડળીઓ અલગ અલગ રીતે કામ કરે છે. હવે જો રાજ્ય સરકાર આ માટે જુદી ચૂંટણીઓ કરે તો ખૂબ મુશ્કેલી પડે એમ છે. આ વિષયને લઇને ગુજરાત હાઇકોર્ટમાં એક પિટિશન થઇ અને એ પિટિશનમાં માનનીય હાઇકોર્ટ દ્વારા તા. ૨૨–૪–૨૦૧૩ના રોજ આ સુધારો અલ્ટ્રાવાયરસ કરવામાં આવ્યો. ત્યાર પછી સુપ્રીમ કોર્ટમાં કેસ પડતર છે. આમાં કોઇ મનાઇ–હુકમ નથી. આ બાબતને માનનીય ગુજરાત હાઇકોર્ટે ધ્યાનમાં લીધી કે ગુજરાત સહકારી મંડળીઓની તમામની ચૂંટણીઓ રાજ્ય સરકાર કેવી રીતે કરે છે? નાની નાની ચૂંટણીઓ હોય તો એના આર.ઓ.ની નિમણૂંક કરવાની થાય. કેટલો મેનપાવર જોઇએ? એનો ખર્ચ સરકાર કરે કે મંડળી કરે? મંડળીઓને પોષાય નહીં, અનુકૂળતા, પ્રતિકૂળતાઓ એ બધું જોયા પછી રાજ્ય સરકારને સંપૂર્ણ મેચ્યોર્ડ ડિસિઝનના ભાગરૂપે આવી જે ચૂંટણીઓ થાય છે એનો ખર્ચ ઘટાડવા માટે રાજ્ય સરકારને એક નવું તંત્ર ઉભું કરવું પડે અને એ તંત્ર આજના દિવસમાં જ્યારે રેગ્યુલર કોર્સમાં પણ મેનપાવર બરાબર હોય પણ આકસ્મિક પૂર જેવા સંજોગોમાં એ મેન પાવરનો ઉપયોગ કરવાનો થાય અને એ સમયમાં ચૂંટણીઓ હોય તો આ બધાનું વ્યવહારિક પરિણામ ન લાવી શકાય અને બીજું કે, કરકસરયુક્ત ચૂંટણીઓ પણ ન થઇ શકે. આ બધું ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આ સુધારા દ્વારા એવું નક્કી કર્યું છે કે દરેક મંડળી, ૭૫ હજાર જેટલી મંડળીઓની ચૂંટણી સરકાર કરે એના કરતાં પોતાની અનુકૂળતા પ્રમાણે એમાં સિલેકશન થઇ શકે. નાની મંડળી હોય અને ગામના લોકો ભેગા થાય અને પોતાની રીતે ચેરમેન નક્કી કરી શકે. બહારથી આવેલ માણસ ન કરી શકે. આ બધું ધ્યાનમાં રાખીને આ ચૂંટણીઓ સ્થાનિક લેવલે કરવા માટેનો આ વિધેયકનો સુધારો લઇને આવ્યો છું. આ સુધારાને સભાગૃહ માન્ય રાખે એવી મારી વિનંતી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિધેયક લઇને આવ્યા છે એની ચર્ચા કરવા માટે હું ઉભો થયો છું. માનનીય મંત્રીશ્રી દ્વારા ગુજરાત સહકારી મંડળીની અંદર નિયમ, અધિનિયમ ૧૯૬૧ની કલમ ૭૪ સીસીના સુધારા માટે આ બિલ આજરોજ વિધાનસભાની અંદર લાવ્યા છે એના ઉપર હું ચર્ચા કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો હું આ ગૃહને જણાવું છું કે, ૯૭ના બંધારણીય સુધારાને અનુલક્ષીને ૨૦૧૩ના વર્ષમાં કાયદાની કેટલીક કલમોમાં રાજ્ય સરકારશ્રીએ સુધારા કરેલા હતા ત્યારે કલમ ૭૪સીસીમાં સુધારો કરવામાં આવેલ હતો જેમાં નિર્દિષ્ટ મંડળીઓ કે તાલુકા અને જિલ્લા કક્ષાની મંડળીઓ હોય એ મંડળીઓમાં ચૂંટણી રાજ્ય સરકારના અધિકારીઓ દ્વારા કરવામાં આવતી હતી અને એની અંદર નિર્દિષ્ઠ મંડળીને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો એમાં કરવો પડતો હતો. ગુજરાતની અંદર આપણે જોઇએ તો ૭૫૦૦૦ જેટલી મંડળીઓ આવેલી છે અને એની અંદર લગભગ સવા સો કરોડથી વધુ લોકો આ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતા હોય છે. અને ખાસ કરીને એમાં ખેતી વિષયક મંડળી ૯૧૭૫, દૂધ મંડળીઓ ૧૭૦૦૦ અને હાઉસિંગ મંડળીઓ લગભગ ૧૬૦૦૦ જેટલી આવેલી છે. આની અંદર ખૂબ નાના નાના લોકો આની સાથે સંકળાયેલા હોય છે.

( માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતની વાત કરું તો વધુમાં વધુ મંડળીઓ આવેલી છે અને અમારી દક્ષિણ ગુજરાતની મંડળીઓનો આ હક છે કે ગામે ગામે નિર્દિષ્ટ મંડળીઓ આવેલી છે. જ્યારે અધિકારી દ્વારા ચૂંટણી કરવામાં આવતી હતી ત્યારે મંડળીઓને ખૂબ પૈસાનો આર્થિક બોજો પડતો હતો. પરંતુ આ નાની મંડળીઓ હોય એનો બોજો એ લઇ ના શકે. હકીકતમાં આ બિલ લાવવાથી મંડળીની ચૂંટણી જો તંત્ર દ્વારા કરવામાં આવે તો ખૂબ બધી વ્યક્તિઓ કે વ્યક્તિગત નુકસાન થાય અને ખર્ચ પણ મોટો ઉઠાવવાનો આવે. આ બિલ લાવવાથી એક તો આર્થિક બોજો પણ ઘટશે અને સાથે સાથે મંડળીની જે સધ્ધરતા છે એ સધ્ધરતામાં પણ ખૂબ વધારો થશે. માનનીય અધ્યક્ષશ્રી, આપને જણાવું કે હું આ નિર્દિષ્ટ મંડળીઓને આ બિલ લાવવાથી આજે સુધારા કરીને બિલ લાવ્યા છે ત્યારે ખૂબ બધા લોકોને એના દ્વારા ફાયદો થવાનો છે. તંત્ર દ્વારા પગલા ભરવાના થાય ત્યારે આવી બધી મંડળીઓમાં જ્યારે ઇલેકશન થતું હોય ત્યારે ખૂબ બધા લિટીગેશનના પ્રશ્નો ઉભા થતા હોય છે. સને ૨૦૧૩ના સુધારા પહેલા આવી મંડળીઓમાં એના પોતાના નીતિ–નિયમો લઇને જાતે વ્યવસ્થા કરીને ચૂંટણી યોજતી હતી. એ સમયે મંડળી પોતાના ટાઇમે આવી ચૂંટણી યોજી શકતી હતી. જેમ કે– કોઇ ગામમાં સામાજિક પ્રસંગ હોય, કોઇ ગામમાં ધાર્મિક પ્રસંગ હોય, તાલુકા પંચાયતનું ઇલેકશન હોય કે જિલ્લા પંચાયતનું ઇલેકશન હોય, વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી હોય ત્યારે પોતાની રીતે કાર્યક્રમ બનાવીને ચૂંટણી યોજતી હતી. જ્યારે આ હાલની જોગવાઇમાં તંત્ર દ્વારા ચૂંટણી યોજાતી હોય અને અને આ સમયનું ધ્યાન ના રાખવામાં આવે એ સ્વાભાવિક છે. જેથી આ જોગવાઇ રદ કરવાથી સંસ્થાના ઘણાં બધા પ્રશ્નો ઉકેલાય જશે અને ખાસ કરીને આર્થિક બોજો પણ ઘટી જશે. અને પોતાના ટાઇમે ચૂંટણી કરી શકતી હતી જેથી આ બિલને હું તરફેણ કરું છું અને સર્વાનુમતે પસાર થાય એ માટે હું ગૃહને વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભાઇ મુકેશભાઇએ ખૂબ સરસ રીતે વાત કરી છે અને બિલને સમર્થન આપ્યું છે અને એમનો આભાર માનું છું. આટલી નાની વાત સહકાર વિભાગે અમારા મહેસુલ વિભાગને કહ્યું હતું કે આ ચૂંટણી પંચ માટેની વ્યવસ્થા માટે તમે અમને સહકાર આપો. મહેસૂલ વિભાગે પણ આ ચૂંટણી યોજવા બાબતની વ્યવસ્થા કરવાની અસંમતિ અમારે દર્શાવવી પડેલી કારણકે જેમ મુકેશભાઇએ કહ્યું તેમ કે તમારી અનુકૂળતા હોય ત્યારે મારી અનુકૂળતા ન હોય, સરકારને અનુકૂળતા હોય ત્યારે ગામને અનુકૂળતા ન હોય કે સભ્યને અનુકળતા ન હોય કે સ્થાનિક પ્રસંગ હોય આ બધું જ જોયા પછી રાજ્ય સરકારે, સહકાર વિભાગે એક વ્યવહારિક નિર્ણય લીધો કે દરેક સહકારી મંડળી પોતાની રીતે, પોતાની અનુકૂળતાએ, પોતાના સમયની અનુકૂળતાએ પોતાની ચૂંટણી કરે. તો ફરીવાર સભાગૃહને મારી વિનંતી અને લાગણી છે કે સર્વાનુમતે આ બિલને પસાર કરે.

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયક, ૨૦૧૭

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૮ નું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ–૩, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૮ નું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

-------

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૩૧

ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયક, ૨૦૧૭

ઔદ્યોગિક વિકાસની વૃદ્ધિ માટે ઔદ્યોગિક અન્ડરટેકીંગ ઉભા કરવા માટે જરૂરી હોય તેવા જુદા જુદા લાઇસન્સ, પરવાનગી અને પ્રમાણપત્ર કાઢી આપવા માટેની ઝડપી પ્રક્રિયા માટે જોગવાઇ કરવા અને રાજયમાં મૂડીરોકાણકારોને સાનુકૂળ હોય તેવા વાતાવરણ માટેની પણ જોગવાઇ કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક – ૩૧, સન ૨૦૧૭ના ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક – ૩૧, સન ૨૦૧૭ના ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો

ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ દેશના વિકાસ માટે અને રોજગારી માટે બે ક્ષેત્ર ખૂબ જ મહત્વના છે એક છે ઉદ્યોગ અને બીજું છે એગ્રીકલ્ચર. આ બંને વિભાગમાં રાજય સરકારે જયારે નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારથી ખૂબ મોટા નીતિ વિષયક નિર્ણયો લીધા. અને બધાને સાથે રાખીને બધાને લાભ કેમ થાય, સરળીકરણ કેમ આવે? એના બે મહત્વના નિર્ણયો દેશમાં કદાચ પહેલીવાર થયા હશે. ખેતીના વિકાસ માટે ખૂબ મોટા નિર્ણયો કૃષિ મહોત્સવ જેવા અને લેબ ટુ લેન્ડ લેબોરેટરીમાં થાય છે એ જમીન સુધી પહોંચે. એવી જ રીતે ઉદ્યોગના વિકાસ માટે ૨૦૦૩ થી માંડીને ૨૦૧૭ સુધી વાઇબ્રન્ટ ગુજરાત. એ પણ અનોખો પ્રયોગ દેશમાં સાબિત થયો. દેશના, વિદેશના લોકો અહીયા રોકાણ માટે આવે અને એમાં અનુભવના આધારે એના અમલીકરણમાં શું તકલીફ પડે છે અને તકલીફ માટેનું નિવારણ શું? શું કરીએ તો બહારથી આવનારાને તકલીફ ન પડે અને ઉદ્યોગ શરૂ કરી શકે. એક ઉદ્યોગ શરૂ કરવામાં નીચેથી શરૂઆતથી માંડીને શરૂ થાય ત્યાં સુધીમાં એને પરવાનગી મળે ત્યાં સુધી કોઇને ૬ મહિના, કોઇને ૧૨ મહિના જેટલો સમય લાગે. લોન લીધી હોય, બાકી વ્યવસ્થા કરી હોય અને એને જરૂરી ના વાંધા પ્રમાણપત્રો અનેક જગ્યાએથી લેવાના થાય. અને એમાં એકાદ ના વાંધા પ્રમાણપત્ર જો મેળવવામાં મોડું થાય તો બાકીના બધા જ મેળવેલ પત્રોનું પ્રમાણ ન રહે, એટલા માટે રાજય સરકારે હવે તો નરેન્દ્રભાઇ ૨૦૧૪ થી દેશનું સુકાન સંભાળે છે, ત્યારે દેશ લેવલે પણ એક જ જગ્યાએથી એટલે સીંગલ વિન્ડો ક્લિયરન્સ બધી જગ્યાએ ફરવાની જરૂર નહિ. કોઇ એક જ જગ્યાએથી એપ્લીકેશન કરો અને સરળતાથી તમને બધી જ પરવાનગીઓ મળે એને એક સરળ ભાષામાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ પણ કહેવામાં આવે છે. તમારે ઉદ્યોગ કરવો છે. ઇઝ ઓફ ડુઇંગ. સરળતાથી તમે કેવી રીતે કરી શકો. આ એક મહત્વની બાબત આખા દેશની અંદર ગુજરાતમાં સૌથી વધારે રોકાણો આવે છે. દર ૨ વર્ષે થતા વાઇબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો એમાં ૨૦૦૩ થી વધારે ૨૦૦૫ માં સારો થયો અને ૨૦૦૫ કરતા ૨૦૦૭ માં વધારે થયા. છેલ્લે ૨૦૧૭ માં અભૂતપૂર્વ થયો. એનું મહત્વનું કારણ હોય તો એ દર વખતે નાના મોટા સુધારા કરતા ગયા અને હવે આ વિશ્વમાં પણ હમણા અમારા સાથી ત્યાં ઉદ્યોગ કરે છે, બાંધકામનું કામ કરે છે. એને મળવાનું થયું. એમણે કહ્યું આ પદ્ધતિ કઇ છે, જેના પરિણામે કોઇપણ પ્રકારના વિઘ્ન સિવાય, કોઇપણ પ્રકારના ડીલે સિવાય સરળતાથી આ બધુ મેળવી શકીએ છીએ. એવા જ પ્રકારે ગુજરાતમાં પણ બિઝનેસ રિફોર્મ એકશન પ્લાન ૨૦૧૭. બી.આર.એ.પી. એ મૂલ્યાંકન માળખા મુજબ ઔદ્યોગિક નીતિ અને વિસ્તાર વિભાગ વાણિજ્ય ઉદ્યોગ મંત્રાલય ભારત સરકાર દ્વારા રાજય સરકારોને ૪૨૧ પ્રશ્નોની સૂચિ અમલીકરણ માટે પૂરી પાડવામાં આવી. ૧૨ રાજ્યો ઓનલાઇન પોર્ટલ થકી ઝડપી અને સમયસર પરવાનગીઓ પૂરી પાડવા માટે સીંગલ વિન્ડો ક્લિયરન્સ એકટ માટે તૈયાર થયા છે. એમાં આપણે પણ છીએ. ઔદ્યોગિક વિકાસના પ્રોત્સાહન માટે ઔદ્યોગિક સાહસો

* વિધેયક તા. ૩જી ઓગષ્ટ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સ્થાપવા માટે જરૂરી વિવિધ પરવાનગીઓ, પરવાના, સર્ટીફિકેટો માટે ઝડપી પ્રક્રિયા એના માટેની જોગવાઇઓ કરવી તેમજ રાજ્યમાં રોકાણકારોને પ્રોત્સાહન કેવી રીતે પૂરું પાડવું એને બાબતની બધી જોગવાઇઓ. એમાં જિલ્લા કક્ષાની સુગમ સમિતિ અને રાજય કક્ષાની સુગમ સમિતિ. આ સુગમ સમિતિની અંદર ઉદ્યોગ સાહસિકોને રાજ્યમાં ઉદ્યોગો સ્થાપવા માટેનું માર્ગદર્શન અને સહાયતા કેવી રીતે પૂરી પાડવી એનું પૂરેપૂરું માર્ગદર્શન આપે. રોકાણકારોને પ્રોત્સાહન માટેની પ્રવૃતિઓ આ સમિતિઓ હાથ ધરે. ઔદ્યોગિક પ્રગતિ અને નીતિ ઘડવાની પ્રક્રિયામાં પણ આ સમિતિ સહાયરૂપ થાય. તેનું બજેટ તૈયાર કરવું, સંશાધન એકઠું કરવું અને જિલ્લા કક્ષા સુધી વિસ્તારવા માળખું પૂરું પાડવું. આ બધી જ બાબતો આ સિંગલ વિન્ડો કલીયરન્સ એકટમાં સામેલ કરવામાં આવી છે. આમ કરવાથી અને આ બિલ પસાર થયા પછી જે જાણકારી મળશે, જે લોકોને એમ છે અને અનુભવના આધારે એમ કહે છે કે ડીલે થાય છે, મોડું થાય છે એટલા માટે અહીં આવતા ન હતા. એટલે આ બિલ પસાર થયા પછી જાણશે કે ગુજરાતે પણ આ સિંગલ વિન્ડો કલીયરન્સ બિલ પસાર કર્યુ છે તો એના આધારે હું માનું છું ત્યાં સુધી ગુજરાતમાં રોકાણની પ્રક્રિયા જે મંદ હતી તે પણ વધારે ઝડપથી આગળ વધશે અને ગુજરાતને ઔદ્યોગિક રોકાણ વધારે મળશે. તે ઔદ્યોગિક રોકાણના કારણે રોજગાળી મળશે અને હવે આ ઉદ્યોગ એ માત્ર ઉદ્યોગ નથી રહ્યો પણ અહીં તો ખેત આધારિત ઉદ્યોગ થયા છે. ખેત ઉત્પાદનનું વેલ્યુ એડીશન કઇ રીતે થાય તેના પણ ઉદ્યોગ હોય છે. આ બધી બાબતો આ એકટની અંદર છે અને આ બિલ ગુજરાતના વિકાસ માટે એક સીમાચિહ્નરૂપ થશે એવું હું માનું છું અને મારી સભાગૃહને વિનંતી છે કે આ બિલ સર્વાનુમતે પસાર કરે.

શ્રી જગદીશભાઇ ઈ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૭ના વિધેયક ક્રમાંકઃ ૩૧ સન ૨૦૧૭ નું ગુજરાત સિંગલ વિન્ડો કલીયરન્સ જે માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને એક ઉદ્યોગકાર તરીકે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, તે વખતના તત્કાલીન મુખ્યમંત્રી અને આ દેશના ગૌરવવંતા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીની જે દીર્ઘદ્રષ્ટિ કહેવાય અને એ વાકયને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યુ છે કે ઘેટ ઇઝ અ બિલ ઘેટ ઇઝ એ વે. ૨૦૦૦ થી વાઇબ્રન્ટની શરૂઆત થઇ અને ત્યારથી વિવિધ દેશોમાંથી જે ઉદ્યોગકારો ગુજરાતમાં પોતાના ઉદ્યોગો સ્થાપવા માટે આવતા હતા ત્યારની પરિસ્થિતિ જોઇ અને આજે તેઓ દેશનું નેતૃત્વ કરી રહ્યા છે ત્યારે માત્ર ગુજરાતનો વિકાસ નહીં પણ આખા દેશનો સર્વાંગી વિકાસ થાય તેના માટે એક ખૂબ સરસ પોલીસી ઘડી કાઢી છે. એઝ અ ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ હું પોતે ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલ છું એટલે મને ખબર છે કે એક નાના ઉદ્યોગકાર અને કારખાનાદારને નાની ઇન્ડસ્ટ્રીઝ શરૂ કરવાની હોય તે વખતે જે મુશ્કેલીઓ પડતી હોય તે દરેક મુશ્કેલીઓને માનનીય વડાપ્રધાનશ્રીએ આવરી લીધી છે અને દરેક પ્રશ્નોનું સિંગલ વિન્ડો સિસ્ટમમાં કલીયરન્સ થાય અને તેવું વિધેયક માનનીય ભુપેન્દ્રસિંહજી લાવ્યા છે ત્યારે તેને આવકારું છું. દેશમાં ઔદ્યોગિક ક્રાંતિ થાય અને દેશમાં વધુને વધુ ઉદ્યોગોની સ્થાપના થાય અને વિકાસ થાય, યુવાનોને રોજગારી મળી રહે તેવા શુભ આશયથી આ દેશનું ગૌરવ એવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્ર સરકાર દ્વારા બિઝનેસ રિફોર્મ એકશન પ્લાન ૨૦૧૭ જે બનાવવામાં આવ્યો છે તે ખૂબ આવકાર્ય બાબત છે. વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા એકશન મૂલ્યાંકન પ્લાન મુજબ જે ડીઆઇટીપી એકમો જે ડીપાર્ટમેન્ટ ઓફ પ્લાનીંગ પ્રમોશન દ્વારા અંદાજિત ૪૨૧ પ્રશ્નોની સૂચિ અમલીકરણ માટે પૂરી પાડવામાં આવી હતી અને તેને લઇને નાનામાં નાના દરેક પ્રશ્નોનું વર્ગીકરણ કરી અને જે પણ ઉદ્યોગકારો ભારતની ધરતી ઉપર આવતા હોય, રાજયમાં આવતા હોય તે બધા જ પ્રશ્નોને હલ કરી અને વધુને વધુ ઝડપી તેવા ઉદ્યોગોનો વિકાસ થઇ શકે તેના માટે અલગ અલગ સમિતિઓની રચના કરવામાં આવી છે. ઉપરોકત એકશન પ્લાન અંતર્ગત ગુજરાત સરકારે પણ આપણા રાજયમાં ઉદ્યોગનો ઝડપી વિકાસ થાય તેના માટે ખૂબ સરસ યોજના કરી છે. હમણા જ માનનીય ભૂપેન્દ્રસિંહજી બોલ્યા કે ease of doing business આ એના માટે પણ અમારી સરકાર કામ કરી રહી છે અને જે જિલ્લા કક્ષાની વિવિધ સમિતિઓ બનાવવામાં આવી છે એ જિલ્લા કક્ષાની એક સુગમ સમિતિ બનાવવામાં આવી છે એની અંતર્ગત પણ વિવિધ આ બધા જ મુદાઓ આવરી લેવામાં આવેલ છે, એવી જ રીતે સિંગલ વિન્ડો સમિતિ પણ બનાવવામાં આવી છે, એવી જ રીતે રાજય કક્ષાની સુગમતા સમિતિ સ્ટેટ લેવલની પણ બનાવવામાં આવી છે આવી જ રીતે નાની નાની દરેકે દરેક બાબતોનું ઉદ્યોગકારોને પોતાની ઇન્ડસ્ટ્રીઝનો વિકાસ થાય તે માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારે ખૂબ સરળતાથી આ નિયમો ઘડી કાઢ્યા છે એટલે એઝ એ ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ તરીકે આ નિયમને હું આવકારું છું અને આ વિધેયકને હું મારું અનુમોદન આપુ છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સિંગલ વિન્ડો ક્લિયરન્સ વિધેયક ક્રમાંક-૩૧ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજયના વિકાસ માટે કૃષિ, શિક્ષણ અને ઉદ્યોગ ઘણાં મહત્વના છે. ઉદ્યોગો રોજગારી આપે છે અને જે રીતે ગુજરાત સરકારે અને માનનીય તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ માટે કૃષિ મહોત્સવ એમાં ખેડૂતોને ફિલ્ડમાં જઇને દરેક કૃષિ નિષ્ણાતો સલાહ આપે કે બિયારણ કેવું વાપરવું, કેવી જમીનમાં કયો પાક થાય અને એ રીતે ગુજરાતની કૃષિનો વિકાસ દર સમગ્ર ભારતમાં આગળ રહ્યો તે જ રીતે શિક્ષણ માટે શાળા પ્રવેશોત્સવ શરૂ કરી અને ગુજરાતમાં અનેક મેડીકલ, એન્જિનિયરીંગ કોલેજો શરૂ કરી. એન્જિનિયરીંગ કોલેજો અને આઇ.ટી.આઇ. કોલેજો શરૂ કરી ગુજરાતના ઉદ્યોગોને અનેકગણો સ્કીલ્ડ મેન પાવર સપ્લાય કર્યો. ત્યાર બાદ આનંદીબેન

મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે જમીન મહેસુલમાં અનેકવિધ સુધારાઓ કરીને જમીનમાં ઘણું સરળીકરણ કર્યું અને જ્યારે આપણા હાલના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇએ શ્રમ અને મજુરના કાયદાઓમાં અનેકવિધ સુધારાઓ કરીને એટલા સરળ કર્યા કે ઉદ્યોગોને ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવામાં કોઇ મુશ્કેલી પડે નહીં અને હાલ જયારે સમગ્ર વિશ્વમાં આપણે કોમ્પીટ કરી રહ્યા છીએ ત્યારે સિંગલ વિન્ડો કિલયરન્સ એક એવું શસ્ત્ર છે કે જેના લીધા આપણું ગુજરાત આખા ભારતમાં સૌ પ્રથમ રહેશે. આમાં દરેક પરમીશનો માટે એક કોમન ફોર્મ બનાવવામાં આવશે અને એમાં જમીનના એલોટમેન્ટથી લઇને બાંધકામ પરમીશન, જી.પી.સી.બી. પરમીશન તેમજ જે કંઇ પણ રો-મટિરિયલ્સ સંગ્રહ કરવામાં આવે એનું પોઇઝન લાયસન્સ, પ્રોહીબીશન લાયસન્સ આ બધા લાયસન્સો એક જ સાથે મળી રહે એ માટે ત્રણ લેવલની સમિતિ બની છે જિલ્લા લેવલની, ચીફ સેક્રેટરી લેવલની અને છેલ્લે મુખ્યમંત્રીશ્રી લેવલની આ રીતે ગુજરાત રાજયના વિકાસ માટે આપણી સરકાર કેટલી કટિબધ્ધ છે એ પ્રતિત થાય છે અને ગુજરાતના વિકાસમાં સિંગલ વિન્ડો કિલયરન્સ સમગ્ર દેશ અને વિશ્વમાં ગુજરાતને અવ્વલ નંબર આપશે એવી મારી શુભેચ્છા સાથે આ વિધેયકને હું મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા બંને અનુભવી સાથીઓ માનનીય શ્રી જગદીશભાઇ અને માનનીય શ્રી કનુભાઇએ મારા બિલને સમર્થન આપ્યું છે એમને અભિનંદન આપુ છું અને આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આનાથી લાંબા ગાળાના ખૂબ મોટા ફેરફારો થવાના છે અને લાભ થવાના છે અને એના માટે અત્યાર સુધી જે નિરાશ થયા હશે, પાછા ગયા હશે આ પ્રક્રિયાથી લાંબી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને

એવો અનુભવ થયો છે કે બધા લોકોને થશે કે હવે ગુજરાતની અંદર આ આખી પ્રક્રિયા સીંગલ વિન્ડો ઇઝ ઓફ ડુઇંગ થયુ છે એટલા માટે હવે આપણે ગુજરાતમાં બાકી બધી સુવિધા માળખાકીય સુવિધાઓ ગુજરાતમાં છે એટલી દેશમાં કયાંય નથી રસ્તા, પાણી, આરોગ્ય, વીજળી આ બધી સુવિધાઓ ગુજરાત સિવાય બીજે મળનારી કયાંય નથી. આટલા રસ્તા હોય, ઇન્ફ્રાસ્ટ્રકચર હોય અને ઇન્ફ્રાસ્ટ્રકચરમાં નંબર.૧ રાજયમાં આ એક નાનકડી ખામી હતી જે આજે રાજય સરકાર દ્વારા દૂર કરવામાં આવી છે. હું ફરીવાર ગૃહને વિનંતી કરું છું કે આ બિલને સર્વાનુમતે પસાર કરે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ અને સિંગલ વિન્ડો કિલયરન્સની જયારે વાત કરે છે ત્યારે મારે એક નાનકડો પ્રશ્ન છે કે ગુજરાત આખા દેશની અંદર એક એવું રાજય છે કે જેમાં ઇઝ ઓફ ડુઇંગમાં એ બેસ્ટ ડેસ્ટીનેશન તરીકે પુરવાર થયુ છે ત્યારે આ પ્રશ્ન જયારે હું પૂછું છું ત્યારે એ રીલેવન્ટ છે કે નહીં તેના માટે મને માફ કરશો પણ જી.આઇ.ડી.સી.ની અંદર ઉદ્યોગકારની બાજુમાં નાનો અમસ્તો પ્લોટ હોય અને ઉદ્યોગકાર નાનો જ હોય છે ૨ હજાર સ્કવેર ફૂટની જ જગ્યા હોય છે. તો આપણે ત્યાં નિયમ એવો છે કે એક જ વખત તેને બાજુનો પ્લોટ લેવા માટે લાભ આપવો હવે એ જમીન કોઇ મોટો ઉદ્યોગકાર નથી લેતો તે નાનો ઉદ્યોગકાર જ લઇ શકે છે પણ એ લાભ એકવારની જગ્યાએ જો બીજી વખત તેને લાભ આપવામાં આવે તો હું માનુ છું આપણે જે આ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ અને આપણે જે આ જે સિંગલ વિન્ડો કિલયરન્સની વાત કરો છો તો એને પણ સમર્થન મળશે અને સાથે સાથે જયારે ઉદ્યોગકાર જમીન લે છે ત્યારે સિંગલ વિન્ડો કિલયરન્સ એવુ કામ કરવાનુ છે આજે આપ બિલ લાવ્યા છો કે આજે બે-બે વર્ષ સુધી પરવાનગી નથી મળતી અને તેનું Moratorium Period જે છે તે ખલાસ થઇ જાય છે. તો એને કારણે ઉદ્યોગકાર જે જમીન લે છે તેને દંડ પણ ખૂબ ભરવો પડતો હોય છે તો આ એક જ વિષય હતો કે જો સેકન્ડ ટાઇમ એ નાના ઉદ્યોગકારને બાજુનો પ્લોટ તેને અડીને આવેલો પ્લોટ હોય તો એને લેવા માટે સેકન્ડ ચાન્સ મળે તો એ ખૂબ આગળ આપણને કામ આવશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દુષ્યંતભાઇએ કહ્યું કે આને રિલેવન્ટ છે કે નહીં તો રિલેવન્ટ નથી છતાં છે. એટલે રાજય સરકાર એમાં હકારાત્મક રીતે વિચાર કરશે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૭નું ગુજરાત સિંગલ વિન્ડો કિલયરન્સ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૨૪, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૭નું ગુજરાત સિંગલ વિન્ડો કિલયરન્સ વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૧-સન ૨૦૧૭નું ગુજરાત સિંગલ વિન્ડો કિલયરન્સ વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

## ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયક, ૨૦૧૭

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩૦

ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયક, ૨૦૧૭

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્ય પત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ ૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૩૦ સન ૨૦૧૭ના ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૭નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એક શબ્દના સુધારા માટે આ બિલ હું લઇને આવ્યો છું. એક જ શબ્દનો સુધારો છે. ખેતીની જમીન જ્યારે સરકાર હસ્તક થાય અને સરકાર હસ્તકની જમીન કોઇ જાહેર હેતુ માટે, શહેરીકરણના ભાગરૂપે, ઔદ્યોગિક વિકાસ માટે, કોઇ દવાખાના કે શૈક્ષણિક હેતુ માટે જ્યારે આપવામાં આવે છે એ વખતે અત્યાર સુધી જોગવાઇ એવી હતી કે, એટલી જ જમીન સરકારને પરત આપવી. નામદાર રાષ્ટ્રપતિજીને ત્યાં ૨૦૧૫માં આપણે આ સુધારા બિલ મોકલ્યું હતું એ વખતે આ એક સુધારો કરવા માટે આપણે ત્યાં પરત આવ્યું છે. આજે હું સુધારો લઇને આવ્યો છું કે જે આપણને કહેવામાં આવ્યું છે અને માનનીય રાષ્ટ્રપતિ તરફથી આગ્રહ કર્યો છે કે પહેલાં એગ્રીકલ્ચર લેન્ડ એવું હતું પણ હવે ''ઓફ ધી સેમ ક્લાસ'' મતલબ કે એ પિયત હતી તો પિયત આપવાની અને બિન પિયત હોય તો બિન પિયત આપવાની એ પ્રકારની જે જમીન ગઇ હોય એટલી જ જમીન સરકારને પરત આપવાની. આટલો નાનકડો સુધારો લઇને હું આવ્યો છું. એ સુધારાને પણ ગૃહ મંજૂર કરે એવી મારી લાગણી છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ખેત જમીન ટોચ-મર્યાદા સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું અને એમને સમર્થન આપું છું. ૧૯૬૦થી જ્યારે આ ટોચ-મર્યાદા ધારો આવ્યો અને એમાં સમયે-સમયે પાંચ વખત અલગ-અલગ સુધારા કરવામાં આવ્યા. કલમ-૨૧ અને કલમ-૨૬ પ્રમાણે જે જમીન સંપાદન કરવામાં આવેલી આ જમીન મંડળીઓને અને ગ્રામ્ય ખેત-મજૂરો અને જે એકદમ ઓછી જમીન ધરાવતા હોય એવા ગ્રામ્ય લોકોને એ જમીન સંપાદન કરીને આપવામાં આવી. ત્યારપછી અમુક-અમુક જમીન હજુ અમુક વિસ્તારમાં પડી છે અને ત્યારે આ બિલ આ ગૃહમાં આ આગાઉ આવી ગયું હતું પણ એમાં એક સામાન્ય સુધારો છે કે, જે શહેરી વિસ્તારની આસપાસ કોઇ જમીન પડી હોય અને એમાં નગરપાલિકા કે કોર્પોરેશન દવાખાનું, સ્કૂલ કે કોઇ ગરીબ માણસો માટે જમીન સંપાદન કરે, એનું પ્લોટિંગ કરવું હોય પણ આ જમીન ટોચ-મર્યાદાની હોવાથી એ જમીન એને હસ્તગત થઇ શકતી ન હતી. ત્યારે માનનીય મંત્રીશ્રી સામાન્ય સુધારો લઇને આવ્યા છે કે, આ જમીન જે પ્રકારની જમીન હોય એ પ્રકારની એટલી જ જમીન અન્ય જગ્યાએ અને એમાં કોઇ વ્યક્તિ અથવા કોઇ બીજી સંસ્થાને આ જમીન ફાળવી શકાય. કોઇ વ્યક્તિ અથવા કોઇ બીજી સંસ્થાને આ જમીન ફાળવી શકાય અને એનો હેતુ એટલો જ છે કે, આ ગુજરાત રાજય દેશનું ગ્રોથ એન્જીન એટલે દેશના વિકાસ માટેનું એક મોડલ સ્ટેટ જે સમગ્ર દેશની અંદર એક ઉભરી રહ્યું છે અને પ્રસ્થાપિત થયું છે ત્યારે ફક્ત વિકાસના માટે કોઇ જગ્યાએ ક્યાંય ૨૦૦ વીઘા જમીન કોઇ કંપનીને સંપાદન કરવાની હોય અને ખાલી બે કે પાંચ વીઘા જમીન એની વચ્ચે આવતી હોય આવી જમીન આ કંપની સંપાદન ન કરી શકતી એટલે એવી ત્યાં જે ટોચ મર્યાદાની જમીન છે કલમ ૨૧ અને ૨૬ પ્રમાણે જે સરકારે હસ્તગત કરેલી છે આવી જમીન આ કંપની પણ ત્યાં એ હસ્તગત કરી શકે અને એ જમીન ટોચ મર્યદા ધારા પ્રમાણે લઇ શકે અને એટલી જ જમીન બીજી જગ્યાએ સરકારને આપી શકે અને ત્યારે એક વિકાસ માટે ઉદ્યોગને હમણાં જ આની પહેલાં જે બિલ પસાર થયું એ પ્રમાણે ઉદ્યોગને પણ પ્રોત્સાહિત કરવા માટે રાજયના બેકાર યુવાનો ન વધે.

શ્રી પંકજભાઇ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ચાર બિલો આપણે પૂરાં કરીએ અને ત્યાર બાદ એક કલાકની રિસેષ રાખીએ અને ત્યાર પછીથી ફરીથી ગૃહ મળે એવી દરખાસ્ત રજૂ કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રીની દરખાસ્તને ટેકો આપું છું.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, તો આ વિધેયકમાં માનનીય મંત્રીશ્રી સામાન્ય સુધારો લઇને આવ્યા છે, કે કોઇ વ્યક્તિ જમીનની વહેંચણી કરવા માટે આવે તે પહેલાં આવી વ્યક્તિ ખેડૂત હોય અથવા ન હોય તેણે પોતાની ફાળવેલી જમીનને બદલે તેટલા જ પ્રમાણમાં ખેતીની જમીન આપવાના વિસ્તારોમાં ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી શરતોને આધિન રહીને રાજય સરકારને ઉપલબ્ધ કરવી જોઇએ એટલે તમામને બોજા મુકત રાજય સરકાર નિહિત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સામાન્ય સુધારો છે એમાં આ રાજયના હિત માટે ખૂબ જરૂરી એવું ખૂબ સારું જે બિલ અગાઉ રજૂ થયેલું અને એમાં સુધારામાં જે સરકાર લઇને આવી છે અને માનનીય બાપુએ આ બિલ રજૂ કર્યું છે એને હું સમર્થન આપું છું અને આ સન્માનનીય સભાગૃહ એને બહમતીથી પસાર કરે એવી વિનંતી છે.

---

* વિધેયક ૪થી ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયક, ૨૦૧૭

શ્રી પરબતભાઈ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા સુધારા વિધેયક, ૨૦૧૫ વધુ સુધારવા બાબતનું જે લઈને આવ્યા છે તેને હું આવકારું છું એને અનમોદન આપું છું અને તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખેતી જમીન ટોચ મર્યાદા ધારો ૧૯૬૦ વિધેયક ૧૯૬૧થી અમલમાં આવેલ છે. આ બિલમાં અત્યાર સુધીમાં જુદા જુદા સમયે પાંચેક વખત સુધારા કરવામાં આવેલ છે જયારે કલમ ૨૯માં જે ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારો, ૧૯૬૦ હેઠળ ફાજલ થયેલી વધારાની જમીન કોને ફાળવી શકાય એ નક્કી કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જેમ કહ્યું તેમ કે પહેલાં જે જમીન હતી એ જમીન સરકાર હસ્તક આવે અને એના પછી જે તે હેતુ માટે જે હોય એને આપવામાં આવતી હતી. પહેલાં નાના અને સીમાંત ખેડૂતો, કૃષિ વિષયક મંડળીઓ આ લોકોને જે જમીન ફાળવવામાં આવતી હતી પણ જયારે સરકાર હસ્તક જે કોઈ પ્રકારની જમીન આવે અને એ જમીન સરકારને ફરીથી જેને જે રીતે આપવી હોય એ રીતે આપવા માટેનો જયારે સુધારો છે, આમ તો ૨૦૧૫માં સુધારો કર્યો પણ ફરીથી જયારે મહામહિમ રાષ્ટ્રપતિએ મોકલ્યો અને એમણે પણ સૂચન કર્યું કે આમાં આટલો સુધારો કરવાનો છે તો એક નાનકડો સુધારો માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે કે ગુજરાત જમીન ખેત મર્યાદા ધારો ૧૯૬૦ની કલમ ૨૯માં પેટા કલમ – ૫ દાખલ કરીને ફાજલ થયેલ જમીન સરકારને સુપ્રત થયા બાદ આ જમીન રાજય સરકારને ખેડૂત અથવા ખેડૂત ન હોય તેવી વ્યક્તિ, એકમ કે સંસ્થાને ફાળવી શકાશે. આવી ફાળવણી સમયે તમામ ખેતીની જમીન ઉપલબ્ધ કરાવવાની રહેશે. એટલે કે સરકારે આપવાની રહેશે. એક સામાન્ય સુધારો છે એના લીધે અનેક પ્રકારના ફાયદાઓ થશે. જે તે પ્રકારે જે પ્રકારે મળે એ પ્રકારે આપવાનો હતો એમાં સરકાર ઈચ્છે એ રીતે જરૂરિયાત મુજબ સ્કૂલ કે શાળા હોય એને પણ આપી શકશે એના માટે માનનીય મંત્રીશ્રી બિલ લઈને આવ્યા છે એને સમર્થન આપું છું અને આ બિલ સર્વાનુમતે પસાર થાય તેવી વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ઉપર માનનીય સભ્યશ્રી બાવકુભાઈ અને માનનીય સભ્યશ્રી પરબતભાઈએ પોતાના વિચારો વ્યકત કર્યા છે અને પોતાનુ સમર્થન આપ્યું એ બદલ એમનો આભાર વ્યકત કરું છું. આમાં ખૂબ નાનકડો જ સુધારો છે એટલે બીજી વધારે વાત કરતો નથી.

આ બિલમાં મહામહિમ રાષ્ટ્રપતિજી ખૂબ નાની વાત ધ્યાન ઉપર લાવ્યા છે એમાં સરકારે ફળદ્રુપ જમીન હોય તો ફળદ્રુપ આપવી, પિયત હોય તો પિયત આપવી અને બિન પિયત હોય તો બિન પિયત આપવાની એવો સુધારો સભાગૃહ સમક્ષ રજૂ કર્યો છે ત્યારે આ વિધેયક સર્વાનુમતે મંજૂર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૭નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૭નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૭નું ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા (સુધારા) સુધારતું વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૯

ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) વિધેયક,૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં *અગાઉ પ્રસિદ્ધ થયેલ વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

* વિધેયક ૪થી ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

## ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) વિધેયક, ૨૦૧૭

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૯– સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા)નું પહેલુ વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, આજે સંજોગ છે કે ટોચમર્યાદા, તો બે બિલ જમીન અંગેના એક ખેતી વિષયક ટોચમર્યાદા અને બીજું લઇને આવ્યો છું શહેરી જમીન ટોચમર્યાદા.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે તા. ૧૭–૨–૭૬થી શહેરી જમીન ટોચમર્યાદાનો કાયદો અમલમાં મૂક્યો. ૩૦મી માર્ચ–૧૯૯૯માં રદ પણ થયો. આ કાયદા અંતર્ગત રાજ્યના છ સહકારી સંકુલો તેમાં ૧,૪૯,૫૦,૮૪૧.૨૮ ચોરસમીટર જમીનનો કબજો વધારાની જમીનનો સરકાર હસ્તક સાંપડેલો. જે પૈકી સરકારે ૩૩,૮૮,૩૭૪ ચોરસ મીટર જમીન ઉપર રહેણાંકના મકાનો અને ઝૂંપડાઓ, બાંધકામ સાથેનો ૯૯થી કબજો લીધેલો. આ શહેરી જમીન ટોચમર્યાદાની જમીન ઉપર સમાજના મુખ્યત્વે માત્રને માત્ર ગરીબ, અતિ ગરીબ, મધ્યમ વર્ગના ઝૂંપડા, કાચા મકાનો, પાકા મકાનોના ભોગવટા કરનાર કુટુંબો રહેતા હતા. હવે જો તેને દૂર કરવામાં આવે તો આ લાખોની સંખ્યામાં કાચા, પાકા, મધ્યમ વર્ગના લોકો અને એ દૂર કરીએ તો ખૂબ મોટી પરેશાની થાય, મુશ્કેલી થાય અને આ બધા બેઘર બની જાય. એવા સંજોગોમાં ગયા સત્રમાં આપણે બિલ પસાર કરીને એમનો ભોગવટો કાયદેસર કરી આપવા માટેનું બિલ પસાર કરેલું. એ વખતે ખૂબ આવકાર પણ મળેલો છે. એમાં એક સુધારો અત્યારે કરવાની જરૂર એ પડી કે અમે જયારે તેને નોટિસ આપીએ છીએ પછી નોટિસ મળ્યાથી એક મહિનાની અંદર જ એવો અમે ઉલ્લેખ કર્યો છે કે નોટિસ મળ્યેથી એક મહિનાની મુદતની અંદર નોટિસમાં જણાવ્યા મુજબની ચૂકવણી કરી દેવી જોઇએ. માણસની આર્થિક પરિસ્થિતિ, સામાજીક પરિસ્થિતિ, કુટુંબના સંજોગો, સમય–સંજોગો આ બધું જોતાં એમ લાગ્યું કે ૩૦ દિવસની મર્યાદામાં કંઇક વધારો કરવો જોઇએ અથવા તો કંઇક છૂટ મૂકવી જોઇએ અને આ ૩૦ દિવસની અંદર ન થાય તો એને લાભ નથી મળતો. આવા ચારેય શહેરોમાં એવા અનુભવ થયા અને એટલા માટે આપણે એવો સુધારો લાવીએ છીએ કે રાજ્ય સરકાર જે સમયમર્યાદા નક્કી કરે તે. એક મહિનો નહીં અને મારા શહેરના સાથીઓ છે એમણે પણ આના અમલીકરણ માટે ખૂબ મહેનત કરી છે. એમના તરફથી જ આવેલા સૂચનોના આધારે રાજ્ય સરકારે વિચાર કર્યો છે. એમણે જ કહ્યું કે ૩૦ દિવસની અંદર તમે લખ્યું છે તો કોઇ પણ કારણસર ૩૦ દિવસ જતા રહે પછી એ લાભાર્થી મટી જાય અને પછી વળી પછા તેના કુટુંબ ઉપર માલિકીનો જે હક્ક છે એ ન રહે એના કરતા રાજ્ય સરકાર આટલી ઉદાર થઇ છે તો એવા સંજોગોની અંદર ૩૦ દિવસની જગ્યાએ રાજય સરકાર નક્કી કરે એટલો સમય, આ એક પહેલો સુધારો છે. બીજો સુધારો છે કે લાભાર્થી તેનો જે તે જગ્યાનો કબજો ૧૫ વર્ષનો હોવો જોઇએ. એમાં પણ લગભગ જાન્યુઆરીથી અત્યાર સુધી સમય લંબાવતા ગયા, લંબાવતા ગયા. વચ્ચે બેંકની પણ સુવિધા આપી. એક હપતામાં ન ચૂકવી શકે તો બે હપતાની પણ આપણે સુવિધા આપી. બેંકવાળા અત્યારના અનુભવ પ્રમાણે ૧૫ વર્ષની મર્યાદા છે. ભોગવટાદારનો કબજો ૧૫ વર્ષનો હોવો જોઇએ. આટલી મર્યાદા હોવાને કારણે બેંક લોન નથી આપતી. બેંક લોન નથી આપતી એટલા માટે આખી યોજનાના અમલીકરણમાં ખૂબ મુશ્કેલી પડે છે. એટલે બીજો સુધારો હું એ લઇને આવ્યો છું કે આ મર્યાદા બેંકને લાગુ પડશે નહીં. એટલે માની લો કે કોઇને લોન લીધી અને ભરપાઇ કરવામાં મોડા પડ્યા. અત્યાર સુધી ૧૫ વર્ષનો સમય ગણતો હતો પરંતુ બેંકને વ્યવહારીક અમલીકરણમાં મુશ્કેલી પડતી હતી. હું લીધેલી રકમ ભરવામાં નિષ્ફળ જાઉં તો બેંકે આપેલી રકમ મારી મિલકત વેચીને પણ એ આપેલા નાણા છે એ વસૂલ કરી શકે છે. આ બે નાનકડા સુધારા લઇને હું આવ્યો છું જે ઐતિહાસિક કહી શકાય. રાજ્ય સરકારે શહેરી જમીન ટોચ મર્યાદામાં ઐતિહાસિક નિર્ણય કર્યો અને એના કારણે હજારો કુટુંબોને કે જેઓ હંમેશ માટે ટેન્શનમાં જીવવું પડતું હતું એમાંથી રાહત મળશે. કલેક્ટર બદલાય, અધિકારી બદલાય અને એમના ઘરે બેંકનો અધિકારી આવે અને નોટિસ બજાવે, માણસ થાક્યો–પાક્યો ઘરે આવે અને એણે વકીલના દ્વાર ખખડાવવા પડે . આ બધી મુશ્કેલીઓ દૂર કરવા માટે ગયા સત્રમાં આ બિલ પસાર કર્યું હતું. આ ચાર–પાંચ મહિનામાં મારા સાથી અધિકારીઓએ ખૂબ મહેનત કરીને જમીનના કાયદા ઉપર ખૂબ કામ કર્યું છે અને એમને એમ લાગ્યું છે કે આ બે મુશ્કેલીઓ પડે છે, ૩૦ દિવસના બદલે બે કે ત્રણ મહિના જે સરકાર નક્કી કરે એ મુદત રહેશે. બીજો મોટો પ્રશ્ન ૧૫ વર્ષનો ભોગવટો હોવો જોઇએ એમાં પણ મેં કહ્યું કે બેંકવાળા એવું કહે છે કે અમે લોન આપી છે અને લાભાર્થીએ પૈસા ન ભર્યા હોય તો એનો ભોગવટો ૧૫ વર્ષનો હોવો જોઇએ એ પહેલા કાર્યવાહી ન થઇ શકે. હવે એમાં બેંક માટે છૂટ મૂકીએ છીએ. આ બે નાનકડા સુધારા લઇને આવ્યો છું. મારી સભાગૃહને વિનંતી છે કે આ બન્ને સુધારા સર્વાનુમતે મંજૂર કરે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું. આ નિર્ણયના લીધે મારા વિસ્તારમાં રહેતા નાના અને નિમ્ન વર્ગના પરિવારોને ખૂબ લાભ થયો છે કારણે એ વર્ષોથી એ મકાનમાં રહેતા હોય અને વર્ષોથી જે પ્લોટ રેગ્યુલરાઇઝ ન થયા હોય એ કાયદેસર થશે અને એમના પરિવારના યુવાન દિકરા–દિકરીઓને રોજગાર માટે બેંકમાંથી લોન મળી શકશે. માનનીય મહેસૂલ મંત્રીશ્રીને આ સુધારા માટે અભિનંદન આપું છું. ૩૦ દિવસની સમય મર્યાદા હતી એ દૂર થશે અને બેંક પાસેથી જે નાણા લીધા હોય એ

ભરવામાં જે મુશ્કેલી પડતી હતી એ દૂર થશે. મારા ત્રણ સૂચન આપું છું. આપણે સનદ આપીએ છીએ એમાં સરકારી વેલ્યૂએશનનો કોઇ ઉલ્લેખ એમાં હોતો નથી અને એ પ્લોટનો કેટલો વિસ્તાર છે એનો પણ એમાં ઉલ્લેખ હોતો નથી. એ જ્યારે આ દસ્તાવેજ–સનદ લઇને બેંકમાં લોન લેવા જાય છે ત્યારે બેંકના અધિકારીઓ એવું કહે છે કે આ સનદ છે એમાં જે સરકારી વેલ્યૂએશન કેટલી છે એનો ઉલ્લેખ હોવો જોઇએ. જંત્રીનો ભાવ લખીએ કે એક સ્ટાન્ડર્ડ નક્કી કરીને એમાં ભાવ લખીએ. એનો પ્લોટ છે એ રેગ્યુલરાઇઝ થયો પણ એનું મકાન કાયદેસર થતું નથી. જે તે વખતે શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે ઇમ્પેક્ટ ફીનો કાયદો લાવ્યા હતા. ત્યારે અનેક પરિવારોને એનો લાભ થયો હતો. એ સમયે આ પરિવારોએ પણ એમાં ફોર્મ ભરીને અરજી કરેલ છે અને એમની અરજી અપીલમાં પડી છે. અપીલમાં એની અરજીઓ મંજૂર થાય તો એના મકાન પણ કાયદેસર થાય અને એને બેંક લોન વધારે મળે. ત્રીજું સૂચન એવું હતું કે ૧૫ વર્ષ સુધી એ મકાન વેચી ન શકે. આ જે કાયદો છે એમાં જે મર્યાદા છે એ મર્યાદા ઘટાડીએ બે ભાઇઓ જુદા થાય ત્યારે મિલકત વહેંચણીમાં જે મુશ્કેલી પડે છે એ ન પડે અને મર્યાદા ઘટાડીએ તો સરકારશ્રીને દસ્તાવેજની અને સ્ટેમ્પ ડ્યૂટીની આવક થશે. આટલા મારા નમ્ર સુચન છે. ધન્યવાદ.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી શહેરી જમીન ટોચમર્યાદા વધારાની જમીન ઉપર જે મકાનો થઇ ગયા છે એના અંગેના કેટલાક સુધારાઓ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને કેટલીક વાત કરવા માટે ઉપસ્થિત થયો છું. સૌપ્રથમ તો હું માનનીય મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપુ છું કે આવો એક સુંદર ઐતિહાસિક નિર્ણય કર્યો. ભૂતકાળમાં ઇમ્પેકટ ફીનો કાયદો આવ્યો અને મકાન સુરક્ષીત કરવાનો એક નિર્ણય સરકારે કર્યો પણ એનાથી કેટલાક લોકોએ ઇમ્પેકટ ફી ભરી, કેટલાકે ભરી નહોતી. ત્યારે શહેરી જમીન ટોચમર્યાદાનો કાયદો લાવવામાં આવ્યો એ વખતે એવું રૂપાળું નામ આપવામાં આવ્યું હતું કે શહેરની આજુબાજુ ૧૫ કિલોમીટરમાં વસતા ખેડૂતો સમૃદ્ધ છે. એ ખેડૂતો પાસેથી વધારાની જમીન લઇને ગરીબ લોકોને જમીન વહેંચવામાં આવશે. ગરીબોના નામે ખેડૂતો પાસેથી જમીન પડાવી એમ કહું તો કંઇ ખોટું નથી. ૧૯૭૬માં કાયદો આવ્યા પણ એની રીસ્ટ્રોસ્પેકટ ઇફેકટ ૧૯૭૫થી આપી, એક વર્ષ પહેલાથી આપવામાં આવી. ૧૯૭૫ થી ૧૯૯૫ સુધી ૨૦–૨૦ વર્ષ સુધી કેન્દ્રમાં અને રાજયમાં કોંગ્રેસની સરકારો હતી પણ આ સરકારી ખેડૂતો પાસેથી પડાવી લીધેલી જમીન, જેમના નામે પડાવી લીધી હતી, ગરીબોના નામે, ઝુંપડાવાળાના નામે એને કયાંય આવાસો આપ્યા હોય એવું મારા ધ્યાનમાં નથી. આ જે જમીન ખેડૂતો પાસેથી લઇ લીધી એ જમીન સરકારી થઇ ગઇ. સરકારી જમીન એટલે સબ ભૂમી ગોપાલ કી. આજે દરેક જગ્યાએ જે ઝૂંપડપટ્ટીઓ થાય છે સરકારી જમીનમાં થાય છે. ખેડૂતો પાસેથી લઇ લીધી આ જમીન એ સરકારી થઇ ગઇ. એની ઉપર કાચા અને પાકા મકાનો બન્યા. ગરીબ વર્ગના લોકોની એમાં વસાહત થઇ. ૨૦–૨૫ વર્ષથી આ લોકોને એમાં સબડતા હતા. માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ જે વાત કરી કે કોઇપણ કમિશ્નર નવો આવે, કોઇપણ મામલતદાર નવો આવે અને એની ઇચ્છા થાય તો બુલડોઝર લઇને જાય, નોટીસ આપે કે તમારું મકાન છે એ સરકારી જમીનમાં છે. શા માટે પાડી ન નાખવું? શા માટે જમીન ફરીથી સંપાદન લઇ ન લેવી? આવા ભયના ઓથાર નીચે હજારો કુટુંબ ગુજરાતની અંદર શહેરી જમીન ટોચમર્યાદાની જમીન ઉપર વસાહત પામેલ લોકો હતા. અદ્ધર શ્વાસે જીવતા લોકો હતા. આ લોકો માટે કોઇ આશ્રયસ્થાન નહોતું અને જયારે જયારે બુલડોઝર લઇને આવે ત્યારે પ્રતિનિધિઓ પાસે લોકો જાય કે અમને બચાવો. અમે માંડ–માંડ માંગી ભીખીને બનાવેલું મકાન છે આ લોકો પાડી નાખશે તો અમે જઇશું કયાં? આવા ગરીબો જે નોધારા થઇને રહેતા હતા એને એક આશરો આપવાનું જબરજસ્ત કામ આ સરકારે કર્યુ છે એના માટે એને ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યાવાદ આપુ છું. ખાસ મારા વિસ્તાર માટેની જો વાત કરું તો ૨,૧૦૦ ઇફેકટેડ લોકો આમાં અરજદાર થયા છે અને ૨,૧૦૦ લોકો આમાં કાયદેસરના મકાનને પાત્ર બનવાના છે. મારું એક સજેશન પણ છે. માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ બેંકની લોન અંગેની વાત કરી તો એમાં બેંકવાળા એવું કહે છે કે અમને મોર્ગેજ કરવાની પરમીશન નથી. એના કારણે બેંકમાંથી લોન આપતા નથી. મોર્ગેજ કરવાની જો પરમીશન મળે તો બેંકો લોન આપશે. આજે જે લોકોને લાખ–બે લાખ રૂપિયા એક સાથે ભરવાના થાય તો રકમ એટલી એમની પાસે નથી. ખૂબ સારો નિર્ણય છે કે ૩૦ દિવસ નહીં સરકાર નકકી કરે એ તારીખ હશે. એના કારણે થોડી રાહત થશે. હપ્તા પણ કરી શકાશે પણ જો એ મોર્ગેજની વધારાની છૂટ મળે તો આ ટાઇપના લોકો લોન લઇને પણ એ મકાન પોતાનું કાયદેસરનું કરી શકશે એ મારો આ સુધારો છે એ માન્ય રાખી માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે સુધારા દરખાસ્ત લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું અને ફરી વખત ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ આપુ છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાસાહેબ આજે શહેરી વિકાસ શહેરી જમીન ટોચમર્યાદા સુધારાઓ જે લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. અગાઉ જે પ્રમાણે વાત થઇ એ પ્રમાણે આ કાયદો કેન્દ્રની અંદર જયારે કોંગ્રેસની સરકાર હતી. ત્યારે શહેરી વિસ્તારમાં શહેરી જમીન ટોચ મર્યાદા કાયદો તા. ૧૭–૨–૧૯૭૬ના રોજ અમલમાં આવ્યો. આ કાયદાના આધારે એ વખતે શહેરોની અંદર આ જગ્યાઓને સરકાર હસ્તક લેવા માટે એકપણ ફોર્મ ભરવાનું આયોજન કરવામાં આવ્યું ન હતું. એ વખતે ઘણા બધા લોકો અને ખેડૂતો અજ્ઞાત હતા અને એ કાયદાના આધારે શહેરી વિસ્તારમાં આ જમીન ટોચ મર્યાદા કાયદામાં ઘણી બધી જગ્યાઓ સરકાર હસ્તક એક્વાયર કરવામાં આવી. જે પ્રમાણે એ વખતે જે ઉદ્ધેશ હતો કે મધ્યમવર્ગ અને ગરીબવર્ગના સામાન્ય માનવીઓ માટે આની અંદર આવાસો બનાવી એમને આ આવાસો ઉપયોગ માટે આપવા. આ કાયદો બનાવ્યો હતો પણ ૧૯૭૬થી જ્યારે શહેરી વિસ્તારમાં આ કાયદાનો પૂરેપૂરો અમલ ન થયો અને સમયાંતરે કેન્દ્રમાં જ્યારે સત્તામાં પરિવર્તન આવ્યું અને એ વખતે

ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) વિધેયક, ૨૦૧૭

માનનીય અટલબિહારી બાજપાઇજીના અધ્યક્ષસ્થાને ૧૯૯૯માં આ કાયદામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. એ વખતે આ કાયદો ૧૯૯૯ની અંદર આ કાયદાને સમાપ્ત કરવામાં આવ્યો અને એ પછી આપણે જોયું હશે કે ગુજરાત રાજ્યની વાત કરીએ તો અમદાવાદ, સુરત, વડોદરા એવા મહાનગરોમાં જે તે વખતે જે તે વિસ્તારની અંદર આ કાયદામાં જે જમીનોનું સંપાદન થયું હતું એની અંદર મધ્યમવર્ગના ગરીબ પરિવારો અને જેને જે પ્રમાણે સગવડ થઇ એ પ્રમાણે આ જગ્યામાં નાના–મોટા મકાનો બનાવવામાં આવ્યા હતા. એ વખતે શહેરી વિસ્તારમાં આપણે ક્યાંકને ક્યાંક આ જગ્યાઓ ઉપર સરકારી કાયદાના અભાવે આપણે એમને સુખ–સગવડ અને સવલતો આપવાની હોય, પાણી, રોડ રસ્તા માટે એ વખતે પણ શહેરી જમીનો ટોચ મર્યાદામાં શ્રી સરકારના કાયદાનું ઉલ્લંઘન થાય એવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થતા હતા. એ પછી જે તે વખતે રાજ્ય સરકારની અંદર આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, સમયાંતરે એમાં ઘણા બધા સુધારાઓ કરવામાં આવ્યા. ૨૦૧૨ પહેલાં આ બાબતમાં હાઇકોર્ટમાં જાહેર હિત માટેની પિટિશનો અનેક જગ્યાએ કરવામાં આવી હતી. આ નાના–મોટા મકાનો જે ગરીબ પરિવારોએ બનાવ્યા હતા, જે પ્રમાણે અગાઉ વાત થઇ કે એ વિસ્તારમાં કોઇ નવા કલેકટર આવે, નવા મામલતદાર આવે, શહેરી વિસ્તારમાં કમિશનર આવે તો આ કાયદાનું અર્થઘટન કરીને એ મકાનો તોડવા માટે, એ જમીન ઉપરથી દબાણ દૂર કરવા માટેની અનેક પ્રકારની નોટિસો આપવામાં આવતી હતી. એ વખતે આ બાબત ધ્યાનમાં આવ્યા પછી આપણા જાગૃત ધારાસભ્યોએ શહેરી વિસ્તારમાં આપણી સરકારમાં રજૂઆત કરી હતી અને અમદાવાદની વાત કરું તો અમદાવાદના પ્રતિનિધિઓ એટલે કે સૌ ધારાસભ્યોએ એ વખતના આપણા મુખ્યમંત્રી બેનશ્રી આનંદીબેનને પણ અમે બધાએ રજૂઆત કરેલ. અમદાવાદની વાત કરીએ તો ૫ હજારથી વધુ નાની–મોટી સોસાયટીઓમાં એવા મકાનો આ જગ્યાઓ ઉપર બની ગયેલા હતા અને સરકારના કાયદા પ્રમાણે એનું દબાણ દૂર કરીએ તો અનેક મોટી મુશ્કેલીઓ ઉભી થાય એમ હતું. એ વખતે રાજ્ય સરકારે તા. ૧૫–૧૨–૨૦૧૬ના રોજ આ વટહુકમ કરીએ શહેરોમાં મધ્યમવર્ગ અને ગરીબ વર્ગના જે લોકોએ આ જમીનો ઉપર મકાનો બનાવ્યા હતા એમાં આ કાયદામાં સુધારો કર્યો અને એ પછી સમયાંતરે જેટલી પણ મુશ્કેલીઓ આવી એમાં સુધારા કરવા માટે આજે માનનીય મહેસૂલમંત્રીશ્રી આની અંદર સુધારા લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને એમાં જે કાંઇ નાના–મોટા સુધારા, બેન્ક માટેના, એને ધિરાણ માટેના અને ક્યાંક માલિકી માટેના સુધારા સૂચવ્યા છે એમાં સુધારો થાય એવી વિનંતી સાથે સમર્થન કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રોએક્ટિવ સરકાર સામાન્ય માણસના સૂચનને તો ધ્યાનમાં લઇએ જ છીએ પણ આ ગૃહમાં મારા સાથી તરીકે બેસનાર સાથીઓના સુધારા, જે સૂચનોને પણ અમે લક્ષમાં લઇએ છીએ. હું ત્રણેય મારા સાથીઓનો આભાર માનું છું જનકભાઇ, ગોવિંદભાઇ અને અરવિંદભાઇનો. જનકભાઇ અને ગોવિંદભાઇએ બે–ત્રણના સૂચનો કર્યા છે. આજના સુધારાના સૂચનો પણ આપે અને એના આધારે સુધારા બિલ લઇને આવ્યો છું. આજે આપે કરેલા સૂચનો છે એને હું બહુ ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઇશ અને અહીંયા જ ગૃહમાં મારા અધિકારી મિત્રો બેઠા છે. આવતા સમયમાં આ એકે એક સૂચનો ઉપર શું શું થઇ શકે છે અને હકારાત્મક રીતે તમે પબ્લિક માટે કહો છો, ઝડપી અમલીકરણ માટેના કહો છો, નાના માણસ માટે કહો છો, ગરીબ અને મધ્યમ વર્ગના માણસોની વાચા, એમની વેદના તમે અહીં રજૂ કરો છો. આવતા દિવસોમાં ગંભીરતાથી લઇ તમારા નાના–મોટા સૂચનો છે એને ચોક્કસ ધ્યાનમાં રાખીશ અને એનો અમલ કરીશ.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદય, મેં આમ તો માનનીય મંત્રી સાહેબને મારા વિસ્તારની લેખિત રજૂઆત કરેલી. એ પુર્ણા વિસ્તારની અંદર લગભગ ૮૦% સોસાયટીઓને દસ્તાવેજનો લાભ મળવાનો પણ ૫–૧૦ સોસાયટીઓ પ્રથાનો લાભ મળશે અને મધ્યમ અને નાના વર્ગના લોકોને એનો ફાયદો થશે. પરંતુ મારું નમ્ર સૂચન છે કે ૩ થી ૪ સાસાયટીઓ એવી છે કે માનો કે એક માતૃશક્તિ સોસાયટી મારા વિસ્તારની અંદર ૬૦૦૦ વોટરો છે એટલે ૧૫૦૦૦ની વસ્તી આ સોસાયટીમાં છે. એક નાનકડા એવા પ્રશ્નથી જે તે સમયે સોસાયટી પડેલી. ખેડૂત ૮ કિ.મી. દૂર રહે એ નિયમ હતો. એક ખેડૂતને ત્યારે સમસ્યા આવેલી અને જગ્યા માટે માગણી થયેલી તો ટેકનીકલ બાબતમાં આવા જે પ્રશ્નો છે. એ કાયદો તો હવે નીકળી ગયો છે. સામાન્ય આ કાયદાનું અર્થઘટન ત્યાં થઇ રહ્યું છે તો એમાં સોલ્યુશન થાય અને જો આ કાયદો જ નીકળી ગયો છે તો આ પ્રશ્ન સરકારનો રહેતો નથી તો એવા પ્રશ્નનું સોલ્યુશન થાય. યુ.એલ.સી.માંથી આવી સોસાયટીઓ નીકળી જાય જેને રનિંગ દસ્તાવેજની અંદર લાભ મળી શકે એમ છે. અત્યારે આવી જ સોસાયટી જે છે એ ના તો દસ્તાવેજ કરવામાં આપણી નીતિ બનાવવામાં આવતી નથી અને યુ.એલ.સી.માં પણ એમને દસ્તાવેજનો લાભ નથી મળવાનો ત્યારે માતૃશક્તિ સોસાયટી પૂર્ણામાં, સિમાડામાં બ્રમ્હનગર અને સ્વામી નારાયણનગર અને પૂર્ણાની અંદર અવધ ધામ સોસાયટીઓ છે એમણે મને લેખિત આપ્યું છે તો વિનંતી કરું છું કે આવા પ્રશ્ન જો સોલ્યુશન થાય તો ગુજરાતની અંદર ઘણી સોસાયટીઓના આવા પ્રશ્નનુ સોલ્યુશન થશે, અસ્તુ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રફુલ્લભાઇની વાતને હું બહુ ગંભીરતાથી લઉં છું. કલેક્ટર પાસેથી અહેવાલ મંગાવીને એમાં પણ હું ઘટતું કરીશ. હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સને ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી

વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨ અને કલમ-૩, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક- ૨૯ નું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયકને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા ચારેય બિલમાં ભાગ લેવા માટે અને સર્વાનુમતે પસાર કરવા માટે હું આ ગૃહનો અત્યંત આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : હવે બિલોની કામગીરી પૂરી થયા પછી રિસેષ પડવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. રિસેષ પછી ગૃહ ફરીથી ૧૨-૦૦ કલાકે મળશે.

( વિરામ – બપોરના ૧૧-૦૨ થી ૧૨-૦૦)

( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

માનનીય મુખ્યમત્રીશ્રીનો શુભેચ્છા પ્રસ્તાવ

અધ્યક્ષશ્રી : ઓર્ડર...ઓર્ડર

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી છે કે આજે ગૃહના કામકાજની યાદી પ્રમાણે છેલ્લા દિવસનો પ્રસ્તાવ ચર્ચામાં લેવાનો છે, પરંતુ એ પહેલા અમારા સૌ સભ્યશ્રીઓની લાગણી છે કે આપણા ગૃહના સભ્ય અને ગઇકાલે જ રાજ્યસભામાં જેમનો વિજય થયો છે એવા શ્રી અમીતભાઇ શાહ જે અત્યારે આપણા ગૃહના સભ્ય છે. રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાવાને કારણે સ્વાભાવિક છે કે વિધાનસભાના સભ્ય તરીકે તેઓશ્રીએ રાજીનામું આપવાના છે, એટલે એમને આપણી સરકારમાં, વિધાનસભામાં અને જાહેર જીવનમાં ધારાસભ્ય તરીકે લગભગ ૨૦ વર્ષ સુધીની ખૂબ સુંદર પ્રજાકીય કામગીરી કરી છે.

(આ તબક્કે અમિતભાઇ શાહ સભાગૃહમાં હાજર થતા )

મારી આપને વિનંતી છે કે માનનીય અમિતભાઇ શાહ જેઓએ ખૂબ સુંદર કામગીરી આપણા ધારાસભ્ય તરીકેની ૨૦ વર્ષની કારકિર્દી દરમ્યાન કરી છે, એને બિરદાવવા માટે, એમને અભિનંદન આપવા માટે અને એમની સેવામાંથી અન્ય ધારાસભ્યોને પ્રેરણા મળે એ માટે અમિતભાઇ શાહનું વિધાનસભા ગૃહ અભિવાદન કરે એવી અમારી સૌની લાગણી છે. છેલ્લા દિવસનો પ્રસ્તાવ પહેલા આ બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી પ્રસ્તાવ રજૂ કરવા માગે છે તો એને મંજૂરી આપવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : પરમીશન ગ્રાન્ટેડ

શ્રી વિજયકુમાર ર.રૂપાણી (મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના ગૃહમાં ઐતિહાસિક અને વિશિષ્ટ પ્રસ્તાવ આજે હું આપની મંજૂરીથી મૂકવા માગું છું. વિધાનસભા એ લોકશાહીનું મંદિર છે. સાડા છ કરોડ ગુજરાતીઓનું આ વિધાનસભામાં એમની લાગણી, એમના સપનાઓ, આકાંક્ષાઓ એ અહીયા રજૂ થતા હોય છે. એ રજૂ કરવા માટે અલગ અલગ વિસ્તારના પ્રતિનિધિ જનતાના મતથી ચૂંટાઇને અહીયા જનતાની સેવા કરવા માટે આવતા હોય છે અને એના કારણે આ ગૃહ એ તક અને ત્યાગનું પ્રતીક બનતું હોય છે, કારણ કે લોકોના પ્રતિનિધિ તરીકે ગૃહમાં એ એમની સતત કરેલી કામગીરી, જન ઉપયોગી કામગીરી જનતા માટે સર્વસ્વ હોમીને એ પ્રતિનિધિઓ પોતાની તક મજબૂત કરતા હોય છે. તેના કારણે તેઓ ગૃહમાં સુશોભિત થતા હોય છે. ગૃહમાં મંત્રી તરીકે પણ એક જવાબદારીપૂર્વક તે લોકો કામ કરતા હોય છે. વિરોધપક્ષના લોકો વિરોધપક્ષની જવાબદારી તરીકે કામ કરતા હોય છે. ધારાસભ્યો તે પ્રતિનિધિ તરીકે કામ કરતા હોય છે અને ગૃહમાં થયેલી કામગીરી દ્વારા પોતાના વ્યક્તિત્વ, પોતાની કર્તવ્યબદ્ધતા રજૂ થતી હોય છે. ગુજરાતનું આ વિધાનસભાગૃહ અનેક લોકોના ત્યાગ, પરિશ્રમ, માર્ગદર્શન, વિચાર, કર્તૃત્વથી ભરેલું ગૃહ છે. જૂની પેઢીમાં ઘણાબધા લોકોએ આ ગૃહમાંથી ગુજરાતને માર્ગદર્શન આપ્યું છે અને સતત તે પ્રકારના નેતૃત્વ આ ગૃહમાંથી આગળ વધતા હોય છે. આપણા માટે ગૌરવની વાત એ છે કે તાજેતરમાં જ આપણા વડાપ્રધાન છેલ્લે આ ગૃહમાંથી રિટાયર્ડ થઇ દેશના વડાપ્રધાન તરીકે દેશનું નેતૃત્વ કરવા આપણી વચ્ચેથી ગયા છે. ત્યારે પણ આ પ્રકારનો અભિનંદન પ્રસ્તાવ લાવેલા, તે સમયે હું ગૃહમાં નહોતો પણ બાકીના બધા લોકોએ તેમને અભિનંદન અને શુભેચ્છાઓ આ ગૃહમાંથી આપી હતી. આજે એવો બીજો પ્રસંગ છે કે આપણામાંથી જેમણે વીસ વીસ વર્ષ સુધી સેવા કરી છે. ધારાસભ્ય તરીકે, મંત્રી તરીકે, પાર્ટીના પ્રમુખ તરીકે જેમણે નેતૃત્વ કર્યું છે તેવા અમિતભાઇ શાહ હવે ગુજરાતનું પ્રતિનિધિત્વ દિલ્હીમાં કરવાના છે. તેઓ રાજયસભામાં જઇ રહ્યા છે ત્યારે આજે અમને બધાને આનંદ છે. અમિતભાઇમાં વિશેષતા ઘણી બધી રહેલી છે એને એટલા માટે અહીં ઉજાગર કરું છું કે નવી પેઢી અને ગુજરાતની જનતાને તે ધ્યાનમાં આવે. નાની વયે જ ધારાસભ્ય બનીને એક યુવા મોરચાના આગેવાનમાંથી આજે રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા છે આ એમની બહુ મોટી સિદ્ધિ છે. જનરલી રાષ્ટ્રીય અધ્યક્ષ તે ૭૦ વર્ષ પછીના આવતા હોય છે. તેને બદલે નાની વયે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે અને તે પણ દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે જવાબદારી સોંપી છે તે આપણા માટે ગૌરવની વાત

છે. ભારતીય જનતા પાર્ટીમાં આ જવાબદારી એક મોટી જવાબદારી છે. કુટુંબના એક વડીલ તરીકે કે જેમના નેતૃત્વમાં સરકારો કામ કરે છે અને દેશમાં રૂલીંગ પાર્ટી તરીકે ભારતીય જનતા પાર્ટી હોય અને અનેક રાજયોમાં ભારતીય જનતા પાર્ટીની સરકારો હોય ત્યારે તે પાર્ટીના વડા તરીકે પાર્ટીનું નેતૃત્વ તેમને જવાબદારી સોંપતું હોય તો તેમનામાં કેટલી બધી લાયકાત હશે, તેમનામાં કેટલું બધુ સામર્થ્ય હશે કે આ પાર્ટીએ એમને જવાબદારી સોંપી છે. આવા સમયે જવાબદારી સોંપી છે કે જયારે દેશ આખામાં અને કેન્દ્રમાં સરકાર આપણી હોય, રાજયોમાં સરકારો ભાજપની હોય. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તે બધા જયારે ભારતીય જનતા પાર્ટીના બનતા હોય અને તે વખતે મોભી તરીકે અમિતભાઇ બેઠા હોય તે બતાવે છે કે તેમના સબળ અને કુશળ નેતૃત્વ તેમાંથી નીકળે છે. તેવી જ રીતે અમિતભાઇની બીજી વિશેષતા કે સતત સંઘર્ષ. ઘણા લોકો જાહેર જીવનમાં વર્ષો સુધી હોય પણ સંઘર્ષ તેના નસીબમાં ન હોય. એ તો બધું સંજોગોવશાત સ્મુધલી ચાલતું હોય, આરામથી એનો કાળ વિતતો હોય અને સંઘર્ષમાંથી જે નેતૃત્વ ઉભું થાય છે એ જ નેતૃત્વ દૈદીત્યમાન છે કારણ કે મુકાબલા કરીને એ આગળ વધે છે. આપણે જોયું નરેન્દ્રભાઇના એક સબળ સાથી તરીકે તેઓ ગૃહમંત્રી હતા અને ત્યારે ગુજરાત દિલ્હીના આંખના કણાની જેમ ખૂંચતું હતું અને ત્યારે જૂઠા કેસો કરી, સી.બી.આઇ.ની ઇન્કવાયરી કરી અમિતભાઇને જેલમાં મોકલે અને ત્યારે પણ ડગે નહીં અને એ સંઘર્ષ કરતા કરતા કદી પીછેહઠ ન કરી અને એ બધા કેસો જૂઠા હતા ચૂકાદાઓમાં પણ બાઇજ્જત બરી થયા અને એમના આરોપોને કોર્ટે પણ કાઢી નાંખ્યા છે. પણ ત્યારે પણ તેઓ ડગ્યા ન હતા સી.બી.આઇ.ની ઇન્કવાયરી હોય કે બીજા ખોટા કેસો હોય પણ ક્યારેય મચક આપી નથી. ગૃહમંત્રી તરીકે પણ આ ગુજરાતની સુરક્ષા અને એ ગુજરાત જયારે આતંકવાદીઓ માટેનું પ્રવેશ દ્વાર હોય અને દેશભરમાં ગુજરાતમાં થઇને આતંકવાદીઓ જતા હોય ત્યારે એમને રોકવા, ગુજરાતને સુરક્ષિત કરવું, દેશને સુરક્ષિત કરવો એ પ્રકારની દીર્ઘદષ્ટિથી સતત કાર્યશીલ રહીને એમણે ગુજરાતનું રક્ષણ કર્યું છે. એક સફળ ગૃહમંત્રી તરીકે ઇતિહાસમાં એમનું નામ કાયમ ગુજરાતની જનતાને યાદ રહેશે એમાં કોઇ શક નથી. અમિતભાઇએ એક સફળ ગૃહમંત્રી તરીકે અહીંયા કામ કર્યું છે. સંસદીય મંત્રી તરીકે પણ એમણે કામ કર્યું છે કે જેમાં સંસદીય કાર્યપ્રણાલિ ગૃહનું મેનેજમેન્ટ અને પાર્ટીને માર્ગદર્શન એમાં પણ અમિતભાઇનું એક વિશિષ્ટ યોગદાન રહ્યું છે, વિઝન રહ્યું છે અને વર્ષો સુધી એ ભારતીય જનતા પાર્ટીને અને સંસદીય મંત્રી તરીકે ગુજરાતને પ્રણાલિકાઓનું આદર્શ જાળવવાનું, ઉચ્ચ મૂલ્યો જાળવવાનું પણ એમણે બહુ સફળતાપૂર્વક કામ કર્યું છે એ આપણે જોયું છે. મંત્રી બને કે ન બને એમાં પણ કોઇ ફેર નહીં. એ એમનો એક વિશિષ્ટ સ્વભાવ છે કારણ કે, એમના જીવનમાં સતત મંત્રીપદ નથી. ભાજપની સરકારો આવી, કયારેક મંત્રી હતા, કયારેક મંત્રી ન હતા છેલ્લે એ પોતે એમની કેપેસીટી છતાં પણ મંત્રીપદથી દૂર રહી અને સંગઠનનું કામ એમણે કર્યું છે આ પણ મોટી એમના વ્યક્તિત્વની છાપ રહી છે. મંત્રી થવા બધા ઇચ્છતા હોય અને એવે વખતે મંત્રી નહીં કેપેસીટી હોવા છતાં આ એમની પરિપક્વતા છે એ પણ આપણે બધાએ જોઇ છે. સ્વભાવિક છે કે રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા અને એને કારણે એ હવે આપણા ગૃહમાં નવી ચૂંટણી લડવાના નથી ધારાસભ્ય તરીકે એમનો આજે છેલ્લો દિવસ હશે કારણ કે હવે રાજયસભામાં જવાના છે ત્યારે અમિતભાઇને આ ગૃહના સુપરસ્ટાર તરીકે આ ગૃહ એમને કાયમ યાદ કરશે. ધારાસભ્ય તો દર વખતે પાંચ વર્ષે આવતા હોય છે જતા હોય છે એ ચાલતું હોય છે પરંતુ જે જવાબદારી જનતાએ સોંપી એને સફળતાપૂર્વક પૂરી પાડવી અને લીડરશીપ ઉભી કરવી એ મહત્વનું છે. અને હું એમ માનુ છું કે અમિતભાઇમાં એ લીડરશીપના ગુણ બાય બોર્ન છે. ઘણાં લોકો સંજોગોવસાત લીડર હોય છે પણ અમિતભાઇ બાય બોર્ન લીડર છે. તેમણે જે છાપ ઉભી કરી છે તે નેતૃત્વ કરવાની તેમની શકિત બતાવે છે. મને એમ લાગે છે કે રાજયસભામાં એ સમગ્ર દેશને લીડરશીપ આપવામાં વધુ ઉપયોગી નીવડશે. એ ગુજરાતના બદલે દેશના તમામ રાજયોને ત્યાંથી લીડરશીપ આપશે તેવી મને પૂર્ણ શ્રદ્ધા છે. બીજો આનંદ એ છે કે હવે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાના છે. નરેન્દ્રભાઇ વડાપ્રધાનશ્રી તો ત્યાં બેઠા છે અને હવે અમિતભાઇ ત્યાં બેસશે એટલે આપણાં માટે તો મોસાળે મા પીરસનાર છે ગુજરાતની બધી ચિંતા કરશે. અને આપણે કહે છે ને કે ઉપર કોઇક બેઠું છે તો ચિંતા ના રહે હું મુખ્યમંત્રી થયા પછી હું જાણુ કે આ પ્રશ્ન જાણી જોઇને પૂછે છે કે તમે નરેન્દ્રભાઇ અને અમિતભાઇનું માર્ગદર્શન લેશો ? એમના માર્ગદર્શનથી ચાલશો ? હું બેધડક કહું છું કે એમના માર્ગદર્શનથી જ ચાલીશું કારણ કે એમણે વર્ષો સુધી ગુજરાતમાં ૨૦-૨૦ વર્ષ, ૨૫-૨૫ વર્ષથી ધારાસભ્ય તરીકે રહ્યાં હોય નરેન્દ્રભાઇ તો ૧૩ વર્ષ મુખ્યમંત્રી તરીકે રહ્યાં તો તેમની પાસે તો અનુભવનો નીચોડ મોટો છે તો એમાંથી અમને માર્ગદર્શન મળે તો સોનું જ મળે અને આ તો અમારે લેવાનું જ હોય. એટલે એમના માર્ગદર્શનથી ગુજરાતને પણ લાભ થશે અમને પણ વ્યકિતગત લાભ થશે અને એમના અનુભવનો નીચોડ એ અમને બધાને કાયમ પ્રેરણા આપશે. ફરી વખત આપણાં બધા વતી આ અભિનંદન પ્રસ્તાવ, શુભેચ્છા પ્રસ્તાવમાં હું એમને શુભેચ્છા પાઠવું છું કે અને અમને શ્રદ્ધા પણ છે કે તમારા કર્તુત્વ, તમારી નિષ્ઠા, તમારી સંઘર્ષની કેપેસીટી આ બધી બાબતો આ દેશને એક સારું નેતૃત્વ પૂરું પાડશે એવી આપણાં બધા વતી તેઓ જયારે હવે રાજયસભામાં જાય છે ત્યારે અમારા પૈકીના એક ધારાસભ્ય હવે દિલ્હીમાં પોતાનું એક કર્તુત્વ દેખાડશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે હું આપણાં બધા વતી તેમને શુભેચ્છા પાઠવું છું કે ખૂબ આગળ વધો અને અમને ગૌરવ થશે, આ હાઉસને ગૌરવ થશે કે અમારા પૈકીના એક ધારાસભ્ય આજે દેશને માર્ગદર્શન કરી રહ્યાં છે, નેતૃત્વ પૂરું પાડી રહ્યાં છે ત્યારે આ મહાત્મા ગાંધી મંદિરમાં વિશિષ્ટ સંજોગોમાં મળેલી આ વિધાનસભા આ પણ એક સંજોગ છે કે મહાત્મા મંદિરમાં આ શુભેચ્છાનો કાર્યક્રમ મહાત્મા ગાંધી પણ ગુજરાતના સપુત હતા અને એમના હાઉસમાં ગાંધીજીએ આપેલ રસ્તો સત્ય, અહિંસા આ બધી બાબતમાં તે ગાંધીજીના આશીર્વાદ અને એમના ચીંધેલા માર્ગ ઉપર ફરી વખત ગુજરાતના એક નવા સિતારા, નવુ નેતૃત્વ એ દેશને મળશે એવી મને શ્રદ્ધા છે અને એટલે જ આપની મંજૂરીથી આજે અમને બધાને આનંદ છે અને એટલા માટે આ

## માનનીય મુખ્યમત્રીશ્રીનો શુભેચ્છા પ્રસ્તાવ

વિશિષ્ટ પ્રસ્તાવને આજે હું પ્રસ્તુત કરું છું અને આશા રાખુ છું કે આપ સૌ આ શુભેચ્છા અને અભિનંદનમાં સાથે જોડાશો ધન્યવાદ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આપણને સૌને ગૌરવ અને આનંદ થાય એ પ્રકારનો પ્રસ્તાવ આ સન્માનીય ગૃહમાં રજૂ કરવામાં આવ્યો છે અને આ ગૃહના આપ સૌ સભ્યશ્રીઓ આ તેરમી વિધાનસભાના સૌ સભ્યોને ગુજરાત રાજયની સ્થાપના પછી જે અમુક પ્રકારની કામગીરીમાં સહયોગ કરવાનો જે લાભ પ્રાપ્ત થયો તે હું માનું છું કે, બીજી વિધાનસભામાં ઓછો પ્રાપ્ત થયો હશે. આ તેરમી વિધાનસભાની આપણા સભ્યશ્રીઓને ભારતના વડાપ્રધાન તરીકે દેશની જનતાએ મોટામાં મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટીને, એન.ડી.એ.ને કોઇના પણ સપોર્ટ સિવાય સિંગલ રાજ્ય પાર્ટી તરીકે સંપૂર્ણ બહુમતી સાથે કેન્દ્રનું શાસન સોપ્યું એ પછી આપણા તત્કાલિન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીએ સ્વાભાવિક છે કે વડાપ્રધાન પદ ગ્રહણ કરવાના હોવાથી અને તેઓશ્રી પણ ધારાસભ્ય તરીકે ચૂંટાયા હોવાથી રાજ્ય વિધાનસભામાંથી એમણે રાજીનામું આપ્યું અને એ વખતે પણ ગૃહમાં સરકાર પક્ષ અને વિપક્ષ બંને દ્વારા માનનીય મોદી સાહેબને અભિનંદન અને શુભેચ્છા પાઠવવા જે આપણે ખાસ બેઠક બોલાવી હતી એનો લાભ આ સૌ સભ્યશ્રીઓને મળ્યો છે અને સતત આ જ વિધાનસભામાં આ જ સભ્યશ્રીઓને, અમને બધાને એવો જ બીજો લાભ આજે પ્રાપ્ત થયો છે કે, અમારા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને છેલ્લા વીસ વર્ષથી આપણી ગુજરાત વિધાનસભાના અમદાવાદની નારણપુરા વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરી નાની ઉંમરથી, યુવાન ઉંમરથી સરકારમાં મંત્રી તરીકે અથવા અન્ય કામગીરીમાં રહી, સંગઠનમાં રહી જે નેતૃત્વ પૂરું પાડ્યું અને પછી રાષ્ટ્રીય અધ્યક્ષની મોટી જવાબદારી પ્રાપ્ત કરી એ બધું અમારી અને આપની સૌની નજર સામે ચિત્રપટની જેમ અત્યારે દેખાઇ રહ્યું છે. આપણે જાણીએ છીએ કે ખૂબ નાની યુવાન વયથી માનનીય અમીતભાઇએ એમની કારકિર્દીની શરૂઆત કરી. આમ તો હું જાણું છું એ પ્રમાણે એમનો રસનો સેવાનો વિષય સહકાર ક્ષેત્ર છે. અમદાવાદની ડિસ્ટ્રીક્ટ કો–ઓપરેટીવ બેંક હોય, સ્ટેટ કો–ઓપરેટીવ બેંક હોય કે રાજ્યની અન્ય સહકારી સંસ્થા હોય એમાં એમના નેતૃત્વમાં એમના માર્ગદર્શનથી જે સંસ્થાઓ નફો નહોતી કરી શકતી, આર્થિક રીતે સદ્ધર નહોતી એવી સંસ્થાઓ પણ આજે ખૂબ સક્ષમ બની ચૂકી છે. એ સહકારી ક્ષેત્રની એમની કારકિર્દીનું એક મોટી સફળતાનું પાસું છે. આ બધા જ પગથિયાં ચડતા ચડતા સળંગ એમને લાલ જાજમ મળી છે એવું પણ નથી. એમની સામે પણ અનેક પડકારો આવ્યા. અનેક પ્રકારના કાવતરા એમની સફળતાની કારકિર્દીને રોકવા માટે ઘડાયા પણ ભગવાનના આશીર્વાદથી અને એમની કુશાગ્ર બુદ્ધિ અને આયોજન શકિતને કારણે વિરોધીઓએ નિમ્નમાં નિમ્ન કક્ષાના અગાઉની કેન્દ્ર સરકાર વખતે પ્રયત્નો કર્યા છતાં પણ જેમ બધા કોઠા પાર કરી અને સફળતા મેળવી, એમણે સંપૂર્ણ સફળતા મેળવી આજે દેશની મોટામાં મોટી પાર્ટી તો ખરી જ પણ કેન્દ્રમાં સરકાર અને અનેક રાજ્યોમાં સરકાર એવા પક્ષના જ્યારે વડા છે ત્યારે આપણે ઘરના છીએ ત્યારે સ્વાભાવિક છે કે એનો આનંદ અને લાભ વધુ હોય. મારે તો અનેક મિટીંગમાં દિલ્હી જવાનું થાય છે ત્યારે બીજા રાજ્યના મંત્રી, અધિકારીઓ ગમ્મતમાં આપણને એમ કહે કે તમારે ગુજરાતમાં તો શું બાકી છે. બધું ગુજરાતનું જ ચાલે છે. વડાપ્રધાન ગુજરાતના છે, રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાતના છે. ભારત સરકારના નાણા મંત્રીશ્રી અરૂણ જેટલીજી એ પણ આપણા ગુજરાતના જ પ્રતિનિધિ તરીકે, રાજયસભાના સભ્ય તરીકે ભારત સરકારમાં જવાબદારી નિભાવી રહ્યા છે. એટલે આ બધો લાભ આપણને મળતો હતો પણ એમાં વધારો કરવા માટે માનનીય અમીતભાઇની પસંદગી ભારતીય જનતા પક્ષના પાર્લામેન્ટરી બૉર્ડે રાજ્ય સભાના સભ્ય તરીકે ઉમેદવારી કરીને ગઇકાલે જે ચૂંટણી થઇ એમાં જ્વલંત વિજયથી તેઓશ્રી રાજયસભાના સંસદ સભ્યશ્રી બન્યા છે ત્યારે સ્વાભાવિક છે કે વૈધાનિક રીતે ધારાસભ્ય તરીકે રહેવાનું યોગ્ય હોઇ શકે નહીં, બે હોદ્દા ધરાવી ના શકાય એટલે ધારાસભ્યશ્રી તરીકે તેઓશ્રી જયારે રાજીનામુ આપવાના છે ત્યારે આટલી બધી લાંબી કારકિર્દી, આટલી બધી રાજયને મદદ, આટલું બધુ માર્ગદર્શન અને સેંકડો લોકોને તૈયાર કરવાની જે વિશિષ્ટ એમની બધાને સાથે રાખીને ચાલવાની જે કામગીરી છે, એનો આ ગૃહના બધા જ સભ્યશ્રીઓને અને ગુજરાત સરકારને, અને હું તો સાહેબ એમ કહીશ કે, આખા સમગ્ર વહીવટી તંત્રને ખૂબ મોટો લાભ થયો છે અને કેન્દ્રમાં, રાજયસભામાં આપણા ગુજરાત વતી એક વગદાર વ્યકિત ગુજરાતની વાત મૂકે એટલે એનો કેટલો મોટો ફાયદો થાય હું માનું છું કે એનું વર્ણન કરવાની કોઇ જરૂર નથી, એમનો સીંગલ વર્ડ્સ એક શબ્દ એ લાંબામાં લાંબા કાગળો કરતાં, લાંબામાં લાંબા ભાષણ કરતાં, એક બે મિનિટનો ફોન કોઇને કરે કે આટલી દરખાસ્ત ગુજરાતની છે તો જરા જોઇ લેજો, તો એમાં આપણને લાભ થાય, થાય અને થાય એ કક્ષાએ જયારે તેઓશ્રી પહોંચી ગયા છે ત્યારે એમણે આપણી વચ્ચે કામ કર્યું, હજુ ઘણુ કામ કરવાનું બાકી છે. અમારા કરતાં ઉંમરમાં યુવાન છે ઘણુ કામ કરવાનું બાકી છે પણ આ પડાવે જે પહોંચ્યા છે એ પડાવ માટે એમને આપણે ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ, નવી કારકીર્દી માટે શુભેચ્છા પાઠવીએ છીએ અને મને વિશ્વાસ છે કે, આપણા ગુજરાતના અનેક રીતે જે અત્યારે ભારત સરકાર તરફથી જે માનનીય વડાપ્રધાનશ્રી તરફથી લાભ મળી રહ્યો છે એમાં હવે વધારો થશે અને આપણે વધુ પ્રગતિ, વધુ સમૃધ્ધિ અને ગુજરાતને વધુ આગળ વધારવામાં જરૂર સફળ થઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે સાથે મારે બીજી પણ એક વાત કરવી છે કે, માનનીય પૂર્વ મુખ્ય મંત્રીશ્રી અને વિપક્ષના પૂર્વ નેતા શ્રી શંકરસિંહજી વાઘેલાએ પણ એમના પોતાની પાર્ટીના કારણોસર એમણે વિપક્ષમાંથી પહેલાં રાજીનામુ આપ્યું, વિપક્ષના નેતા તરીકે હતા અને એમણે જે જાહેર કર્યું એ આખુ ગુજરાત જાણે છે, આપણે બધાય જાણીએ છીએ કે,એમની જે અવગણના એમના પક્ષમાં થતી હતી, વિપક્ષના નેતા હોવા છતાં એમની સલાહ, માર્ગદર્શન કે સૂચન કોઇ

સાંભળતું ન હતું. એમનું એમના પક્ષનું કેન્દ્રિય મોવડી મંડળ એમની સતત અવગણના કરતું હતું એટલે પૂર્વ મુખ્ય મંત્રીશ્રી તરીકે રહી ચૂક્યા હોય, વરિષ્ઠ નેતા હોય અને વિપક્ષના નેતાશ્રી હોય ત્યારે જો એમની અવગણના થતી હોય તો સ્વમાની વ્યક્તિ એ સ્વીકારી શકે નહીં અને કમનસીબી તો સાહેબ, એ છે કે કોંગ્રેસના નેતાઓએ એમના જન્મદિવસે જ કોઇ એમના પક્ષના ધારાસભ્યો, કાર્યકરો, હોદ્દેદારો એમને જન્મ દિવસની શુભેચ્છા પાઠવવા પણ ન જાય એ પ્રમાણેનો જે પ્રતિબંધ મૂક્યો એનાથી ખૂબ દુઃખી થઇ અને એમણે એ જ દિવસે સક્રિય રાજકારણ છોડવાનો એટલે કે કોંગ્રેસ મુક્ત થવાનો, અમારું અભિયાન તો ખૂબ મોટું ચાલે છે અમારા ભારતીય જનતા પક્ષનું કે આખા દેશને કોંગ્રેસ મુકત કરવી છે પણ માનનીય શંકરસિંહજીએ જે દિવસે કહ્યું કે, હું કોંગ્રેસને મારામાંથી મુક્ત કરું છું અને એમણે જે નિવેદનો આપ્યાં છે એ પ્રમાણે હવે વિધાનસભાના સભ્ય તરીકે પણ તેઓશ્રી ટૂંક સમયમાં જયારે રાજીનામુ આપવાના છે ત્યારે એમણે પણ એમના રાજકીય જીવનમાં અનેક ચડાવ ઉતાર વચ્ચે ગુજરાતની જે સેવા કરી છે એ સેવાની નોંધ પણ આપણે સૌ માનનીય સભ્યશ્રીઓ લઇએ છીએ અને એમને પણ એમનું વિધાનસભાના નેતા પદ છોડ્યા પછી પણ હવે ગુજરાતની વધુ સારી સેવા કરે, ગુજરાતની સામાજિક રીતે કામગીરી કરી અને એમણે એક નિવેદન સારું કર્યું હતું એ મને ગમ્યું કે હું જયાં સારુ કામ થતું હશે ત્યાં મદદ કરીશ. હું રાજકારણમાં પાર્ટી છોડું છું પણ હું સમાજની સેવા નથી છોડવાનો તો સાહેબ, મારું તો એ વખતે પણ નિવેદન હતું કે, કે અમારો ભારતીય જનતા પક્ષની કેન્દ્ર સરકાર માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વની હોય કે ગુજરાતની માનનીય વિજયભાઇના નેતૃત્વની અમારી ગુજરાત સરકાર હોય અમે તો પ્રજાપ્રિય અનેક કામો જયારે કરીએ છીએ. ત્યારે એમને પણ અમારી કામગીરીમાં સહયોગ આપવા માટે વિનંતી કરીએ છીએ, અમે પણ સારી કામગીરી કરીએ છીએ અને એમણે કહ્યું છે કે જયાં સારુ કામ થતું હશે ત્યાં હું મારો સહયોગ આપીશ. તો અમારી સારી કામગીરી ભાજપ સંસ્થાની હોય કે સરકારની હોય એમાં ચોક્કસ સહયોગ નિવૃત્તિકાળ દરમિયાન તેઓ આપશે એવી આશા રાખું છું અને આ તકે તેઓને પણ અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું કારણ કે તેઓ પણ આ વિધાનસભા ગૃહમાં તથા સરકારમાં પણ અનેક પદો ઉપર રહીને સેવાઓ આપી છે એ બદલ સૌ સભ્યશ્રીઓ વતિ શુભેચ્છા પાઠવું છું.

માનનીય અમિતભાઇનો આ હાઉસમાં છેલ્લો પડાવ હશે પરંતુ હજી એમણે એનાથી અનેકગણી કારકિર્દી અને સિદ્ધિઓ હાંસલ કરવાની છે. એ હાસલ કરવા ભગવાન એમને વધુને વધુ શકિત સમર્થન અને જનતાના આશીર્વાદ મળે તેવી શુભેચ્છા સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને આ સન્માનનીય ગૃહના સભ્ય માટે અભિનંદન પ્રસ્તાવ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

મને કહેતા આનંદ થાય છે કે આજનો દિવસ ૯મી ઓગષ્ટ, એ ખૂબ ઐતિહાસિક છે કે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે માનનીય અમિતભાઇના આજે ત્રણ વર્ષ પૂરા થયા છે એટલે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ભાજપને દુનિયાની સૌથી મોટી પાર્ટી બનાવવાનું શ્રેય માનનીય અમિતભાઇ સાહેબના ફાળે જાય છે. બાલ્યવસ્થાથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાઇને દેશની સેવા કરી છે. વિદ્યાર્થી પરિષદમાં રહીને કારકિર્દીની શરૂઆત કરી હતી ત્યારબાદ ભારતીય જનતા યુવા મોરચો તથા ભારતીય જનતા પાર્ટીના મંત્રીથી માંડીને અનેક જવાબદારીઓ અદા કરતાં કરતાં રાષ્ટ્રીય કક્ષાએ સેવા કરવા પહોંચ્યા છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે આજે સેવાઓ આપી રહ્યા છે. એ સિવાય પણ માનનીય અમિતભાઇમાં અનેક વિશષતાઓ રહેલી છે. આ સન્માનનીય ગૃહમાં પણ ગૃહ તથા સંસદીય બાબતોના મંત્રી તરીકે આ ગૃહમાં શ્રેષ્ઠ સેવાઓ આપી છે. જાહેર સાહસો માટેની સમિતિના ચેરમેન તરીકે તથા સરકારમાં અલગ અલગ મંત્રી તરીકે એક સિંહ પુરૂષ તરીકે માનનીય અમિતભાઇએ કામ કર્યું છે જે ઇતિહાસમાં ઐતિહાસિક રીતે લખાશે. હું જોઇ રહ્યો છું કે આ તો માનનીય અમિતભાઇની સફર તો હજી શરૂ થઇ છે અને હજી ગઇ કાલે જ રાજયસભાના સભ્ય તરીકે ચૂંટાયેલા ડિકલેર થયા છે ત્યારે મને કહેતા જરાય સંકોચ નથી થતો કે તેમના લીધે આ રાજયના વિકાસની ક્ષિતિજો નવી ઉંચાઇએ પહોંચશે અને રાજયની સમૃદ્ધિમાં પણ આવનાર દિવસોમાં વધારો થશે. ત્યારે માનનીય અમિતભાઇની કારકિર્દી અનેક ઉંચાઇએ પહોંચશે અને એ દેશના ઇતિહાસમાં લખાશે. આ તબક્કે હું ચોક્કસ કહીશ કે એમનામાં અનેક વિશેષતાઓ રહેલી છે. તેઓ ગુજરાત ક્રિકેટ એસોસિએશનમાં એ સિવાય બીજા અનેક સ્પોર્ટસમાં તથા સહકારી ક્ષેત્રેમાં હોય આજ દિન સુધી નાની થી માંડીને મોટી કુલ ૪૩ ચૂંટણી લડ્યા છે એમાંથી એક પણ ચૂંટણી હાર્યા નથી. સંઘર્ષનું બીજું નામ અમિતભાઇ શાહ. આવી અનેક સફળતાઓ એમને મળેલી છે એટલું પૂરતું નહિ ભારતીય જનતા પાર્ટી હોય કે સહકારી ક્ષેત્ર હોય કે સેવાનું ક્ષેત્ર હોય એ બધામાં સરકારને, જનતાને અને સંસ્થાને કેવી રીતે લાભ પ્રાપ્ત થાય માત્રને માત્ર આ ભાવ સાથે માનનીય અમિતભાઇ શાહે ગુજરાતની સેવા કરેલી છે. આજે દેશમાં ભારતીય જનતા પાર્ટી તથા એન.ડી.એનું ૧૭ રાજયોમાં શાસન છે. એ અમિતભાઇ અને નરેન્દ્રભાઇના નેતૃત્વમાં પ્રાપ્ત થયું છે. કોઇ પણ પ્રશ્ન હોય, કોઇ પણ બાબત હોય, કોઇ પણ વિષય હોય, અમિતભાઇ શાહનો તેમાં ઉંડાણમાં અભ્યાસ ન હોય એવું કયારેય ન બને. કોઇ એવી બાબત ન હોય કે જેની અમિતભાઇ શાહને ખબર ન હોય. હમણાં જ આપણે સૌએ જોયું, આવડી મોટી જવાબદારી નિભાવવા છતાં ઉમેદવાર તરીકે માત્ર ઉમેદવારનો ધર્મ બજાવવાનો. કયાંય પણ દંભ, આડંબર, અભિમાન રાખ્યા વગર એક ઉમેદવાર તરીકે, સાથી કાર્યકર્તા તરીકે રાજયસભાની ચૂંટણીમાં રહ્યા છે આ પણ ઇતિહાસ છે. બેસવાનું સામાન્ય કાર્યકર્તાની જેમ, પોતે કામ કરવાનું. અમારે બધાએ અમિતભાઇ શાહમાંથી અનેક વસ્તુ શીખવા

જેવી છે. તેમની સરળતાને, તેમની સંવેદનાને, તેમની સેવા ભાવનાને હું ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે એક કરોડ અને તેર લાખ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ છે તેમના વતી વંદન કરું છું. અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક પછી એક અનેક રાજયો આસામ હોય, યુ.પી. હોય, ઇસ્ટ અને વેસ્ટથી માંડી તમામ રાજયોમાં ઝળહળતી ફતેહ એ આદરણીય અમિતભાઇની કુશળતા, આવડત અને એમના માર્ગદર્શન નીચે ભારતીય જનતા પાર્ટી જીતતી આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અત્યારે એક ઉલ્લેખ એટલા માટે કરવો છે કે દિલ્હીમાં બેઠાં–બેઠાં પણ આપણાં રાજયનું સૌથી મોટું કામ, આદરણીય નરેન્દ્રભાઇએ અનેક કામો રાજયમાં કર્યા અને દેશમાં બેઠાં–બેઠાં પણ ગુજરાતને કેમ ફાયદો થાય. દેશને કેમ ફાયદો થાય તેની ચિંતા કરી. આપણો સરદાર સરોવર ડેમ. એ ડેમના દરવાજા મૂકવાનું અને બંધ કરવાનું, તેની ઉંચાઇ ત્યાં સુધી પહોંચે તેના માટે તેમણે ત્રણ રાજયોના મુખ્યમંત્રીઓ સાથે સંકલન કર્યું. મેં પ્રત્યક્ષ દિલ્હીમાં જોયું છે એટલા માટે વિશેષ અભિનંદન આપું છું. આજે ગુજરાત નવી ઉંચાઇઓ પર જવાનું છે. તેમનો સંકલ્પ આવવાનો છે. અમિતભાઇ શાહે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમનું માર્ગદર્શન, તેમની કુનેહ, તેમની કુશળતા એ રાજયની તમામ જનતાને અને ભારતીય જનતા પાર્ટીને ખૂબ ઉપયોગી સાબિત થઇ રહી છે ત્યારે એક વિધાનસભાના સાથી સભ્ય તરીકે મને ખૂબ આનંદ થાય છે. તેમની બાજુમાં બેસવાનો મોકો મળ્યો છે. તેમણે ગઇ કાલે મને કહ્યું, કે હવે હું રાજયસભાનો સભ્ય થયો છું. ત્યારે વિધાયક તરીકે આજે એ રાજીનામું આપવાના છે. તેમનો આ ગૃહમાં છેલ્લો દિવસ છે. આ ઐતિહાસિક દિવસ એમની કામગીરી, એમની આવડત, એમની વિશેષતાઓ. અમે સૌ સભ્યશ્રીઓ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો અમિતભાઇ શાહને વિશ્વાસ અપાવું છું. જે પ્રકારે એક પછી એક રાજયો સર કર્યા છે. કોંગ્રેસ મુક્ત ભારત બનાવવાના અભિયાન સાથે માત્ર સેવાના ભાવ સાથે ભારતીય જનતા પાર્ટીને આગળ વધારી રહ્યા છે ત્યારે આવનારા દિવસોમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ સંકલ્પ કર્યો છે. ૧૫૦ સીટો સાથે ભારતીય જનતા પાર્ટી ૨૦૧૭માં જીતશે. કાર્યકર્તાઓનો પરિશ્રમ, ગુજરાતની જનતાનું સમર્થન અને વિકાસ એ માર્ગ ઉપર, નરેન્દ્રભાઇએ જે માર્ગ બતાવ્યો છે, અમિતભાઇ શાહે માર્ગ બતાવ્યો છે. આ માર્ગ ઉપર ચાલીને સોમનાથ દાદાના પ્રાંગણમાં જે સંકલ્પ કર્યો છે આ સંકલ્પમાં બધા સભ્યો વતી ખાતરી આપું છું, પૂરેપૂરું બળ, પૂરેપૂરો પુરુષાર્થ અને પૂરેપૂરું સમાજનું સમર્થન લઇ, સેવા કરી અને ૧૫૦ સીટો અમિતભાઇ અને નરેન્દ્રભાઇના ચરણોમાં સમર્પિત કરીશું એવો પુરુષાર્થ અમે કરીશું. આદરણીય અમિતભાઇ શાહને ખૂબ ખૂબ શુભકામના આપું છું. અભિનંદન આપું છું આ પ્રસ્તાવને તમામ સભ્યો વતી મારું સમર્થન આપું છું. અમિતભાઇ ખૂબ ઉંચાઇઓ પ્રાપ્ત કરે. આપણને સતત એમનું માર્ગદર્શન મળતું રહે એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું. સિંહપુરુષ અમિતભાઇને અનેકાધિક શુભકામનાઓ. ભારત માતા કી જય.

અધ્યક્ષશ્રી : આ ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જે પ્રસ્તાવ મૂકયો છે અને નાયબ મુખ્યમંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ અને આદરણીય જીતુભાઇએ તેને સમર્થન આપ્યું છે એમાં હું પણ મારું સમર્થન આપું છું . જ્યાં સુધી મહાત્મા મંદિરની વાત ચાલે છે ત્યાં સુધી આ ગૃહના તમામ સભ્યો પૈકી કદાચ સૌથી વધારે એમની સાથેનો નાતો મારો રહ્યો છે. ૧૯૮૧થી ૧૯૯૫ સુધી લગભગ અમે બપોરનું ટિફિન સાથે ખાધું છે. સંગઠનમાં અમે સાથે કામ કર્યું છે. સરકારમાં પણ સાથે કામ કર્યું છે. સરકારમાં જ્યારે સાથે કામ કરવાની વાતચીત કરતો હોઉં ત્યારે ૧૯૯૫માં પહેલી વખત ઇડર મતક્ષેત્રમાં ચૂંટણી લડવાનો હતો ત્યારે ઇડર વિધાનસભા ક્ષેત્રમાં મને લઇ જવાવાળા એ શ્રી અમિતભાઇ શાહ હતા અને એના કારણે આજે ઇડરની જનતાએ પાંચ વખત મને ધારાસભ્ય બનાવ્યો, પાર્ટીના આગેવાનોએ સતત પાંચ વખત મને મંત્રી બનાવ્યો અને આ કાર્યકાળ દરમિયાન શ્રી અમિતભાઇ એડીસી બેંકના ચેરમેન બન્યા એ વખતે હું સહકાર મંત્રી હતો. શ્રી અમિતભાઇ ગુજરાત ક્રિકેટ એસોસિએશનમાં હતા ત્યારે હું શિક્ષણમંત્રી હતો અને એના કારણે શ્રી અમિતભાઇ વિશે જેટલું કહીએ એટલું ઓછું છે. એક નાની સરખી વાત આ બધાના ધ્યાન ઉપર મૂકું છું. એક વખત અમારે દિલ્હીમાં મિટિંગ હતી. આખો હોલ ચિક્કાર ભરાયેલો હતો. મંચ ઉપર શ્રી અમિતભાઇના નેતૃત્વમાં હું પણ મંચ ઉપર હતો. સામાન્ય રીતે આપણે બધાના નામો બોલતા હોઇએ છીએ. એ રીતે શ્રી અમિતભાઇએ મારું નામ બોલ્યા અને મારા પરમ સ્નેહી મિત્ર રમણભાઇ કહ્યું ત્યાં સુધી મને વાંધો નહોતો. મને આનંદ થયો. મિટિંગ પૂરી થયા પછી આજ સુધી બાયોડેટા આવવાના શરૂ થયા એ આજે પણ મને બરાબર યાદ છે કારણ કે શ્રી અમિતભાઇ મારા મિત્ર છે. મેં હજુ બાયોડેટા કોઇને આપ્યા નથી. પરંતુ એક મિત્રના ભાવથી મને કામ કરવાનો મોકો મળ્યો છે અને આજે આ ગૃહ છોડીને જઇ રહ્યા છે ત્યારે આ મહાત્મા મંદિરમાં ૧૯૬૦થી શરૂ કરીને આ પહેલી વખત આ સ્થાન ઉપર મળી રહ્યું છે અને કદાચ આ ટર્મના છેલ્લા દિવસે માનનીય અમિતભાઇ શાહને એમના માટેનો પ્રસ્તાવ કરી રહ્યા છીએ ત્યારે એક વાત કહું છું. એક અત્તર વેચવાવાળો અત્તર વેચવા જતો હોય છે ત્યારે એ અત્તરનું મૂલ્ય કેટલું હશે એની એને ચિંતા હોય છે. પરંતુ અત્તર ખરીદવાવાળો છે એને એના મૂલ્યની ચિંતા નથી. એને એના મહેંકની કિંમત હોય છે. પરંતુ માનનીય અમિતભાઇ શાહ એવા વ્યક્તિ છે કે જેમને મહેંક અને મૂલ્ય બન્નેની ખબર છે. એટલા માટે એક સાથી કાર્યકર્તા તરીકે કામ કરીને અગાઉ કહ્યું તે પ્રમાણે વિશ્વની સૌથી મોટી પાર્ટી તેમના નેત્વૃત્વમાં બની હોય, એમણે જે સંકલ્પો કર્યા હોય એ સંકલ્પો પરમ કૃપાળુ પરમાત્માએ પાર પાડ્યા હોય અને તેમના પરિવારનો હું એક સભ્ય છું. એમના સારા નરસા બધા જ પ્રસંગોમાં હું એમની સાથે રહ્યો છું ત્યારે હું એમને પણ ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપું છું. તકલીફ અને દેહ તો રહેશે પણ કદાચ એમનું રાજીનામું લેવાનું મારે થશે એનું મને દુઃખ થશે અને એટલા માટે ફરીથી ભાઇશ્રી અમિતભાઇને આ ગૃહમાં રહેલા બધા જ સભ્યો તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવીએ. ભાઇશ્રી અમિતભાઇ આપ ખૂબ ખૂબ ઉત્તરોત્તર પ્રગતિ કરો. આપ ખૂબ ઉતરોત્તર પ્રગતિ કરો, સિદ્ધિના

સોપાન સર કરો, તમારા જીવનમાં સદાય વસંતના વાયરા વાય, ફાગણના ફુલ ખીલે, હસે , રમે અને આ જગતને કેસરી રંગથી ભરી દે. એવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ હું પાઠવું છું.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજના અંગે

શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : તેરમી વિધાનસભાનું આ છેલ્લા દિવસનું આ છેલ્લું સત્ર અને આ ઐતિહાસિક દિવસે જયારે મારે પ્રસ્તાવ રજૂ કરવાનો છે એની પહેલા મારે મારા મનની બે વાત કહેવી છે કે માત્ર રાજકીય નેતા નહીં પરંતુ જેમને ૨૦ વર્ષથી આ ગૃહના માધ્યમથી ગુજરાતના અનેક ક્ષેત્રમાં જે પ્રકારે સેવાકીય કાર્ય કર્યુ છે, એટલું જ નહીં પણ ગુજરાતની પ્રજા માટે, એમની સુરક્ષા માટે જે પ્રકારે તેમણે વ્યકિતગત જીવનમાં સંઘર્ષ કર્યો છે એ કદાચ ગુજરાતના રાજકીય ઇતિહાસમાં પહેલો દાખલો હશે એવા અમારા સૌના આદરણીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ આ ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે અમને સૌ સભ્યોને એમની સાથે આ સભાગૃહમાં બેસવાનો મોકો મળ્યો એ વાતનું અમને ગર્વ છે અને આ બદલ મારા સૌ સાથી વતી હું અમિતભાઇ શાહને નમન કરુ છું. એમના સેવા, સંઘર્ષ અને બલિદાનને નમન કરુ છું. એમને સાંભળવા માટે આજે સૌ ધારાસભ્ય આતુર છે તેથી મને સમય આપેલો છે એનાથી પણ ઓછા સમયમાં મારો પ્રસ્તાવ રજૂ કરવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજના રાજયની અતિ મહત્વની વિકાસલક્ષી આંતરરાજય યોજના છે. સન ૧૯૪૬માં સરદાર પટેલે નર્મદા યોજનાની રૂપરેખાનો વિચાર રજૂ કર્યો હતો. સન ૧૯૬૧માં તા. ૫ મી એપ્રિલના રોજ આ યોજનાનું ખાતમૂહુર્ત થયું હતું. પરંતુ જુદા જુદા કારણોસર અને રાજયો વચ્ચે નર્મદાના પાણીની વહેંચણી અને નર્મદા બંધની ઉંચાઇ નકકી કરવાનો નિર્ણય વર્ષો સુધી નહિ થઇ શકવાના કારણે નર્મદા યોજનાનું કામ શરૂ થઇ શકયું ન હતું. વધુમાં જુદી જુદી કોર્ટોમાં વર્ષો સુધી કેસ ચાલ્યા તેના કારણે નર્મદા યોજનાનું કામ આગળ વધારવામાં ઘણો વિલંબ થયો અને નર્મદા બંધની ઉંચાઇ વધારવાની ટુકડે ટુકડે મંજૂરી મળતી રહી. વર્ષ ૨૦૦૬માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની પ્રજાનો સાથ લેતા નર્મદા બંધની ઉંચાઇ વધારવાની કેન્દ્ર સરકારે મંજૂરી આપી અને ગુજરાતની પ્રજાની લાગણીનો વિજય થયો તેમજ નર્મદા બંધની ઉંચાઇનું કામ તુરત જ ચાલુ કરી દેવામાં આવ્યું. વર્તમાન કેન્દ્ર સરકારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ તુરત જ એટલે કે ફકત ૧૭ દિવસમાં જ તા. ૧૨મી જુન, ૨૦૧૪ના રોજ બંધની ઉંચાઇ વધારવાની તથા દરવાજા લગાડવાની મંજૂરી આપી હતી અને રાજય સરકારે આ કામગીરીને નિર્ધારિત સમયમર્યાદા કરતા પણ લગભગ ૯ માસ વહેલી પૂર્ણ કરી હતી. ત્યારબાદ નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીની નવી દિલ્હી ખાતે મળેલ મિટીંગમાં નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની મંજૂરી મળેલ અને તા. ૧૭ મી જુન, ૨૦૧૭ના રોજ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા કેવડીયા કોલોનીની રૂબરૂ મુલાકાત લઇને નર્મદા જળના વધામણા કરીને ડેમના દરવાજા બંધ કરવાની કામગીરીનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આનાથી સરદાર સરોવર બંધમાં પાણીનું લેવલ ૧૨૧.૯૨ મીટરથી વધીને હવે પૂર્ણ કક્ષાએ ૧૩૮.૬૮ મીટરે પહોંચતા સંગ્રહ ક્ષમતા ૪.૭૩ મિલિયન એકર ફૂટ થઇ એટલે કે જળસંગ્રહ ક્ષમતામાં ૩.૭૫ ગણો વધારો થયો. જળવિદ્યુત ઉત્પાદનમાં ૪૦ ટકાવૃદ્ધિ થશે. આમ લોહપુરુષ સરદાર પટેલે સન ૧૯૪૬માં સેવેલું સપનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સાકાર થવાથી ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ રાજ્યોને બહુહેતૂક નર્મદા યોજનાનો લાભ મળશે. ગુજરાતમાં નર્મદાના નીર કચ્છ સુધી વહેતા થયા છે. હવે ગુજરાત માટે જળસંકટ, દુષ્કાળ અને વરસાદ આધારિત ખેતી એ બધુ જ ભૂતકાળ બનશે. આ રીતે ગુજરાતની ૫૬ વર્ષની પ્રતિક્ષા અને સતત ત્રણ ત્રણ પેઢીની ધીરજ અને સહિષ્ણુતાનો અંત આવવાથી નર્મદા યોજના સુખરૂપ સંપન્ન થવાનો અવસર મળેલ છે, ત્યારે દ્રઢસંકલ્પ સાથે નર્મદાના નીરનો પૂરેપૂરો ઉપયોગ થાય, રાજ્યના સર્વાંગી વિકાસ અને પ્રગતિ માટે રાજ્યની ખેતી અને કિસાન સમૃદ્ધ બને, તે માટે નર્મદા યોજના અંગેની બાકી કામગીરી ઝડપભેર પૂર્ણ થાય અને આ રાજ્યની ધરતી નવપલ્લવિત બને તે માટે રાજય સરકાર દ્વારા અસરકારક આયોજન કરવા જરૂરી પગલાં લેવાં અંગે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

શ્રી અમિત શાહ(નારણપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ મહાન ગૃહમાં મારો છેલ્લો દિવસ છે. આજે આ ગૃહ પતે એટલે તરત જ હું ધારાસભ્ય પદેથી રાજીનામું આપવાનો છું. અધ્યક્ષશ્રીએ ઉલ્લેખ કર્યો કે રાજીનામું લેવાનો વારો આવશે. પરંતુ રાજીનામું એ સાચા અર્થમાં રાજીનામું છે. નારાજીનામું નથી. જીવનની અંદર કામ કરતાં કરતાં અનેક જગ્યાઓએ એક નાનકડા કાર્યકર્તાથી વિશ્વની સૌથી મોટી રાજનીતિક પાર્ટીના અધ્યક્ષ તરીકે કામ કરવાની ઇશ્વરે મને તકો આપી છે, મેળવવા માટે કયારેય લડ્યો નથી. પરંતુ લડતા લડતા જે મળ્યું તે ગૌરવ સાથે હંમેશા છોડ્યું છે. આ છેલ્લો દિવસ મારા માટે સૌભાગ્યનો વિષય છે કે જે સંકલ્પ આપણા યુવા ધારાસભ્ય હર્ષભાઇ લઇને આવ્યા છે, એ પણ ગુજરાતની જીવાદોરી નર્મદા યોજના માટેનો છે. જે લોકોને ગુજરાતની સમસ્યાઓ, ગુજરાતનો વિકાસ અને ગુજરાતની પ્રગતિનો અભ્યાસ એ સૌને ખબર છે કે નર્મદા યોજના વગર ગુજરાતની પ્રગતિ સંભવ જ નથી. બહુ પુરાણા, બહુ જૂના ઉલ્લેખોની અંદર સમ્રાટ અશોકના સમયના શીલાલેખની અંદર ગુજરાતના પશ્ચિમ વિસ્તારમાં પાણીની તંગીનો ઉલ્લેખ છે અને આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતની અંદર જે પાણી છે એ ભારતની પાણીની એવરેજમાં ઓછું છે અને એની વહેંચણી અસંતુલિત છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર એ વિસ્તારોમાં પાણી ખૂબ ઓછું છે. અને દક્ષિણ ગુજરાતની અંદર પાણીની ઉપલબ્ધતા વધારે છે. હંમેશા દુષ્કાળના ઓળા સૌરાષ્ટ્ર ઉપર મંડરાતા રહ્યા છે. કયારેક વરસાદ આવ્યો, પણ નદીઓનું કદ એટલું નાનું દોડતી નદી સમુદ્રમાં સમાઇ જાય. પાણીને બચાવવાની

વ્યવસ્થા, ખેડૂતોના ખેતરમાં પહોંચાડવાની વ્યવસ્થા, તરસ્યા બાળકની તરસ છીપાવવા માટે પાણી પહોંચાડવાની વ્યવસ્થા એ કયાંય દૂર દૂર સુધી સંભાવનાઓ નહોતી. અને એ એક માત્ર આશાનું કિરણ એ નર્મદા યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનો ઈતિહાસ હર્ષભાઈએ બતાવ્યો. નર્મદા યોજનાનો વિચાર કોઇ નવો નથી. રોજનું અબજો–કરોડો ગેલન પાણી સમુદ્રની અંદર વહી જાય. ગુજરાતની ભૂમિ ખાલી થાય. આ બેની વચે નર્મદા યોજનાનો વિચાર સૌથી પહેલા આ રાજયના સપૂત અને દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને થયો હતો. જ્યારે ૧૯૪૬માં સરદાર પટેલે આ વિચાર મૂક્યો એ વખતે બધાને લાગતું હતું કે આ નર્મદા યોજના સાકાર થવાનું આઝાદીની સાથે જ જોડાયેલું છે. ૧૯૪૬ પછી ૧૯૪૭માં આઝાદ થયા. ભાખરા નાંગલ ડેમ બંધાયો. હીરાકુંડની રચના થઇ. ગુજરાતવાસીઓની આકાંક્ષા ઓવર પ્રબળ થઇ કે હવે આપણું નર્મદાનું કામ આગળ વધશે. ૧૨ વર્ષ પછી ૧૯૫૯માં એની દરખાસ્ત થઇ અને ૧૯૬૧માં આ ગૃહના ઘણાં બધા સભ્યોના જન્મ પહેલા ખાતમુહૂર્તની વિધિ જવાહરલાલ નહેરુના હસ્તે થઇ. પરંતુ એ ખાતમુહૂર્ત જ રહ્યું. ૧૯૬૧ની અંદર જે યોજનાનું ખાતમુહૂર્ત થયું અને તરત જ હજુ તો સરવે થતા હતા, ડિઝાઇનો બનતી હતી, કેચમેન્ટ એરિયા નક્કી થતો હતો. પાણી ક્યાં સુધી પહોંચશે એના વિચારો થતા હતા. તે વખતે ડેમનું વિજ્ઞાન આટલું આગળ વધેલું ન હતું. અલગ પ્રકારના બંધોની વિચારણા થતી હતી. પરંતુ તે વખતે પણ જેવું ૧૯૬૯ની જાન્યુઆરીમાં સરવે પૂરો થયો. ૧૯૬૯માં જ ટ્રીબ્યુનલની રચના કરવી પડી. કારણ કે, એ વખતે કોંગ્રેસ શાસિત બધા રાજ્યો હતા. એ રાજ્યોની વચ્ચે પણ પાણીની વહેંચણીનો વિખવાદ થયો. ૧૯૬૯માં ટ્રીબ્યુનલમાં આ પ્રશ્ન ગૂંચવાયો. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનો ગૂંચવાડો અને વિકાસ બંને કોંગ્રેસના શાસનમાં રહેવા અને જવાની સાથે જોડાયેલા છે. કોઇ નર્મદા યોજનાના વિકાસનો ઇતિહાસ લખે તો જ્યારે જ્યારે કોંગ્રસ પાર્ટી સત્તામાં રહી છે ત્યારે ત્યારે નર્મદા યોજના ખોરંભે પડી છે અને જ્યારે જ્યારે કોંગ્રેસ પાર્ટીને શાસનમાંથી દૂર કરી છે ત્યારે ત્યારે નર્મદા યોજના નર્મદાની જેમ જ પૂરપાટ આગળ વધી છે. અને આજે પણ આ કોંગ્રેસ પાર્ટીનું સ્ટેન્ડ ચાહે મધ્યપ્રદેશમાં હોય, ચાહે ગુજરાતમાં હોય, ચાહે દેશની બંને પાર્લામેન્ટની અંદર હોય નર્મદા વિરોધીઓ માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના ફોરમની પવિત્રતાને સમજું છું. હું અહીંયા કોઇ રાજનૈતિક આક્ષેપ કરવા માટે નથી આવ્યો. ખૂબ જગ્યાઓ છે રાજનૈતિક આક્ષેપ કરવાની. પરંતુ જે વાસ્તવિકતાને હું જાણું છું એને ગૃહની સામે ના મૂકું તો હું ધારાસભ્ય તરીકેની મારી ફરજ ચૂક્યો ગણાઇશ એટલે હું આ વાત જવાબદારીપૂર્વક મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૯માં ટ્રીબ્યુનલ રચાય. જ્યાં સુધી કોંગ્રેસનું શાસન રહ્યું પરિણામ ના આવ્યું. જેવી જનતાએ કોંગ્રેસને કાઢી મોરારજીભાઇ દેશના વડાપ્રધાન બન્યાં. ૧૯૭૯માં ટ્રીબ્યુનલનો ચૂકાદો આવ્યો. ત્યાં સુધી ચુકાદો ના આવ્યો. ૧૯૭૯માં મોરારજીભાઇની સરકાર બની, ટ્રીબ્યુનલનો ચુકાદો આવ્યો અને ડેમ બાંધવાની શરૂઆત થઇ. એ પછી સૌથી પહેલા ૧૯૯૮–૯૯માં ૮૫ મીટરની ઉંચાઇથી ઝઘડો ચાલ્યો. એ વખતે પણ સરકાર કોંગ્રેસની હતી. જ્યારે ૧૯૯૯ની અંદર સંઘર્ષ કરવાનો આવ્યો ત્યારે આ રાજ્યની જનતાએ પહેલીવાર કોંગ્રેસની સરકારને બહાર કાઢી અને ત્યાંથી ભારતીય જનતા પાર્ટીના શાસનની અંદર નર્મદા યોજનાનો વિકાસ ચાલુ થયો, અવિરત થયો અને મને કહેતા આનંદ છે કે નરેન્દ્રભાઇના નેતૃત્વમાં, વિજયભાઇના નેતૃત્વમાં ડેમના દરવાજા પણ બંધ થઇ ગયા. માનનીય અધ્યક્ષશ્રી, ૧૮ ઓકટોબર, ૨૦૦૦ ના રોજ ડેમની ઉંચાઇ વધારવાનો ફેંસલો આવ્યો. ૨૦૦૧માં ૯૦ મીટર, ૨૦૦૨ માં ૯૫ મીટર, ૨૦૦૩માં ૧૦૦ મીટર, ૨૦૦૪માં ૧૧૦.૬૪ મીટર, ડિસેમ્બર–૨૦૦૬માં ૧૨૧ મીટર આ બધું જ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયું. કન્સ્ટ્રકશન પણ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયું અને ચૂકાદાઓ પણ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આવ્યા. ૧૨ જુન, ૨૦૧૪ના રોજ બંધને પૂર્ણ ઉંચાઇ સુધી લઇ જવાની મંજૂરી મળી. એ પણ જયારે કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે. આજે વિપક્ષ હોત તો સારું થાત. ગેરહાજરીમાં નિંદા કરવી એ સજજનના લક્ષણોમાં નથી આવતું પણ હું માનું છું. ટીવી. ઉપર જોતા હશે. નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા ૨૬ મે ના રોજ અને ૧૨ મી જુને પૂર્ણ ઉંચાઇની મંજૂરી મળી. નાનપણથી જ મને નરેન્દ્રભાઇની સાથે કામ કરવાનો અનુભવ છે. એમની ક્ષમતાનો હું જાણકાર છું છતાં પણ કહું છું કે કોઇ સરકાર ૨૬ મી મે એ બને અને ૧૨ મી જુને મંજૂરી ન આપી શકે. કોઇ સરકાર ન આપી શકે. આ મંજૂરીની બધી જ ચીજો પૂરી થઇ હતી. કોંગ્રેસની રાજનૈતિક ઇચ્છાશક્તિ નહોતી એટલે મંજૂરી નહોતી મળતી. જેવા નરેન્દ્રભાઇ આવ્યા અને ગુજરાતની જનતા પ્રત્યેની એમની લાગણી, ગુજરાતના વિકાસ પ્રત્યેનું એમનું કમિટમેન્ટ અને દ્રઢ રાજનૈતિક ઇચ્છાશક્તિના કારણે નરેન્દ્રભાઇના આવ્યા પછી સીધા જ જુનની અંદર આ નર્મદા ડેમની પૂર્ણ ઉંચાઇની મંજૂરી મળી એ જ બતાવે છે કે ત્યાં સુધી રોકીને કોણ બેઠું હતું. ગુજરાતની જનતાએ રાહ કેમ જોવી પડી? રાહ એટલા માટે જોવી પડી, મધ્યપ્રદેશની અંદર કોંગ્રેસની સરકાર હતી, રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર હતી, મહારાષ્ટ્રમાં કોંગ્રેસની સરકાર હતી અને કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી. જેવી પાંચેય જગ્યાએ ભારતીય જનતા પાર્ટીની સરકારો આવી, આજે મા નર્મદાના ડેમ પર દરવાજા પણ બંધ થયા છે અને ઈશ્વર કૃપાથી થોડા દિવસમાં ઓવર ફ્લો પણ થશે. ત્રણ તબકકા આવ્યા. ડેમની બાંધકામની મંજૂરીનો નિર્ણય થયો. રાતના ૭–૦૦ વાગ્યે થયો સવારે ૮–૦૦ વાગ્યે આનંદીબેને કોંક્રિટીંગનું કામ શરૂ કરી દીધું. આ કમિટમેન્ટ ભારતીય જનતા પાર્ટીની સરકારોનું દેખાય છે. વિજયભાઇ વખતે દરવાજા નાખવાનો નિર્ણય આવ્યો. એ પણ જરાપણ મોડું કર્યા સિવાય બીજા દિવસે સવારે કાર્યક્રમ પૂરો થઇ ગયો અને આજે નર્મદા યોજનાના માધ્યમથી એક બહુ મોટી સેવા ગુજરાતની જનતાની થઇ છે. મેં નર્મદા યોજનાનો ખૂબ ડીટેઇલ અભ્યાસ કર્યો છે. મારા મત ક્ષેત્રની અંદર જયારે હું સરખેજ વિધાનસભાનો ધારાસભ્ય હતો ત્યારે પીવાના પાણીની યોજના માટે કોર્ટ કેસ થયેલો એ વખતે આખો એવોર્ડ મેં વાંચ્યો છે. આટલી બહુ ઉપયોગી યોજના દેશમાં બીજી એકેય નથી. જળવિદ્યુતનું ઉત્પાદન

હોય, પીવાના પાણીના પ્રશ્નનું નિવારણ હોય, પાણીના સ્તર ઉંચા રાખી માટીની પરત બચાવવાની વાત હોય, ખેડૂતના ખેતરમાં પાણી પહોંચાડી ૮૭ લાખ ટન અનાજનું ઉત્પાદન વધારે કરવાની વાત હોય, લગભગ ખાલી ગુજરાતની ૧૮ લાખ હેકટર, રાજસ્થાનની દોઢ લાખ હેકટર જુદી, ૨૦ લાખ હેકટરની અંદર પીવાનું પાણી પહોંચાડવાની વાત હોય કે ખાવડાની સરહદ ઉપર દેશની સુરક્ષા કરતા જવાનોને ફ્લોરાઇડ વગરનું પીવાનું પાણી આપવાની વાત હોય આટલી બહુ વિવિધ પ્રકારના ફાયદાવાળી યોજના કેવળ અને કેવળ રાજનૈતિક કારણોથી આ યોજના રોકાઇ. મને આજે આનંદ છે કે ગુજરાતની અંદર વિજયભાઇ અને નીતિનભાઇના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. હું ભારતીય જનતા પાર્ટીનો અધ્યક્ષ પણ છું. હું આ ગૃહના માધ્યમથી રાજ્યની જનતાને આશ્વસ્ત કરવા માગું છું કે, નરેન્દ્રભાઇ, વિજયભાઇ અને નીતિનભાઇના નેતૃત્વમાં આ નર્મદા યોજના પોતાના અંતિમ લક્ષ સુધી પૂરી થઇ ગુજરાતના ગામડે ગામડે, ખેતરે ખેતરે પાણી પહોંચાડવાનું કામ કરશે. આ ભારતીય જનતા પાર્ટીનું કમિટમેન્ટ છે. ગુજરાતના વિકાસ પ્રત્યેનું, ગુજરાતના કલ્યાણ પ્રત્યેનું, ફ્લોરાઇડવાળું પાણી પીતા કરોડો જુવાનિયાઓ માટેનું, ફ્લોરાઇડવાળું પાણી પી ઘાસચારા વગર ભૂખે મરતા અબોલ પશુઓ પ્રત્યેનું અને દેશની સુરક્ષા કરતા દેશના વીર જવાનો પ્રત્યેનું અને આ કમિટમેન્ટમાં ભારતીય જનતા પાર્ટીને કોઇ ડગાવી શકશે નહીં. ગુજરાતનો વિકાસ અને નર્મદા યોજના એ બન્ને એકબીજા સાથે જોડાયેલા છે. ચાહે ઔદ્યોગિક વિકાસની વાત હોય, ચાહે કૃષિ વિકાસ દર વધારવાની વાત હોય, ચાહે ભૂગર્ભના જળ ઉંચા લાવવાની વાત હોય, ચાહે પીવાના પાણીની સમસ્યાનું નિવારણ લાવવાની વાત હોય, ચાહે ઘાસચારા માટેની તંગીથી પશુઓને મુક્ત કરવાની વાત હોય, ચાહે હંમેશા દુષ્કાળમાં સપડાયેલા ગુજરાતને હંમેશને માટે પાણીની પૂર્તતાથી આશ્વસ્ત કરવાની વાત હોય. નર્મદા યોજના એ કેવળ વીજળી બનાવવાનું કારખાનું નથી. નર્મદા યોજના ગુજરાતના વિકાસ માટેની એક જીવાદોરી છે. નર્મદા યોજના હું માનું છું કે, જ્યારે અમારો પક્ષ સત્તામાં ન હતો ત્યારે અમે આંદોલનો કરતા હતા અને અમારો પક્ષ જ્યારે સત્તામાં આવ્યો ત્યારે આંદોલનોનો સામનો કરી રહ્યો છે. અમે સત્તામાં ન હતા, ભારતીય જનતા પાર્ટી આ રાજ્યમાં સત્તામાં ન હતી ત્યારે નર્મદા યોજના માટે ભારતીય જનતા પાર્ટીનો એકેએક કાર્યકર દેખાવો અને ધરણાઓ કરતો હતો. સેંકડો જગ્યાઓએ લાઠીચાર્જ ખાધા છે અને જ્યારે હવે સત્તામાં છીએ ત્યારે પણ લાઠીઓ મારવાવાળા આજે આંદોલનો કરવાવાળામાં બદલાઇ ગયા છે. એ વખતે કોણ લાઠીઓ મારતું હતું? સરકારો કોંગ્રેસની હતી અને આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, વિરોધ કોણ કરે છે? કોંગ્રેસ કરે છે. મેં પહેલા પણ કહ્યું કે હું કહીશ કે કઇ રીતે કોંગ્રેસ નર્મદા યોજનાની વિરોધી છે. ડેમના દરવાજા બંધ કરવાના હોય, આ વિસ્થાપિતો કેટલાય વર્ષોથી પુનઃવસન પામ્યા છે. આજની વાત નથી. ૧૯૮૦ના દાયકાના મધ્યથી પામ્યા છે. બે દિવસ પહેલાં અર્જુનભાઇ મોઢવાડિયાને મૂરત આવે છે કે ત્યાં પીવાનું પાણી પહોંચ્યું છે કે કેમ? રોડ બન્યા છે કે કેમ? વીજળી પહોંચી છે કે કેમ? અને કનેકશન તો જુઓ. જેવા અર્જુનભાઇ એ વિસ્થાપિતોની મુલાકાત લે છે એના બીજા દિવસે મેધાબેન પાટકર એના રેફરન્સમાં સ્ટેટમેન્ટ આપે અને ત્રીજા દિવસે મધ્યપ્રદેશમાં દેખાવો ચાલુ થાય. આ કયા પ્રકારનું જોડાણ છે? મારી તો સમજમાં આવતું નથી અને કોંગ્રેસના સભ્યશ્રીઓ આજે ગૃહમાં નથી પણ કાલે અખબારોના માધ્યમથી આ વાત ત્યાં પહોંચવાની છે ત્યારે હું એમને વિનંતી કરું છું કે તમે સ્પષ્ટતા કરો કે ભાઇ, દિગ્વીજયસિંહ રાજ્યસભામાં નર્મદાના દરવાજા ઉતાવળે બંધ ના કરે એના માટે દરખાસ્ત લેતા હોય, ઝીરો અવરમાં પ્રશ્ન ઉઠાવતા હોય, ગુજરાત કોંગ્રેસનું સ્ટેન્ડ શું છે? દિગ્વીજયસિંહ તમારા કહ્યામાં નથી? કેમ આવું થાય છે? તમે ચૂપ છો તો તમારો અવાજ દિગ્વીજયસિંહ રાજ્યસભામાં ઉઠાવી રહ્યા છે. તમે પણ નર્મદા યોજનાના વિરોધી છો? માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાના પાણી ભરાવવાના ચાલુ થાય અને ખબર પડે કે હવે ડેમ ઓવરફ્લો થવાનો છે. જયોતિરાદિત્ય સિંધીયા કોંગ્રેસના નેતા લોકસભામાં અચાનક ઉભા થઇ જાય અને પ્રશ્ન ઉઠાવે કે પેલા વિસ્થાપિતોનું શું? અરે ભાઇ, કોર્ટે એક કમિટી બેસાડી છે. શ્રીમાન જયોતિરાદિત્યજી આ દેશના સર્વોચ્ચ ન્યાયાલયે એક કમિટી બેસાડી છે તે કમિટીએ નિર્ણય કરવાનો છે. બધાએ પોતાનો પક્ષ, વિસ્થાપિતો સહિત તે કમિટીની સામે રાખવાનો છે. વિસ્થાપિતોનું પુનઃવસન ન થયું હોય તો તે મંજૂરી ન આપે. આ કમિટીએ દરવાજા બંધ કરવાની મંજૂરી આપી તેનો અર્થ કે વિસ્થાપિતોનું શત–પ્રતિશત પુનઃવસન ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની સરકારે પૂરું કરી દીધું છે. પાણીમાંથી પોરા કાઢવાની જે વૃતિ છે તે નર્મદા યોજના રોકવા માટેની છે. હું આજે કોંગ્રેસના આગેવાનોને કહેવા માગું છું કે હોય એટલું જોર કાઢી લો, હોય એટલી ભડાશ કાઢી લો નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં, વિજયભાઇ અને નીતિનભાઇના નેતૃત્વમાં નર્મદા યોજના રોકવાની કોઇની તાકાત નથી. આ નર્મદા યોજનાને રોકવા માટેના કારસા હવે નહીં થાય, હવે નહીં ચલાવી લેવામાં આવે. હું તો એમને કહેવા માગુ છું કે મનની ઇચ્છા દબાવી ન રાખો. તમારી ઇચ્છા હોય કે દરવાજા બંધ ન થાય, સૌરાષ્ટ્રની તરસી ભૂમિમાં પાણી ન પહોંચે, કચ્છના લોકોને પીવાનું પાણી ન મળે, મારો બનાસકાંઠો તરસ્યો રહી જાય તો માઇકમાં બોલો ને ભાઇ ? દિગ્વિજયસિંહ પાસે શું કામ બોલાવો છો? જયોતિરાદિત્યસિંહ પાસે શું કામ બોલાવો છો? તમે માઇકમાં બોલો ને. હમણાં જ જનતાએ નિર્ણય કરવાનો છે. દૂર નથી ડિસેમ્બરમાં થઇ જાય બે–બે હાથ. બધાએ જનતાની સામે જવાનું છે. ડિસેમ્બરની અંદર ગુજરાતની જનતાએ નિર્ણય કરવાનો છે કે નર્મદા યોજના આગળ વધારનારને સત્તા આપવી છે કે નર્મદા યોજના રોકવાવાળાને સત્તા આપવી છે. તેમને ખબર છે કે આ પ્રસ્તાવ આજના કામકાજના લીસ્ટમાં છે. નર્મદા માટે બે સારી વાતો બોલવી પડે એટલે જ આજે ગેરહાજર રહ્યા છે. અહીં ઉભા રહીને કહેવાની હિંમત નથી. દિગ્વિજયસિંહની ભાષા બોલવાની હિંમત નથી, જયોતિરાદિત્યસિંહની ભાષા બોલવાની હિંમત નથી એટલે બહાર રહેવું સારું. નર્મદા યોજના માટેની બે સારી વાત કરવાની હિંમત નથી. દિલ્હીમાં હું જોઉં છું. નરેન્દ્રભાઇ ડે ટુ ડે નર્મદા યોજનામાં કેટલું પાણી ભરાયું, કેટલું ભરાયું, કેટલું ભરાયું તેની ચિંતા કરે છે. ડેમ ઓવરફ્લો થાય તો

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

છેલ્લા દિવસનો પ્રસ્તાવ

પાણી ગુજરાતની જનતાને મળે તેના માટે પ્રયત્ન કરે છે. આ લોકો પણ એવી ચિંતા કરે છે. કોંગ્રેસ પણ એવી જ ચિંતા કરે છે કે કેટલું ભરાયું, કેટલું ભરાયું ને હજી રોકી શકીએ તેમ છીએ, હજી રોકી શકીએ તેમ છીએ, હજી રોકી શકીએ તેમ છીએ. બે લોકો ડેમ ભરવાની ચિંતા કરે છે. નરેન્દ્રભાઇ પણ કરે છે અને કોંગ્રેસવાળા પણ કરે છે. નરેન્દ્રભાઇ ડેમ ભરાવવાની ચિંતા કરે છે કે કરોડો તરસ્યા લોકોને, સૌરાષ્ટ્રની તરસી ભૂમિને, બનાસકાંઠાના ખેડૂતોને પાણી મળે. અહીં ચિંતા કરે છે કે, કદાચ ડેમ ઓવરફ્લો થઇ જશે તો ભારતીય જનતા પાર્ટીને જશ મળી જશે. મારું તો એમને એ કહેવાનું છે કે જશ જોઇતો હોય તો હું ગૃહમાં કહી દઉં કે તમારા લીધે પાણી ભરાયું બસ, પણ વિરોધ તો બંધ કરો. રાજકીય કાવાદાવામાંથી ગુજરાતનું ભલું ન થાય. તે પ્રકારની રાજનીતિ ન થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારો ગુજરાતની વિધાનસભામાં અને ગુજરાતના વિધાનસભ્ય તરીકે છેલ્લો દિવસ છે. આ ગૃહ સમાપ્ત થાય એટલે થોડીવારમાં જ હું આપની ચેમ્બરમાં આવી ધારાસભ્ય તરીકે રાજીનામું આપવાનો છું. વીસ વર્ષ એટલે કે ૧૯૯૭ થી ૨૦૧૭, વીસ વર્ષ અને પાંચ ટર્મ સુધી આ મહાન ગૃહની અંદર બેસવાનો મોકો મને ગુજરાતની જનતાએ આપ્યો છે. મારા માટે સૌભાગ્યની વાત એ છે કે આ વીસ વર્ષ એ ગુજરાતનો સ્વર્ણિમ કાળ છે. આ વીસ વર્ષ તે ગુજરાતના વિકાસના વીસ વર્ષ છે. આ વીસ વર્ષ ગુજરાતનો સ્વર્ણિમ કાળ છે, આ વીસ વર્ષ ગુજરાતના વિકાસના વીસ વર્ષ છે, આ વીસ વર્ષ ગુજરાતને ઉંચાઇ ઉપર પહોંચાડવાના વીસ વર્ષ છે, આ વીસ વર્ષ ગુજરાતને ભારતમાં મોડેલ સ્ટેટ બનાવનારા વીસ વર્ષ છે, આ વીસ વર્ષ ગુજરાતની બધી સમસ્યાઓના નિવારણના વીસ વર્ષ રહ્યા છે. નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ગુજરાતમાં એક સરકાર બની જેણે ગુજરાતને નવી દ્દષ્ટિ આપી. નરેન્દ્રભાઇએ રેકોર્ડ કર્યો સૌથી લાંબા સમય સુધી ગુજરાતમાં મુખ્યમંત્રી રહેવાનો. એવા રેકોર્ડો તો કરવા બહુ સરળ છે પરંતુ સૌથી લાંબા સમય સુધી રહી સૌથી વધુ વિકાસ કરવાનો રેકોર્ડ પણ નરેન્દ્રભાઇનો છે. માનનીય અધ્યક્ષશ્રી, એમના મંત્રી મંડળમાં પણ કામ કરવાનો મને મોકો મળ્યો, ધારાસભ્ય તરીકે પણ કામ કરવાનો મોકો મળ્યો અને સંગઠનમાં પણ નરેન્દ્રભાઇના નેતૃત્વમાં કામ કરવાનો મોકો મળ્યો. એમણે એક અનુભવી કુશળ પ્રશાસક તરીકે કામ કર્યું છે અને મને આશ્ચર્ય એ વાતનું થાય કે નરેન્દ્રભાઇ અહીંયા જયારે મુખ્યમંત્રી બનીને આવ્યા એ પહેલા પંચાયતની ચૂંટણી પણ નહોતા લડ્યા અને સરપંચ પણ નહોતા બન્યા અને સીધા મુખ્યમંત્રી બન્યા. બધાના મનમાં પ્રશ્ન હતો કે નરેન્દ્રભાઇને વહીવટી અનુભવ નથી પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, વહીવટી અનુભવ તો ન હતો પણ ગુજરાતની સમસ્યાઓની જાણકારી હતી અને ગુજરાતના દુઃખ પ્રત્યેની મનમા વેદના હતી એ વેદનાએ યોજનાઓને જન્મ આપ્યો અને કર્તુત્વ શક્તિએ યોજનાઓને પરિણામલક્ષી બનાવી અને ગુજરાતના વિકાસનો એક સ્વર્ણિમ ઇતિહાસ રચ્યો. મેં તો મારી નજરે જોયું છે માનનીય અધ્યક્ષશ્રી, હું નાનપણથી જ બધા રાજયોની વિકાસ યાત્રાના વાચનનો વિદ્યાર્થી રહ્યો છું. મેં જોયું છે ઘણાં બધા મુખ્યમંત્રીઓ મુખ્યમંત્રી બન્યા પણ સરકાર ચલાવવા માટે બન્યા, નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા સરકાર ચલાવવા માટે નહીં, સરકારની વ્યવસ્થા સુધારવા માટે મુખ્યમંત્રી બન્યા. આ બંનેમાં મૂળ અંતર છે, ચીલાચાલુ કામ મુખ્યમંત્રી હોય એટલે લોક દરબાર લાગે, ધ્વજવંદન કરવાનું, વિધાનસભામાં પહેલી પાટલી પર બેસી જવાનું, વિપક્ષોના રાજનીતિક જવાબો આપવાના અને ટર્મ પૂરી થાય એટલે જતા રહેવાનું. નરેન્દ્રભાઇએ પોતાના સમયમાં એક એક ક્ષણનો ઉપયોગ ગુજરાતના વિકાસ માટે કર્યો છે. ગુજરાતની લાંબા સમયની, લાંબાગાળાની સમસ્યાઓના સરળ નિવારણ લાવવા માટે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહનો એ દિવસ બરાબર યાદ છે કે, માનનીય નરેન્દ્રભાઇ આ ગૃહમાં મુખ્યમંત્રી તરીકે બેસતા હતા અને માનનીય અમરસિંહભાઇ વિપક્ષના નેતા હતા નરેન્દ્રભાઇએ કશું જ વિચાર્યા વગર બપોરે પ્રશ્નોતરીનો સમય સમાપ્ત થતાની સાથે જ એક ઘોષણા કરી કે હું આ રાજયના દરેક ગામને અઢી વર્ષની અંદર ૨૪ કલાક વીજળી આપવા માગુ છું. પક્ષ વિપક્ષ બંનેમાં સોપો પડી ગયો, બહુ અનુભવી લોકો ગૃહની અંદર બેસતા હતા બધાને થયું કે આ કઇ રીતે શકય બનશે? અમરસિંહભાઇ એક સારા સ્પીરીટવાળા નેતા હતા એમણે નરેન્દ્રભાઇને રીશેષમાં ચીઠ્ઠી મોકલાવી કે હું તમને મળવા માગુ છું. અમરસિંહભાઇ મળ્યા પણ ખરા, મને એ મુલાકાતની પણ ખબર છે અને એમણે એક વડીલ તરીકે સલાહ આપી નરેન્દ્રભાઇ, હું એન્જિનિયર છું, હું મુખ્યમંત્રી પણ રહ્યો છું, હું આ સમસ્યાનો જાણકાર છું. હું માનું છું કે ઇચ્છા બહુ સારી છે પણ આ પૂરી થાય તેમ નથી માટે તમે પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવો. નરેન્દ્રભાઇએ કહ્યું કે આ મારો સંકલ્પ છે ઇશ્વર આ સંકલ્પ પૂરો કરશે. ગુજરાતની અંદર સાત કલાક, આઠ કલાક વધુમાં વધુ બાર કલાક સુધી વીજળી મળતી હતી અને સાંજે વાળુના ટાઇમે ગામડાંના માણસો એ પ્રકારે ખાવાનું ખાતા હતા કે હાથ કઢીમાં પડ્યો છે કે ખીચડીમાં એ ખબર જ નહોતી પડતી. માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતા આનંદ થાય છે કે નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આજે ગુજરાત દેશમાં એવું પહેલું રાજય બન્યું કે ગામડાંમાં ચોવીસ કલાક અનઇન્ટરપ્ટ વીજળી મળે છે. ગામડું ભાંગતું નરેન્દ્રભાઇએ અટકાવ્યું છે, ગામડું છોડી ગામડાંનો નાગરિક શહેરમાં આવતો હતો એનું મૂળ કારણ વીજળી હતું સુવિધા નહોતી. વીજળી નહોતી રોજગારી નહોતી, વીજળી નહોતી સ્વાસ્થ્ય નહોતું, વીજળી નહોતી શિક્ષણ નહોતું, વીજળી નહોતી રોજગારીની તકો નહોતી. ગામડાંની અંદર ચોવીસ કલાક વીજળી મળવાથી આજે ગામડું ભાગતું થયુ છે અને પૂરા દેશના ઇતિહાસમાં આ યશ અગર ઇતિહાસ લખવાવાળાએ કોઇને આપવાનો થશે તો હું મક્કમતાથી કહી શકુ છું શ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી ગુજરાતને આપવાનો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે એક નવી પ્રકારની કાર્ય સંસ્કૃતિ ઉભી કરી કર્મચારી નહીં કર્મયોગી. ગુજરાતની સ્થાપનાથી કોઇ મુખ્યમંત્રીએ સરકારના કર્મચારીને કર્મયોગીનું સન્માન નહોતું આપ્યું તેમણે કહ્યું કે આ પાંચ લાખ કર્મયોગીઓ વગર મુખ્યમંત્રી નકામા છે. એક સાથીની ભૂમિકાથી સરકારી કર્મચારીઓની સાથે કામ કરવાની શરૂઆત નરેન્દ્રભાઇએ કરી.

શ્રાવણ ૧૭, ૧૯૩૯ શાકે

છેલ્લા દિવસનો પ્રસ્તાવ

એક નવો વિચાર, આ એક નવી ઉર્જા તેના પરિણામે અનેકગણું આઉટપૂટ કર્મયોગીઓનું મળવા લાગ્યું અને પાંચ લાખ કર્મયોગીઓ ગુજરાતના વિકાસની અંદર ભાગીદાર બન્યાં. પહેલાં એ નોકરી કરતા હતા ગુજરાતના વિકાસની અંદર નોકરી કરવાવાળા કર્મચારીને ગુજરાતના વિકાસનો ભાગીદાર એવો કર્મયોગી બનાવવાનું કામ નરેન્દ્રભાઇ મોદીએ કર્યુ છે.

ઔદ્યોગિક મેળાઓ બહુ યોજાતા દિલ્હીમાં, મુંબઇમાં યોજાતા અને કયારેક કયારેક તો જાપાનમાં પણ જઇને બે મુખ્યમંત્રીઓ ઔદ્યોગિક મેળાઓ કરી આવેલા પરંતુ રોકાણના નામે કશું નહોતું આવતું. ગુજરાત રોકાણ માટેનું ડેસ્ટીનેશન નહોતું બનતું નરેન્દ્રભાઇએ વાયબ્રન્ટ ગુજરાતની એક પરંપરા શરૂ કરી આજે વાયબ્રન્ટ ગુજરાતનું આમંત્રણ ના મળ્યું હોય તો વિશ્વની કોઇ પણ કંપની બેચેન થઇ જાય છે કે મને કેમ નથી બોલાવ્યો. વાયબ્રન્ટ ગુજરાતનું આમંત્રણ માત્ર એક સ્ટેટસ બની જાય એટલી ઉંચાઇ ઉપર આ ગુજરાતના ઇન્વેસ્ટમેન્ટ હબ તરીકેની સ્વીકૃતિ વિશ્વની અંદર લાવવાનું કામ દેશના અત્યારના વડાપ્રધાન અને એ વખતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં રસ્તાઓ પહેલેથી સારાં છે અને તેનો હું સ્વીકાર કરું છું. ભારતીય જનતા પાર્ટી આવી તે પહેલાં દેશની અપેક્ષામાં, સાપેક્ષતામાં ગુજરાતના રસ્તાઓ સારા હતા. પણ રસ્તાઓ કઇ રીતે બનતાં હતા જે મુખ્યમંત્રી બને એની કોન્સ્ટીટયુન્સીમાં સુંદર રોડ બની જાય. જે આર એન્ડ બી મિનિસ્ટર બને તેના જિલ્લામાં સુંદર રોડ બની જાય. હીરાભાઇ સોલંકી જેવા કોઇ ધાકડ ધારાસભ્ય હોય તો તેને ત્યાં વધારે રસ્તાઓ પહોંચી જાય તો આ પ્રમાણે રસ્તાઓ બનતાં તેનું કોઇ વૈજ્ઞાનિક આયોજન નહોતું. રસ્તાઓ કઇ રીતે બનવા જોઇએ એનું વિજ્ઞાન નહોતું નરેન્દ્રભાઇએ અને હું તેનો સાક્ષી છું અનેક તજજ્ઞોને દેશભરમાંથી બોલાવ્યા હતા. રોડ કેપિટલ અને બંદરને જોડતો હોવો જોઇએ, રોડ કેપિટલ અને યાત્રાધામને જોડતો હોવો જોઇએ, રોડ કેપિટલ અને રાજયની સીમાઓને જોડતો હોવો જોઇએ, રોડ જિલ્લા કેન્દ્ર અને ગ્રામને જોડતો હોવો જોઇએ, રોડ જિલ્લા કેન્દ્ર અને તાલુકા કેન્દ્રને જોડતો હોવો જોઇએ. રસ્તાઓનો એક નવા પ્રકારનો વિકાસ કરવાનું એક વૈજ્ઞાનિક આયોજન નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થયુ. અને આજ ગુજરાતની ભૂમિ ઉપર કોઇ પણ જગ્યાએ ઉદ્યોગપતિએ ઉદ્યોગ નાખવો હોય તો એને સંસ્થાગત માળખાની ચિંતા કરવાની જરૂર નથી. ઇન્ફ્રાસ્ટ્રકચરની ચિંતા કરવાની જરૂર નથી રસ્તાઓનું માળખું સુપેરે પૂરું થઇ ગયુ છે એની સાથે રેલ્વે, એની સાથે એસ.ઇ.ઝેડ, એની સાથે બંદરો એક સુગઠિત ઇન્ફ્રાસ્ટ્રકચરનું માળખું નરેન્દ્રભાઇના નેતૃત્વમાં અહીંયા પૂરું થયુ તેના લીધે જ ગુજરાતનો આજે વિકાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિકાસ  બધા જ વડાપ્રધાનો, બધા જ મુખ્યમંત્રીઓ દેશભરમાં ભાષણ આપે કે કૃષિ પ્રધાન દેશ. કૃષિ પ્રધાન દેશ એટલે શું ? ભાષણમાં નરેન્દ્રભાઇએ કૃષિ વિકાસની નવી વ્યાખ્યા અહીંયા બનાવી. સોઇલ હેલ્થ કાર્ડ, ડ્રીપ ઈરીગેશન, સ્પ્રીંકલર ઈરીગેશન, કેનાલોની ક્ષમતા વધારવી, ડેમની ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ કરવો, ખાતર કેટલુ વાપરવુ તેનું માર્ગદર્શન આપવાનું, કિસાન યાત્રાના માધ્યમથી અખાત્રીજે શરૂઆત કરી દેશભરના ખેડૂતોને તેના ગામમાં જઇને લાભ આપવાની પ્રક્રિયા શરૂ કરી. બી.ટી.કોટન માટે ભારત સરકાર સામે બાયો ચડાવીને ગુજરાતના ખેડૂતને બી.ટી.કોટનમાં બચાવ્યા અને આજે જે ગુજરાતનો વિકાસ થયો એ એના કારણે જ છે. સળંગ ૧ ટકા, ૨ ટકા, ૩ ટકા કૃષિ વિકાસદર થાય તો સિદ્ધિઓ મનાતી હતી. મેં દેશના કેટલાય અર્થશાસ્ત્રીઓ સાથે ચર્ચા કરી હતી કે ૩ ટકા જી.ડી.પી કૃષિ વિકાસ દર થાય તે સિદ્ધિ માનતા હોય છે. નરેન્દ્રભાઇના ૧૩ વર્ષમાંથી ૧૨ વર્ષ સુધી કૃષિ વિકાસ દર ૧૦ ટકાથી વધારે રહ્યો. હું માનું છું કે, કૃષિ વિકાસ દર વધારવો એ ભગીરથ કામ છે. એક્સટેન્શનના કામના વધારાથી માંડી ઈરીગેટેડ લેન્ડ એક્સપાન્શનથી માંડી ખાતર અને પેસ્ટીસાઇડનો સમુચિત ઉપયોગ કરવાથી માંડી અત્યંત વૈજ્ઞાનિક અને આધુનિક બિયારણો પૂરા પાડવાથી માંડી એ.પી.એમ.સી.નું માળખું સુગ્રથિત કરવાથી માંડી એગ્રો બેઝ ઇન્ડસ્ટ્રીઝ નાખવા સુધીની બધી જ પ્રક્રિયા શ્રેણીબદ્ધ થઇ એટલે કૃષિ વિકાસ વધ્યો છે. હું બે યોજનાના વિકાસનો અહીંયા જરૂર ઉલ્લેખ કરવા માગું છું. સાગરખેડુ યોજના અને વનબંધુ વિકાસ યોજના. ગુજરાતની અંદર રણ પણ છે, ગુજરાતની અંદર પહાડો પણ છે, જંગલો પણ છે, શહેરો પણ છે અને ગામડાં પણ છે. ગુજરાતનો વિકાસ પહેલાં સમવિકાસ ન હતો. સમાન વિકાસ ન હતો. એક જગ્યાએ વિકાસ થતો હતો. અમુક છેવાડાની જગ્યાએ નહોતો થતો અને બે મોટા સેક્ટર વિકાસથી વંચિત રહી ગયા હતા. ૧૬૦૦ કિ.મી.નો દરિયાકિનારો અને આદિવાસી વિસ્તારો. પહાડો પર જંગલોમાં રહેતા આદિવાસી ભાઇઓના વિકાસ સામે કોઇએ જોયું નહોતું. બંધારણની અંદર એમને અધિકાર આપવામાં આવ્યો છે કે, એમના વસતીના અનુપાતમાં બજેટની ફાળવણી એમના માટે કરવી જોઇએ. ના દેશમાં થતું હતું ના પ્રદેશમાં થતું હતું. જ્યારે નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા એના ત્રીજા વર્ષે એમણે આ ઐતહાસિક કામ કર્યુ અને ગુજરાતની વસતીમાં જેટલા ટકા આદિવાસી ભાઇઓ છે એટલા ટકા ગુજરાતના બજેટમાં આદિવાસીઓ માટે રકમ પૂરી પાડવાનું કામ કર્યુ. મને કહેતા આનંદ થાય છે કે, જે શરૂઆત નરેન્દ્રભાઇએ કરી હતી એ આજે ભારતીય જનતા પાર્ટી શાસિત ૧૮ રાજ્યોની અંદર નરેન્દ્રભાઇએ પાડેલી પ્રણાલિકાને અનુસરવામાં આવે છે. એક વનબંધુ વિકાસ યોજના લઇને નરેન્દ્રભાઇ આવ્યા જેના માધ્યમથી આદિવાસી વ્યક્તિ, આદિવાસી ગામ અને આદિવાસી વિસ્તાર ત્રણેયનો સમવિકાસ થાય એ પ્રકારની યોજના વનબંધુ વિકાસ યોજનાની અંદર આવી. આ વનબંધુ યોજનાનો હું સાક્ષી છું. એટલા માટે કે, મારા કાર્યકાળમાં હું  બધા જ આદિવાસી વિસ્તારોમાં, આદિવાસી જિલ્લાઓમાં પ્રભારી મંત્રી હતો. ડાંગમાં રહ્યો, ભરૂચમાં રહ્યો, પંચમહાલમાં રહ્યો અને દાહોદમાં રહ્યો. એના ચમત્કારિક પરિણામો મેં જોયા છે. એક નાનકડી મારૂતિ વાળાને મેં કહ્યું હતું કે, તું ડ્રાઇવિંગ શીખવાડવાની સ્કૂલ શરૂ કર. મારી વનબંધુ યોજનાની અંદર હું ગ્રાન્ટ આપું. મેં જોયું છે કે, આ વનબંધુ યોજનાના કારણે દાહોદ જિલ્લાના કેટલાય આદિવાસી યુવાનો ડ્રાઇવિંગ શીખી આજે એસ.ટી.ની અંદર એમના અધિકારથી રીઝર્વેશનની અંદર નોકરી

પ્રાપ્ત કરતા થયા છે. ડાંગના આદિવાસીઓ પોતાની ઝુંપડીની અંદર મશરૂમનું એક ઝાડ લગાવીને મશરૂમની ખેતી કરતા થયા, કાજુની ખેતી કરતા થયા, સ્ટ્રોબેરીની ખેતી કરતા થયા. વનબંધુ યોજના હેઠળ એને નાનકડા ૧૦૦–૧૦૦ ગ્રામના શાકભાજીના બિયારણના પડીકા આપ્યા. ઘરની આગળ તેઓ શાકભાજી વાવતા થયા, અનેક મંડળીઓ બનાવી. એ શાકભાજી આજે સુરતીઓ ઉંધીયામાં નાખીને ખાય છે ત્યારે આદિવાસીના ઘરમાં સંપત્તિ આવે. આ આયોજન એ જ વ્યક્તિ કરી શકે જેના દિલની અંદર આદિવાસીના દુ:ખ માટેનું દર્દ પડ્યું હોય. આ ખાલી વિકાસની વાત નથી. આ રાજયનો ૧૬૦૦ કિલોમીટરનો સાગરકાંઠો એ દેશનો સીમાડો પણ છે. પાકિસ્તાન નજીક છે અને આ સીમાડાની સુરક્ષા ત્યારે જ થાય જયારે સીમાડાનો વિકાસ થયો હોય. સાગરખેડુ યોજનાના માધ્યમથી સાગર ખેડતા સાગર ખેડુઓ એમના ગામ, એમની બધી જ વિકાસની વાતો સાગર ખેડુ યોજનાના માધ્યમથી આવરી લઇ ૧૬૦૦ કિલોમીટરના દરિયાકાંઠાને વિકાસશીલ બનાવવાનું કામ માનનીય નરેન્દ્રભાઇએ કર્યું છે. કુપોષણની સામે જંગ, માનનીય અધ્યક્ષશ્રી હું કાયદા મંત્રી હતો, ટ્રસ્ટોનો વિભાગ કાયદા મંત્રીના અન્ડરમાં આવે. માનનીય નરેન્દ્રભાઇએ મને એક દિવસ બોલાવ્યો અને મને કહ્યું કે, આ ટ્રસ્ટોએ સગર્ભા માતાના ભોજન માટે કંઇક કરવું જોઇએ અને અનેક ટ્રસ્ટોને એમને પ્રેરિત કર્યા અને એક મિટિંગ કરવામાં આવી હતી અને મગસની લાડુડીઓ બનાવી સગર્ભા માતા જયારે દર મંગળવારે પોતાના તબિયતનું ચેકિંગ કરાવવા માટે આવે ત્યારે સાત દિવસના સાત લાડુ આપી માતા બાળક બંન્નેને પોષણયુકત બનાવવાનું કામ માનનીય નરેન્દ્રભાઇ મોદીના રાજયમાં થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિચાર એને આવે જેને દુબળી માતાને માતા બનતાં જોઇ હોય, એની વેદનાને કોઇ સમજ્યું હોય, બાળક પંગુ જન્મે, બાળક નિર્બળ જન્મે તો દેશનું કેટલું નુકસાન થાય, બાળકને કેટલું નુકસાન થાય આ વાતનું જેને ભાન હોય એ જ કરે. સર્ગભા માતાની ઇન્સ્ટીટ્યુશનલ ડીલીવરી માટે એક એવી યોજના બનાવવામાં આવી કે, જે યોજનાના માધ્યમથી આ દેશની અંદર એ યોજનાને મોડલ યોજના તરીકે સ્વીકારી છે. ખાલી માતા નહીં, પતિ પણ ૧૫ દિવસ સુધી એની નોકરીના પગાર આપવાની વ્યવસ્થા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરની અંદર મોટો ઘટાડો કર્યો.

કન્યા કેળવણીના માધ્યમથી બેટી બચાવો, બેટી પઢાવો, ડ્રોપઆઉટ રેશિયાને એક થી પાંચમાં શૂન્ય સુધી લઇ જવો. ૩૯ ટકા ડ્રોપઆઉટ રેશિયો, છેલ્લો આંકડો મને યાદ છે અત્યારનો મને અભ્યાસ નથી. ચાર ટકા સુધી નીચે લાવવાનું કામ નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ડ્રોપઆઉટ રેશિયો પણ શિક્ષણ શાસ્ત્રીઓ કલાકોના સંમેલન કરતા, સમસ્યાનું નિવારણ નહોતું આવતું. ડ્રોપઆઉટ રેશિયાના સમસ્યાનું નિવારણ નરેન્દ્રભાઇએ મુખ્ય મંત્રીશ્રી માંડીને તલાટી, પાંચ દિવસ તડકામાં ફરો તો તરત આવી જાય , ગામડાંની ધૂળ ફાકો તો તરત આવી જાય. વાલી સમિતિ બનાવો તો તરત આવી જાય. આવા સરળ રસ્તાઓ શોધવાનું કામ માનનીય નરેન્દ્રભાઇએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇએ સાર્વજનિક જીવનની સૂચિતા માટે પણ ગુજરાતની અંદર નવા માનાંકો ઉભા કર્યા. કોઇ પણ વ્યક્તિ મંત્રી બને, ભેટો આવે એનો હિસાબ કિતાબ ના હોય. નરેન્દ્રભાઇએ જે ભેટો મળતી હતી એ ભેટોનું સાર્વજનિક હરાજી કરી દીકરીને ભણાવવા માટે એ ભેટો ખર્ચવાની નવી પરંપરા કરી. સાર્વજનિક જીવનની સૂચિતા કેવી હોય એનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ નરેન્દ્રભાઇએ પૂરું પાડ્યું છે. અનેક ઇન્સ્ટીટ્યુશન બનાવ્યાં, જીસ્વાનના માધ્યમથી વહીવટને બહુ ઝડપી બનાવવાનું કામ, વહીવટને પારદર્શક બનાવવાનું કામ નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થયું. બાયસેગ નામની એક ખાડામાં પડેલી ઇન્સ્ટીટ્યુટને આ બાયસેગ ખાલી ગુજરાત નહીં પણ દેશભરની વહીવટની અંદર બહુ મોટુ યોગદાન કરે એ પ્રકારનું બાયસેગ બનાવવાનું કામ નરેન્દ્રભાઇએ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું દિલ્હીમાં રહું છું. ભારત સરકારના અનેક મંત્રાલયો પોતાના વિભાગના આધુનિકકરણ માટે આજે ગુજરાતની બાયસેગ નામની સંસ્થા પર નિર્ભર છે. એ આપણા સૌના માટે ગૌરવની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉત્સવ આ દેશની અને રાજયની જનતાનો પ્રાણ છે. નરેન્દ્રભાઇએ ઉત્સવોને લાકાભિમુખ બનાવ્યા, ૧૫મી ઓગસ્ટ નોકરી કરતા લોકોનો ઉત્સવ હતો. શાળાના બાળકોનો ઉત્સવ હતો. ૧૫મી ઓગસ્ટને ગાંધીનગરથી બહાર કાઢી એક એક જિલ્લાના હેડક્વાર્ટર પર લઇ જવાનું કામ નરેન્દ્રભાઇએ કામ કર્યું અને આ વીઝનરી, આ દીર્ઘદ્રષ્ટિ નિર્ણયનું પરિણામ એ આવ્યું કે, આ ૧૫ ઓગસ્ટ જનતાનો ઉત્સવ બન્યો છે. હજારો લાખ્ખો લોકો ૧૫મી ઓગસ્ટના ઉત્સવમાં જોડાયા, ૨૬મી જાન્યુઆરી હોય યા આ ગુજરાતનો સ્થાપના દિન એ દિવસે અનેક પ્રકારના એવોર્ડો આપી જાહેર જીવનને ગુજરાતના સાર્વજનિક જીવનને ગુજરાતના સાંસ્કૃત્તિક જીવનને ગુજરાતના વૈજ્ઞાનક જીવનને જે લોકો કન્ટ્રીબ્યુટ કરે છે એમને સન્માનવાની પ્રક્રિયા ઉભી કરી છે. પર્યટનના વિકાસ માટે પણ ગુજરાતની અંદર પર્યટનના વિકાસ માટે ગુજરાતની અંદર માનનીય નરેન્દ્રભાઇના શાસનમાં નવા માનાંકન થયા. પર્યટનમાં કેવી રીતે વૃદ્ધિ એના માટે નવો અધ્યાય લખી શકાય તેવા વૈજ્ઞાનિક અભિગમ પદ્ધતિથી બ્રાન્ડ ગુજરાતનું નિર્માણ થયું. સૌ પ્રથમ જયારે રણોત્સવ થયો ત્યારે મને ખબર છે કે એના ટેન્ડર કાઢવા માટે પણ અધિકારીઓ ડરતા હતા. પરંતુ આજે સ્થિતિ એવી આવી છે કે રણોત્સવ માટે ત્યાં ફરવા અને રાત રોકાવા માટે પડાપડી હોય છે. પર્યાવરણ ક્ષેત્રે એમણે ખૂબ સારી કામગીરી એક વિઝન સાથે વૈજ્ઞાનિક દ્રષ્ટિથી કરી. બધા જ પર્યટન ક્ષેત્રો જોઇએ તો આજે અંબાજી જોઇ આવે અને ૩૦ વર્ષ પહેલાનું અંબાજી જોઇ આવે. ૩૦ વર્ષ પહેલાનું સોમનાથ જોઇ આવે અને આજનું સોમનાથ જોઇ આવે, ૨૦ વર્ષ પહેલાનું ડાકોર અને આજનું ડાકોર જૂએ. આજનું અંબાજી, સોમનાથ અને ડાકોર શ્રદ્ધાનું સ્થળ ગમે તેવું ગંદુ હોય શ્રદ્ધા તો દેવાલયની અંદર એ સ્થળ સુંદર થાય અને શ્રદ્ધા અને સુવિધામાં વધારો થાય એનાથી યાત્રાળુઓની ભરમાળ વધશે.

## શ્રાવણ ૧૭, ૧૯૩૯ શાકે

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ

માનનીય નરેન્દ્રભાઇએ બીજું કામ કાયદો અને વ્યવસ્થાની અંદર  તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યારથી ૨૦૦૩થી, ૨૦૦૨માં જયારે રમખાણો થયા રાજયનીતિક ષડયંત્રો હેઠળ થોડોક પિરિયડ બાદ કરતાં ૨૦૦૩થી નરેન્દ્રભાઇ આવ્યાથી આજ સુધી ભારતીય જનતા પાર્ટીની સરકાર રહી છે ત્યારથી ગુજરાતની જનતા કરફયુ નામનો શબ્દ ભૂલી ગઇ છે. એક જમાનો હતા કોંગ્રેસ સરકારોના રાજમાં રમખાણો થતા મને બરાબર યાદ છે હું અમદાવાદનો રહેવાસી છું  તમારી બાજુ આવવું હોય તો પહેલા પૂછીની આવવું પડતું હતું, બ્રીજ ક્રોસ કરવો કે ન કરવો. જમાલપુર જવું હોય કે દાણીલીમડા જવું ત્યારે પહેલા  પાંચ વખત પૂછતા કે ભાઇ બધું બરાબર છે કે નહિ એ પછી જઇએ.  વર્ષના ૩૦૦ દિવસમાંથી એવરેજ ૧૫૦ દિવસ કરફયુ રહેતો હતો એ આજે ૧૬–૧૭ વર્ષથી એકદમ કરફયુ મુકત અને  શાંત છે.  એક જમાનામાં પાટીયા લાગતા હતા કે પોરબંદરની હદ શરૂ થાય છે અને કાયદાની હદ અહીંયા પૂરી થાય છે.પોરબંદરની જેલ નોટિફિકેશન કાઢીને બંધ કરવી પડી હતી જયારે હું જેલ મંત્રી હતો ત્યારે પોરબંદરની જેલ ફરીવાર ચાલુ કરી હતી. કચ્છની જેલ બંધ કરવી પડી હતી જેલ ગુનેગારોને સાચવવાના અડ્ડા બની ગઇ હતી. પાકિસ્તાનથી શસ્ત્રો, ચરસ, ગાંજો ઘૂસાડવો હોય, દાણચોરી કરવી હોય તો ગુજરાત જાણે મોકળુ મેદાન બની ગયું હતું અનેક દેશ વિરોધી ગતિવિધીઓના મૂળ પોરબંદરના દરિયાકાંઠે હતા. જેટલા વોન્ટેડ દેશ વિરોધીઓ હતા એ બધા એક એક કરીને જેલના સળીયા પાછળ ધકેલાઇ ગયા છે. અમદાવાદમાં બોમ્બ વિસ્ફોટ કર્યો એમાં  ૫૯ લોકો મરી ગયા એ મારા જીવનનો ગોઝારો દિવસ હતો.હું તે વખતે  ગૃહ મંત્રી હતો અમે ૭૨ કલાકમાં ગુનેગારોની ધરપકડ કરી લીધી હતી અને ૧૫ દિવસમાં આખા આતંકવાદી તંત્રનું મૂળ સહિત ઉખેડવાનું કામ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ મોદીની સરકારે કર્યું. કેવળ ગુજરાત નહિ ૧૩ રાજયમાં આપણી પોલીસે  જે સુંદર કામગીરી કરી એ નરેન્દ્રભાઇ મોદીની સરકારે ૧૩ રાજયમાં આતંકવાદીઓની બધી જ ગતિવિધીઓ નશ્યત કરવાનું કામ એ બોમ્બ વિસ્ફોટની અંદર કર્યું છે અને ત્યારથી ગુજરાતની અંદર કંઇ ન કરવું એવી શીખ મળી છે.   એફ.એસ.એલ. યુનિવર્સિટી, લો યુનિવર્સિટી, રક્ષા યુનિવર્સિટી આ નવા વિચારો આ દેશમાં ફોરેન્સિક સાયન્સનો કોઇ  કોર્સ હોઇ શકે એનો વિચાર જ નહોતો આવતો.  દેશની રક્ષા કરવા માટેનો અભ્યાસક્રમ હોવો જોઇએ એવો કોઇને  વિચાર જ નહોતો આવતો. એક બારમાં પછીથી સ્થિતિ કાયદો બનવાની વ્યવસ્થા હોવી જોઇએ એનો વિચાર કોઇને નહોતો. આ પ્રકારની સંસ્થાઓ બનાવવાનું કામ નરેન્દ્રભાઇએ કર્યું. આજે વિકાસનું મોડલ બન્યું એના પરિણામે નરેન્દ્રભાઇને ભારતના વડાપ્રધાન તરીકે દેશના સવાસો કરોડની જનતાએ પલકોથી પૂજીને  બેસાડયા. અને આ યાત્રા નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા એટલે ઇતિ સિદ્ધમ કામ પૂરું થઇ ગયું મહત્વકાક્ષા પૂરી થઇ ગઇ એ રીતે નથી કર્યું.  હું તમને બધાને કહેવા માગું છું કે તમે નરેન્દ્રભાઇને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કામ કરતા જોયા છે. આ ગૃહના સદસ્યોએ નરેન્દ્રભાઇને મુખ્યમંત્રી તરીકે કામ કરતા જોયા છે.  હું મુખ્યમંત્રી અને વડાપ્રધાન એમ બન્ને રીતે કામ કરતા તેમને નજીકથી જોઉં છું. અહીંયા કરતા દોઢી મજૂરી. 'મજૂરી' શબ્દપ્રયોગ વિચારીને કરું છું, નરેન્દ્રભાઇ વડાપ્રધાન તરીકે કરે છે. દેશની અનેક સમસ્યાઓના નિવારણ માટે નરેન્દ્રભાઇએ એક લડાઇ આદરી છે. બહુ સમય નથી. હું થોડી જ વારમાં વાત કરીશ. કાળા ધન સામેની લડાઇ. આ દેશની અંદર ભાષણોનો મુદ્દો હતો. નોટબંધી કરવાથી માંડીને, બેનામી સંપત્તિનો કાયદો લાવવાથી માંડીને, સેલ કંપનીઓ પર ત્રાટકવાથી માંડી સાયપ્રસ, મોરેશિયસ અને સિંગાપોરની સંધિઓ બંધ કરવા સુધી અનેક પગલાંઓ લીધા. ગરીબી સામેની લડાઇ નરેન્દ્રભાઇ જયારે એન.ડી.એ.ના નેતા તરીકે ચૂંટાયા ત્યારે કહ્યું હતું મારી સરકાર ગરીબોની સરકાર છે. આ દેશનો દરેક ગરીબ પોતાની જાતને વડાપ્રધાન સાથે, પ્રધાનમંત્રી સાથે જોડીને જૂએ છે. હું માનું છું આ બહુ મોટી સિદ્ધિ છે. તેનું જીવનસ્તર ઉંચું આવ્યું. તેના ઘરમાં શૌચાલય બનાવવાનું, તેના ઘરમાં ગેસ પહોંચાડવાનો, તેના ઘરમાં બેંક એકાઉન્ટ પહોંચાડવાનું, તેને ૨૨ રૂપિયાની અંદર વીમો આપવાનું આ અનેક પ્રકારના કામોની શરૂઆત નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થઇ. વિશ્વમાં ભારતની સ્વીકૃતિ લાવવાનું કામ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ કર્યું છે મિત્રો. એક મજબૂત ભારત કેવું હોવું જોઇએ આની એક કલ્પના નરેન્દ્રભાઇએ મૂકી. આજે આખું વિશ્વ ભારતને એક મજબૂત દેશ તરીકે જૂએ છે. જયારે આપણે સર્જીકલ સ્ટ્રાઇક કરીને પાકિસ્તાનની સીમામાં ઘૂસી આતંકવાદીઓ સામે બદલો લઇ પાછા આવીએ ત્યારે બધાને થાય કે અમેરિકા સિવાય આવી હિંમત કોઇ એક દેશમાં હોય તો એ ભારતમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઓ.બી.સી. કમિશન, કાકાસાહેબ કાલેલકર કમિશનના રિપોર્ટથી ૧૯૫૫થી ૨૦૧૭ સુધી આ દેશના પછાત વર્ગના લોકો સંવૈધાનિક માન્યતાઓ માટે માગણી કરતા હતા. કરોડો લોકો બક્ષી પંચના. ગુજરાતની વાત કરીએ તો બક્ષી પંચના નામે જે જાતિઓનો સમુહ બન્યો, પોતાના વિકાસ માટે, સન્માન માટે તરસતા હતા. નરેન્દ્રભાઇ ઓ.બી.સી. કમિશનને સંવૈધાનિક માન્યતાઓ આપવાનો કાયદો લઇને આવ્યા પરંતુ દુર્ભાગ્યની વાત છે કોંગ્રેસે એનો વિરોધ કરી રાજય સભાની અંદર એ કાયદાને પાડી દીધો. પરંતુ હમણાં જ થોડા દિવસ પહેલાં ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસ પાર્ટી કરતા રાજયસભામાં મોટી પાર્ટી બની ચૂકી છે. બહુ લાંબા દહાડા તમારો વિરોધ ચાલવાનો નથી. ત્યાંય હવે પૂરું થવામાં છે. રાજયસભાની અંદર પણ એન.ડી.એ.ની બહુમતી એપ્રિલ મહિનાની અંદર પૂર્ણ બહુમતી થઇ જવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની રક્ષા. એક કર એક દેશ. આ સ્વપ્ન, જી.એસ.ટી.નું સ્વપ્ન કયારેય પૂરું થાય એવું નહોતું લાગતું. દ્રઢ ઇચ્છા શકિત અને કુનેહના  કારણે આ દેશ જી.એસ.ટી.ને સ્વીકૃત કરી દુનિયાના બજારોની સાથે સ્પર્ધા કરવા માટે એક પ્લેટફોર્મ પર ઉભો રહ્યો. ખેડૂતો માટે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, સોઇલ હેલ્થ કાર્ડ, નીમકોટેડ યુરિયા,  પ્રધાનમંત્રી ઈરીગેશન યોજના. અનેક પ્રકારના કામો લઇને નરેન્દ્રભાઇ આગળ વધ્યા છે.

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજભાઇ દેસાઇ : (મુખ્ય દંડકશ્રી) માનનીય અમિતભાઇનું વકતવ્ય પૂરું થાય અને સભાગૃહનું અન્ય કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) અમિતભાઇનું વકતવ્ય પૂરું થાય અને સભાગૃહનું અન્ય કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, જલ વાયુ પરિવર્તન. તેમાં ભારતે છેલ્લી પાટલીએ બેસવાનું આવતું. હમણાં પેરિસમાં જયારે જલ વાયુ પરિવર્તન પર, કલાઇમેટ ચેઇન્જ પર કોન્ફરન્સ થઇ. જી–૮ વાળા બધા દેશોએ કહ્યું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ જ આનો માર્ગ કાઢી શકે અને નરેન્દ્ર મોદી ફોર્મ્યુલાને પૂરી દુનિયાએ સ્વીકારવી પડી. આ દેશ માટે ગૌરવની વાત છે.

ઇસરોના વૈજ્ઞાનિકો વર્ષોથી આટલા જ કુશળ, આટલા જ વિદ્વાન. પરંતુ ઇસરોની વૈશ્વિક સ્વીકૃતિ નહોતી આવતી. એક ઉપગ્રહ છોડે, બે ઉપગ્રહ છોડે, ત્રણ ઉપગ્રહ છોડે, પાંચ ઉપગ્રહ છોડે, છ ઉપગ્રહ છોડે. નરેન્દ્રભાઇના શાસનમાં આવ્યા પછી અત્યાર સુધી ૧૦૨ ઉપગ્રહ એક સાથે છોડવામાં આવ્યા હતા. નરેન્દ્રભાઇએ એમને કહ્યું કે ૧૦૨ ના ચાલે. નરેન્દ્રભાઇના વડાપ્રધાન બન્યા પછી તેના ઉપર કામ ચાલુ થયું. ૧૦૪ ઉપગ્રહો અવકાશમાં છોડી ભારતે પોતાની ગ્લોબલ લીડર તરીકેની અવકાશની દુનિયામાં સ્થિતિ મજબૂત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સ્કીમની વર્ષોથી વાત થતી હતી. ક્યાંક મોટો ભ્રષ્ટાચાર છે, નકલી રેશન કાર્ડો, નકલી ગેસના કનેક્શનો, નકલી વૃદ્ધ સહાય, નકલી વિધવા સહાય. શ્રી નરેન્દ્રભાઇએ દઢ રાજકીય ઇચ્છાશક્તિથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સ્કીમ શરૂ કરી અને દર વર્ષે રૂ.૫૯,૦૦૦/– કરોડનો ભષ્ટ્રાચાર બંધ કર્યો. આ ગૃહને ગૌરવ થવું જોઇએ. આ ગૃહમાં આટલો લાંબો સમય સેવા આપવાવાળા મુખ્યમંત્રી વડાપ્રધાન બન્યા પછી તેમના નેતૃત્વમાં રૂ.૫૯,૦૦૦/– કરોડનો ભ્રષ્ટાચાર બંધ થયો. સ્કીલ્ડ ડેવલપમેન્ટ માટે તેઓ આગળ વધતા હતા ત્યારે આપણે વિચાર કર્યો અને સ્કીલ્ડ ડેવલપમેન્ટનું નવું મંત્રાલય અને યુનિવર્સિટી બનાવીને આપણે આગળ વધ્યા. ડિઝિટલ ઇન્ડિયા માટે જીસ્વાનની તર્જ પર આખા ભારતનું ઇલેક્ટ્રોનિક નેટવર્ક બનાવવાની શરૂઆત માનનીય નરેન્દ્રભાઇએ કરી છે. નદીની અંદર જળ માર્ગોનો નવો કન્સેપ્ટ માનનીય નરેન્દ્રભાઇએ મૂકયો છે અને કાશીથી ગંગા સાગર સુધી સ્ટીમરથી હવે વાહનો અને માલ સામાનનું પરિવહન થોડા સમયની અંદર શક્ય બનશે. બંદરોનો વિકાસ, રોડોનો વિકાસ, ગામોમાં વીજળી પહોંચાડવાનું કામ. ૭૦ વર્ષ પછી લગભગ ૧૯૦૦૦ ગામડાં હતા ત્યાં વીજળીનો થાંભલો પણ નહોતો, ૨૪ કલાક વીજળીની વાત જવા દો. થાંભલો પણ નહોતો પહોંચ્યો. માનનીય નરેન્દ્રભાઇએ નક્કી કર્યું કે ૨૬ મે, ૨૦૧૮ પહેલા આ દેશમાં એકપણ ગામડું એવુ નહીં હોય જ્યાં વીજળી પહોંચી નહીં હોય. ૧૯૦૦૦માંથી ૧૩૦૦૦ ગામડાંઓમાં વીજળી પહોંચાડવાનું કામ માનનીય નરેન્દ્રભાઇએ પૂરું કર્યું છે. રિફોર્મ્સની વાત થતી હતી. માનનીય નરેન્દ્રભાઇએ રિફોર્મ્સથી એક સ્ટેપ આગળ જઇને ટ્રાન્સફરમેશનની વાત કરી છે. સુધારથી મેળ નહીં પડે, આમુલ પરિવર્તન કરી દેશની સમસ્યાઓનો ઉકેલ લાવવાની શરૂઆત શ્રી નરેન્દ્રભાઇએ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજનીતિમાં પણ તેમનું બહુ મોટું યોગદાન છે. યુ.પી.ના પરિણામોના અનેક સૂચિતાર્થો નીકળે છે. ભારતીય જનતા પાર્ટી મજબૂત થઇ ગઇ. પહેલીવાર આવડી મોટી ૩/૪ની બહુમતીથી સરકાર આવી. યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી બન્યા આ બધા સૂચિતાર્થ છે. પણ યુ.પી.ની રાજનીતિમાં બહુ મોટું કામ કર્યું છે. યુ.પી.ના પરિણામોએ આ દેશની રાજનીતિમાંથી પરિવારવાદ, જાતિવાદ અને તૃષ્ટીકરણ આ ત્રણેયને ઉખાડીને ફેંકી દેવાનું કામ માનનીય નરેન્દ્રભાઇએ કર્યું છે. હું માનું છું કે મારા આ ૨૦ વર્ષના કાર્યકાળની અંદર આ ગૃહના અનેક સારા નરશા પ્રસંગોનો હું સાક્ષી રહ્યો છું. ગુજરાતની જનતાએ, મારા મત ક્ષેત્રએ ખૂબ હૃદયથી મને પ્રેમ આપ્યો છે. અનેક પ્રકારના ષડયંત્રો મારી પીઠ પાછળ કરવામાં આવ્યા પરંતુ ક્યારેય ગુજરાતની જનતાએ મારા પ્રત્યે અવિશ્વાસ રાખ્યો નથી. એ મારા માટે બહુ મોટી ઉપલબ્ધી છે. હંમેશાં હું જ્યારથી આ ગૃહમાં આવ્યો, મેં ભારતીય જનતા પાર્ટીને વિજયી બનતી જોઇ છે. આખા દેશમાં હું ગૌરવથી કહું છું કે એ એક એવું યુનિટ છે કે જ્યાં ભારતીય જનતા પાર્ટી અજેય છે, અપરાજીત છે. ૧૯૯૦થી જેટલી પણ ચૂંટણીઓ થઇ, એકપણ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો પરાજય થયો નથી. ચાહે એ ધારાસભાની હોય, ચાહે લોકસભાની હોય. મને ભરોસો છે જે રીતે શ્રી વિજયભાઇના અને શ્રી નીતિનભાઇના નેતૃત્વમાં આ સરકાર કામ કરી રહી છે, હવે ચૂંટણી નજીક છે. દુદુંભી વાગી રહ્યા છે. આ ચૂંટણી નર્મદાના મુદ્દા ઉપર જ લડાવાની છે, ઓબીસી કલ્યાણના મુદ્દા ઉપર લડાવાની છે, ગરીબ કલ્યાણના મુદ્દા ઉપર લડાવાની છે. આ ચૂંટણી જ્યારે થશે ત્યારે મને ખબર છે કે પરિણામ શું આવવાના છે. આ વિપક્ષની સંખ્યા અડધી થઇ જશે. હું સ્પષ્ટ જોઇ શકું છું. મારે આજે ભલે વિપક્ષ ગેરહાજર હોય મારે એમને કહેવું છે કે શ્રી અર્જુન મોઢવાડીયાજીનું નર્મદા વિસ્થાપિતોની મૂલાકાત અને તેની દસ જ મિનિટ પછી મેઘાબેનના ટવીટ વચ્ચેનો સંબંધ શું છે? એ ગુજરાતની જનતાને બતાવો, દરવાજા બંધ કરવાના આગળના દિવસે શ્રી દિગ્વિજયસિંહના ટવીટનો મતલબ શું છે, એ ગુજરાતની જનતાને જણાવો જરા. જેવા દરવાજાને પાણી અડવાના શરૂ થાય, રાજ્યસભાની અંદર નર્મદા વિસ્થાપિતોના મુદ્દાના ઉલ્લેખનો અર્થ શું છે. વિસ્થાપિતોની માગણીઓ ન સંતોષાય ત્યાં સુધી દરવાજા બંધ ન કરવાની માગણીનો અર્થ શું છે? જ્યોતિરાદિત્ય સીંધીયાનું અને સમગ્ર મધ્યપ્રદેશમાં કોંગ્રસનું દરવાજા બંધ ના કરવા માટેનું આંદોલન એનો તમારો જવાબ શું છે? શાહમૃગ વૃત્તિથી રાજનીતિમાં કામ ન થાય. આંધી આવે અને શાહમૃગ રેતીમાં મોઢું નાખી જાય એને એમ થાય કે આંધી જતી રહી જનતાની

અપેક્ષાઓની આંધી શાહમૃગ ઉપર ફરી વળે. એમને જવાબ આપવાનો છે. જયારે ચૂંટણીની દંદૂભી વાગશે એ વખતે ગુજરાતની જનતા પૂછશે કે તમારું સ્ટેન્ડ શું છે? તમે નર્મદાની સાથે છો કે વિરુદ્ધમાં છો? અને વિરુદ્ધમાં હોય તો ભાઇ દિગ્વિજયને કેમ કંઇ કહેતા નથી? ભાઇ જયોતિરાદિત્યને કેમ કંઇ કહેતા નથી એમને પૂછવાનું છે. એમને એ પણ પૂછવામાં આવશે કે ઓ.બી.સી.નું કલ્યાણ થતું હોય, બક્ષીપંચની જાતિઓને સંવિધાનિક માન્યતા મળતી હોય તો તમે બિલ કેમ પરાસ્ત કરી દો છો? આ જનતા એમને પૂછશે. હું તો એમને એડવાન્સમાં કહેવા માગુ છું કે આવું બધું પૂછવાના છે, પેપર ફૂટી ગયું છે. તૈયારી કરીને જજો. એમાં મારો કોઇ બીજો આશય નથી. હું તો જનતાનું પેપર ફોડી નાખુ છું. જે રીતે નરેન્દ્રભાઇએ વિકાસની શરૂઆત કરી, આનંદીબહેને આગળ વધારી અને આજે એટલા જ જોમ અને તન્મયતાથી વિજયભાઇ અને નીતિનભાઇ એને આગળ વધારે છે. મને શ્રદ્ધા છે ૧૯૯૦થી ભારતીય જનતા પાર્ટીની વિજયની જે પરંપરા બની છે એને વધુ દ્રઢતા સાથે આગળ વધારવાની છે. આજે ૯ ઓગસ્ટ, બે રીતે શુભ દિન છે. આજે આદિવાસી કલ્યાણ માટેનો પણ દિન છે. વિશ્વ આદિવાસી દિવસ તરીકે આપણે બધા મનાવીએ છીએ અને આજે ભારત છોડો આંદોલનની ૭૫મી વર્ષગાંઠ પણ છે. ૧૯૪૨માં આજના દિવસે ગાંધીજીએ કહ્યું હતું. અંગ્રેજો ભારત છોડો. નરેન્દ્રભાઇ આજે ૯મી ઓગસ્ટે આખા દેશની જનતાનું આહવાન કર્યુ છે કે, ભારત છોડો આંદોલનથી આઝાદીના ૭૫ વર્ષથી સંકલ્પ સિદ્ધના ૫ વર્ષ અનેક સંકલ્પો લઇ એક ન્યુ ઇન્ડિયાની રચનાની કલ્પના નરેન્દ્રભાઇએ વિશ્વની સામે મૂકી છે, યુવાનોની સામે મૂકી છે. એક નવું ભારત, આપણી આકાંક્ષાઓનું ભારત જેની અંદર કોઇ ભૂખ્યું ના હોય, જેની અંદર કોઇ તરસ્યું ના હોય, જેની અંદર કોઇ બેકાર ના હોય, સમસ્યાઓ ના હોય, જેની અંદર સર્વેના વિકાસની સમાન તકો મળેલી હોય, એવા ભારતની રચનાનો નરેન્દ્રભાઇએ આપણા વડાપ્રધાનશ્રીએ શુભ સંકલ્પ લીધો છે એ વખતે આખું ગૃહ પણ માનનીય નરેન્દ્રભાઇના સંકલ્પની સાથે ન્યુ ઇન્ડિયાના સંકલ્પની સાથે જોડાય એવી અપીલ કરી હું મારી વાતને પૂરી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નર્મદા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હર્ષભાઇ સંઘવીનો આજનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ અને એમાં માનનીય અમિતભાઇ શાહનું એક કલાક સુધીનું નર્મદા મૈયાનો પ્રવાહ વહેતો હોય એમ અવિરત જે પ્રવચન થયું એ પછી હું માનુ છું કે મારે બહુ કંઇ કહેવાનું રહેતું નથી. નર્મદા માટેની લાગણી, એની જરૂરીયાત, એની ઉપયોગિતા, એના માટે ગુજરાતની પ્રજાએ કરેલા સંઘર્ષો, નર્મદા માટેના શુભચિંતકો અને નર્મદાના વિરોધીઓ આ બધાને આખું ગુજરાત દાયકાઓથી ઓળખે છે પણ આજે જે રીતે માનનીય અમિતભાઇએ આ પ્રસ્તાવને સમર્થન આપવા માટે નર્મદાની ઘણી કેન્દ્રમાં ચાલતી બાબતો જે રજૂ કરી કે જે આ માનનીય સભ્યોને આપણા આ ગૃહમાં ઓછી જાણકારી હોય. કારણ કે દિલ્હીમાં બનતા બનાવ હોય કે કોંગ્રેસના નેતા દિગ્વીજયસિંહે ક્યાં કેવી રીતે અડપલા કર્યા છે કે જેથી નર્મદાનું કામ વિલંબમાં મૂકાય અને અવરોધાય. એમના બીજા જૂના મંત્રી કેવી રીતે નર્મદાને વિલંબમાં મૂકવા પ્રયત્નો કરે છે એ એમના માધ્યમથી ગુજરાતની પ્રજાને જાણકારી મળે એવું મેળવ્યું છે. નર્મદાનો ઇતિહાસ પણ ઘણો લાંબો છે. સરદાર વલ્લભભાઇ પટેલનું સ્વપ્ન એ કોણ પૂરું કરશે, ક્યારે પૂરું કરશે એ તો ભાવિના ગર્ભમાં છુપાયેલું હતું. આમ તો જો રેકર્ડની દ્રષ્ટિએ જોઇએ તો નર્મદા યોજનાનું કામ બધી પ્રક્રિયા પત્યા પછી ૧૯૪૬માં સરદાર વલ્લભભાઇ પટેલે વિચાર વ્યક્ત કર્યો. ૧૯૫૯માં પહેલી વખત દરખાસ્ત રજૂ થઇ. ૫મી એપ્રિલ, ૧૯૬૧ના રોજ નર્મદા બંધનો શિલાન્યાસ થયો અને તરત જ ટ્રિબ્યુનલની પણ માનનીય અમિતભાઇએ કહ્યું એમ રચના થઇ. આ રચના એટલા માટે કરવી પડી કે બધા જ રાજ્યોમાં કોંગ્રેસનો સૂર્ય તપતો હતો. બીજા કોઇ પક્ષોની વગ ન હતી છતાં કેન્દ્રની કોંગ્રેસની સરકારોએ, એ વખતના વડાપ્રધાન, એ વખતના મુખ્યમંત્રીઓએ નર્મદા યોજનાને એક સાથે બેસીને ચર્ચા વિચારણા કરી એની ઉંચાઇ કેટલી રાખવી, એનું પાણી કયા રાજ્યને કેટલું આપવું એ નિર્ણય કરી શક્યા ન હતા. એટલે એના માટે ટ્રિબ્યુનલની રચના કરવી પડી. ૧૯૬૯માં રચાયેલા ટ્રિબ્યુનલે ૧૯૭૯માં ૧૦ વર્ષ પછી એનો ચૂકાદો આપ્યો અને ૧૯૮૭માં બંધની કામગીરી ચાલુ થઇ. આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે પહેલી વાર જ્યારે આયોજન પંચ દ્વારા નર્મદા યોજનાના ખર્ચની જે મંજૂરી આપવામાં આવી એ ૬૪૦૬ કરોડ રૂપિયા હતી. એટલે કે ૬૪૦૬ કરોડની યોજના ૧૧૦ મહિનામાં પૂરી કરવાની હતી. એટલે કે લગભગ ૧૦ વર્ષની અંદર પૂરી થવાની હતી. પણ કોંગ્રેસની એ વખતની નેતાગીરી, એમની ગુજરાત વિરોધી માનસિકતા, ગુજરાત આગળ ન આવી જાય, ગુજરાતીઓ સમૃદ્ધ ન થઇ જાય, ગુજરાતના લોકોને બધું પાણી ન મળી જાય, ગુજરાતના ખેડૂતોને હરિયાળા પંજાબ જેટલું પાણી મળશે તો ગુજરાત બધી રીતે આગળ છે અને આમાં પણ આગળ આવી જશે આ બધી ગુજરાત વિરોધી માનસિકતાના કારણે આ બધું વિલંબમાં મૂકાતું ગયું. ૬ હજાર કરોડની યોજના ૫૫ હજાર કરોડ રૂપિયા અત્યારે ગુજરાતની પ્રજા ખર્ચી ચૂકી છે. હવે આપણે એને પૂર્ણતાના આરે લઇ જઇ રહ્યા છીએ ત્યારે આ પ્રસ્તાવથી અમને સરકારને પણ ખૂબ પ્રેરણા, પ્રોત્સાહન મળ્યું છે. નર્મદાનો આખો ઇતિહાસ આપણે અવાર–નવાર જુદી જુદી ચર્ચાઓમાં આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકાયેલો છે. સરકારોનું કામ એ વિકાસ કરવાનું હોય છે. સરકારોનું કામ વિકાસને અવરોધવાનું હોતું નથી. પણ જે પ્રમાણે માનનીય અમિતભાઇએ કહ્યું એ પ્રમાણે ભૂતકાળની કોંગ્રેસની સરકારોની માનસિકતા એ હંમેશા ગુજરાત વિરોધી રહી છે. આ વાત હું રેકર્ડ ઉપર લાવવા માટે આજે રજૂ કરું છું કે સુપ્રીમ કોર્ટના આદેશો પ્રમાણે આપણને જે જે મંજૂરીઓ મળી એ મંજૂરીઓના આધારે આપણે તબક્કાવાર કામો કરતા ગયા અને ૧૫મી એપ્રિલ, ૨૦૦૬, તારીખ એટલા માટે કહું છું કે, આ કોંગ્રેસની એ વખતની સરકારોનું ગુજરાતને અન્યાય કરવાનું વલણ આ સન્માનનીય ગૃહના રેકર્ડ ઉપર હંમેશા માટે રહે. આવનારી પેઢી સુધી લોકો અભ્યાસ કરી જાણકારી લે કે કોંગ્રેસ નામનો કોઇ પક્ષ હતો જેણે આવા પ્રકારની કામગીરી કરી ગુજરાતને પાછળ રાખવા પ્રયત્ન કરેલો. તારીખ ૧૫મી

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ

એપ્રિલ ૨૦૦૬ના રોજ આર.સી.એમ.સી.એ.ની ૧૩મી મિટિંગ મળી હતી. એ મિટિંગમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શ્રી શીવરાજસિંહજી ચૌહાણ અને રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે માનનીય વસુંધરા રાજે એ ત્રણેય સભ્ય તરીકે ત્યાં ઉપસ્થિત હતા. આ ત્રણેય સાહેબ ભાજપ શાસિત રાજ્યો, આ ત્રણેય રાજ્યો નર્મદાના લાભાર્થી રાજ્યો, જરૂરિયાતવાળા રાજ્યો. આ રાજ્યોએ નર્મદા બંધની ઉંચાઇ વધારવા માટેની બધી જ પ્રક્રિયા પૂરી થઇ ગયેલી. જે રીતે અમિતભાઇએ કહ્યું એ સાચું કહ્યું છે કે મોદી સાહેબની ભારતમાં, કેન્દ્રમાં સરકાર આવી અને કોંગ્રેસે ૭ વર્ષ સુધી નર્મદા બંધની ઉંચાઇ વધારવાની જે ફાઇલ મૂકી રાખી હતી. એ મોદી સાહેબે ફક્ત ૧૭ દિવસમાં મંજૂર કરી. કેમ મંજૂર કરી? બધી તૈયારી ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રે પૂર્ણ કરી દીધી પણ નૈતિક ઇચ્છા શક્તિ ન હતી. ગુજરાતને લાભ મળે, નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર આ જશ લઇ લે અને કોંગ્રેસના ગુજરાતમાં સૂપડાં સાફ થઇ જાય એવી ભીતિ હોવાના કારણે તે વખતે કોંગ્રેસના ગુજરાતના નેતાઓ પણ કેન્દ્રની સરકારને વિનંતી કરેલી કે ગમે તેમ કરીને તમે ઉંચાઇ અટકાવો અને સાહેબ, આ રેકર્ડ ઉપરથી કહું છું કે એ વખતના કેન્દ્રના જળપ્રધાન મંત્રી એ.રાજા અને મહારાષ્ટ્રના કોંગ્રેસના મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખે એ મિટિંગની અંદર આપણા ત્રણ રાજ્યોના, અમારા ત્રણ રાજ્યોના મુખ્યમંત્રીએ બંધની ઉંચાઇ વધારવાની જે દરખાસ્ત કરી એ દરખાસ્તને એ.રાજા કોંગ્રેસના કેન્દ્રના મંત્રી અને મહારાષ્ટ્ર કોંગ્રેસના મંત્રી વિલાસરાવ દેશમુખે વિરોધ કર્યો અને એ વખતે આર.સી.એમ.સી.એ.ના અધ્યક્ષ તરીકે શૈફુદીન શોઝ જે ચેરમેન હતા. એમણે વિરોધ કર્યો અને સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ કર્યું કે નર્મદા બંધની ઉંચાઇ વધારવામાં ન આવે અને કોંગ્રેસવાળાનું ઉદાહરણ આપીને જેમ અમિતભાઇએ કહ્યું કે તમારા નેતા આવા આવા પ્રકારનું કૃત્ય કરે છે અને તમે અહીં ગુજરાતની પ્રજાને નર્મદાની મીઠી–મીઠી વાતો કરો છો તમે ખુલાસો કરો? આ ખુલાસો ૨૦૦૬થી આજ સુધ ૧૧ વર્ષ થઇ ગયા છતાં ગુજરાતના કોંગ્રેસીઓ કે કેન્દ્રના કોંગ્રેસીઓ એના અંગેનો કોઇ પ્રસ્તાવ કે અમે બંધની ઉંચાઇનો કેમ વિરોધ કર્યો? સુપ્રીમમાં કેમ એફિડેવિટ કર્યું? એ બતાવી શકતા ના હતા અને એના કારણે ભારતમાં બીજો ઇતિહાસ બન્યો કે કોઇ રાજ્યના મુખ્યમંત્રી પોતાની રાજ્યની પ્રજાને ઉપયોગી થવા માટે રાજ્યનો વિકાસ જેના આધારે થવાનો છે એવી યોજનાનો વિકાસ આગળ વધારવા કેન્દ્રની કોંગ્રેસની સરકાર સામે ઉપવાસ ઉપર ઉતરવું પડે એ સાહેબ, ભારતમાં હું માનું છું કે પહેલો બનાવ બન્યો કે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની જનતા, સાધુ–સંતો, સામાજિક સંગઠનો અને બધાના સહકારથી જે નર્મદાનું કામ કોંગ્રેસે અટકાવ્યું હતું એ શરૂ કરવાની પરવાનગી આપવા માટે ૧૬ એપ્રિલ, ૨૦૦૬નાં રોજ મોદી સાહેબે અમદાવાદમાં ઉપવાસ ચાલુ કર્યા અને જે ગુજરાતની પ્રજાનું સમર્થન પ્રાપ્ત થયું એનાથી કોંગ્રેસની કેન્દ્રની તે વખતની સરકાર ગભરાય ગઇ અને જે એફિડેવિટ કર્યુ હતું. ઉંચાઇ નહિ વધારવી જોઇએ એ એફિડેવિટ કોંગ્રેસની સરકારને મોદી સાહેબના ઉપવાસ આંદોલનથી ગભરાય જઇ અને ઉંચાઇ વધારવાની પરવાનગી આપવી પડી અને મળ્યાં પછી મોદી સાહેબે ઉપવાસ છોડ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી રેકોર્ડમાં એક ક્વોટેશન છે કે નર્મદા કંટ્રોલ ઓથોરિટીના એ નિર્ણયને શૈફૂદીન શોઝે એમ કહ્યું હતું કે તમે અત્યારે બંધની ઉંચાઇ વધારે માગો છો એ પ્રિમેચ્યોર માગણી છે, સમય પહેલાની માગણી છે ત્યારે સાહેબ, ઐતિહાસિક વિધાન હું મોદી સાહેબનું ટાંકું છું. મોદીસાહેબે મિટિંગમાં એમ કહેલું કે તમે આનો પ્રિમેચ્યોર કહો છો પણ હું તમારી લાગણીને, કેન્દ્રની લાગણીને ઇમેચ્યોર ગણું છું. તમે મને પેલું માગવાનું કહો છો પણ તમે ઇમેચ્યોર, અપરિપક્વ વિચાર રજૂ કરો છો. હું માનું છું ગુજરાતના નર્મદાના ઇતિહાસમાં આ એક વાકય પણ ખૂબ અગત્યનું આવનારા ઇતિહાસમાં નોંધાવાનું છે કે કેન્દ્રની કોંગ્રેસ સરકાર જેને પ્રિમેચ્યોર કહેતી હતી એને મોદીસાહેબે ઇમેચ્યોર કહી અને એની સામે લડત આપી અને આપણને આ મંજૂરી અપાવી છે. અમિતભાઇએ ખૂબ સારી રીતે વર્ણન કર્યું છે કે જયારે જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે નર્મદા યોજનાનું કામ ખોરંભે પડી ગયું હતું. કારણ કે કેન્દ્રની એ વખતની સરકાર જ ઇચ્છતી ન હતી કે ગુજરાત આગળ આવે એટલે ઝઘડામાં રાખવા, વાંધા પડવા, ટ્રીબ્યુનલોમાં વિવાદ કરાવવા, હાઇકોર્ટ, સુપ્રિમ કોર્ટમાં વિવાદ કરાવવા આ બધું થયું પણ જયારે જયારે ભા.જ.પ.ની સરકાર આવી પહેલામાં પહેલું ૧૯૯૫માં ભારતીય જનતા પક્ષની સરકાર આવી, માનનીય કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા, નર્મદા યોજનાનું કામ આગળ વધ્યું એ પછી ભા.જ.પ.ની સરકારોમાં ચેરમેન પણ જે નીમવાના હોય, મને આ ગૃહમાં કહેતા આનંદ થાય છે કે અમારી આ ભારતીય જનતા પક્ષના અમારા સાથી મંત્રી, સિનિયર મંત્રી, મહેસૂલ મંત્રી, શિક્ષણ મંત્રી માનનીય ભુપેન્દ્રસિંહજી ચુડાસમા પણ ભૂતકાળમાં નર્મદા યોજનાનું કામ આગળ વધારવાની જયારે તેજ ગતિ હતી ત્યારે ચારથી પાંચ વખત સુધી ચેરમેન તરીકે નર્મદા યોજનાના નિગમમાં રહી અને એમણે મહત્વની કામગીરીનો લાભ આપ્યો છે. એવી જ રીતે પૂર્વ મંત્રીશ્રી જયનારાયણભાઇ વ્યાસ પણ નર્મદા યોજનાના નિગમના ચેરમેન તરીકે એમણે પણ યોગદાન આપ્યું છે અને શ્રી એન.બી. પટેલ, વડોદરાના એમણે પણ નર્મદા નિગમમાં ચેરમેન તરીકે રહી યોગદાન આપ્યું છે. માનનીય કેશુભાઇ, માનનીય ભુપેન્દ્રસિંહજી, માનનીય જયનારાયણભાઇ અને માનનીય એન.બી. પટેલ અને મુરબ્બી કેશુભાઇના શાસનમાં આ કામ આગળ વધ્યું અને મોદીસાહેબ આવ્યા પછી જે પરવાનગીઓ આપણને મળવા માંડી એ વખતે મુખ્યમંત્રી તરીકે માનનીય આનંદીબેન હતા. દરવાજા બેસાડવાની કામગીરી તરત જ આપણે ચાલુ કરી અને મોદીસાહેબ આવ્યા પછી જે નર્મદા ટ્રીબ્યુનલ, ત્રણેય રાજ્યોની સંમતિ અને અમિતભાઇએ જે રીતે ઉલ્લેખ કર્યો, હું પણ એનો સાક્ષી છું દિલ્હીમાં જયારે મિટિંગ હતી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી પણ ઉપસ્થિત હતા. ભારતીય જનતા પક્ષના નાયબ મુખ્યમંત્રીઓની માનનીય અમિતભાઇની અધ્યક્ષતામાં ભા.જ.પ.ના કાર્યાલય ખાતે જે મિટિંગ હતી એ વખતે અમે બંને સાક્ષી છીએ કે ભા.જ.પ.ના ત્રણેય રાજયના મુખ્યમંત્રીઓને માનનીય મોદીસાહેબે કહેલું કે વહેલામાં વહેલી તકે નર્મદા

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ

બંધનું કામ આગળ વધે એ પ્રમાણે તમે કાર્યવાહી કરો. નામદાર સુપ્રિમ કોર્ટમાં પણ આપણને મદદરૂપ થાય એ પ્રમાણેની કાર્યવાહી માનનીય નરેન્દ્રભાઇએ કરાવી અને સુપ્રિમ કોર્ટે પણ નર્મદાના વિરોધીઓની તમામ અરજીઓ કોઇપણ હાઇકોર્ટ, ટ્રિબ્યુનલમાં ચાલતી હોય એ બધી ભેગી કરી દઇ એક જજમેન્ટ આપ્યું આ મહિનો, ઓગષ્ટ મહિનો જે ચાલી રહ્યો છે એ ઓગષ્ટ આખર સુધીમાં તમામ નર્મદાના વિસ્થાપિતો જે મધ્યપ્રદેશમાં અને મહારાષ્ટ્રમાં છે એમણે ફરજિયાત ખસી જવાનું રહેશે અને એમનું વળતર એ ગુજરાત સરકારે ચૂકવવાનું રહેશે. આપણું વિધાનસભાનું બજેટ સત્ર ચાલતું હતું અને નામદાર સુપ્રિમ કોર્ટે આ ચૂકાદો આપ્યો. ગુજરાત સરકારના વકીલોએ સુપ્રિમ કોર્ટમાંથી આપણને ફોન કર્યો કે તમે રકમ આપવા તૈયાર છો? સુપ્રિમ કોર્ટ જે કહે એ કિંમત આપવી પડશે. આપણે તરત જ આપણા વકીલોને કહ્યું કે તમે હા પાડી દો અને સુપ્રિમ કોર્ટને એ સંમતિ આપો કે જે કિંમત કહેશો એ ગુજરાતની પ્રજાના વિકાસ માટે ગુજરાતની સરકાર ખર્ચ કરવા તૈયાર છે એટલે ૪૦૦ કરોડ રૂપિયા મધ્યપ્રદેશ માટે અને સો કરોડ રૂપિયા મહારાષ્ટ્ર માટે આપવાની સુપ્રિમ કોર્ટે સૂચના આપી. અઠવાડિયાની અંદર ગુજરાતની ભા.જ.પ.ની વિજયભાઇની સરકારે અને નાણામંત્રી તરીકે અને નર્મદા મંત્રી તરીકે મેં તરત જ ચેક મોકલી દીધા. વિસ્થાપિતો ખસેડવાનું કામ અમારી મધ્યપ્રદેશની અને મહારાષ્ટ્રની ભા.જ.પ. સરકારોએ ચાલુ કર્યું અને એના કારણે મને આપને જણાવતા આનંદ થાય છે. બે દિવસ પહેલા જ સુપ્રીમ કોર્ટમાં મેઘા પાટકર અને એની કંપની નર્મદા વિરોધીઓ મરતો બધા જ પ્રયત્નો કરે તેમ છેલ્લી અરજી સુપ્રીમ કોર્ટમાં કરી હતી. પ્રથમ દિવસે નામદાર સુપ્રીમ કોર્ટે વિરોધીઓની નર્મદા અંગેની તમામ અરજી કાઢી નાખી અને આ યજ્ઞને પૂર્ણ કરવા માટે આદેશ આપી દીધો અને દરવાજા અમે બંધ કર્યા. એ દરવાજા બંધ કર્યા પછી ૧૨૧ મીટર પછી જે પાણી વહી જતું હતું એનો આનંદ છે. રક્ષા બંધનના પવિત્ર દિવસે અને ત્યારે શ્રાવણ મહિનાનો સોમવાર હતો ત્યારે ભગવાન સોમનાથ, ભગવાન શિવજીના આશીર્વાદથી નર્મદા ડેમના દરવાજા અમે બંધ કર્યા છે. આપણી ગુજરાતની ભાજપ સરકારે મોદી સાહેબના આશીર્વાદથી એ ૧૨૧.૯૨ મીટરનું લેવલ આવી ગયું અને રક્ષા બંધનના પવિત્ર દિવસથી જ એ વધારાનું પાણી ભરાવવાની શરૂઆત થઇ ચૂકી છે અને હમણા જ મેં મારી માહિતી લીધી. આજે બપોરે ૧૨ વાગ્યાનું લેવલ ૧૨૨.૦૯ મીટરે ઓવર ફ્લો થતો હતો. એનાથી ઉપર દરવાજા બંધ કર્યા પછી એ પાણીની ભરાવાની શરૂઆત થઇ ચૂકી છે. અને કેન્દ્ર સરકારમાંથી મોદી સાહેબ તરફથી માનનીય અમીતભાઇ તરફથી આપણને જે માર્ગદર્શન મળે છે, જે મદદ મળે છે. એની બીજી વાત કરું કે આખો બંધ ભરાવાની ૧૩૮.૬૫ મીટર ફૂલ ભરાવાની કેપેસિટી છે. આપણને એન.સી.એ. તરફથી ઓક્ટોબર આખર સુધીમાં તબક્કાવાર એ લેવલે પાણી ભરાવાની મંજૂરી મળતો પત્ર આપણને પ્રાપ્ત થઇ ચૂક્યો છે. આખો ડેમ ઓક્ટોબર અંત સુધીમાં ભરી શકીશું એવી ભારત સરકારે આપણને મંજૂરી આપી છે અને ઓગષ્ટ મહિનાની અંદર આપણે ૧૨૭ મીટર પાણી ભરી શકીએ એવી પણ આપણને મંજૂરી મળી ચૂકી છે. હું વધારે સમય લેવા નથી માગતો. પણ એના ફાયદાઓ બે મિનિટમાં કહી દઉં. શું શું લાભ મળવાનો છે. જેથી આ સન્માનનીય સભાગૃહના રેકર્ડ ઉપર રહે. આપણે જે પાણી વધારે ભરીશું ૧૨૧.૯૨ થી ૧૩૮.૬૫ સુધી એનો લાભ મળવાનો છે. એ અત્યારે જે પાણી ભરાય છે એના કરતા ૩.૭૫ ગણું વધારે પાણી વધારે ભરી શકીશું. એનાથી અત્યાર સુધી જે દરિયામાં ઓવર ફ્લો થાય એટલે જે પાણી દરિયામાં વહી જતું હતું એને ક્યુસેકમાં નહિ કહું, પણ કરોડો લીટરમાં કહું તો દરવાજા બંધ થવાથી ૪,૨૬,૭૮૦ કરોડ લીટર પાણી આપણે વધારાનું ડેમમાં ભરી શકાશે. ૪,૨૬,૭૮૦ કરોડ લીટર પાણી વધુ પ્રાપ્ત થશે. વીજળી ૧૨૫૦ મેગાવોટ ૨૦૦૪ અને ૨૦૦૬ થી કરીએ છીએ. હવે એમાં ૪૦ ટકા વધારો થશે. એનો લાભ એનું વીજળીના ઉત્પાદનમાં મૂલ્યાંકન કરીએ તો ૨૦૧૬-૧૭ માં આપણે ૩૨૦ કરોડ યુનિટ નર્મદા ડેમ ઉપર વીજળીનું ઉત્પાદન કર્યું હતું. હવે વધુ પાણી ભરાવવાથી ૪૦ ટકા વધુ વીજળી ઉત્પન્ન કરી શકીશું. એના કારણે દર વર્ષે નવી વધારાની ૧૨૦ કરોડ યુનિટ વીજળી જળ વિદ્યુત મથકેથી સસ્તી અને પર્યાવરણ ફ્રેન્ડલી વીજળી પ્રાપ્ત થશે. અને રૂપિયામાં કિંમત ગણીએ તો ૪૮૦ કરોડ રૂપિયાની તો ફકત ખાલી વીજળી ઉત્પાદનમાં ગુજરાતની અને આ ભાગીદાર રાજ્યને લાભ થશે. તો આવનારા સમયમાં પાણી ૪ ગણું પાણી વધુને વધુ સિંચાઇ, પશુપાલન માટે ૪ કરોડ નાગરિકોને વધારાનું પીવાનું પાણી આ બધુ જ કોંગ્રેસ દાયકાઓ સુધી ન કરી શકી. એમની સત્તા હતી છતા ન કરી શકી. એ માટે મોદી સાહેબની સરકારે કેન્દ્રમાં આવ્યા પછી ગુજરાતને જે આપ્યું છે એનું ઋણ ગુજરાતની પ્રજા કોઇ દિવસ ભુલવાની નથી. મોદી સાહેબ આજીવન આજીવન પેઢીઓ સુધી ગુજરાતને જે લાભ મળ્યો છે તે આવનારી પેઢીઓ યાદ રાખશે. આમ તો નર્મદાની ગૌરવ યાત્રા, મા નર્મદા મહોત્સવ કાઢવાની તૈયારી કરી છે. માનનીય મોદી સાહેબે પણ આપણને સમય ફાળવ્યો હતો. પરંતુ ઉત્તર ગુજરાત, બનાસકાંઠા, પાટણમાં જે ભારે પૂર આવ્યા તેના કારણે માનવ સંવેદનાથી લોકો દુઃખમાં હોય તો કોઇ કાર્યક્રમ નહી તે પ્રમાણે અમારી પાર્ટીમાં અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ અને અમારા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી સહિત લોકોએ ચર્ચા કરીને નકકી કર્યુ કે આપણે પહેલી પ્રજાની સેવા કરવી છે. માનવતામાં મદદરૂપ થવું છે માટે આપણે આ નર્મદા મહોત્સવ મુલતવી રાખીએ. એટલે તે મહોત્સવ મુલતવી રાખ્યો. ગુજરાતની પ્રજાના હૃદયમાં મા નર્મદાના દર્શન પાણીરૂપે, પ્રસાદીરૂપે હેમખેમ પહોંચી ગયા છે ત્યારે આવનારા સમયમાં ગુજરાતની વિકાસયાત્રા માનનીય અમિતભાઇએ જે એક કલાક આ ધારાસભામાં જે વર્ણન કર્યુ છે તેમાં અમે અનેકગણો નર્મદાની ઉંચાઇની કામગીરીથી જે ઉત્પાદન, આવક વધવાનું છે, લોકો સુખી થવાના, લોકોની તકલીફો દૂર થવાની છે. દુષ્કાળ ભૂતકાળ બની જશે. પીવાના પાણીની અછત ભૂતકાળ બની જશે. તે લાભ ગુજરાતને જે મળવાનો છે તે આ નર્મદા યોજનાના કારણે મળવાનો છે. આ યોજનાને પરિપૂર્ણ કરવા માટે જે અમારા માનનીય અધ્યક્ષ અમિતભાઇ શાહે ઇચ્છા વ્યકત કરી છે તે માનનીય વિજયભાઇના અને અમારા નેતૃત્વમાં માનનીય મોદી સાહેબના આશિર્વાદથી આ ભાજપના તમામ

## તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

ધારાસભ્યશ્રીઓ અને એક કરોડ કરતાં વધુ ભાજપના કાર્યકરો તથા ગુજરાતની છ કરોડ જનતાના આશિર્વાદથી હજુ આપણે આ નર્મદા યોજનાનો વધુને વધુ લાભ લઈએ અને તે માટે અમારી સરકાર અને અમે સંકલ્પબદ્ધ છીએ. મને પણ આનંદ છે કે નર્મદા યોજનાના મંત્રી તરીકે આ કામગીરી મોદી સાહેબના નેતૃત્વમાં પૂર્ણ કરી ગુજરાતની પ્રજાને સંપૂર્ણ લાભાન્વિત કરવાનો જશ, યશ અને પુણ્ય અમને મળ્યું છે. તે પુણ્ય ગુજરાતની છ કરોડની જનતાને મળે તે કટિબદ્ધતા સાથે આ પ્રસ્તાવને સરકાર તરફથી અમે સ્વીકારીએ છીએ.

અધ્યક્ષશ્રીઃ પ્રસ્તાવ પરની ચર્ચા પૂર્ણ થાય છે.

સચિવશ્રીઃ માનનીય અધ્યક્ષશ્રી, જેના લેખીત જવાબો આ સત્ર દરમ્યાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૪૧ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

### અતારાંકિત પ્રશ્નોત્તરી

### (નિયમ ૮૭(ક) અન્વયેના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૯-૮-૨૦૧૭ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | શ્રી જવાહરભાઈ ચાવડા | ૯૯૯૦ | ૦૧ |
| ૨ | શ્રી પુંજાભાઈ વંશ | ૭૪૦૦ | ૦૧ |
| ૩ | ડૉ.મિતેશભાઈ ગરાસીયા | ૧૧૭૨૧ | ૦૧ |
| ૪ | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા | ૧૧૭૨૨ | ૦૧ |
| ૫ | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા | ૧૦૩૭૮ | ૦૧ |
| ૬ | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા | ૧૧૭૪૦ | ૦૧ |
| ૭ | શ્રી મેરામણભાઈ આહીર | ૯૮૪૮, ૯૯૦૨ | ૦૨ |
| ૮ | શ્રી શૈલેષ પરમાર | ૧૧૩૮૯, ૧૧૭૦૨ | ૦૨ |
| ૯ | શ્રી સી.કે.રાઉલજી | ૮૭૨૮, ૧૦૧૦૨ | ૦૨ |
| ૧૦ | શ્રી પરેશ ધાનાણી | ૭૭૯૭,૭૮૮૮, ૮૮૪૧ | ૦૩ |
| ૧૧ | શ્રી શકિતસિંહજી ગોહિલ | ૯૮૧૨, ૯૮૧૫, ૯૮૧૬, ૧૦૩૪૨ | ૦૪ |
| ૧૨ | શ્રી ગ્યાસુદ્દીન શેખ | ૧૦૯૨૫, ૧૦૯૨૬, ૧૧૦૮૮, ૧૧૦૫૬, ૧૧૧૦૦, ૧૧૧૦૨, ૧૧૧૧૦, ૧૧૧૧૫, ૧૧૧૨૭ | ૦૯ |
| ૧૩ | શ્રી રાઘવજી પટેલ | ૭૩૭૧, ૯૪૪૭, ૯૫૦૬, ૯૬૯૧, ૧૦૪૩૫, ૧૧૭૭૬, ૧૧૮૨૭, ૧૧૮૩૩, ૧૧૮૩૭, ૧૧૮૪૦, ૧૧૮૪૩, ૧૧૮૪૪, ૧૧૮૫૨ | ૧૩ |
| | | | ૪૧ |

### કૃષિ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજુર મહેકમ

અતારાંકિતઃ ૧૧૧૦૨ (૬-૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના કૃષિ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉકત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

કૃષિ મંત્રીશ્રી : (૨૭-૬-૨૦૧૭)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના કૃષિ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમની વિગતો સામેલ પત્રક-અ અને પત્રક-બ મુજબ છે.

(૨) અને (૩) સામેલ પત્રક-અ અને પત્રક-બ મુજબ.

પત્રક-અ

તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ કૃષિ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | વિભાગ/ કચેરીનું નામ | સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા ક્યાં સુધી ભરવામાં આવશે? |
|---|---|---|---|---|---|---|
| ૧ | કૃષિ, સહકાર અને ખેડુત કલ્યાણ વિભાગનો કૃષિ પ્રભાગ | અગ્રસચિવશ્રી (કૃષિ) | ૧ | ૧ | ૦ | ખાલી જગ્યા ઉપર નિમણુંક માટે ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે. |
| | | નાયબ સચિવ | ૪ | ૪ | ૦ | |
| | | ઉપસચિવ | ૬ | ૬ | ૦ | |
| | | અગ્ર રહસ્ય સચિવ, વર્ગ-૧ | ૨ | ૧ | ૧ | |
| | | સેકશન અધિકારી વર્ગ-૨ | ૧૭ | ૧૫ | ૨ | |
| | | નાયબ સેકશન અધિકારી | ૫૭ | ૩૨ | ૨૫ | |
| | | કારકુન | ૨ | ૨ | ૦ | |
| | | ઓફીસ આસીસ્ટંટ | ૨૬ | ૮ | ૧૮ | |
| | | અંગત મદદનીશ | ૩ | ૧ | ૨ | |
| | | ટાઈપીસ્ટ ગુજરાતી | ૧૩ | ૨ | ૧૧ | |
| | | ટાઈપીસ્ટ અંગ્રેજી | ૩ | ૦ | ૩ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ડ્રાઈવર | ૩ | ૨ | ૧ | |
| | | હવાલદાર | ૨ | ૦ | ૨ | |
| | | નાયક | ૪ | ૦ | ૪ | |
| | | પટાવાળા | ૧૫ | ૮ | ૭ | |
| | | હમાલ | ૧ | ૧ | ૦ | |
| | કુલ | | ૧૫૯ | ૮૩ | ૭૬ | |

| પત્રક–બ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ.નં. | વિભાગ કચેરીનું નામ | સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા ક્યાં સુધી ભરવામાં આવશે? |
| ૨ | ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર | ખેતી નિયામક | ૧ | – | ૧ | ખાલી જગ્યા ઉપર નિમણુંક માટે ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે. |
| | | અધિક ખેતી નિયામક | ૭ | ૪ | ૩ | |
| | | સંયુકત ખેતી નિયામક | ૧૫ | ૯ | ૬ | |
| | | વહીવટી અધિકારી | ૧ | – | ૧ | |
| | | નાયબ ખેતી નિયામક | ૧૨૫ | ૭૫ | ૫૦ | |
| | | નાયબ ખેતી નિયામક, (યાંત્રિક) | ૨ | – | ૨ | |
| | | કુલ | ૧૫૧ | ૮૮ | ૬૩ | |
| | | મદદનીશ ખેતી નિયામક | ૨૯૦ | ૧૪૨ | ૧૪૮ | |
| | | ખેતી અધિકારી | ૩૭૬ | ૨૮૦ | ૯૬ | |
| | | તાલીમ અધિકારી (મહીલા) | ૨૫ | ૧૯ | ૬ | |
| | | ખેતી ઈજનેર | ૫ | ૩ | ૨ | |
| | | મદદનીશ વહીવટી અધિકારી | ૭ | ૩ | ૪ | |
| | | કુલ | ૭૦૩ | ૪૪૭ | ૨૫૬ | |
| | | ખેતીવાડી નિરીક્ષક | ૧૧૩ | ૪ | ૧૦૯ | |
| | | નિર્દેશક (મહીલા) | ૧૭ | ૧ | ૧૬ | |
| | | ખેતીવાડી મદદનીશ | ૨૮૩ | ૨૦૭ | ૭૬ | |
| | | કચેરી અધિક્ષક | ૧૩ | ૧૧ | ૨ | |
| | | હેડ કલાર્ક | ૫૧ | ૧૨ | ૩૯ | |
| | | સીનીયર કલાર્ક | ૧૮૩ | ૧૨૭ | ૫૬ | |
| | | જુ.કલાર્ક, જુ.ક.ટાઈપીસ્ટ, ટ્રેસર | ૩૦૧ | ૬૭ | ૨૩૪ | |
| | | લેબો.આસીસ્ટન્ટ | ૯ | ૫ | ૪ | |
| | | ડીલર કમ બ્લાકસ્ટર | ૧૦ | ૨ | ૮ | |
| | | હેવી.વ્હી.ડ્રાયવર | ૨૦ | ૪ | ૧૬ | |
| | | એરકંમપ્રેસર ડીલર | ૫ | ૩ | ૨ | |
| | | ડ્રાયવર | ૯૭ | ૧૨ | ૮૫ | |
| | | બ્લા.વાન.ડ્રાયવર | ૧ | ૧ | ૦ | |
| | | વેલ્ડર | ૧ | ૧ | ૦ | |
| | | ટર્નર | ૨ | – | ૨ | |
| | | ઈલેકટ્રીશીયન | ૩ | – | ૩ | |
| | | આર્ટીસ્ટ કમ ફોટોગ્રાફર | ૩ | ૩ | ૦ | |
| | | કંપોઝીટર | ૮ | ૭ | ૧ | |
| | | બાઈન્ડર | ૬ | ૪ | ૨ | |
| | | ડીસ્ટ્રીબ્યુટર | ૫ | ૪ | ૧ | |
| | | મદદનીશ ખેતી ઈજનેર | ૧૬ | ૪ | ૧૨ | |
| | | સીવીલ ઓવરશીયર | ૪ | – | ૪ | |
| | | મીકેનીક | ૬ | – | ૬ | |

| પત્રક–બ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ.નં. | વિભાગ કચેરીનું નામ | સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યા ક્યાં સુધી ભરવામાં આવશે? |
| | | ડ્રાફટસમેન | ૨ | – | ૨ | |
| | | કોર્ડીગ આસીસ્ટન્ટ | ૩ | – | ૩ | |
| | | પ્રોજેકટ ઓપરેટર | ૧૦ | ૬ | ૪ | |
| | | સ્કુ.આસીસ્ટન્ટ | ૨ | ૧ | ૧ | |
| | | પંચ ઓપરેટર | ૨ | ૧ | ૧ | |
| | | વર્ગ–૩ કુલ | ૧૧૭૬ | ૪૮૭ | ૬૮૯ | |
| | | પટાવાળા, સ્વીપર, ચોકીદાર વિ | ૨૯૩ | ૧૦૭ | ૧૮૬ | |
| | | વર્ગ–૪ કુલ | ૨૯૩ | ૧૦૭ | ૧૮૬ | |
| ૩ | બાગાયત નિયામકની કચેરી, ગાંધીનગર | બાગાયત નિયામક | ૧ | ૧ | ૦ | ખાલી જગ્યા ઉપર નિમણુંક માટે ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે. |
| | | સંયુકત બાગાયત નિયામક | ૬ | ૬ | ૦ | |
| | | નાયબ બાગાયત નિયામક | ૩૯ | ૨૧ | ૧૮ | |
| | | વહીવટી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| | | મુખ્ય હિસાબી અધિકારી | ૧ | ૧ | ૦ | |
| | | મદદનીશ બાગાયત નિયામક/–વિષય નિષ્ણાંત | ૫૮ | ૧ | ૫૭ | |
| | | મદદ.વહીવટી અધિકારી–વ–હિસાબી અધિકારી | ૨ | ૨ | ૦ | |
| | | બાગાયત અધિકારી | ૨૬૪ | ૧૨૯ | ૧૩૫ | |
| | | કચેરી અધિક્ષક | ૪ | ૩ | ૧ | |
| | | હેડ કલાર્ક | ૨૫ | ૧૬ | ૯ | |
| | | સ્ટેનોગ્રાફર ગુજરાતી | ૨ | ૧ | ૧ | |
| | | સીનીયર કલાર્ક | ૫૧ | ૯ | ૪૨ | |
| | | જુનિયર કલાર્ક–જુનિયર કલાર્ક–ટાઇપીસ્ટ | ૧૩૫ | ૭૪ | ૬૧ | |
| | | બાગાયત નિરીક્ષક | ૬૯ | ૩૪ | ૩૫ | |
| | | બાગાયત મદદનીશ | ૫૬ | ૪૭ | ૯ | |
| | | ડ્રાઈવર | ૧૦ | ૧ | ૯ | |
| | | પટાવાળા | ૪૧ | ૨૯ | ૧૨ | |
| | | વોચમેન | ૩ | ૨ | ૧ | |
| | | માળી | ૧૧ | ૦ | ૧૧ | |
| | | માળી કમ વોચમેન | ૨ | ૧ | ૧ | |
| | | સાથી | ૧ | ૦ | ૧ | |
| | | પ્રયોગશાળા નોકર | ૧૨ | ૫ | ૭ | |
| | કુલ | | ૭૯૪ | ૩૮૪ | ૪૧૦ | |

--------

રાજ્યમાં શાકભાજીમાં રહેલા પેસ્ટીસાઈડઝ તપાસવા બાબત

અતારાંકિતઃ ૧૧૮૨૭ (૧૪–૬–૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં શાકભાજીમાં રહેલા પેસ્ટીસાઈડ તપાસવા ૩૧ ડીસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ કોઈ જ વ્યવસ્થા થઈ નથી તે બાબત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) તેવી વ્યવસ્થા ક્યા સુધીમાં કરવામાં આવનાર છે ?

કૃષિ મંત્રીશ્રી :

(૧) ના જી. આ બાબત સાચી નથી. હાલમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તથા જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ ખાતેની લેબોરેટરીમાં પેસ્ટીસાઈડ રેસીડયુ ટેસ્ટીંગ માટેની વ્યવસ્થા છે.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

જામનગર જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા શાળાઓ શરૂ કરવાની માંગણીઓ

અતારાંકિતઃ ૭૩૭૧ (૧૫–૬–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લામાં કઈ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તા.૩૦ જૂન–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાન્ટેડ તથા નોનગ્રાન્ટેડ નવી પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માગણી કરવામાં આવી,

(૨) તે પૈકી કઈ સંસ્થાની કઈ જગ્યાએ ગ્રાન્ટેડ અને નોનગ્રાન્ટેડ શાળાઓને મંજુરી આપવામાં આવી, અને

(૩) ઉકત પૈકી બાકી રહેલ સંસ્થાઓની શાળાઓ માટેની માંગણી ક્યારે મંજૂર કરવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૦–૬–૨૦૧૭)

(૧) ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા : એકપણ નહીં.

નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા : *પત્રક–અ સામેલ છે.

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા : એક પણ નહીં.

નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા : *પત્રક–બ સામેલ છે.

(૨) ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મંજુર અને નામંજુર નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ : *પત્રક–ક અને *પત્રક–ડ સામેલ છે.

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મંજુર અને નામંજુર નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ :

*પત્રક–ઈ અને *પત્રક–એફ સામેલ છે.

(૩) ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લામાં ફાજલ થયેલ શિક્ષકો/કર્મચારીઓ

અતારાંકિતઃ ૭૪૦૦ (૨૯–૬–૨૦૧૬) શ્રી પુંજાભાઈ વંશ (ઉના): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યના કમિશ્નર ઓફ સ્કૂલે ગીર સોમનાથ, અમરેલી અને બોટાદ જિલ્લાઓમાં ધો.૯ થી ૧૨ માં ફાજલ થયેલા પરંતુ નોકરીમાંથી છુટા ન કર્યા હોય તેવા શિક્ષકો/કર્મચારીઓની વિગત વીડીયો કોન્ફરન્સથી માર્ચ–એપ્રિલ–૨૦૧૬ માં માંગી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તા.૩૦–૪–૨૦૧૬ની સ્થિતિએ જિલ્લામાં કેટલા ફાજલ શિક્ષકો/કર્મચારીઓ છે, અને

(૩) તા.૩૦–૬–૧૯૭૮ પછી નિમણૂંક થયેલા શિક્ષકો/કર્મચારીઓ જેમને ફાજલનું રક્ષણ મળતું નથી તેવા કેટલા શિક્ષકો/કમર્ચારીઓનું ઉકત સ્થિતિએ કાયદા વિરૂધ્ધ છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨–૮–૨૦૧૭)

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) હા, જી.
(૨)

| ક્રમ | જિલ્લો | ફાજલ શિક્ષક | ફાજલ કર્મચારી |
|---|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ |
| ૨ | બોટાદ | ૦૦ | ૦૦ |
| ૩ | અમરેલી | ૦૦ | ૦૦ |

(૩) ફાજલનું રક્ષણ નથી તેવા કોઈપણ શિક્ષકો / કર્મચારીઓને કાયદા વિરૂધ્ધ ચાલુ રખાયા નથી.

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં નબળી શૈક્ષણિક ગુણવત્તા

અતારાંકિતઃ ૯૮૧૨ (૨૧-૧૦-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષમાં તાલુકાવાર કેટલી અને કઈ સરકારી પ્રાથમિક શાળાઓની શૈક્ષણિક ગુણવત્તા નબળી અને અતિશય નબળી જણાઈ છે, અને

(૨) ઉકત શાળાઓ સામે શા પગલાં લેવાયા છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૪-૭-૨૦૧૭)

(૧) *પત્રક મુજબ.

(૨) નબળી શાળાઓ તેમજ અતિશય નબળી શાળાઓ અંગે લીધેલ ઉપચારાત્મક પગલાંઓઃ-

૧. ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય ૧.૦૦ કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવું.

૨. વાંચન, લેખન અને ગણનમાં પ્રાથમિક શાળામાં ૦ થી ૪ ગુણ ધરાવતા દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવો.

૩. શાળાઓમાં ભૌતિક સુવિધાઓની ઘટનો તાત્કાલિક નિકાલ થાય તેવા પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે.

૪. શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરી તેમની જરૂરિયાત અનુરૂપ પરામર્શ કરી જરૂરી સહયોગ આપવો.

૫. દરેક શાળાઓમાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ યોજાય તેના પર ખાસ ભાર મુકાયો.

૬. વાંચન, લેખન અને ગણન જેવી પ્રવૃતિઓ કરતી વખતે બાળકોને સતત પ્રોત્સાહન આપી જાહેરમાં તેમને બિરદાવીને શિક્ષણમાં સારૂં પરિણામ મળે તે માટે પ્રયત્નો કરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો હક્ક

અતારાંકિતઃ ૯૮૧૫ (૨૭-૧૦-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલાં બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે, અને

(૩) આ મૂળભૂત હક્કથી વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઇ છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૪-૦૭-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના નીચે મુજબના બાળકો મફત અને ફરજીયાત શિક્ષણથી વંચિત જણાયા છે.

| કચ્છ જિલ્લો | | | |
|---|---|---|---|
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |

| | | | |
|---|---|---|---|
| ભચાઉ | ૨૯ | ૧૫ | ૪૪ |
| અંજાર | ૧૦૧ | ૯૭ | ૧૯૮ |
| ભુજ | ૯૦ | ૯૨ | ૧૮૨ |
| અબડાસા | ૭૬ | ૧૧૮ | ૧૯૪ |
| નખત્રાણા | ૦૬ | ૧૨ | ૧૮ |
| મુંદ્રા | ૫૯ | ૩૯ | ૯૮ |
| લખપત | ૪૧ | ૬૮ | ૧૦૯ |
| ગાંધીધામ | ૨૩૨ | ૧૫૯ | ૩૯૧ |
| રાપર | ૩૫ | ૩૮ | ૭૩ |
| માંડવી | ૫૬ | ૫૧ | ૧૦૭ |
| કુલ | ૭૨૫ | ૬૮૯ | ૧૪૧૪ |
| ભાવનગર જિલ્લો | | | |
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| ભાવનગર | ૨૨૧ | ૨૨૧ | ૪૪૨ |
| ગારીયાધાર | ૧૯ | ૧૩ | ૩૨ |
| ઘોઘા | ૦૩ | ૦૦ | ૦૩ |
| જેસર | ૩૧ | ૩૨ | ૬૩ |
| મહુવા | ૧૭૮ | ૧૯૯ | ૩૭૭ |
| પાલિતાણા | ૪૬ | ૪૩ | ૮૯ |
| શિહોર | ૩૦ | ૩૪ | ૬૪ |
| તળાજા | ૨૧૧ | ૨૭૧ | ૪૮૨ |
| ઉમરાળા | ૦૭ | ૦૫ | ૧૨ |
| વલ્લભીપુર | ૦૪ | ૦૦ | ૦૪ |
| કુલ | ૭૫૦ | ૮૧૮ | ૧૫૬૮ |
| ગાંધીનગર જિલ્લો | | | |
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| દહેગામ | ૮૬ | ૪૭ | ૧૩૩ |
| ગાંધીનગર | ૨૧૪ | ૨૦૩ | ૪૧૭ |
| કલોલ | ૮૭ | ૧૧૦ | ૧૯૭ |
| માણસા | ૮૭ | ૬૫ | ૧૫૨ |
| કુલ | ૪૭૪ | ૪૨૫ | ૮૯૯ |

(૩) ૧. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ–૨૦૦૯ ની જોગવાઇ મુજબ રાજ્યમાં ૬ થી ૧૪ વર્ષની વયજુથના શાળા બહારના બાળકોનું (કદી શાળાએ ન ગયેલ, અધવચ્ચેથી ઉઠી ગયેલ, વિકલાંગ બાળકો) નજીકની શાળામાં વયકક્ષા મુજબના ધોરણમાં નામાંકન થયા બાદ વયકક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશિયલ ટ્રેનિંગ આપવામાં આવે છે.

૨. તા.૩૧–૧૦–૨૦૧૬ ની સ્થિતિએ કચ્છમાં કુલ ૯૫૦, ભાવનગરમાં ૧૬૮૫ અને ગાંધીનગરમાં કુલ ૭૫૯ શાળા બહારના બાળકોને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત આવરી લઇ તેમના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે છે.

--------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો હક્ક

અતારાંકિતઃ ૯૯૦૨ (૨૭–૧૦–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ–૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે–૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલાં બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે, અને

(૩) આ મૂળભૂત હક્કથી વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઇ છે ?

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી

શિક્ષણ મંત્રીશ્રી : (૧૩-૦૭-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના નીચે મુજબના બાળકો મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે.

| દેવભૂમિ દ્વારકા જિલ્લો | | | |
|---|---|---|---|
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| ભાણવડ | ૦૫ | ૩૩ | ૩૮ |
| જામખંભાળીયા | ૧૦૨ | ૫૯ | ૧૬૧ |
| જામ કલ્યાણપુર | ૦૫ | ૧૬ | ૨૧ |
| દ્વારકા | ૧૧ | ૦૯ | ૨૦ |
| કુલ | ૧૨૩ | ૧૧૭ | ૨૪૦ |
| સુરત જિલ્લો | | | |
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| બારડોલી | ૨૩ | ૨૬ | ૪૯ |
| ચોર્યાસી | ૨૬૦ | ૨૬૮ | ૫૨૮ |
| કામરેજ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મહુવા | ૦૩ | ૦૦ | ૦૩ |
| માંડવી | ૧૪૧ | ૧૨૨ | ૨૬૩ |
| માંગરોળ | ૪૫ | ૪૧ | ૮૬ |
| ઓલપાડ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પલાસણા | ૧૭૨ | ૧૨૬ | ૨૯૮ |
| ઉમરપાડા | ૩૭ | ૧૫ | ૫૨ |
| કુલ | ૬૮૧ | ૫૯૮ | ૧૨૭૯ |
| તાપી જિલ્લો | | | |
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| નિઝર | ૭૩ | ૪૯ | ૧૨૨ |
| ઉચ્છલ | ૫૬ | ૨૫ | ૮૧ |
| સોનગઢ | ૨૦ | ૧૬ | ૩૬ |
| વ્યારા | ૨૦ | ૧૨ | ૩૨ |
| વાલોડ | ૧૯ | ૨૨ | ૪૧ |
| કુલ | ૧૮૮ | ૧૨૪ | ૩૧૨ |

(૩) ૧. Right to Education Act-2009 ની જોગવાઇ મુજબ રાજ્યમાં ૬ થી ૧૪ વયજુથના શાળા બહારના બાળકોનું (કદી શાળાએ ન ગયેલ, અધવચ્ચેથી ઉઠી ગયેલ, વિકલાંગ બાળકો) નજીકની શાળામાં વયકક્ષા મુજબના ધોરણમાં ફરજીયાત નામાંકન થયા બાદ વયકક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશિયલ ટ્રેનિંગ આપવામાં આવે છે.

૨. તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકામાં કુલ ૨૩૭, સુરતમાં ૧૨૭૮ અને તાપીમાં કુલ ૨૮૧ શાળા બહારના બાળકોને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત આવરી લઇ તેમના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે છે.

--------

જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો હક્ક

અતારાંકિતઃ ૯૯૯૦ (૨૭-૧૦-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલાં બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે, અને

(૩) આ મૂળભૂત હક્કથી વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઇ છે ?

## અતારાંકિત પ્રશ્નોત્તરી

શિક્ષણ મંત્રીશ્રી : (૧૪-૦૭-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧ મે-૨૦૧૬ ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના નીચે મુજબના બાળકો મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે.

| જુનાગઢ જિલ્લો | | | |
|---|---|---|---|
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| ભેંસાણ | ૦૮ | ૦૪ | ૧૨ |
| જુનાગઢ | ૨૬૯ | ૩૨૯ | ૫૯૮ |
| કેશોદ | ૫૦ | ૩૬ | ૮૬ |
| માળીયા | ૨૦ | ૧૨ | ૩૨ |
| માણાવદર | ૩૨ | ૧૬ | ૪૮ |
| માંગરોળ | ૧૫ | ૧૭ | ૩૨ |
| મેંદરડા | ૬૮૯ | ૫૪૪ | ૧૨૩૩ |
| વંથલી | ૧૯ | ૧૬ | ૩૫ |
| વિસાવદર | ૨૧૩ | ૧૯૫ | ૪૦૮ |
| કુલ | ૧૩૧૫ | ૧૧૬૯ | ૨૪૮૪ |
| પોરબંદર જિલ્લો | | | |
| તાલુકો | કુમાર | કન્યા | કુલ |
| કુતિયાણા | ૭૩ | ૪૪ | ૧૧૭ |
| પોરબંદર | ૮૯ | ૫૨ | ૧૪૧ |
| રાણાવાવ | ૧૬ | ૧૯ | ૩૫ |
| કુલ | ૧૭૮ | ૧૧૫ | ૨૯૩ |

(૩) બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઇ મુજબ રાજ્યમાં ૬ થી ૧૪ વર્ષની વયજુથના શાળા બહારના બાળકોનું (કદી શાળાએ ન ગયેલ, અધવચ્ચેથી ઉઠી ગયેલ, વિકલાંગ બાળકો) નજીકની શાળામાં વયકક્ષા મુજબના ધોરણમાં ફરજીયાત નામાંકન થયા બાદ વયકક્ષા મુજબની ક્ષમતા સિધ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે સ્પેશિયલ ટ્રેનિંગ આપવામાં આવે છે.

૨. તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ જુનાગઢમાં કુલ ૨૪૭૨ અને પોરબંદરમાં કુલ ૨૭૮ શાળા બહારના બાળકોને સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત આવરી લઇ તેમના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે.

--------

### પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા

અતારાંકિતઃ ૧૦૧૦૨ (૨૧-૧૦-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં સન ૨૦૧૪-૨૦૧૫ અને ૨૦૧૫-૨૦૧૬ ના શૈક્ષણિક વર્ષમાં તાલુકાવાર કેટલી અને કઇ સરકારી પ્રાથમિક શાળાઓની શૈક્ષણિક ગુણવત્તા નબળી અને અતિશય નબળી જણાઇ છે, અને

(૨) ઉક્ત શાળાઓ સામે શાં પગલાં લેવાયાં છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૨-૦૬-૨૦૧૭)

(૧) શૈક્ષણિક ગુણવત્તા નબળી અને અતિશય નબળી હોય તેવી શાળાઓઃ

| ક્રમ | જિલ્લો અને તાલુકો | વર્ષ ૨૦૧૪-૨૦૧૫ | | વર્ષ ૨૦૧૫-૨૦૧૬ | | શાળાઓની યાદી |
|---|---|---|---|---|---|---|
| | | નબળી (સી ગ્રેડ) | અતિશય નબળી (ડી ગ્રેડ) | નબળી (સી ગ્રેડ) | અતિશય નબળી (ડી ગ્રેડ) | |
| ૧ | પંચમહાલ જિલ્લો | | | | | * |
| | ઘોઘંબા | ૫૧ | ૧૧ | ૧૭ | ૧૨ | યાદી સામેલ છે. |
| | ગોધરા | ૩૭ | ૧૪ | ૧૫ | ૦૪ | યાદી સામેલ છે. |

| ક્રમ | જિલ્લો અને તાલુકો | વર્ષ ૨૦૧૪–૨૦૧૫ | | વર્ષ ૨૦૧૫–૨૦૧૬ | | શાળાઓની યાદી |
|---|---|---|---|---|---|---|
| | | નબળી (સી ગ્રેડ) | અતિશય નબળી (ડી ગ્રેડ) | નબળી (સી ગ્રેડ) | અતિશય નબળી (ડી ગ્રેડ) | |
| | હાલોલ | ૪૦ | ૦૬ | ૧૬ | ૦૧ | યાદી સામેલ છે. |
| | જાંબુઘોડા | ૧૫ | ૦૨ | ૦૪ | ૦૧ | યાદી સામેલ છે. |
| | કાલોલ | ૧૭ | ૦૪ | ૦૭ | ૦૨ | યાદી સામેલ છે. |
| | મોરવા (હ) | ૩૦ | ૦૫ | ૦૮ | ૦૨ | યાદી સામેલ છે. |
| | શહેરા | ૨૧ | ૦૭ | ૦૧ | ૦૦ | યાદી સામેલ છે. |
| | કુલ | ૨૧૧ | ૪૯ | ૬૮ | ૨૨ | |
| ૨ | દાહોદ જિલ્લો | | | | | * |
| | દાહોદ | ૨૫ | ૧૮ | ૨૦ | ૦૮ | યાદી સામેલ છે. |
| | દેવગઢ બારીયા | ૧૧ | ૦૩ | ૦૮ | ૦૦ | યાદી સામેલ છે. |
| | ધાનપુર | ૨૧ | ૦૬ | ૧૮ | ૦૨ | યાદી સામેલ છે. |
| | ફતેપુરા | ૧૯ | ૦૩ | ૧૨ | ૦૩ | યાદી સામેલ છે. |
| | ગરબાડા | ૧૬ | ૦૭ | ૧૦ | ૦૩ | યાદી સામેલ છે. |
| | લીમખેડા | ૩૭ | ૧૧ | ૧૮ | ૦૫ | યાદી સામેલ છે. |
| | ઝાલોદ | ૩૩ | ૧૨ | ૦૩ | ૦૪ | યાદી સામેલ છે. |
| | સંજેલી | ૦૦ | ૦૦ | ૧૯ | ૦૬ | યાદી સામેલ છે. |
| | કુલ | ૧૬૨ | ૬૦ | ૧૦૮ | ૩૧ | |
| ૩ | મહિસાગર જિલ્લો | | | | | * |
| | કડાણા | ૨૬ | ૦૪ | ૦૪ | ૦૫ | યાદી સામેલ છે. |
| | ખાનપુર | ૨૩ | ૦૨ | ૦૮ | ૦૩ | યાદી સામેલ છે. |
| | લુણાવાડા | ૨૫ | ૧૧ | ૦૯ | ૦૧ | યાદી સામેલ છે. |
| | સંતરામપુર | ૩૪ | ૧૦ | ૧૧ | ૦૮ | યાદી સામેલ છે. |
| | બાલાસિનોર | ૧૧ | ૦૦ | ૦૩ | ૦૫ | યાદી સામેલ છે. |
| | વિરપુર | ૧૨ | ૦૩ | ૦૪ | ૦૦ | યાદી સામેલ છે. |
| | કુલ | ૧૩૧ | ૩૦ | ૩૯ | ૨૨ | |

(૨) નબળી શાળાઓ તેમજ અતિશય નબળી શાળાઓ અંગે લીધેલ ઉપચારાત્મક પગલાં:

(૧) ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય કરવામાં આવે છે અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે.

(૨) સ્મૃતિધારા કાર્યક્રમ અન્વયે જૂન માસથી શાળાઓમાં વિદ્યાર્થીઓને પુનરાવર્તન સ્વરૂપે ૧૦ દિવસ ઝુંબેશ સ્વરૂપે ગુણવત્તામાં સુધારો થાય તે માટે સઘન મોનીટરીંગ દ્વારા ગત વર્ષનું શૈક્ષણિક કાર્યનું પુનરાવર્તન કરાવી નવીન શૈક્ષણિક વિષય તરફ પૂર્વ તૈયારી કરાવવામાં આવેલ છે.

(૩) સી અને ડી ગ્રેડની શાળાઓને લેશન ડાયરી તેમજ ગૃહકાર્ય, ચકાસણી પત્રક વિશેષ મહાવરો કરવામાં આવેલછે.

(૪) જિલ્લા સ્તરના ઉચ્ચ અધિકારીઓ તેમજ તાલુકા સ્તરના અધિકારીશ્રીઓ સાથે સમયાંતરે બેઠક યોજી ગુણવત્તા સુધારવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે.

(૫) દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરે તેવું આયોજન કરેલ છે.
(૬) ધોરણ ૬ થી ૮ માં કઠીન મુદ્દાઓનું સરળીકરણ સી.આર.સી. બેઠકમાં કરવામાં આવે છે.
(૭) દરેક શાળામાં અઠવાડિયામાં એક વાર રમતગમત/યોગ/વ્યાયામનું આયોજન કરવામાં આવે છે.
(૮) શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરવામાં આવી છે.
(૯) દરેક શાળામાં ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે.
(૧૦) ગુણવત્તા સુધારણા અંગે વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરાવવી.
(૧૧) આ બાબતોનું સઘન મોનીટરીંગ/હેન્ડ હોલ્ડીંગ પોતાના તાબાની શાળાઓમાં સી.આર.સી./બી.આર.સી. કો–ઓર્ડીનેટરો તેમજ બીટ કેળવણી નિરીક્ષકોને જણાવવામાં આવેલ છે.

(* યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

કચ્છ અને ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ કરતા બાળકો ડ્રોપ આઉટ

અતારાંકિતઃ ૧૦૩૪૨ (૨૩–૧૧–૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

કચ્છ અને ભાવનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓ સન ૨૦૧૫–૧૬ના શૈક્ષણિક વર્ષમા પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ છોડી ડ્રોપ આઉટ થયા ?

શિક્ષણ મંત્રીશ્રી : (૦૬–૦૭–૨૦૧૭)

કચ્છ અને ભાવનગર જિલ્લામાં સન ૨૦૧૫–૧૬ના શૈક્ષણિક વર્ષમા પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ છોડી ડ્રોપ આઉટ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| વર્ષ ૨૦૧૫–૧૬માં પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ છોડી ડ્રોપ આઉટ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|
| ક્રમ | જિલ્લો | સંખ્યા |
| ૧ | કચ્છ | ૮૫૦ |
| ૨ | ભાવનગર | ૬૧૨ |

--------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો હક્ક

અતારાંકિતઃ ૧૦૩૭૮ (૨૨–૧૧–૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ–૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકોને તેની નજીકની શાળામાં મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૦૮–૨૦૧૬ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના કેટલા બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત નોંધાયા છે,

(૩) ઉક્ત વંચિત બાળકોને તેનો શિક્ષણનો મેળવવાનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઈ છે, અને

(૪) આ જવાબદારી કોને સોંપાઈ છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૭–૦૭–૨૦૧૭)

(૧) હા.

(૨) બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તા. ૩૧/૦૮/૨૦૧૬ની સ્થિતિએ પ્રાથમિક શિક્ષણથી વંચિત બાળકોની વિગતો નીચે મુજબ છેઃ

| જિલ્લો | બનાસકાંઠા | | સાબરકાંઠા | | અરવલ્લી | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
| ૧ | અમીરગઢ | ૨૭૦ | હિંમતનગર | ૨૨૩ | મોડાસા | ૫૮ |

તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

| જિલ્લો | બનાસકાંઠા | | સાબરકાંઠા | | અરવલ્લી | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
| ૨ | ભાભર | ૨૯૬ | ઈડર | ૩૦ | માલપુર | ૪૦ |
| ૩ | દાંતા | ૩૪૯ | ખેડબ્રહ્મા | ૪૬૮ | મેઘરજ | ૧૫ |
| ૪ | દાંતીવાડા | ૩૪ | પોશિના | ૧૪૫૩ | ભિલોડા | ૭૧ |
| ૫ | ડીસા | ૧૭૯ | પ્રાંતિજ | ૩૭ | | |
| ૬ | દિઓદર | ૪૧૪ | તલોદ | ૪૪ | | |
| ૭ | ધાનેરા | ૧૬૭ | વડાલી | ૨૯ | | |
| ૮ | કાંકરેજ | ૨૩૩ | વિજયનગર | ૨૬ | | |
| ૯ | લખાની | ૧૬૩ | | | | |
| ૧૦ | પાલનપુર | ૫૯૭ | | | | |
| ૧૧ | સુઈગામ | ૬૭ | | | | |
| ૧૨ | થરાદ | ૧૩૦ | | | | |
| ૧૩ | વડગામ | ૫૪ | | | | |
| ૧૪ | વાવ | ૧૦૭ | | | | |

(૩) તમામ વંચિત બાળકોને સ્પેશિયલ ટ્રેનિંગના વર્ગોમાં સામેલ કરવામાં આવેલ છે.

(૪) આ જવાબદારી જિલ્લાના સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર, બ્લોક રિસોર્સ પર્સન(એસ.ટી.પી.) તથા શાળા વ્યવસ્થાપન સમિતિ અને કલસ્ટર રિસોર્સ કો-ઓર્ડિનેટરને સોંપાઈ છે.

### રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આકસ્મિક મૃત્યુ પામનાર વિદ્યાર્થીઓના વારસદારોને વિદ્યાદિપ વિમા યોજના હેઠળ સહાય

અતારાંકિતઃ ૧૦૯૨૬ (૨૩-૧૨-૨૦૧૬) શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વિદ્યાદિપ વિમા યોજના હેઠળ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આકસ્મિક મૃત્યુ પામનાર વિદ્યાર્થીઓના કેટલા કેસો રજૂ થયા,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા કેસોમાં વારસદારોને વિદ્યાદિપ વિમા યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવી અને કેટલા કેસોમાં સહાય ચુકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા કેસોમાં ક્યાં સુધીમાં સહાય ચુકવવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૮-૦૭-૨૦૧૭)

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ મુજબ

(૩) સદર વિદ્યાદિપ વિમા યોજના હેઠળ સહાય ચુકવણીની કામગીરી વિમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે, ઉક્ત સ્થિતિએ બાકી રહેતા કેસોમાં દરખાસ્ત જેમ જેમ પૂર્તતા પૂર્ણ થતી જાય તેમ તેમ વિમા નિયામકશ્રીની કચેરી દ્વારા ચુકવણી કરવામાં આવે છે. તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

પત્રક-૧

| ક્રમ | જીલ્લો | તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ વિદ્યાદિપ વીમા યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષ વાર જીલ્લા વાર રજુ થયેલા મૃત્યુના કેસો | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૨-૧૩ | | ૨૦૧૩-૧૪ | | ૨૦૧૪-૧૫ | | ૨૦૧૫-૧૬ | | ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૬ | |
| | | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ |
| ૧ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૩ | ૬ | ૪ | ૬ |
| ૨ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૬ | ૩ | ૨ | ૨ |
| ૩ | ગીર સોમનાથ | ૬ | ૦ | ૯ | ૦ | ૧૦ | ૬ | ૮ | ૬ | ૧૩ | ૬ |
| ૪ | અમદાવાદ | ૩૦ | ૧૮ | ૨૮ | ૨૧ | ૩૪ | ૧૨ | ૨૬ | ૧૨ | ૧૧ | ૮ |
| ૫ | ડાંગ | ૦ | ૦ | ૫ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૬ | અમરેલી | ૧૩ | ૬ | ૧૪ | ૪ | ૧૬ | ૪ | ૧૪ | ૩ | ૧૬ | ૨ |
| ૭ | આણંદ | ૧૭ | ૧૨ | ૧૯ | ૫ | ૧૮ | ૧૧ | ૨ | ૧૧ | ૧ | ૬ |
| ૮ | ભરૂચ | ૩ | ૧૨ | ૯ | ૮ | ૮ | ૮ | ૧૨ | ૪ | ૩ | ૪ |

| ક્રમ | જીલ્લો | તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ વિદ્યાદિપ વીમા યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષ વાર જીલ્લા વાર રજુ થયેલા મૃત્યુના કેસો | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૨-૧૩ | | ૨૦૧૩-૧૪ | | ૨૦૧૪-૧૫ | | ૨૦૧૫-૧૬ | | ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૬ | |
| | | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ |
| ૯ | ભાવનગર | ૪૯ | ૧૭ | ૩૭ | ૧૨ | ૩૦ | ૨૩ | ૨૭ | ૨૦ | ૨૩ | ૯ |
| ૧૦ | કચ્છ | ૮ | ૫ | ૯ | ૬ | ૧૧ | ૭ | ૧૦ | ૪ | ૧૨ | ૬ |
| ૧૧ | બોટાદ | ૨ | ૦ | ૩ | ૦ | ૧ | ૩ | ૧૩ | ૨ | ૪૭ | ૫ |
| ૧૨ | દાહોદ | ૩૬ | ૨ | ૩૩ | ૦ | ૩૪ | ૭ | ૩૩ | ૧૧ | ૧૭ | ૮ |
| ૧૩ | ગાંધીનગર | ૧૨ | ૭ | ૮ | ૫ | ૩ | ૫ | ૪ | ૧૦ | ૫ | ૪ |
| ૧૪ | પંચમહાલ | ૩૪ | ૧૨ | ૧૮ | ૧૫ | ૩૨ | ૧૭ | ૧૭ | ૧૧ | ૧૨ | ૧૫ |
| ૧૫ | સાબરકાંઠા | ૧૫ | ૭ | ૧૧ | ૧૪ | ૯ | ૧૦ | ૫ | ૮ | ૪ | ૧૧ |
| ૧૬ | જામનગર | ૨૬ | ૯ | ૨૧ | ૬ | ૧૬ | ૨ | ૧૨ | ૧૦ | ૭ | ૮ |
| ૧૭ | જુનાગઢ | ૧૫ | ૧૬ | ૧૫ | ૧૨ | ૨૩ | ૧૨ | ૬ | ૧૫ | ૭ | ૭ |
| ૧૮ | મહેસાણા | ૧૦ | ૧૬ | ૩૮ | ૧૨ | ૧૪ | ૧૦ | ૨૪ | ૧૨ | ૯ | ૧૧ |
| ૧૯ | ખેડા | ૨૨ | ૯ | ૩૦ | ૧૨ | ૪૫ | ૧૦ | ૪૧ | ૬ | ૬ | ૧૦ |
| ૨૦ | નર્મદા | ૬ | ૩ | ૫ | ૩ | ૯ | ૮ | ૯ | ૫ | ૨ | ૫ |
| ૨૧ | નવસારી | ૧૦ | ૫ | ૧૨ | ૯ | ૧૧ | ૫ | ૮ | ૩ | ૩ | ૬ |
| ૨૨ | બનાસકાંઠા | ૨૫ | ૧૩ | ૧૫ | ૬ | ૨૬ | ૫ | ૨૩ | ૪ | ૧૫ | ૮ |
| ૨૩ | પાટણ | ૨૨ | ૭ | ૧૫ | ૧૧ | ૪ | ૩ | ૧૧ | ૬ | ૯ | ૩ |
| ૨૪ | પોરબંદર | ૮ | ૦ | ૭ | ૧ | ૪ | ૨ | ૫ | ૩ | ૩ | ૪ |
| ૨૫ | રાજકોટ | ૬૪ | ૧૧ | ૨૦ | ૬ | ૪૬ | ૮ | ૩૮ | ૭ | ૧૫ | ૯ |
| ૨૬ | સુરત | ૧૮ | ૧૭ | ૧૭ | ૮ | ૧૭ | ૮ | ૧૪ | ૭ | ૧૨ | ૧૮ |
| ૨૭ | સુરેન્દ્રનગર | ૨૬ | ૧૩ | ૨૪ | ૯ | ૨૫ | ૧૦ | ૧૯ | ૯ | ૧૮ | ૧૪ |
| ૨૮ | વડોદરા | ૧૪ | ૫ | ૭ | ૯ | ૮ | ૬ | ૧૧ | ૦ | ૧૦ | ૦ |
| ૨૯ | વલસાડ | ૨૦ | ૨ | ૧૩ | ૧૦ | ૧૦ | ૨ | ૨૧ | ૮ | ૭ | ૧૧ |
| ૩૦ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૫ | ૪ | ૬ | ૩ |
| ૩૧ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૨ | ૭ | ૨ |
| ૩૨ | અરવલ્લી | ૧૮ | ૦ | ૨૦ | ૦ | ૮ | ૭ | ૭ | ૧૨ | ૮ | ૬ |
| ૩૩ | તાપી | ૩ | ૦ | ૫ | ૪ | ૨ | ૦ | ૭ | ૩ | ૨ | ૧ |

પત્રક-૨

| ક્રમ | જીલ્લો | સહાય ચૂકવવામાં આવી હોય તેવા કેસો | | સહાય ચૂકવવાની બાકી હોય તેવા કેસો | |
|---|---|---|---|---|---|
| | | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ |
| ૧ | મહીસાગર | ૪ | ૪ | ૩ | ૮ |
| ૨ | મોરબી | ૬ | ૫ | ૨ | ૦ |
| ૩ | ગીર સોમનાથ | ૨૬ | ૧૪ | ૧૪ | ૨ |
| ૪ | અમદાવાદ | ૭૭ | ૫૦ | ૪૫ | ૧૩ |
| ૫ | ડાંગ | ૭ | ૦ | ૨ | ૦ |
| ૬ | અમરેલી | ૫૯ | ૧૦ | ૧૪ | ૫ |
| ૭ | આણંદ | ૫૭ | ૨૩ | ૦ | ૨૦ |
| ૮ | ભરૂચ | ૩૨ | ૩૨ | ૪ | ૦ |
| ૯ | ભાવનગર | ૧૩૨ | ૪૮ | ૧૫ | ૩ |
| ૧૦ | કચ્છ | ૪૪ | ૧૭ | ૫ | ૨ |
